श्री दक्षिण भारत-शासन-प्रभावक दक्षिण केशरी स्व.

पू.पू. आ. देव श्रीमद् विजय स्थूलभद्रसूरीश्वरजी म.सा.

के पावन चरणों में सादर वंदना




શ્રી નવપદ મન્જુષા



સંગ્રાહક : પુજ્યપાદ દક્ષિણ કેસરી
સ્વ. આ. દે. શ્રીમદ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.
ના શિષ્ય રત્ન વર્ધમાન તપોનિધિ
આ. દે. શ્રી વિજય અમિતયશ સૂરિ મ.સા.

श्री लब्धि-विक्रम स्थूलभद्र पट्टालंकार

कविरत्न व. त.
99 ओली के आराधक प. पू. आ. देव
श्री कल्पयशसूरीजी म.सा.



स्वाध्याय मग्न व. त.
100 ओली के आराधक प. पू. आ. देव
श्री अमितयशसूरीजी म.सा.





वर्धमान तपोनिधी प्रवर्तक प्रवर 100+21 ओली के आराधक
प.पू.मू. श्री कलापूर्ण विजयजी म.सा.

॥ નમો અરિહંતાણં ॥

શ્રી સિધ્ધચક્રાય નમઃ

શ્રી આત્મ કમલ લબ્ધિ વિક્રમ સ્થૂલભદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ



શ્રીનવપદ મંજુષા

યાને

સિદ્ધચક્ર નવપદ સાહિત્ય સંગ્રહ



સંગ્રાહક - સંપાદક

પ.પૂ. દક્ષિણકેસરી, દક્ષિણબૃહતતીર્થ સ્થાપક પૂજ્યપાદ

સ્વ. આચાર્ય દેવ શ્રીમદ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મા.સા.ના.

શિષ્યઃ પરમ વિદ્વાન સ્વાધ્યાય મગ્ન

આ. ભ. શ્રી વિ. અમિતયશ સૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક :

સોહનલાલજી આનન્દકુમારજી તાલેડા

મહેન્દ્રા જ્વેલર્સ

ચમ્પક હાઉસ, ૨૪/૨, પિલ્લપ્પા લેન

નગરથપેટ ક્રોસ, બેંગલોર-૦૨ ફોન : ૨૨૨૧૫૨૯૩

(૨)

પ્રકાશક :

સોહનલાલજી આનન્દકુમારજી તાલેડા

પ્રાપ્તિ સ્થાન :

સોહનલાલજી આનન્દકુમારજી તાલેડા

મહેન્દ્રા જ્વેલર્સ

ચમ્પક હાઉસ, ૨૪/૨, પિલ્લપ્પા લેન,

નગરથપેટ ક્રોસ, બેંગલોર-૫૬૦૦૦૨

✆ ૨૨૨૧૫૨૯૩

પહેલી આવૃતિ

વિ.સં. ૨૦૬૧ ઈ.સ.૨૦૦૫

નકલ : ૧૦૦૦

મૂલ્ય : ૯૦ રૂ

મુદ્રક :

કુન્દન પ્રિન્ટર્સ

નં. ૧૨, ટી.એસ. લેન, નગરથપેટ ક્રોસ, બેંગલોર-૫૬૦૦૦૨

✆ ૨૨૨૧૪૧૬૯

દ્રવ્ય સહયોગી

દક્ષિણ કેસરી સ્વ. પ.પૂ.આ.ભ. **શ્રી સ્થૂલભદ્ર સૂ. મ.સા.** ના
શિષ્ય રત્ન પુજ્યપાદ **વર્ધમાન તપની** (૯૯) ઓલીના
આરાધક **શ્રી વિજય કલ્પયશસૂરીશ્વરજી મહારાજ** તથા
વર્ધમાન તપોનિધિ પ્રવર્તક પ.પૂ.મુ. **શ્રી કલાપૂર્ણ** વિ. મ.સા. ની
પ્રેરણા થી

૧ **શ્રી પી.એસ. ગાંધી,** પૂણે

૨. **શ્રી ભીમરાજજી ડાલચન્દજી કરબાવાલા,** (પટેલ આંગડીયા) બેંગલોર

૩. **શ્રી તારાદેવી આલમચંદજી ખાટેડ,** બેંગલોર

૪. **શ્રી સભવનાથ જૈન મહિલા મંડલ,** વિ.વિ.પૂરમ્, દાદાવાડી, બેંગલોર

૫. **શ્રી તારાચંદજી પ્રતાપચંદજી રાઠૌડ,** બેંગલોર

૬. **શ્રી સોહનલાલજી આનન્દકુમારજી તાલેડા,** બેંગલોર

૭. **શ્રી ઘેવરચન્દજી અશોકકુમારજી રમેશકુમારજી બરલોટા,** બેંગલોર

૮. **શ્રીમતી સોહનીદેવી લાલચન્દજી બાફણા,** (તિલક ટેક્સટાઈલ્સ) બેંગલોર

૯. **શેશમલજી મિયાચન્દજી ખીંવસરા,** વિ.વિ.પુરમ્, બેંગલોર

ઉદ્‌ઘાટન કર્ત્તા :

શ્રી સંપતરાજજી ગૌતમચન્દજી ગુલેચ્છા

કેંટોનમેંટ, બેંગલોર

ૐ અર્હં નમઃ

ઐં નમ

અંતર ઝંખના મારી

શ્રી સિદ્ધચક્ર કી ભક્તિ કરતે મિલે મુક્તિનારી
મહા પ્રભાવક નવપદ ઓલી કર્મ સકલ હરનારી
સુખ શાન્તિ ઔર સમાધિ સાધે સાધક સમભાવી,
દેવ ગુરુ ધર્મ હૈ ઈસ મેં ઉજ્વલ કરદે ભાવી;

આ અનાદિ અનંત સંસાર સાગરમાં ચિંતામણી રત્ન પામવું દુર્લભ છે, તેમ મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે, તેમાં નવપદ પામવા અતિ દુર્લભ છે, એથી પણ દુર્લભ નવપદ ની સમજ મળવી તે દુર્લભ છે એથી વળી દુર્લભ નવપદ ની આરાધના છે.

આજ સુધી અનંત કાલચક્રો ચાલી ગયા. પરંતુ સંસારચક્ર ચાલુ રહ્યું કારણ કે કર્મચક્ર ચાલુ છે, તેનુ મુખ્ય કારણ ક્રોધ, માન, માયા, લોભ, અજ્ઞાન, ઈર્ષ્યા આદિ નું ચક્ર ચાલુ છે. આ ચક્ર તુટેનહિ ત્યાં સુધી રાગદ્વેષથી પૂર્ણ સંસારચક્ર ચાલુ રહેવાનું તેને કાપવા માટે ધર્મચક્રને શરણે જવું પડશે. ધર્મચક્રનો વિસ્તાર સિધ્ધચક્ર છે, સિધ્ધચક્ર માંજ નવપદો સમાયેલા છે નવપદમાં દેવ ગુરુ અને ધર્મ એ ત્રણ તત્વો રહેલા છે જેમાં ગુણ અને ગુણી દૂધ અને પાણીની જેમ એકરુપ થઈને રહ્યા છે દૂધમાં જેમ ઘી છૂપાયેલું છે તેમ કર્મચક્રને તોડનાર સુદર્શનચક્રથી પણ અધિક શક્તિશાલી સિધ્ધચક્રમાં સિધ્ધિ છૂપાયેલી છે.

આ સિધ્ધિને પામ કરવા દેહ ને ભૂલવો પડશે. પરમતત્વમાં રમવું પડશે અહં નો નાશ અને સમતાનો વિકાસ સાધવો પડશે વળી શાન્ત અને પ્રસન્નચિત્તથી થતી આરાધના સાધના અને ઉપાસના સંવર અને નિર્જરાનું કારણ બને છે. જે અંતે અનંત સુખ અને અનંત આનંદના ઘર રુપ સિધ્ધિ નું ભેટણું ધરે છે એવા આ નવપદ રુપ સિધ્ધચક્રના ગુણનું વર્ણન કરવું

આકાશને માપવા જેવું, તારલાને ગણવા જેવું, સાગરનો તાગ કાઢવા જેવું અને તેના બુંદ ગણવા જેવુ કઠિન છે.

નવપદની સમ્યગ્ આરાધનાથી આત્મજ્ઞાનની પાપ્તિ સાથે આ લોક અને પરલોક બન્ને સુધરી જાય છે જે રીતે મયણા અને શ્રીપાલરાજા એ આરાધના કરી દેહનું આરોગ્ય, ચિત્ત ની પ્રસન્નતા અને ભાવિમાં સિધ્ધિ સુખની પાપ્તિ નિશ્ચિત કરી લીધી આ નવપદમાંનું એકપણ પદ ઉપેક્ષાવાલુ બની જાય તો તે વાસ્તવિક મોક્ષરુપ ફલને આપવા અસમર્થ બને છે. આજ ધનની લાલચે ધર્મ ભૂલાવ્યો છે ધર્મ પર પ્રિતિ જાગે અને ધન પર નફરત જાગે તો જ સત્વશાલી પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે. આવું સત્વ ખીલવવા માટે પૂર્વ મહાપુરુષોએ સ્વપર કલ્યાણાર્થે નવપદના ગુણો દર્શાવતા ચૈત્યવંદન સ્તુતિ સ્તવનો આદિની અનુપમ રચનાઓ કરી મહા ઉપકાર કર્યો છે તેનો વિવિધ ગ્રંથાલયોનો સહારો લઈ અપ્રમત્ત સ્વાધ્યાય રસિક વર્ધમાન તપોનિધિ આચાર્ય **શ્રી અમિતયશ સૂરિ** એ સંગ્રહ કરી **નવપદ મંજૂષા** રુપે વર્ષો ની જહેમતે પ્રગટ કરી પામર જીવોને પરમાત્મા બનવા માટે કલ્યાણ કેડી કંડારી છે ।

સહુ કોઈ કલ્યાણાર્થી બની આ **નવપદ મંજુષા**નો સદુપયોગ કરી સંગ્રહ કરનારનો પરિશ્રમ સફળ કરે એજ .....

અંતર ઝંખનામારી
દક્ષિણ કેસરી
સ્વ. પૂ. આ.ભ. શ્રી સ્થૂલભદ્રસૂરિ
શિશુ કલ્પયશસૂરિના ધર્મલાભ

નવપદ આરાધતે, મયણા ઔર શ્રીપાલ,
કુષ્ટ રોગ સે મુક્ત બને, પાયા પદ ભૂપાલ;
અર્હં સિધ્ધ સૂરીસ પાઠક, સાધુપદ ગુણખાણ,
દર્શન જ્ઞાન ચારિત્ર, તપ સેવતા કલ્યાણ;

નમો અરિહંતાણં

લબ્ધિ-વિક્રમ-સ્થૂલભદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ

સંપાદકીય


સંપૂર્ણ ગુણમય આત્મા જડનાં સયોગથી અનેક દોષોથી વ્યાપ્ત થયો છે. તે દોષોના નાશ કરવા માટે પૂર્ણ ગુણમય પરમાત્મા તથા મહાત્માઓની આરાધના સેવના કરવાથી આત્મા પૂર્ણ ગુણમય બને છે. તે માટે નવપદમય સિધ્ધચક્રની આરાધના બતાવી છે. તેમાં સંપૂર્ણ જિનશાસનની આરાધનાનો સમાવેશ થયો છે. એની અંદર દેવ ગુરુ ધર્મ, ધર્મ ધર્મી, ગુણગુણીનો સમાવેશ છે, અરિહંત સિધ્ધનો દેવતત્વમાં, આચાર્ય, ઉપાધ્યાય સાધુઓ ગુરુતત્વમાં અને ધર્મ તત્વમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આવે છે. આ તત્ત્વત્રયીની આરાધના કરવાથી અનાદિકાળના આત્મામાં લાગેલા દોષો વિકાર વાસનાઓ, નાશ પામી જાય છે. તે આરાધના જ્ઞાની ભગવંતોએ આસો અને ચૈત્ર મહિનામાં સુદી સાતમથી પૂનમ સુધીના નવ દિવસો નક્કી કરેલા છે. વર્તમાન કાળમાં પણ અનેક આત્માઓ ગામો અને શહેરોમાં આરાધના કરી, પોતાના આત્માનુ કલ્યાણ કરી રહયા છે. ।

તે નવપદની આરાધના કરવા માટે પૂર્વના તથા વર્તમાન કાળના આચાર્ય ભગવંતોએ અનેક ભાષાઓમાં ચૈત્યવંદનો, સ્તુતિઓ, સ્તવનો, સજ્ઝાયો, સ્તોત્રો આદિ રુપે વિવિધ સાહિત્યની રચના કરી છે, તે સાહિત્ય અલગ અલગ ગ્રંથો તથા પુસ્તકોમાં હોવાથી આરાધકોને અનુકૂળતા રહે તે માટે એક પુસ્તક રુપે પ્રકાશન કરવાની ભાવનાથી વિવિધ પુસ્તકો, ગ્રંથોમાંથી એકત્રિત કરવામાં આવ્યુ છે, એ પણ લગભગ છાપેલ પુસ્તક વગેરેમાંથી પ્રાપ્ત થયેલ લેવામાં આપ્યું છે. આ સિવાય પણ હસ્ત લિખિતમાં તેમજ છાપેલ પુસ્તકોમાં પણ ઘણું સાહિત્ય હોવું જોઇએ જે આગળ ભવિષ્યમાં અવસરે વિચારાશે. આ સાહિત્ય આજથી પચ્ચીસ વર્ષ પૂર્વે એકત્રીત કરતા કરતા આજે શ્રી સંઘ સમક્ષ મુકાય છે. આ પુસ્તકની પ્રેસ કોપી વાગડના સાઃ મ. શ્રી હેમશ્રીજીના નિશ્રાવર્તી સાધ્વીજી મ.સા. તથા સા.મ. શ્રી સુભદ્રાશ્રીજી મ.ના નિશ્રાવર્તી સાધ્વીજી મ.સા. તથા અનેક સાધુ સાધ્વી તથા શ્રાવકો એ કરી આપી શ્રુતભક્તિનો અનુમોદનીય લાભ લીધો છે. પુસ્તક પ્રકાશન માટે. પ.પૂ. કવિરત્ન આ.ભ. શ્રી વિજયકલ્પયશ સૂરીશ્વરજી મ.સા. તથા જિનભક્તિ રસિક પ્રવર્તક કલાપૂર્ણ વિજ્યજી મ.ની. પ્રેરણાથી અનેક મહાનુભાવોંએ શ્રુતભક્તિ નો સુંદર લાભ લીધો છે. તે બદલ તેઓ ધન્યવાદને યોગ્ય છે. પુસ્તક પ્રકાશનમાં ખાસ રુચીરસ લઇ પ્રેસ વગેરેમાં. પોતાના દુર્લભ સમયનો

ભોગ આપી પુસ્તક પ્રકાશન શીઘ્રાતિશીઘ્ર થાય એના માટે તનતોડ મહેનત કરનાર સ્વાધ્યાય પ્રેમી આરાધના રસિક શ્રીમાન સોહનલાલજી તાલેડા ને કેમ ભુલાય ? આ પુસ્તક પ્રકાશન અરિહંત પરમાત્માની તથા પ્રભાવશાલી સિધ્ધચક્રની પરમ કૃપાથી તથા સ્વ. પૂ. પાદ દક્ષિણ કેસરી ગુરુદેવ શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા. ના દિવ્ય આશિર્વાદ તથા ૯૯ ઓળીના આરાધક પ.પૂ. આ. દે. શ્રી કલ્પયશસૂરીશ્વરજી ના મ.સા. આશીર્વાદથી પૂર્ણ થયું છે. આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ હોય તો તેનો ત્રિવિધે ત્રિવિધે મિરછામિ દુક્કડં માંગુ છું

સ્વ. પ. પૂ. ગુરુદેવ
શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.
નો ચરણકિંકર આ. અમિતયશ સૂ. ના.
ધર્મલાભ ૨૦૬૧ ના મ.સુ. ૧૫ ચિકપેટ (બેંગલોર)







વિષયાનુક્રમ

વિભાગ –1 | નવપદ મહિમા | પે.નં.1–18

વિષય	પે.નં.	વિષય	પે.નં.
અરિહંત પદ	1	દર્શન પદ	9
સિધ્ધ પદ	3	જ્ઞાન પદ	11
આચાર્ય પદ	4	ચારિત્ર પદ	13
ઉપાધ્યાય પદ	6	તપ પદ	16
સાધુ પદ	7		

વિભાગ –2	સિધ્ધચક્ર માહત્મ્ય યા શ્રીપાલ ચરિત્ર	પે.નં. 18–40

વિભાગ –3 | સિધ્ધચક્ર આરાધના | પે.નં. 41–60

નિત્ય આરાધના તથા પહેલો દિવસ	41	સાતમો દિવસ	51
બીજો દિવસ	42	આઠમો દિવસ	53
ત્રીજો દિવસ	43	નવમો દિવસ	56
ચોથો દિવસ	45	દસમો દિવસ	58
પાંચમો દિવસ	46	સિધ્ધચક્રનો જાપ તથા વિધિ	59
છઠ્ઠો દિવસ	48	પંચપરમેષ્ઠિ સ્તુતિ	60

વિભાગ –4 | ચૈત્ય વંદનો | પે.નં. 61–92

1)	શ્રી સિધ્ધચક્ર આરાધતા	61	15.	આસો ચૈત્ર ઉધોત પક્ષ	69
2)	અરિહંત ઉદાર કાંતિ	62	16.	પહેલે પદ અરિહંત નમો,	69
3)	સિધ્ધચક્ર આરાધના	63	17.	માર્ગદર્શક અરિહંત પ્રભુ	70
4)	સિધ્ધચક્ર પદ સેવીયે	63	18.	બાર ગુણો અરિહંતના	70
5)	સિધ્ધચક્ર સેવી સદા	64	19.	જૈનેન્દ્રમિન્દ્રમહિતં	70
6)	સિધ્ધચક્ર આરાધતા	65	20.	સુલલિત નવપદ ધ્યાનથી	71
7)	વિશ્વ વિબોધન સુખકરુ	65	21.	શ્રી સિદ્ધચક્ર આરાધીએ	71
8)	ચોત્રીશ અતિશય સોહતા	66	22.	સકલ મંગલ પરમ કમલા	71
9)	બાર ગુણે અરિહંતજી	67	23.	સકલાભિષ્ટદમુત્તમં નવપદં	72
10)	પહેલે પદ અરિહંતનાં	67	24.	જય જય શ્રી અરિહંતભાનુ	72
11)	પહલે દિન અરિહંતનુ	68	25.	રાકેશકાશધનસાર પિનાકિધામ	73
12	બાર ગુણ અરિહંતના	68	26.	વંદુ શ્રી અરિહંતને	73
13	જો ધુરિ સિરિઅરિહંત	69	27.	ઉદધિ સુતા તાસ રિપુ	74
14.	સુખદાયક શ્રી સિધ્ધચક્ર	69			

	વિષય	પે.નં.		વિષય	પે.નં.
28.	પ્રણમું સિદ્ધ નિરંજનો	74	47.	શ્રીમજ્જૈન નભોંગણે રવિ સમા	82
29.	સિદ્ધયન્તિ કાર્યાણિ	75	48.	જિનશાસન દિપક સમા	83
30.	તિત્થયરે ગયમોહે	75	49.	શ્રી પાઠક પદ પૂજ્યા	84
31.	વિનય કમ્મ ચઉક્ક જિણેસરે	76	50.	ધન ધન શ્રી ઉવજઝાય	84
32.	વિમલેસર ચક્કેસરી	76	51.	યતઃ સાધુસંઘઃ સમીપે પ્રગત્ય	85
33.	શ્રી શૈલેષી પૂર્વ પ્રાંત	76	52.	શ્રી પંચમે યતિજનાઃ સતતં	85
34.	સકલ અભીષ્ટને આપતાં	77	53.	પંચમ પદને પૂજીએ	86
35.	ષડ જીવન પાલન પરા	77	54.	દંસણ નાણ ચરિત્ત કરી	86
36.	અસ્ત થયે રવિચંદ્રમા	77	55.	હૂત પુગ્ગલ પરિઅટ્ટ	87
37.	અરિહંત સન્ત ભદન્ત	78	56.	છટ્ઠે દર્શન પદ નમો	87
38.	જ્ઞાન ચતુષ્ટય સિધ્ધિથી	78	57.	ષષ્ઠે પદે નૌમિ સુદર્શનં	87
39.	ચારિત્ર પદ ધારીએ,	79	58.	નત્વા નત્વા વિમલમનસા	88
40.	કર્મવલ્લી વિદારવા	79	59.	જ્ઞાન નમો પદ સાતમેં	89
41.	ધર્મ મૂલ દર્શન નમો	80	60.	અષ્ટમપદ આરાધીયે	89
42.	જ્ઞાન દાન કરે ધ્યાનનું	80	61.	જસ્સ પસાયે સાહુ પાય	90
43.	ઉપાધી આધિ હરે	80	62.	આરાધયન્તુ ગુણિનો	90
44.	જગત ભૂષણ વિગત દૂષણ	81	63.	શ્રી ઋષભાદિક તીર્થનાથ	91
45.	સિદ્ધ સકલ સમરુ સદા	82	64.	અપારે સંસારે	91
46.	જિનરાજ કુલ મુખરસ અનિલ	82	65.	મનઇચ્છિત પૂરણ	92

વિભાગ –5	સ્તવનો	પે.નં. 93–177

1.	આચારજ પદ વંદીયે	93	14.	દેશ મનોહર માળવો	101
2.	સિદ્ધચક્ર ગુણખાણ	93	15.	શ્રી ગુરુ વયણે તપ કરે	101
3.	વહે મુનિ સંજમ ગુણ દરીયા	94	16.	રાજગૃહી ઉદ્યાન	102
4.	સમ્યકદર્શન ધરો રે પ્રાણી	94	17.	આજે ઓચ્છવ છે રે અધિકો	103
5.	વર્ધમાન જિન તુમસે વિનવું	95	18.	શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે	103
6.	વીર પ્રભુને ધ્યાન ભવિ	95	19.	સેવો રે ભવિજન ભક્તિ ભાવે	104
7.	કૂલ કમળનું મ્હેકતુ રે	96	20.	સિદ્ધચક્ર સેવો રે મન મોહન	104
8.	નવપદની આરાધના	96	21.	આસો ચૈત્ર માસે કરો ઓળી	104
9.	સિદ્ધચકનું ધરીએ ધ્યાન	96	22.	નવપદ મહિમા સાંભળે વીર	105
10.	ઓળી કરવાને અમે આવ્યા રે	97	23.	સરસ્વતીને ચરણે નમી	106
11.	આરાધો આદર કરી રે લાલ	98	24.	બાર ગુણે અરિહંતને ધ્યાવું	106
12.	નવપદનો મહિમા સાભળજો	99	25.	તપ જપ કરીએ શક્તિથી	107
13.	સુરમણિ સમ સહુ મંત્રમાં	100	26.	ઇમ સચલ સુખકર	107

	વિષય	પે.નં.		વિષય	પે.નં.
27.	અલબેલાની જોઇ વાટડી રે	107	60.	મુનિ પંચમ પદ વાંદીએ	125
28.	શ્રી સિદ્ધચક યંત્રને સેવો	108	61.	સમ્યફત્વ નામે હો દર્શન	126
29.	અરિહંત અશરીરી આચાર્યજી	109	62.	જ્ઞાનપદ હિતધાર	126
30.	નવપદજી એ નિર્મળા તમે	109	63.	વંદો ભવિ ચારિત્ર	126
31.	સેવો સેવો ભવિજન પ્યારા	109	64.	નવમે પદ પ્રણમુ મુદા રે	127
32.	આજ મારે આંગણે	110	65.	નવપદ ધ્યાન પ્રભાવથી	127
33.	વારંવાર ભવિપ્રાણી	110	66.	સિદ્ધચક આરાધી	128
34.	સર્વ ગુણોમાં જ્ઞાન છે મોટુ	111	67.	અરિહંત પદ મન રંગ	128
35.	ચારિત્ર એવું મળો	111	68.	શ્રી વીર જિણંદ વખાણ્યો	129
36.	પ્રાપ્તિ મંગલ શિવસુખની	112	69.	સિધ્ધચક ને સેવો	129
37.	નવપદ સેવા મંગલ ભાવે	113	70.	નવપદનું નિત્ય કરીએ	130
38.	નવપદ સેવા અતિ સુખકાર	113	71.	પ્રાણી નવપદ સેવો આજ	130
39.	સિદ્ધચક સેવા અમૂલ્ય	114	72.	સેવો નવપદ	131
40.	આદિ મંગલ સહુ મંગલમાં	115	73.	શ્રી સિદ્ધચક આરાધીયે	132
41.	હીયડે ધ્યાવું રે નવપદ	115	74.	હાં રે જીવા ચતુર	132
42.	સિદ્ધચક વંદો જયકારી,	116	75.	સેવો ભવિયા સિદ્ધચકનેજી	132
43.	પૂજો રે સિદ્ધચકને	117	76.	અરિહંત પદ હું ધ્યાવું	133
44.	શ્રી સિદ્ધચક સેવા કરો	117	77.	નવપદ ઓળી તપ આરાધન	134
45.	તત્વ તે ત્રણ છે જેહમાં	118	78.	ચૈતર માસે સુદી પક્ષમાં રે	134
46.	તીરથ નાયક જીનવરુજી	119	79.	શ્રી નવપદના મંડલે	135
47.	ભવિયા શ્રી સિધ્ધચક આરાધો	119	80.	ચૌદ પૂરવનો સાર	135
48.	આરાધો પ્રાણી સાચી	120	81.	અરિહંત સિદ્ધ આચારજ પાઠક	135
49.	ગૌતમ પૂછત શ્રી જિન ભાખત	120	82.	સૌ ચાલો ભવિંજન જઇએ	136
50.	નવપદ મહિમા સાંભળો	120	83.	ચાર ઢાલનુ સ્તવન (આસો માસે)	137
51.	સમરી સારદ માય	121	84.	રાજા ચાલ્યો રચવાડીએ	139
52.	જી હો પ્રણમું દિન પ્રત્યે	122	85.	તાત આદેશે મયણા	139
53.	માલવ ધુર ઉજ્જેણીએ રે લોલ	122	86.	મયણા સિધ્ધચક આરાધે	141
54.	પરણી બબ્બર પતિ સુતા રે	123	87.	સેવો સેવો ભવિજન	142
55.	એ મહિમા સિદ્ધચકનો	123	88.	સકલ કિયાનું મુલ જે	142
56.	અરિહંત પદ આરાધો	124	89.	ભાવે કીજે રે નવપદ પૂજના	143
57.	સિદ્ધ શુદ્ધ આતમા રે	124	90.	નવપદ મંગલ મંત્ર નિધાન	144
58.	સૂરિ સકલ વાંદીએ	124	91.	તારશે પાવન શુદ્ધ ભગવંત	144
59.	ચૌથે પદ ઉવજઝાય જપીજે	125	92.	વિવેકી બની આત્મા	144

	વિષય	પે.નં.		વિષય	પે.નં.
93.	સ્વસ્તિ શ્રી સુખ સંપદા	144	123	નવપદ જપો સુજાણ	161
94.	સકલ કુશલ કમલા નીલો	144	124	અવસર પામીને રે	162
95.	નમો નમો સિદ્ધ નિરંજના	145	125	તુમે પૂજો ભવિ મન રંગે	163
96.	મારુ મન મોહ્યુ રે સૂરિ	146	126	નિત્ય નિત્ય સિદ્ધ	163
97.	દ્વાદશ અંગના ધારકા	146	127	સિદ્ધ જગત શીરે	164
98	ઈન્દ્રિય જીપે રે મન સંયમ	146	128	પરમેષ્ઠી ખ્યાલમાં	164
99	શ્રી અરિહંત ભગવંત પરમાત્મા	147	129	નવપદ દીલસે આદર હાં	165
100	શ્રી સિદ્ધપદ આરાધીયે રે	148	130	સિદ્ધચક મુજ દિલમેં ભાયા	165
101	પંચાચાર સુધા ઘરે સુણો	148	131	સિદ્ધચક છે આધાર	166
102	શ્રી ઉવજઝાય બહુ શ્રુત	149	132	સિદ્ધચક ગુણ ગેહોભવિયાં રે	166
103	ષડ્ વ્રતધારી છ કાયનાં રક્ષક	149	133	કરો શુદ્ધ સોહં	166
104	શ્રી સિદ્ધચકની સેવા રે	150	134	સકલ સુરાસુર વંદ્ય નમીજે	167
105	કરી પટકુલે રે લુંછણા	151	135	સિદ્ધચક વર સેવા કીજે	168
106	શ્રી સિદ્ધચકની કરો	152	136	ઓ ભવિ પ્રાંણી રે	169
107	અરિહંતા અરિહંતા પ્રણામું	152	137	સિદ્ધચકને ભજીયે રે	169
108	સિધ્ધચક જગનામી	153	138	શ્રી સિદ્ધચક આરાધીએ	169
109	સેવો સિદ્ધચક ભવિ	153	139	શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે	170
110	સિદ્ધચક પદ સેવો ભવિજન	154	140	શ્રી સિદ્ધચકને વંદોજી	171
111	સિદ્ધચક મહિમા ભારી	155	141	શ્રી સિદ્ધચક આરાધીએ	172
112	નવપદકા ધરો ધ્યાન	156	142	અરિહંત સિદ્ધ આચારજ પાઠક	172
113	નવપદ ધ્યાવો ભવિયાં	156	143	નવપદ ધરજો ધ્યાન	172
114	સબ તજકે ચિત્ત ધરો	157	144	વીર જિણંદની વાણી	173
115	સુરમણિ સહુ મંત્રમાં	157	145	નવપદ ધ્યાન ધરો રે	173
116	શ્રી વીર પ્રભુ ભવિજનને	158	146	સકલ કુશલ કમલાનું	173
117	સેવો ભવિકા સિધ્ધચકનેજી	158	147	જગતમેં નવપદં જયકારી	174
118	સિદ્ધચક સેવો રે પ્રાણી	159	148	સેવોજી તુમે નવપદ જગ	175
119	નરનારી રે,	159	149	સુરતરુ કહેના રે	175
120	રુમઝુમ કરતી આવી ઓળી તો	160	150	તપ તમે કરજો ભવિજન	176
121	નવપદ સેવો નરનારી	160	151	સિદ્ધવિભુ શિવપદના	176
122	આવી નવપદની ઓળી	161	152	અરિહા પૂજો પ્રેમશું	177

વિષય	પે.નં.	વિષય	પે.નં.

વિભાગ –6 સજઝાયો પે.નં. 178–202

1.	વારી જાઉં શ્રી અરિહંતની	178	21.	સેવો રે ભવિ નવકાર	189
2.	નમો સિદ્ધાણં બીજે પદે રે	178	22.	શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદીયે	190
3.	આચારી આચાર્યનોજી	179	23.	નવપદ મહિમા સાર	191
4.	ચોથે પદ ઉવજઝાયનું	179	24.	સમરી શ્રુતદેવી શારદા	191
5.	નિગ્રંથ મુનિવર તેહને જાણીયે	180	25.	સરસ્વતી માતા મયા કરો	192
6.	કીધાં કર્મ નિકંદવા રે	181	26.	પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ	193
7.	જગતમેં સદા સુખી મુનિરાજ	181	27.	શ્રી મુનિરાજને વંદના નિત	193
8.	સમકિત નવી લહ્યો રે	182	28.	ગુરુ નમતા ગુણ ઉપજે	194
9.	સુણો સુણો હે ભવિજન પ્યારા	182	29.	ચિત ધરી ભગવતી ભારતી	195
10.	આતમરામી જગ વિશ્રામી	183	30.	પ્રથમ ભણુ અરિહંતનાજી	195
11.	સુણો સુણો હે ભવિજન પ્યારા	183	31.	અષ્ટકરમચૂરણ કરી રે લાલ	196
12.	આનંદકારી મંગલકારી	183	32.	હવે આચારિજના ગુણ સાંભળો	196
13.	નવપદ ગાન ગાનારી	184	33.	શ્રી ઉવજઝાય તણા ગુણ કરિઇ	197
14.	હિરણ્યપુર નામે નગરમાં રે	184	34.	મુનિસમરી હો ગણધરનું	197
15.	સુણો સુણો હે ભવિજન પ્યારા	186	35.	પ્રણમુ શ્રી ગૌતમ ગણધાર	198
16.	હાં રે બેની કર્મનાં ખેલો જો	186	36.	ભવિયણ ભાવીઈ રે	198
17.	માલવદેશ ઉજ્જૈણી નગરી	187	37.	રાત્રી ભોજન વિરમણ જુત	200
18.	તે મુનિને કરું વંદન ભાવે	187	38.	જોષટ દ્વારઇ પરુપણાકી જઈ	201
19.	સમતા સુખનો જે ભોગી	188	39.	સર્વ મંગલમાં પહેલું મંગલ	202
20.	ગોયમ નાણી હો કે	189			

વિભાગ –7 સ્તુતિ વિભાગ પે.નં. 202–243

1.	વીર જિનેશ્વર અતિ અલવેસર	202	11.	આસો ચૈત્રી આંબિલ ઓળી	208
2.	સિદ્ધચક વર પૂજા કીજે	203	12.	શ્રી જિનશાસન ભવિક	209
3.	શ્રી સિદ્ધચક જિનેસર સુંદર	203	13.	શ્રી સિદ્ધચક તણો વર મહિમા	209
4.	સકલ મંગલને શિવસુખકારી	204	14.	શ્રી સિદ્ધચક આરાધો પ્રાણી	210
5.	શાસન નાયક શિવસુખ દાયક	205	15.	મંત્રાધિપ મહિમા	210
6.	ભાવ ભક્તિશુ ભવિજન પૂજો	205	16.	સમરુ સુખદાયક	211
7.	નવપદ ધ્યાન ધરો ભવિ પ્રાણી	206	17.	શ્રી વીર જિનેસર	212
8.	દેવમણિ સમ શ્રી સિદ્ધચક	206	18.	શ્રી સિદ્ધચક જિનેસર સુંદર	212
9.	સિદ્ધચક સાહિબ સેવીયે	207	19.	યથાખ્યાત ચારિત્ર વરીને	213
10.	શ્રી સિદ્ધચક આરાધો ભાવે	208	20.	શુદ્ધાનંદ નિજ વંદીએ	213

	વિષય	પે.નં.
21.	સિદ્ધ બુદ્ધને વાંદુ	214
22.	ભવિજન સુખદાયા	214
23.	ભવ ચક વિહંડણ	215
24.	વીર જિનેશ્વર ભવન દિનેશ્વર	216
25.	જીનશાસન વંછિત	216
26.	પ્રહ ઉઠી વંદુ	217
27.	વીર જીનેશ્વર	217
28.	ત્રિગડે બેઠા ત્રિભુવન નાયક	218
29.	ज्ञात्वा प्रश्नं तदर्थं गणधर	218
30.	જં ભત્તિજુત્તા જિણસિદ્ધસૂરિ	219
31	શ્રી આદિશ્વર જિનવર વંદિએ	219
32	ભવિ સિદ્ધચક પૂજા કરો	220
33	શ્રી સિદ્ધચક આરાધીએ	220
34	સિદ્ધચક વર પૂજા કીજે	220
35	અરિહંત સિદ્ધ જપીઈ આયરિય	221
36	આસો ચઇતર થકી ઓળી કરો	221
37	શ્રી સિદ્ધચકનો તપ છે સાર	221
38	સિધ્ધચક્ર સદા આરાહિઈ	222
39	અરિહંત નમો ગુણ સાયરું	222
40	વિરાગ અરિહંત પુજીએ	222
41	अराइव विराजन्ते,	223
42	जिणसिद्धसूरिउवज्झाय	223
43	સિદ્ધચક યંત્રેશ્વર સારો,	223
44	પહેલે પદ જપીએ અરિહંત	224
45	શ્રી સિદ્ધચક સેવો ભવિ	224
46	અરિહંત સિદ્ધ સૂરિ ઉવજઝાય	225
47	શ્રી અરિહંત જિનેશ્વર રાય	226
48	भक्तिजुत्ताण सत्ताण	226
49	અર્હમ્ મૂલં પ્રકાંડોઅતનુ	226
50	વિપુલ કુશલ માલા	227
51	અંગ દેશ ચંપાપુરી વાસી	228
52	અરિહંત નમો વળી સિદ્ધ	228
53	ચાર વખત બોલવાની સ્તુતિયોં	229
54	શ્રી વીરો રાજગૃહે	230
55	સકલ ધર્મનું કેન્દ્ર એ	230
56	*વાચક પદ પ્રણમું સદા*	*231*
57	સમકિત સારુ ગુણમાં પ્યારું	231
58	આતમ ગુણ મંડન	232
59	ભવિ જન ગુણ ગાવો	232
60	કર કર ભવિ હિતકર	233
61	ભાવોલ્લાસે કરીએ	233
62	જિન શાસનમાંહી	234
63	અરિહંત પદ વંદો	235
64	નવપદની એકએક સ્તુતિ	235
65	મુનિ નમુ ગુણકારી	236
66	યથાખ્યાત ચારિત્ર વરીને	236
67	અરિહંત નમો ગુણસાયરુ	237
68	ભવિા જન સુખદાયા	237
69	શ્રી જીનશાસનનાયક	238
70	શ્રી વીર જિનેસર અલવેસર	239
71	શ્રી ઋષહેસર પ્રણમું	239
72	અરિહંતસિદ્ધ સૂરિઉવજઝાય	240
73	अरिहाणंसिध्धाणं	240
74	અર્હદાદીનિશુદ્ધાનિ	241
75	સયલ મંગલવલ્લી વસંતાગમં	241
76	જણાવલિ વંછિઅપ્પસાલં	241
77	અરિહંતનવપએહિં વંદિય	242
78	સિરિસુકખ સોહગ્ગ સોહા	242
79	સયલ સુકખાણ લકખાણ	242

	વિભાગ –8	સ્તોત્ર વિભાગ	પે.નં. 243–405	
1	જીયંત રંગારિ ગણે	243	3	વિશુદ્ધ વિજ્ઞાન ભરોપપન્નાઃ 244
2	સમસ્ત ભવ્યલોક પદ્મબોધ	244	4	અરિહંત ભગવંતે 245

	વિષય	પે.નં.		વિષય	પે.નં.
5	પરમેષ્ઠિ મહામંત્ર	246	38	ષષ્ટ પ્રકાશઃ	301
6	યન્નામ સ્તુતિમાત્રેણ	246	39	સપ્તમ પ્રકાશઃ	305
7	જય શ્રી સિદ્ધચક્રેશ	247	40	અષ્ટમ પ્રકાશઃ	309
8	ધ્યાત્વા શ્રી પાર્શ્વનાથસ્ય	248	41	પંચપરમેષ્ઠિ સ્તવન	310
9	શંખેશ્વર પુરાધીશં	249	42	નમસ્કાર સ્તવન	311
10	સુરનરેન્દ્રનતાંધ્રિ યુતં યુતં	250	43	આચાર દિનકરમાંથી	312
11	પ્રણમ્યાર્હમિતિ ધ્યેયં	251	44	શ્રી તીર્થાય નમઃ	312
12	જમ્મજર મરણ ભવજલહિ	256	45	આ શ્રી પૂજ્યપાદવિરચિત	313
13	મગ્ગો અવિપ્પણાસો આયારે	256	46	આચાર્ય ભક્તિ	314
14	કમ્મે સિપ્પે અ વિજ્ઞાય મંતે	258	47	પંચ ગુરુભક્તિ	315
15	નામં ઠવણા દવિએ	262	48	શ્રી પંચ પરમેષ્ઠિ સ્તવ	316
16	નામંદુવણા દવિએ ભાવમ્મિ	263	49	પ્રકીર્ણ શ્લોક	317
17	નામં ઠવણાસાહુ દવ્વસાહુ	263	50	જિનપ્રભસૂરિ રચિત	318
18	અર્હન્નમસ્કારાવલિકા	264	51	શ્રી પાર્શ્વ સ્તંભનાધીશં	319
19	સિદ્ધ નમસ્કારાવલિકા	268	52	નવપદજીનાં દુહા	320
20	પંચપરમિટ્ઠિ નમુકારથુતં	271	53	શ્રી સિદ્ધચક્ર સાર્ધ શતક	321
21	શ્રી સિદ્ધચક્ર મહિમાપધ્ધતિ સ્તવન	272	54	પ્રશસ્તિઃ	331
22	કુવલયમાળા સંદર્ભ	275	55	શ્રી સિદ્ધચક્ર સ્તોત્ર સંદોહ	331
23	સિધ્ધપદ	279	56	શ્રી સિદ્ધપદ સ્તોત્ર	333
24	આચાર્ય પદ	280	57	શ્રી આચાર્ય પદ સ્તોત્ર	336
25	ઉપાધ્યાય પદ	281	58	શ્રી ઉપાધ્યાય પદ સ્તોત્ર	341
26	સાધુ પદ	282	59	શ્રી સાધુપદ સ્તોત્ર	348
27	પણ્હગબ્ભં પંચ પરમિટ્ઠિથવણં	287	60	શ્રી સમ્યગદર્શન પદ સ્તોત્રમ	353
28	પંચ મહા પરમિટ્ઠિ સંથયં	289	61	શ્રી સમ્યગજ્ઞાન પદ સ્તોત્ર	362
29	પંચ પરમિટ્ઠિ-જયમાલા	289	62	શ્રી સમ્યગચારિત્ર પદ સ્તોત્ર	369
30	પ્રાકૃતદ્વયાશ્રય મહાકાવ્ય	290	63	શ્રી સમ્યગ તપપદ સ્તોત્ર	374
31	ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રાન્તર્ગત	291	64	નવપદ આરાધન વિધિ	379
32	શ્રી સિંહતિલકસૂરિ રચિત પંચપરમેષ્ઠિ	292	65	પંચ પરમેષ્ઠી છંદ, ત્રિભંગી છંદ	381
33	સિદ્ધસેનસૂરિ પ્રણિત નમસ્કાર	293	66	સિદ્ધભગવંતનો છંદ	383
34	દ્વિતીય પ્રકાશઃ	295	67	તુમ્હે તરણ તારણ	384
35	તૃતીય પ્રકાશ	296	68	અરિહંત પદ સ્મરણ	386
36	ચતુર્થ પ્રકાશઃ	297	69	સિદ્ધ-પદ સ્મરણ	386
37	પંચમ પ્રકાશઃ	298	70	આચાર્ય પદ સ્મરણ	386

	વિષય	પે.નં.		વિષય	પે.નં.
71	ઉપાધ્યાય પદ સ્મરણ	387	75	નવકાર મહામંત્ર	390
72	સાધુ પદ સ્મરણ	387	76	શ્રી ચારિત્રસાર કૃત	391
73	શ્રી જિનવલ્લભસૂરિ રચિત	388	77	ઉપા. યશોવિજયજીકૃત પંચ	392
74	અરિહંત બત્રીસ બિરુદાવલી	389			


વિભાગ -9	આરતિયો નવપદના ખમસમણા સ્તુતિયોં ગહુંલીયો	પે.નં. 406-422

1	નવપદના ખમાસમણા	406	12	શ્રીપાલ માતને નમવા	417
2	નવપદની માંડલા સન્મુખ	406	13	શ્રીપાલને મતિસાગર કહે છે	417
3	સિદ્ધચકનાં ગુણોનાં શ્લોક	408	14	શુદ્ધ ચારિત્ર પાળે જીવોને	418
4	નવપદજીની આરતીયો	410	15	શ્રીપાલ રાજાનો રસ	419
5	મીઠી મધુરી વાત	412	16	વીત્યું બાળપણ	419
6	પ્રાણનાથ ચાલો	413	17	ચતુર કલા ચોસઠ	420
7	એક દિન	413	18	સુણી ઉત્તર નિજ	420
8	લાખ લાખ વાર	414	19	કરો લાખ ભલે ચતુરાઇ	421
9	શેઠ રમણી ઋદ્ધિનાં	414	20	મયણા રે મયણા રે છોડી	422
10	શ્રીપાલ સુખ લહે	415	21	ધર્મલાભનો ધ્વનિ ત્યાં	422
11	એક દિન કુંવર સ્યવાડી	416	22	શ્રી નવપદનો મહિમા સહુ	422

વિભાગ -10	નવપદપૂજા સંગ્રહ	પે.નં. 465-597

1	શ્રી પંચ પરમેષ્ઠી પૂજા	465	8.	બુદ્ધિસાગરસૂરિજી કૃત	549
2.	પૂ. લબ્ધિસૂરીજી કૃત	476	9.	બુદ્ધિસાગરસૂરિજી કૃત બૃહત પૂજા	554
3	પૂ.ઉ. યશોવિજયજી કૃત	491	10.	શ્રી આત્મારામજી મ. કૃત	572
4.	પણ્ડિત શ્રી પદ્મવિજયજી કૃત	504	11.	પ. માણેક વિજયજી કૃત	583
5.	શ્રી પદ્મમસૂરિ કૃત	512	12.	નવપદની પૂજાનાં ગાયનો	592
6.	પં. શ્રી નિત્યાનંદ વિજયજી કૃત	529	13.	પૂજામાં બોલ્વા યોગ્ય સિદ્ધચકનાં ગીત	595
7.	જ્ઞાનવિમલસૂરિજી કૃત	541			

વિભાગ -11	સિધ્ધચક પૂજન વિધિ	પે.નં. 597-631



૧. અરિહંત પદ

પરમોપકારી શ્રી જીનેશ્વર ભગવંતના શાસનમાં આત્માને પરમાત્મ ભાવ તરફ લઈ જવા માટેના અનેક યોગો બતાવેલા છે. તે દરેક યોગો આત્મા પોતાની યોગ્યતા, ભવિતવ્યતા પ્રમાણે આરાધી પોતાનું શ્રેયઃ સાધી શકે છે. તે યોગોની અંદર નવપદની આરાધના પણ એક અનુપમ સાધન છે. કે જેની અંદર તત્વત્રયી અને રત્નત્રયી સ્વરુપ જીનશાસનનું હાર્દ રહેલ છે. આ નવપદમાં અરિહંત પદ મોખરે છે. કારણ કે અરિહંત પરમાત્માના આત્માઓ પોતાનાં આત્માને સંસારમાં રીબાતા આત્માના દુઃખોથી ઉત્પન્ન થયેલી દ્રવ્ય અને ભાવ કરુણા ભાવનાના આલંબને પૂર્વના ત્રીજા ભવ વગેરેથી લઈ અનેક ભવોની સાધના સંસારનાં પ્રત્યેક આત્માને સંસાર સાગરથી તારવા માટે કરી તે ભાવનાની પ્રખલતાનાં કારણે તે આત્માઓ પૂર્વના ત્રીજા ભવે વીસસ્થાનક તપની આરાધના દ્વારા તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે ।

ત્યારબાદ કાલ કરી દેવલોક અથવા નરકગતિમાં તે આત્મા ઉત્પન્ન થાય છે. ત્યાં દેવલોકનાં સુખોમાં નિરાસક્ત રહે છે અને નરકના દુઃખોમાં સમભાવમાં મગ્ન રહે છે. ત્યાથી અ્વી પંદર કર્મભૂમિમાં, આર્ય દેશોમાં, ઉચ્ચકુલોમાં, પણ ઉચ્ચકોટીનાં, રાજકુલોમાં, મહાસતીયોની કુક્ષીમાં ૧૪ દિવ્ય સ્વપ્નો પૂર્વક તીર્થંકર પણાને સૂચન કરતા અનુપમ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વર્તતા હોય તે સમયે ઉત્પન્ન થાય છે. પરમાત્મા જ્યારથી ગર્ભમાં આવે છે ત્યારથી તેમનો તીર્થંકર નામકર્મનો પ્રદેશોધ્ય શરુ થાય છે. ઈન્દ્ર મહારાજાનું આસન કંપાયમાન થાય છે. દેવલોકમાં રહેલા ઈન્દ્ર મહારાજા પરમાત્માની સ્તુતિ કરે છે. ગર્ભકાલ પૂર્ણ થયા પછી ૭ ગ્રહો ઉચ્ચ સ્થાને વર્તતા હોય ત્યારે પરમાત્માનો જન્મ થાય છે. તે સમયે ૫૬ દિગ્કુમારીકાઓ કે જે ભવનપતિ નિકાયની હોય છે. તેમનાં આસન ચલાયમાન થાય છે. તેઓ પોતાનાં પરિવાર સાથે આવી પરમાત્માનું સૂતિકર્મ કરે છે. સૂતિકર્મનું કાર્ય પૂર્ણ થતાં સૌ નિજસ્થાને જાય છે. ત્યારબાદ ઈન્દ્ર મહારાજાનાં આસન કંપાયમાન થાય છે. ત્યારે પોતાનાં સેનાપતિ પાસે સુઘોષા ઘંટ વગડાવી પોતાના તાબામાં રહેલા વિમાનોમાં સર્વ દેવોને જણાવે છે. અને જન્મ મહોત્સવમાં આવવાનું આમંત્રણ આપે છે. સર્વ દેવો જાણીને

મેરુ પર્વત ઉપર પરમાત્માનો જન્મ મહોત્સવ ઉજવે છે. ભવ્ય રીતે જન્મ મહોત્સવ ઉજવી રહ્યા પછી પરમાત્માને માતાપિતા પાસે સોંપી પોતે સર્વ નંદીશ્વર દ્વિપમાં જઈ ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. ભગવંતના માતાપિતા પરમાત્માનો ભવ્ય જન્મ મહોત્સવ કરે છે. જેમાં સૂર્યદર્શન, ચંદ્રદર્શન, નામસ્થાપના વગેરે કરે છે.

પરમાત્માને ગર્ભકાલથી જ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાન હોય છે. તેઓ પરમ વૈરાગ્ય ભાવમાં રમતાં હોય છે. સંસારનાં એક પણ પદાર્થમાં લેશમાત્ર રાગ તેઓને હોતો નથી. લગ્ન, રાજ્યગ્રહણ, પુત્રપાલન, સંસારનાં ભોગો વગેરે દરેક ક્રિયાઓમાં પોતાનું ઔચિત્ય અને જે ભોગાવલી કર્મ બાકી હોવામાં કારણે કરવી પડે માટે કરે છે. જ્યારે દિક્ષાનો સમય થાય ત્યારે નવલોકાંતિક દેવો આવી પોતાનાં આચાર પ્રમાણે પરમાત્માને તીર્થ પ્રર્વત્તાવવા માટે વિનંતી કરે છે. તે પછી પરમાત્મા વર્ષીદાન આપી દેવ-દાનવ અને માનવોએ કરેલા મહોત્સવ પૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી દેવ-દાનવ, માનવ અને તિર્યંચો દ્વારા કરાયેલા અનુકૂલ-પ્રતિકૂલ ઉપસર્ગો અને પરિષહ સમતા ભાવે સહન કરતાં., આત્મ ભાવમાં રમણતા કરી, ક્ષયકશ્રેણી માંડવા દ્વારા ચારઘાતીકર્મનો ક્ષય કરી ઉત્તમ એવા કેવલજ્ઞાન, કેવલદર્શન, પ્રાપ્ત કરે છે. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી એમનો તીર્થંકર નામકર્મનો વિપાકોદય શરુ થાય છે. તે પછી તીર્થ સ્થાપના, ગણધર સ્થાપના, ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. દરરોજ બે પ્રહર બાર પર્ષદા સમક્ષ, ત્રણ ગઢમાં અષ્ટમહાપ્રાતિહાર્ય યુકત ચોત્રીશ અતિશયોથી અલંકૃત અરિહંત પરમાત્મા પાંત્રીશ વાણીથી અલંકૃત સ્યાદ્વાદથી શોભતી સમભંગી, નયનિક્ષેપાનાં ગુણો સહિત દેશના ફરમાવે છે. જે દેશના ફરમાવવાનાં કારણે પરમાત્મા ભવ્ય જીવોનાં મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાહ, મહામાહણ વગેરે રુપે ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ થાય છે. એ પ્રમાણે જગતની અંદર પોતાનાં ધર્મતીર્થ દ્વારા અનેક આત્માઓને તારતા, ભવપાર ઉતારતાં, અંતિમ સમય આવે ત્યારે અનશનને આરાધી, શૈલેશીકરણ કરી બાકી રહેલાં ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષ લક્ષ્મીને વરે છે. આ પરમાત્માનું નિત્ય ધ્યાન ધરતાં, આરાધતા, સાધતા જેમ ઈયલ ભમરીનાં ધ્યાનમાં રહેવાથી ભમરી બને છે. તેમ આપણો આત્મા પણ અરિહંત સ્વરુપ પ્રાપ્ત કરી શાશ્વત સુખનો ભાગી બની શકે એ જ અભિલાષા...

૨. સિધ્ધ પદ

સિધ્ધચક્રજીમાં બીજું સિધ્ધ પદ છે. અરિહંત પરમાત્માએ ફરમાવેલા માર્ગની આરાધના કરતાં-કરતાં આત્માને તે આરાધનાનાં ફલ સ્વરુપે જે પદ પ્રાપ્ત થાય છે. તે સિધ્ધ પદ છે. જગતની અંદર સિધ્ધો અનેક પ્રકારનાં છે. યોગ સિધ્ધ, વિદ્યા સિધ્ધ, તંત્ર સિધ્ધ, શિલ્પ સિધ્ધ, વગેરે સિધ્ધોને અહીં ગ્રહણ ન કરતાં આઠ કર્મથી મુક્ત થએલા ૧૪ રાજલોક ઉપર આવેલ ઈષદ્પ્રાગ્ભાર નામની સ્ફટીક રત્નમય ૪૫ લાખ યોજન વિસ્તારવાલી મધ્યમાં ૮ યોજનની જાડાઈવાલી પછી ધીમે ધીમે પાતલી થતાં થતાં અંત ભાગે માખીની પાંખની જેમ અત્યંત સૂક્ષ્મ થએલી એવી સિદ્ધશીલા ઉપર બીરાજમાન થએલ સિધ્ધ ભગવંતો ગ્રહણ કરવાનાં છે.

તે સિધ્ધાત્માઓને ભૂખ-તરસ-રોગ-શોક-આધિ-વ્યાધિ અને ઉપાધિનાં કારણ સ્વરુપ શરીર હોતું નથી. તે આત્માઓ અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ્ધ સુખ, ક્ષાયીક સમકિત, સાદિ અનંત, સ્થિતિ, અરુપી, અગુરુલધુ અનંતવીર્યને, ભોગવનારાં છે. તે સિધ્ધ ભગવંતો જ્યારે ત્યાં ઉત્પન્ન થાય છે ત્યારે તેમનાં આત્મપ્રદેશો પોતાનાં શરીરની અવગાહનાના ૨/૩ ભાગ પ્રમાણ ક્ષેત્રમાં રહે છે. જઘન્યથી ૨ હાથના શરીરવાલા આત્માઓ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્યની શરીરની અવગાહનાવાલા આત્માઓ સિધ્ધ થઈ શકે. સિધ્ધગતિમાં ઉતકૃષ્ટથી ક્રોડપૂર્વના આયુષ્યવાલા અને જઘન્યથી ૯ વર્ષનાં આયુષ્યવાલા આત્માઓ સિધ્ધ થઈ શકે છે તે આત્માઓનું સુખ સ્વાભિવિક છે. તે પરદ્રવ્યની અપેક્ષા વગરનું અને સ્વાધીન છે. તે સુખ કદી પણ નષ્ટ થતું નથી. ત્યાંના સુખની તોલે આ જગતનું કોઈપણ જાતનું સુખ આવી શકતું નથી. સિધ્ધના સુખોનું વર્ણન ખુદ કેવલી પરમાત્મા પોતે જાણતા હોવા છતાં પણ જંગલમાં વસતા ભીલની જેમ વર્ણન કરી શકવા માટે સમર્થ થતાં નથી. સિધ્ધગતિમાં એક આત્માને આશ્રયી સાદિ અનતકાળની સ્થિતિ છે. અને સિધ્ધગતિની અપેક્ષાએ અનાદિ અનંતકાળની સ્થિતિ છે. તે સિધ્ધ ભગવંતોને બીજા દર્શનકારોનાં મતની જેમ પાછું સંસારમાં આવવાનું હોતું નથી. કારણ કે તે આત્માઓએ સંસારમાં ફરી આવવા માટેનાં કારણરુપ જે અષ્ટકર્મની જાળ છે તેનો નાશ કર્યો છે. તે સિધ્ધ ભગવંતો પાંચમા અનંતાની સંખ્યા જેટલા છે. સિધ્ધપણાનો વિરહકાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ મહિના એનાથી

વધારે સમયસુધી વિરહકાળ રહે જ નહીં ૬ મહિનામાં અઢી દ્વિપ અને બે સમુદ્રમાંથી કોઇને કોઈ જીવ મોક્ષમાં અવશ્ય જાય જ. ૧ સમયની અંદર જઘન્યથી ૧ આત્મા સિધ્ધ થાય અને ઉત્કૃષ્ટપણે ૧૦૮ આત્મા સિધ્ધ થઇ શકે. એક આત્મા સિધ્ધ થાય એટલે એક જીવ અવ્યવહાર રાશિમાંથી નિકલી વ્યવહાર રાશિમાં આવે છે. સિધ્ધપણું મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, ભવ્યત્વ, પંચેન્દ્રિય જાતિ) સંજ્ઞી યથાખ્યાત ચારિત્રી, ક્ષાયિક સમકિતી, કેવલજ્ઞાની, કેવલદર્શની, ૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન થએલાં અને અવસર્પિણીનાં તેમાં પણ ત્રીજા-ચોથા આરામાં જન્મેલા અને ઉત્સર્પિણીનાં ૩-૪ આરામાં જન્મેલા આત્માઓ જ સમ્યગ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના દ્વારા પ્રાપ્ત કરી શકે. સિધ્ધપણું આરાધના દ્વારા પુરુષ-સ્ત્રી કે નપુંસક દરેક આત્મા પ્રાપ્ત કરી શકે છે. એમાં કોઈ બાધ નથી. સિધ્ધનાં પંદર ભેદો છે :-

જીનસિધ્ધ, અજિનસિધ્ધ, તીર્થસિધ્ધ, અતીર્થસિધ્ધ, ગૃહસ્થલિંગ, સ્વલીંગ, અન્યલીંગ, પુરુષસિધ્ધ, સ્ત્રીસિધ્ધ, નપુંસકસિધ્ધ, એકસિધ્ધ, અનેકસિધ્ધ, પ્રત્યેક બુધ્ધ, સ્વયંબુધ્ધ, બુધ્ધબોધિત આ પંદર સિધ્ધાવસ્થા પહેલાં જીવ જે અવસ્થામાં વર્તતા હોય છે તેની અપેક્ષાએ ભેદો છે. બાકી ત્યાં આગળ તીર્થંકર ભગવંતના આત્મા અને ગણધર ભગવંતના આત્મા, ગુરુનાં કે શિષ્યનાં, આત્મા, પુરુષનાં કે સ્ત્રીનાં આત્માઓ વચ્ચે કોઈ ભેદ નથી. એ સિધ્ધાત્માઓના સંક્ષેપથી જ્ઞાની ભગવંતોએ ૮ અથવા ૩૧ ગુણો બતાવ્યા છે. બાકી એ સિધ્ધાત્માઓ તો અનંતાનંત ગુણનાં માલિક છે. એ ગુણો આપણા આત્માની અંદર પ્રગટાવવા માટે દરરોજ એ સિધ્ધ ભગવંતોનું પૂજન અર્ચન-સ્મરણ-જાપ-નિદિધ્યાસન-ધ્યાન કરતાં રહેવું જોઈએ કે જેથી આપણો આત્મા પણ સિધ્ધસ્વરુપી થઈ શકે. એ જ અભિલાષા.....

૩. આચાર્ય પદ

સિધ્ધચક્રજી એ એક એવું યંત્ર છે કે જેની આરાધનાથી સાધ્ય-સાધક-સાધન ત્રણેની આરાધના થાય છે.

તેમાં સાધ્ય છે :- અરિહંત અને સિધ્ધ....

સાધક છે :- આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ....

સાધન છે :- દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ....

આપણે સાધ્ય વિભાગની વિચારણા કરી ગયા હવે સાધક વિભાગમાં જે આચારો ને પાળે અને પળાવે તે આચાર્ય શ્રી જૈન શાસનની આરાધના કરવા માટે જ્ઞાની પરમાત્માઓએ આચારોને પાંચ વિભાગમાં ગોઠવેલા છે. પાંચ આચારોનું પાલન કરવાથી સમસ્ત જૈન શાસનની આરાધના થઈ જાય. તે પાંચ આચાર - જ્ઞાનચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.

જ્ઞાનાચારનું ૮ પ્રકારે પાલન કરે અને ચતુર્વિધ સંઘમાં કરાવે. તે પ્રમાણે દર્શનાચાર ૮ પ્રકારે, ચારિત્રાચાર ૮ પ્રકારે, તપાચાર બાર પ્રકારે અને વીર્યાચાર ત્રણ પકાર છે.

પોતે પાલન કરે અને બીજા પાસે કરાવે. એ આચાર પાલનમાં જે કોઈ સીદાતા હોય, પ્રમાદી હોય તે તેમને સારણા - વારણા - ચોયણા અને પડિચોયણા દ્વારા પ્રેરણા કરી આચારોમાં સ્થિર કરે છે. એ આચાર્ય ભગવંતો પોતાની નિશ્રામાં વર્તતા ચતુર્વિધ સંઘનું હંમેશા ક્ષેમકુશળ ઈચ્છતા હોય છે. અને તે માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે. ચતુર્વિધ સંઘમાં પણ કોઈના પર આપત્તિ આવતી હોય તો તે પોતાના જાનનાં જોખમે પણ તેની રક્ષા માટે કટીબધ્ધ રહે છે. તે આચાર્ય ભગવંતો ૩૬ છત્રીસી, ગુણોથી અલંકૃત હોય છે. હંમેશા શિષ્યોને અપ્રમત્તપણે દેશના આપે છે. અરિહંત પરમાત્માનાં શાસનની સ્થાપના કરે છે. પરંતુ શાસનની સમગ્ર વ્યવસ્થા પૂ. આચાર્ય ભગવંતો જ કરે છે. જે વ્યવસ્થા શાસનના અંત સમય સુધી સુચારુ રુપે ચાલી રહે છે. પરમાત્માનાં નિર્વાણ બાદ અને કેવલી ભગવંતોના વિરહસમયે શાસનદિપક બની ભવ્યાત્માઓને મોક્ષમાર્ગમાં પ્રગતિ કરાવતા રહેવાનો યશ આચાર્ય ભગવંતોને જ મળે છે. પરમાત્માનાં શાસનની પ્રભાવનાના માટે આચાર્ય ભગવંતો પોતાનામાં રહેલ અનેક ગુણો જેવાં કે વાદ શકિત, કવિત્વ શક્તિ, મંત્રબળ, તંત્રબળ, યોગબળ, સમસ્ત શ્રુતધારક પણું વગેરેનો ઉપયોગ કરે છે.

જે શાસન પ્રભાવનાથી અનેક આત્માઓ પરમાત્માના માર્ગમાં જોડાય છે. માર્ગાભિમુખ થાય છે. હળુકર્મી થાય છે. જૈન શાસનની અંદર એકપણ પદની આરાધના કરવાથી સમસ્ત પદોની આરાધના થાય છે. એક પદની આશાતના કરવાથી સમસ્ત પદની આશાતના થાય છે. આ પ્રમાણે એક આચાર્ય ભગવંતની ભકિત-આરાધના-ઉપાસના કરવાથી સમસ્ત પદ અને ચતુર્વિધ સંઘની ભક્તિ

આરાધના - ઉપાસના થાય છે. એ જ પ્રમાણે એક આચાર્યની આશાતના કરવાથી ચતુર્વિધ સંઘની આશાતના થાય છે.

માટે આચાર્ય ભગવંતોની ઉપાસના આરાધન કરવા દ્વારા આત્માને પાંચ આચારમય બનાવી આત્મશ્રેયઃ સાધવા ઉજમાળ બનવું જોઈએ એ જ....

૪. ઉપાધ્યાય પદ

શ્રી જૈન શાસનમાં જ્ઞાન અને ક્રિયા મુખ્ય છે. તેમાં જ્ઞાન પ્રથમ છે. તે જ્ઞાન જો પ્રાપ્ત કરવું. હોય તો ઉપાધ્યાય પદની આરાધના કરવાથી જ પ્રાપ્ત થાય છે. તે ઉપાધ્યાયજી એટલે જ્ઞાનની ગંગા.... તે જ્ઞાનગંગામાં જે કોઈ ડુબકી લગાવે તે પોતાના કર્મમળને દૂર કરી શકે. કષાયના તાપને શાંત કરી શકે, અનાદિકાળની વાસનાની અતૃપ્તિને મીટાવે શકે છે.

ઉપાધ્યાયજી એટલે સંસાર દાવાનલથી બળેલા-ઝળેલા પ્રાણીઓ માટે સદાય પુષ્કરાવર્ત્તના મેઘ સમાન જ્ઞાનની વૃષ્ટિ કરતા રહેનાર મેઘ જેવા છે. સંસાર રુપ વનની અંદર રખડી-રખડીને શ્રમીત થએલા જીવોને માટે શીતલ છાયા અર્પનાર વૃક્ષ સમાન ઉપાધ્યાય ભગવંતો છે. કે જેમની નિશ્રામાં જીવો રહી પોતાના સંસારનાં શ્રમોને દૂર કરે છે. ઉપાધ્યાયજી ભગવંતો પઠન-પાઠન દ્વારા પત્થર જેવા શિષ્યોને જગતની અંદર વંદનીય - પૂજનીય બનાવે છે. જેમ શિલ્પી પત્થરમાંથી સુંદર પ્રતિમા બનાવે છે. અને તે પ્રતિમા જગતમાં દર્શનીય-વંદનીય થાય છે. જેમ ઝવેરી ખાણમાંથી નીકળેલ રત્નને વાઢકાપ વિગેરે કરવા. દ્વારા અનેક પહેલ પાડે છે. અને તે રત્ન રાજા મહારાજા વગેરેનાં મુગટ વગેરે આભુષણોમાં અલંકૃત થઈ ઉચ્ચ સ્થાનને પામે છે. તેમ ઉપાધ્યાયજી મ. પણ કાચારત્ન જેવા શિષ્યને જ્ઞાનપ્રદાન, સારણા-વારણા વગેરે કરવા દ્વારા તેના આત્માને ઉચ્ચકોટીના ગુણો પ્રાપ્ત કરાવી તે આત્માને આચાર્ય ઉપાધ્યાય જેવા સ્થાને અલંકૃત થવામાં જે કોઈ નિમિત્ત હોય તો તે ઉપાધ્યાયજી ભગવંતો જ હોય છે. તે ઉપાધ્યાયજી મહારાજ એટલે સાધુ-સાધ્વીજી રુપ ગચ્છની હંમેશા આત્મિક ઉપકરણ વગેરેની ભૌતિક ચિંતા કરનારાં છે. તેમના હૃદય ની અંદર હમેશા દરેક આત્માના કલ્યાણની ભાવના હોય છે જેથી તે આત્માનું કલ્યાણ

જે રીતે થઈ શકતું. હોય તે રીતે કરવા માટે તેને દરેક પ્રકારે પ્રેરણા કરે છે. અને પ્રેરણા કરવા દ્વારા તે આત્માનો આધ્યાત્મિક વિકાસ કરાવે છે. આચાર્ય ભગવંતો હંમેશા અર્થની વાંચના આપે છે. જ્યારે ઉપાધ્યાયજી સૂત્રની વાંચના આયે છે. માટે તેઓ ૧૧ અંગ અને ૧૨ ઉપાંગ વગેરે જે ૪૫ આગમો છે તેના સ્વાધ્યાયમાં હંમેશા ઉજમાળ રહે છે.

ઉપાધ્યાયજી મહારાજા ત્રણ ભુવનમાં એક અજોડ દાતા છે. કારણ કે બીજા દાતાઓ દ્વારા અપાયેલા દાન થોડા દિવસ, થોડા માસ, વધુ પહોંચે તો જીંદગી પર્યંતનુ હોય છે. જ્યારે ઉપાધ્યાયજી મહારાજા દ્વારા અપાયેલું જે જ્ઞાનદાન છે તે આત્માને ભવોભવ ઉપકાર કરનારુ અને સંસારના સમસ્ત દુઃખોનો નાશ કરનારુ છે. એ ઉપાધ્યાયજી જૈન શાસનની અંદર યુવરાજ સમાન છે. ભવિષ્યકાળમાં આચાર્યપદને યોગ્ય હોય છે. તો ઉપાધ્યાયજી ભગવંતો જૈન શાસનમાં મંત્રીપદને અલંકૃત કરનારા હોય છે. તે ઉપાધ્યાયજી ભગવંતોનું જે આત્મા હંમેશા નીલવર્ણથી યુક્ત સિધ્ધચક્રજીમાં તેનું ધ્યાન ધરે છે. જાપ કરે છે પૂજન, અર્ચન વગેરે કરે છે. તે આત્મા પોતે અનુપમ કોટિના જ્ઞાનદિપકને પ્રાપ્ત કરી સંસાર રુપ જંગલને ઓળંગી જાય છે. અને શાશ્વત સુખનો ભાગી જબને છે. તે ઉપાધ્યાયજી ભગવંતોનું જે આત્મા હંમેશા નીલવર્ણથી યુક્ત સિધ્ધચક્રજીમાં તેનું ધ્યાન ધરે છે. સ્મરણ કરે છે જાપ કરે છે. પૂજન, અર્ચન, વગેરે કરે છે. તે આત્મા પોતે અનુપમ કોટિના જ્ઞાનદિપકને પ્રાપ્ત કરી સંસાર રુપ જંગલને ઓળંગી જાય છે. અને શાશ્વત સુખનો ભાગી બને છે. એ રીતે આપણે પણ એનું ધ્યાન ધરી જાપ, પૂજન, સ્મરણ, અર્ચન વગેરે કરી શાશ્વત સુખના ભાગી બનીયે એ જ અભિલાષા.....

૫. સાધુ પદ

અરિહંત, સિધ્ધ, આચાર્ય, અને ઉપાધ્યાય રુપી રત્નોની કોઈ ખાણ હોય તો તે સાધુપદ છે. એ આત્માનાં કટ્ટર શત્રુ રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વગેરે છે. તેની સામે મોરચો માંડનાર છે. સાધુ એ જીવતા જાગતા ધર્મ સ્વરુપ છે. સાધુને જોયા એટલે ધર્મ જોયો કહેવાય સાધુથી ધર્મ જુદો નહીં અને ધર્મથી સાધુ જુદા નહીં. સાધુ સ્વયં સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના કરવા. દ્વારા

પોતે સાધના કરતા હોવાના કારણે પોતે સાધુ કહેવાય છે. સાધુની સાધના દ્વારા ઈચ્છે કે ન ઈચ્છે તો પણ જગતના જીવોનું કલ્યાણ અવશ્યમેવ થતું જ રહે છે. સાધુ જગતના જીવમાત્રને પોતાના જીવ સમાન માની. ષટ્જીવનિકાયની રક્ષા કરે છે. મુનિનું વચન ભાષાસમિતિ અને વચનગુપ્તિ પૂર્વકનું હોય છે. તેમનો જીવન નિર્વાહ ભ્રમરના રસ ચુસવાના સમાન હોવાથી સમાજને બીલકુલ બોજા રુપ હોતા નથી. જેમ ભ્રમર ફુલોનો રસ ચૂસે છે. પણ હાનિ પહોંચાડતો નથી તેવી રીતે સાધુ પણ પોતાનો જીવનનિર્વાહ સમાજ પાસેથી એષણા સમિતિનાં પાલનપૂર્વક કરતાં હોય છે. સાધુ પાંચે ઈન્દ્રિયોના વિષયોનો મન, વચન, કાયાનાં, કરવા, કરાવવા, અનુમોદવા રુપ ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરે છે. સાધુઓએ જગતનાં દરેક પદાર્થો પ્રત્યેથી પોતાની માયા મમતા બીલકુલ હટાવી લીધી હોય છે. જે કારણથી દુનિયાનાં કોઈપણ પદાર્થ એ મહાત્માઓનાં મનમાં રાગ-દ્વેષની પરિણતી ઉભી કરી શકતા નથી. સાધુઓ જ્યારથી વ્રત અંગીકાર કરે ત્યારથી લઈ તે તપસ્વી કહેવાય છે. મોટે ભાગે તેઓ એક જ ટાઈમ આહાર કરનારાં હોય છે. સાધુઓ પોતે દિવસ દરમ્યાન ૫ પ્રહર સ્વાધ્યાય, ૨ પ્રહર નિંદ્રા અને ૧ પ્રહરમાં પોતાના આહાર, વિહાર અને નિહાર કરે છે. પોતે હંમેશા પોતાના ૧૦ પ્રકારના યતિધર્મનાં પાલનમાં ઉજમાળ રહે છે. અનિત્યાદી ૧૨ ભાવના મૈત્રી વગેરે ૪ ભાવના અને પાંચ મહાવ્રતની ૨૫ ભાવના વડે આત્માને હંમેસા ભાવિત રાખે છે. જેથી પોતાનાં આત્મ સ્વભાવમાંથી વિભાવદશામાં આત્મા જઈ ન શકે. પોતાનાં મનમાં આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન ન પ્રવેશ ન કરે માટે તે હંમેશા ધર્મધ્યાન અને શુક્લધ્યાનની ધૂણી ધખાવી રાખે છે કે જેથી ગમે તેવા પરિષહો અને ઉપસર્ગોમાં પણ પોતાનો આત્મા અસ્થિરતાને પામતો નથી. અને સ્વનું કાર્ય સાધી જાય છે. સાધુ પોતાના મન-વયન-કાયાના યોગોના રક્ષણ માટે હંમેશા ૩ ગુપ્તિનાં પાલનમાં સાવધાન રહે છે. ૩ યોગોની કોઈપણ પ્રવૃત્તિ કરવાની હોય તો તેમાં એ યોગો આત્માનાં દંડ રુપે ન થાય માટે પાંચ સમિતિની ઉપાસનામાં ઉજમાળ રહે છે. જેથી. પ્રવૃત્તિ કરતાં કરતાં નિવૃતિ રુપ ધર્મની સાધના થઈ જાય છે. માટે જ કહેવાય છે કે સાધુની દરેક પ્રવૃત્તિ કર્મ નિર્જરાનું કારણ બને છે. તે વાત આ રીતે બંધ બેસતી આવી શકે છે.

સાધુઓ બે પ્રકારનાં હોય છે :-

૧. સમુદાયમાં રહી આરાધના કરનારાં તે સ્થવીર કલ્પી.

૨. વિશિષ્ટ કોટિનાં જ્ઞાન, તપ, બળ, નિર્ભયતા, પ્રાપ્ત કરી એકાકીપણે રહી પોતાની સાધના કરનારાં તે જીનકલ્પી કહેવાય છે. સાધુઓની દરેક પ્રવૃત્તિ આત્મલક્ષી હોય છે. સાધુ પોતાની સાધના દ્વારા પોતાનો સંસાર એકદમ મર્યાદિત કરી નાખી જઘન્યથી તે જ ભવમાં અને વધુમાં વધુ ૭-૮ ભવમાં પોતાનું કાર્ય સાધી જાય છે. એ સાધુપદની ઉપાસના કરવા માટે દરરોજ પોતાનાં હૃદય કમળમાં સાધુપદનું ધ્યાન ધરવાથી આપણાં આત્માની અંદર પણ સુંદર સાધુતા વિકસે છે. એના દ્વારા આત્મા પોતાનો સંસાર લઘુ કરી મોક્ષલક્ષ્મીને વરે છે. એ પ્રમાણે આપણે પણ સાધુપદની સેવા ભક્તિ આરાધના ઉપાસના કરવા દ્વારા પરમાત્માના માર્ગમાં સાચા સાધુ બનીએ એ જ અભિલાષા....

૬. દર્શન પદ

આત્માના આધ્યાત્મિક વિકાસ ક્રમનું પ્રથમ પગથીયું કોઈપણ હોય તો સમ્યગદર્શન છે.

સમ્યગદર્શન એ ધર્મરુપી મહેલનો પાયો છે. એ પાયા ઉપર જ સર્વવિરતિ અને દેશવિરતિ રુપ ઈમારત રહી શકે. સમ્યગદર્શન ધર્મનગરમાં પ્રવેશવાનું દ્વાર છે. ગુણોરુપી રત્નોનું એ ભાજન છે, પૃથ્વી જેમ જગતની સમસ્ત વસ્તુ માટે આધાર રુપ છે તેવી રીતે સમ્યકત્વ પણ સમસ્ત ધર્મ માટે આધારભૂત છે.

સંખ્યા વિનાના ગમે એટલા મીંડા હોય તેની કોઈ કિંમત હોતી નથી તેવી રીતે સમ્યકત્વ વિના ગમે એટલું જ્ઞાન, દીર્ઘ ચારિત્ર પર્યાય, મહાન તપ, ઉત્કૃષ્ટ ક્રિયા, ભીષ્મ ત્યાગ, જ્વલંત વૈરાગ્ય આ બધાં જ ગુણો નકામા થાય છે. એ સમ્યગદર્શન જીવ પોતાનાં આયુષ્ય સિવાય ૭ કર્મોની સ્થિતિ ૧ કોડાકોડી સાગરોપમ જેટલી રાખી બીજી કર્મસ્થિતિનો નાશ કરે છે. અને એ નાશ કર્યા પછી રાગ-દ્વેષની તીવ્ર ગ્રંથિ નો છેદ કર્યા પછી જીવનો સંસાર પરિમિત થાય છે. વધુમાં. વધુ રહે તો પણ અર્ધપુદ્ગલપરાવર્તકાળથી વધુ રહી શકતો નથી. સમ્યગદર્શન પામ્યા પછી સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યેની અવિહડ શ્રધ્ધા

આત્મામાં પ્રગટ થાય છે, દર્શન મોહનીય કર્મનાં ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ વગેરેનાં આધારે સમ્યકત્વનાં ભેદો પડે છે. ક્ષાયિક સમ્યકત્વ કે જે દર્શનમોહનીયની ૩ અને અનંતાનુબંધીની જ પ્રકૃતિનાં ક્ષયથી ઉત્પન્ન થાય છે. ક્ષયોપશમ સમ્યકત્વ જે દર્શન મોહનીય ઉદયમાં આવે તેનો ક્ષય અને ઉદયમાં નથી તેનો ઉપશમ કરવાથી પ્રાપ્ત થાય છે. ઉપશમ સમ્યકત્વ દર્શન સપ્તકનાં ઉપશમથી આત્માને પ્રાપ્ત થાય છે. ક્ષાયિક સમકિત જીવને પ્રાપ્ત થયા પછી કદી પણ પાછુ જતું નથી. ક્ષયોપશમ જીવને અસંખ્યવાર પ્રાપ્ત થાય છે. ઉપશમ સમકિત જીવને આ સંસારચક્રમાં પાંચ વાર પ્રાપ્ત થાય છે. તેમાં પ્રથમ સમ્યકત્વ પ્રાપ્તી સમયે અને ચાર વાર ઉપશમ શ્રેણીમાં પ્રાપ્ત થાય છે. આ સમ્યગદર્શન આત્મામાં પ્રાપ્ત થયું છે કે નહીં તે જાણવા માટે જ્ઞાની ભગવંતોએ ૬૭ ભેદો બતાવ્યા છે. જે આત્મામાં જોવાથી સમ્યકત્વની ખવર પડે છે. તે સમ્યકત્વનાં પાંચ લક્ષણ બતાવ્યા છે... ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણ છે.

ઉપશમ :- દર્શન મોહનીયનો ઉપશમ અને અનંતાનુબંધી કષાયનો ઉપશમ અંગીકાર કરવો તે.....

સંવેગ :- મોક્ષની તીવ્ર ઈચ્છા તે....

નિર્વેગ :- ચારગતિ રુપ સંસારના જે કાંઈ સુખો છે તે દુઃખરુપ લાગે અને તે દુઃખોથી છૂટવાની તીવ્ર ઉત્કંઠા તો

અનુકંપા :- સંસારનાં દુઃખી આત્માઓ ઉપર દ્રવ્ય અને ભાવ કરુણા તે...

આસ્તિક્ય :- આત્મા છે, તે નિત્ય જ છે, કર્મ નો કર્તા છે, તે કર્મનો ભોકતા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે આ વસ્તુઓ જે માનતા હોય તે આસ્તિક્ય....

આત્મા સમ્યકત્વ અવસ્થામાં જો મૃત્યુ પામે અને પૂર્વમાં આયુષ્ય ન બાંધ્યુ હોય તો તે નિયમા દેવગતિમાં જ જાય અને તેમાં પણ વૈમાનિક દેવ થાય છે. તે આત્મા દેવલોકનાં સુખોથી મુંઝાતો નથી..

નરકગતિમાં હોય તો તેનાં દુઃખોથી આકુલ-વ્યાકુલ થતો નથી. એ આત્માને સંસારમાં રહેવું પડે તો એવી રીતે રહે કે જેમ જેલમાં કેદી રહ્યો હોય તેમ જ રહે છે.

સંસારની દરેક પ્રવૃત્તિ તે આત્મા અંતરથી દૂર રહીને જ કરે છે. જેમ ધાવમાતા પોતાનાં બાળક કરતાં બીજાના બાળકને વધારે સાચવે પણ પોતાનો પ્રેમ તો પોતાના બાળક પર જ હોય છે. સમ્યગદષ્ટિ આત્માને વિરતિ વિરતિધર આત્માઓ પ્રત્યે અપૂર્વ કોટિનું બહુમાન હોય છે. ક્ષાયિક સમકિતની સાદિ અનંતકાળની સ્થિતિ છે. અને ઉપશમ સમકિતનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે. ક્ષયોપશમ સમકિતની સાધિક સ્થિતી ૬૬ સાગરોપમ કાળની છે. અને ઉપશમ સમકિતનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે આવા ઉચ્ચ કોટિનાં સમ્યકત્વની રક્ષા માટે આત્માએ શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરધર્મની પ્રશંસા, પરધર્મીનો પરિચય વગેરે દોષો ત્યાગ કરવો જોઈએ, અને એની પુષ્ટિ માટે એનાં જે આઠ આચારો નિઃશંકીત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ આચારનાં પાલનમાં ઉજમાળ રહેવાથી આત્માનું સમ્યગદર્શન સુવિશુધ્ધ રહે છે. એ સમ્યકત્વનો દિપક આપણા આત્માની અંદર પ્રગટાવી અનાદિકાળનો મિથ્યાત્વનો અંધકાર દૂર કરી શાશ્વત સુખનાં ભાગીદાર બનીએ એ જ અભિલાષા....

૭. જ્ઞાન પદ

શ્રી જૈનદર્શનમાં આત્માની અંદર અનંત ગુણો માનવામાં આવ્યા છે. તેમાં પણ જ્ઞાનગુણ મુખ્ય છે. કારણ કે જ્ઞાન જો આત્મામાં હોય તો જ સમ્યકત્વ સ્થિર અને નિરતિચારપણે પળાય છે, અને ચારિત્ર વિશુધ્ધ અને ચઢતા ભાવે આરાધાય છે. જ્ઞાનથી જ આત્મા ત્યાગ વૈરાગ્યની પરિણતિ વધારી શકે છે. કારણ કે જ્ઞાનથી જ આત્માને જગતના સમસ્ત પદાર્થો એનાં મૂળરુપે જણાય છે. જ્ઞાન આત્માને સંસાર સાગરથી પાર ઉતારવા માટે સાચા માર્ગદર્શકની ગરજ સારે છે. જો આત્મામાં જ્ઞાન ન હોય તો આવેલા સમ્યકત્વને જતાં વાર લાગતી નથી અને ચારિત્ર પણ નાશ પામે છે. એ જ્ઞાનને પ્રાપ્ત કરવા અને સ્થિર કરવા માટે જ્ઞાની ભગવંતોએ વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા રુપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય બતાવ્યો છે. જેનાં દ્વારા આત્મા જ્ઞાનને પોતાની અંદર પરિણમાવી શકે છે. જ્ઞાન પરિણત થયા પછી કોઈપણ સંયોગો, પદાર્થો કે પ્રસંગો આત્માને પોતાની સમાધિમાંથી દૂર થવા દેતાં નથી. આત્મા સત્ય પણ પણ ત્યારે જ બોલી શકે જ્યારે તે જ્ઞાની હોય, આત્મા અચોર્યભાવ ત્યારે

જ આરાધી શકે, મૈથુનભાવથી ત્યારે જ વિરત થઈ શકે, અને નિષ્પરિગ્રહ ભાવ ત્યારે જ ધારણ કરી શકે કે જ્યારે તે જ્ઞાની હોય....

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, હેય, જ્ઞેય, ઉપાદેય, કૃત્ય, અકૃત્ય આ સર્વ વસ્તુની જાણકારી જો આત્માને પ્રાપ્ત થતી હોય તો જ્ઞાનથી જ થાય છે. જડ અને જીવ બન્નેનો ભેદ થવામાં કોઈ કારણ હોય તો જ્ઞાન છે. સંસ્કારી અને જંગલીપણાંનો, પશુ અને મનુષ્યપણાનો, આર્ય અને અનાર્યપણાનો, જૈન અને જૈનેતર પણાનો, ભેદ જો કોઈ બતાવનાર હોય તો તે જ્ઞાન છે.

આત્મામાં જેમ જેમ જ્ઞાન ગુણ વિકસતો જાય તેમ તેમ તેની અંદર અપૂર્વ કોટિનાં ગુણો વિકાસ પામે છે, દોષોનો હ્રાસ થાય છે. આત્મા જે ક્રિયા કરે છે તેનું ફળ ત્યારે જ મળે છે કે જ્યારે તેનામાં શ્રધ્ધા પ્રગટ થઈ હોય. તે શ્રધ્ધા પણ ત્યારે જ ટકે છે કે જ્યારે આત્મા જ્ઞાની હોય.

આત્મામાં જ્ઞાનનું પ્રગટીકરણ પાંચ પ્રકારે થાય છે.

૧. મતિજ્ઞાનનાં રુપે
૨. શ્રુતજ્ઞાનનાં રુપે
૩. અવધિજ્ઞાનનાં રુપે
૪. મનઃપર્યવજ્ઞાનનાં રુપે
૫. કેવળજ્ઞાનનાં રુપે

મતિજ્ઞાન આત્માને પાંચ ઈન્દ્રિય અને મનનાં આલંબને થાય છે. તેનાં શાસ્ત્રમાં ૨૮ અને ૩૪૦ ભેદો બતાવ્યા છે. મતિજ્ઞાન દ્વારા આત્મા પોતાનાં અનેક કાર્યો સહજ રીતે પૂર્ણ કરી શકે છે. આત્માને શ્રુતજ્ઞાન પણ મતિજ્ઞાન પૂર્વક જ મલી શકે છે. સંસારના દરેક આત્મા જે જ્ઞાની કહેવાય છે તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનાં આધારે કહેવાય છે. જગંતની અંદર પોતાનાં અને બીજાનાં આત્માનાં ઉપકારનાં કારણ રુપે થઈ શકે એવું કોઈ જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન છે. કારણ કે મતિ, અવધિ, મનઃપર્યવ, અને કેવલજ્ઞાન એ મુંગા છે. શ્રુતજ્ઞાન બોલતું છે. પરમાત્માનું શાસન જો ચાલતું હોય તો શ્રુતજ્ઞાનનાં આધારે જ ચાલે છે. જ્યારે શ્રુતજ્ઞાનનો વિનાશ થાય ત્યારે શાસનનો પણ અંત કહેવાય છે. જ્ઞાનની આરાધના કે વિરાધના જો આત્મા કરતો હોય તો તે મુખ્યતયા શ્રુતજ્ઞાનના આધારે જ કરે છે.

જે કોઈ આત્મા તોતડા, બોબડા, લંગડા, મુંગા, બહેરા વગેરે થાય

છે તે મોટે ભાગે જ્ઞાનની વિરાધનાનું ફળ છે. તે જ્ઞાનની આરાધનાથી આત્મા પોતે સૌભાગ્યશાળી, યશસ્વી, પરમ તેજસ્વી, મહાબુદ્ધિવાન થાય છે.

અવધિજ્ઞાન આત્માની અંદર અને ઈન્દ્રિય નિરપેક્ષપણે થાય છે. તે અવધિજ્ઞાન પક્ષીને જેમ ઉડવાની શક્તિ હોય છે તેમ દેવો અને નારકોને પણ જન્મથી જ હોય છે. મનુષ્યો અને તિર્યંચો વિશિષ્ટ પ્રકારનો તપ, ત્યાગ, વૈરાગ્ય વગેરે ગુણોના કારણે પ્રગટે છે. અને તેનાં છ પ્રકાર હોય છે.

હીયમાન, વર્ધમાન, પ્રતિપાતિ, અપ્રતિપાતિ, અવસ્થિત અને અનવસ્થિત.

મનઃપર્યવજ્ઞાન બે પ્રકાર છે... ઋજુમતિ અને વિપુલમતિ. એ જ્ઞાન દ્વારા અઢીદ્વિપમાં વર્તતા સંજ્ઞી પર્યામા આત્માઓનાં મનનાં ભાવો જાણવાની શક્તિ મલે છે. આ મનઃપર્યવજ્ઞાન સર્વ વિરતિધર આત્માઓને જ થાય છે. કેવળજ્ઞાન જગતનાં રુપી-અરુપી ત્રણે કાળના દરેક અવસ્થાના ભાવોને એકી સમયે જણાવનાર જ્ઞાન છે.

આ જ્ઞાન આત્માને પ્રાપ્ત થયા પછી આત્માને સંસારમાં રખડવાનું રહેતું નથી. અને તે મોક્ષમાં જ જાય છે. જ્ઞાની આત્મા એક શ્વાસોચ્છવાસમાં જે કર્મ નિર્જરા કરે છે તેટલી અજ્ઞાની પૂર્વ ક્રોડવર્ષ સુધી ક્રિયાઓ કરવા છતા પણ કરી શકતાં નથી. માટે આ પાંચ જ્ઞાનની આપણો આત્મા ઉત્તમ પ્રકારની આરાધના કરી, અપૂર્વકોટિનો જ્ઞાની બની, અષ્ટકર્મનો નાશ કરી, ચિદાનંદ સ્વરુપને પ્રાપ્ત કરી મોક્ષ સુખને પ્રાપ્ત કરે એ જ અભિલાષા....

૮. ચારિત્ર પદ

આત્માને મોક્ષ પામવાનું જે કોઈ અનન્ય કારણ હોય તો તે ચારિત્ર છે. ચારિત્ર એટસે આત્માની અંદર મળેલા કર્મના જથ્થાનો નાશ કરનારી પ્રક્રિયા તે ચારિત્ર છે. ચારિત્ર બે પ્રકારે છે. સર્વવિરતિ રુપ અને દેશવિરતિ રુપ. સર્વવિરતિ ચારિત્ર પાંચ મહાવ્રત રુપ હોય છે. દેશ વિરતિ શ્રાવકનાં સમ્યકત્વ મૂળ બાર વ્રત રુપ હોય છે. સમ્યગદર્શન અને સમ્યગજ્ઞાન પણ ત્યારે જ આત્માને સંસારથી

તારવા માટે સમર્થ બની શકે છે કે જ્યારે આત્મામાં ચારિત્ર ગુણ પ્રગટ્યો હોય જે આત્મામાં ચારિત્ર હોય છે તેનામાં સમ્યકત્વ અને જ્ઞાન અવશ્યમેવ હોય છે. આત્મા જ્યારે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય કર્મોનાં ઉદયને રોકે છે અને સંજ્વલન કષાયનો ઉદય વર્તતો હોય ત્યારે આત્મામાં ચારિત્ર ગુણ પ્રગટે છે. આત્મામાં ચારિત્ર ગુણ પ્રગટે એટલે કર્મ આવવાનાં કારણરુપ જે આશ્રવદ્વારો છે તેને રોકી દે છે. ચારિત્રવંત આત્મા જગતના સમસ્ત પાપોનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરે છે. ભૂતકાળમાં જે જે આત્માઓ મોક્ષ પામ્યા વર્તમાનકાળમાં પામે છે. અને ભવિષ્યકાળમાં પામશે તે દરેક આત્માઓ ચારિત્ર ગુણ પોતાનાં આત્મામાં પ્રગટાવીને જ પામે છે. આ ચારિત્રની આરાધના દ્વારા મહાઆરંભ અને મહાપરિગ્રહમાં રહેલાં ચક્રવર્તી પણ પોતાના સમસ્ત કર્મમળનો નાશ કરી શકે છે. જો તે ચક્રવર્તી તે ચારિત્રમાર્ગનું આલંબન ન લેતો નરકગતિ તરફ જ તેમનું પ્રયાણ થાય છે જે આ ચારિત્ર જીવની આરાધનાથી ઘોર હત્યા કરનારા દ્રઢપ્રહારી જેવા આત્માઓ, પોતાની બહેનની સાથે દુરાચાર સેવનારા ચંદ્રશેખર રાજા, નીચ કુલમાં ઉત્પન્ન થએલા, હરીકિશી જેવા ચંડાળ પણ સંસાર સાગર તરી ગયા છે. જે ચારિત્ર અંગીકાર કરવાથી આત્મા ત્રિજગતમાં દેવો અને દાનવોને પણ વંદનીય અને પૂજનીય થાય છે. આત્મા એક વખત ચારિત્ર જીવન અંગીકાર કરે તો તે જ ભવમાં મોક્ષે જાય છે અને ન જાય તો ૭-૮ ભવમાં અવશ્યમેવ મોક્ષમાં જાય છે. તીર્થંકર પરમાત્માને પણ તે જ ભવમાં મોક્ષે જવાનું સુનિશ્ચિત છે. છતાં પણ પોતે ચારિત્ર જીવન અંગીકાર કરે છે.

તે ચારિત્ર શાસ્ત્રમાં પાંચ પ્રકારે વર્ણવેલુ છે.

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર.

તેમાં સામાયિક બે પ્રકારે છે. ઈત્વરકથીક અને યાવત્કથીક.

ઈત્વર કથીક :- થોડા સમયનું સામાયિક તે - જેમ કે પૌષધ, સામાયિક વગેરે અને ભરત, ઐરવત ક્ષેત્રમાં પહેલા, છેલ્લા તીર્થંકરના વખતમાં દિક્ષા દિવસથી વડીદિક્ષાનાં દિવસ સુધી જે ચારિત્ર હોય છે તે ઈત્વરકથીક સામાયિક છે.

યાવત્કથીક :- બાવીસ ભગવંતના શાસનમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં દીક્ષા દિવસથી લઈને જીંદગી પર્યંતનું સામાયિક તે યાવત્કથીક સામાયિક છે.

છેદોપસ્થાપનીય :- ચારિત્ર જ્યારે આત્મા પોતે પહેલાં સામાયિક ચારિત્ર અંગીકાર કર્યું અને પછી જ્યારે ઉપસ્થાપના વિધિ કરવામાં આવે ત્યારે પૂર્વ સામાયિક ચારિત્રનો પર્યાય છેદી નાંખવામાં આવે છે. આ છે નિરતિચાર છેદોપસ્થાપના...

જ્યારે સ્વીકારેલા મહાવ્રતોનો ભંગ થાય ત્યારે તેના પ્રાયશ્ચિત રુપે ફરીથી મહાવ્રતો આપવામાં આવે છે અને પૂર્વનો જે સંયમપર્યાય હોય તે કાપી નાંખવામાં આવે છે. આ છે સાતિચાર છેદોપસ્થાપના....

છેદોપસ્થાપનીય ચારિત્ર ભરત, ઔરવત ક્ષેત્રમાં હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર - ૯ મહામુનિઓની ટુકડી સમુદાયમાંથી નીકળી તે પણ પાછા વિશિષ્ટ શ્રુતધરો હોય છે. તે ટુકડીમાંથી ૪ મુનિઓ ઉનાળામાં ૩ થી ૫ ઉપવાસ, ચોમાસામાં ૪ થી ૬ એ શિયાળામાં ૫ થી ૭ ઉપવાસ કરે અને પારણે આયંબીલ કરે. બીજા ૪ મુનિઓ વૈયાવચ્ચ કરે અને એક મુનિ વાંચનાચાર્ય બને આ પ્રમાણે છ મહિના કરે પછી બીજા છ મહિનામાં બીજા ૪ મુનિઓ તપ કરે અને તપ કરનારા વૈયાવચ્ચ કરે અને પછી ત્રિજા ૬ મહિનામાં વાંચનાચાર્ય તપકરે બીજા વૈયાવચ્ચ કરેં એક વાંચનાયાર્ય બને. જ્યારે તપ સિવાયના સમયમાં વૈયાવચ્ચ કરે. વાંચનાચાર્ય અને વૈચાવચ્ચ કરનારાને આયંબીલ તો ચાલુ જ રહે છે. આ પ્રમાણે ૧૮ મહિના સુધી કરી પાછા સમુદાયમાં જાય જીનકલ્પી થાય કે આગળ વધારે મુદત પણ લંબાવે આ ચારિત્ર ભરત, ઐરવત ક્ષેત્ર, પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં તીર્થંકરના શિષ્ય કે તેમનાં પ્રશિષ્ય જ અંગીકાર કરે છે. તે પણ ૨૦ વર્ષનોં દિક્ષા પર્યાય અને ૨૯ વર્ષની ઉમર પછી અંગીકાર કરી શકાય છે.

સૂક્ષ્મ સંપરાય ચારિત્ર આત્મા જ્યારે ક્ષપક કે ઉપશમ શ્રેણીમાં વર્તતો હોય ત્યારે ૧૦મા ગુણસ્થાનકમાં આત્મા આવે છે. ત્યારે અને ઉપશમ શ્રેણીથી પડતા પણ જીવને ૧૦ મે ગુણસ્થાનકે આ ચારિત્ર હોય છે.

યથાખ્યાત ચારિત્ર જીવને ૧૧-૧૨-૧૩-૧૪ મે ગુણ સ્થાનકે હોય છો આ ચારિત્રવાળો આત્મા વીતરાગ કહેવાય છે. આ ચારિત્ર સયોગીપણામા તથા

છદ્મસ્થપણામાં અને ૧૪ મે ગુણસ્થાને હોય છે. તેમ જ સર્વજ્ઞ અવસ્થામાં હોય છે. ૫ સમિતી અને ૩ ગુપ્તિનાં પાલનમાં જેટલો આત્મા ઉપયોગવંત બને છે તેટલી વિશુદ્ધ આરાધના કરી શકે છે. આપણા આત્માને તારવા માટે આ પાંચ પ્રકારના ચારિત્રની આરાધનામાં ઉજમાળ બની અને ૮ પ્રકારના ચારિત્રાચારમાં પ્રયત્નશીલ બની અષ્ટકર્મનો ક્ષય કરી આત્મા સ્થિરતા રુપ ચારિત્રને પ્રાપ્ત કરનારાં બનીએ એ જ અભિલાષા....

૯. તપ પદ

સિદ્ધચક્રજીમાં રહેલા નવપદોની આરાધના આત્માને ત્યારે જ સાચું સુખ આપી શકે છે. જ્યારે આત્મા તપ પદની આરાધનામાં ઉજમાળ બન્યો હોય છે. એ તપ પદની આરાધના આત્મા ત્યારે જ સાચી કરી શકે જ્યારે અનાદિકાળની વિષયવાસનાઓ અને સંજ્ઞાઓ ઉપર નફરત જાગી હોય. જ્ઞાની ભગવંતો ઇચ્છાઓનો રોધ તે જ સાચો તપ છે. એ પ્રમાણે કહ્યુછે તપ કરતાં પણ આત્માના દોષોનો હ્રાસ ન થાય તો તે તપ નથી, પણ ફક્ત લાંઘણ છે. આત્મા જેમ જેમ તપ કરતો જાય તેમ તેમ તેની અંદર અપૂર્વ કોટિના ગુણો અને શક્તિઓ વિકસતી જાય છે. આત્માની અંદર સમ્યકત્વ હોય, નિર્મલ જ્ઞાન ઔર શુદ્ધ ચારિત્ર હોય, પણ જો તપની ખામી રહી ગઈ તો તે સમકિત, જ્ઞાન કે ચારિત્ર મૂર્તિ વગરનાં મંદિરની જેમ શોભાને પામતા નથી. પરમાત્માના શાસનમાં તપની કેટલી મહત્તા કે સાધુજીવન અંગીકાર કર્યું હોય એટલે તપોજીવન ગ્રહણ કર્યું કહેવાય આજ કારણથી સાધુઓને તપોધન રુપે કહ્યા.

અષ્ટકર્મનો નાશ કરવાનો સાચો જો કોઈ ઉપાય હોય તો તે તપ જ છે. આથી જ ઉમાસ્વાતિ મ. તત્ત્વાર્થમાં કહ્યું છે. 'તપસા નિર્જરાચ' સમ્યક્તવ પરમાત્માના માર્ગ પર શ્રધ્ધા કરાવે, જ્ઞાન માર્ગદર્શક બને, ચારિત્ર કર્મના આશ્રવને રોકે છે. જ્યારે તપ તો આત્મામાં રહેલા કર્મનો નાશ કરે. આત્મામાં તપ ગુણ પ્રગટાવવો એટલે ભર દરિયામાં સામા પૂરે તરવા જેવું કઠિન કામ છે. કારણ કે આ જીવ અનાદિકાળથી આહાર વગેરે સંજ્ઞાઓથી ઘેરાયેલો છે. તેને તેમાંથી છોડાવી તે સંજ્ઞાનો નાશ કરવાનો છે. આત્માને તપ ધર્મ કઠિન ત્યાં સુધી જ લાગે છે કે જ્યાં સુધી એને પોતાનો ભવવૈરાગ્ય થયો ન હોય, થયા પછી તપધર્મ

કઠિન લાગતો નથી જેમ દરિદ્રતાથી કંટાળેલા માણસને ધનના માટે ભૂખ-તરસ-ટાઢ-તડકો-માન-અપમાન બધું સહન કરી શકે છે. તેવી રીતે મોક્ષાર્થી આત્મામાં પણ સહનશક્તિ આવી જાય છે. તપ, તપધર્મ રુપે ત્યારે જ થાય છે જ્યારે તે તપ કોઈપણ જાતની આશંસા અને ગ્લાનિ વગર થતો હોય ત્યારે. તપ કરતાં જો મનમાં કોઈ ઈચ્છા બેઠી હોય કે કોઈના પ્રત્યે ક્રોધ - માન-માયા-પ્રપંચ રમવા પૂર્વક થતો હોય તો તે તપ નિષ્ફળ થાય છે. જે આત્મામાં તપ ગુણ પ્રગટ્યો હોય તે આત્મા શાસનની અપૂર્વ પ્રભાવના કરી શકે છે તે માટે તપસ્વી આત્માએ બ્રહ્મચર્યનું પાલન, જીનેશ્વર ભ. ની પૂજા અને આજ્ઞાપાલન કષાયોના ત્યાગ પૂર્વક તપ કરવો જોઈએ આ પ્રમાણે તપ કરવાથી પૂર્વ કાળમાં અનેક મહર્ષિઓને અનેક પ્રકારની લબ્ધિઓ, શક્તિઓ, પ્રાપ્ત થઈ હતી. આ તપધર્મનું સેવન કરવાથી જે નિકાચીત કર્મો છે તેનો પણ નાશ કરવા આત્મા સમર્થ થાય છે. તે જ ભવમાં મોક્ષે જવાનું જેઓને સુનિશ્ચિત છે એવા તીર્થંકર ભગવંતો પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ તપધર્મનું આરાધન કરે છે. આત્મા આ તપને બાર પ્રકારે આરાધી શકે છે. તે આ પ્રમાણે - અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એમ છ પ્રકારે બાહ્ય અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ એમ છ પ્રકારે અભ્યંતર રીતે થાય છે.

અનશન :- અનશન એટલે ૪ પ્રકારનો આહાર છે. તેનો જેમાં સર્વથી અથવા દેશથી ત્યાગ કરાય તે... જેમ કે ઉપવાસ, આયંબીલ વગેરે....

ઉણોદરી :- ઉણોદરી એટલે જેમાં પોતાનો જે આહાર હોય તેમાંથી ૧-૨ કોળિયાનો ત્યાગ કરાય તે....

વૃત્તિ સંક્ષેપ :- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ દ્વારા પોતાના આત્માની વૃત્તિનો સંક્ષેપ કરવા માટે જે અભિગ્રહો ધારણ કરે તે...

રસત્યાગ : ૪ પ્રકારની મહાવિગયો અને છ પ્રકારની વિગયોના હમેશ ત્યાગ માટેનો પ્રયત્ન કરવો તે...

કાયક્લેશ :- લોચ, વિહાર વગેરે શરીરને કષ્ટ સ્વરુપ ક્રિયાઓ કરવી તે..

સંલીનતા :- સંલીનતા એટલે આત્મ સ્થિરતા માટે મન-વચન-કાયાના યોગોને સ્થિર કરવા પોતાનાં અંગોપાંગોને સંકોચી રાખવા તે...

પ્રાયશ્ચિત :- અનેક પ્રકારની આરાધના કરતા જે કાંઈ સ્ખલના વગેરે થઈ હોય તો તેના શુદ્ધિકરણ માટે ગુરુ મ. વગેરે વડિલોની પાસેથી જે તપ વગેરે આપવામાં આવે તે....

વિનય :- દેવ, ગુરુ, ધર્મ વગેરેની જે ઉચિત પ્રતિપત્તિ કરવામાં આવે તે...

વૈયાવચ્ચ :- બાળ, વૃદ્ધ, ગ્લાન, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવીર, કે રત્નાધિકની ઉચિત સેવા, ભક્તિ કરવામાં આવે તે...

સ્વાધ્યાય :- વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા દ્વારા જે જ્ઞાનની ભક્તિ કરાય તે...

ધ્યાન :- આત્માને શુભ ભાવમાં રાખવા માટે ચિત્તને એકાગ્ર કરવા રુપ જે ક્રિયા કરવામાં આવે તે...

કાયોત્સર્ગ :- આઠ પ્રકારનાં કર્મનાં નાશ માટે જે કાયાનો ત્યાગ કરવા રુપ ક્રિયા તે...

આ બાર પ્રકારના તપમાંથી કોઈપણ એક તપનો આરાધક આત્મા તપસ્વી તરીકે ગણાય છે. અને સંસાર સાગરને તરી જનારો બને છે. શ્રી જીનશાસનનો આરાધક આ બાર પ્રકારનાં તપમાંથી કોઈપણ તપની ઉપેક્ષા કરનારો બને જ નહીં પોતાની શક્તિ ગોપવ્યા વગર દરેક તપની આરાધનામાં ઉજમાળ બને છે. આ સિધ્ધચક્રજીની આરાધના કરવાથી તત્ત્વત્રયી અને રત્નત્રયીની આરાધના થાય છે. અને એ આરાધનાથી આત્મા સંસાર સાગર સ્હેજે તરી જાય છે. માટે આ સિધ્ધચક્રજીની આરાધનામાં એના જપમાં, પૂજન, અર્ચન, સ્મરણ, ધ્યાન વગેરે કરવા દ્વારા અષ્ટકર્મનો ક્ષય કરી મોક્ષ પામીએ. એ જ અભિલાષા...

શ્રી સિદ્ધચક્ર મહાત્મ્ય

આ જંબુદ્વીપમાં દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં મગધ નામે દેશ છે. તે દેશના આભૂષણ સમાન રાજગૃહી નામે નગર છે. તે નગરમાં ભૂપાળ શ્રેણીક મહારાજા હતા. તે મહારાજાને ચેલણા વગેરે અનેક રાણીઓ તથા અભયકુમાર પ્રમુખ અનેક પુત્રરત્નો હતા. તે નગરનાં બહાર વૈભારગિરિ નામે પૃથ્વીના અલંકાર સમાન

મનોહરગિરિ હતો. ત્યાં પૃથ્વીતલ પર વિચરતા પરમાત્મા મહાવીરદેવ ત્યાં પધાર્યા. નગરવાસીઓનાં ઉપકાર માટે પોતાનાં પ્રથમ ગણધર ગૌતમસ્વામિ મહારાજને રાજગૃહી નગરમાં મોકલ્યા. તે સમયે વધામણી મલતા રોમાંચયુક્ત શરીરવાળા શ્રેણીક મહારાજા પરિવાર સહ ગૌતમસ્વામિજીને વંદનાર્થે ગયા. પાંચ અભિગમ પાળી, ત્રણ પ્રદક્ષિણા કરી ઊચિત સ્થાને વિનયપૂર્વક બેઠા. ત્યારે ગૌતમ સ્વામિજીએ મેઘનાદ સમાન ગંભીર વાણી વડે કરી દાન-શીલ-તપ-ભાવ સ્વરુપ ચાર પ્રકારનાં ધર્મમાં ઉજમાળ બનવું જોઈએ. તેમાં પણ ભાવ ધર્મ શ્રેષ્ઠ છે. તેનાં વિના દાન ધર્મ નિષ્ફળ જાય છે. ભાવધર્મ મનનો વિષય છે. તે સાલંબન અને નિરાલંબન એમ બે પ્રકારે છે. એમાં તે નિરાલંબન દુષ્કર છે. તેના નિયંત્રણ માટે શાસ્ત્રોમાં અનેક આલંબન બતાવ્યા છે. તેમાં સિદ્ધચક્રજી નું ધ્યાન સર્વોત્તમ છે. જેનાં દ્વારા શ્રીપાલ મહારાજા આત્મિક અને ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત કરવા દ્વારા પોતાના આત્માને સંસાર પાર કરનારાં બન્યા છે.

ત્યારે શ્રેણીક મહારાજાએ પૂછયું, 'હે ભગવન ! શ્રીપાલ મહારાજ કોણ? જેઓએ સિદ્ધચક્રજી કેવી આરાધના કરી કે જે દ્વારા આવું ઉત્તમ ફળ પ્રાપ્ત કર્યું ?" તે વખતે ગૌતમસ્વામિ મ. એ કહ્યું કે, "સિદ્ધચક્રજીનાં મહિમાને બતાવતું એવું શ્રીપાલ મહારાજાનાં ચરિત્રને તમે સાંભળો."

આ ભરતક્ષેત્રમાં અવંતિ નામનો દેશ છે. ઉજ્જયિની નગરી છે. તે. નગરમાં સુંદર રીતે પ્રજાનું પાલન કરનારાં એવો પ્રજાપાલ નામે રાજા છે. તે રાજાને અત્યંત સ્વરુપવાન એવી બે મહારાણીઓ છે. પ્રથમ સૌભાગ્યસુંદરી જે મિથ્યાત્વંવાસીત હૃદયવાળી છે. બીજી સમ્યકત્વવાસીત રુપસુંદરી નામે રાણી છે. તે બન્ને પરસ્પર શોક્ય હોવા છતાં અત્યંત પ્રીતિવાળી હતી તે બન્નેને એક એક રાજકુમારી હતી તેઓનાં નામ અનુક્રમે સુરસુંદરી અને મયણાસુંદરી એમને ભણાવ વા માટે એમની માતાઓએ પોતાના ધર્મનાં અધ્યાપકો રાખ્યા. તેમાં સુરસુંદરી શૈવ પંડિત શિવભૂતિ પાસે અનેક કલાઓનાં અભ્યાસ કર્યો. અને તેમાં પારંગત બની. મયણાસુંદરી સુબુદ્ધિ પાસે અભ્યાસ કરતા અનેક કલાઓ ઉપરાંત સર્વજ્ઞ પરમાત્માનાં સિદ્ધાંતનો સારો અભ્યાસ કર્યો. બન્નેનો અભ્યાસ પૂર્ણ થયો ત્યારે પોતપોતાનાં કલાચાર્ય સાથે પિતાજીને વંદન કરવા માટે આવે છે. પ્રજાપાલ મહારાજા પણ આ બન્ને કન્યાના અભ્યાસથી સંતુષ્ટ થયા અને

તે બન્નેની પરીક્ષા માટે એક સમસ્યા પદ આપે છે. તે આ પ્રમાણે -

पुण्णेहि लब्भइ एह । તે પ્રસંગે અત્યંત અભિમાની અને ઉછાંછળા સ્વભાવવાળી સુરસુંદરીએ કહ્યું... **धणजुव्वण सुव्वड पण रोगरहियनियदेह मणवल्लह मेलावडु पुण्णेहि लब्भइ एह ।**

એ પ્રમાણે સાંભળી રાજા અને સકલ પ્રજા એ ચાર વિદ્યા નિધાન છે એમ સુર સુંદરીની તથાતેના ગુરુની પ્રસંશા કરી ત્યાર બાદ રાજાની આજ્ઞા થી મયણાસુંદરી એ પણ પાદપૂર્તિ કરી આપ્રમાણે

विणय, विवेक, पसन्नमण, सील सुनिम्मल देह परमप्पह मेलावडु पुण्णेहिं लब्भइ एह । આ સાંભળી રુપસુંદરી અને સુબુદ્ધિ ઉપાધ્યાય ખુશ થયા પરંતુ અન્ય રાજા વગેરે ખુશ થયા નહિ.

કુરુ દેશમાં આવેલ શંખપુરીના રાજા દમિતારી દરવર્ષે અવંતિપતિની સેવા માટે આવતા હતા. આ વર્ષે તેઓનાં સ્થાને તેમનો પુત્ર અરિદમન નામનો રાજકુમાર ત્યાં આવેલ હતો. તે સમયે સુરસુંદરી તેનું સુંદર રુપ જોઈ વારંવાર કટાક્ષબાણ ફેંકતી હતી. તે જોઈ રાજાયે તેનીજ અનુરાગિણી જાણી પૂછ્યુ તારે કેવો વર જોઇ આ સભામાં તને કોઈ ગમે છે ? ત્યારે તેણીએ તુર્ત જ કહ્યુ કે આપ જો ખુશી હો તો અરિદમન કુમાર હો ! રાજાએ પણ તેનો સ્વીકાર કર્યો.. નગરજોએ પણ તે સંબંધ વખાણ્યો.. ત્યારબાદ રાજાએ મયણાસુંદરીને વર માટે પૂછ્યું, ત્યારે લજ્જાયુક્ત અને વિવેકી એવી તેણી કાંઈ બોલતી નથી. રાજાએ વારંવાર પૂછયું ત્યારે કહ્યું, પિતાજી ! મને લજ્જાકારી એવું આપ વિવેકી હોવા છતાં શા માટે પૂછો છો ? કુલબાળા માટે આ ઉચિત નથી, પિતા જેને આપે છે તેને જ તે વરે છે. તેમાં પણ વર પ્રદાનમાં પિતા તો નિમિત્ત માત્ર છે. બાકી સહુનાં કર્મને અનુસારે યોગ્ય કે અયોગ્ય મળે છે. પુણ્યવાન ગરીબને ત્યાં પણ સુખી થાય છે. નિષ્પુણ્યા સુખી કુટુંબમાં પણ દુઃખીથાય છે. માટે કોઈ એમ માનતુ હોય કે હુ સુખી કરુંછું હું દુઃખી કરુંછુ તો તે મિથ્યાભિમાન છે તમો પણ પુણ્યવાન આત્મા પર તુષ્ટ થાઓ છો, અને પુણ્યહીન પર નારાજ થાઓ છો.

આ પ્રમાણે મયણાસુંદરીનાં વચન સાંભળી ગુસ્સે થએલાં રાજાએ કહ્યું

કે મારી મહેરબાનીથી વસ્ત્રાભૂષણ પહેરે છે, મિષ્ટાન્ન વગેરે વાપરે છે અને આવું મિથ્યા વચન શા માટે બોલે છે ? જો એમ જ માને છે તો તારાં કર્મનું ફળ ભોગવ!

તે સમયે સભાજનો પણ વિચારવા લાગ્યાં કે, વિવેકહીન આ બાળા જાણતી નથી કે રાજા તુષ્ટ થએલાં કલ્પવૃક્ષ તુલ્ય છે. તેના ગુરુ પણ યમ સમાન છે. આ પ્રમાણે મયણાંને કહ્યું, ત્યારે મયણાસુંદરીએ કહ્યુ થોડાં ધનના લાભ ખાતર જાણવા છતાં રાજા સમક્ષ તમો જૂઠું બોલો છો. તેને ધિક્કાર થાઓ ! ઘણું કહેવાથી શું ?

હે પિતાજી ! આપને જે વર ગમે તે જ મને થાઓ ! જો મારું પુણ્ય હશે તો નિર્ગુણી પણ ગુણવાન થશે. તે સમયે રાજા ગુસ્સે થએલ છે એમ જાણી રાજાને મંત્રીએ કહ્યું કે સ્વામી ! રથવાડી જવાનો સમય થયો છે. રાજા પણ રોષયુક્ત જ રથવાડી જવાને નીકળ્યા. નગરની બહાર નીકળ્યા ત્યાં જ કોઢિયાઓનું એક ટોળું જોયુ ત્યારે રાજાએ પૂછ્યુ કે મંત્રીશ્વર ! આ ટોલુ કોનુ છે. મંત્રીએ કહ્યુ કે હે દેવ ! આ નગરમાં ૭૦૦ કોઢિયાઓ છે. તે સર્વે ભેગાં થઈ ઊંબરનામનાં એક માણસને પોતાનો રાજા બનાવેલ છે. આ કોઢિયાઓથી પરીવરેલાં ઊંબર રાજા ખચ્ચર પર બેસી આખા ગામમાં ફરે છે. અને શેઠીયાઓ, મંત્રીઓ વગેરે પાસેથી ઈચ્છિત દાન ગ્રહણ કરે છે. અને તેઓ જ આપણી સન્મુખ આવી રહ્યા છે. માટે આપણે રસ્તો બદલીને આગળ જઈએ. આ પ્રમાણે કહીને રસ્તો બદલી. આગળ જાય છે ત્યાં કેટલાંક કોઢિયા આગળ આવી રાજાને કહેવા લાગ્યા, હે નાથ ! અમારાં ઉંબર રાણાને દરેક જગ્યાએ માન, પાન, ધન, સોનું વગેરે મળે છે પરંતુ તેમને માટે અમારે એક રાણીની જરુર છે તો એક કન્યા આપો ! અમારે બીજું કાંઈ જોઈતું નથી. ત્યારે મંત્રીએ આ વાતનો નિષેધ કર્યો. કોઢિયાઓએ કહ્યુ, અમે સાભળ્યું છે કે માલવપતિ કોઈની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. આવી એમની નિર્મલ કીર્તિ છે. જો તમે કન્યા નહીં આપો તો તમારી કીર્તિ કલંકીત થશે. માટે આપને જે ઠીક લાગે તે કરો તે સાંભળી ને રાજા એ કહ્યું કે હું તમને કન્યાદાન આપીશ. અને રાજાએ વિચાર્યું કે, મારી કૃતઘ્ન દીકરી હું આને ચોકકસ આપી દઈશ. રથવાડીથી પાછાં કરી પોતાનાં મહેલે આવી મયણાસુંદરીને બોલાવી કહે છે કે - મારાં પ્રસાદથી તું સુખ ભોગવે છે એમ

માની જા અને ઉત્તમ વરને વર, આ પ્રમાણે ન માને તો તારાં કર્મથી આવેલા આ કુષ્ઠી વરને વર એમ કહી ઉંબર રાણાને બોલાવ્યા. અને પોતાની કન્યા આપી. ત્યારે કોઠિ યાઓ કહેવા લાગ્યા કે, હે રાજન ! પૂર્વમાં પાપોદયથી આ દશા પ્રાપ્ત થઈ છે અને હવે અમારા સંગથી આ કન્યારત્નનો નાશ શા માટે કરીએ ? માટે કોઈ દાસીકન્યા હોય તો અમને આપો. નહીં તો તમારું કલ્યાણ થાઓ અમે અમારાં સ્થાને જઈએ છીએ.

રાજાએ કહ્યું, ભાઈ ! એ કન્યા પોતાનાં કર્મને માને છે અને તે કર્મે જ તમને અહિં લાવેલ છે. માટે કાંઈ વિચાર કરો નહિં. તે જ વખતે ઉતમ લગ્નમુહૂર્ત જાણી મયણાસુંદરીએ ઉંબર રાણા સાથે હસ્તમેળાપ કરી લીધો. આ જોઈ તેની માતા અને મામા વગેરે શોકથી હાહારવ કરવા લાગ્યા. છતાં પણ રાજા પોતાનાં ગુસ્સાથી શાંત થતા નથી. અને મયણાસુંદરી પોતાનાં સિધ્ધાંતથી ચલિત થતી નથી. હવે સુવર્ણ સમાન દેહવાળી મયણાસુંદરી ઉંબર રાણાની સાથે ખચ્ચર પર બેસી જાનીવાસ તરફ જઈ રહી છે. ત્યારે પ્રજાજનોમાં કેટલાક રાજાની નિંદા કરતા હતા, કેટલાક મયણાસુંદરીની, કેટલાક એની માની, કેટલાક એનાં અધ્યાપકની, અને કેટલાક જૈન ધર્મની નિંદા કરતા હતા. તે સાંભળતા સાંભળતા મુકામે પહોંચ્યા. અને ત્યાં કોઢિયાઓએ આનંદપૂર્વક ઉંબર રાણા સાથેનો વિવાહ મહોત્સવ ઉજવ્યો.

હવે રાજાએ સુરસુંદરીના વિવાહ માટે જોષીને મુહૂર્ત પૂછયું, ત્યારે જોષીએ કહ્યુ, હે રાજન ! ઉત્તમ મુહૂર્ત તો મયણાસુંદરીએ જ્યારે ઉંબર રાણાનો હાથ પકડ્યો ત્યારે ગયું. તેવું મુહૂર્ત અત્યારે નથી. ત્યારે રાજાએ કહ્યુ જાણ્યું તેનું ઉત્તમ મુહૂર્ત. અત્યારે જ હું મારી પુત્રીને મહોત્સવપૂર્વક પરણાવુ છું. એમ કહી તે બન્નેનો વિવાહ મહોત્સવ કર્યો. અરિદમન કુમાર પણ સુરસુંદરીને પરણી પોતાના નગરી તરફ જવા માટે નગરના મધ્યમાંથી જઈ રહ્યા છે. ત્યારે કેટલાંક લોકો બોલે છે કે વિધાતાએ બન્નેનો સુંદર મેળકર્યો છે. સુરસુંદરી સુવિનીતા અને પુણ્યવંતી છે. કેટલાક તેણીની, કેટલાંક અરિદમનની, કેટલાંક તેનાં પંડિતની, કેટલાંક તેનાં ધર્મની પ્રશંસા કરે છે.

આ તરફ ઉંબર રાણાએ રાત્રે મયણાસુંદરીને કહ્યો કે, તું રુપે કરીને રંભા સમાન છે. મારાં જેવા કોઢિયા સાથે સ્નેહ કરી તારા સુંદર દેહનો વિનાશ

ન કર. પરંતુ ઉત્તમ વરને વરી તારું જીવન સફળ કર. ઉંબર રાણાનાં વયણ સાંભળી મયણાસુંદરી આંસુ પાડી કહેવા લાગી કે, હે સ્વામી ! આપ વિચારીને બોલો ! કારણ પાપોદયથી સ્ત્રી અવતાર મલ્યો તેમાં વળી શિયળ રહિત પણું ! જાણે કહોવાયેલી કાંજી ! તેથી મારે તો આપનું શરણ અથવા મરણનું શરણ ! આ પ્રમાણે વાતચીતમાં રાત્રી પસાર થઈ અને પ્રભાત થયું. હવે મયણાસુંદરી ઉંબર રાણા સાથે આદીશ્વર ભગવંતના જીનાલયમાં દર્શન માટે ગયાં. ત્યાં મયણાસુંદરીએ મધુરસ્વરથી પ્રસન્નવદને પરમાત્મ સ્તુતિ કરી...

जयादिवरराजेन्द्र ! जयप्रथमनायक !
जयप्रथम योगीन्द्र ! जयप्रथमतीर्थप !

તે સમયે પરમાત્માના કંઠમાં રહેલી ફૂલની માળા અને હસ્તકમલમાં રહેલ ફળ શાસનદેવતાએ ઉંબર રાણાને આપ્યા અને તેઓએ તે હાથમાં લીધા અને મયણાસુંદરીએ કહ્યુ હે સ્વામિ ! જિનેશ્વરની કૃપાથી તમને આ બન્ને ચીજ પ્રાપ્ત થઈ છે.

ત્યારબાદ તે બન્ને મુનિચંદ્ર નામના ગુરુ મ. પાસે વંદનાર્થે ગયા અને તેમની દેશના સાંભળવા લાગ્યા. દેશના પૂર્ણ થતાં જ ગુરુ ભ. પૂછયું કે આ તારી સાથે પુરુષોત્તમ કોણ છે ? ત્યારે મયણાસુંદરીએ દુઃખિત હૃદયે સર્વ હકીકત જણાવી. અને કહ્યુ પ્રભુ ! મને બીજી કોઈ વાતનું દુઃખ નથી પરંતુ મિથ્યાદષ્ટિ આત્માઓ આ પ્રસંગથી જીનધર્મની નિંદા કરે છે તેનું મને દુઃખ છે માટે કૃપા કરી આપ એવો કોઈ ઉપાય બતાવો કે જેથી લોકોપવાદ સાથે આ રોગ પણ જાય, ત્યારે તેણીનાં દુઃખથી દુઃખિત એવા ગુરુ મહારાજે દયાળુ-પણાંથી નિરવદ્ય એવું નવપદ સ્વરુપમય સિદ્ધચક્રની આરાધના કહી અને તે પણ સંસાર વધારનારી નહિ પરંતુ તે આરાધનાથી ભૂતકાળમાં અનંતા આત્મા સિદ્ધિપદને પામ્યા, ભવિષ્યમાં સિદ્ધિને પામશે અને વર્તમાનમાં સિદ્ધ થાય છે. તે સિદ્ધચક્રનું હૃદયકમલમાં આઠ પાંખડીવાળા કમળની કલ્પનાપૂર્વક ધ્યાન કરવું જોઈએ. અને તે પણ ક્ષાંત, દાંત, નિરારંભ, ઉપશાંત, જીતેન્દ્રિય અને અપ્રમત્ત બની આસો ચૈત્રમાં આયંબિલના તપપૂર્વક મુનિઓ અને શ્રાવકોએ આરાધના કરવી અને તપ પૂર્ણ થયે વિધિપૂર્વક ઉજમણું કરવું. આ સિદ્ધચક્રની આરાધનાથી ખાંસી, દમ, કુષ્ટ કોઢ, તાપ, ભગંદર, ક્ષય વગેરે રોગો નાશ પામે છે. અને તેનાં પ્રભાવથી દાસત્વ, અંધત્વ, બહિરત્વ,

દુર્ભાગ્યતા, વંધ્યત્વ વગેરે પ્રાપ્ત થતું તથી. આ પ્રમાણે ગુરુ ભગવંતે સિદ્ધચક્રનો મહિમા વર્ણવ્યો. અને ત્યાં આવેલા શ્રાવકોને મયણાસુંદરી અને ઉંબરરાણાની સાધર્મિક ભક્તિ કરવા માટે સૂચના કરી શ્રાવકો પણ તે બન્ને આરાધક આત્માને પોતાનાં ઘેર લઈ જઈ સુંદર ભક્તિ કરવા લાગ્યા હવે મયણાસુંદરી સાથે ઉંબરરાણાએ ગુરુ મ. ની આજ્ઞાથી યથાવિધ સિદ્ધચક્રની આરાધના કરી અને નવમે દિવસે સિધ્ધચક્રજીનું સ્નાત્રજળ પોતાના અંગપર લગાવતાં જ બધાં રોગો નાશ પામ્યા, અને સુંદર, સ્વરુપવાન, નિરોગી કાયા થઈ. આવું સુંદર રુપ જોઈ લોકે પણ અત્યંત આશ્ચર્ય પામ્યા. મયણાસુંદરી એ પણ આ રુપ જોઈ જણાવ્યું કે, હે પ્રિય! આ સર્વ પ્રતાપ ગુરુ મ. નો જ છે. આવો મહાન ઉપકાર નિર્ગ્રન્થ ગુરુ ભ. વિના અન્ય કોઈ ન કરી શકે. કુમાર પણ જિનધર્મના આવો મહાન પ્રભાવ જોઈ તેનાં પ્રત્યે દઢ શ્રધ્ધાવાળા થયા.

એક વખત જિનમંદિર દર્શન કરી બહાર નીકળતા એક સ્ત્રીને જોઈ અને જોતાની સાથે તરત જ કુમાર વાદળ વગર વૃષ્ટિ થઈ એમ બોલતા જ તેણીનાં પગમાં નમી પડચા. ત્યારે મયણા પણ સાસુજી છે એમ સમજીને નમી આવો ઉત્તમ પ્રકારનો વિનય જોતાં માતાએ પૂછયું, હે પુત્ર ! આ કોણ છે ? અને આ સર્વ શું છે ? કેવી રીતે બન્યું ? ત્યારે પુત્રે કહ્યુ ! હે માતા ! આ સર્વ તારી પુત્રવધુનો પ્રતાપ છે. અને આખો પ્રસંગ અથથી ઈતિ સંભળાવ્યો, ત્યારે માતા તે સાભળી આનંદિત થઈ છતી બોલી, હે પુત્ર ! તને કોઢવાળો મુકી હું વૈદ્ય માટે કૌશાંબી ગઈ. ત્યાં જીનાલયમાં જ્ઞાની મુનિરાજ મલ્યા. ત્યારે મારાથી સહસા પૂછાઈ ગયું કે હે ભગવન ! મારો પુત્ર નિરોગી ક્યારે થશે ? મુનિ ભ. કહ્યુ ! હે ભદ્રે ! તારા પુત્રને કોઢિયાઓએ પોતાનાં સ્વામિ તરીકે સ્થાપન કરી ઉંબરરાણા નામ રાખ્યું છે. હાલ માલવપતિની કન્યાને પરણી સિદ્ધચક્રની આરાધના દ્વારા સુંદર રુપવાન બન્યો છે. તે સાંભળી હર્ષિત થએલી હું અહિં આવી છું, અને વધુ સાથે તને જોઈને વિશેષ આનંદિત થઈ છું. હે હે પુત્ર! વધુ સાથે તું પણ ચિરંજીવ થા અને આપણને સર્વને યાવજ્જીવ અર્હત ધર્મનું શરણ હો !

હવે પુત્રીના દુઃખથી દુઃખી થએલી રુપસુંદરી પોતાનાં ભાઈ પુણ્યપાલનાં ઘરે આવીને શોકપૂર્વક રહે છે. એક વખત તેણી જિનમંદિરે દર્શન કરવાં ગઈ

ત્યાં ચૈત્યગૃહમાં મયણાસુંદરી સાથે કોઈ સ્વરુપવાન રાજકુમાર અને વૃદ્ધા સ્ત્રીને ચૈત્યવંદન કરતાં જોયા. પોતાની પુત્રીને ઓળખી મનમાં અત્યંત દુઃખિત થએલી રુદન કરવા લાગી. ત્યારે મંદિરમાં નિસીહિ કહીને પ્રવેશ કર્યા પછી બીજા કોઈ વિચાર ન કરી શકાય માટે તુરત જ માતાને કહ્યુ હે માતા ! હર્ષનાં સ્થાને વિષાદ શા માટે ? વિશેષ બહાર જણાવીશ. ચૈત્યવંદન પૂર્ણ કરીને ત્રણે બહાર આવ્યા અને માતાને કહ્યુ ? કે આ તે જ તારાં જમાઈ છે કે જેમનો મેં સભાની મધ્યમાં હાથ પકડ્યો હતો. નવપદની આરાધનામાં પ્રભાવે તેઓ નિરોગી બન્યા છે. મા ! તારાં મનમાં જે વિકલ્પ પેદા થયો તે સૂર્ય પશ્ચિમમાં ઉગે. જલધિ મર્યાદા લોપે. પ્રાણ પરલોકે સીધાય તો પણ બને નહિ. ત્યારે રુપસુંદરીએ પૂછ્યું, કુમારની નિરોગી અવસ્થા કેવી રીતે પ્રામ થઈ. ત્યારે કુમારની માતાએ કહ્યુ ! બહેન ! આ સર્વ તમારી પુત્રીનો પ્રભાવ છે. અને સર્વ વૃત્તાંત જણાવ્યો ત્યારે રુપસુંદરીએ કહ્યું. બહેન ! તમારાં પુત્રનાં લોકોત્તર ગુણો છે. તો તમારાં કુળ, ગોત્ર જાણવાની મારી ઈચ્છા છે તે જણાવો....

કુમારની માતાએ કહ્યુ ! અંગદેશમાં ચંપા નામની નગરી છે. ત્યાં સિંહરથ નામે રાજા અને કમલપ્રભા નામની રાણી હતી તે બન્નેને ઘણો લાંબો સમય પસાર થયા બાદ શ્રીપાલ નામે પુત્ર થયો.. તે પુત્ર બે વર્ષનો થતાં જ તેનાં પિતા મૃત્યુ પામ્યા. ત્યારે મતિસાગર નામનાં બુદ્ધિશાળી મંત્રીએ તે પુત્રનો રાજ્યાભિષેક કર્યો. હવે કુમારનાં કાકા અજીતસેનની મતિ ભ્રષ્ટ થતાં કુમાર અને મંત્રીનાં વધ માટે નિર્ણય કર્યો. તેની જાણ મંત્રીને થતાં કુમારની રક્ષા કાજે કમલપ્રભાને નગરમાંથી નાશી જવા જણાવ્યું. તે સમયે એકાએક પતિનું મૃત્યુ, રાજ્યની ભ્રષ્ટતા, વૈરીનો ત્રાસ, અનાથતા, પુત્રની બાલ્યાવસ્થાનું ના દુઃખથી તેણી રડવા લાગી. છતાં પુત્ર ની રક્ષા માટે મધ્યરાત્રી ના નગરને છોડી તેની ચાલી નીકલી આગળ ચાલતા કોઢિયા ઓનુ. ટોળુ મળ્યું. તેને જોઈ કમલપ્રભા ડરી ગઈ. ત્યારે કોઢિયાઓએ કહ્યુ, બહેન ! તું કોણ છે ? કેમ એકલી છે? શા માટે રડે છે ? અમારાથી ડરીશ નહિ, અમે તારાં ભાઈઓ છીએ. ત્યારે તેને પોતાની બધી વાત જણાવી. ત્યારે તે કોઢિયાઓએ તે રાણીને પુત્ર સાથે ખચ્ચર પર બેસાડી આગળ ચાલવા માંડ્યું. ત્યાં જ શત્રુસૈનિકો આવી પહોંચ્યા. અને પૂછ્યું કે પુત્રયુકત કોઈ રાજરાણીને જોઈ છે? તેઓએ કહ્યુ ! ટોળામાં

આવીને જોઈ લ્યો અને અમારો ચેપ લેતાં જાઓ. રોગનાં ભયથી સૈનિકો નાશી ગયા. ત્યારબાદ કમલપ્રભા પુત્રયુક્ત ઉજ્જૈની આવી. શ્રીપાલકુમાર યૌવનવયને પામતાં પહેલાં જ પૂર્વકૃત કર્મનાં યોગે કોઢ રોગથી ઘેરાયા. તે રોગની દવા માટે કમલપ્રભા રાણી કૌશાંબી ગઈ ત્યાં મુનિરાજ પાસે પુત્ર નિરોગી થયો છે. એમ જાણી પાછી આવી.

આ મારો શ્રીપાલ નામનો પુત્ર તમારી પુત્રીનો સ્વામી થયો છે. રુપસુંદરી પણ પોતાનો જમાઈ સિંહરથ રાજાનો પુત્ર છે. એમ જાણી હર્ષિત થઈ છતી તે વાત પુણ્યપાલ રાજાને જણાવી ત્યારબાદ પરિવાર સહ જમાઈને પોતાનાં ઘેર લઈ ગયા. એક વખત પ્રજાપાલ રાજા સવારીએ નીકળ્યા હતા ત્યાં પોતાની પુત્રીને અન્ય પુરુષ સાથે ઝરુખામાં બેઠેલી જોઈ વિચારવા લાગ્યા કે મારી પુત્રીએ કુળ કલંકિત કર્યું અને કોધાંધ એવાં મે પણ અયોગ્ય કર્યું જેથી મયણાએ બીજો પતિ કર્યો. તે સમયે પુણ્યપાલે આવી રાજાને સર્વ હકીકત જણાવી તે સાંભળી આનંદિત થએલાં રાજા પોતાની પુત્રી તથા જમાઈરાજને બહુમાન પૂર્વક મોટાં મહોત્સવ સાથે પોતાનાં ઘેર લઈ ગયા આ વાત સર્વ પ્રજાજનોએ જાણી ત્યારે આશ્ચર્ય મુગ્ધ થયા અને જિનશાસનની અતીવ પ્રભાવના થઈ.

એક વખત શ્રીપાલકુમાર રયવાડીએ જવા નીકળ્યા હતા ત્યાં કોઈ નગરજને પૂછયું, આ કોણ છે ? જવાબ મળ્યો કે રાજાનાં જમાઈ છે. આ સાંભળતાં જ નિરાશ મુખવાળા તે પોતાના મહેલે આવ્યા ત્યારે માતાએ નિરાશાનું કારણ પૂછયું ? શ્રીપાલકુમારે જણાવ્યું આજે નગરમાં મેં જે વાત સાંભળી તેનાથી હું અધમ કોટિમાં આવુ છું. ઉત્તમ પુરુષોએ કહ્યુ છે કે -

उत्तमा स्वगुणैः ख्याता, मध्यमास्तु पितुर्गुणैः ।
अधमा मातुले ख्याता, श्वसुरैख्याताधमाधमाः ॥

માટે હું પરદેશ જવાને ઈચ્છુ છું તેથી તમે પુત્રવધુ સાથે આપણા મહેલમાં રહેજો. માતાએ કહ્યુ, હે પુત્ર ! મનમાં ખેદ ન કર ! સસરાની મદદ લઈ તારાં પિતાનું રાજ્ય પ્રાપ્ત કર.

શ્રીપાલ કુમારે કહ્યુ - સ્વમાની માણસને માટે સસરાની સહાય પણ શરમજનક છે. માટે મારી શક્તિથી જ રાજ્ય મેળવીશ તેથી હે માતા ! સ્વેચ્છાએ મને પરદેશ જવાની રજા આપો માતા કહે - બેટા !

પરદેશ ઘણો વિષમ છે. તું સરળ અને કોમળ છે. શ્રીપાલે કહ્યુ - હે માતા ! વિષમપણું ત્યાં સુધી જ છે જ્યાં સુધી સત્વવાન પુરુષો તે ગ્રહણ કરતાં નથી. આ સાભળી મયણા કહ્યુ - હું પણ આપની સાથે આવીશ અને તમારી છાયાની જેમ રહીશ. શ્રીપાલે ખૂબ જ શાંતિથી સમજાવીને વાત કરી કે સ્ત્રી સાથે હોય તો હું સ્વતંત્ર રીતે રહી શકુ નહિ માટે તમો અહીં જ રહો. મયણાએ કહ્યુ - આપનો પ્રવાસ સુખદાયક થાઓ. નવપદને ક્ષણમાત્ર વિસરશો નહિ, તમારી માતાનું સ્મરણ કરજો અને કયારેક આ દાસીને યાદ કરજો. ત્યારબાદ માંગલિક કાર્ય કરી માતાએ પોતાનાં પુત્રને વિદાય આપી. એટલે શ્રીપાલકુમાર માત્ર તલવાર સાથે લઈ વિદાય થયા.

ગામ, નગર, પર્વતો, નદીઓ વટાવતાં શ્રીપાલકુમાર એક નિર્જન વનમાં આવ્યા. ત્યાં કોઈ એક માણસને ધ્યાસ્થ જોઈને પૂછયું ! તું કોણ છે ? અહિ એકલો શેનું ધ્યાન કરે છે ? ત્યારે તેણે કહ્યુ - હું ગુરુ અર્પિત વિદ્યાની સાધના કરુ છું. પરંતુ ઉત્તરસાધક વિના તે વિદ્યા સિદ્ધ થતી નથી. માટે હે ઉત્તમ પુરુષ ! તું મારો ઉત્તર સાધક બન શ્રીપાલકુમારે તે વાતનો સ્વીકાર ર્ક્યો અને તરતજ વિદ્યા સિધ્ધ થઈ. આથી ખુશ થએલાં વિદ્યાસાધકે કુમારને જલતારિણી અને શસ્ત્રવારિણી બે ઔષધિ આપીને ત્રણ ધાતુવાળા માદળિયામાં બાંધી બન્ને હાથે બાંધવા જણાવ્યું. ત્યાંથી વિદ્યાસાધક સાથે આગળ ચાલતા એક પર્વતની તળેટીમાં પહોંચ્યા. ત્યાં કેટલાક ધાતુવાદીઓએ કહ્યુ - હે પ્રભુ ! તમારાં કહેવા પ્રમાણે કરવા છતાં સુવર્ણસિધ્ધિ થઈ નહિ. કુમારની હાજરીમાં કરવાથી તરત જ વિદ્યા સિધ્ધ થઈ. ત્યારે તે ધાતુવાદીઓએ આગ્રહ કરી એમને સુવર્ણ આપ્યું. ત્યાંથી ફરતાં ફરતાં તેઓ ભરુચ નગરમાં આવ્યા. કૌશાંબી નગરથી ધવલ નામનો વ્યાપારી પરદેશ જવાની ઈચ્છાથી અનેક વહાણો સાથે ત્યાં આવ્યો છે. રાજાની આજ્ઞાથી ધવલશેઠ વહાણમાં કરિયાણાં ભરી પ્રયાણ માટે વહાણ ચલાવે છે. પણ વહાણ ચાલતા નથી. ત્યારે ચિંતાતુર બનેલા ધવલશેઠને એક શાકિનીએ કહ્યુ - ૩૨ લક્ષણા પુરુષનું બલિદાન આપ ત્યારે રાજાની આજ્ઞાથી વાલી અને વારસ વગરનાં પરદેશી શ્રીપાલકુમારને પકડવા પોતાનાં સૈનિકો સાથે જાય છે. પરંતુ કુમારે સૈનિકોને મારી ભગાડચા તેથી આ મહાપુરુષ છે એમ જાણી તું પરોપકારી છે માટે મારાં વહાણ ચાલુ થાય

તેમ કર એ પ્રમાણે જણાવ્યું. શ્રીપાલકુમારે કહ્યુ - શું વેતન આપશો ! શેઠે ૧ લાખ સોનામહોરની કબુલાત કરી. એટલે શ્રીપાળે વહાણમાં ચડી નવપદનું ધ્યાન કરી સિંહનાદ કરતાંની સાથે વહાણ ચાલુ થઈ ગયા. અને દુષ્ટ દેવતા ભાગી ગયા. આ જોઈ આશ્ચર્યયુક્ત શેઠે શ્રીપાલકુમારને સાથે આવવા કહ્યુ - ત્યારે શ્રીપાલે કહ્યુ શું આપશો ? ત્યારે શેઠે કહ્યુ મારે ૧૦,૦૦૦ સુભટો છે. તે. દરેકને વર્ષે ૧૦૦૦ સોનામહોર આપુ છું. શ્રીપાલકુમારે કહ્યુ મને ૧૦,૦૦૦ જેટલો પગાર આપો. ત્યારે શેઠે ના કહી. એટલે શ્રીપાલકુમારે કહ્યુ મારે પરદેશ તો આવવું જ છે. મને ભાડેથી લઈ જાઓ. ત્યારે શેઠે સ્વીકાર કર્યો. મુસાફરી શરુ થઈ અને આગળ બબ્બર દ્વીપમાં વહાણ લાંગર્યા. એટલે મહાકાળ રાજાનાં માણસો શેઠ પાસે જકાત માટે આવ્યા. ત્યારે શેઠે ના કહી અને યુધ્ધ કરવાં તૈયાર થયા યુધ્ધમાં રાજાનાં માણસોએ શેઠને જીતીને બાંધી લીધા. ત્યારે કુમારે ત્યાં આવી સેઠને કહ્યુ - તમારાં સુભટો ક્યાં ગયા કે જેને તમે કરોડ દિનાર આપી હતી. તમારું બધું પાછું લાવી આપું જો અર્ધો ભાગ આપવાની કબુલાત કરો તો. શેઠે માન્ય કર્યું એટલે તરત શ્રીપાલકુમાર મહાકાળ રાજાને જીતી શેઠ પાસે લઈ આવ્યા. શેઠને છૂટા કર્યા ત્યાં રાજાને મારવા જાય છે ત્યારે કુમારે શરણાગત છે એમ કહી શેઠને રોકયા. ગુસ્સે થએલાં શેઠે બધાં સુભટોને છૂટા કર્યા તે સુભટોને શ્રીપાલકુમારે પોતાનાં ભાગમાં આવેલાં વહાણમાં રોકી લીધા મહાકાળ રાજાને બંધનમુક્ત કરીને સત્કાર્યા. રાજાએ પણ કુમારને નગરમાં લઈ જઈ વસ્ત્રાભૂષણ વડે સત્કાર કર્યો અને કહ્યુ - હે કુમાર ! આ રાજ્ય, લક્ષ્મી, મારાં પ્રાણ સર્વે તમારું જ છે છતાં આ મદનસેના નામની મારી પુત્રીનું પાણિગ્રહણ કરી મને કૃતાર્થ કરો. રાજાનાં આગ્રહથી કુમારે તેની સાથે લગ્ન કર્યું તે વખતે રાજાએ દાયજામાં હાથી, ઘોડા, સુવર્ણ, નવનાટક અને ૧૪ કુવારસ્થંભવાળું વહાણ પણ આપ્યું. શ્રીપાલકુમાર આ સર્વ વ્યવસ્થિત કરી આગળ ચાલ્યા. અને ક્રમે કરી રત્નદ્વીપમાં આવ્યા. દ્વીપ ઉપર ઉતરી પોતાની છાવણીમાં નાટક જોતા હતાં ત્યાં કોઈ પુરુષ આવ્યો. ત્યારે નાટક બંધ કરાવીને પૂછયું - તું કોણ છે ? ક્યાંથી આવેલ છે ? કાંઈ આશ્ચર્ય જોયું છે ? ત્યારે તેણે કહ્યુ - આ રત્નદ્વીપ છે. આ દ્વીપ પર રત્નસાનુ નામે પર્વત છે. તેનાં પર રત્નસંચયા નામે નગરી છે. તેનું પાલન કનકધ્વજ રાજા કરે છે. તેને ચાર પુત્રો ઉપર એક મદનમંજુષા નામે પુત્રી છે.

તે જીનધર્મ વિષે સ્થિર મતિવાળી છે. એક વખત રાજ પોતાના પૂર્વજો ના જિના લયમાં આદીશ્વર ભગવંતના દર્શનાર્થે ગયા. ત્યાં મદનમંજુષા ભગવંતની મહાપૂજા કરી આનંદપૂર્વક દર્શન કરી રહી છે તે વખતે આ જોઈ આનંદિત થએલાં રાજાને વિચાર આવ્યો કે પ્રભુપૂજામાં આની કેટલી કુશળતા છે. આને અનુરુપ વર કોણ થશે ? આ પ્રમાણે ચિંતા કરે છે ત્યાં રાજપુત્રી ગભારામાંથી બહાર નિકળી અને દ્વાર બંધ થઈ ગયા. તે દ્વારને ઘણાં પ્રયત્ન છતાં ખુલતાં નથી ત્યારે કુમારી રુદન કરવા લાગી કે - હે પ્રભુ ! મારાથી શું આશાતના થઈ ગઈ કે દર્શન દુર્લભ થયાં ત્યારે રાજા વિચારે છે મેં જીનાલયમાં કુંવરીનાં વરની ચિંતા કરી પરમાત્માની આશાતના કરી તેથી આમ થયુ આથી શાસન દેવીની આરાધના માટે રાજા તથા કુંવરી અટ્ઠમ કરી ત્યાં રહયા ત્યારે ત્રીજા દિવસની રાત્રિમાં દિવ્યવાણી થઈ કે આશાતના કોઈએ કરી નથી પરંતુ કુંવરીના વરની શોધ માટે આ દ્વાર બંધ થયા છે. જેની દષ્ટિ પડતાં આ દ્વાર ખુલશે તે કુંવરીનો પતિ થસે. અને તે એક માસમાં અહીં આવી જશે.. હું આદિશ્વર ભગવાનની દેવી ચક્રેશ્વરી છું. તે દ્વાર અનેક પ્રયત્ન છતાં ખુલ્યાં નથી માટે તમે જો આવીને ખોલો તો દિવ્યવાણી સત્ય થાય. આ માસનો આજે છેલ્લો દિવસ છે - આ સાંભળી પરિવાર સહ કુમાર ત્યાં ગયાં અને એમની દષ્ટિ પડતાં જ દ્વાર ખુલી ગયા. ત્યારે રાજા, મંત્રી વગેરે સંતુષ્ટ થઈ કુમારને નમસ્કાર કરી તેઓનો વંશ, કુલ વગેરે પૂછવા લાગ્યા કુમાર વિચાર છે મારાં મુખે મારાં વંશ કુળ કેમ કહેવાય ! ત્યાં બે ચારણ મુનિ પધાર્યા. સર્વે તેમને વંદન કરી દેશના સાંભળવા બેઠા. ત્યારે મુનિ ભગવંતે દેશના આપી. સમ્યકત્વ મૂળ ધર્મ છે. તેનાં ત્રણ પ્રકાર છે. તે દરેક ૨-૩-૪ ભેદે રહેલાં એમાં જ સમસ્ત દષ્ટિવાદનો સમાવેશ થાય છે. એની આરાધનાથી કાંતિ, કીર્તિ, સૌભાગ્ય વિ. આ લોકમાં શ્રીપાળની જેમ પ્રાપ્ત થાય છે. ત્યારે રાજાએ પૂછયું - શ્રીપાલ કોણ છે ? અને તેણે નવપદની આરાધના કેવી રીતે કરી ? મુનિરાજે શ્રીપાલને બતાવી તેનું વર્ણન કર્યું ! કુમારનાં કુળ વગેરે જાણી ખુશ થએલાં રાજાએ પોતાની પુત્રી આપી અને સુંદર મહેલ આપ્યો. તેમાં પોતાની બે પ્રિયા સાથે કુમાર રહે છે. એક વખત સભામાં આવી. સેનાપતિએ કહ્યુ - એક વેપારી આપનો કર આપતો નથી. તેને શું દંડ કરવો ? રાજાએ ઈશારાથી વધની આજ્ઞા કરમાવી. ત્યારે કુમારે ગુનેગારને અહીં બોલાવવા રાજાને કહ્યુ રાજાએ તેને બોલાવ્યો. ત્યારે કુમારે તેને ઓળખી દંડમુક્ત

કરાવી છોડાવ્યો. કેટલાંક દિવસ ત્યાં રહી ધવલશેઠ સાથે આગળ ચાલ્યા. ધવલશેઠનું મન શ્રીપાલકુમારને કેમ મારી નાંખવો અને આ સર્વ પોતાનું કરવું તે વિચારણા પોતાનાં ચાર મિત્રો સાથે કરવા લાગ્યો. ત્યારે ત્રણ મિત્રોએ ના પાડી કે કોઈનાં ધન તથા સ્ત્રી આપણે ન લેવાય તો આ કુમારે તારાં વાહણ ચલાવ્યા, મહાકાળ રાજા પાસેથી છોડાવ્યા, વિદ્યાધર પાસેથી, છોડાવ્યા આવાં ઉપકારીની લક્ષ્મી અને સ્ત્રી લેવાય જ નહિ.

આ પ્રમાણે સાચી સલાહ આપી ૩ મિત્રો વિદાય થયા ત્યારે ચોથો મિત્ર કહે છે. આ ત્રણ તારાં દુશ્મન છે, સાચો મિત્ર હું છું. તારુ કામ હું કરી આપીશ, શેઠે કહ્યુ સાચી વાત છે તું બોલ શું ઉપાય છે ? ત્યારે તેણે કહ્યુ દોરડાથી બાંધેલા માંચડા પર શ્રીપાલને કોઈ કૌતુકથી ચઢાવી માંચડાનાં દોરડા કાપી સમુદ્રમાં નાખી દેવી, જેથી તું ધન અને સ્ત્રીનો માલિક થઈ શકીશ.

હવે એક દિવસ પ્રભાતે મંચ પર ચઢેલા ધવલે કુમારને કહ્યુ - કુમાર ! જલ્દી અહીં આવો ! જુઓ ! બે મોંઢા વાળો મચ્છ જાય છે. આ પ્રમાણે કહી, કુમારને મંચ પર ચઢાવી પોતે નીચે ઉતરી ગયો અને દોરડા કાપી નાંખ્યા. અને કુમારને સમુદ્રમાં નાંખી દીધા. શ્રીપાલકુમાર પડતાંની સાથે નવપદનું ધ્યાન કરે છે. એનાં પ્રભાવથી મગરની પીઠ પર બેસી કોંકણ દેશનાં કિનારે આવ્યા. ત્યાં કિનારે રહેલા વનમાં ચંપાના ઝાડ નીચે સૂઈ ગયા. જાગૃત થતાં જ ચારે તરફ સુભટો દ્રષ્ટિ ગોચર થયાં અને વિનંતી કરવાં લાગ્યાં કે થાણા નગરનાં વસુપાલ રાજાએ તમને આમંત્રણ આપી નગરમાં પ્રવેશ કરાવવા માટે અમને મોકલ્યા છે, માટે તમે આ અશ્વ પર સવારી કરી અમારી સાથે ચાલો. નગરમાં જતાં રાજાએ તેમનો ખૂબ માનપૂર્વક સત્કાર કર્યો. રાજાએ સર્વ હકીકત જણાવતાં કહ્યુ કે - એક વખત મારી પુત્રીનાં વર માટે મેં એક નૈમિત્તિકને પૂછયું હતું, ત્યારે તેણે વૈશાખ સુદ દશમનાં દિવસે દરિયા કાઠે ચંપાના ઝાડ નીચે સૂતેલો પુરુષ તારી પુત્રીનો વર થશે એમ જણાવેલ તેથી તમોને અહિં લાવવામાં આવ્યા છે. આથી મારી પુત્રીનું પાણિગ્રહણ કરો. આમ કહી બન્નેનો વિવાહ મહોત્સવ કર્યો. અનેક વસ્તુ આપવા છતાં કુમારે ફકત સ્થગીધર પદની માંગણી કરી.. હવે વહાણમાંથી શ્રીપાલ પડતાંની સાથે ધવલે નાવિકો પાસે બૂમાબૂમ કરી જાણે શોકથી રડતો હોય એમ વિશ્વાસ માટે બાહ્ય-રુદન શરુ કર્યું. આ સમાચાર સાંભળતાં જ બન્ને

પ્રિયા મૂર્ચ્છિત થઈ ગઈ જ્યારે ભાનમાં આવી ત્યારે અતીવ રુદન કરવા લાગી. તે વખતે ધવલ ત્યાં આવી આશ્વાસન આપવા લાગ્યો. ઘણો ખેદ કરવો નહિ. ગયેલું પાછું આવતું નથી માટે તેનો શોક કરવો નહિ. તમારો સ્વામિ મને મુકી ગયો તો હું તમારો સ્વામિ થઈશ. આવાં પ્રકારનું કર્ણને અપ્રિય વચન સાંભળી દુઃખિત થએલી બન્નેએ નિશ્ચય કર્યો કે નકકી આને જ આ કાર્ય કર્યું લાગે છે. કારણ કે અન્ન એવાં ઓડકાર એવી લોકોક્તિ છે. આ પ્રકારે બન્ને વિચારે છે એટલામાં ભયંકર પવન ફૂંકાવા લાગ્યો. કાળાં વાદળા ચડી આવ્યા, ગડગડાટ થવા લાગ્યાં, વિજળીઓનાં ચમકારા સાથે અનેક અટ્ટહાસ્ય થવા માંડયા.. આ જોઈ ધવલ ભયભીત થઈ ગયો. નાવિકો કોલાહલ કરવા લાગ્યા. એટલામાં ચકકેશ્વરી દેવી પ્રગટ થયા. એ તેનાં આદેશથી ક્ષેત્રપાળે દુર્બુધ્ધિ મિત્રને કૂવાના થાંભલા સાથે જીવતો બાંધીને મારી નાંખ્યો. અને ધવલ પાસે ગયા. ત્યારે ધવલ રક્ષણ માટે કુમારની સ્ત્રીનાં શરણે ગયો. શરણાગત હોવાથી ફરી આવું કાર્ય કરવું નહિ એમ કહી છોડી દેવાયો. અને બન્ને સ્ત્રીઓને કહ્યુ-ઘણી લક્ષ્મી યુક્ત તમારો પતિ એક માસ પછી તમને મળશે માટે ખેદ કરશો નહિ. આ કલ્પવૃક્ષનાં ફૂલની માળા તમને પહેરાવું છું જેનાં પ્રભાવથી તમને કોઈ કુદષ્ટિથી જોઈ શકશે નહિ, આમ કહી અદશ્ય થયાં. એટલે ત્રણે મિત્રોએ કહ્યુ - ખોટી સલાહ આપવાના ફળ આ ભવમાં જ પ્રાપ્ત થયું. અને તમે પણ આ સતીઓ ના શરણથી જ બચ્યા છો. પાપ કરવાથી વિઘ્નોની પરંપરા પ્રાપ્ત થાય છે. સમુદ્રમાં વહાણો ચાલી રહ્યા છે. કેટલાંક દિવસ પસાર થયા પછી વળી ધવલશેઠ વિચારે છે કે, મારાં પુણ્યોદયે લક્ષ્મી મારે સ્વાધિન થઈ પરંતુ આ બે સ્ત્રીઓ મારે વશ થાય તો મારું જીવન સફળ થાય.

એમ વિચારી પોતાની દાસીને બે રાણી પાસે મોકલે છે. તેઓએ દાસીને તીરસ્કાર કરી કાઢી મુકી. આખરે પોતે સ્ત્રી રુપ કરી ત્યાં આવે છે ત્યારે માળાનાં પ્રભાવથી આંધળો બનેલો અહીં-તહીં ભટકાય છે. આથી રાણીઓને ખંબર પડવાથી દાસીઓએ માર મારી કાઢી મુક્યો. પ્રતિકૂળ પવન થવાનાં કારણે વહાણો પણ કોંકણ નગરે આવ્યા. એટલે ધવલ ભેટણું લઈ રાજા પાસે આવે છે. ત્યારે રાજાએ શ્રીપાલકુંવર પાસે તાંબુલ અપાવ્યુ. કુમાર શેઠને ઓળખી ગયા અને શેઠ પણ કુમારને જોતાં આશ્ચર્યમાં પડી વિચારે છે કે શું આ શ્રીપાળ છે ?

આખરે બીજા પાસેથી આ શ્રીપાળ છે એમ જાણી શેઠને આઘાત થયો. છેવટે પોતાનાં મુકામે ગયા અને કુમાર રાજાના જમાઈ છે એમ જાણી ઈર્ષ્યા થઈ. એટલામાં એક ડુંબનું ટોળું શેઠને પ્રસન્ન કરવા માટે ત્યાં આવી ગાવા લાગ્યું. ગાઈ રહ્યા પછી શેઠે કાંઈ આપ્યું નહિ તેથી શેઠને ચિંતાતુર જોઈ ડુંબોએ પૂછ્યું, અમારાં પર ગુસ્સે થયાં છો ત્યારે શેઠે એમને બોલાવી કહ્યુ, કોઈ પણ હિસાબે તમે રાજાનાં જમાઈને ડુંબ કહો તો તમને હું મોં માંગ્યું ઈનામ આપીશ. આ કાર્ય માટે અત્યારે અડધો લાખ લઈ જાઓ. ત્યારે ડુંબે આ વાતનો સ્વીકાર કર્યો. પછી તેઓ રાજા પાસે ગયા. અને ગીતો ગાવાની શરુઆત કરી એટલે રાજાએ દાન આપવાની શરુઆત કરી. ત્યારે ના કહી અને શ્રીપાલકુમારનાં હાથે તાંબુલની માંગણી કરી. રાજાની આજ્ઞા થી કુમાર પાન આપવા જાય એક આવી કહે હે દિકરા તું કયાં ગયો હતો ? કેટલાં વખતે તને મળ્યા ? તને કેટલો શોધ્યો ? આ પ્રમાણે કહી રુદન કરવા લાગી. કોઈએ આવી ભાઈ કહ્યો, કોઈ ભત્રીજો, કોઈ કાકા, કોઈ દિયર, આ પ્રમાણો સંબંધ બતાવવા લાગ્યા. આ જોઈ રાજા વિચારમાં પડી ગયાં કે આ તો ચાંડાલ છે. મારાં કુળને કલંકિત કર્યું માટે આનો વધ કરાવું. રાજાએ નૈમિત્તિકને કહ્યુ - હે દુર્જાતિ ! તેં મને આ ચાંડાલ છે એમ ન કહ્યુ તેથી તારો વધ કરાવું ત્યારે તેણે કહ્યુ હે રાજન માતંગ નથી, પણ માતંગ પતિ છે. એમાં શંકા ન કરશો. ત્યારે ખૂબ ગુસ્સે થએલા રાજાએ હાથીવધ માટે આદેશ કર્યો. તે વખતે મદનમંજરી રાજાને વિનવે છે - હે પિતાજી ! આચાર પ્રમાણે કુળ નક્કી થાય છે - એ લોકોક્તિ કેમ ભૂલી જાઓ છો. એમનો આચાર લોકોત્તર છે. ત્યારે રાજાએ તેમનાં કુળાદિ પૂછવાથી કુમારે કહ્યુ કે - પાણી પીને ઘર પૂછો છો ? મારુ કુળ જાણવું હોય તો સૈન્ય સજ્જ થઈ રણમેદાનમાં આવી જાઓ ત્યાં મારી ભુજા તમને કુળ બતાવશે. પોતાનાં મુખે પોતાની બડાઈ શરમજનક છે. છતાં પણ તમારે જાણવું હોય તો વહાણમાં રહેલી બે સ્ત્રીઓને બોલાવી મારું કુળ પૂછી લ્યો. રાજાએ ધવલશેઠને પૂછ્યું કે તમારાં વહાણમાં બે સ્ત્રીઓ છે ? ત્યારે કરમાયેલા મુખવાળા તેણે નીચે મુખ કરી દીધું એટલે રાજાએ સુભટોને આજ્ઞા કરી સ્ત્રીઓને સભામાં બોલાવવામાં આવી. સભામાં પોતાનાં પતિને જોઈ આનંદિત થએલી તેઓએ રાજાનાં કહેવાથી કુમારનું સર્વ ચરિત્ર સંભળાવ્યું. તે સાંભળી રાજાએ કહ્યુ. આ તો મારો ભાણેજ છે. કલંક આપનાર ડુંબના કુટુંબને

માર મરાવ્યો એટલે ડુમ્બે ધવલશેઠની આજ્ઞાથી ધનના લોભે આ પ્રમાણે કર્યું માટે અમને ક્ષમા કરો. રાજાએ ધવલશેઠનાં વધની આજ્ઞા કરી એટલે દયાલુ શ્રીપાલે તેને છોડાવ્યા રાજાએ નિમિત્તિયા ને બોલાવી કહ્યુ આ માતંગ નથી ત્યારે તેણે કહ્યુ કે માતંગ એટલે હાથી સમજવું. રાજાએ તેને ઈનામ આપી વિદાય કર્યો. જમાઈ અને ભાણેજ એવા કુમારને રાજાએ ખૂબ માન આપી પોતાને ત્યાં રાખ્યા. ત્યારે કુમારે એક દિવસ રાત્રે કુમાર ધવલશેઠને પણ ત્યાં જ રાખ્યા. એક દિવસ રાત્રે કુમાર સાતમે માળે સૂતા છે ત્યારે ઈર્ષ્યાથી પ્રેરાયેલો શ્રીપાલને મારવા ઉપર જાય છે. માર્ગમાં પગ લપસવાથી નીચે પડતાં પોતાની છરી મર્મ ભાગમાં વાગવાથી મૃત્યુ પામી સાતમી નરકે ગયા લોકો પણ ધવલ શેઠની આ દશા જોઈ બોલ્યા કે - અતિ ઉગ્ર પુણ્ય અને પાપનું ફળ અહીં જ મળે છે. જે બીજાનું બૂરું ઈચ્છે છે. તેનું પોતાનું જ બૂરુ થાય છે. કુમારે તેનું ચરિત્ર વિચારી, શોકથી તેનું મૃત્યુ કાર્ય કરી તેની લક્ષ્મી તેનાં ત્રણ મિત્રોને સોંપી.

એક વખત કુમાર રયવાડી નીકળ્યા છે ત્યાં એક સાર્થવાહને જોઈ પૂછે છે તમે કોણ છો ? કયાંથી આવ્યા છો ? કયાં જાઓ છો ? પૃથ્વી પર ફરતાં તમે કોઈ કૌતુક જોયું છે ?

સાર્થવાહે કહ્યું કે - હું કાંચી નગરથી આવુ છું અને કંબુદ્વીપ જઉં છું વચમાં મેં કુંડલપુર નગર જોયું કે જે અહિંથી ૧૦૦ યોજન છે. ત્યાં મકરકેતુ નામે રાજા અને કર્પૂરતિલકા નામે રાણી છે. તેઓને ઘણાં પુત્રો ઉપર ગુણસુંદરી નામે પુત્રી છે. તે દરેક કળામાં હોશિયાર છે. વળી વીણાવાદનમાં વિશેષ કુશળ છે. તેણે પ્રતિજ્ઞા કરી છે કે મને વીણાવાદનમાં જે જીતસે તેની સાથે મારુ પાણિગ્રહણ થશે. તે સાંભળી અનેક રાજપુત્રો ત્યાં વીણાવાદન શીખે છે, પરંતુ કુંવરીને કોઈ જીતી શકતું નથી. આ પ્રમાણે સાંભળીને કુતૂહલ જોવાની ઈચ્છાવાળા શ્રીપાલકુંવર નવપદનું ધ્યાન કરી સૂતા તેટલામાં સૌધર્મ દેવલોકવાસી સિદ્ધચક્રાધિષ્ઠાયક વિમલેશ્વર દેવે ત્યાં આવીને કુમારને કહ્યુ - આ દિવ્યહાર હું તને પહેરાવુ છું જેનાં પ્રભાવથી ઈચ્છિત રુપ, કળા, આકાશગામિની વિદ્યા, મહાન જય તથા સર્વ વિષાપહાર-પણું પ્રાપ્ત થશે, આ પ્રમાણે કહી હાર પહેરાવ્યો અને અદશ્ય થયા. શ્રીપાલકુમાર પણ હારના પ્રભાવે કુંડલપુર પહોંચી ગયા. ત્યાં વામનરુપ કરી રાજકુમારો સાથે અભ્યાસ શરુ કર્યો. અભ્યાસ કરતા અનેકને હસાવતા. વીણાવાદન

ભણાવનાર ઉપાધ્યાયને વશ કરી એમની વીણા લઈ તાર તોડી નાંખ્યા, તુંબડું ભાંગી નાંખ્યું દર મહિને સહુ પોતાની વીણા લઈ પોતાની કુશળતા રાજપુત્રી સમક્ષ બતાવતા હતા. સર્વની સાથે આ વામન પણ લોકોની મશ્કરી અને હાસ્યાસ્પદ બની સભામાં ગયો.. એને જોવા માત્રથી કુમારીને રાગ ઉત્પન્ન થયો. તેણે પોતાની કળા-કુશળતાથી રાજકુમારીને જીતી લીધી. આ જોઈ સભા આશ્ચર્યમુગ્ધ બની. રાજાને ચિંતા થઈ કે વામને કુંવરીની પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે. તેથી અનેક વિચારના વમળોમાં ગૂંચવાયા. તે સમયે કુમારે પોતાનું સ્વરુપ પ્રગટ કર્યું અને વિવાંહ સંબંધ જોડાયો. વિવાહાવસરે રાજાએ રત્નસુવર્ણાદિ ઘણુ ધન આપ્યું. ત્યાં રહી કુમાર સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે. ત્યાં એક પરદેશી આવી અને કહે છે સ્વર્ણપુર નગરમાં વજસેન રાજાને ત્રૈલોક્યસુંદરી નામે અપ્સરા જેવી રાજપુત્રી છે તેના માટે રાજાએ સ્વયંવર રચ્યો છે અનેક રાજાઓ ત્યાં આવ્યા છે. તેનો સમય સુદ બીજનો છે આ સાંભળી કુબડાનું રુપ કરી ત્યાં પહોંચ્યા કુબડા જોઈ રાજાઓએ પૂછયું તું શા માટે આવ્યો છે ? કુબડાએ કહ્યુ જેનાં માટે તમે આવ્યા છો તેના માટે હું આવ્યો છુ. આમ અનેકને હાસ્યાસ્પદ એવા શ્રીપાલકુમાર રાજસભામાં બેઠા. તે સમયે રાજકન્યા પણ ઉત્તમ શિબિકામાં બેસી ઉત્તમ વસ્ત્ર પહેરી, સુંદર આભૂષણોથી અલંકૃત થઈ હાથમાં ફૂલની માળા લઈ, સભામાં આવી પ્રતિહારિકાએ બતાવેલા રાજાઓને જોઈ, શ્રીપાલકુમારે પોતાનાં સ્વરુપમાં જોઈ અતિ આનંદ પામી ત્યારે થાંભલા પર રહેલી પૂતળીએ પણ કહ્યુ કે, તું ચતુર હોય તો આ કુબડાને વર ત્યારે તેણીએ ફુલમાળા કુમારને પહેરાવી ત્યારે બીજા રાજાઓએ પોતાનું અપમાન થએલ જાણી કુબડા સાથે યુધ્ધની શરુઆત કરી કુમારે તે રાજાઓને ક્ષણવારમાં જીતી લીધા. ત્યારે રાજાએ કહ્યુ જે પ્રમાણે તમારું બળ બતાવ્યું તે પ્રમાણે તમારું રુપ બતાવી અમને આનંદિત કરો. કુમારે પોતાનું રુપ પ્રગટ કર્યું અને કન્યા સાથે વિવાહ કરી ઉત્તમ મહેલમાં રહે છે. અને આનંદમાં દિવસો પસાર કરે છે.

એક વખત કોઈ પરદેશીએ આવી કહ્યુ હે દેવ ! દલપત્તન નગરમાં ધરાપાલ નામે રાજા છે. તેને જીન ધર્મ રકતા શૃંગારસુંદરી નામે પુત્રી છે. તેણે પોતાની પાંચ સખીઓ સાથે પ્રતિજ્ઞા કરી છે કે - અમે પાંચે જીનધર્મમાં જાણકારને જ વરીશું અન્યને નહિ. અને તે પણ અમારી સમસ્યાની પૂર્તિ વડે જ જાણીશું. તે કુમારીની સખીઓ સાથેની પાંચ સમસ્યાઓ પૂર્ણ કરનાર હજી કોઈ મળ્યું

નથી. તે સાંભળી શ્રીપાલકુમાર હારનાં પ્રભાવથી તુર્ત જ તે નગરમાં ગયા અને સમસ્યાની પૂર્તિ માટે પૂતળીનાં માથા પર હાથ મુકી તેનાં દ્વારા જ તે સમસ્યાઓની પૂર્તિ કરી તે આ પ્રમાણે....

૧. સમસ્યા ..... પંડિતોવાચ - **મનવંછિય ફલ હોઇ ।**
પૂત્તલિવાચ.... **અરિહંતાઇ નવપય, નિય મણુ ધરઇજ્જુ કોઇ ।**
નિચ્છઇ તસુ નરસેહરહ, મણવંછિય ફલ હોઇ ।।
૨. વિચક્ષણાઉવાચ - **અવર મ ઝંખો આલ ।**
પૂત્તલિવાચ..... **અરિહંત દેવ સુસાહુ ગુરુ, ધમ્મઉ દયાવિસાલુ ।**
મંત્તુત્તમ નવકારુ પર, અવર મ ઝંખરુ આલ।।
૩. પ્રગુણોવાચ - **કર સફલો અપ્પાણ ।**
પૂત્તલિવાચ..... **આરાહિય ધુરિ દેવગુરુ, દેહિ સુપત્તિહિં દાણ ।**
તવસંજમ ઉવચાર કરિ, કરિ સફલુ અપ્પાણ ।।
૪. નિપુણોવાચ - **જિત્તો લિહ્નો નિલાડ ।**
પૂત્તલિવાચ..... **અરે મન અપ્પા ખંચિ કરિ, ચિંતાજાલિ મ પાડી ।**
ફલ તિત્તઉ પરિ પામીઇ, જિત્તઉ લિહિઉ નિલાડિ ।।
૫. દક્ષોવાચ - **તસુ તિહુઅણજણદાસ ।**
પૂતલીઉવાચ - **અત્થિ ભવંતર સંચિઊ, પુણ્ણ સુમગ્ગલુ જાસુ ।**
તસુ બલ તસુ મઇ તસુ સિરિ, તસુ તિહુઅણજણદાસ ।।

આ પ્રમાણે પાંચ સખીઓની સમસ્યા પૂર્ણ કરી શૃંગારસુંદરીના પ્રશ્નનો ઉત્તર આપવાથી રાજકુમારી અતિ આનંદિત થઈ. તેમજ રાજા વિગેરે સર્વ મનુષ્યો અતિ આશ્ચર્ય પામ્યા અને ગુણના ભંડાર સરિખા શ્રીપાલકુમારની સાથે પાંચ સખીઓ સહિત રાજકુમારીએ પાણિગ્રહણ કર્યું.

એ અવસરે અંગભટ્ટ નામનો પરદેશી શ્રીપાલકુંવરનું અદભુત ચરિત્ર જોઈ કહેવા લાગ્યો કે - હે દેવ ! કોલ્લાગ નગરમાં પુરંદર નામે રાજા છે તેને જયસુંદરી નામે પુત્રી છે. તેણીએ પ્રતિજ્ઞા કરેલ છે કે રાધાવેધ સાધનારની સાથે હું પરણીશ. રાજાએ પૂર્ણ તૈયારી કરી છે અને અનેક રાજકુમારોને બોલાવ્યા પણ કોઈ આ કાર્યમાં સફળતા પામી શકયા નથી આ સાંભળીને શ્રીપાલ હારનાં પ્રભાવથી

કોલ્હાગપુરમાં પહોંચ્યા રાધાવેધ સાધી જયસુંદરી સાથે મહોત્સવ પૂર્વક લગ્ન કર્યા. કોલ્લાગપુરમાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરતાં કુમારના મામાને સમાચાર મળ્યા તેથી પોતાનાં નગરમાં શ્રીપાલકુમારને બોલાવ્યા, કેટલોક વખત ત્યાં રહી. પોતાની બધી રાણીઓને બોલાવી ઉજ્જયિની નગરિ તરફ પોતાનાં મામા સાથે ચાલ્યા. માર્ગમાં સોપારક નગર આવ્યું. ત્યાં મહસેન રાજા છે, તેમને ત્રૈલોક્યસુંદરી નામે રાજકુમારી છે. તેણીને દુષ્ટ સર્પ કરડવાથી મૂર્ચ્છિત થઈ તેને હારનાં પ્રભાવથી ઝેર ઉતારી સચેતન કરી. મૃત્યુનાં મુખમાંથી બચાવી એટલે રાજાએ આગ્રહપૂર્વક કુંવરીને શ્રીપાલકુમાર સાથે પરણાવી.

આ પ્રમાણે પ્રિયાઓ સાથે પરિવરેલા શ્રીપાલકુમાર પોતાની માને મળવાની આતુરતાથી માલવદેશમાં આવ્યા. ઉજ્જયિની ની બહાર છાવણી નાંખી પડાવ કર્યો. અન્ય લશ્કર આવ્યુ છે એમ જાણી માલવપતિએ પોતાનુ લશ્કર કિલ્લા ઉપર ગોઠવી કિલ્લાના દરવાજા બંધ કર્યા.

શ્રીપાલકુમાર પોતાની માને મળવાની ઈચ્છાથી હારનાં પ્રભાવથી પોતાની માનાં આવાસે રાત્રીનાં પ્રથમ પ્રહરે આવ્યા. ઘરના બારણાની પાસે ઉભા રહી ઘરમાં રહેલ પોતાની મા અને પત્નીની વાતો સાંભળે છે.

કમળપ્રભા પોતાની પુત્રવધુને કહે છે - હે વત્સા ! કેટલાં વખતથી મારો પુત્ર પરદેશ ગયો છે. તેનાં કોઈ સમાચાર નથી અને શત્રુ સૈન્યે નગરને ઘેર્યું છે. લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે. કાલે શું થશે એની ખબર નથી તો પણ આ દુઃખી માતા જીવે છે પણ મરતી નથી.

ત્યારે મયણાસુંદરી કહેવા લાગી કે - હે મા ! કાંઈપણ ભય રાખશો નહિ. નવપદનાં ધ્યાનથી સર્વ પાપો નાશ પામે છે. આજે સાંજે પરમાત્માની પૂજા કરતાં ઉપમા ન આપી શકાય એવો અનુપમ ભાવ ઉત્પન્ન થયો હતો. તેનાથી મને ક્ષણે ક્ષણે કારણ વિના હર્ષ ઉત્પન્ન થાય છે અને તે આનંદ મારા હૃદયમાં સમાતો નથી. તે કારણથી મારી રોમરાજી પણ વિકસ્વર થઈ રહી છે. વળી ડાબી આંખ, વિ. આખુ ડાબુ અંગ વારંવાર ફરકે છે. માટે આજે જ તમારા પુત્રનો મેળાપ થવો જોઈએ તે સાંભળી કમળપ્રભા આનંદિત થઈ કહેવા લાગી કે - હે પુત્રી ! તારી જિહવા સુલક્ષણા છે. માટે એ પ્રમાણે જ થશે.

તે જ સમય શ્રીપાલ માતા અને પ્રિયાની વાત સાંભળી તે પ્રત્યક્ષ કરવા માટે દ્વાર ખખડાવ્યું અને કહ્યુ દ્વાર ખોલો.. ત્યારે કમળપ્રભાએ કહ્યુ. આ મારાં પુત્રનો અવાજ છે. મયણાસુંદરી પણ બોલી કે જિનેશ્વર ભગવંતનો મત અન્યથા થાય નહિ. આ પ્રમાણે કહી બારણું ખોલ્યું. શ્રીપાલકુમાર અંદર જઈ માતાના ચરણકમળમાં પ્રણામ કર્યા અને પત્નીને પ્રેમપૂર્વક બોલાવી. પોતાનાં ખભા ઉપર માતાને અને પત્નીને હાથ ઉપર બેસાડી છાવણીમાં લાવીને પોતાની સર્વ હકીકત કહી. ત્યારબાદ ૮ રાણીઓ કમળપ્રભાને નમી ત્યારબાદ મયણાસુંદરીને પ્રણામ કર્યા અને આશીર્વાદ મેળવ્યા.

ત્યારબાદ શ્રીપાલકુમારે પ્રણામ કર્યા પૂછયું કે તારા પિતાને અહીં કેવી રીતે બોલાવુ ? મયણાએ કહ્યુ કે - ખભે કહાડો મુકીને બોલાવો. શ્રીપાલકુમારે દૂત દ્વારા કહેવડાવ્યુ ક - તમારુ અને નગરનુ ક્ષેમકુશળ ઈચ્છતા હો તો ખભે કુહાડો મુકી મારી પાસે હાજર થાઓ. દૂતના વચન સાંભળી રાજા અત્યંત કોપાયમાન થયો.. ત્યારે મંત્રીએ મધુર વચનો દ્વારા સમજાવ્યુ કે બળવાન સામે બાથ ભીડાય નહિ. તેની સાથે યુદ્ધ કરવાથી નુકશાન થાય શરણ સ્વીકારવુ હિતાવહ છે. વિચારણાને અંતે રાજા ખભે કુહાડો લઈ આવ્યા અને શ્રીપાલકુમારને નમસ્કાર કરે છે. તે સમયે શ્રીપાલ રાજા તેની પાસેથી કુહાડો લઈ સિંહાસન પર બેસાડે છે. ત્યારે મયણાએ નમસ્કાર કરી કહ્યુ - હે પિતાજી ! કર્મે જે પતિ આપ્યો હતો તે આ પુરુષોત્તમ છે. તે સમયે બત્રે રાણી તેમ જ અનેક સ્વજનો મળેલા હોવાથી મનોરંજન અર્થે રાજાએ નાટક કરવા માટે આજ્ઞા કરી તે વખતે મુખ્ય નટી ઉઠતી નથી. છતાં સૂત્રધારની પ્રેરણાથી નિસાસા નાંખતી ઉભી થઈ અને એક પદ બોલે છે...

કિહાં માલવ કિહાં શંખપર કિહાંબબ્બર કિહાં નટ્ટ
સુરસુંદરી નચાવીયે દેવ દક્ષયો વિમરટ્ટ.... ૧

આ સાંભળી આ નટી કોણ છે એમ શંકા પડવાથી તેને પૂછ્યું કે તું કોણ છે ? ત્યારે તેણીએ કહ્યુ. હું માલવપતિની પુત્રી છું. પિતાએ અરિદમન કુમાર સાથે પરણાવી. પરણીને રાજકુમાર સાથે શંખપુર બહાર આવીને રહ્યા હતા, તે વખતે અન્ય સર્વ સુભટો ગામમાં ગયા હતા ત્યારે રાત્રે ચોરોની ધાડ પડી. મારા પતિ મને મુકીને નાશી ગયા. ચોરોએ મને લઈ બબ્બર દ્વીપમાં

વેચી દીધી. ત્યાં મહાકાળ રાજાએ મને નાટકો શીખવાડયા. અને પોતાની રાજકુમારીને દાયજામાં નવ નાટકો આપ્યાં, તેમાં મને મુખ્ય નટી તરીકે આપી. અહિં મારુ કુટુંબ મને મળ્યું છે અને તમારી સમક્ષ હું નૃત્ય કરી રહી છું. વળી તમે મને પરણાવી ત્યારે મારી મોટાઈથી અને મયણાની વિડંબનાથી ઘણો ગર્વ કર્યો. તે અભિમાનથી મયણાનાં પતિની દાસી થવું પડયું. મયણાં જ મહાપુણ્યવાન છે કે જેને પોતાનાં ચરિત્ર વડે પોતાનું કુળ અને શીલ પવિત્ર કર્યું છે. અને હું પાપી કે જેણે કુળ અને શીલનો ત્યાગ કરી, અતિદુઃખ સહન કર્યું છે. મયણાને જૈન ધર્મ કલ્પવૃક્ષની જેમ ફળ્યો છે અને મને મિથ્યાધર્મ વિષવૃક્ષની જેમ ફળ્યો છે. ત્યારે તેનું નટીપણું દૂર કરી રાજાએ અરિદમન કુમારને બોલાવી સુરસુંદરી આપી. ઘણી ઋદ્ધિ સાથે પોતાનાં દેશ તરફ વિદાય કર્યો. તેણે પણ જીનધર્મ અંગીકાર કર્યો. ૭૦૦ કોઢિયા પણ મયણાનાં કહેવાથી નવપદ આરાધીને રોગરહિત થયા હતા તેઓ પણ શ્રીપાલ રાજાએ પોતાનાં લશ્કર વડે કાકા અજીતસેન સાથે યુદ્ધ કરી કાકા અજીતસેનને જીતીને ચંપાનું રાજ્ય પોતે ગ્રહણ કર્યું તે વખતે વૈરાગ્યથી અજીતસેન રાજાએ પણ ચારિત્ર અંગીકાર કર્યું વિહાર કરતાં અનુક્રમે ચંપાનગરીમાં પધાર્યા. તે જાણી શ્રીપાલરાજા પોતાનાં પરિવાર સહ ત્યાં જઈ પ્રદક્ષિણા દઈ, વંદન કરી, દેશના સાંભળવા બેઠા. દેશના બાદ શ્રીપાલરાજાએ પૂછયું, હે ભગવાન ! ક્યા કર્મથી મને બાળપણમાં વ્યાધિ થયો ? કયા કર્મથી સમુદ્રમાં ડૂબવું પડયું ? કયા કર્મથી ચાંડાલનું કલંક આવ્યુ ? કયા કર્મથી તે પાપ શાંત થયું ? ક્યા કર્મથી અનેક જગ્યાએ ઋદ્ધિ પ્રાપ્ત થઈ ? તે સર્વ મને કૃપા કરી કહો ।

ત્યારે મુનિરાજે કહ્યુ હિરણ્યપુર નામે નગર છે. ત્યાં શ્રીકાન્ત રાજા અને સત્ય, શીલ વિગેરે ગુણથી અલંકૃત શ્રીમતિ નામે રાણી છે. તે રાજા સોબત કારણે શિકારનાં વ્યસનમાં પડી ગયો. રાણીએ રાજાને આ વ્યસન છોડાવવા ખૂબ પ્રયત્ન કર્યા પણ રાજા માનતા નથી. એક વખત રાજા પોતાનાં ૭૦૦ સુભટો સાથે શિકાર કરવા ગયા છે ત્યાં રસ્તામાં એક મહામુનિ કાઉસગ્ગ ધ્યાને ઉભેલા જોઈ આ રોગી કોઢિયો કોણ છે ? તેને મારો તે સાંભળી આ સુભટોએ મુનિને પીડા કરી. જેમ સુભટો મારે છે તેમ તેમ મુનિ શાન્તરસમાં ઝીલવા લાગ્યા. વળી એક વખત નદી કાંઠે મુનિ ઉભા રહેલા હતા ત્યારે મુનિને કાન પકડી

પાણીમાં ઝબોળ્યા. ફરી કરુણા ઉત્પન્ન થવાથી પાણીની બહાર કાઢયા. આ સર્વ હકીકત પોતાની રાણી આગળ રાજાએ કહી. ત્યારે રાણીએ સમજાવ્યુ કે બીજા સામાન્ય પ્રાણીને હેરાન કરવાથી દુઃખો ભોગવવા પડે છે તો પછી એક મહામુનિને હેરાન-પરેશાન કરી કષ્ટો આપવાથી તો નરકગતિનાં ભયંકર દુઃખો ભોગવ્યા વિના છૂટકો ન થાય. મુનિની વિરાધના બોધિદુર્લભ પણાને પ્રાપ્ત કરાવે છે. આ સાંભળી બોધ પામેલા રાજાએ પ્રાયશ્ચિત કરવા પૂર્વક પોતાના પાપની આલોચના કરી. કરી કોઈક વાર નિમિત્ત પામીને મુનિ જોતાની સાથે તરત જ સુભટોને કહ્યુ કે.. આ ચાંડાલને નગર બહાર કાઢો. આ પ્રમાણે રાજાનાં આદેશથી મુનિને નગર બહાર કાઢતા હતા. તેટલામાં શ્રીમતિ રાણીએ જોયું અને કહ્યુ. તમારાં પોતાનાં વચનને પણ પાળતા નથી અને ઠપકો આપી, મુનિને પાછા બોલાવી વંદના કરવા પૂર્વક ક્ષમાપના કરી.

શ્રીમતી એ મુનિને પૂછયું. હે પ્રભુ! અજ્ઞાનપણે રાજાએ જે પાપ કર્યા છે તેનું પ્રાયશ્ચિત બતાવો. જેથી રાજા પાપથી શીઘ્ર મુક્ત થાય ત્યારે મુનિએ કહ્યુ કે.... મહાપાપનું શું પ્રાયશ્ચિત હોય ? તો પણ અતિ ઉલ્લાસ હોય તો નવપદની વિધિપૂર્વક આરાધનાથી પાપકર્મોથી મુક્ત થવાય છે. ત્યારે રાજાએ વિધિપૂર્વક તપની અને સિદ્ધચક્રજીની આરાધના કરી. આરાધના તેમ જ ઉદ્યાપનમાં રાણીની ૮ સખીઓએ અનુમોદના કરી અને ૭૦૦ સેવકો રાજા ના તપની અનુમોદના કરીને ૭૦૦ સુભટો એક વખત સિંહરાજા સાથે યુદ્ધ કરતા મૃત્યુ પામ્યા, અને અહિં ૭૦૦ કોઢિયા તરીકે ઉત્પન્ન થયા, તે સાધુ ને કરેલા ઉપસર્ગ ના પાપ નુ ફલ છે. શ્રીકાંત રાજા સિધ્ધ ચક્રની આરાધનાના પ્રભાવ થી તું શ્રીપાલ તરીકે ઉત્પન્ન થયો અને સાધુની આશાતના ના પાપથી કોઢિયા પણ, પાણીમાં ડુબવુ, ડુમ્બ પણ પ્રાપ્ત થયુ. આબધી રિદ્ધિ-સિદ્ધિ સિદ્ધચક્રના પ્રભાવ થી મલીછે, શ્રીમતી રાણી તે પટ્ટરાણી મયણા સુંદરી અને તેની ૮ સખીયોં તે અનુમોદનાના પ્રભાવ થી તારી ૮ રાણી થઈ છે. તપની પ્રસંશા થી કોઢિયા નિરોગી થયા છે. વળી પૂર્વભવનો વૈરી સિંહરાજા તે હું અજીતસેન રાજા બાળપણમાં તારું રાજ્ય હરનારો થયો. પૂર્વભવનાં અભ્યાસથી અહીં ચારિત્ર મેળવી નિરતિચાર ચારિત્રનાં પાલનથી અવધિજ્ઞાન પામીને હું વિહાર કરતાં કરતાં અહીં આવ્યો છું. જેણે જેવા પ્રકારનું કર્મ કર્યું હોય તેને તેવા

પ્રકારનાં સુખદુઃખ ના ફળ ભોગવવાં પડે છે. આ પ્રમાણે દેશના સાંભળી આશ્ચર્ય યુક્ત શ્રીપાલ રાજા બોલ્યાં કે હમણાં ચારિત્ર ગ્રહણ કરવાની શક્તિ નથી તો મને ઉચિત ધર્મ બતાવો. ત્યારે મુનિએ કહ્યુ હે રાજન ! ભોગ કર્મનાં ઉદયથી આ ભવમાં તને ચારિત્રનો યોગ નથી. પરંતુ હે રાજન ! નવપદજીની આરાધના કરવાથી નવમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ ઉત્તરોત્તર અધિક સુખા સંપદાવાળા દેવ-મનુષ્યોનાં નવ ભવ પછી મોક્ષ પ્રામ કરીશ. આ પ્રમાણે મુનિએ કહ્યુ અને વિહાર કરી ગયા.

શ્રીપાલ રાજા પણ પોતાની નવ રાણી સાથે નવપદજીની આરાધના કરી અને મયણાસુંદરીના કહેવાથી વિશિષ્ટ આરાધના માટે ઉજમણું કર્યું.

શ્રીપાલ રાજા પણ પોતાની નવ રાણી સાથે નવપદજીની આરાધના કરી અને મયણાસુંદરીના કહેવાથી વિશિષ્ટ આરાધના માટે ઉજમણુ કર્યું.

શ્રીપાલ રાજાનેત્રિભુવનપાલ વિગેરે ૯ પુત્રો, નવ હજાર હાથી, નવ હજાર રથ, નવ લાખ જાતિવંત ઘોડા, નવક્રોડ સૈનિકો હતા. શત્રુરહિત, ન્યાયપૂર્વક, રાજ્યનું પાલન કરતાં નવસો વર્ષ વ્યતીત થયા. ત્રિભુવનપાલ કુમારને રાજ્ય સોંપી નવપદના સ્મરણ પૂર્વક સમાધિ મરણ પામી નવમા દેબવલોકમાં દેવ. તરીકે ઉત્પન્ન થયા. નવ રાણીઓ તથા માતા પણ આયુષ્યપૂર્ણ થયા પછી નવમા દેવલોકમાં દેવ રુપે ઉત્પન્ન થયા. ત્યાંથી અનુક્રમે ૪ મનુષ્ય ના અને ૪ દેવનાં ભવ કરી મોક્ષે જશે.

આ પ્રમાણે ગૌતમસ્વામી મહારાજે શ્રેણીક મહારાજા આગળ નવપદનો મહિમા વર્ણવ્યો એટલામાં દેશનાને અંતે કોઈએ આવી શ્રેણીક મહારાજાને વધામણી આપી હે ભગવાન મહાવીરસ્વામિ પધાર્યા છે. રાજાએપણ તેને દાન આપી વિદાય કર્યો. પરમાત્મા મહાવીર પ્રભુ પૃથ્વીતળને પાવન કરતાં. સુરાસુરથી સેવાતાં તે જ ઉદ્યાનમાં સમોસર્યા. સમવસરણમાં રત્નસિંહાસન પર બિરાજમાન થઈ પાપનાશક દેશનાનો પ્રારંભ કર્યો. અને શ્રેણીક રાજાનો ભાવ જાણી ભવ્ય પ્રાણીઓનાં હિત માટે નવપદનો મહિમા વર્ણવવા માંડયો તે સાંભળી અનેક ભવ્યાત્મા સિદ્ધચક્રની આરાધનામાં ઉજમાળ બન્યા.

સિદ્ધચક્ર આરાધન

સિધ્ધચક્ર નવપદજીની ઓળીના આરાધકો એ નિત્યઆરાધના આ પ્રમાણે કરવો

(૧) સવારસાંજ બેટાઈમ પ્રતિક્રમણ
(૨) સવારસાંજ બેટાઈમ પડિલહેણ
(૩) સવાર મધ્યાહન સાંજ ત્રિકાલ દેવ વંદન
(૪) ત્રિકાલજિનપૂજા, સિદ્ધચક્રજીની અષ્ટપ્રકારી પૂજા કરવી
(૫) નવ ચૈત્યવંદનો કરવા
(૬) જિનવાણી શ્રવણ મધ્યાહન રાત્રે શ્રીપાલ રાસનું શ્રવણ કરવું
(૭) વિધિ સહિત પચ્ચક્ખાણ પાલવું
(૮) આંબિલ કર્યા બાદ ચૈત્યવંદન કરવું
(૯) નવ દિવસ શક્ય આરંભ સમારંભ નો ત્યાગ કરવો
(૧૦) રાત્રે સંથારા પોરિસીનું સ્મરણ કરી સંથારે શયન કરવું તથા બ્રહ્મચર્યનુ પાલન કરવું

પહેલો દિવસ

પદ - શ્રી અરિહંત
કાઉસગ્ગ - બાર લોગસ્સ
વર્ણ - શ્વેત, એક ધાન્ય ચોખાનુ આયંબિલ કરવું
સ્વસ્તિક - બાર
નવકારવાલી - વીશ
ૐ હ્રીં નમો અરિહંતાણં
પ્રદક્ષિણા - બાર
ખમાસમણાં - બાર

ખમાસમણનો દુહો :-

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજજય રે :
ભેદ છેદ કરી આતમા, અરિહંત રુપી થાય રે :
વીરજિનેશ્વર ઉપદિસે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે :
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે... વીર. .

શ્રી અરિહંત પદના બાર ગુણ

૧. અશોક વૃક્ષ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૨. પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૩. દિવ્યધ્વનિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૪. ચામરયુગ્મપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૫. સ્વર્ણસિંહાસનપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૬. ભામણ્ડલપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૭. દુન્દુભિપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૮. છત્રત્રયપ્રાતિહાર્યસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૯. જ્ઞાનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૦. પૂજાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૧. વચનાતિશયસંયુતાય શ્રી અરિહંતાય નમઃ
૧૨. અપાયાપગમાતિશય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ

બીજો દિવસ

પદ - શ્રી સિધ્ધપદ
કાઉસગ્ગ-આઠ લોગસ્સનો
વર્ણ-લાલ, એક ધાન્ય ઘઉનુઆયંબિલ
ખમાસમણાં - આઠ
સ્વસ્તિક - આઠ
નવકારવાલી - વીસ
જા - ઉઁ હ્રીં નમો સિધ્ધાણં
પ્રદક્ષિણા - આઠ

ખમાસમણનો દુહો

રુપાતીત સ્વભાવ જે. કેવલ દંસણ - નાણી રે
ધ્યાતા નિજ તે આતમા, હોવે સિદ્ધ ગુણખાણી રે,
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે-સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે,

સિદ્ધપદના આઠ ગુણ

૧. અનન્તજ્ઞાનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૨. અનન્તદર્શનસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૩. અવ્યાબાધગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૪. અનન્તચારિત્રગુણસંયુતાય શ્રીસિદ્ધાય નમઃ
૫. અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રીસિધ્ધાય નમઃ
૬. અરુપીનિરંજનગુણ સંયુતાય શ્રી સિધ્ધાય નમઃ
૭. અગુરુલઘુગુણસંયુતાય શ્રી સિધ્ધાય નમઃ
૮. અનન્તવીર્યગુણસંયુતાય શ્રી સિધ્ધાય નમઃ

ત્રીજો દિવસ

પદ - શ્રી આચાર્ય, વર્ણ-પીળો, એક ધાન્ય તે ચણાનુ આયંબીલ
નવકારવાસી - વીસ
કાઉસગ્ગ - ૩૬ જાપ - ઉઁ હ્રીં નમો આયરિયાણં
ખમાસમણાં - ૩૬ સ્વસ્તિક - ૩૬

ખમાસમણનો દુહો

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે. ૧
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે.
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર. ૨

શ્રી આચાર્યપદના ૩૬ ગુણ

૧. પ્રતિરુપકગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨. સૂર્યવત્તેજસ્વિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૩. યુગપ્રધાનાગમસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૪. મધુરવાકયગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ

૫. ગામ્ભીર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૬. ધૈર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૭. ઉપદેશગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૮. અપરિશ્રાવિગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૯. સૌમ્યપ્રકૃતિગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૦. શીલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૧. અવિગ્રહગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૨. અવિકથકગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૩. અચપલગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૪. પ્રસન્નવદનગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૫. ક્ષમાગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૫. ઋજુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૭. મૃદુગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૮. સર્વાંગમુક્તિગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૧૯. દ્વાદશવિધતપોગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૦. સપ્તદશવિધસંયમગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૧. સત્યવ્રતગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૨. શૌચગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૩. અકિંચનગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૪. બ્રહ્મચર્યગુણસંયુતાય શ્રી આચાર્યાય નમઃ
૨૫. અનિત્યભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૬. અશરણભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૭. સંસારસ્વરુપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૮. એકત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ
૨૯. અન્યત્વભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૦. અશુચિભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૧. આશ્રયભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૨. સંવરભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૩. નિર્જરાભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૪. લોકસ્વરુપભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૫. બોધિદુર્લભભાવના ભાવકાય શ્રી આચાર્યાય નમઃ

૩૬. ધર્મદુર્લભભાવનાભાવકાય શ્રી આચાર્યાય નમઃ

ચોથો દિવસ

પદ - શ્રી ઉપાધ્યાય નવકારવાલી - વીસ

વર્ણ - લીલો, એકધાન્યનુંતે મગનું આયંબિલ

ખમાસમણાં - ૨૫ જપ-ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં

કાઉસ્સગ્ગ - ૨૫ લોગસ્સ

પ્રદક્ષિણા - ૨૫ સ્વસ્તિક - ૨૫

ખમાસમણનો દુહો

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતારે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રેઃ
વીર જિનેશ્વરઉપદિશે, તુમે સાંભળજો ચિત્તલાઈ રે;
આતમધ્યાને આતમા, ઋધિ મળે સવિઆઈ રે; વીર ૨

શ્રી ઉપાધ્યાયપદના ૨૫ ગુણ

૧. શ્રી આચારાંગસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૨. શ્રી સૂત્રકૃતાંગસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૩. શ્રી સ્થાનાંગસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૪. શ્રી સમવાયાંગસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૫. શ્રી ભગવતીસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૬. શ્રી જ્ઞાતાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

૭. શ્રી ઉપાસકદશાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૮. શ્રી અન્તકૃદ્દશાસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૯. શ્રી અનુત્તરોપપાતિકસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૧. શ્રી વિપાકસૂત્રપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૨. શ્રી ઉત્પાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૩. શ્રી અગ્રાયણીયપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૪. શ્રી વીર્યપ્રવાદપૂર્વપઠનગુણકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૫. શ્રી અસ્તિપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૫. શ્રી જ્ઞાનપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૬. શ્રી સત્યપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૮. શ્રી આત્મપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૧૯. શ્રી કર્મ્મપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૦. શ્રી પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૧. શ્રી વિદ્યાપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૨. કલ્યાણપ્રવાદપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૩. પ્રાણાવાયપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૪. ક્રિયાવિસાલપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ
૨૫. લોકબિન્દુસારપૂર્વપઠનગુણયુકતાય શ્રી ઉપાધ્યાયાય નમઃ

પાંચમો દિવસ

પદ - શ્રી સાધુ
વર્ણ - કાળો આયંબિલ એક ધાન્યનુંતે અડદનુ
કાઉસ્સગ્ગ - ૨૭ લોગસ્સ નવકારવાલી - વીસ
જાપ - ઉઁ હ્રીઁ નમોલોએસવ્વસાહૂણં
ખમાસમણો - ૨૭ પ્રદક્ષિણા - ૨૭ સ્વસ્તિક - ૨૭

ખમાસમણનો દુહોઃ

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શુંમુડે શું લોચે રેઃ ॥૧॥
વીર જિનેશ્વર ઉપાદિશે, તુમે સાંભળજો ચિત્તલાઈર,
આતમધ્યાને આતમા, ઋધ્ધિ મળે સવિ આઈ રે વી. ॥૨॥

શ્રી સાધુપદના ૨૭ ગુણ

૧. પ્રાણાતિપાતવિરમણવ્રતયુકતાય શ્રીસાધવે નમઃ
૨. મૃષાવાદવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ
૩. અદત્તાદાનવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે નમઃ
૪. મૈથુનવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે નમઃ
૫. પરિગ્રહવિરમણવ્રતયુકતાય શ્રી સાધવે નમઃ
૬. રાત્રિભોજનવિરમણવ્રતયુક્તાય શ્રી સાધવે નમઃ
૭. પૃથ્વીકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૮. અપકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૯. તેઉકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૦. વાઉકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૧. વનસ્પતિકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૨. ત્રસકાયરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૩. એકેન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૪. દ્વીન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૫. ત્રીન્દ્રિયજીનવરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૬. ચતુરિન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૭. પંચેન્દ્રિયજીવરક્ષકાય શ્રી સાધવે નમઃ
૧૮. લોભાનિગ્રહકારકાય શ્રી સાધવે નમઃ
૧૯. ક્ષમાગુણયુકતાય શ્રી સાધવે નમઃ
૨૦. શુભભાવનાભાવકાય શ્રી સાધવે નમઃ
૨૧. પ્રતિલેખનાદિક્રિયાશુદ્ધકારકાય શ્રી સાધવે નમઃ
૨૨. સંયમયોગયુકતાય શ્રી સાધવે નમઃ

૨૩. મનોગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ
૨૪. વચનગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ
૨૫. કાયગુપ્તિયુક્તાય શ્રી સાધવે નમઃ
૨૬. શીતાદિદ્વાવિંશતિપરિસહસહનતત્પરાય શ્રી સાધવે નમઃ
૨૭. મરણાંતઉપસર્ગસહનતત્પરાય શ્રી સાધવે નમઃ

છઠ્ઠો દિવસ

નવકારવાલી - વાસ
પદ - શ્રી દર્શન જાપ - ૐ હ્રીં નમો દંસણસ્સ
વર્ણ - સફેદ, આયંબિલ એક ધાન્યતે ચોખાનુ
ખમાસમણાં - ૬૭ કાઉસ્સગ્ગ - ૬૭ લોગસ્સ
પ્રદક્ષિણા - ૬૭ સાથિયા - ૬૭

ખમાસમણનો દુહો

શમ-સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે;
દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવે રે; ॥૧॥
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમધ્યાને આત્મા, ઋદ્ધિ મળે સવિ આઈ રે; ॥૨॥

દર્શનપદના ૬૭ ગુણ

૧. પરમાર્થસંસ્તવરુપ શ્રી સદ્દર્શનાય નમઃ
૨. પરમાર્થજ્ઞાતૃસેવનરુપ શ્રી સદર્શનાય નમઃ
૩. વ્યાપન્નદર્શનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪. કુદર્શનવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૫. શુશ્રુષારુપ શ્રી સદર્શનાય નમઃ
૬. ધર્મરાગરુપ શ્રી સદર્શનાય નમઃ
૭. વૈયાવૃત્યરુપ શ્રી સદર્શનાય નમઃ
૮. અર્હદ્ભિનયરુપ શ્રી સદર્શનાથ નમઃ
૯. સિદ્ધવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ

૧૦. ચૈત્યવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૧. શ્રુતવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૨. ધર્મવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૩. સાધુવર્ગવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૪. આચાર્યવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૫. ઉપાધ્યાયવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૬. પ્રવચનવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૭. દર્શનવિનયરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૮. સંસારે શ્રી જિનઃ સારઃ ઈતિચિન્તનરુપ શ્રી સદર્શનાય નમઃ
૧૯. સંસારે શ્રી જિનમતંસારમં ઈતિચિન્તનરુપ શ્રી સદર્શનાય નમઃ
૨૦. સંસારે શ્રી જિનમતસ્થિત શ્રી સાધ્વાદિસારમ ઈતિચિન્તનરુપ શ્રી સદર્શનાય નમઃ
૨૧. શંકાદૂષણરહિતાય શ્રી સદર્શનાય નમઃ
૨૨. કાંક્ષાદૂષણરહિતાય શ્રી સદર્શનાય નમઃ
૨૩. વિચિકિત્સાદૂષણરહિતાય શ્રી સદર્શનાય નમઃ
૨૪. કુદષ્ટિપ્રશંસાદૂષણરહિતાય શ્રી સદર્શનાય નમઃ
૨૫. તત્પરિચયદૂષણરહિતાય શ્રી સદર્શનાય નમઃ
૨૬. પ્રવચનપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૨૭. ધર્મકથા પ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૨૮. વાદિપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૨૯. નૈમિતિકપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૦. તપસ્વીપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૧. પ્રજ્ઞપ્ત્યાદિવિદ્યાભૃતપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૨. ચૂર્ણાંજનાદિસિદ્ધપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૩. કવિપ્રભાવકરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૪. જિનશાસને કૌશલ્યભૂષણરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૫. પ્રભાવનાભૂષણરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૬. તીર્થસેવાભૂષણરુપ શ્રી સદર્શનાય નમઃ

૩૮. ધૈર્યભૂષણરુપ શ્રી સદર્શનાય નમઃ
૩૯. ઉપશમગુણરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૦. સંવેગુણરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૧. નિર્વેદગુણરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૨. અનુકમ્પાગુણરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૩. આસ્તિકયગુણરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૪. પરતીર્થિકાદિવંદનવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૫. પરતીર્થિકાદિનમસ્કારવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૬. પરતીર્થિકાદિ આલાપવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૭. પરતીર્થિકાદિ સંલાપવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૮. પરતીર્થિકાદિઅશનાદિદાનવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
૪૯. પરતીર્થિકાદિગન્ધપુષ્પાદિપ્રેષણવર્જનરુપ શ્રી સદર્શનાય નમઃ
ભાવ ભક્તિના ભેટણા રે કાંઈ, ઉતરવા ભવપાર રે - ઠાઠ....
ધન્ય શાસન મહાવીરનું રે કાંઇ, ધન્ય ચતુર્વિધ સંઘ રે - ઠાઠ....
કલિયુગમાં કરડો તપ કરે રે કાંઇ, ભાવિકો ધારે ઉમંગ રે - ઠાઠ...
નવપદની આરાધના રે કાંઇ, નવ નવ સુખ દેનાર રે - ઠાઠ....
સુરનર સુખને આપીને રે કાંઈ, જૈન શાસન જયકાર રે - ઠાઠ....
લબ્ધિસૂરિ શિશુ પદ્મને રે કાંઇ, નવપદનો આધાર રે - ઠાઠ....

(૫) એક દિન પુંડરિક ગણધરુ રે લાલ....

આરાધો આદર કરી રે લાલ, નવપદ નવનિધાન ભવિ પ્રાણી રે,
પંચ પ્રમાદ પરિહરી રે લાલ, આણી શુભ પ્રણિધાન ભવિ પ્રાણી રે,
સિદ્ધચક્ર તપ આદરો રે લાલ..... ॥૧॥

પ્રથમ પદે નમો નેહશું રે લાલ, દ્વાદશ ગુણ અરિહંત - ભવિ,
ઉપાસના વિધિશું કરો રે લાલ, જેમ હોય કર્મનો અંત - ભવિ સિદ્ધ ॥૨॥

એકત્રીશ આઠ ગુણ જેહના રે લાલ, પંદર ભેદ પ્રસિદ્ધ - ભવિ.
અનંત ચતુષ્કનાં ધણી રે લાલ, ધ્યાવો એહવા સિદ્ધ - ભવિ સિદ્ધ ॥૩॥

છત્રીશ છત્રીશી ગુણ જે ધરે રે લાલ, ભાવાચારજ જેહ - ભવિ,
તીર્થંકર સમ જે કહ્યા રે લાલ, વંદુ આચારજ તેહ -- ભવિ. સિદ્ધ ॥૪॥

ચરણ કરણ સિત્તરી ધરે રે લાલ, અંગ ઉપાંગના જાણ - ભવિ
ગુણ પચવીશ ઉવજઝાયના રે લાલ, શિષ્યને દે નિત્ય નાણ ભાવિ સિદ્ધ ૫

સાધે મોક્ષ તે સાધુજી રે લાલ, ગુણ સત્તાવીશ જાસ - ભવિ
અઢીદ્વિપમાં જે મુનિ રે લાલ, પદ પંચમ નમો ખાસ - ભવિ ॥૬॥

પયડી સાતના નાશથી રે લાલ, ઉપશમ ક્ષાયિક જેહ - ભવિ.
સડસઠ બોલે અલંકર્યો રે લાલ, નમો દર્શન પદ તેહ - ભવિ. સિદ્ધ ॥૭॥

અઠાવીસ ચૌદ છ સહી રે લાલ, દો એક સવિ એકાવન - ભવિ
ભેદ જ્ઞાનના જાણીને રે લાલ, આરાધે તે ધન્ન-ભવિ સિદ્ધ ॥૮॥

નમો ચારિત્ર પદ આંઠમે રે લાલ, સીત્તેર ભેદ તે હોય - ભવિ.
બાર સત્તર ભેદ જેહના રે લાલ, સેવે શિવપદ હોય -- ભવિ સિદ્ધ ॥૯॥

બાહ્ય અભ્યંતર તજી કોધને રે લાલ, તપ કરી બાર પ્રકાર--ભવિ

નમો તવસ્સ ગણણું ગણો રે લાલ, સમતા ધરી નિરધાર-ભવિ સિદ્ધ ॥૧૦॥
નવ પટ્ટરાણી જેહને રે લાલ, ગજરથ નવ હજાર - ભવિ.
નવ લાખ વાજી શોભતા રે લાલ, સુભટ કોટિ નવસાર-ભવિ સિદ્ધ ॥૧૧॥
ઋદ્ધિ સંપદ બીજી ઘણી રે લાલ, કહેતા નાવે પાર - ભવિ.
આરાધી નવપદ સહી રે લાલ, નવમે પદ વિસ્તાર - ભવિ સિદ્ધ ॥૧૨॥
ઇંદ્રભૂતિ ઈમ ઉપદિશે રે લાલ, નવપદ મહિમા સાર - ભવિ
શ્રેણીક નરપતિ આગળે રે લાલ, શ્રી શ્રીપાલ અધિકાર -- ભવિ સિદ્ધ ૧૩
નવવિધ પરિગ્રહ મૂકીને રે લાલ, નવ નિયાણા નિર - ભવિ.
સિદ્ધચક્ર સેવા કરો રે લાલ, જેમ તરો એ સંસાર - ભવિ સિદ્ધ ॥૧૪॥
ઋદ્ધિ કીર્તિ ચેતન લહે રે લાલ, અમૃતપદ સુખસાર - ભવિ.
એ નવપદના ધ્યાનથી રે લાલ, સવિ સંપદ શ્રીકાર -- ભવિ. સિદ્ધ ॥૧૫॥

(૬) રાખના રમકડાં.....

નવપદનો મહિમા સાભળજો, સહુને સુખડાં થાશે જી,
નવપદ સ્મરણ કરતાં પ્રાણી, ભવભવના દુઃખ જાશે જી - નવપદ ॥૧॥
નવપદના મહિમાથી પ્યારે, કુષ્ટ અઢારે જાવે જી,
ખાંસી ક્ષયને રોગની પીડા, પાસે કદી નવી આવે જી - નવપદ ॥૨॥
અરિકરિ સાગર જલણ જલોદર, બંધનના ભય જાશે જી,
અરિકરિ સાગર અલણ ડાકણ, તુજ નામે દૂર નાશે જી - નવપદ ॥૩॥
અપુત્રીયાને પુત્ર હોયે, નિર્ધનીયા ધન પાવે જી,
નિરાશીપણે ધ્યાન ધરે જે, તે નર મુગતે જાવે જી - નવપદ ॥૪॥
શ્રીમતિને એ મંત્ર પ્રભાવે, સર્વ થયો ફૂલમાળાજી,
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરશાલાજી - નવપદ ॥૫॥
મયણા વયણે સેવ્યા નવપદ, શ્રી શ્રીપાલે ઉલ્લાસેજી,
રોગ ગયોને સંપદા પામ્યા, નવમે ભવ શિવ જાવે જી - નવપદ ॥૬॥
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ મહા ગુણવંતાજી,
દર્શન જ્ઞાન ચરણ તપ રુડાં, એ નવપદ ગુણવંતાજી - નવપદ ॥૭॥
સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતા પાર ન આવે જી,
દુઃખ હરે ને વાંછિત પૂરે, વંદન કરીએ ભાવે જી - નવપદ ॥૮॥

ભાવસાગર કહે સિદ્ધચક્રની જે નર સેવા કરશેજી,
આતમ ગુણને અનુભવીને, મંગલ માલા વરશેજી - નવપદ ॥૯॥

(૭) દિલ લૂંટાને વાલે જાદુગર....

સુરમણિ સમ સહુ મંત્રમાં, નવપદ અભિરામી રે,
કરુણા સાગર ગુણનિધિ, જગ અંતરજામી રે.... ॥૧॥
ત્રિભુવન જન પૂજિત સદા, લોકાલોક પ્રકાશી રે,
એહવા શ્રી અરિહંતજી, નમુ ચિત ઉલ્લાસી રે.... ॥૨॥
અષ્ટ કરમ દલ ક્ષય કરી, થયા સિદ્ધ સ્વરુપી રે,
સિદ્ધ નમો ભવિ ભાવથી, જે અગમ અરુપી રે..... ॥૩॥
ગુણ છત્રીસે શોભતા, સુંદર સુખકારી રે,
આચારજ ત્રીજે પદે, વંદુ અવિકારી રે.... ॥૪॥
આગમધારી ઉપશમી, તપ દુવિધ આરાધી રે,
ચોથે પદ પાઠક નમો, સંવેગ સમાધિ રે... ॥૫॥
પંચાચાર પાલણ પુરા, પંચાશ્રવ ત્યાગી રે
ગુણરાગી મુનિ પાંચમે, પ્રણમું વડભાગી રે ... ॥૬॥
નિજ પરગુણને ઓળખે, શ્રુત શ્રદ્ધા આવે રે
છઠે ગુણ દરિસણ નમો, આતમ શુભ ભાવે.... ॥૭॥
જ્ઞાન નમો ગુણ સાતમે, જે પંચ પ્રકારે રે
આઠમ ચારિત્ર પદ નમો, પરભાવ નિવારી રે.... ॥૮॥
ખંત્યાદિક દશ ધર્મનો, જેહ અધિકારી રે,
નવમે વળી તપપદ નમો, બાહ્ય અભ્યંતર ભેદે રે.... ॥૯॥
બાંધ્યા કાળ અનંતના, જે કર્મ ઉચ્છેદે રે,
એ નવપદ બહુમાનથી, ધ્યાવે શુભ ભાવે રે..... ॥૧૦॥
નૃપ શ્રીપાલ તણી પરે, મનવાંછિત પાવે રે,
આસો ચૈત્ર માસમાં, નવ આંબેલ કરીએ રે..... ॥૧૧॥
નવ ઓળી વિધિ યુક્ત કરી, શિવ કમળા વરીએ રે,
શ્રી સિદ્ધચક્રની બહુ પરે, વર મહિમા કીજે રે.... ॥૧૨॥
શ્રી જિનલાલ કહે સદા, અનુપમ જસ લીજે રે,
શ્રી સિદ્ધચક્રને જે આરાધે, તે ભવસાગર તરશે રે... ॥૧૩॥

(૮) ઢાળ-૧

દેશ મનોહર માળવો, નિરુપમ નગરી ઉજ્જૈન લલના,
રાજ કરે તીહાં રાજીયો, પ્રજાપાળ ભૂપાળ લલના, શ્રી સિધ્ધચક્રઆરાધીએ॥૧॥
તસ અંગજા બે બાલિકા, મયણા જગ વિખ્યાત લલના,
જિનમતિ પાસે વિદ્યા ભણી, ચોસઠ કળા વિશાળ લલના - શ્રી ॥૨॥
સાતસેં કોઢીનો અધિપતિ, શ્રી શ્રીપાલ નરીંદ લલના,
પરણાવી મયણા તેહને, કોઢિશું ધરતી નેહ લલના - શ્રી ॥૩॥
પિયુ ચાલો દેવ જુહારીએ, ઋષભ જિણંદ ઈષ્ટદેવ લલના,
પૂજી પ્રણમી આવ્યા, ગુરુ પાસે સસનેહ લલના-શ્રી ॥૪॥
કહે મયણા સુણો પૂજ્યજી, તુમ શ્રાવકનો રોગ લલના,
કવણ કર્મ સંજોગથી, કેમ જાશે એ રોગ લલના - શ્રી ॥૬॥
આસો સુદ સાતમ દિને, કીજે ઓળી ઉદાર લલના,
પાંચે ઈન્દ્રિય વશ કરી, કેવલ ભૂમિ સંથાર લલના - શ્રી ॥૭॥
પડિક્કમણ દોય ટંકના, દેવવંદન ત્રણ કાળ લલના,
વિધિશું જીનવર પૂજીએ, ગણણું તેર હજાર લલના-શ્રી ॥૮॥
એમ નવ દિન આંબિલ કરે, મયણાને શ્રીપાલ લલના,
પંચામૃત ન્હવણે કરી, નવરાવે ભરથાર લલના-શ્રી ॥૯॥
શ્રી સિદ્ધચક્ર સેવા ફળી, પામ્યા સુખ શ્રીપાલ લલના
પૂરવ પુન્ય પસાયથી, મુક્તિ લહે વરમાળ લલના-શ્રી ॥૧૦॥

ઢાળ - ૨જી

શ્રી ગુરુ વયણે તપ કરે રે લાલ, નારી ને ભરથારે રે ચતુરનર
ભક્તિ યુક્તિ ઘણી સાચવે રે લાલ, રહે સ્વામી આવાસ રે ચતુરનર
શ્રી સિદ્ધચક્ર સેવા કરે રે લાલ ॥૧॥
શ્રી અરિહંત પહેલે પદે રે લાલ, બીજે સિદ્ધનું ધ્યાન રે ચતુરનર
ત્રીજે આચારજ ઉવજ્ઝાયને રે લાલ, સકળ સાધુ પ્રણમે ચતુરનર ॥૨॥
જ્ઞાન દર્શન ચારિત્રના રે લાલ, ગુણ સ્તવે ચિત્ત ઉદાર રે ચતુરનર
નવમે તપ પુરુ થયુ રે લાલ, ફળીયા વાંછિત કાજ રે ચતુરનર શ્રી ॥૩॥

એમ નવ દિન આંબિલ કરે રે લાલ, મયણાં ને શ્રીપાળ રે ચતુરનર
દંપત્તિ સુખ લીયે સ્વર્ગના રે લાલ, વિલસે સુખ શ્રીકાર રે ચતુરનર શ્રી
શ્રી સિદ્ધચક્ર સેવા કરે રે લાલ ॥૪॥
સુઈ જેમ દોરા પ્રત્યે રે લાલ, આણી દીયે સુખસમુદાયરે ચતુરનર
મયણા એ બેઉ કુળ ઉદ્ધર્યા રે લાલ, શ્રી જિન ધર્મ પસાય રે ચતુરનર શ્રી ।૫।
ગુરુ દિવો દેવતા રે લાલ, ગુરુ મોટા મહેબાન રે ચતુરનર,
ભવોદધિ પાર ઉતારવા રે લાલ, જલધિ એ જેમ નાવ રે ચતુરનર-શ્રી ॥૬॥
જે નવપદ ગુરુજી દીયા રે લાલ, ધરતા તેહ શું નેહ રે ચતુરનર-શ્રી
પૂરવ પુન્યે પામીયા રે લાલ, મુક્તિ વર્યા ગુણ ગેહ રે ચતુરનર-શ્રી ॥૭॥

ઢાળ-૩ જી રાગ : વિચરંતા ગામોગામ

રાજગ્રહી ઉદ્યાન, સમવસર્યા ભગવાન,
આ છે લાલ શ્રેણીક વંદન આવીયાજી ॥૧॥
હય ગય રથ પરિવાર, મંત્રી અભયકુમાર,
આ છે લાલ બહુ પરિવારે પરિવર્યાજી ॥૨॥
વાંદ્યા પ્રભુજીનાં પાય, બેઠી પર્ષદા બાર,
આ છે લાલ જિનવાણી સુણવા ભણી જી ॥૩॥
દેશના દે જિનરાજ, સાંભળે સૌ નરનાર
આ છે લાલ નવપદ મહિમા વર્ણવે જી ॥૪॥
આસો ચૈત્ર માસ, કીજે ઓળી ઉલ્લાસ,
આ છે લાલ સુદી સાતમથી માંડીયે જી ॥૫॥
પંચ વિષય પરિહાર, કેવલ ભૂમિ સંથાર,
આ છે લાલ જુગતે જિનવર પૂજીએ જી ॥૬॥
જપીએ શ્રી નવકાર, દેવ દર્શન ત્રણ કાળ,
આ છે લાલ તેર હજાર ગણણું ગણો જી ॥૭॥
એમ નવ આંબિલ સાર, કીજે ઓળી ઉદાર,
આં છે લાલ દંપત્તી સુખ લહ્યાં સ્વર્ગમાંજી॥૮॥
કરતાં નવપદ ધ્યાન, મયણા ને શ્રીપાળ,
આ છે લાલ અનુક્રમે મુક્તિપદ વર્યા જી ॥૯॥

ઢાળ – ૪ રાગ : મારે ઘેર આવજો રે લાલ

આજે ઓચ્છવ છે રે અધિકો, જોવા દરિસણ પ્રભુ મુખ મટકે,
મટકે મોહયા રે ઈંદા, જાણું પ્રભુ મુખ પૂનમ ચંદા, શ્રી સિદ્ધચક્રને સેવો ।૧।
કેસર ચંદન રે ઘસીયે, નવ અંગે પ્રભુજીની પૂજા રચીએ,
પૂજાના ફળ છે રે મીઠા, તે તો મયણાં એ પ્રત્યક્ષ દીઠાં.... શ્રી ॥૨॥
પહેલે પદે અરિહંત લીજે, બીજે સિદ્ધચક્ર ધ્યાન ધરીજે,
ત્રીજે આચારજ થુણીજે, ઉવજ્ઝાય પદને ચોથે ગુણી જે.... શ્રી ॥૩॥
પાંચમે સાધુ રે પ્રણમો, છઠ્ઠે દરિસણ જ્ઞાન સાતમે,
આઠમે ચારિત્ર રે સાર, નવમે તપ પદ ઉજ્જ્વળ વાન..... શ્રી ॥૪॥
એમ નવ આંબિલ દીજે, સ્વામિ-વત્સલ પારણું કીજે,
રાત્રિ જાગરણ કીજે, સ્વામિ ભાઈને શ્રીફળ દીજે..... શ્રી ॥૫॥
એકાશી આંબિલ તપ પુરું, શક્તિ સાર કરો ઉજમણું,
સિદ્ધચક્ર મહિમા રે રુડો, અષ્ટકર્મ થાયે ચકચૂરો.... શ્રી ॥૬॥
એ નવપદને રે ધ્યાતા, મયણા શ્રીપાલ જગ વિખ્યાતા
પુણ્યે સિદ્ધચક્ર રે સેવ્યા, આપે મુક્તિ શિવવધુ મેવા..... શ્રી ॥૭॥

ઢાળ – ૫ ઝુમખડાની દેશી

શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે, જેના ગુણ અનંત, જિનેશ્વર પૂજીએ,
અડવિધ અડપાંખડી કરી રે, નવમાં સિદ્ધ નમંત, જિનેશ્વર પૂજીએ
ચક્રવાહ ફીરે ચક્રજયું રે, ફરતા વહ ઠવ્યા આઠ, જિનેશ્વર પૂજીએ
મધ્યભાગ વચ્ચે ઠવ્યા રે, રાતા સિદ્ધ ભગવંત, જિનેશ્વર પૂજીએ
જ્ઞાન દરિસણ ચારિત્ર ગુણે રે, ક્ષાયક સમકિત વંત, જિનેશ્વર પૂજીએ
કર્મપયડી અડ ક્ષય કરી રે, પંદર ભેદે સિદ્ધ, જિનેશ્વર પૂજીએ
યોગીશ્વર પણ ધ્યાવતા રે, આણી ઠવ્યા નિજ લાગ, જિનેશ્વર પૂજીએ
અરિહંત સિદ્ધ સૂરિ નમો રે, ઉવજ્ઝાયને સર્વ સાધુ, જિનેશ્વર પૂંજીએ
જ્ઞાન દરિસણ ચારિત્ર તવો રે, એમ નવપદ સંયુક્ત, જિનેશ્વર પૂજીએ
ભક્તિ કરો સિદ્ધચક્રની રે, જાપ જપો એકાંત, જિનેશ્વર પૂજીએ
નવ દિન આંબિલ કર્યા રે, મયણાને શ્રીપાળ, જિનેશ્વર પૂજીએ

દંપતી નવપદ સેવતા રે, પામ્યા નવમું સ્વર્ગ, જિનેશ્વર પૂજીએ
આતમ અનુભવ જ્ઞાનથી રે, ભક્ત લહે અપવર્ગ, જિનેશ્વર પૂજીએ

ઢાળ – ૬

સેવો રે ભવિજન ભક્તિ ભાવે ધ્યાવો રે, સિદ્ધચક્ર મન ઉમાય, ભવિ સાંભળો
આસો માસે ચૈત્ર ઉમંગ કીજે, ઓળી નવ અભંગ - ભવિ સાંભળો ॥૧॥
ઉભયટંક, પડિક્કમણું જાણ, દેવવંદન પૂજા ત્રણ કાળ, ભવિ સાંભળો,
કેસર ચંદન મૃગમદ સાર, પૂજા રચાવો થઇ ઉજમાળ ભવિ સાંભળો ॥૨॥
મંગળ દિવો આરતિ શાલ, અક્ષત ફલાદિક નૈવેદ્ય થાય ભવિ સાંભળો,
ચૌદ પૂર્વનો જે છે સાર, તેણે કારણ સમરો નવકાર ભવિ સાંભળો ॥૩॥
એ સિદ્ધચક્રની ભક્તિ નિત્ય, નવપદ જાપ જપો એકાંત ભવિ સાંભળો,
જપતા નવપદ મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો તત્કાળ ભવિ સાંભળો ॥૪॥
સાતસો મહીપતિ ન્હવણ પ્રભાવ, દેહ પામ્યા કંચનવાન ભવિ સાંભળો,
બાંધી સંપદા જગ મશહૂર, પામ્યા મુક્તિ સુખ ભરપૂર ભવિ સાંભળો ॥૫॥

ઢાળ – ૭

સિદ્ધચક્ર સેવો રે મન મોહન મેરે, જે છે પરમ દયાળ મન મોહન મેરે -
આ તપ વિઘ્ન દૂરે કરે મન- ઉતારે ભવ પાર મન... ॥૧॥
આસો સુદી સાતમ દીને મન-કીજે ઓળી ઉદાર મન,
ઉભય ટંક કાઉસ્સગ કરો મન-તજી વિષય પ્રમાદ મન..... ॥૨॥
કેસર ચંદન ઘસી ઘણા મન-પૂજા રચો શ્રીકાર મન,
પાન ફલાદિક ઢોકીયે મન-ફૂલે પગર ભરાવ મન... ॥૩॥
શ્રી સિદ્ધચક્ર ભક્તિ કરે મન-મયણાને શ્રીપાલ મન,
દેવવંદન કાઉસ્સગ કરો મન-પૂરવ ભવ અભ્યાસ મન... ॥૪॥
એમ નવપદ વિધિ સાચવે મન-ચાર વર્ષ ષટ્ માસ-મન
દંપતી નવપદ સેવતા મન-લહે મુક્તિ સુખવાસ-મન..... ॥૫॥

ઢાળ – ૮

આસો ચૈત્ર માસે કરો ઓળી મન ઉલ્લાસ રે, ભવિયા શ્રી સિદ્ધચક્ર આરાધો,
પૂર્વ દિશે અરિહંત શ્વેત, બાર ગુણે સોહંત રે.... ભવિયા ॥૧॥

મધ્ય ભાગે સિદ્ધરાજ સોહે રક્ત વર્ણ ગુણ આઠ રે ભવિયા,
દક્ષિણે આચારજ હોવે પીતવાન છત્રીસ ગુણ શોભે રે ભવિયા ॥૨॥
પશ્ચિમે જાણ ગુણ પચવીશ વાચક દ્વાદશાંગી રે ભવિયા,
ઉત્તર દિશે સોહે ઘનવાન ગુણ સત્તાવીશ તપે રે ભવિયા ॥૩॥
નાણ નમુ અગ્નિખૂણે ભેદ એકાવન ઉજ્વળ વર્ણ રે ભવિયા,
નૈઋત્ય ખૂણે દર્શન રાજે, ધવલા સડસઠ ભાંજે રે ભવિયા ॥૪॥
વાયુ ખૂણે ચારિત્ર ભલુ રે, સીત્તેર ગુણ પવિત્ર રે ભવિયા
ઈશાન ખૂણે તપ તપતાં ખટ્ બાહ્ય અભ્યંતર વિરાજે રે ભવિયા ॥૫॥
એમ નવપદ જે પૂજે તેનાં રોગ સકલ તીહાં ધ્રુજે રે ભવિયા,
સાથે નવપદ સેવ્યા ચાખે, મુક્તિપદ મેવા રે ભવિયા ॥૬॥

ઢાળ-૯

નવપદ મહિમા સાંભળે વીર ભાખે હો જિન ધર્મનો મર્મ કે,
પર્ષદા બાર મળી તિહાં દેવ દેવી હો નરનારીના વૃંદ કે-નવપદ..... ॥૧॥
જૈન ધર્મ જગ સુરતરુ જે સેવે હો ધરી ચિત્ત ઉદાર રે,
આ ભવ પરભવ સુખ લહે જે પામ્યા હો ઉંબર શ્રીપાળ કે-નવપદ... ॥૨
પૂછે નૃપ પ્રણમી પભુ કોણ નૃપતિ હો કુંવર શ્રીપાળ કે,
એણે ભવે સુખ સંપદા કેમ પરભવે હો લહ્યા સ્વર્ગ નિધાન કે-નવપદ.।૩॥
કહે ગૌતમ શ્રેણીક સુણો તમને દાખુ હો શ્રીપાળ ચરિત્ર કે,
નિદ્રા વિકથા પરિહરો વળી સાંભળી હો કરો શ્રવણ પવિત્ર કે-નવપદ ॥૪॥
અંગ અનોપમ દેશમાં નૃપ પામે હો સિંહરથ ભૂપાળ કે,
રાણી કમલપ્રભા દેવી તસ અંગજ હો કુંવર શ્રીપાળ કે-નવપદ ... ॥૫॥
ગુરુમુખ નવપદ ઉચ્ચર્યા નૃપ સેવે હો ધરી ચિત્ત ઉદાર કે,
ભક્તિ કરે ગુરુદેવની વ્રત પાળે હો સમકિત શું બાર કે-નવપદ .... ॥૬॥
પૂર્વે નવપદ આચર્યા, શ્રીકંત રાજા હો શ્રીકાંત કે,
તેણે પુણ્ય ઋદ્ધિ રમણી વળી લીધો હો સ્વર્ગ નવમો સાર કે-નવપદ..॥૭॥
આઠ સખી શ્રીકાંતની તે રાખે હો નવપદ શું પ્રેમ કે,
તે પુન્યે નૃપકુલ ઉપની, થઈ મયણાની તે આઠ બેન કે-નવપદ... ॥૮॥
દેશના સુણી નૃપ રંજીયો, હર્ષિત થયા હો નગરીના લોક કે,
ભકિત કરે સિદ્ધચક્રની કહે ધન ધન હો શ્રી જૈનધર્મ પોત કે-નવપદ..॥૯॥

વાધે કમલા કીર્તિને જસ પ્રસરે હો પુન્ય જોગ તેજ કે,
ચરણ કમળ નિત સેવતા બોલાવે હો મુક્તિ વળી સેજ કે-નવપદ...॥૧૦॥

(ઢાળ-૧ રાગઃ સંભવ જિનવર વિનતી)

સરસ્વતીને ચરણે નમી, પ્રણમી સદગુરુ પાય રે,
સિદ્ધચક્ર ગુણ ગાઈશું, મુજ મન ઉચ્છાહી રે, ધન ધન સિદ્ધચક યંત્રને ॥૧॥
તેહ દિવસે સુરપતિ મળી, જાય નંદીશ્વર દ્વીપ રે,
ઓચ્છવ મહોચ્છવ સુર કરી, કર્મ કટકને ઝીપે રે-ધન ધન ॥૨॥
અઠ્ઠાઈ મહોત્સવ કરી, જીવાભિગમે ભાખે રે,
શ્રેણીક રાયે પૂછીયુ, ઈન્દ્રભૂતિ એમ દાખે રે-ધન ધન ॥૩॥
શ્રી શ્રીપાળ મયણા પરે જાપ જપો ભવ્ય પ્રાણી રે,
રોગ શોકને આપદા જીમ, શમે તેઉકાય પ્રાણી રે-ધન ધન ॥૪॥
આસો સુદ સાતમ થકી, પૂનમ ઓળી એક રે,
એકાશી નવ ઓળીએ, અંબિલ તપ સુવિવેક રે-ધન ધન ॥૫॥
સાડા ચાર સંવત્સરે, તપનો એક પરિમાણ રે,
ગણણું પદ એકેકનું રે, સહસ દોય સુવિસાલ રે-ધન ધન ॥૬॥

(ઢાળ-૨ રાગ... અહો અહો સાધુજી સમતા....)

બાર ગુણે અરિહંતને ધ્યાવું, સિદ્ધ ભજો ગુણ આઠ રે,
છત્રીસ ગુણ આચારજ સોહે, પચવીશ ઉપાધ્યાય પાઠ રે
ગણણું ગણજો એ પદ ધારી ॥૧॥
ગુણ સત્તવીશ સાધુ વંદુ, દર્શન સડસઠ ભેદે રે,
જ્ઞાન એકાવન ગુણે સંપૂર્ણ, ચારિત્ર સીત્તેર ઉમેદ રે.... ગણણું ॥૨॥
પચાસ ભેદે તપને જપીએ, ગણણું એ વર્તમાન રે,
તેર સહસ વળી બીજે ભેદે, વિધાપ્રવાદ પૂર્વે વખાણ રે... ગણણું ॥૩॥
અરિહંત આદે પંચ પદ કેરા, ગુણ છે એકસો આઠ રે,
દર્શન જ્ઞાનના દશ વળી ધારો, ચારિત્રના ખટ્ બહુ પાઠ રે.. ગણણું ॥૪॥
તપના ખટ્ ગુણ સર્વ મળીને, એકસો ત્રીસ જ થાય રે,
નવકારવાળી એહ પ્રમાણે, સમર્થે ભવ દુઃખ જાય રે... ગણણું ॥૫॥

હવે ઉજમણા વિધિશું બોલું, સાંભળજો ચિત્ત લાય રે,
ઉજમણાથી બહુરુપ વાધે, જીમ જળપંકજ ન્યાય રે....ગણણું ॥૬॥

(ઢાળ-૩ રાગ - રે જીવ માન ન કીજીએ....)

તપ જપ કરીએ શક્તિથી, તેહ તણો છે ભેદ રે,
શક્તિ પ્રમાણે ઉજવો, ભવોભવના દુઃખ છેદ રે, વીર વચનથી જાણજો..॥૧॥
ઉજમણા વિણ ફળ કહ્યું, જેમ અલુણું ધાન રે,
શક્તિ ઘણી છે જેહની પણ, ઉજવે નહીં બહુમાન રે... વીર ॥૨॥
તેહને ફળ તેહ કહ્યો, સાંભળો શ્રેણીકરાય રે,
ફુકસા આપે વૃત્તિને, પુણ્ય તે જેહને થાય રે... વીર ॥૩॥
આતમ જ્ઞાને ધારીએ, ધરીએ શિયળ જગીશ રે,
ગુરુ પડિલાભીને પારીએ, સ્વામિવત્સલ ફળ લહીએ રે... વીર ॥૪॥
પાલનપુરમાં પ્રેમશું, શ્રી સિધ્ધચક્ર ગુણ ગાવે રે,
ચતુર ચોમાસુ તિંહા રહી, રહી ઉજમણે મન ભાય રે... વીર ॥૫॥

કળશ

ઈમ સયલ સુખકર, ગુણ પુરંદર, સ્તવ્યો શ્રી રીસહેસરો,
તપગચ્છ રાજે, વડ દીવાજે, વિજય જીનેન્દ્ર સૂરીશ્વરો,
તાસ પસાયે સ્તવન પભણે, શિષ્ય રુપવિજય તણો,
અઢાર એકાશી આસો પૂનમ, રંગવિજય ઉલટ ઘણો.

૧૦ જ્યોતસે જ્યોત...

અલબેલાની જોઉ વાટડી રે, અલબેલાની જોઉ વાટડી રે,
મારી ખસી ખસી જાય પાટલી રે, અલબેલાની જોઇ વાટડી રે... ॥૧॥
જાણે ધેબર કેરી માટલી, અલબેલાની જોઉ વાટડી રે,
પ્રેમ ધરીને પરખીએ રે, અંતર ભાવે હરખીએ રે,
નેક નજરથી નીરખીએ રે, અલબેલાની... ॥૨॥
નવપદને મનમાં ધરીએ રે, શિવસુંદરી સ્નેહે વરો રે,
પ્રદક્ષિણાએ ફેરા ફરો રે અલબેલાની.... ॥૩॥
પહેલે પદે અરિહંતના રે, ગુણ ગાવો ભગવંતના રે,
કર્મચૂરો જેમ સંતના રે, અલબેલાની.... ॥૪॥

બીજે પદ સિદ્ધ શોભતા રે, ત્રણ ભુવન નહીં લોભતા રે,
તુમે કોઈ ઉપર નહીં કોપતા રે, અલબેલાની.... ॥૫॥
ત્રીજે પદ સુખ પામીએરે આચારજ શીર્ષ નામિયેરે,
અષ્ટકર્મ દુઃખ વામીએ રે, અલબેલાની.. ॥૬॥
ચોથે પદે ઉવજઝાયને, સમરે સંપત્તી થાય રે,
દુઃખ દોહગ સહુ જાય રે, અલબેલાની..... ॥૭॥
પાંચમે પદે સુખે વસે રે, સાધુ સકલ હૈયે ધરો રે,
ભવસમુદ્ર સ્હેજે તરો રે, અલબેલાની.... ॥૮॥
સમકિત સરખી સુંદરી રે, ખટપટને મુકી પડી રે,
શિવસંદરી સ્હેજે વરો રે, અલબેલાની.... ॥૯॥
જ્ઞાન ચારિત્રને તપનો રે, ચૌદ ક્ષેત્રમાં ખપતો રે,
નવપદ વિના નહીં જપતો રે, અલબેલાની.... ॥૧૦॥
નવપદ નિશ્ચે જાણીએ રે, શિવસંદરી મન માનીએ રે
શુભવીર વિજયની વાણીએ રે, અલબેલાની.... ॥૧૧॥

(૧૧) રાગ : દેખ તેરે સંસાર કી હાલત...

શ્રી સિદ્ધચક્ર યંત્રને સેવો, ધરી દિલમાં શુભ ધ્યાન,
છે શ્રી નવપદ મોક્ષ વિમાન.... (૨)
ભવ અટવીને પાર કરાવે, રાખીએ જો ઈમાન-હો શ્રી..... ॥૧॥
અઢાર દોષથી મુક્ત જાણો, ત્રણ ભુવનનો અરિહંત રાણો,
કર્મ અષ્ટકને કરીને દૂરે, સુખ પામ્યા શ્રી સિદ્ધ ભરપૂરે,
મદને મારી દેવ આરાધો, લેવા મુક્તિ વધુ માન-છે શ્રી .... ॥૨॥
પંચાચાર જે પાળે પળાવે, શાસનદિપક સૂરિજી ભાવે,
આગમ અનુપમ હોંશે ધરતા, સારણાદિક શ્રી વાચક કરતા,
મોક્ષ માર્ગને સાધતા એવા, સાધુ સેવો એકતાન - છે શ્રી .... ॥૩॥
જીવાજીવાદિ તત્ત્વોની શ્રદ્ધા, ન ધરીએ તો બનીએ ગદ્ધા,
ભાનુ અજ્ઞાન તિમિર કાજે, શ્રી શ્રુતજ્ઞાન જગમાં રાજે,
નિર્મળ હૃદયે ધારણ કરતાં, શમે ભવનાં તોફાન છે શ્રી ..... ॥૪॥

વિષાદહરણી મહોદયકારી, લહીએ દીક્ષા હે નરનારી,
કષાય રહિત જો આતમ જાગે, આગાઢ કર્મો તપથી ભાગે,
સિદ્ધિદાયક હે સિદ્ધયંત્ર ! પ્રણમું રાખી બહુમાન છે શ્રી... ॥૫॥
નવપદ પ્રભાવે સુખ રસાળા, પામ્યા શ્રી મયણાને શ્રીપાળ,
નવપદને જે મનમાં રાખે, અમૃત સુખના સ્વાદને ચાખે,
જિનેન્દ્ર આજે આતમ કાજે, કરે નવપદ ધ્યાન પાન છે શ્રી.... ॥૬॥

(૧૨) દુહા

અરિહંત અશરીરી આચાર્યજી, ઉવજ્ઝાયને મુનીરાય,
દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ સહ, ૐ ધ્યાવો સુખદાય..... ॥૧॥
નવપદ નિર્મળા જગમાંહી, સેવક નિર્મળ થાય.
તે કારણ સિદ્ધચક્ર સેવો, દોહગ દૂર પલાય..... ॥૨॥

ઢાળ – રાગ : રાખનાં રમકડા.....

નવપદજી એ નિર્મળા તમે સેવો (૨) શુભ ભાવ ધારી રે,
દુઃખ દોહગ સૌ દૂરે પલાયે, સુખ વિલસે અપારી રે.... નવપદજીએ ॥૧॥
અરિહંત ધ્યાન અરિહંત બનાવે, બાર ગુણે શોભનારાં
ઉજ્જ્વલ વર્ણ કેવલ દિપક, આતમ જ્યોતિ ધરનાર રે.... નવપદજીએ ॥૨॥
બે હજાર ચૌદ પૂનમે આસોની, નવપદ વિધિએ સેવા,
આરાધના અતિ ઉમંગે, બહુ કર્મોને ખેવ્યા રે.... નવપદજીએ ॥૩॥
વિમળેશ્વર સાન્નિધ્ય કરે વળી, ચક્રેશ્વરી પૂરે આશા,
સૂરિ અમૃતનો જિનેન્દ્ર ધ્યાવે, નવપદજી એ ખાસા રે... નવપદજીએ ॥૪॥

(૧૩) રાગ : નારે નહિ માનું યા જાકે મથુરા

સેવો સેવો ભવિજન પ્યારા નવપદ તપ સજાણ
મેવો મેવો ભવિજન પ્યારા શિવપુરનો એ જાણ
આસોને ચૈતર સુદિ સાતમથી, પૂનમ લગી અવધાર
સાડાચાર વરસે એ તપ પૂરો, આંબિલ એકાશી ધાર.. સેવો... ॥૧॥
નમો અરિહંતાણં આદિ પદની, નવકારવાળી વીશ વીશ,
પ્રતિલેખણ પ્રતિકમણ દોય ટંકનું, કરીયે વિશ્વાવીશ.... સેવો... ॥૨॥
દેવવંદન દેવપૂજા ત્રિકાળે, કરીએ કરીએ વિધિશું પચ્ચકખાણ,

આયંબિલ કરી તિવિહાર કરીએ, ગુરુવંદન પૂજો નાણ... સેવો ॥૩॥
બાર આઠ છત્રીસને પચ્ચવીશ સત્તાવીશ સડસઠ.
એકાવન સીત્તેરને પચાસ, સ્વસ્તિક આદિ કરો ઝટ.... સેવો.... ॥૪॥
શાંત દાંત જિતેન્દ્રિય આરાધક, બીજો વિરાધક થાય,
આરાધકનું બુરુ ચિંતવતાં, ધવલ જેવું અનર્થ થાય... સેવો.. ॥૫॥
અષ્ટપ્રકારી રોજ પૂજા કરીએ, નવપદ પૂજા શ્રીકાર,
સત્તરભેદી જિન પૂજા કરીએ, પારણે બેસણું સાર.... સેવો.. ॥૬॥
વિમળેશ્વર ચક્રેશ્વરી પૂજિત, સિદ્ધચક્ર સુખદાય,
અહોનિશ તેહનું ધ્યાન ધરંતા, શ્રીપાળ જયું હિત સદાય... સેવો... ॥૭॥
યથાશક્તિ ઉજમણું કરીએ, મયણા જેવુ રાખે ટેક.
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તે લેશે શિવસુખ છેક.. સેવો .. ॥૮॥

(૧૪) રાગ : મીઠાં લાગ્યા તે થા રુડો લાગે....

આજ મારે આંગણે કલ્પતરુ ઉગ્યો,
વાંછિત ફળ દાતાર રે-ભવિજન ભાવે એહ ભજીએરે,
એહનું દઢ મૂળ અરિહંત ધ્યાઈએ,
ચાર નિક્ષેપે ગુણ બાર રે - ભવિજન ભાવે એહ ભજીએ ॥૧॥
સિદ્ધ સૂરિ પાઠક સાધુ ગુણવંતા, એહની શુભ શાખા ચાર રે, ભવિજન ।૨।
દર્શન, જ્ઞાનને ચારિત્ર તપ છે, ચાર પ્રશાખા મનોહાર રે-ભવિજન ॥૩॥
સત્ત્વ અક્ષર સ્વર વર્ગાદિ પત્રો, દિગ્પાલ આદિ ફલ સાર રે-ભવિજન ॥૪॥
ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, ભજે એ ધન્ય નર સાર રે-ભવિજન ॥૫॥

(૧૫) રાગ : લાખ લાખ દિવડાની

વારંવાર ભવિપ્રાણી, સિદ્ધચક્ર ધ્યાવજો,
લેવાને મુક્તિનું ધામ, ભજીએ નવપદજી નામ રે
અરિહંત સિદ્ધ પ્રભુ કેવલધારી, સૂરિ ઉપાધ્યાય ગુણોની ક્યારી,
મુનિને હોજો પ્રણામ રે-ભજીએ ॥૧॥
દંસણ, નાણ શુદ્ધ ચારિત્ર સાધો, કર્મ વિદારણ તપ આરાધો,
માની જીવન શું દામ રે-ભજીએ ॥૨॥
આસો ચૈત્ર સુદ ધરી ખૂબ હર્ષ, સાતમથી પૂનમ સાર્ધ ચઉ વર્ષ

કરો આંબિલ નિષ્કામ રે ભજીરે - ૩
શાશ્વત પદ વળી શાશ્વત ઓળી, નંદીશ્વર દ્વીપ પૂરે દેવ રંગોળી
શૌભાવે જિનનુ ધામ રે - ભજીરે-૪
સાંજ સવાર તમે પાપ આલોયને, સાંથે સહુ પડિલેહણ કરજો,
કરજો સંથારે આરામ રે - ભજીરે-૫
નવકારવાળી નિત વિવિધ ગણજો, દેવવંદન ત્રણ શિયળ પાળજો,
ધારીને આતમરામ રે .... ભજીરે-૬
આરાધી સિદ્ધચક્ર ન્હવણ લગાડી, શ્રીપાલ તણી પરે રોગ ભગાડો,
લાગે ના કોઇ દામ રે..... ભજીરે-૭
દેવ વિમલેશ્વર, દેવી ચક્રેશ્વરી, સંભાળ રાખે સંકટ લેવે સંહરી,
પૂરે આશા તમામ રે... ભજીરે-૮
સિદ્ધચક્ર લબ્ધિ વિક્રમને આપે, સ્થૂલભદ્રકારી મુક્તિમાં સ્થાપે,
ગાવે કલ્પ ગુણગ્રામ રે... ભજીરે-૯

૧૬ રાગ : સિદ્ધચક્ર વર સેવા કીજે

સર્વ ગુણોમાં જ્ઞાન છે મોટુ, જ્ઞાને પરમાનંદોરે,
આત્મજ્ઞાન છે સર્વમાં મોટુ, ટાળે જે ભવફંદો
જ્ઞાનને ભજીએ જી, જ્ઞાન આતમરુપ, નિજ ગુણ સજીએજી....૧
જ્ઞાનોપયોગે આત્મ રમણતા, સ્વરુપ ક્રિયા છે સાચી જી,
જ્ઞાનોપયોગે ધ્યાન ક્રિયાથી, રહે શો નિજગુણ રાચી જી.....૨
જ્ઞાનોપયોગે સહજ સમાધિ, નિર્લેપે સહુ કરણીજી,
નય નિક્ષેપે જ્ઞાનને જાણે, જે છે ભવમાં તરણી.. જ્ઞાનને...૩
નિજ પરને ઉપકારી શ્રુત છે, જાણે છે સ્યાધ્વાદજી,
અનેકાંતપણે સહુ જાણો, થાસે નહીં ઉન્માદી.. જ્ઞાનને.....૪
જ્ઞાને સવિ કર્મ ક્ષય ક્ષણમાં, કરે છતાં નહીં કર્તાજી,
બુદ્ધિસાગર સદ્‌ગુરુ સેવો, જ્ઞાની ભવોદધિ તરતાં-જ્ઞાનને.....૫

૧૭ રાગ - સિદ્ધિયે નમો સિદ્ધ અનંતા

ચારિત્ર એવું મળો સુખકારી, જાઉં ચારિત્રની બલિહારી રે,

સમભાવે જગ સઘળુ લાગે, રાગ-દ્વેષ નમનમાં જાગે રે... ચારિત્ર...૧
પરભાવે રસ રીઝ ન આવે, રીજ લાગે આત્મ સ્વભાવે રે,
ક્રોધનાં ઉપર ક્રોધ જાગે જ્ઞાને, મન રહેતુ નહી અભિમાને રે.. ચારિત્ર...૨
નિર્દંભને નિર્લોભ ભાવે રહેવું, સુખદુઃખ સમભાવે સહેવુ રે,
દેશવિરતિ સર્વવિરતિ ભેદે, આઠ બાર કષાય ન વેદે રે - ચારિત્ર...૩
રાંક જીવો પણ ચારિત્રને પાળી, પામ્યા મુક્તિ વધુ લટકાળી,
શુકલ શુકલ પરિણામ વધંતા, એ તો અનુભવે જ્ઞાની સંતા રે - ચારિત્ર..૪
મૈત્રી, પ્રમોદને માધ્યસ્થ ભાવે, કરુણાએ હૃદય શુદ્ધ થાવે રે,
નિર્મમ નિરહંકારે પરિણામે, સત્ય સપ્રતિ બધ્ધતા જામે રે - ચારિત્ર...૫
અસ્તેય, બ્રહ્મચર્ય સંતોષે, તજી વ્યસનને સદ્‌ગુણ પોષે રે,
મિત્ર શત્રુ પર રાગ ન રોષ, નહીં નિન્દક દષ્ટિનો દોષ રે - ચારિત્ર..૬
તૃણ મણિપર સમભાવની વૃત્તિ, રહે મનમાંન વિષયાસક્તિ રે,
આપે અનુભવ સુખની ઘટમાં ખુમારી, થાય સકલ કર્મો ઉપકારી-ચારિત્ર..૭
થાય પરમાર્થ પદની યોગ પ્રવૃત્તિ, દોષ અલ્પને બહુ ધર્મનીતિ રે,
બાહ્યકર્મ કરે પણ મોહ ન, એમાં, ફલ આશા રહે નહિં તેમાં રે- ચારિત્ર..૮
અતિચાર દોષ પ્રગટયા સહુ વારે, મળ્યો માનવ ભવ નહીં હારે રે,
શુદ્ધ ઉપયોગથી નિજ આત્મ પ્રકારો, શુભ અશુભ ન મનમાં ભાસે રે-ચારિત્ર.૯
પૂજો ગાવોને એ મનમાં ધ્યાવો, લેવો ચારિત્રનો સત્ય લ્હાવો,
સંયમી મુનિના દર્શન દુઃખ હારી, સેવો ચારિત્રીને નરનારી રે- ચારિત્ર..૧૦
સમકિતવંતાને ચારિત્રની ઇચ્છા, ફરી પુરુષાર્થ ગ્રહે દીક્ષા રે,
ધર્મ શુકલ ધ્યાને આતમ ઋદ્ધિ, બુદ્ધિ સાગર મંગલ સિદ્ધિ રે-ચારિત્ર..૧૧

૧૮ રાગઃ – રખીયા બંધાવો ભૈયા

પ્રાપ્તિ મંગલ શિવસુખની, નવપદનાં ધ્યાને રે, - ટેક
અરિહંત સિધ્ધ સૂરિ વાચક સાધુ પરમેષ્ઠી
દર્શન જ્ઞાને ચારિત્રે, તપથી જે માને રે..... પ્રાપ્તિ-૧
દેવ ગુરુ ધર્મ કેરુ, આરાધન સુખ દેનારુ,
જિનવર પ્રાપ્તિ કરનારું, ગાઓ ગુણગાને રે.... પ્રાપ્તિ-૨
ગુણીજનનું ધ્યાન ધરતા, કર્મો મૂળથી સૌ ટળતા,

ફળ તેથી વાંછિત મળતા, ભવિજન તે જાણે રે - પ્રાપ્તિ-૩
ગાયા જેનાં ગુણ શકે, ઉજ્જ્વળ જે આગમ પત્રે,
સુખકારી સિદ્ધચક્રે, નાચે ઉર તાને રે... પ્રાપ્તિ-૪
કીર્તિ દશ દિશમાં વ્યાપી, હરકત ભવભવની કાપી,
સ્થિરતાને ઉરમાં સ્થાપી, ભાવે જે ભાને રે - પ્રાપ્તિ...૫
જયકારી નવપદ સેવા, આપે અવિચલ સુખ મેવા,
ધ્યાવો એ સુખપદ લેવા, વાંછ્યું શુ જાણે રે - પ્રાપ્તિ....૬
ધ્યાને કુશળતા રાખો, જ્ઞાને મધુરતા ચાખો
હેમેન્દ્ર જિનને પેખો, આત્મ પીછાને રે - પ્રાપ્તિ....૭

૧૯ ભારતકા ડંકા આલમ મેં.....

નવપદ સેવા મંગલ ભાવે, ભવિ ! કાર્યસિદ્ધિ સઘળી લાવે,
અરિહંત સિધ્ધ આચાર્ય પ્રવર, પાઠક સાધુ સેવો ભાવે.... ટેક
દર્શન જ્ઞાને ચારિત્ર તપે, દઢ ભાવધરી એકાગ્ર બનો,
જિનવરનું નિર્મળ ધ્યાન ધરી, અંતર કેરા સૌ શત્રુ હણો - નવપદ-૧
આસોને ચૈત્રે સાતમથી, પૂર્ણિમા સુધી શુભ દિનમાં,
એકાશી આંબિલ આદરવાં, ધરવી શુભવૃત્તિ અંતરમાં - નવપદ...૨
વર્ષો સાડાચાર વીતે તવ તપ સંપૂર્ણ બને જનનું,
કર્મ વિદારક નિશદિન સહાયક, સિધ્ધચક્ર સાધન ભવનું-નવપદ....૩
બે વાર પડિક્કમણા કરવા, પડિલેહણ પણ બે વાર કરવાં,
ત્રિકાળ દેવવંદન પૂજા, નિશદિન જિનવરની ધૂન ધરો - નવપદ...૪
બાર આઠ છત્રીસ પચીસ, સત્તાવીશ સડસઠ એકાવનં,
સીત્તેર પચાસ ધરી દઢતા, શુભ કાઉસ્સગ કર શે પાવન - નવપદ....૫
તપ આરાધે જે વિધિ સાધે, ભવપાર બને શિવસુખ પામે,
મયણાસુંદરી શ્રીપાળ સમા, શુભ સુખ પામ્યા જિનવર નામે - નવપદ..૬
વિમળેશ્વર ચક્રેશ્વરી બન્ને, મનવાંછિતમાં અતિ સહાય કરે,
હેમેન્દ્ર આત્મા ઋધ્ધિ ચાહે, ઉર સિદ્ધચક્રને ધ્યાન ધરે - નવપદ...૯

(૨૦) નાગર વેલીઓ રોપાય

નવપદ સેવા અતિ સુખકાર, મનવાંછિત ફળને દેનાર,

સેવો સિદ્ધચક્ર નરનાર, સઘળા પાપ તાપ હરનાર-ટેક
પ્રથમે અરિહંત સ્તવીયે, બીજા સિદ્ધ પ્રતાપી ભજીએ,
ત્રીજા સૂરીશ્વર મહારાજ, ચોથા વાચક ગુણ ભંડાર-નવ ॥૧॥
પંચમ સાધુ વર સુખકારી, છઠ્ઠું દર્શન ભવદુઃખહારી,
સપ્તમ જ્ઞાન દીપ પ્રકાશ, અષ્ટમ ચરણ અમુલ્ય અપાર-નવ ॥૩॥
નવમું તપ અંતર ઉજાસી, એવા નવપદ સુખરાશી,
મયણાસુંદરીને શ્રીપાળ, આરાધી ઉતર્યા ભવપાર-નવ ॥૪॥
મનવાણી વપુ શુદ્ધિથી, ભૂમિ શયન કરી શીલ પાળો,
ઉત્તમધારી દ્રવ્ય ભાવ, કરવા જાપ તેર હજાર - નવ ॥૫॥
આત્મોન્નતિ જે અપાવે, કર્મોને જે દૂર કરાવે,
એવું આચરવું તપ દિવ્ય, વીતે વર્ષો સાડાચાર-નવ ॥૬॥
નવનિધિને સુખ સિદ્ધિ, જે લાવે આત્માની ઋદ્ધિ,
નિશદિન રાખે નિર્મળ બુદ્ધિ, સેવો સિદ્ધચક્ર સુખકાર-નવ ॥૭॥
વિમલેશ્વરને ચક્રેશ્વરી, મનવાંછિત સહાય આપે,
હેમેન્દ્ર હૃદય ઉલ્લાસ, નવપદ સેવા કરે ભવપાર-નવ ॥૮॥

(૨૧) અબોલડા શાના લીધા છે

સિદ્ધચક્ર સેવા અમૂલ્ય, પુણ્યવંત પામે સદાયે,
એવો ગોતમનો ઉપદેશ, પુણ્યવંત પામે સદાયે-ટેક
હૃદય કમળમાં સિદ્ધચક્ર સ્થાપો, શ્વેત રંગી અરિહંત દેવ-પુણ્ય ॥૧॥
રક્તવર્ણ સિદ્ધને, પીત વર્ણ સૂરિ, નીલવર્ણ પાઠક સુદેહ-પુણ્ય ॥૨॥
શ્યામ રંગધારી સાધુ છે પૂજ્ય જે, નિત્ય નિત્ય શીર ત્યાં પ્રણમે-પણ્ય ॥૩॥
દર્શન જ્ઞાનને ચારિત્ર તપથી, શુદ્ધ ભાવે આત્મા પ્રકાશે-પુણ્ય ॥૪॥
શ્રીપાલ નૃપે કરી આરાધના, કુષ્ટ રોગે યાતના વિરામે-પુણ્ય ॥૫॥
ચૈત્ર આસોની સાતમથી પૂર્ણિમા, તપ ઉત્તમ દિન જાણે-પુણ્ય-૬
વર્ષ સાડાચારે તપ પૂર્ણ થાયે, ભક્તિભાવથી નિત્ય મ્હાણો-પુણ્ય ॥૭॥
શિવસુખ પામ્યા અનંત ભવ્યો, સિદ્ધચક્ર સેવા પ્રભાવે-પુણ્ય ॥૮॥
નવપદ સાધન મુક્તિનું મુખ્ય છે નિશદિન ધ્યાને એ આવે-પુણ્ય ॥૯॥
અજિત ભાવે સિદ્ધચક્ર સેવો, શિવપુર પામો અનુપ એ આવે - પુણ્ય ॥૧૦॥

(૨૨) ભારતકા ડંકા આલમમેં.....

આદિ મંગલ સહુ મંગલમાં, તપ તપીએ સમતા ધારી ઘટમાં,
સહુ કર્મ બળે તપ ઓજસથી, તપ દિવ્ય કરે ભવિને જગમાં-ટેક...
જિનેશ્વર પ્રભુનો જાપ જપી, બાહ્યાભ્યંતર તપ આદરવું,
તપથી વિકારો દૂર હટે, જાગે શુચિ ભાવો અંતરમાં... આદિ.. ॥૧॥
લબ્ધિ ભંડાર મળે તપથી, શિવસુખ પ્રાપ્તિ તપથી મળતી,
સંચિત પાપોને તાપ ટળે, તપ ઉત્તમ જાણો નરભવમાં... આદિ.... ॥૨॥
ભવસાગરને સ્હેજે તરવા, નવનિધિને સિદ્ધિ વરવા,
ઋદ્ધિભંડાર અખૂટ મળે, તપ આદરવું સમતા ગુણમાં... આદિ... ॥૩॥
કામશમન ઈન્દ્રિયદમન, તપના શસ્ત્રો શ્રેષ્ઠ બને,
આજ્ઞા માને સુરલોક તદા, વિઘ્નો સઘળા ટળતા પળમાં... આદિ.. ॥૪॥
કેવળજ્ઞાની શ્રીચંદ્ર બન્યા, તપ વર્ધમાનને આચરતા,
નંદનઋષિ તપના બળથી, પૂજાયા તીર્થંકર પદમાં... આદિ.. ॥૫॥
તપ કનકાવલી રત્નાવલીના, મશહૂર બન્યા આ જગભરમાં,
શાસ્ત્રો ગાયે ગુણ સહુ તપના, એ ભાવ વસો ભવિના ઉરમાં... આદિ.॥૬॥
ધન્નો ખંધક મુનિ ગુણવંતા, વળી વિષ્ણુકુમાર બળવંતા,
તપપદ નમીએ અતિ ભાવે, જઈ વસીયે હોંશે શિવપુરમાં... આદિ.. ॥૭॥
તીર્થંકર પદ પામ્યા રુડું, શ્રી કનકકેતુ મુનિવર તપથી,
દ્વાદશ ભેદે તપ આચરવું, વ્રત નિર્મળ ધારો અંતરમાં.... આદિ... ॥૮॥
તપ અજિત સુખ ઉત્તમ આપો, તપ અંતરના કર્મો કાપે,
હેમેન્દ્ર તણી ભક્તિ રગરગ વ્યાપો, તપ ભાવ રહો સહુ જીવનમાં. આદિ..।૯।

(૨૩) રાગઃ ઘોર અંધારી રે....

હીયડે ધ્યાવું રે નવપદ કેરુ નામ મજાનું આજ.... ટેક
હૃદયકમળની રે મ્હેકે મારી પાંખડીઓ અતિ આઠ
જેમાં સ્થાપુ રે વચમાં, મારા ઉપકારી જિનરાજ-હીયડે... ॥૧॥
મસ્તક ઉપર રે કર્મ વિનાનાં, શોભે સિદ્ધ ભગવાન,
ડાબી બાજુ રે પ્રણમું ભાવે, સૂરીંદને બહુમાન-હીયડે.... ॥૨॥
પલાંઠી નીચે દેખી હરખું, ઉપાધ્યાય ભગવંતા,

જમણી બાજુ રે મહાતપસ્વી, મુનિવર અતિ શોભંત-હીયડે... ॥૩॥
બીજી પાંખડીએ દર્શનપદમાં, મનહું મારું જાય,
ચોથી પાંખડીએ સેવું સદાય હું જ્ઞાનને મનમાં લાય-હીયડે... ॥૪॥
છઠ્ઠી પાંખડીએ બોલ લેજો, ચારિત્ર છે સુખકાર,
આઠમી પાંખડી છે એ તો, તપથી કર્મને ટાળ-હીયડે.... ॥૫॥
નવપદ સેવી રે કંચન દેહડી, પામ્યા શ્રી શ્રીપાળ,
નવપદ જપ તારે વાંછિત પામે, ભવ્ય જીવ શિવમાળ-હીયડે.. ॥૬॥
આસો ચૈત્રે રે સુદ સાતમથી, પૂનમ લગે નવદિન,
કરે એકયાશી રે આંબિલને, તે બને ન ક્યારે ગમગીન-હીયડે.... ॥૭॥
વિશ્વે ચિંતામણી રે સુરધેનુને, સુરતરુ સમ છે પ્રસિદ્ધ,
કેઈ ભવ્યે રે આરાધી તે, શાશ્વત સુખને લીધ-હીયડે... ॥૮॥
ભાવોલ્લાસે રે વિધિપૂર્વક, કરતાં જયજયકાર,
સ્થૂલભદ્ર કલ્પ રે નવપદ કેરો, પામે જગમાં પ્રચાર-હીયડે.... ॥૯॥

(૨૪) કૃપાનિધિ વિનતી અવધારી

સિદ્ધચક્ર વંદો જયકારી, હું તો વારી જઉં હજારી સિદ્ધચક્ર વંદો જયકારી-ટેક,
અરિહંત સિદ્ધ ગુણધારી, આચારજ ઉપકારી,
ઉવજઝાય સકલ અણગારી સિદ્ધ ॥૧॥
વરદર્શન નાણ જીતારી, સુખ કરણ ચરણ હિતકારી,
શમરસ યુત તપ ચિત્ત ધારી-સિદ્ધ ॥૨॥
એ નવપદ દુરિત વિદારી, વળી સહુ જગ જનમનહારી,
તુમે સેવો નિત નિરધારી-સિદ્ધ ॥૩॥
નવપદ સહુ સુરનર રાયા, વદે નિત નિત ગુણ લાયા,
એ તો અશરણ શરણ કહાયા-સિદ્ધ ॥૪॥
નવપદ ભવ જલધિ જહાજા, એ સકલ ભુવન મહારાજા,
નિત ચિત ધરીએ હિત કાજા-સિદ્ધ ॥૫॥
અગણિત જગ જિઉ ઉદારા, નવપદ સ્મરણ ઉર ધારા,
ભયે મુક્તિ રમા ભરતારા-સિદ્ધ ॥૬॥
નવપદ સેવી સુખકંદા, ભયા તે સિરિપાલ નરીંદા,
નીત લહીયા પરમ આણંદા-સિદ્ધ ॥૭॥

નવપદ કે મહિમા ઉદારા, કોઈ પામ ન શકે પારા,
કીતને કહું ગુણ વિસ્તારા-સિદ્ધ ॥૮॥
પાર્શ્વપ્રભુ અંતરજામી, તસુ ચરણં અનુગ્રહ પામી,
શિવચંદ્ર નમે શિરનામી-સિદ્ધ ॥૯॥

(૨૫) માતા રે યશોદાજી મને ચાંદલીયો આપો

પૂજો રે સિદ્ધચક્રને ભાવે વાંછિત આપે,
નરભવ પામી લાહો લીજે ભવદુઃખ કાપે.. ટેક
પહેલે પદ અરિહંત જપીજે, બીજે વળી શ્રી સિદ્ધ,
ત્રીજે આચારજ તીમ સમરો આપે ગુણ વૃદ્ધ-પૂજો રે... ॥૧॥
ચોથે પદે ઉવજ્ઝાય જપીજે, પાંચમે સાધુ
છઠે દર્શન સાતમે નાણ, ભક્તે આરાધુ.... પૂજો રે... ॥૨॥
આઠમે પદ ચારિત્ર નમીજે, નવમે તપ તીમ,
એ નવપદ ભાવે આરાધ્યા, શ્રીપાળે જીમ.... પૂજો રે.... ॥૩॥
મન વચ તનુ ત્રિહું શુદ્ધિ કીજે, પડિક્કમણાં દોય,
દેવ ત્રિકાળે વંદો તીમ વળી, પૂજા ત્રિણ હોય.... પૂજો રે.... ॥૪॥
ગુણણું તેર સહસ ઉત્કૃષ્ટ, અથવા દોય સહસ,
ભૂમિ સંથારો શીલને પાળો, જિનશાસનનું રહસ્ય.... પૂજો રે... ॥૫॥
ઈમ ઓળી નવ કીજે વિધિશ્યું, ચઢે તે ઉચ્છાય,
દ્રવ્યભાવ બેઉસ્યું, સાડાચાર વરસમાંય.... પૂજો રે... ॥૬॥
તપ પૂરે ઉજમણું કીજે તુરત, યથાશક્તિ દર્શન જૈન,
જિમ ષટ્માં દીપે તે દેખાલી વિગતે... પૂજો રે... ॥૭॥
લઘુકર્મીને ક્રિયા ફળ દીયે, સફળો ઉવએસ,
સેર હોય તીંહા કૂવો ખણીએ, તે વિણ સંકલેશ... પૂજો રે... ॥૯॥
એહથી રાજઋદ્ધિ બહુ રમણી, સવિ ગુણની વૃદ્ધિ,
ન્યાયસાગર કહે એહને, સેવો જો વહાલી સિદ્ધિ... પૂજો રે.... ॥૧૦॥

(૨૬)

શ્રી સિદ્ધચક્ર સેવા કરો, જસ ગાજે છે, સિદ્ધ સાધન પૃષ્ટ, ત્રિભુવન રાજે છે
કારણ શિવ સાધન તણાં જસ ગાજે છે, સંખ્યાતીત કહેવાય ત્રિભુવન રાજે છે

કારણ સર્વ શિરોમણી, જસ-જીહાં લહીએ તત્ત્વ વિચાર-ત્રિભુવન....
ધર્મી પાંચ સોહામણાં-જસ-તીહાં લહીએ તત્ત્વ વિચાર-ત્રિભુવન ॥૨॥
વર્જીત દોષ અઢારથી, જસ-અડ પ્રાતિહાર્ય ધાર-ત્રિભુવન....
ચોત્રીસ અતિશય રાજતો-જસ-ગુણ પાંત્રીશ વાણી ઉદાર-ત્રિભુવન ॥૩॥
ગુણઠાણે તેરમે તદા-જસ-ચૌદમે વરતે જિનરાજ-ત્રિભુવન...
દેવતત્ત્વ અરિહંતજી-જસ-પ્રણમો ભવિ આતમકાજ-ત્રિભુવન ॥૪॥
આઠકર્મ ક્ષયથી થયા-જસ-ગુણ અડ એકત્રીશ વિશાળ-ત્રિભુવન....
અવ્યાબાધ સુખી ઘણા-જસ-સાદિ અનંત કાળ-ત્રિભુવન... ॥૫॥
જાણે લોકાલોકને-જસ-પણ નવિ હરખે નવિ શોચ-ત્રિભુવન...
તે પણ દેવ અનંત છે-જસ-એક ઠામે નવિ સંકોચ-ત્રિભુવન ॥૬॥
છત્રીસ છત્રીસી ગુણે જસ ગાજે છે-જસ-ગુરુ તત્ત્વ મુખ્ય કહાય-ત્રિભુવન....
તીર્થંકર સમ તેહ છે-જસ-ગૌતમ પ્રમુખ સૂરિરાય-ત્રિભુવન ॥૬॥
સૂરિ સમ પાઠક વળી-જસ-પણવીસ ગુણવંત મહંત ત્રિભુવન....
સયલ જીવ ઉપગારીયા-જસ-પ્રણમો ગુરુ પદ વિરતંત-ત્રિભુવન ॥૮॥
શિવમારગ સાધક મુનિ-જસ-કરે અરસ વિરસ આહાર-ત્રિભુવન..
તે પણ ગુરુ તત્ત્વે નમો-જસ-ગુણ સત્તાવીશ આધાર-ત્રિભુવન ॥૯॥
સમકિત સડસઠ ભેદથી-જસ-આરાધો થઈ ઉજમાળ-ત્રિભુવન...
ભેદ એકાવન નાણના-જસ-સમજો ગુરુ નિકટ રસાળ-ત્રિભુવન ॥૧૦॥
સિત્તેર ભેદ ચરણ તણા-જસ-તીમ તપના ભેદ પચાસ -ત્રિભુવન...
ધર્મ તત્ત્વ એ ચારમાં-જસ-વંદો આણી ઉલ્લાસ-ત્રિભુવન ॥૧૧॥
ઈણપરે બહુવિધ અવતરે-જસ-સાધન નવપદમાં સાર-ત્રિભુવન....
ગુણ કુણ કહી શકે એહના-જસ-જો હોય મુખ જીભ હજાર-ત્રિભુવન ॥૧૨॥
વિધિપૂર્વક આરાધતાં-જસ-લહે જિમ શિવ શ્રીપાળ - ત્રિભુવન....
જિન ઉત્તમ ગુણ ગાવતા-જસ-ઈમ પદ્મને મંગળમાળ-ત્રિભુવન.... ॥૧૩॥

(૨૭) રાગઃ મુજસે લ્યોને જાલીમ જાટની

તત્વ તે ત્રણ છે જેહમાં, દેવ ગુરુને ધર્મ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ધર્મી ધર્મ વળી એહમાં, જે જિનશાસન મર્મ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ચોત્રીસ અતિશય રાજતો, વાણી ગુણ રે પાંત્રીશ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
અરિહા દેવ પહેલે પદે, વિચરે છે જેહ વીશ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે

શ્રી રુપાતીત પરમાતમા, ગુણ વરીયા એકત્રીશ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ગુણ છત્રીસ સૂરિ નમો, છત્રીસ છત્રીસી જશ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
પાઠક ગુણ પચવીસથી, ભણીયે સૂત્ર જઈ પાસ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ગુણ સત્તાવીશ ધારજે, મુનિવર નમિયે ઉલ્લાસ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
સમ્યર્ગ દર્શન પદ છઠ્ઠે, ભલું સાતમે નાણ વિલાસ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ચારિત્ર આઠમે જાણીયે, નવમે તપ ગુણ આણ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
આરાધો ભવિ એહને, જિમ લહો કોડ કલ્યાણ, શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
શિવ લહીએ એહ સાધતા, જિમ જગ કુંવર શ્રીપાળ - શ્રી સિદ્ધચક્રને જઉં ભામણે
ઉત્તમવિજય કૃપાથકી પદ્મનમે મંગલમાળ - સિધ્ધચક્રને જઉ ભામણે

(૨૮)

તીરથ નાયક જીનવરુજી, અતિશ જાસ અનુપ
સિધ્ધ અનંત મહાગુણીજી, પરમાણંદ સ્વરુપ
ભવિક મન ધારજોરે, ધારજો નવપદ ધ્યાન, ભવિક મન ધારજોરે ॥૧॥
શ્રી આચારજગણધરુરે, ગુણા છત્રીસ નિવાસ
પાઠક પદ્યર મુનિવરુજી, શ્રુતદાયક સુવિલાસ - ભવિક ॥૨॥
સમિતિ ગુમિધર શોભતાજી, સાધુ સમતાવંત
સમ્યગ દર્શન સુંદરુ જી, જ્ઞાનપ્રકાશ અનંત ભવિક ॥૩॥
સંવર સાધનાચરણ છેરે, તપ ઉત્તમા વિધિ હોય
એ નવપદના ધ્યાનથીરે, નિરુપાધિક સુખ હોય - ભવિક (૪)
અમૃત સમ જિન ધર્મનોરે, મૂલ એનવપદ જાન
અવિચલ અનુભવ કારણેજી, નિતપ્રતિ નમત કલ્યાણ - ભવિકા

(૨૯)

ભવિયા શ્રી સિધ્ધચક્ર આરાધો, તુમે મુક્તિ મારગને સાધો,
ઈહ નરભવ દુર્લભ લાધો, હો લાલ, નવપદ જપ જપીજે..... ॥૧॥
ત્રણ ટંક દેવ વાંદીજે, ત્રિહું કાળે જિન પૂજીજે,
આંબિલ તપ નવદિન કીજે, હો લાલ-નવપદ.... ॥૨॥
સુદી આસો ચૈત્ર જ માસે, તપ સાતમથી અભ્યાસે,
પદ સેવ્યા પાતક નાસે, હો લાલ-નવપદ....॥૩॥
મયણાને નૃપ શ્રીપાળે, આરાધ્યા મંત્ર ઉજમાળે,
એહ દુઃખ દોહગને ટાળે, હો લાલ-નવપદ..... ॥૪॥

એહની જે સેવા સારે, તસ મયગલ ગાજે બારે,
ઈતિ ભીતિ અનીતિ નિવારે હો લાલ-નવપદ..... ॥૫॥
મિથ્યાત્વ વિકાર અનિષ્ટ, ઝટ જાયે દોષી દુષ્ટ,
ઈણ સેવ્યા સમકિત પુષ્ટ - હો લાલ-નવપદ..... ॥૬॥
જસવંત જિનેન્દ્ર શું સાખે, ભાવ સિદ્ધચક્રનાં ગુણ ભાખે,
તે જ્ઞાન વિનોદ રસ ચાખે, હો લાલ - નવપદ..... ॥૭॥

(૩૦) રાગઃ ચિંતામણી સ્વામી સચ્ચા.....

આરાધો પ્રાણી સાચી નવપદ સેવા.....
નવનિધિ આપે, નવપદ સેવે, ઈમ ભાખે શ્રી જિનદેવા.... આરાધો... ॥૧॥
શ્રી સિદ્ધચક્ર ધરો નિત્ય દિલમેં, જૈસે ગજ મન રેવા..... આરાધો... ॥૨॥
અરિહંતાદિક એક પદ જપતાં, હાં રે લહીયે સુખ સદેવા... આરાધો.... ॥૩॥
સમુદિત જપતાં કિમ કરી ન કરે, સુરસુખ દ્રુમ ફળ સેવા.... આરાધો... ॥૪॥
જિનેન્દ્ર કહે ઈમ જ્ઞાન વિનોદે, હર્ષિત થો નિત મેવા.... આરાધો..... ॥૫॥

(૩૧) રાગ : સારંગી

ગૌતમ પૂછત શ્રી જિન ભાખત, વચન સુધારસ પાનકી,
બલિહારી નવપદ ધ્યાનકી..... ॥૧॥
નવપદ સેવે નવમેં સ્વર્ગે પાવત, ઋદ્ધિ વિમાનકી.... બલિ.... ॥૨॥
યાકી મહિમા વલ્લભ હમકું, જૈસે જસોદા કાનકી... બલિ..... ॥૩॥
પાવે રુપ સરુપ મદનસો, દેહી કંચન વાનકી... બલિ..... ॥૪॥
યાકી ધ્યાન હૃદય જબ આવત, ઉપજત લહેરી જ્ઞાનકી..... બલિ.... ॥૫॥
સમકિત જ્યોતિ દિલ ભિંતર, જૈસે લોકનમેં ભાનકી.... બલિ.... ॥૬॥
જિનેન્દ્ર જ્ઞાન વિનોદ પ્રસંગે, ભક્તિ કરો ભગવાનકી... બલિ.... ॥૭॥

(૩૨) રાગ : પૂજ્ય પધારો મરુ દેશે

નવપદ મહિમા સાંભળો, વીર ભાખે હો સુણો પર્ષદા બાર કે -
એ સરીઓ જગ કો નહીં, આરાધ્યો હો શિવપદ દાતાર કે... નવ.... ॥૧॥
નવ ઓળી આંબિલ તણી, ભવિ કરીએ હો મનને ઉલ્લાસ કે,
ભૂમિશયન બ્રહ્મવ્રત ધારો, નિત સુણીએ હો શ્રીપાળનો રાસ કે - નવ.. ॥૨॥
નવ વિધિપૂર્વક તપ કરી, ઉજમણું હો કીજે વિસ્તાર કે,
સાહમી, સામિણી પોષીએ, જેમ લહીએ હો ભવનો નિસ્તાર કે - નવ.. ॥૩॥

નરસુખ સુરસુખ પામીએ, વળી પામે હો ભવ ભવ જિનધર્મ કે,
અનુક્રમે શિવપદ પણ લહે, જિહાં મોટો હો અક્ષય સુખ શર્મ કે - નવ.. ॥૪॥
સાંભળી ભવિયણ દીલ ધરો, સુખદાયી હો નવપદ અધિકાર કે,
વચન વિનોદ જિનેન્દ્રનો, મુજ હો જો હો ભવ ભવ આધાર કે - નવ.... ॥૫॥

(33)

સમરી સારદ માય, પ્રણમી નિજ ગુરુ પાય,
આ છે લાલ, સિદ્ધચક્ર ગુણ ગાયશું જી,
એ સિદ્ધચક્ર આધાર, ભવિ ઉતરે ભવપાર,
આ છે લાલ, તે ભણી નવપદ ધ્યાયશં જી ॥૧॥
સિદ્ધચક્ર ગુણગેહ, જસ ગુણ અનંત અછેહ,
આ છે લાલ, સમર્યા સંકટ ઉપશમેજી ॥૨॥
લહીએ વાંછિત ભોગ, પામી સવિ સંજોગ,
આ છે લાલ, સુરનર આવી બહુ નમે જી ॥૩॥
કષ્ટ નિવારે એહ, રોગ રહિત કરે દેહ,
આ છે લાલ, મયણા સુંદરી શ્રીપાલનેજી ॥૪॥
એ સિદ્ધચક્ર પસાય, આપદા દૂરે જાય,
આ છે લાલ, આપે મંગલ માલનેજી ॥૫॥
એ સમ અવર ન કોય, સેવે તે સુખીયો હોય,
આ છે લાલ, મન વચ કાયા વશ કરીજી ॥૬॥
નવ આંબિલ તપ સાર, પડિક્કમણું દોય વાર,
આ છે લાલ, દેવવંદન ત્રણ ટંકનાજી ॥૭॥
દેવ પૂજે ત્રણ વાર, ગણણું તે દોય હજાર,
આ છે લાલ, સ્નાન કરી નિર્મલ જળેજી ॥૮॥
આરાધે સિધ્ધચક્ર સાનિધ્ય કરે તેની શક્ર
આછેલાલ જિન જન આગેભણેજી ॥૯॥
એ સેવો નિશ દિશ, કહીએ વિશવાવીશ,
આછેલાલ, આળ જંજાળ સવિ પરિહરોજી ॥૧૦॥
એ ચિંતામણી રત્ન, એહના કીજે જત્ન,
આ છે લાલ, મંત્ર નહીં એહ ઉપરે જી ॥૧૧॥
શ્રી વિમલેસર જક્ષ, હો જો મુજ પ્રત્યક્ષ,

આ છે લાલ, હું કિંકર છું તાહરો જી ॥૧૨॥
પામ્યો તું હી જ દેવ, નિરંતર કરું હવે સેવ,
આ છે લાલ, દિવસ વળ્યો હવે માહરો જી ॥૧૩॥
વિનંતી કરુ છું એહ, ધરજો મુજ શું નેહ,
આ છે લાલ, તમને શું કહીએ વળી વળી જી ॥૧૪॥
શ્રી લબ્ધિ વિજય ગુરુરાય, શિષ્ય કેસર ગુણ ગાય,
આ છે લાલ, અમર નમે તુજ લળી લળી જી ॥૧૫॥

(૩૪) ઢાળ–૧

જી હો પ્રણમું દિન પ્રત્યે જિનપતિ લાલા, શિવસુખકારી અશેષ,
જી હો આસોઈ ચૈત્રી ભણી લાલા, અઠ્ઠાઈ વિશેષ,
ભવિકજન જિનવર જગ જયકાર.... ॥૧॥
જી હો જિહાં નવપદ આધાર ભવિકજન જિનવર જગ જયકાર-ટેક....
જી હો તેહ દિવસ આરાધવા લાલા નંદિશ્વર સુર જાય.
જી હો જીવાભિગમ માંહે કહ્યું, લાલા કરે અડદિન મહિમાય-ભવિ ॥૨॥
જી હો નવપદ કેરા યંત્રની લાલા, પૂજા કીજે રે જાપ,
જી હો રોગ શોક સવિ આપદા, લાલા નાસે પાપનો વ્યાપ-ભવિ ॥૩॥
જી હો અરિહંત સિદ્ધ આચારજ લાલ, ઉવજ્ઝાય સાધુ એ પંચ,
જી હો દંસણ નાણ ચારિત્ર તપો લાલા, એ ચઉગુણનો પ્રપંચ-ભવિ ॥૪॥
જી હો નવપદ આરાધતા લાલા, ચંપાપતિ વિખ્યાત,
જી હો નૃપ શ્રીપાળ સુખીયો થયો લાલા, તે સુણજો અવદાત-ભવિ ॥૫॥

ઢાળ–૨ કોઈલો પર્વત ઘૂંઘલો રે....

માલવ ધુર ઉજ્જેણીએ રે લોલ, રાજ્ય કરે પ્રજાપાલ રે સુગુણનર
સુરસુંદરી મયણાસુંદરી રે લોલ, બે પુત્રી તસ બાલ રે સગુણનર
શ્રી સિદ્ધચક્ર આરાધીએ રે લોલ, જેમ હોય સુખની માળ રે સગુણનર-ટેક ॥૧॥
પહેલી મિથ્યાશ્રુત ભણી રે લોલ, બીજી જિન સિદ્ધાંત રે સગુણનર
બુદ્ધિ પરીક્ષા અવસરે રે લોલ, પૂછો સમસ્યા તુરંત રે સગુણનર - શ્રી ॥૨॥
તુઠો નૃપ વર આપવા રે લોલ, પહેલી કરે તે પ્રમાણ રે સગુણનર
બીજી કર્મ પ્રમાણથી રે લોલ, કોપ્યો તે તવ નૃપ ભાણ રે સગુણનર-શ્રી ॥૩॥
કુષ્ઠી વર પરણાવીયો રે લોલ, મયણા વરે ધરી નેહ રે સગુણનર

રમા હજીય વિચારીયે રે લોલ, સુંદર વિણસે તુજ દેહ રે સગુણનર-શ્રી ॥૪॥
સિદ્ધચક્ર પ્રભાવથી રે લોલ, નિરોગી થયો જેહ રે સુગુણનર,
પુણ્ય પસાયે કમલા લહી રે લોલ, વાધ્યો ઘણો સસનેહ રે સગુણનર-શ્રી ॥૫॥
માઉલે વાત તે જબ લહી રે લોલ, વાંદવા આવ્યો ગુરુ પાસ રે સગુણનર
નિજ ઘર તેડી આવ્યો રે લોલ, આપે નિજ આવાસ રે સગુણનર - શ્રી ॥૬॥
શ્રીપાળ કહે કામિની સુણો રે લોલ, હું જઉં પરદેશ રે સગુણનર
માલમત્તા બહુ ભાવશું રે લોલ, પૂરશું તુમ તણી ખાંત રે - સગુણનર-શ્રી ॥૭॥
અવધિ કરી એક વર્ષની રે લોલ, ચાલ્યો નૃપ પરદેશ રે - સગુણનર
શેઠ ધવલ સાથે ચાલ્યો રે લોલ, જલપંથે સુવિશેષ રે - સુગુણનર - શ્રી ॥૮॥

ઢાળ - ૩ રાગ : ઈડર આંબા આંબલી રે

પરણી બબ્બર પતિ સુતા રે, ધવલ મુકાવ્યો જ્યાં,
જિનવર બાર ઉઘાડતે રે, કનકકેતુ બીજી ત્યાંહ ચતુરનર, શ્રી શ્રીપાળ ચરિત્ર ।૧।
પરણી વસુપાળની રે, સમુદ્ર તટે આવંત,
મકરકેતુ નૃપની સુતા રે, વીણા વાદે રીઝંત-ચતુરનર ॥૨॥
પાંચમી ત્રૈલોક્ય સુંદરી રે, પરણઈ કુબ્જ રુપ,
છઠ્ઠી સમસ્યા પૂરતી રે, પંચ સખીશું અનુપ રે-ચતુરનર ॥૩॥
રાધાવેધી સાતમી રે, આઠમી વિષ ઉતાર,
પરણી આવ્યો નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર - ચતુરનર ॥૪॥
પ્રજાપાળે સાંભળી રે, પરદેસ કેરી વાત,
ખંધે કુહાડો લઈ કરી રે, મયણા હુઈ વિખ્યાત રે - ચતુરનર ॥૫॥
ચંપારાજ્ય લઈ કરી રે, ભોગવી કામિતભોગ,
ધર્મ આરાધી અવતર્યો રે, પહોતો નવમે સુરલોક-ચતુરનર ॥૬॥

ઢાળ-૪ રાગ : કંત તમાકુ પરિહરો

એ મહિમા સિદ્ધચક્રનો, સુણી આરાધે સુવિવેક મેરે લાલ.....
શ્રી સિદ્ધચક્ર આરાધીએ.... ॥૧॥
અડદલ કમળની સ્થાપના, મધ્યે અરિહંત ઉદાર મેરે લાલ,
ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, વક્ર દિશે ગુણધાર મેરે લાલ-શ્રી ॥૨॥
બે પડિક્કમણા જંત્રની પૂજા, દેવવંદન ત્રિકાળ મેરે લાલ,
નવમે દિન સુવિશેષથી, પંચામૃત કીજે પખાલ મેરે લાલ-શ્રી ॥૩॥
ભૂમિશયન બ્રહ્મવિધ ધારણા, રુંધી રાખો ત્રણ જોગ મેરે લાલ

ગુરુ વૈયાવચ્ચ કીજીએ, ધરો સદહણા ભોગ મેરે લાલ-શ્રી ॥૪॥
ગુરુ પડિલાભી પારીએ, સાહમી વચ્છલ્લ પણ હોય મેરે લાલ
ઉજમણા પણ નવનવા, ફલધાન્ય રયણાદિક ઢોય મેરે લાલ-શ્રી ॥૫॥
ઈહભવ સવિ સુખસંપદા, પરભવે સવિ સુખ થાય મેરે લાલ,
પંડિત શાંતિવિજય તણો, કહે માનવિજય ઉવજઝાય મેરે લાલ-શ્રી ॥૬॥

(૩૫) અરિહંત પદ સ્તવન

અરિહંત પદ આરાધીએ, આણી ભાવ ભવિક જીવ,
અઘહર મદ મોચન ધણી, જ્યોં કંચન શુદ્ધ તાવ ભવિક જીવ-અરિહંત ॥૧॥
ત્રીજે રે ભવ ધ્યાનથી, સમકિત બીજ અંકુર રે ભવિક જીવ
અરિહંત પદ શુદ્ધ અનુગ્રહે, સબલ કરમ ચકચૂર રે ભવિક જીવ-અરિહંત ॥૨॥
અલખ નિરંજન આતમા, ઘટ ઘટ ભાવ પ્રકાશ રે ભવિક જીવ
ભરમ તિમિર ઘન સંહરે, જ્યોં રવિ કિરણ ઉજાસ રે ભવિક જીવ-અરિહંત ॥૩॥
મોર પયોધર ઋતુ સમે, હરખે ચિત્ત ઉદાર રે ભવિક જીવ
જિનવાણી હિયડે ધરી, ઉપજે અનુભવ સાર રે ભવિક જીવ-અરિહંત ॥૪॥
જલનિધિ જળ કોણ ભર શકે, કોણ તોલ નગરાજ રે ભવિક જીવ
કહે જિનપદ્મ મુનીશ્વર, ત્રિભુવન જગ શિરતાજ રે ભવિક જીવ - અરિહંત ॥૫॥

(૩૬) સિદ્ધ પદ સ્તવન

સિદ્ધ શુદ્ધ આતમા રે, આણી સમતા અંગ,
સિદ્ધ સમરંતા રે સુગતિ પાણો વરે, લોહાપાર સસંગ-ભવિજન વંદોજી ॥૧॥
પંચદશ ભેદે સિદ્ધપણુ વરી રે, મેટી સકલ ઉપાધિ,
નિજ ગુણ ધ્યાને ઉજ્જ્વલ આતમા રે, અધ્યાતમ પદ સાધ-ભવિ ॥૨॥
સબલ કરમ રે સંગે વિલુધીયો રે, ચેતન ચિહુગતિ સંગ
સકલ કરમ મલ મેટી જ્ઞાનથી રે, પામી મુક્તિ ઉત્તંગ-ભવિ ॥૩॥
ઈમ શુદ્ધ ભાવે રે ભવિ તુમે વાંદજો રે, સિદ્ધ સકલ શુચિ જ્ઞાન,
એ પદ ધ્યાતા ચેતન જિન હુએ રે, ઈયલ જ્યું ભમરી ધ્યાન-ભવિ ॥૪॥
શુચિ સંવેગી સમતા આગરુ રે, પરમાતમ સુખકંદ,
અદભૂત જ્યોતિમાં-હે સદા રે, પભણે પદ્મ સૂરીંદ-ભવિ ॥૫॥

(૩૭) આચાર્ય પદ સ્તવન

સૂરિ સકલ વાંદીએ, પદ ત્રીજે હો મદ મચ્છર ટાળ કે
પ્રકટે આતમ પ્રબોધતા, તસ વિકસે હો જગજીવન ધાર કે-સૂરિ ॥૧॥

પંચાચારપણું ગ્રહી, વ્રત પાળે હો તીક્ષ્ણ ધાર કે,
કુમતિ કંદર્પ કુકુર્મને, જિમ જવાલે હો વન પવન તુષાર કે-સૂરિ ॥૨॥
અપ્રમત્ત ભાવે દેશના, ટાળી વિષતા હો વળી વિષય કષાય કે,
ભવ્ય સુણી મોહી રહ્યા, જીમ મધુકર હો નિત્ય કમલ લોભાય કે. સૂરિ ॥૩॥
સારણ વારણ ચોયણ, પડિચોયણા હો ઈમ ચાર વિચાર કે,
યુગપ્રધાન પણું વરી, ભદ્ર ટાળે હો આણી ઉપકાર કે-સૂરિ ॥૪॥
ગુણ છત્રીસ શું શોભતા, પટધારી હો જગદિપક આપ કે,
કહે જિનપદ્મ મુનીશ્વર, તસ સ્મરણે હો મીટે તનુ તાપ કે-સૂરિ ॥૫॥

(૩૮) ઉપાદ્યાય પદ સ્તવન

ચૌથે પદ ઉવજઝાય જપીજે, નિત્ય સમકિત દઢ ચિત કીજે રે સમતા રસ આણી
જડપણુ તજી ચેતન શુદ્ધ ધારે, ભવિક આતમ કાજ સુધારે-સમતા રસ આણી ॥૧॥
અંગ ઉપાંગ બહુ સૂત્ર જાણે, નિજ આત્મ તત્વ પિછાણે રે-સમતા રસ આણી
શુદ્ધ પચીશ ગુણે વિકસતાં, શુચિ નિરુપમ ધર્મ દીપતા રે સમતા રસ આણી ॥૨॥
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાજે, વાણી મેઘ તણી પરે ગાજે રે સમતા રસ આણી
ઉલટ આણી ભવિ જન ધારો, નિજ કર્મ ઉપાધિ વિદારો રે - સમતા રસ આણી ॥૩
અનુભવ ધર તીક્ષ્ણ વ્રત પાળે, નિત્ય જિનશાસન અજવાળે રે-સમતા રસ આણી
સિદ્ધા માન મહાતપ મોડી. વદે પદ્મસૂરિ કર જોડી રે-સમતા રસ આણી ॥૪॥

(૩૯) સાધુ પદ સ્તવન

મુનિ પંચમ પદ વાંદીએ, સમતા રસના ધોરી રે,
શાન્ત સુધારસ વયણશું, આશા પૂરો મોરી રે - મુનિ ॥૧॥
ચારિત્ર રત્ન ચૂડામણિ, સમિતિ પંચ પ્રકાશે રે
દશવિધ ધર્મ મુનિતણો, પાળે શુદ્ધ આચારો રે-મુનિ ॥૨॥
અઢાર સહસ્સ શીલાંગના, ગુણ ધારે નિજ અંગે રે,
ષટ્કાયક પ્રતિપાલના, વિચરે વસુધા ઉછરંગે રે-મુનિ ॥૩॥
ફુલેજી તરુ ઋતુરાજ રે, બેઠે ભમર અપારો રે,
તસુ પીડા વ્યાપે નહીં, ઈણવિધ લ્યે મુનિ આહારો રે - મુનિ ॥૪॥
ગુણનિધિ કરુણા આગરુ, સમતા રસના દરીઆ રે,
વદે પદ્મ મુનીશ્વરુ, ઈણવિધ તરીઆ રે - મુનિ ॥૫॥

(૪૦) દર્શન પદ સ્તવન

સમ્યક્ત્વ નામે હો દર્શન પદ નમું રે, આપી સુમતિ ઉદાર,
સડસઠ બોલે હો જિનવર વર્ણવ્યુ રે, સૂત્ર સિદ્ધાંત મોઝાર - સમ્ય ॥૧॥
પંચ પ્રકાર હો ઉપશમ આદિથી રે, જ્ઞાનાદિક ગુણ જોય,
ઉજ્જ્વળ ધ્યાને હો દર્શન સેવીયે રે, રાગાદિક મલ ખોટા-સમ્ય ॥૨॥
દર્શન સમ્યગ હો શુદ્ધ પ્રકટયા વિના રે, ચારિત્ર જ્ઞાનનો ભંગ,
જળધર ધારા હો જગ વ્યાપે નહીં રે, તો વિણસે લોક ઉમંગ-સમ્ય ॥૩॥
તત્ત્વ ત્રિભેટે હો જિનવર નિજ કહ્યા રે, તપ જપ ધ્યાન આચાર,
એસા હું ફલે સમ્યગ દર્શન રે, વિકસે જ્યું વન જળ ધાર-સમ્ય ॥૪॥
સુજાતિ સંવેગી હો શુધ્ધ સ્વરુપના રે, દર્શન જ્ઞાન દિણંદ,
ભવિજન ધારો હો દર્શન નેહશું રે, પભણે પદ્મ સૂરીંદ-સમ્ય ॥૫॥

(૪૧) જ્ઞાન પદ સ્તવન

જ્ઞાનપદ હિતધાર, ભવી એ તો જ્ઞાનપદ હિતધાર, ભરમ તિમિર વિહાર....
ભવી એ તો જ્ઞાનપદ હિતધાર...
સર્વરાત્રીમાં ઈન્દુભંજન, દિવસ રવિ નિરધાર
જગતજન્તુ મોહ મદ ઘર, તાસ ભંજન કાર-ભવિ ॥૧॥
વિકટ વનમેં પ્રભા સુરતરુ, વિનય શુચિ ગુણસાર,
વસુધામાંહે શોભત મેરુ, શિવપંથ જ્ઞાન ઉદાર - ભવિ ॥૨॥
પરમપંચ પ્રકાર અનુપમ, મતિ શ્રુત અવધિ વિચાર,
જનની ઉદરે ધર્યા જિનવર, સંયમે ચોથો સાર-ભવિ ॥૩॥
સઘનઘાતી કર્મ વન દલ, પવન તાસ તુષાર,
જગત જિનવર નામધર શુચિ, ઉદ્ધર્યો આગમ અપાર - ભવિ ॥૪॥
સુમતિધર ભવિ જ્ઞાન, તજ મદ મેટી વિષય વિકાર,
પદ્મસૂરિ ભણે નિજ હેતે, જ્ઞાનથી હોય નિસ્તાર-ભવિ ॥૫॥

(૪૨) ચારિત્ર પદ સ્તવન

વંદો ભવિ ચારિત્ર ગુણ ધામી, અષ્ટમપદ અભિરામી રે,
સમતા રસ અંગે પૂરણપામી, વિપત વિઘ્નહરણ કામી રે... વંદો ॥૧॥
અંબ પ્રભાવે અંબુજ પ્રકટે, પરિમલ પાવન પ્રકાશે રે,
ધર્મ નિપુણતા જ્ઞાન વિકાસે, ચારિત્ર તાસ ઉજાસે રે... વંદો ॥૨॥
સામાયિક છેદોપસ્થાપનીય, વળી પરિહારવિશુદ્ધિ રે,

સૂક્ષ્મ સંપરાય દશમે ગુણઠાણે, અંતર્મુહૂર્ત પ્રસિદ્ધ રે.... વંદો ॥૩॥
યથાખ્યાત ચારિત્ર પ્રધાને, કેવલ નિકટ વિભાસે રે,
વરતે ક્ષીણ મોહ ગુણઠાણે, કર્મ કઠોર વિનાશે રે... વંદો ॥૪॥
રંક પણ જેહ હૃદય ધરંતા, ધ્યાવે ઈન્દ્ર આણંદો રે,
વદે પદ્મસૂરિ નિજ હેતે, અષ્ટમપદ સુખકંદો રે... વંદો ॥૫॥

(૪૩) તપ પદ સ્તવન

નવમે પદ પ્રણમુ મુદા રે, તપ આતમ શુદ્ધિ હેતુ,
અમલ અથિરપદ પરિહરી રે, કર્મ ભંજન ધૂમકેતુ
ભવિક જીવ ! ધારો તપ શિવ હેત, જવાલે કર્મનું ક્ષેત્ર-ભવિક જીવ! ।૧॥
વિકટ સઘન વન સંહરે ૨, દાવનલ અસરાલ,
જ્વાલે કર્મ કષાયને રે, ક્ષમા સહિત તપ પાલ - ભવિક જીવ.... ॥૨॥
દ્વાદશવિધ તપસ્યા તણા રે, આગળ અંગ મઝાર,
બાહ્ય - અભ્યંતર ભેદશું રે, ષટ્ ષટ્ ભેદ વિચાર - ભવિક જીવ.. ॥૩॥
અરિહંત જાણે જ્ઞાનથી રે, ઈણ ભવ મોક્ષ પહોંચત,
ક્ષમા સહિત તપ આદરે રે, ધારે શુચિ મન ખંત - ભવિક જીવ... ॥૪॥
આમોસહી આદે કરી રે, અષ્ટ મહાસિદ્ધિ જામ,
ઉપજે ગણધર વૃન્દને રે, સારે સંઘના કામ-ભવિકજીવ... ॥૫॥
વન તરુવૃન્દ વિકસ્યા સહી રે, વાજે વાય કુવાય,
નવિ ફલે નવી ફલી શકે રે, તીમ ક્ષમા રહિત તપ જાય-ભવિકજીવ... ॥૬॥
તપ પદ શુચિ આરાધતા રે, ત્રુટે કર્મની કોડ,
પદ્મસૂરિ ભણે નેહશ્યુ રે, માન મહાતમ મોડ-ભવિકજીવ... ॥૭॥

(૪૪) કળશ

નવપદ ધ્યાન પ્રભાવથી, શિવ શુચિ પદ પાવે,
ભરમ તિમિર ઘન સંહરે, સમતા રસ આવે... નવપદ.... ॥૧॥
કરમ કલંક પંકે કરી, ભ્રમ ચેતન પાવે,
ચિહું દિશિ ભ્રમત ફીરિ સદા, મૃગમિંદ ન પાવે... નવપદ... ॥૨॥
સદગુરુ સંગ પણો વરી, જડપદ મીટ જાવે,
ઉપલ અનલ પ્રભાવથી, કલધૌત કહાવે.... નવપદ..... ॥૩॥
શુધ્ધ સંવેગપણું વરી, મમતા તજી ધ્યાવે,
ભવોદધિ ભ્રમણપણું મટે, ચેતન જિન થાવે.... નવપદ ... ॥૪॥

શુદ્ધ સ્વરુપ પણે કરી, નિજ કર્મ ખપાવે,
કહે જિનપદ્મ મુનીશ્વર, જ્યોતિ રુપ કહાવે.... નવપદ.... ॥૫॥

(૪૫) રાગ : સિદ્ધાચલના વાસી

સિદ્ધચક્ર આરાધી, પામો ભવનો પાર ભવીયાં,
અઢાર દોષ રહિત અરિહંતા, સકલ ગુણ સહિત ભગવંતા,
પ્રાતિહાર્ય અડધાર ભવિયાં ॥૧॥
સિદ્ધપ્રભુજી શિવવહુ રસીયા, પણ ભક્તે મુજ મનમાં વસીયાં,
અક્ષય સુખ દેનાર ભવિંયા ॥૨॥
આચારજ આચારે બળીયા, જેહનાં દર્શે પાપ જ ટળીયાં,
શુદ્ધ માર્ગ કથનાર ભવિયાં ॥૩॥
ઉપાધ્યાય પણવીસ ગુણધારા, ભવિપંકજ વિકસીત કરનારાં,
વિમળ બુદ્ધિ ભંડાર ભવિયાં ॥૪॥
સંયમ વ્યાપારને કરનારાં, જીવને સહાય કરનારાં
મુનિ શાસન શણગાર ભવિયાં ॥૫॥
દર્શન વિદ્યા છે હિતકારી, ચારિત્ર તપની છે બલિહારી,
જીવજીવન આધાર ભવિયાં ॥૬॥
સિધ્ધ થયા થાયે ને થાશે, જાણો નવપદ પ્રભાવ રાશે,
ચૌદ પૂરવનો સાર ભવિયાં ॥૭॥
જે પ્રાણી નવપદને ધ્યાવે, શ્રી શ્રીપાળ પરે સુખ પાવે,
અમૃત આનંદકાર ભવિયાં ॥૮॥

(૪૬)

અરિહંત પદ મન રંગ, ચિદાનંદ, અરિહંત પદ મન રંગ
ચિદાનંદ ધન મંગળ રુપી, મિથ્યાતિમિર દિનંદ-ચિદા-અરિ ॥૧॥
ચૌતીશ અતિશય પૈતીશ વાણી, ગુણ વારે સુખકંદ-ચિદા-અરિ ॥૨॥
મહાગોપ મહામાહણ કહીએ, કાટે ભવભય કંદ ચિદા-અરિ ॥૩॥
નિર્યામક સત્થવાહ ભણીજે, ભવિ ચકોર મનચંદ - ચિદા-અરિ ॥૪॥
ચાર નિક્ષેપે રુપ જગ રંજન, ભંજન કરમ નરીંદ - ચિદા-અરિ ॥૫॥
અવર દેશ વામા વશ કીને, તું નિકલંક મહીંદ - ચિદા-આરિ ॥૬॥
જ્ઞાયક નાયક શુભગતિ દાયક, તું જિન ચિદધન વૃંદ - ચિદા-આરિ ॥૭॥
દેવપાળ શ્રેણીક પદ સાધી, અરિહંત પદ નિપજંદ - ચિદા-આરિ ॥૮॥

સર્વ શિવશંકર ઈશ નિરંજન, ગત કલમલ સવધંદ - ચિદા-આરિ ॥૯॥
જિનકે પંચ કલ્યાણક જગમેં, કરે ઉદ્યોત અમંદ - ચિદા-અરિ ॥૧૦॥
આતમ નિર્મળ ભાવ કરીને, પૂજો ત્રિભુવન ઈંદ - ચિદા-અરિ ॥૧૧॥

(૪૭) રાગ : સીતા તો રુપે રુડી....

શ્રી વીર જિણંદ વખાણ્યો, તિહાં ગૌતમ ગણધાર જાણ્યો હો, ભવિકાં નવપદ ધ્યાઈએ,
શ્રી શ્રીપાલ નરેશ મયણાએ, ગુરુ ઉપદેશે હો ભવિકા નવ.... ॥૧॥
શ્રી સિદ્ધચક્ર આરાધ્યો, તો સયલં પદાર્થ સાધ્યો હો ભવિકા નવ...
આસો માસે કીજે ઓળી, સુદી સાતમે જિન પૂજીજે હો ભવિકા નવ... ॥૨॥
અષ્ટકમલ દલ થાપી મહિમા, જસ ત્રિભુવન વ્યાપી હો ભવિકા નવ....
મધ્યદલે જિન ધ્યાને ધ્યાવો, ભવિ ધવલે વાને હો ભવિકા નવ.... ॥૩॥
પૂરવ દિશે સિદ્ધ છાજે, રાતે તનુ તેજ વિરાજે હો ભવિકા નવ....
આચારજ પદ ત્રીજે, તસ સોવનવાન કરીજે હો ભવિકા નવ..... ॥૪॥
પશ્ચિમ દિશિ ઉવજ્ઝાયા, નીલે તનુવાન સોહાયા હો ભવિકા નવ...
સાધુ સકલ ધનવાને, ઉત્તરદિશિ ધ્યાવો ધ્યાને હો ભવિકા નવ.... ॥૫॥
નાણ અગ્નિકોણે ધ્યાવો, જિમ અત્યંત સખ તુમે પાવો હો ભવિકા નવ...
દંસણ આરાહી પ્રાણી, નૈઋત્ય વિદેશે મન આણી હો ભવિકા નવ... ॥૬॥
વાયવ્ય કોણે કહીજે, ચારિત્ર ધ્યાયી સુખ લીજે હો ભવિકા નવ....
ઈશાને તપપદ ધ્યાવો, ઉજ્જ્વલ સમકિત સુખ પાવો હો ભવિકા નવ.. ॥૭॥
આસોને ચૈત્ર જ માસે, જપતા ઋધ્ધિ આવે પાસે હો ભવિકા નવ...
વિધિશું દેવ વાંદીજે, શ્રી જિનવર પૂજા રચીજે હો ભવિકા નવ... ॥૮॥
નવપદ જાપ જપીજે, આંબિલ તપ નવ દિન કીજે હો ભવિકા નવ...
શ્રી સિદ્ધચક્ર સેવીજે, પંચામૃત ન્હવણ કરીજે હો ભવિકા નવ.... ॥૯॥
ચૌદ પૂરવનો સાર, એ મંત્ર વડો નવકાર હો ભવિકા નવ...
બુધ ઉત્તમ સાગર રાયા, શિષ્ય કાન્તિસાગર સુખ પાયા હો ભવિકા નવ. ।૧૦।

(૪૮) રાગ : જિનને કોડો પ્રમામ

સિદ્ધચક્રને સેવો ભવિયાં હર્ષ અપાર.... ટેક...
અરિહંત પ્રભુને દિલમાં ધારો, સિદ્ધ પ્રભુ છે કામણગારા,
જ્યોતિ અપરંપાર - ભવિયા હર્ષ અપાર... ॥૧॥
આચાર્ય શાસનના ધોરી, સર્વ શાસ્ત્રની હાથમાં દોરી,
કરે બહુ ઉપકાર-ભવિયા હર્ષ અપાર... ॥૨॥

ઉપાધ્યાયજી વાંચના આપે, શિષ્યોની જડતાને કાપે,
સમકિતનાં દાતાર-ભવિયા હર્ષ અપાર... ॥૩॥
મુનિવરને નિત્ય દિલમાં ધરતા, કઠિન કર્મોનો ચૂરો કરતા,
હોવે જયજયકાર... ભવિયા હર્ષ અપાર... ॥૪॥
દર્શન પદ દર્શનને લાવે, જ્ઞાનપદ અજ્ઞાન હટાવે,
જપો નિત્ય સુખકાર-ભવિયા હર્ષ અપાર... ॥૫॥
ચારિત્ર શૂરવીર છે જગમાં, એના ગુણ પ્રગટો રગરગમાં,
તપને દિલમાં ધાર-ભવિયાં હર્ષ અપાર.... ॥૬॥
આત્મકમલમાં લબ્ધિ આપો, જયંતને તુમ ચરણે સ્થાપો,
હોવે બેડા પાર - ભવિયાં હર્ષ અપાર.... ॥૭॥

(૪૯) રાગ : રઘુપતિ રાઘવ રાજારામ

નવપદનું નિત્ય કરીએ ધ્યાન, કરો સુધારસ અમૃત પાન,
અરિહંત સિદ્ધ આચારજ જ્ઞાન, ઉપાધ્યાય કરે સૂત્રનું વ્યાન,
મુનિ દર્શન જ્ઞાન ચરણ મહાન, નવપદ જગમાં ભવથી વહાણ
એ ચક્રથી થાય કર્મ નિદાન, પ્રગટે સુંદર આત્મ નિધાન
નહિ કોઈ જગમાં એહ સમાન, સર્વ ગુણોની એ છે ખાણ
આત્મકમલમાં લબ્ધિનું દાન, આપો જયંત હોય કલ્યાણ.

(૫૦) રાગ : માતા મરુદેવીના નંદ....

પ્રાણી નવપદ સેવો આજ, સેવન જેનું લાગે પ્યારું મન થકીજી,
પ્યારુ દિલ થકી જી,. પ્યારું ચિત્ત થકી જી - સેવન - ટેક
પહેલે પદ અરિહંત આરાધો, વર્ણ સ્ફટીક સમ જાસ,
સિદ્ધ આરાધન બીજે કીજે, રક્તવર્ણ છે તાસ-પ્રાણી નવ.... ॥૧॥
ત્રીજે આચારજ અનુસરીએ, સોવન સમ જસ વર્ણ,
ઉપાધ્યાય તે ચોથે ભજીએ, મહાગુણી નીલવર્ણ - પ્રાણી નવ.... ॥૨॥
સાધુ પદને પાંચમે ધારો, શ્યામવરણ સુખકાર -
છઠે દરિસણ જ્ઞાન સાતમે, ચારિત્ર પદ મનોહાર-પ્રાણી નવ... ॥૩॥
નમવું નવમે પદ એ તપનું, થાયે મંગલમાળ,
દર્શન આદિ ચારે પદના, ધરો શુકલ ઉજમાળ-પ્રાણી નવ.... ॥૪॥
અઠાઈ આસો ચૈતર માસે, ધરીયે નવપદ ધ્યાન,
સિદ્ધચક્રની પૂજા કરતા, કરીએ સમરસ પાન-પ્રાણી નવ.... ॥૫॥

શ્રીપાળ મયણાસુંદરીનું જીવન, સુણતા મન ઉલસાય,
સિદ્ધચક્રનાં પૂર્ણ પ્રભાવે, સુખ અવિચલ વિલસાય - પ્રાણી નવ ॥૬॥
મહામંત્ર પરમેષ્ઠી તણો છે, મહિમા કેવલી વાણ
જે જન આરાધન કરશે તે, મુક્તિ લહે સિદ્ધ જાણ-પ્રાણી નવ... ॥૭॥
આ ભવ પરભવ સુખ સંપત્તિ, લહીએ લીલ વિલાસ,
વિજય શ્રી મોહન વયણ સુણીને, પ્રતાપ લહે શિવવાસ - પ્રાણી નવ.. ॥૮॥

(૫૧)

સેવો ભવિ ! નવપદ જગ હિતકારી, સર્વ આળજંજાળ નિવારી-સેવો
કર્મન ટાળક, દુર્ગતિ વારક, શિવગતિ પ્રાપક ત્રાતા,
ભવોદધિ તારક, દુઃખ નિવારક, નવપદ કરે સુખશાતા-સેવો... ॥૧॥
દેવાધિદેવ અરિહંત કહીએ, ગુણ મણિ રત્નની ખાણ
સમવસરણમાં સુરનર પૂજીત, પ્રણમો, શ્રી જિન ભાણ - સેવો... ॥૨॥
અકલ અજરામર અગમ અગોચર, સ્વરુપ રમણ સુવિલાસી
કેવળજ્ઞાન દર્શન ગુણ પ્રગટ્યાં, સિદ્ધ નમો અવિનાશી - સેવો... ॥૩॥
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી મંત્રરાજ, સુમેરુ પંચમ પીઠ,
પંચ પ્રસ્થાને આચારજ નમીયે, છત્રીસ ગુણે કરી ઈઠ્ઠ - સેવો... ॥૪॥
પ્રણમો પદ ઉવજ્ઝાય તે કહીએ, ત્રીજે ભવ નિર્માણ,
અંગ, ઉપાંગ નંદી અનુયોગ, છેદ પયન્નાદિ જાણ-સેવો.... ॥૫॥
હાસ્યાદિ ષટ્ ત્રણ વેદ, વળી મિથ્યાત ચાર કષાય,
ચૌદ વિધ અભ્યંતર, નવવિધ બાહ્યથી, ગ્રંથિ તજે મુનિરાય - સેવો ... ॥૬॥
ક્ષયોપશમ ઉપશમને ક્ષાયિક, દર્શન બહુ પ્રકાર,
તત્ત્વાર્થ શ્રધ્ધાન સમ્યગદર્શન, નમીએ વારંવાર-સેવો.... ॥૭॥
ભક્ષ્યાભક્ષ્યને પેયાપેયને, કૃત્યાકૃત્ય જણાવે,
ભેદ એકાવન જ્ઞાનના પ્રણમો, કર્મનું સૈન્ય હટાવે-સેવો... ॥૮॥
નિવૃત્તિ પ્રવૃત્તિ વ્યવહાર સાચો, ચરણસિત્તરી ગુણ નમીએ,
નિશ્ચય નયથી ચરણ તે જાણો, નિજ સ્વભાવમાં રમીએ - સેવો ..... ॥૯॥
બાહ્ય અભ્યંતર તપ પદ નવમે, પ્રણમો ભાવ વિશાળે,
નિર્જરા હેતુ ભવોદધિ સેતુ, કર્મ નિકાચીત ટાળે.... સેવો... ॥૧૦॥
એ નવપદમાં પંચ ગુણી છે, ગુણ તે ચારને ધારો,
દેવ ગુરુને ધર્મ છે એહમાં, દો તીન ચાર પ્રકારો... સેવો... ॥૧૧॥

વિમળેશ્વર સાન્નિધ્ય કરે તેહની, જેહ નવપદ ધ્યાવે,
ભાવથી નીતિ રાખીને આરાધે, ઉદયથી શિવસુખ પાવે... સેવો... ॥૧૨॥

(૫૨) રાગ : નિંદરડી વેરણ હુઈ...

શ્રી સિદ્ધચક્ર આરાધીયે, જિમ પામો હો કોડી કલ્યાણ કે,
શ્રી શ્રીપાલ તણી પરે, સુખ પામો હો લહો નિર્મળ નાણ કેનવ... ॥૧॥
નવપદ ધ્યાન ધરો સદા, ચોખ્ખે ચિત્તે હો આણી બહુ ભાવ કે,
વિધિ આરાધન સાચવો, જિમ જગમાં હો હોવે જસનો જમાવ કે - નવ. ॥૨॥
કેસર ચંદન કુસુમશું, પૂજીને હો ઉવેખીયે ધૂપ કે
કુંદરુ અગર ને અરગજા, તપ હીનતા હો કીજે ઘૃત દીપ કે - નવ.. ॥૩॥
આસો ચૈત્ર શુકલ પક્ષે, નવ દિવસ તપ કીજે એહ કે,
સહજ સોભાગ સુસંપદા, સોવન સમ હો નવલા ભોગ કે, - નવ...॥૪॥
જાવજ્જીવ શક્તે કરો, જિમ પામો હો નવલા ભોગ કે,
સાડાચાર વરસ તથા, જિન શાસન હો એ મોટો યોગ કે... નવ ..॥૫॥
શ્રી વિમલદેવ સાન્નિધ્ય કરો, ચક્રેસરી હો હોવે તાસ સહાય કે,
શ્રી જિનશાસન સોહીએ, એહ કરતા હો અવિચલ સુખ થાય કે - નવ...॥૬॥
મંત્ર તંત્ર મણિ ઔષધી, વશ કરવા હો શિવરમણી કાજ કે,
ત્રિભુવન તિલક સમોવડી, હોય તે નર હો કહે નય કવિરાજ કે-નવ... ॥૭॥

(૫૩)

હાં રે જીવા ચતુર સુજાણ નવપદ કે ગુણ ગાય રે -
નવપદ મહિમા હે જગ મોટો, ગણધર પાર ન પાય રે - જીવ ચતુર... ॥૧॥
જો અપને આતમ સુખ ચાહે, તો એક ધ્યાન લગાય રે જીવા ચતરુ.. ॥૨॥
કરમ નિકાચીત દૂર કરણકું, સુંદર શુદ્ધ ઉપાય રે - જીવા ચતુર.... ॥૩॥
ઈનકો પુષ્ટ આલંબન, કરતાં અજર અમર સુખરે - જીવા ચતુર... ॥૪॥
જે જિન ભએ આગામિ, સો સબ નવપદ સંગ પસાય રે-જીવા ચતુર.. ॥૫॥

(૫૪) રાગ : કુંવર ગભારો નજરે દેખતાજી....

સેવો ભવિયા સિદ્ધચક્રનેજી, ચિત્ત ચંચળતા વિારી રે,
ગુણીને સેવ્યા ગુણ સંપજેજી, એમ મન માંહે વિચારી રે-સેવો..... ॥૧॥
ત્રિજગ પૂજ્ય અરિહંત પ્રભુજી, ચોસઠ વિભુ જેના દાસ રે
નાથને પંચ કલ્યાણકે જી, સકલ જીવને હોય ઉલ્લાસ રે - સેવો... ॥૨॥

કર્મ ક્ષયે સિદ્ધપદ લહ્યુ જી, વિશેષ સામાન્ય ઉપયોગી રે
રુપી અરુપી ષટ્ દ્રવ્યનો જી, ખોલ દેખે જે અજોગી રે - સેવો.... ॥૩॥
પંચ પ્રસ્થાને આચારજ ભલાજી, મુનિ મન વિશ્રામ કામ રે
છત્રીસ છત્રીસીએ શોભતા જી, ગચ્છપતિશ્રી પૂજ્ય નામ રે-સેવો... ॥૪॥
ગુણ પચવીસ ઉવજ્ઝાયના જી, સૂત્ર દાની ઉપમા સોળ રે
યુવરાજ પરે ગચ્છ ચિંતા કરે જી, મીઠા ઈક્ષુ સમ બોલ રે-સેવો... ॥૫॥
સાધ્યુ મન તે સાધુ ભલાજી, ચરણ કરણ ગુણ જાગ રે
નવ કલ્પી વિહાર જે આદરીજી, ભવિનુ ટાળ્યુ અનામ રે ..... ॥૬॥
મળ ઉપશમ ક્ષયઉપશમે જી, ક્ષયથી ત્રિવિધે હોવે જેહ રે
સડસઠ બોલે સોહામણો જી, પ્રણમું દર્શન તેહ રે-સેવો... ॥૭॥
પાંચ ભેદે જ્ઞાનીએ જ્ઞાન કહ્યુ જી, પ્રત્યક્ષ ભેદ સહિત રે
અનર્પિત અર્પિત નય વળી જી, જે વિસંવાદ રહિત રે-સેવો..... ॥૮॥
સંજમ સત્તરભેદે હુવે જી, જેહ આદરે દુઃખ જાય રે
દિશા જાગરણ ઈહાં કહી જી, સુરવધુ નમે વળી પાય રે-સેવો... ॥૯॥
દ્વાદશ ભેદે જે તવ ભણ્યો જી, તે બાહ્ય અભ્યંતરથી હોવે રે
ક્ષમા સહિત આરાધતા જી, પાતક ન રહે કોઈ રે - સેવો... ॥૧૦॥
એમ નવપદ ગુણ રત્નનો જી, પાર ન લહે મતિમંત રે
ધર્મચંદ્ર કર જોડીને જી, કહે તારજે ભગવંત રે-સેવો..... ॥૧૧॥

(૫૫) રાગ : નામ જપીશ નિત્ય તારું, સુંદર સાવરીયાં....

અરિહંત પદ હું ધ્યાવું, બાર ગુણે ભરીયાં,
ચોત્રીસ અતિશય ધારુ, શિવસુખ તે વરીયા,
સિદ્ધ આઠ ગુણ ચિત્તે લાઉ, આદિ અનંત સુખ ત્યાંહી જ પાઉ...
આચાર્યે છત્રીસ ધ્યાવુ, શિક્ષા દીયે ભવિયાં-૧ અરહિંત.... ॥૧॥
ઉપાધ્યાયે પચવીશ જાણું, વિનય વડે વિદ્યા વળી માનું
સત્તાવીશ મુનિ ધારુ, ભાવે ભવિ તરીયા-૨ અરિહંત... ॥૨॥
સડસઠ ભેદ શ્રદ્ધાએ માનું, જ્ઞાનપદે એકાવન ધારુ,
ચારિત્રે સીત્તેર લાવું, કર્મો આઠે ખપીયા-૩ અરિહંત... ॥૩॥
પચાસ લબ્ધિ તપથઈ પામું, સિદ્ધિ રિદ્ધિ બાર ભેદથી જાણું,
મયણા શ્રીપાળે લીધુ, નવપદ ગુણ ગણીયા-૪ અરિહંત.... ॥૪॥
કોઢ રોગનું નમણ થી જાવું, યંત્ર કરી મુનિચંદ્રે દિપાવ્યુ,
પૂરવ પુન્યે થનારું, આનંદસે જપીયા-૫-અરિહંત.... ॥૫॥

(૫૬) રાગ : એ ગુણ વીર તણો ન વિસારુ

નવપદ ઓળી તપ આરાધન, કરતાં શિવસુખ થાવે રે -
રોગ શોક દુર્બુદ્ધિ વિઘટે, અષ્ટસિદ્ધિ ઘર આવે રે-નવ.... ॥૧॥
દ્રવ્યને ભાવથી નવનિધિ પ્રગટે, નવપદ ધ્યાનને ધરતા રે,
બ્રહ્મચર્ય નવ વાડે ધારી, નરનારી સુખ વરતા રે-નવ... ॥૨॥
નવપદ રુપી આતમ પોતે, ઉપાદાનથી જાણે રે,
નિમિત્તથી પર જાણી ભાવે, આરાધતો જ્ઞાની રે-નવ..... ॥૩॥
ષટ્ચક્રોમાં નવપદ ધ્યાને, આતમ સમાધિ પ્રગટે રે,
એકતા સ્થિરતા લીનતા યોગે, ધાતી કર્મો વિઘટે રે-નવ... ॥૪॥
જિનવર મહાવીર દેવે ભાખી, ગુણ ગુણી ભાવે રે,
બુદ્ધિસાગર આત્મસ્વરુપી, નવપદ સત્ય સુહાવે રે - નવ.... ॥૫॥

(૫૭) છ અઠ્ઠાઈના સ્તવનની ઢાળ-૧
રાગ : કપૂર હોયે અતિ ઉજળો

ચૈતર માસે સુદી પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઈ સંજોગ,
જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ
ભવિકાં પર્વ અઠ્ઠાઈ આરાધ, મનવાંછિત સુખધામ ભવિકા.. ॥૧॥
પંચ પરમેષ્ઠિ ત્રિકાળના રે, ઉત્તર ચઉ ગુણવંત,
શાશ્વત પદ સિદ્ધચક્રને રે, વંદતા પુણ્ય મહંત રે ભવિકા... ॥૨॥
લોચન કર્ણયુગલ મુખે રે, નાસિકા અગ્ર નિલાડ,
તાલુ શિર નાભિ હૃદે રે, ભુભુહ મધ્યે ધ્યાન પાઠ રે ભવિકા... ॥૩॥
આલંબન સ્થાનક કહ્યા રે, જ્ઞાનીએ દેહ મઝાર,
તેહ વિગત વિષય પરે રે, ચિત્તમાં એક આધાર રે ભવિકા... ॥૪॥
અષ્ટકમલદલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ,
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભાવ રે ભવિકા... ॥૫॥
આસો સુદી સાતમ પકી રે, બીજી અઠ્ઠાઈ મંડાણ,
બસે ત્રેતાલીશ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાન રે ભવિકા... ॥૬॥
ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ હોય શાશ્વતી યાત્ર,
કરતા દેવ નંદીશ્વરે રે, નર નિજ કામ સુપાત્ર રે ભવિકા.... ॥૭॥

(૫૮)

શ્રી નવપદના મંડલે, આદ્ય નમો અરિહંત,
સિદ્ધ ચતુષ્કાનંતવંત દગ્ધ કર્મ ભગવંત.... ॥૧॥
ધર્મ કહે વર અર્થથી, જિન ભાષિત સૂરિરાય,
ચતુર બંધુ જે વિશ્વના, અધ્યાપક ઉવજઝાય... ॥૨॥
કર્મ ક્રિયાનો સાચવી, સાધે મોક્ષ મુણીંદ,
નેહે જિનવર તત્વની, રુચિ દર્શન ગુણવૃંદ.... ॥૩॥
વંચક મોહ અજ્ઞાનનું, જ્ઞાન ભજ્યો શુભ ભાવ,
દમ શમ થાનક પામવા, ચરણ નમો ભવ નાવ..... ॥૪॥
નાશક જે અઘ સૈન્યનુ, તપ વંદો મન ખંત,
હોશો ભવિજન તેહથી, શિવરમણીના કંત... ॥૫॥
પ્રથમ અક્ષર એ કાવ્યના, ધ્યાન ધરે શુભ ચિત્ત,
અબાધ આનંદ સાયરુ, સ્નાતક થાય પવિત્ત.... ॥૬॥

(૫૯)

ચૌદ પૂરવનો સાર, મંત્રમાહે નવકાર, જપતા જયજયકાર,
ઓ સૈયરો હૃદય ધરો નવકાર....
અડસઠ અક્ષર ઘડીયો, ચૌદ રત્ન શું જડીયો,
શ્રાવકને ચિત્ત ચડીયો... ઓ સૈયરો.... ॥૧॥
અક્ષર પંચ રતન, જીવદયા સુરતમ,
જે પાલે તે ધન્ય-ઓ સૈયરો.... ॥૨॥
નવપદ નવસરો હાર, નવપદ જગમાં સાર,
નવપદ દોહિલો આધાર-ઓ સૈયરો..... ॥૩॥
જે નરનારી જાણશે, તે સુખ સંપદ લહેશે,
સેવકને સુખ થાશે.... ઓ સૈયરો.... ॥૪॥
હિરવિજયની વાણી, સુણતમા અમિય સમાણી,
મોક્ષ તણી નિસરણી-ઓ સૈયરો.... ॥૫॥

(૬૦)

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ દેખા ગુણ રુપ ઉદારી,
નવપદ ધ્યાન સદા જયકારી..... ॥૧॥
દર્શન જ્ઞાન ચારિત્ર છે ઉત્તમ, તપ દોય ભેદે હૃદય ધરી નવપદ...॥૨॥

મંત્ર જડી ઔર તંત્ર ઘણેરા, ઉન સબકુ હમ દૂર વિસારા-નવપદ..... ॥૩॥
બહોત જીવ ભવજલસે તારે, ગુણગાવન હે બહુત નરનારી-નવપદ..... ॥૪॥
શ્રી જિનભક્ત મોહન મુનિ વંદન, દિન દિન ચડતે હરખ અપારી-નવપદ ॥૫॥

(૬૧)

સૌ ચાલો ભવિજન જઈએ, નમી વંદી પાવન થઈએ,
સિદ્ધચક્ર સિદ્ધિના નવસ્થાન છે.... ॥૧॥
પહેલે પદ અરિહંત, તે ઉજ્જ્વલ વર્ણે સંત,
શ્રેણીક રાજા આરાધે ગુણનું ધામ છે.... ॥૨॥
બીજે પદ વળી સિદ્ધ, રાતા વર્ણે પ્રસિદ્ધ,
શ્રીપાળ રાજા અનંત ગુણોનું માન છે... ॥૩॥
ત્રીજે પદ આચાર્ય, તે પીળા વર્ણે ઉદાર,
ગુણ છત્રીસ પંચાચારનું કામ છે.... ॥૪॥
ચોથે પદ ઉવજ્ઝાય, તે નીલ વર્ણે મનાય,
ગુણ પચવીશ ગુણોની એ તો ખાણ છે.... ॥૫॥
પાંચમે પદે સાધુ, શ્યામ વર્ણે હું આરાધુ,
ગુણનું ભાજન સત્તાવીશનું ધ્યાન છે.... ॥૬॥
છઠે પદ દર્શન, દેખીને ચિત્ત પ્રસન્ન,
ઉજ્જ્વલ વર્ણે સડસઠ વર્ણનું એ ઠામ છે.... ॥૭॥
સાતમે પદ જ્ઞાન, એકાવન ભેદે જાણ,
ગુણથી ધોળુ સાચવવાનું એ કામ છે.... ॥૮॥
આઠમે પદ ચારિત્ર, તે કરે આતમ પવિત્ર,
શુકલ વર્ણે સીત્તેર ભેદની એ ખાણ છે.... ॥૯॥
નવમે પદ વળી તપ, મોક્ષનો મારે ખપ,
સફેદ વર્ણે પચાસ ભેદોનું ઠામ છે..... ॥૧૦॥
આરાધે શ્રીપાળ રાજા, દેવલોકે ગુણ આવજા,
મયણાસુંદરી સતી શિરોમણી સાર છે.... ॥૧૧॥
શ્રી મુનિચંદ્ર ગુરુ, સિદ્ધચક્ર બતાવે સાર,
આતમ કાજે ગુણનો એ તો ભંડાર છે.... ॥૧૨॥
અરિહંતાદિક નવપદ, ૐ હ્રીં વર્ણ સંયુક્ત,
મારા મિત્રો પૂજવાનો એ એવસર છે.... ॥૧૩॥

નમો હીરસૂરિરાયા, વળી વિજયસેન સૂરીરાયા,
રુપવિજય ગાવે નવપદના ગુણને.... ॥૧૪॥

(૬૨) નવપદજીની ઢાળો
રાગ : મીઠા મધુને મીઠા મેહુલો રે લોલ....

આસો માસે તે ઓળી આદરી રે લોલ, ધર્યું નવપદજીનું ધ્યાન રે,
શ્રીપાલ મહારાજ મયણાસુંદરી રે લોલ.... ॥૧॥
માલવ દેશનો રાજીયો રે લોલ, નામે પ્રજાપાલ ભૂપ રે
સૌભાગ્ય સુંદરી રુપસુંદરી રે લોલ, રાણી બે રુપ ભંડાર રે... શ્રીપાલ... ॥૨॥
એક મિથ્યાત્વી ધર્મની રે લોલ, બીજીને જૈન ધર્મ રાગ રે,
પુત્રી એકેકી બેઉને રે લોલ, વધે જેમ બીજ કેરો ચંદ્ર રે... શ્રીપાલ... ॥૩॥
સૌભાગ્ય સુંદરીની સુરસુંદરી રે લોલ, ભણે મિથ્યાત્વી પાસ રે,
રુપસુંદરીની મયણાસુંદરી રે લોલ, ભણે છે જૈન ધર્મ સાર રે... શ્રીપાલ... ॥૪॥
રુપકલા ગુણ શોભતી રે લોલ, ચોસઠ કળાની જાણ રે,
બેઠો સભામાં રાજવી રે લોલ, બોલાવે બાલિકા દોય રે-શ્રીપાલ... ॥૫॥
સોળે શણગારે શોભતી રે લોલ, આવી ઉભી પિતાજીની પાસ રે,
વિદ્યા ભણ્યાનું જોવા પારખુ રે લોલ, પૂછે રાજા તીહાં પ્રશ્ન રે-શ્રીપાલ... ॥૬॥

-સાખી-

જીવ લક્ષણ શું જાણવું, કોણ કામદેવ ધરનાર
શું કરે પરણી કુમારીકા, ઉત્તમ ફૂલ શું સાર
રાજા પૂછે ચારનો, આપો ઉત્તર એક
બુધ્ધિશાળી કુમારીકા, આપે ઉત્તર છેક....
શ્વાસ લક્ષણ પહેલુ જીવનુ રે લોલ, રતિ કામદેવ ધરનાર રે,
જાઈનું ફૂલ ઉત્તમ જાતિમાં રે લોલ, કન્યા પરણીને સાસરે જાય રે.... શ્રીપાલ

-સાખી-

પ્રથમ અક્ષર વિના, જીવાડનાર જગનો કહ્યો
મધ્યમ અક્ષર વિના, સંહાર જગનો તે થયો
અંતિમ અક્ષર વિના, સૌ મન મીઠું હોય
આપો ઉત્તર એકમાં, જેમ સ્ત્રીને વ્હાલું હોય-
આપે ઉત્તર મયણા સુંદરી રે લોલ, મારી આંખોમાં કાજળ સોહાય રે.... શ્રીપાલ

-સાખી-

પહેલો અક્ષર કાઢતા, સોહે નરપતિ સોય
મધ્યાક્ષર વિના જાણવું, સ્ત્રી મન વ્હાલું હોય
ત્રીજે અક્ષર કાઢતા, પંડિત ખ્યારો હોય
માગું ઉત્તર એકમાં, તાતે પુત્રીને કહો
મયણાએ ઉત્તર આપીયો રે લોલ,
અર્થ ત્રણેનો વાદળ થાય રે-શ્રીપાલ.... ॥૧॥
રાજા પૂછે સુરસુંદરી રે લોલ, કહો પુન્યથી શું શું પમાય રે
ધન યૌવન સુંદર દેહડી રે લોલ, ચોથો મન વલ્લભ ભરથાર રે-શ્રીપાલ .. ॥૨॥
કહે મયણા નિજ તાતને રે લોલ, સહુ પામીયે પુન્ય પસાય રે,
શિયલ વ્રતે સોભે દેહડી રે લોલ, બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે-શ્રીપાલ ॥૩॥
ગુણવંત ગુરુની સંગતી રે લોલ, મળે વસ્તુ પુન્યને યોગ રે,
બોલે રાજા અભિમાને કરી રે લોલ કરુ નિર્ધનને ધનવંત રે-શ્રીપાળ... ॥૪॥
સર્વે લોકો સુખ ભોગવે રે લોલ, એ સઘળો છે મારો પસાય રે,
સુરસુંદરી કહે તાતને રે લોલ, એ સાચામાં શાનો સંદેહ રે-શ્રીપાલ..... ॥૬॥
રાય સેવાર્થે આવીયો રે લોલ, સુરસુંદરી આપી સોય રે,
રાયે મયણાને પૂછીયુ રે લોલ, મારી વાતમાં તને સંદેહ રે-શ્રીપાલ.... ॥૭॥
મયણા કહે નિજ તાતને રે લોલ, તમે શાનો કરો અભિમાન રે,
સંસારમાં સુખદુઃખ ભોગવે રે લોલ, તે તો કર્મનો જાણો પસાય રે-શ્રીપાલ..॥૮॥
રાજા ક્રોધે બહુ કળકળ્યો રે લોલ, ભાખે મયણા શું રોષ વયણ રે,
રત્નહીંડોલે હિંચતી રે લોલ, પહેરી રેશમી ઉંચા ચીર રે-શ્રીપાલ.... ॥૯॥
જગત સૌ જી જી કરે રે લોલ, તારી ચાકરી કરે પગ સેવ રે,
તે મારા પસાયથી જાણજો રે લોલ, સર્વ રોલી નાખું પલમાંય રે-શ્રીપાલ..॥૧૦॥
મયણાં કહે તુમ કુળમાં રે લોલ, ઉપજવાનો કયાં જોયો જોષ રે,
કર્મ સંયોગે ઉપની રે લોલ, મલ્યા ખાન પાન આરામ રે-શ્રીપાલ...॥૧૧॥
તમે મોટે મને મહલાવતા રે લોલ, મુજ કર્મ તણો છે પસાય રે,
રાજા કહે કર્મ ઉપરે રે લોલ, દીસે તને ઘણો હઠવાદ રે-શ્રીપાલ... ॥૧૨॥
કર્મે આણેલ ભરથારને રે લોલ, પરણાવી ઉતારું ગુમાન રે,
રાજાના કોધને નિવારવા રે લોલ, લઈ ચાલ્યો રમવાડી પ્રધાન રે-શ્રીપાલ..॥૧૩॥
નવપદ ધ્યાન પસાયથી રે લોલ, સવિ સંકટ દૂરે પલાય રે,
કહ્યુ ન્યાય સાગરે પહેલી ઢાળમાં રે લોલ નવપદથી નવનિધિ થાય રે
શ્રીપાળ મહારાજ મયણા-સુંદરી રે લોલ... ॥૧૪॥

ઢાળ–૨

રાજા ચાલ્યો રયવાડીએ, સાથે લીધો સૈન્યનો પરિવાર રે,
સાહેલી મોરી ધ્યાન ધરો અરિહંતનુ...
ઢોલ નિશાન ત્યાં ગડગડે, બરછી અને ભાલાનો ઝલકાર રે.... સાહેલી
ધૂળ ઊડને લોકો આવતાં, રાજા પૂછે પ્રધાન એ કોણ રે... સાહેલી
કહે પ્રધાન સુણો ભૂપતિ, એ છે સાતસો કોઢિઆ કેરો સૈન્ય રે-સાહેલી
રાજા રાણીની પાસે યાચવા, આવે કોઢિયા કેરો દૂત રે-સાહેલી
રાણી નહીં અમારા રાયને, ઉંચા કુળની કન્યા મળે કોઈ રે.... સાહેલી
દાઢે ખટકો રે જાણે પાઉલો, રાજા હૈડે ખટકે મયણા બોલ રે... સાહેલી
કોઢિયાને રાજાએ કહેવરાવ્યુ, આવજો નગરી ઉજ્જેણીની માંય રે... સાહેલી
કીર્તિ અવિચલ મારી રાખવા, આપીશ મારી રાજકુમારી કન્યાય રે... સાહેલી
ઉંબર રાણો હવે આવીયો, સાથે સાતસો કોઢિયા કેરુ સૈન્ય રે.... સાહેલી
આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં, અચ્ચર ઉપર બેઠા છે ઉંબરરાય રે... સાહેલી
કોઈ લૂલા કોઈ પાંગળા, કોઈના મોટા સુપડા જેવા કાન રે... સાહેલી
કોઈ મોંઢે ચાંદા ચગચગે, મુખ ઉપર માખીઓનો ભણકાર રે... સાહેલી
શોર બકોર સુણી સામટા, લાખો લોકો જોવાને ભેગા થાય રે... સાહેલી
સર્વ લોકો મળી પૂછતાં, ભૂત, પ્રેત, રાક્ષસ કે પિસાચ રે... સાહેલી
ભૂતડા જાણીને ભસે કૂતરાં, લોકો મન થયો છે ઉત્પાત રે.... સાહેલી
જાન લઈને અમે આવીયા, પરણે અમારો રાણો રાજકન્યાય રે.. સાહેલી
કૌતુક જોવાને લોકો સાથમાં, ઉંબર રાણો આવ્યો રાયની પાસે રે.. સાહેલી
હવે રાય કહે મયણા સાંભળો, કર્મે આવ્યો કરો ભરથાર રે.. સાહેલી
તમે કરો અનુભવ સુખનો, જુઓ મારા કર્મ તણો પસાય રે... સાહેલી
કહ્યાં ન્યાય સાગરે બીજી ઢાળમાં, નવપદ ધ્યાને થાશે મંગલમાળ રે... સાહેલી

ઢાળ–૩

તાત આદેશે મયણા ચિંતવે રે લોલ, જે જ્ઞાનીએ દીઠું તે થાય રે,,
કર્મતણી ગતિ પેખજો રે લોલ....
અંશ માત્ર ખેદ નથી આણતી રે લોલ ન મુખડાનો રંગ પલટાય રે,
કર્મતણી ગતિ પેખજો રે લોલ-
કહે જાયો રાજાનો કે રંકનો રે લોલ, પિતા સોંપે છે પંચની સાખ રે-કર્મ....
એને દેવની પેરે આરાધવો રે લોલ, ઉત્તમ કુળની સ્ત્રીનો આચાર રે-કર્મ

એમ વિચારી મયણાસુંદરી રે લોલ, કર્યું તાત વચન પ્રમાણ રે-કર્મ...
મુખરંગ પુનમની ચાંદની રે લોલ, શાસ્ત્ર લગ્ન વેળા જાણી શુદ્ધ રે-કર્મ....
આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લોલ, જાતે કરે હસ્ત મેળાપ રે
કોઢી રાણા કહે રાયને રે લોલ, કાગ કંઠે મોતી ન સોહાય રે-કર્મ....
હોય દાસી કન્યા તો પરણાવજો રે લોલ, કોઢી સાથે શું રાજ કન્યાય રે....
માતા મયણાની ઝૂરતી રે લોલ, રોવે કુટુંબ સવિ પરિવાર રે-કર્મ...
કોઈ રાજાના રોષને ધિક્કારતાં રે લોલ, કોઈ કહે કન્યા અપરાધ રે....
દેખી રાજકુમારી અતિ દિપતી રે લોલ, રોગી સર્વ થયા રળિયાત રે-કર્મ...
ચાલી મયણા ઉંબરની સાથમાં રે લોલ, જ્યાં કોઢી તણો જની વાસ રે...
હવે ઉંબર રાણો મન ચિંતવે રે લોલ, ધિક્ ધિક્ મારો અવતાર રે-કર્મ
સુંદર રંગીલી છબી શોભતી રે લોલ, તેનું જીવન કર્યું મે ધૂળ રે...
કહે ઉંબરરાણો મયણા સુંદરી રે લોલ, તમે ઉંડો કરો આલોચ રે... કર્મ
તારી સોના સરખી ઈ દેહડી રે લોલ, મારી સંગતથી થાશે વિનાશ રે...
તું તો રુપે કરી રંભા સારીખી રે લોલ, મુજ કોઢી સાથે શું સ્નેહ રે.. કર્મ
પતિ ઉંબર રાણાનાં વયણ સાંભળી રે લોલ, મયણા હૈડે દુઃખ ન માય રે...
ઢળક ઢળક આંસુ ઢળે રે લોલ, કાગ હસે દેડક જીવ જાય રે.... કર્મ
સાખી-કમલિની જલમાં વસે, ચંદ્ર વસે આકાશ,
જે જિહાં રે મનમાં વસે, તે તિહાં રે પાસ,
હવે મયણા કહે ઉંબર રાયને રે લોલ, તમે વહાલા છો જીવન પ્રાણ રે....
પશ્ચિમ રવિ ઉગે નહિ રે રે લોલ, નવિ મુકે જલધિ મર્યાદ રે... કર્મ....
સતી અવર પુરુષ ઈચ્છે નહીં રે લોલ, કદી પ્રાણ જાયે પરલોક રે....
પંચની સાખે પરણાવીયો રે લાલ, અવર પુરુષ બાંધવ મુજ હોય રે... કર્મ...
હવે પાયે લાગીને વિનવું રે લોલ, તમે બોલો વિચારીને બોલ રે..
રાત્રી વીતી એમ વાતમાં રે લોલ, બીજે દીને થયું પરભાત રે.. કર્મ.
હવે મયણા આદિશ્વર ભેટવા રે લોલ, જાય સાથે લઈ ભરથાર રે...
પ્રભુ કુમકુમ ચંદને પૂજીયા રે લોલ, પ્રભુ કંઠે ઠવી ફૂલમાળ રે... કર્મ,
કરી ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ, ધરે કાઉસ્સગ મયણા ધ્યાન રે...
પ્રભુ હાથે બીજોરુ શોભતુ રે લોલ, પ્રભુ કંઠે સોહે ફૂલ માળ રે... કર્મ
લીધુ ઉંબર રાણાએ તે હાથમાં રે લોલ, મયણા હૈડે હર્ષ ન માય રે....
શાસનદેવ સહુ દેવતા રે લોલ, આપ્યુ બીજોરુ ને ફૂલમાળ રે.... કર્મ.
પૌષધશાળામાં ગુરુ વાંદવા રે લોલ, ચાલી મયણા સાથે ભરથાર રે...

ગુરુ આપે ધર્મની દેશના રે લોલ, છે દોહિલો મનુષ્ય અવતાર રે.... કર્મ,
પાંચ ભૂલ્યાને ચાર ચુકીયા રે લોલ, ત્રણનું જાણયું નહીં નામ રે....
જગ ઢેઢેરો ફેરવ્યો રે લોલ, છે શ્રાવક અમારું નામ રે..... કર્મ.
પપ્પા શું પરખ્યો નહીં રે લોલ, વહાલા દદો કીધો છે દૂર રે,
લલ્લા શું લાગી રહ્યો રે લોલ, વહાલા નન્નો રહ્યો હજુર રે... કર્મ
ઉંબર મયણાએ ગુરુ વાંદીયા રે લોલ, ગુરુએ દીધો ધર્મલાભ રે....
સખી પરિવારે તું શોભતી રે લોલ, આજ સખી ન દીસે એક રે... કર્મ
સર્વ વૃત્તાંત સુણાવીયો રે લોલ, એક વાતનું છે મને દુઃખ રે...
જૈન શાસનની હેલના રે, કરે મૂર્ખ મિથ્યાત્વી લોક રે..... કર્મ...
મયણા ગુરુને વિનવે રે લોલ, મટે રોગ જો મુજ ભરથાર રે... કર્મ.
યંત્ર જડીબુટ્ટી ઔષધી રે લોલ, ભણી યંત્ર બીજા ઉપચાર રે....
ગૃહસ્થને કહેવા તણો રે લોલ, નહીં સાધુનો એ આચાર રે... કર્મ
ગુરુ કહે મયણાસુંદરી રે લોલ, આરાધો નવપદ સાર રે.....
જેથી વિઘ્ન સહુ દૂરે થશે રે લોલ, ધર્મ ઉપર રાખો દઢ મન રે...
કહે ન્યાયસાગર ત્રીજી ઢાળમાં રે લોલ, તમે સાંભળો નરનાર રે.... કર્મ.

ઢાળ–૪ રાગ : રાતુ રાતુ ગુલાબનું ફૂલ

મયણા સિધ્ધચક્ર આરાધે, ગુલાબે રમતીતી,
નિજપતિ ઉંબરની સાથે, જાપોને જપતીતી.... ॥૧॥
પહેલે પદ અરિહંત પૂજ્યા ગુ. હણ્યા ઘાતી અઘાતી ધ્રુજે-જા ... ॥૨॥
ત્રણ લોકની ઠકુરાઈ છાજે ગુ. વાણી પુર યોજનમાં ગાજે-જા..... ॥૩॥
બીજે સોહે સિધ્ધ મહારાજ.ગુ. ત્રણ લોકના થઇ શિરતાજ-જા.... ॥૪॥
ત્રીજે પદે આચારજ જાણો ગુ. ભલી લાકડી અંધ પ્રમાણો-જા.... ॥૫॥
ચોથે પદે ઉપાધ્યાય સોહે ગુ. ભણે ભણાવે જન મન મોહે-જા... ॥૬॥
પદ પાંચમે સાધુ મુનિરાયા ગુ. ગુણ સત્તાવીશે સોહાયા-જા... ॥૭॥
મન વચન ગોપવી કાયા, ગુ. વંદુ તેહવા મુનિરાયા-જા.... ॥૮॥
છઠ્ઠે દર્શન પદ છે મૂળ ગુ. કોઈ આવે નહીં તસ તોલ-જા.....॥૯॥
સોહે સાતમું પદ વરનાણ ગુ. તેના ભેદ એકાવન જાણ-જા.... ॥૧૦॥
જ્ઞાન પાંચમું કેવળ થાય ગુ. ત્રણ લોકનાં ભાવ જણાય-જા... ॥૧૧॥
પદ આઠમે ચારિત્ર આવે ગુ. દેવો ઈચ્છા કરે ન પાવે-જા.... ॥૧૨॥
ભવિ જીવો તે ભાવના ભાવે ગુ. કેવી રીતે ઉદયમાં આવે-જા... ॥૧૩॥
કરો નવમે તપ પદ ભાવે ગુ. આઠ કર્મો બળી રાખ થાવે-જા... ॥૧૪॥

ઋદ્ધિ આત્મા અનંતી પાવે ગુ. દેવ દેવી મળી ગુણ ગાવે-જા... ॥૧૫॥
પ્રભુ પૂજો કેસર મદ ઘોળી ગુ. ભરી હરખે હેમ કચોળી-જા.... ॥૧૬॥
ભરી શુદ્ધ જળે અંધોળી ગુ. ચઉગતિની આપદા ચોળી-જા.. ॥૧૭॥
દુર્ગતિના દુઃખ દૂર ઢોળી ગુ. મળી સરખી સહિયરની ટોળી-જા... ॥૧૯॥
મયણા ઘરે નવપદ ધ્યાન ગુ. પતિ કાયા થઈ કંચનવાન-જા.... ॥૨૦॥
સૌ મંત્રમાં છતે શિરદાર ગુ. તમે આરાધો નરનાર-જા... ॥૨૧॥
ન્યાય સાગરે ઢાળ કહી ચોથી ગુ. સુણો શ્રીપાલ રાજાની પોથી-જા... ॥૨૨॥

(૬૩) રાગ : નારે પ્રભુ નહિ માનું અવરની આણ

સેવો સેવો ભવિજન પ્યારા, નવપદ તપ સુજાણ,
મેવો મેવો ભવિજન પ્યારા, શિવપુરનો એ જાણ,-સેવો... ॥૧॥
આસોને ચૈતર સુદી સાતમથી, પુનમ લાગીએ અવધાર,
સાડાચાર વર્ષે એ તપ પૂરો, આયંબીલ એકાશી ધાર-સેવો... ॥૨॥
નમો અરિહંતાણં આદિ પદની, નવકારવાળી વીશ વીશ,
પ્રતિલેખન પ્રતિકમણ દોય ટંકનુ, કરીએ વિશ્વાવીશ-સેવો... ॥૩॥
દેવવંદન દેવપૂજા ત્રિકાળે, કરીએ વિધિશું પચ્ચકખાણ,
આયંબીલ કરી તિવિહાર કરીએ, ગુરુવંદન પૂજો નાણ-સેવો... ॥૪॥
બાર આઠ છત્રીસને પચ્ચીસ, સત્તાવીશ સડસઠ,
એકાવન સીત્તેરને પચાસ, સ્વસ્તિક આદિ કરો ઝટ-સેવો..... ॥૫॥
શાંત દાંત જીતેન્દ્રિય આરાધક, બીજો વિરાધક થાય,
આરાધકનુ બુરુ ચિંતવતા, ધવલ જેવું અનર્થ થાય-સેવો.... ॥૬॥
અષ્ટપ્રકારી રોજ પૂજા કરીએ, નવપદ પૂજા શ્રીકાર,
સત્તરભેદી જિનપૂજા કરીએ, નવપદ બેસણું સાર-સેવો.. ॥૭॥
વિમળેશ્વર ચક્રેશ્વરી પૂજિત, સિદ્ધચક્ર સુખદાય,
અહોનિશ તેનું ધ્યાન ધરંતા, શ્રીપાલ જયું હિત સદાય-સેવો.... ॥૮॥
યથાશક્તિ ઉજમણું કરીએ, મયણા જયું રાખે ટેક,
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તે લેશે શિવસુખ છેક-સેવો.... ॥૯॥

(૬૪) દુહો

સકલ ક્રિયાનું મુલ જે, સમ્યગ દર્શન સાર:
તેહનું પણ મુલ જાણીએ, સમ્યગ શ્રુત શ્રીકાર ॥૧॥
ચાર મુંગા શ્રુત જાણીએ, સ્વપર પ્રકાશક જેહ:
ભાવ ધરીને વંદીએ, ચૌદ પ્રકાર તેહ ॥૨॥

ઢાળ–૧ રાગ : રુડો લાગે છે પ્રભુ તારો ઘજાગરો...

સોનાનો સૂરજ આજ મારે ઉગ્યો, ભવિજન પરમ આધાર રે,
શ્રુતજ્ઞાન ટાળે અંધારે રે... ॥૧॥
જીવાજીવાદિ નવતત્વ સંબોધ, જેહથી હોય અપાર રે.... શ્રુતજ્ઞાન ॥૨॥
ભક્ષ્યાભક્ષ્યને પેયાપેયાદિનો, લહીયે જેનાથી વિચાર રે... શ્રુતજ્ઞાન ॥૩॥
સમ્યગ શ્રુતજ્ઞાન પંચજ્ઞાનમાંહે, સ્વપર પ્રકાશકકાર રે... શ્રુતજ્ઞાન ॥૪॥
બાર અંગ રુપ સમ્યગ શ્રુતજ્ઞાન જે, કરે દિપ જેમ ઉપકાર રે.. શ્રુતજ્ઞાન ॥૫॥
જેના બળે લોકાલોકમાં પૂજાય છે, તે શ્રુતજ્ઞાન શ્રીકાર રે... શ્રુતજ્ઞાન ॥૬॥
ગુરુ કર્પૂરસૂરિ અમૃત બોલે, વંદો પૂજો એ નરનાર રે... શ્રુતજ્ઞાન ॥૭॥

(૬૫) નવપદ વર્ણનાત્મક સ્તવન

રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું...

ભાવે કીજે રે નવપદ પૂજના, જેહમાં ધરમી ધરે પાંચ,
ચાર ધરમ એ મારગ મોક્ષનો, સાચો શિવવધૂ સાંચ-ભાવે.... ॥૧॥
તત્ત્વ ત્રણ છે નવપદમાં સદા, સંખ્યા દોય ત્રણ ચાર,
આરાધે તે નર નિયમા લહે, ભવસાયરનો રે પાર-ભાવે ... ॥૨॥
પદ પહેલે પ્રણમો અરિહંતને, નિર્મળ ગુણ જસ બાર,
વિચરંતા દશ દુગુણ જિનેશ્વરુ, ત્રિભુવન જન આધાર-ભાવે... ॥૩॥
અષ્ટકરમ ક્ષય કરી શિવપદ લહ્યુ, પ્રગટ્યા ગુણ એકત્રીશ,
સિદ્ધ અનંતા રે નમતાં નીપજે, સહજ સ્વરુપ જગીશ--ભાવે... ॥૪॥
ત્રીજે પદ આચારજ ભવિ નમો, ગુણ છત્રીશ નિધાન,
આગમ શુદ્ધ પ્રરુપક ગુણ થકી, જે જિનરાજ સમાન--ભાવે... ॥૫॥
આચારજ પદની ધરે યોગ્યતા, કરતા નિત્ય સજ્ઝાય,
ગુણ પચવીશ સહિત પાઠક નમો, સંઘ સકલ સુખદાય--ભાવે... ॥૬॥
રત્નત્રયી આરાધક મુનિવર, ગુણ સત્તાવીશ ધાર,
પંચમપદ સેવી બહુજન લહે, શાશ્વત શિવસુખ સાર--ભાવે-- ॥૭॥
સમ્યગદર્શન પદ છઠ્ઠે નમો, સડસઠ ભેદ વખાણ,
ભેદ એકાવન આરાધી લહો, પ્રગટ પંચમ નાણ-ભાવે.... ॥૮॥
સ્થિરતા રુપ ચરણપદ આઠમે, સીત્તેર ભેદ વિચાર,
નિરવાંછકતા નવમે પદે, જેહ પચાશ પ્રકાર--ભાવે.... ॥૯॥
ઈમ નવપદ મંડલ મધ્યે ઠવો, અરિહા દેવના દેવ
સિદ્ધાદિક પદ ચઉદિશી થાપીયે, વિદિશે ધર્મને સેવ---ભાવે... ॥૧૦॥

યોગ અસંખ્ય શિવપદ પ્રાપ્તિના, નવપદ તેહમાં પ્રધાન,
જસ આલંબે રે જિનપદ પામીયે, ઉત્તમ ગુણનું રે ઠાણ-ભાવે... ॥૧૧॥

(૬૬) રાગ : રઘુપતિ રાઘવ રાજા રામ

નવપદ મંગલ મંત્ર નિધાન,પતિત પાવન યંત્રનું ધ્યાન,
નવપદ ધ્યાન, નવપદ ધ્યાન, ભજ ખ્યારે તું નવપદ ધ્યાન
ક્રોડો ભવોનાં પાપ તોફાન, ક્ષણ ક્ષણ વિણશે ધરંતા ધ્યાન--નવ.... ॥૧॥
અરિહંત શાસન વિશ્વે પ્રમાણ, સિદ્ધ નિરંજન તાર કમાન--નવ.... ॥૨॥
સૂરિ ઉવજ્ઝાય સાધુ સુજાણ, જેહ બને જયવંત સુકાન--નવ.... ॥૩॥
સમકિત જ્ઞાનને ચરણ નિધાન, તપથી વિઘ્ન હરણ મંડાણ-નવ.. ॥૪॥
ગુલાબ સુગંધી લબ્ધિ લ્હાણ, દિવ્ય લહે જિતેન્દ્ર વિજ્ઞાન-નવ... ॥૫॥

(૬૭) રાગ : સાહિબ મારો રાજુલનો કંત

તારશે પાવન શુદ્ધ ભગવંત, ધર્મ નૈયા જિણંદની,
ડૂબતાં તારે સુકૃતથી સંત, પામે મુક્તિ અનંતની - તારશે..... ॥૧॥
ડગમગતી ભાવિક નૈયા, ચલાવે, ભાન ભુલેલાને જ્ઞાન અપાવે,
વારે વારે વિકટ ભવપંથ, આપે મુક્તિ અનંતની-તારશે.... ॥૨॥
દ્વારે ઉઘાડે જે કલ્યાણ કેરા, ભવના મિટાવે શ્રી સિદ્ધચક્ર કેરા,
નવપદ આરાધી વર મતિમંત, પામે મુક્તિ અનંતની તારશે.... ॥૩॥
નવપદ ઓળી શુદ્ધ ભાવે ઉજવીએ, અંતર વીણા ભક્તિ તારે બજવીએ,
નમીયે ચરણ પ્રભુ ગુણવંત, પામે મુક્તિ અનંતની-તારશે... ॥૪॥

-સાખી-

વિવેકી બની આત્મા, લહેશે લબ્ધિ અનંત
જિતેન્દ્ર ગુણના ધામમાં, અનુપમ સુખનો કંદ
તાહરો પ્રભુ અતિશય વંત, પામે મુક્તિ અનંતની
તારશે પાવન શુદ્ધ ભગવંત, ધર્મ નૈયા જિણંદની.

(૬૮) શ્રી નવપદજીની ઢાળો

સ્વસ્તિ શ્રી સુખ સંપદા, આતમ ઋદ્ધિ વિનોદ
સિદ્ધચક્ર સુખ સિદ્ધતા, આપે પરમ પ્રમોદ

ઢાળ-૧ રાગ : અરિહંત પદ ધ્યાતો થકો....

સકલ કુશલ કમલા નીલો, સમકિત ગુણ સંજુત્તો રે,
જીનશાસન અજવાળવા, જીનપદ બંધ પ્રયુત્તો રે.... ॥૧॥

ભવિકા જીનપદ વંદીયે, જેમ તે શ્રેણીકરાય રે
તન મન ધ્યાને ધ્યાવતા, અરિહંત પદવી થાય રે-ભવિકા ॥૨॥
દુઃખીયા દેખી સંસારમાં, જગજીવન એમ ચિંતે રે,
અહો ! અહો ! મોહ વિકારતા, ફરતા જેમ તેમ રીતે રે-ભવિકા ॥૩॥
એહને જિન વચને કરી, ઉતારે ભવપાર રે,
દેઈ આલંબન ધર્મનું, સુખીયા કરુ નિર્ધાર રે-ભવિકા ॥૪॥
ઈમ ચિંતે પ્રાણી હિત કરે, વીશસ્થાનક આરાધે રે,
ત્રીજે ભવ તન્મય થઈ, તીર્થંકર પદ બાંધે રે-ભવિકા.... ॥૫॥
ત્રણ જ્ઞાન સહિત પ્રભુ, કલ્યાણકે સુખ કરતા રે,
ભોગ કરમ સુખ જાણીને, ચારિત્ર ગુણને ધરતા રે-ભવિકા... ॥૬॥
અડ પરિહાર શોભતા, સકલ અધિક ગુણ સોહે રે,
અતિશય વાણી ગુણ યુતા, જગજનને પડિબોહે રે-ભવિકા.... ॥૭॥
કર આમલક તણી પરે, કેવળ અર્થ પ્રકાશે રે-
ભાસન રમણ પરે સહી, ગણધર સૂત્ર અભ્યાસે રે-ભવિકા.... ॥૮॥
ભગવંતે અર્થ પ્રકાશ્યો, સૂત્રે ગણધર ભાખ્યો રે,
ઉત્તમ સંશય નવિ લહે, જીમ અમૃત જીણે ચાખ્યો રે-ભવિકા.... ॥૯॥

ઢાળ-૨ રાગ : સંભવ જિનવર વિનંતી

નમો નમો સિદ્ધ નિરંજના, અવિનાશી અરિહંત રે,
નાણ દંસણ ક્ષાયિક ગુણા, ભાંગે સાદિ અનંત રે-નમો.... ॥૧॥
અંતર નવિ સંકોચતા, ગેહ દિપક દ્રષ્ટાંતે રે,
નિરુપાધિક નિર્વિઘ્નતા, જ્યોતિ શું જ્યોત મિલંત રે-નમો... ॥૨॥
નિર્મલ સિદ્ધશીલા ભલી, અર્જુન હેમ સિદ્ધાંત રે
અક્ષયસુખ સ્થિતિ જેહની, જોયણ એકલો ગંત રે-નમો... ॥૩॥
જગમાં જસ ઓપમ નહીં, રુપાતીત સ્વભાવ રે
ઘૃતનો સ્વાદ ન કહી શકે, પ્રાકૃત શહેર બનાવ રે-નમો... ॥૪॥
સેવે ચોસઠ સુરપતિ, ભ્રમર પરે જનવૃંદ રે,
ત્રિગડે બેઠા જીનપતિ, લહે સિદ્ધ આનંદ રે-નમો... ॥૫॥
દેશ સર્વ સંયતી થયા, ગૃહી મુનિ સાધે મુનિયોગ રે,
અહોનિશ ચાહે સિદ્ધતા, વિરહી ઈષ્ટ સંયોગ રે-નમો.... ॥૬॥
આતમરામ રમાપતિ, સમરે ક્રિયા અસંગ રે
તો લહે સિદ્ધદશા ભલી, શ્રી જિન અમિય સુરંગ રે-નમો... ॥૭॥

ઢાળ–૩ રાગ : મારું મન મોહ્યુ રે શ્રી સિદ્ધાચલે

મારુ મન મોહ્યુ રે સૂરિ ગુણ ગાવણ રે, વર છત્રીશ પ્રધાન,
ભુવન પદાર્થ પ્રગટ પ્રકાશતા રે, દીપક જેમ નિધાન-મારું.... ॥૧॥
મદ કોપાદિક નહીં કલુષતા રે, ન ધરે માયાનો લેશ
ગુણીજન મોહન બોહન ભવ્યને રે, ભાખે શુદ્ધ ઉપદેશ-મારું.... ॥૨॥
પંચાચાર તે સુદ્ધા પાળતા રે, નહીં પરમાદ લગાર,
સારણ વારણ ચોયણ સાધુને રે, આપે નિત્ય સંભાર-મારું... ॥૩॥
આતમ સાધન પંચ પ્રસ્થાનનાં રે, ધ્યાનમાલામાં વિસ્તાર,
તેહીજ રીતે પ્રીતે સાધતા રે, ધન્ય તેહનો અવતાર-મારું... ॥૪॥
એહવા ગુરુની સેવા તુમે કરો રે, ગૌતમ વીર જીણંદ,
અશન વસનાદિક ભક્તિ કીજીયે રે, એ વ્યવહાર અમંદ-મારું... ॥૫॥
જિનવર કહે વંદો તુમે પ્રાણીયા રે, આચારજ ગુણવંત,
આતમ ભાવે પરિણતી જો એહે રે, અમૃત પદવી લહંત-મારું.... ॥૬॥

ઢાળ–૪ રાગ : સ્વામિ સીમંધર વિનતી

દ્વાદશ અંગના ધારકા, પારગ સયલ સિદ્ધાંત રે,
કારક સૂત્ર સમરથ ભલા, વારક અહિતની વાત રે-દ્વાદશ.... ॥૧॥
ભાવના ચંદન રસભરે, વરસતા વાણી કલ્લોલ રે,
બોધિબીજં દીયે ભવ્યને, ધરમશું કરે રંગરોલ રે-દ્વાદશ.... ॥૨॥
રાજપુત્ર જીમ ગણચિંતકા, આચારજ સંપત્તિ યોગ રે,
ત્રીજે ભવે લહે શિવ સંપદા, નમો પાઠક શુભ યોગ રે-દ્વાદશ... ॥૩॥
શબ્દ શાસ્ત્ર એમ સૂચવે, શબ્દ અર્થ પરિમાણ રે,
ભણે ભણાવે તેહ પાઠકા, અવર તે નામ નિદાન રે-દ્વાદશ... ॥૪॥
શિષ્યને સુહીત શિક્ષા દીયે, પાવન જિમ શુભ ઘાટ રે,
મૂર્ખને પણ પંડિત કરે, નમું પાઠક મહારાટ રે-દ્વાદશ.... ॥૫॥
શાસન જેમ અજવાળતા, પાળતા આપ પરતીત રે,
આતમ પરિણતી તે લહે, અમૃત એહ પદ પ્રીત રે-દ્વાદશ... ॥૬॥

ઢાળ–૫ રાગ : સિદ્ધારથના રે નંદન વિનવું...

ઈન્દ્રિય જીપે રે મન સંયમ ધરે, ચરણ કરણ ગુણ જ્ઞાન,
બાહ્યાચરણે રે દેખી ન રાચીયે, ભગવતી સૂત્ર પ્રમાણ,
તે મુનિ વંદો રે શુભ સમતા ધરા... ॥૧॥

વસ્ત્ર ન ધોવે રે રંગે નહીં કદા, આચારાંગ મોઝાર
પ્રવચન માર્ગે રે જે મુનિ ચાલતા, તેહની જઉં બલિહાર... ॥૨॥
જિમ તરુ ફૂલે રે ભમરો બેસતા, ન કરે કાંઈ ઉપઘાત
તિમ મુનિ જાવે રે આહાર ગવેષવા, દશવૈકાલિક વાત રે-તે મુનિ.... ॥૩॥
આહાર તે લાવી નિરસ ભોગવે, જિમ દર માંહે રે સાપ,
અનુત્તરો વવાઈએ ધન્નો વર્ણવ્યો, નમતા જાયે રે પાપ-તે મુનિ.... ॥૪॥
ચઉવિહ ભાખ્યા રે પન્નવણાપદે, બોલે મુનિ નિર્દોષ,
એહવા મુનિને રે ભાવે વાંદિયે, તો હોય સમકિત પોષ.... ॥૫॥
કહીયે પ્રમાદીરે મુનિ ન ઉવેખિયે, જુઓ ચારણ મુનિ દોય,
લબ્ધિ પ્રયુંજી રે જગ તીરથ કરે, તેહનો મહિમા રે જોય-તે મુનિ... ॥૬॥
લવણ ન મુકે રે મર્યાદા સહી, જીવાભિગમ તરંગ,
શ્રી જિન વચને રે મુનિ વાંદતા, વાધે સંયમ રંગ-તે મુનિ.... ॥૭॥
નિર્મલ દીસે રે સોના તણી પરે, નવવિધ બ્રહ્મ સોહાય,
પુન્ય અંકુશ રે દરિશન પાલવે, અમૃત વેદે રે પાય-તે મુનિ... ॥૮॥

(૬૯) અરિહંત પદ સ્તવન

શ્રી અરિહંત ભગવંત પરમાત્મા, દેવનો દેવ ગુણ રયણ ખાણી
સાત શુદ્ધિ કરી મલિનતા પરિહરી, પૂજીએ ભવિજના પ્રેમ આણી-શ્રી... ॥૧॥
અરતિ રતિ મોહ નિદ્રા ન હાંસી, ભય, રાગ નહીં દ્વેષ નહીં જાસ અંગે,
કામ, મિથ્યાત્વ, અજ્ઞાન જસ ક્ષય થયા, ધ્યાઈએ તે પ્રભુ અધિક રંગે-શ્રી. ॥૨॥
ધ્યાન પિંડસ્થ પદસ્થ રુપસ્થથી, ધ્યેય ધ્યાતા લહે એકતાને,
દ્રવ્ય પર્યાય ગુણ તેહના ધ્યાઈએ, પાઈએ સિદ્ધિ બહુ તત્ત્વજ્ઞાન-શ્રી.. ॥૩॥
જન્મના ચાર અગ્યાર ઘાતી ક્ષયે, દેવકૃત જાસ ઓગણીસ રાજે,
ચઉતીસ અતિશય અંગ ચોથે કહ્યા, પણતીસ વયણે ગુણ જાસ છાજે-શ્રી.. ॥૪॥
અડ અધિક સહસ લક્ષણ ધરે, અંગમાં ગુણ અનંતે ભર્યો નાથ સોહે,
જાસ કલ્યાણકે જગતનું તમ ટળે, ઈન્દ્ર ઉપેન્દ્રનાં ચિત્ત મોહે-શ્રી... ॥૫॥
નામને સ્થાપના દ્રવ્યા ભાવે કરી, જે નર ચિત્તમાં નિત્ય ધ્યાવે
દેવપાલાદિ ભૂપાલ પરે તે નરા, તીર્થપતિ સંપદા હસ્તા પાવે-શ્રી.... ॥૬॥
જે મહાગોપ ષટ્કાય ગોકુલ તણો, તિમ મહામાહણ જાસ કહીયે,
ભવોદધિ બૂડતા ભવ્ય નિસ્તારણો, સાર્થપતિ મુગતિનો જેહ લહીયે-શ્રી...॥૭॥
દ્રવ્ય ભાવે કરી પૂજના જે કરે, સ્વર્ગ અપવર્ગ તે નિયત પાવે,
ત્રણ પણ અષ્ટ નવ સત્તર એગવીશ વિહ, પૂજના કરી વસે સિધ્ધિ ધામે-શ્રી ॥૮॥

પ્રથમ પદ પૂજતો રાય શ્રેણીક પ્રથમ, ભવિ ચોવિશી જિનરાજ થાશે,
તાસ પદ પદ્મની સેવના સુર કરે, રુપવિજયાદિ નિત્ય સુજસ ગાજે-શ્રી... ॥૯॥

(૭૦) સિદ્ધપદનું સ્તવન

શ્રી સિદ્ધપદ આરાધીયે રે, ક્ષય કીધા આઠર્મ રે-શિવ વસ્યા
અરિહંતે પણ માન્યા રે, સાદિ અનંત સ્થિર શર્મ રે-શિવ વસ્યા
ગુણ એકત્રીશ પરમાતમા રે, તુરિય દશા આસ્વાદ રે-શિવ વસ્યા
એવંભૂત નયે સિદ્ધ થયા રે, ગુણગણો આલ્હાદ રે-શિવ વસ્યા
સુરગણ સુખ ત્રિહું કાળના રે, અનંત ગુણ તે કીધ રે-શિવ વસ્યા
અનંત વર્ગે વર્ગિત કર્યા રે, તો પણ સુખ સમીધ રે-શિવ વસ્યા
બંધ ઉદય ઉદીરણા રે, સત્તા કર્મ અભાવ રે-શિવ વસ્યા
ઉર્ધ્વગતિ કરે સિદ્ધ જી રે, પૂર્વ પ્રયોગ સદભાવ રે-શિવ વસ્યા
ગતિ પારિણામિક ભાવથી રે, બંધન છેદન યોગ રે-શિવ વસ્યા
અસંગ ક્રિયા બળે નિર્મળો રે, સિદ્ધગતિનો ઉદ્યોગ રે-શિવ વસ્યા
પએસંતર અણફરસતા રે, એક સમયમાં સિદ્ધ રે-શિવ વસ્યા
ચરમ ત્રિભાગ વિશેષથી રે, અવગાહન કીધ રે-શિવ વસ્યા
હસ્તિપાળ પરે સેવતારે, સૌભાગ્ય લક્ષ્મી પ્રકાશ રે-શિવ વસ્યા

(૭૧) આચાર્ય પદ સ્તવન

રાગ : નીલુડી રાયણ તરુ તળે

પંચાચાર સુધા ધરે સુણો સંતાજી, જીતી ઈન્દ્રિય પંચ ગુણવંતાજી,
પંચ સમિતિ સમિતા રે સુણો સંતાજી, ગુપ્તિ ત્રણ કરે સંચ ગુણવંતાજી... ॥૧॥
પંચ મહાવ્રત પાળતો રે સુણો સંતાજી, જીપે ચાર કષાય ગુણવંતાજી,
નવવિધ બ્રહ્મ ગુપ્તિ ધરે રે સુણો સંતાજી, આચારજ નિર્માય ગુણવંતાજી. ॥૨॥
અષ્ટાંગ જોગ સાધન કરે રે સુણો સંતાજી, સહે અડકર્મ સ્વરુપ ગુણવંતાજી,
જાણે અડલબ્ધિ ભલી સુણો સંતાજી, તીમ અડ દિટ્ઠિ સ્વરુપ ગુણવંતાજી.॥૩॥
ચઉ અનુયોગ વખાણતા સુણો સંતાજી, શાસનના શણગાર ગુણવંતાજી,
બારસે છન્નુ ગુણે ભર્યા સુણો સંતાજી, ભાવાચારજ સાર ગુણવંતાજી.. ॥૪॥
પંચ પ્રસ્થાન સાધન કરે સુણો સંતાજી, મુનિ ગણિ પંડિત ભાવ ગુણવંતાજી,
વાચક આચારજ પણુ સુણો સંતાજી, પામે ગુણને દાવ ભાવ ગુણવંતાજી..॥૫॥
ચઉદશો બાવન ગણધરા સુણો સંતાજી, લબ્ધિ તણા ભંડાર ગુણવંતાજી,
તસ પદ પંકજ પૂજીએ સુણો સંતાજી, દ્રવ્ય ભાવે નિરધાર ગુણવંતાજી... ॥૬॥

જુગ પ્રધાન વીર શાસને સુણો સંતાજી, દોય હજારને ચાર ગુણવંતાજી,
વર્તમાન શ્રુતનાં ધણી સુણો સંતાજી, તે પૂજે ધરી પ્યાર ગુણવંતાજી.. ॥૭॥
અનશન વસ્ત્રાદિકે સુણો સંતાજી, પાનક ઔષધ પાત્ર ગુણવંતાજી,
નમનાભિગમન વંદતા સુણો સંતાજી, કરે નિત નામી ગાત્ર ગુણવંતાજી,.. ॥૮॥
આચારજ પદ સેવતા સુણો સંતાજી, શ્રી પુરુષોત્તમ ભૂપ ગુણવંતાજી,
તીર્થંકર પદ બાંધ્યુ સુણો સંતાજી, શ્રી લહેશે ચિદઘન રુપ ગુણવંતાજી.. ॥૯॥

(૭૨) શ્રી ઉપાધ્યાય સ્તવન

રાગ : પ્રણમો પંચમી દિવસે જ્ઞાનની

શ્રી ઉવજ્ઝાય બહુ શ્રુત નમો ભાવશું, અંગ ઉપાંગના જાણ મુણીંદા
ભણે ભણાવે શિષ્યને હિત કરી, કરે નવપલ્લવ પહાણ વિનિતા-શ્રી ઉવ.. ॥૧॥
અર્થ સૂત્ર કહેવાના વિભાગથી, સૂરીશ્વર પાઠક સાર સોહંતા,
ભવ ત્રીજે અવિનાશી સુખ લહે, યુવરાજ પરે અણગાર મહંતા-શ્રી ઉવ.. ॥૨॥
ચૌદ દોષ ભર્યા અવિનીત શિષ્યને, કરે પન્નર ગુણવંત વિદિતા
ગ્રહણ આસેવન શિક્ષા દાનથી, સમય જાણે અનેકાંત સુજ્ઞાની-શ્રી ઉવ.. ॥૩॥
આવશ્યક પચવીશ શીખવે વાંદણે, પચવીશ ક્રિયાનો ત્યાગ વિચારી,
પચ્ચીશ ભાવના ભાવે મહાવ્રતી, શુભ પચ્ચીશી ગુણરાગ સુધારી-શ્રી ઉવ.. ॥૪॥
પયભર્યો દક્ષિણાવર્ત શંખ શોભીયે, તેમ નય ભાવ પ્રમાણ પ્રવીણા,
હય ગય વૃષભ પંચાનન સારીખા, ટાળે પરવાદી અભિમાન અદીના-શ્રી ઉવ.॥૫॥
વાસુદેવ, નરદેવ, સુરપતિ, ઉપમા, રવિ, શશી ભંડારી રુપ દીપંતા,
જંબૂ, સીતા, નદી, મેરુ, મહીધરો, સ્વયંભૂ ઉદધિ રયણ ભૂપ ભણંતા-શ્રી ઉવ ॥૬॥
એ સોળ ઉપમા બહુશ્રુતને કહી, ઉત્તરાધ્યનને રસાલ જીણંદા,
મહીન્દ્રપાલ વાચકપદ સેવતા, સૌભાગ્ય લક્ષ્મી સુવિશાલ સૂરીંદા-શ્રી ઉવ.. ॥૭॥

(૭૩) શ્રી સાધુપદ સ્તવન

રાગ : ભવિકા શ્રી સિદ્ધચક્ર પદવંદો

ષડ્ વ્રતધારી છ કાયનાં રક્ષક, પંચ ઈન્દ્રિય વશ કરતા,
ભાવ વિશુદ્ધિ પડિલેહણ કરે, કરણ વિશુદ્ધિ ધરતા રે
ભવિકા ! એહવા મુનીવર વંદો, જિમ લહો પરમાનંદો રે... ॥૧॥
લોભ નિગ્રહ કરી ખંતિ સૂરા, સંજમના અધિકારી,
અકુશલ મન વચ કાય નિરોહે, સહે પરિષહ અતિભારી રે ભવિકા.. ॥૨॥
દેવ તિરિ નર આત્મ સમુદ્રભવ, ઉપસર્ગ સોળે સહતા,

સતાવીશ મુનીવર ગુણધારી, સમિતિ ગુપ્તિ નિરવહતા રે - ભવિકા.. ॥૩॥
બાહ્ય અભ્યંતર તપ નિત તપતાં, કઠિન કરમ ક્ષયકારી,
દોષ બિયાલીશ રહિત અશન કરે, અતિક્રમ ચાર નિવારી રે-ભવિકા... ॥૪॥
દ્રવ્યાદિક અભિગ્રહ ચઉ કરતાં, ષડ્વિધ વિગયના ત્યાગી,
ચાર પ્રકારે સંલીનતા કરી, જ્ઞાન ધ્યાન મતિ જાગી રે-ભવિકા... ॥૫॥
નરના દોષ અઢાર નિવારી, દીક્ષા યોગ્યને આપે,
નવવિધ ભાવ સોચના કારક, કેશ લોચત્રિક થાપે રે-ભવિકા.... ॥૬॥
ચૌદ અભ્યંતર ગ્રંથી ત્યજીને, જેહ થયા નિર્ગ્રંથ,
અશરણ શરણ તરણ તારણ મુનિ, ચલવે શિવપુર પંથે રે-ભવિકા... ॥૭॥
બહુશ્રુત તપસી લબ્ધિના ધારી, વ્રત દૂષણ પરિહારી,
અપ્રમત ગુણઠાણંગ ધારી, મુનિ નમો જોગ સમારી રે-ભવિકા... ॥૮॥
વીરભદ્ર એ મુનિપદ સેવી, હોશે વિદેહ જીણંદ,
તસમુખ પદ્મ વયણ રસ પામી, રુપવિજય આણંદ રે-ભવિકા.... ॥૯॥

(૭૪) રાગ : નમો નિત્ય નાથજી રે...

શ્રી સિદ્ધચક્રની સેવા રે, નવપદ જેહમાં પ્રધાન
પુષ્ટાલંબન એહ છે રે, કીજે નિર્મલ ધ્યાન ભવિકજન ધ્યાઈએ રે,
ધ્યાતા ધ્યાન પ્રમાણ, અનુભવ પાઈએ રે... ॥૧॥
તત્ત્વત્રયી એહની વિષે રે, ધર્મી જેહમાં પાંચ,
ચાર ધર્મે કરી દીપતાં રે, જે આપે સુખ સંચ-ભવિકજન.... ॥૨॥
દ્વાદશ ગુણથી શોભતા રે, તીર્થપતિ જિનરાજ,
ભવિક કમલ પ્રતિબોધતા રે, સારે વાંછિત કાજ-ભવિકજન..... ॥૩॥
આઠ કર્મનાં નાશથી રે, પ્રગટયા ગુણ એકત્રીશ,
સાધી પૂરણતા દશા રે, સિદ્ધ નમુ સુજગીશ-ભવિકજન.... ॥૪॥
જ્ઞાનાનંદ પૂરણો રે, છત્રીશ ગુણ નિધાનં,
આગમ શુદ્ધ પ્રરુપતા રે, જે જિનરાજ સમાન-ભવિકજન... ॥૫॥
ચોથે પાઠક ભવિ નમો રે, પણવીશ ગુણ પ્રમાણ,
સૂરિપદની ધરે યોગ્યતા રે, સૂત્ર અર્થના જાણ-ભવિકજન.... ॥૬॥
જ્ઞાનક્રિયા અભ્યાસથી રે, ષટ્કાય પ્રતિપાળ,
સત્તાવીશ ગુણે સોહતા રે, સાધુજી પરમ દયાળ-ભવિકજન..... ॥૭॥
છઠ્ઠે પદ દર્શન ભલુ રે, સડસઠ ભેદ વિચાર,
નિર્મલ તત્ત્વરુચી થઈ રે, જેહથી ભવોદધિ પાર-ભવિકજન... ॥૮॥

નાણ અનુપમ સાતમે રે, ભેદ એકાવન જાણ,
પાંચે જ્ઞાન આરાધતા રે, પાવે પદ નિર્વાણ-ભવિકજન.... ॥૯॥
ચારિત્ર ગુણ સ્તુતિ આઠમે રે, સિત્તેર ભેદ અનૂપ,
નિજગુણ સત્તા રમણતા રે, થિરતાસે અનુરુપ-ભવિકજન.... ॥૧૦॥
ષડ્ બાહ્ય ષડ્ અભ્યંતર રે, ભેદ પચાસ અછેહ,
કરમ તપાવે જે સહી રે, તપ નવમે ગુણ ગેહ-ભવિકજન... ॥૧૧॥
નવપદ વિધિશું આરાધતાં રે, મયણાને શ્રીપાલ,
નરસુર સંપદ ભોગવી રે, લેશે શિવ વરમાળ-ભવિકજન..... ॥૧૨॥
સિદ્ધચક્રની સેવના રે, કરતાં પાપ પલાય,
જિન ઉત્તમ સુપસાયથી રે, રત્નવિજય ગુણગાય-ભવિકજન.... ॥૧૩॥

(૭૫) રાગ : પશ્ચિમ ઐરાવતે ભલું

કરી પટકુલે રે લુંછણા, વંદો શ્રી જિનરાજ કે,
શ્રી સિદ્ધચક્રને સેવતા, લહુ અમૃત પુર રાજ કે,
નવપદ ધ્યાન ધરો સદા, આત્મભાવ વિશાલ કે,
ભવ ભ્રમણાદિક શ્રમ ટળે, સુણજો બાલ ગોપાલ કે... ॥૧॥
અતિશય ચઉતીશ શોભતા, શ્રી અરિહંત ભગવંત કે,
ગુણ એકત્રીશ વિરાજતા, સિદ્ધપ્રભુ જયવંત કે... નવપદ.. ॥૨॥
બારસે છત્રુ ગુણે જયા, પદ ત્રીજે સૂરિરાય કે,
ષટ્શત પણવીશ ગુણધરા, પાઠક પાઠ પઠાય કે.... નવપદ.. ॥૩॥
ગુણ સગવીશ વિરાજતા, જયવંતા મુનિરાય કે,
દીપે સગસઠ્ઠિ ભેદથી, દર્શન નામ કહાય રે... નવપદ... ॥૪॥
નાણ નમો પદ સાતમે, ભવજલ તારણ નાવ કે,
ત્રયશત ચાલીશ ભેદથી, સ્વપર પ્રકાશક ભાવ કે... નવપદ.. ॥૫॥
ભેદ સત્તર ઉપચારથી, ગુણ અનંતનું ધામ કે,
સંયમ જે જગ આચરે, હોજો તાસ પ્રણામ કે.... નવપદ.. ॥૬॥
કર્મ તપાવે તે તપ સહી, આણે ભવતરુ છેદ કે,
બાહ્ય અભ્યંતર ભેદથી, બોલ્યા દ્વાદશ ભેદ કે.... નવપદ... ॥૭॥
એ નવપદ તણી સેવના, ચાર વરસ ષટ્ માસ કે,
કરતાં વંછિત પૂરવે, વિમલેસર સુર તાસ કે... નવપદ... ॥૮॥
આંબિલ ઓળી આરાધીએ, વિધિપૂર્વક નિર્ધાર કે,

યોગ ધિરે ભવિયણ ગણો, ગુણણું સહસ અઢાર કે..... નવપદ.. ॥૯॥
મયણાં સંપદ સુખ લહ્યા, શ્રી શ્રીપાલ વિનીત કે,
નવમે ભવે શિવ પામશે, સુણીએ તાસ ચરિત કે... નવપદ... ॥૧૦॥
એ સિદ્ધચક્રનાં ધ્યાનથી, ફલે શુભ વાંછિત કામ કે,
વીરવિજય કહે મુજ હોજો, શ્રી સિદ્ધચક્ર પ્રણામ કે... નવપદ... ॥૧૧॥

(૭૬)

શ્રી સિદ્ધચક્રની કરો ભવી સેવના રે, મન ધરી નિર્મળ ભાવ,
ભાવની વૃદ્ધિ ભવ ભય સવિ ટળે રે, પ્રગટે શુદ્ધ સ્વભાવ-શ્રી..... ॥૧॥
બારે ગુણ સહિત અરિહંત નમો રે, પન્નર ભેદે રે સિદ્ધ,
આચાર્ય આસ્ય ત્રીજે નમો રે, ગુણ છત્રીસે પ્રસિદ્ધ-શ્રી..... ॥૨॥
પાઠક પદ પ્રણમો ચોથે તુમે રે, ગુણ પચવીશ ધરી નેહ,
મુનિપદ કેરું ધ્યાન ધરો સદા રે, સત્તાવીશ ગુણે રે જેહ-શ્રી... ॥૩॥
સડસઠ બોલ સહિત દર્શન નમો રે, નાણ એકાવન ભેદ,
ચારિત્ર ધર્મ નમો તુમે આઠમે રે, જે ટાલે સવિ જેહ-શ્રી... ॥૪॥
ષટવિધ બાહ્ય અભ્યંતર ષટવિધ રે, કરીએ તપ શુભચિત્ત
ત્યજી ઈચ્છા ઈહભવ પરભવતણી રે, કીજે જન્મ પવિત્ર-શ્રી.. ॥૫॥
શ્રેણિક નરપતિ આંગણે ગુણનિધિરે, ભાખે શ્રી વર્ધમાન,
એ નવપદ વિધિ સહિત આરાધતા રે, લહીએ અક્ષયઠાણ-શ્રી.... ॥૬॥
શ્રીશ્રીપાલ નરિદ તણી પરેરે, આરાધે નર જેહ
પુણ્યવંત પ્રાણી મન રંગસ્યુ રે, અમૃતપદ લહે તેહ-શ્રી..... ॥૭॥

(૭૭) શ્રી પંચ પરમેષ્ઠિ સ્તવન...

અરિહંતા અરિહંતા પ્રણમું, અરિહંતા અરિહંતા
તુમ સિદ્ધ ભજે ભગવંત પ્રણમું.... ॥૧॥
સમવસરણમાં નાથ સોહંતા ચઉમુખ ધર્મ કહંતા.... પ્રણમું... ॥૨॥
અજરામર અવિનાશી હુંતા, જ્યોતશું જ્યોત મિલંત.. પ્રણમું... ॥૩॥
આચારજ પ્રભુ બહુ ગુણવંતા, દ્વાદશ અંગ ભણતાં... પ્રણમું... ॥૪॥
પથ્થર સરિખા સિષને પાઠક આપ સમાન કરંતા... પ્રણમું.. ॥૫॥
સાધુ સાધે પંથ મુક્તિનો વ્રતનો ભાર વહંતા.... પ્રણમું... ॥૬॥
માણેકમુનિ નિત પંચ પરમેષ્ઠિ પરમેષ્ઠિ હૃદયે ધ્યાન ધરંતા... પ્રણમું.. ॥૭॥

(૭૮) શ્રી સિદ્ધચકજી સ્તવન

સિદ્ધચક્ર જગનામી શિવંકર સિ. ॥ટેક॥

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ પંચમ પદ ગામી-સિ.... ॥૧॥

દર્શન જ્ઞાન ચરણ તપ સુંદર કર્મ નિકાચિત વામી. શિ... ॥૨॥

બાર આઠ ખટત્રીસ પચીસા સમવિશ ગુણધામી. શિ... ॥૩॥

સતસઠ ઈગવન સત્તરી બારા, ભેદ કહે જિન સ્વામી. શિ... ॥૪॥

તાવત લોગસ્સ કાઉસ્સગ્ગં વંદન માલા વીસ જ પામી. શિ... ॥૫॥

પડિક્કમણા દોય ટંક કો કીજે, ત્રિવેળા દેવ પ્રણામી. શિ... ॥૬॥

આસો ચૈત્ર દોનોં અઠ્ઠાઈ, નવ આંબિલ ગુણઠામી. શિ... ॥૭॥

આરાધન સાઢે ચાર વરસકા, નવપદ કર્મકો દામી. શિ... ॥૮॥

શ્રીપાલ મયણા નવપદ આતમ વલ્લભ શિવપદ પામી. શિ... ॥૯॥

(૭૯) શ્રી સિદ્ધચક્ર સ્તવન

(રાગ : મલ્લિજિન નાથજી લીજે રે.દેશી)

સેવો સિદ્ધચક્ર ભવિ સુખકારીરે, નવપદ મહિમા જગ ભારી,

સેવો સિદ્ધચક્ર ભવિ સુખકારી રે....

કહે જોગ અસંખ પ્રકારા રે, મુખ્ય નવપદ મનમેં ધારા રે,

હોવે ભવિજન ભવોદધિ પારા, સેવો સિદ્ધચક્ર..... ॥૧॥

અરિહંત પ્રથમ પદ જાનો રે, નહીં દોષ અષ્ટાદશ માનો રે,

પ્રભુ ચાર અનંત વખાનો રે, સેવો સિદ્ધચક્ર..... ॥૨॥

બીજે પદ સિદ્ધ અનંતા રે, ખપી કર્મ હુએ ભગંવતા રે,

નિજ રુપમેં રમણ કરંતા, સેવો સિદ્ધચક્ર.... ॥૩॥

ત્રીજે પદ શ્રી સૂરિ રાયા રે, ષટ્ત્રિંશ ગુણે કરી ઠાયા રે,

પાલે પંચાચાર સવાય, સેવો સિદ્ધચક્ર.... ॥૪॥

ચોથે પદ પાઠક સોહે રે, મુનિગણ ભવિજન હોં બોહે રે,

જિનશાસનમેં નિત જોહે, સેવો સિદ્ધચક્ર... ॥૫॥

પંચમ પદ સાધુ કહાવે રે, પાલે પંચ મહાવ્રત ભાવે રે,

ગુણ ઋષિ કર માન ધરાવે, સેવો સિદ્ધચક્ર... ॥૬॥

પદ છઠે દર્શન પ્યારા રે, જ્ઞાન, ચરણ વિના જસા ખારા રે,

શુભ સડસઠ ભેદ વિચારા, સેવો સિદ્ધચક્ર.... ॥૭॥

પદ સાતમે જ્ઞાન વિકાસે રે, અજ્ઞાન તિમિરકો વિનાશે રે,

નિજ આતમરુપ પ્રકાશે, સેવો સિદ્ધચક્ર.... ॥૮॥

પદ આઠમે ચરણ સોહાવે રે, જસ શરણ પરમ સુખ પાવે રે,
રંક ચરણ પસાય પૂજાવે, સેવો સિદ્ધચક્ર... ॥૯॥
નવમે પદ તપ સુખદાઈ રે, હા કઠિન કર્મ ક્ષય થાઈ રે,
દેવે જ્યોતિમેં જ્યોતિ મિલાઈ, સેવો સિદ્ધચક્ર... ॥૧૦॥
તપગચ્છ સૂરિ મહારાયા રે, નમી વિજયાનંદ સૂરિ પાયા રે,
નયા શહર વલ્લમ ગુણ ગયા, સેવો સિદ્ધચક્ર.... ॥૧૧॥

(૮૦) રાગ : અપને પદકો તજ કરચેતન

સિદ્ધચક્ર પદ સેવો ભવિજન, પાવો શિવ સુખ સારા રે,
સકલ યોગમેં મુખ્ય યોગ હૈ, જયજય મંગલ કારા રે-સિદ્ધચક્ર... ॥૧॥
અરિહંત સિદ્ધ સૂરિ પાઠક મુનિ, સમ્યગદર્શન ધારા રે,
જ્ઞાન ચરણ તપ નવપદ સમુદિત, જિનશાસન જયકારા રે-સિદ્ધચક્ર.. ॥૨॥
અરિગણ જીત જીનેશ્વર, અડ પાડિહેર વિચારા રે,
જ્ઞાન હરણ દેહ સકલ જગ, અરિહંત ધ્યાન ઉદારા રે-સિદ્ધચક્ર... ॥૩॥
કર્માવરણ પ્રમુક્ત અનંતી, શ્રી જ્ઞાનાદિ ચારા રે,
શિખ્ય અનંત ધ્યાવો ભવિજન, અંત હોવે સંસારા રે-સિદ્ધચક્ર... ॥૪॥
માત પિતા સુખ વો નહીં દેતે, જો દેવે સૂરિ પ્યારા રે,
શ્રી સૂરિ મહારાજ કો ધ્યાવો, શિવસુખ જ્ઞાન દાતારા રે-સિદ્ધચક્ર... ॥૫॥
સંવેગી સૂત્રાર્થકે ધારી, ભવિજન તૃમિ કારા રે,
ઉપાધ્યાય શ્રુતજ્ઞાન કે દાતા, માતા મોહ નિવારા રે-સિદ્ધચક્ર... ॥૬॥
ખંત દંત નિર્લોભી પસંતા, બ્રહ્મ ગુણ રયણ ભંડારા રે,
અમાયી મુનિજન ભવિ ધ્યાવો, શિવ મારગ આધારા રે-સિદ્ધચક્ર... ॥૭॥
શ્રદ્ધા શુદ્ધ જિન ભાષિત તત્ત્વે, સમ્યગદર્શન દ્વારા રે,
મોક્ષપુરીકા ધ્યાવો ત્યાગો, મિથ્યા વ્યાધિ વિકારા રે-સિદ્ધચક્ર... ॥૮॥
જ્ઞાન પ્રધાન સિદ્ધ નયચક્રે, તત્ત્વબોધ હિતકારા રે,
ચિત્તવાસ ધરો મણિ દીપક, દૂર કરો અંધકારા રે-સિદ્ધચક્ર... ॥૯॥
મૂલોત્તર ગુણ સંયુત પાલો, ચારિત્ર પંચ પ્રકારા રે,
મોહ નિરોધી સંવર સાધી, ત્યાગી ભવિ અતિચારા રે-સિદ્ધચક્ર.... ॥૧૦॥
કર્મ વિદારક પાપ નિવારક, ભેદ બહિરંતર બારા રે,
નિર્નિદાન દુઃખ ક્ષય કારણ, કરિયે તપ મનોહારા રે-સિદ્ધચક્ર... ॥૧૧॥

ઈન નવપદમેં હોવે ભવિયાં, જિનશાસન અવતારા રે,
તિણ કારણ શુભ ભાવ આરાધો, હોવે ભવજલ પારા રે-સિદ્ધચક્ર... ॥૧૨॥
તીન તત્ત્વ આરાધન સુંદર, ધર્મ જિણંદ પુકારા રે,
દેવગુરુ ઔર ધર્મ આરાધક, હોવે જીવ સુધારા રે-સિદ્ધચક્ર... ॥૧૩॥
તીન તત્ત્વકે ભેદ વિચારી, દોય તીન ઔર ચારા રે,
દેવ તત્ત્વકે શ્રી અરિહંત સિદ્ધ, હોય ભેદ નિરધારા રે-સિદ્ધચક્ર.... ॥૧૪॥
સૂરિ પાઠક સાધુ તીનો, ભેદ ગુરુ દિલ ધારા રે,
દર્શન જ્ઞાન ચરણ તપ ચારો, ભેદ-ધર્મ સુખકારા રે-સિદ્ધચક્ર.... ॥૧૫॥
જો કોઈ આરાધે નવપદકો, વો પાવે સુખભારા રે,
જિન સિદ્ધચક્ર આરાધક સુખિયા, શ્રી શ્રીપાલ કુમારા રે-સિદ્ધચક્ર... ॥૧૬॥
તપગણ પ્રભુ વિજયાનંદ સૂરિ, લક્ષ્મી વિજય શિરદારા રે,
હર્ષવિજય શિષ્ય વલ્લભ પભણે, સિદ્ધચક્ર જયકારા રે-સિદ્ધચક્ર.... ॥૧૭॥

(૮૧) રાગ : ગજલ ગિરિરાજ દર્શ પાવે

સિદ્ધચક્ર મહિમા ભારી, વિભુ વીરને ઉચ્ચારી.... સિદ્ધ
નવપદકા ધ્યાન ધરના, સંસાર પાર કરના,
જરા જન્મ મરણ ટારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૧॥
ભાવારિ દૂર કરકે, અરિહંત નામ ધરકે,
હુએ બારા ગુણકે ધારી, વિભુ વીરને ઉચ્ચારી... ॥૨॥
ગુણ આઠ સિદ્ધ ધર્તા, નિજ આતમરુપ કર્તા,
આઠો કરમકો જરી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૩॥
આચાર્ય ગચ્છ ધોરી, હુએ આતમશક્તિ ફોરી,
ષટ્‌ત્રિંશ ગુણ વિહારી, વિભુ વીરને ઉચ્ચારી..... ॥૪॥
ગુણ પંચવીશ સોહે, ઉવજ્ઝાય મન મોહે,
મુનિ પાઠનાધિકારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૫॥
ગુણ સત્તાવીશ ધારી, મુનિરાજ બ્રહ્મચારી,
ભવિજીવ મદદગારી, વિભુ વીરને ઉચ્ચારી..... ॥૬॥
ધર્મી એ પાંચ જાનો, ચારોંકી ધર્મ માનો,
નવપદકી મહિમા ભારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૭॥
સડસઠ ભેદ દર્શન, સમ્યકતત્વ શુદ્ધ ફરસન,
સબ ધર્મકા આધારી-વિભુ વીરને ઉચ્ચારી... ॥૮॥

પાંચ ભેદ જ્ઞાને કહીએ, પચાશ એક લહીએ,
વિના જ્ઞાન કરણ બારી, વિભુ વીરને ઉચ્ચારી... ॥૯॥
ગુણ સત્તરી પ્રભાવે, ચારિત્ર શુદ્ધ થાવે,
સંસાર પારકારી, વિભુ વીરને ઉચ્ચારી..... ॥૧૦॥
તપ બારા ભેદ તપતા, ભવિ જીવ કર્મ ખપતા,
સમતા કે હો ભંડારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૧૧॥
દો દેવ તત્વ સુંદર, ગુરુ તત્વ તીન અંદર
હૈં ધર્મતત્ત્વ ચારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૧૨॥
નવપદ સિદ્ધ જાની, શાશ્વત ચક્ર માની,
જાઉં સિદ્ધચક્ર વારી, વિભુ વીરને ઉચ્ચારી..... ॥૧૩॥
સિદ્ધચક્રકો આરાધી, લીયો આત્મરુપ સાધી,
શ્રીપાલ મયણા નારી, વિભુ વીરને ઉચ્ચારી... ॥૧૪॥
આતમ લક્ષ્મી દાતા, વલ્લભ હર્ષ પાતા,
સિદ્ધચક્ર સેવા સારી, વિભુ વીરને ઉચ્ચારી.... ॥૧૫॥

(૮૨) રાગ : ચલ ચલ રે નવ જવાન

નવપદકા ધરો ધ્યાન, નવપદકા ધરો ધ્યાન
સબ ગુનોકી ખાનજાન, નવ પદકા ધરો ધ્યાન... ॥૧॥
નમો અરિહંત, સિધ્ધ સૂરિ સંત, વાચક મુનિ દર્શન,
જ્ઞાન ચરણ તપ, નવપદ સમો હૈ નહીં ઔર કોઈ ધ્યાન-નવપદ.... ॥૨॥
શ્રીપાળ પરે જો, સિદ્ધચક્ર ભજે જો, દક્ષ વો ઈન્સાન,
પાવેગા મુક્તિ સ્થાન, નવપદ સમો હૈ નહીં ઔર કોઈ ધ્યાન-નવપદ... ॥૩॥

(૮૩) રાગ : રખીયાં બંધાવો ભૈયા

નવપદ ધ્યાવો ભવિયાં, શિવપદ પાવો રે (૨)
અરિહંત સિદ્ધ સૂરિ, વાચક સાધુ ધૂરિ
દર્શન જ્ઞાન ચારિત્ર, તપપદ સેવો રે-નવપદ.... ॥૧॥
નવ મંગલ દાતા, નવપદ સેવી શાતા,
પામ્યા અનંતા સંતા, છિન છિન સેવો રે-નવપદ.... ॥૨॥
સિદ્ધ થયાને થાતાં, થાશે જે રંગે રાતા,
એ સર્વ નવપદ ધ્યાતા, છિન છિન સેવો રે-નવપદ... ॥૩॥

નેમિ લાવણ્ય શિષ, દક્ષ નમાવે શિષ,
શ્રી સિદ્ધચક્ર જગીશ, છિન છિન સેવો રે-નવપદ... ॥૪॥

(૮૪) રાગ : ગોકુલકે વીર જપો કૃષ્ણા નામકી માલા

સબ તજકે ચિત્ત ધરો, નવપદ મંગલ માલા-ટેક
કર્મ દલો, સર્વ દલો, જન્મ-મરણ દુઃખ વારો-સબ તજકે..... ॥૧॥
જાપ જપો, પાપ ખપો, ખૂબ ધપો, જેમ શ્રીપાલ કુમારો... ॥૨॥
દક્ષ જનો, મુક્ત બનો, ધરકે ધ્યાન રસીલા-સબ... ॥૩॥

(૮૫)

સુરમણી સહુ મંત્રમાં, નવપદ અભિરામી રે લોલ, અહો અભિરામી રે લોલ....
કરુણાસાગર ગુણનિધિ, જગ અંતરજામી રે લોલ-અહો.... ॥૧॥
ત્રિભુવન જન પૂજીત સદા, લોકાલોક પ્રકાશી રે લોલ-અહો
એવા શ્રી અરિહંતજી, નમુ ચિત્ત ઉલ્લાસી રે લોલ-અહો.... ॥૨॥
અષ્ટકર્મદલ ક્ષય કરી, થયા સિદ્ધ સ્વરુપી રે લોલ-અહો,
સિદ્ધ નમો ભવિભાવથી, જે અગમ અરુપી રે લોલ-અહો... ॥૩॥
ગુણ છત્રીસે શોભતા, સુંદર સુખકારી રે લોલ, અહો.
આચારજ ત્રીજે પદે, વંદુ અવિકારી રે લોલ, અહો.... ॥૪॥
આગમધારી ઉપશમી, તપ દુવિધ આરાધી રે લોલ-અહો
ચોથે પદે પાઠક નમો, સંવેગ સમાધિ રે લોલ-અહો..... ॥૫॥
પંચાચાર પાલણ પરા, પંચાશ્રવ ત્યાગી રે લોલ-અહો.
ગુણરાગી મુનિ પાંચમે, પ્રણમું વડભાગી રે લાલ-અહો.. ॥૬॥
નિજ પર ગુણને ઓળખે, શ્રુત શ્રદ્ધા આવે રે લોલ-અહો.
છઠ્ઠે ગુણ દરિસણ નમો, આતમ શુભ ભાવે રે લોલ-અહો... ॥૭॥
જ્ઞાન નમો ગુણ સાતમે, જે પંચ પ્રકારે રે લોલ-અહો.
આઠમે ચારિત્ર પદ નમો, પર ભાવ નિવારી રે લોલ-અહો.... ॥૮॥
ખંત્યાદિક દશ ધર્મનો, જેહ છે અધિકારી રે લોલ-અહો.
નવમે વલી તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદે રે લોલ-અહો... ॥૯॥
બાંધ્યા કાળ અનંતનાં, જે કર્મ ઉચ્છેદે રે લોલ-અહો.
એ નવપદ બહુ માનથી, ધ્યાવે શુભ ભાવે રે લોલ-અહો.... ॥૧૦॥
નૃપ શ્રીપાલ તણી પરે, મનવાંછિત પાવે રે લોલ-અહો..
આસો ચૈત્ર માસમાં, નવ આંબિલ કરીએ રે લોલ-અહો... ॥૧૧॥

નવ ઓળી વિધિ યુક્ત કરી, શિવ કમળા વરીએ રે લોલ-અહો.
શ્રી સિદ્ધચક્રની બહુ પરે, વર મહિમા કીજે રે લોલ-અહો
શ્રી જિન લાલ કહે સદા, અનુપમ જસ લીજે રે લોલ-અહો.. ॥૧૨॥

(૮૬) રાગ : સાંભળ રે તું સજની મોરી

શ્રી વીર પ્રભુ ભવિજનને એમ કહે, ભાવદયા દિલ આણીજી રે,
સુરતરુ સમ સિદ્ધચક્ર આરાધો, વરવા શિવવધુ આણીજી રે સુભવિયાં સુણજોજી॥૧॥
શિવકાર્યનું મુખ્ય કારણ નવપદ છે ગુણ પણ ચાર જી રે,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, સાધુ વર દર્શન ધારજી રે-સુ... ॥૨॥
જ્ઞાન ચારિત્ર તપ એ નવપદનો, આરાધન એણી પરે કીજેજી રે,
આસો ચૈત્ર સુદ સાતમથી, આંબિલ ઓળી માંડીજે જી રે-સુ... ॥૩॥
ચૈત્ય પૂજા ગુરુ ભક્તિ કરીએ, પડિક્કમણ દોય ધારો જી,
ત્રણ કાળ દેવવંદન કરીએ, બ્રહ્મચર્ય ભૂમિ સંથારો જી-સુ.... ॥૪॥
નવકાર વાળી વીસ ગણીએ, એકપદની રંગેજીરે
પડહ અમારી સદા વજડાવીએ, સુણો આગમ ગુરુ સંગેજીરે..... ॥૫॥
કહે ધરમચંદ સિધ્ધચક્ર સેવતા લહીએ મંગલ માલજી રે
રાજ્ય ઋધ્ધિ રમણી સુખ પામ્યો જેમ નરપતિ શ્રીપાલજીરે..... ॥૬॥

(૮૭)

રાગ : કુંદરગલારોનજરે દેખતાજી

સેવો ભવિકા સિધ્ધચક્રનેજી, ચિત ચંચલતા નિવારી રે
ગુણી ને સેવ્યા ગુણ સંપૈજે જી, એમ મનમાં વિચારી રે - સેવો..... ॥૧॥
ત્રિજગ પૂજ્ય અરિહંત પ્રભુ જી, ચોષઠ ઇન્દ્ર જેના દાસરે
નાથને પંચ કલ્યાણકેજી, સફલજી જીવનો હોયે ઉલ્લાસ રે - સેવો..... ॥૨॥
કર્મક્ષયે સિદ્ધપદ લહયોજી, વિશેષ સામાન્ય ઉપયોગીરિ
રુપી અરુપી ષટ દ્રવ્યનોજી, ખેલ દેજે અજોગી રે - સેવો..... ॥૩॥
પંચ પ્રસ્થાને આચારજભલાજી, મુનિજન વિશ્રામ કામરે
છત્રીસ છત્રીસી એ શોભતાજી, ગચ્છપતિ શ્રી પૂજ્ય નામરે સેવો-સેવો..... ॥૪॥
ગુણ પચવીશ ઉવજ્ઝાયનાજી, સૂત્રધની ઉપમા સોળ રે,
યુવરાજ પરે ગચ્છ ચિંતા ધરે જી, મીઠાં ઈક્ષુ સમ બોલે રે-સેવો... ॥૫॥
સાધ્યુ મન તે સાધુ ભળ્યો જી, ચરણ કરણ ગુણ ખાણ રે,
નવકલ્પી વિહાર જે આદરીજી, ભવિનો ટાળ્યો અન્નાણ રે-સેવો.. ॥૬॥

મલ ઉપશમ ક્ષય ઉપશમેજી, ક્ષયથી ત્રિવિધે હોયે જેહ રે,
સડસઠ બાલે સોહામણોજી, પ્રણમું દર્શન તેહ રે-સેવો... ॥૭॥
પાંચ ભેદે જ્ઞાની એ જ્ઞાન કહ્યોજી, પ્રત્યક્ષ પરોક્ષ ભેદ સહિત રે,
અનર્પિત અર્પિત નય વળીજી, જેહ સંવાદ રહિત રે-સેવો.... ॥૮॥
સંયમ સત્તર ભેદે હુવે જી, જેહ આદરે દુઃખ જાય રે,
દશા જાગરણ ઈહાં કહી જી, સુરવધુ નમે વળી પાય રે-સેવો... ॥૯॥
દ્વાદશ ભેદે જે તપ ભણ્યોજી, તે બાહ્ય-અભ્યંતરથી હોય રે,
ક્ષમા સહિત આરાધતાજી, પાતક ન રહે કોય રે-સેવો.... ॥૧૦॥
એમ નવપદ ગુણરત્નનોજી, પાર ન લહે મતિવંત રે,
ધર્મચંદ્ર કરજોડને જી, કહે તારજો ભગવંત રે-સેવો... ॥૧૧॥

(૮૮)

સિદ્ધચક્ર સેવો રે પ્રાણી, ભવોદધિમાંહે તારક હો જાણી,
વિધિપૂર્વક આરાધી જે, જિમ ભવ સંચિત પાતક છીજે-સિ... ॥૧॥
પ્રથમ પદે અરિહંત, બીજે પદ વળી સિદ્ધ ભગવંત,
ત્રીજે પદ આચાર્ય જાણું, ચોથે પદ ઉપાધ્યાય વખાણું-સિ... ॥૨॥
પાંચમે પદ સકલ મુનીન્દ્ર, છઠ્ઠે દર્શન શિવસુખકંદ,
સાતમે પદ જ્ઞાન વિબુધ, આઠમે ચારિત્ર પાર વિશુદ્ધ-સિ.... ॥૩॥
નવમે પદ તસ સાર, એક એક પદ જપો દોય હજાર,
નવ અંબિલ ઓળી કીજે, ત્રણકાળ જિનને પૂજીજે-સિ.... ॥૪॥
દેવવંદન ત્રણ વાર, પડિક્કમણું પડિલેહણ ધાર,
રત્ન કહે એમ આરાધો, શ્રીપાલ મયણા જિમ સુખ સાધો-સિ.... ॥૫॥

(૮૯)

નરનારી રે, ભમતાં ભવ ભરદરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ,
સુખકારી રે, તો શિવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ... ॥૧॥
પહેલે પદ શ્રી અરિહંત રે, કરી અષ્ટરિપુનો અંત રે,
થયા શિવરમણીના કંત રે, પદ બીજે રે, સિદ્ધ ભજી દુઃખ હરીએ રે,
નવપદનું ધ્યાન સદા ધરીએ, સુખકારી રે, તો શિવસુંદરી વરીએ... ॥૨॥
આચાર્ય નમું પદ ત્રીજે રે, ચોથે પદ પાઠક લીજે રે,
પ્રીતેથી પાય પ્રણમીજે રે, પદ પાંચમે રે મુનિ મહારાજ ઉચ્ચરીયે... ॥૩॥
છઠ્ઠે પદ દર્શન જાણું રે, જ્ઞાન ગુણ મુખ્ય વખાણું રે,

આ જગમાં જે ખરું નાણું રે, બહુ ખરચો રે, તોય ન ખૂટે જરીએ... ॥૪॥
ચારિત્ર પદ નમુ આઠમે રે, નવમે તપ કરો બહુ ઠાઠે રે,
દુઃખ દારિદ્ર જેહથી નાઠે રે, જિનવરની રે, પ્યારથી પૂજા કરીએ... ॥૫॥
નવદિન શીયળ વ્રત પાળો રે, પડિક્કમણ કરી દુઃખ ટાળો રે,
જેમ ચંપાપતિ શ્રીપાળો રે, મનમાંહિ રે, શંકા ન રાખો જરીએ... ॥૬॥
ઓગણીશ અઠ્ઠાવન વર્ષે રે, પોષ માસ પૂનમ તિથિ ફરસે રે,
ભાવે ભાવે તે ભવ નવિ ફરસે રે, નિર્ભયથી રે, ધર્મ કહે ભવતરીયે
નવપદનું ધ્યાન સદા ધરીએ... ॥૭॥

(૯૦) રાગ : રુમઝુમ કરતી આવી આઝાદી

રુમઝુમ કરતી આવી ઓળી તો, રુમઝુમ કરતી આવી,
આસો ચૈત્ર સુદી સાતમથી, પુનમ સુધી કરીએ,
સિધ્ધચક્રની સેવા કરીએ, ધ્યાન નવપદનું ધરીએ,
મયણા શ્રીપાલ ચરિત્ર સુણીએ, વ્યાખ્યાન મધ્યે આવી-ઓળી તો... ॥૧॥
નવપદનું મંડળ આલેખી, લાખેણી આંગી રચાવો,
રુડી રીતે સ્નાત્ર પૂજામાં, નરનારી મળી આવો,
પૂજા ભણાવો ભાવના ભાવો, ગીત વાજિંત્ર બજાવીએ-ઓળી તો ... ॥૨॥
વિધિ સહિત આંબિલ કરીને, રાસ શ્રીપાલ વંચાવો
યથાશક્તિ પ્રભાવના કરીને, લ્યો લક્ષ્મીનો લ્હાવો
ઉલ્લાસ થકી આરાધના કરતાં, છે શીવપુરની ચાવી-ઓળી તો.... ॥૩॥
એવી રીતે ભક્તિ કરતાં, કઠણ કર્મને ચૂરે,
વિમલેશ્વર યક્ષ પ્રસન્ન થઈ, તેહના વાંછિત પૂરે
ભાસ્કર વિજયજી કહે પ્રભુ પસાયે, શિવસુંદરી મળે આવી-ઓવી તો... ॥૪॥

(૯૧) રાગ : તું સાંભળ સૈયર મોરીમુજ વર વેશ્યાનો ચારી

નવપદ સેવો નરનારી, સિદ્ધચક્ર સદા સુખકારી,
અરિહંત સિદ્ધ આરાધો, વળી આચાર્ય પદ સાધો,
ઉવજ્ઝાય પદ ગુણકારી, સિદ્ધચક્ર સદા સુખકારી.... ॥૧॥
સાધુપદ નિત નિત વંદો, વળી દર્શનપદ આનંદો,
પંચ જ્ઞાન અનંત ઉપકારી, સિદ્ધચક્ર સદા સુખકારી... ॥૨॥
ચારિત્ર સુરતરુ સરીઓ, તપ પૂજી મન હરખો,
એ નવપદ મંગળકારી સિદ્ધચક્ર સદા સુખકારી.... ॥૩॥

આસો ચૈત્ર માસે, કરો ઓળી અધિક ઉલ્લાસે,
મહા મંગળને શુભકારી, સિદ્ધચક્ર સદા સુખકારી.... ॥૪॥
તપ કરી ન શોષી કાયા, તો ફૂટા ઢોલ બજાયા,
કેમ પામે તે ભવપારી, સિદ્ધચક્ર સદા સુખકારી... ॥૫॥
વિમલેશ્વર ચક્રેશ્વરી દેવી, સંઘ સાર કરે નિત્યમેવી,
કહે ભાસ્કર વિજય દિલધારી, સિદ્ધચક્ર સદા સુખકારી... ॥૬॥

(૯૨) રાગ : નોંધારુ કેમ રહેવાશે, જેલના દહાડાં દોહીલા જાશે

આવી નવપદની ઓળી, કર્મોને નાંખો રોળી, અરિહંત સિદ્ધ આચાર્યને ચોથા ઉપાધ્યાય,
પંચમ સર્વ સાધુનું, જપતા નવનિધ થાય, ટાળો ભવ રોગની હોળી, કર્મોને.. ॥૧॥
છઠ્ઠે દર્શન સાતમે જ્ઞાન આઠમે ચારિત્ર જોય નવમે તપ પણ બાહ્યતપમાં,
ઉત્કૃષ્ટ આંબિલ હોયં, દુષ્કર્મ કાઢો ખોળી-કર્મોને... ॥૨॥
આસો ચૈત્રમાં અઠ્ઠાઈ, શાશ્વતી કહેવાય, દેવોનો પણ નંદીશ્વર દ્વીપે,
અઠ્ઠાઈ ઓચ્છવ થાય, જિનવાણી પીવો ઘોળી, કર્મોને.... ॥૩॥
આંબિલ તપનો મહિમા મોટો, ઉત્તમને પવિત્ર, રોગ, ગયોને સંપદા પામ્યા,
સુણો શ્રીપાળ ચરિત્ર, નિકાચિત નાંખો રોળી, કર્મોને.... ॥૪॥
માટે કરીને ઉત્તમ ભાવથી, કરજો આંબિલ તપ, એકધાનના એકાશી નવદિન,
વળી નવપદનો જાપ, ભરો તુમે ભાવની ઝોળી, કર્મોને... ॥૫॥
આઠસો ચોવીશી અમર રહેશે, નામ રાજર્ષિ ચંદ, વર્ધમાન તપનો મહિમા એવો,
પડે કષાયો મંદ, મિથ્યાતિમિર નાખો ઢોળી, કર્મોને... ॥૬॥
આંગી રચાવો, ભાવના ભાવો, દીપાવો નવ દિન, ગુણણું ગણો, વ્યાખ્યાન સુણો,
પ્રભુભક્તિ માં લીન, નવપદ પૂજાની ટોળી, કર્મોને.... ॥૭॥
ભક્તિ કરો કંચન જેવી, થાય ભાસ્કર પ્રકાશ, વિધિ સહિત ઓળી આરાધો,
શુદ્ધ સમકિતથી ખાસ, વરો શિવસુંદરી ભોળી-કર્મોને.... ॥૮॥

(૯૩)

નવપદ જપો સુજાણ, ભવિર્યા નવપદ જપો સુજાણ,
વિધિ વિધાને ઓળી કીજે, પામે નવ નિધાન-ભવિયાં નવપદ...
પ્રથમ શ્વેત અરિહંત સોહે, બાર ગુણે ભગવાન,
તેહનુ આંબિલ શુદ્ધ તાંદુલથી ભજીયે ભવિ બહુમાન-ભવિયાં.... ॥૧॥

બીજે સિદ્ધપદ લાલ વરણે, ગુણ આઠ ગોધુમધાન,
પીળા આચાર્ય પદ ત્રીજે, દાળ ચણાની એ ઠામ-ભવિયાં.... ॥૨॥
છત્રીસ ગુણે એ પદ સોહે, પૂજીએ કરી ગુણગાન,
ચોથે ઉપાધ્યાય પદ પૂજે, પચવીસ ગુણનું સ્થાન-ભવિયાં.... ॥૩॥
નીલવરણે શોભે એ પદ, મગથી મંગળ કામ,
સાધુપદ પાંચમુ નીરખો, સત્તાવીશ ગુણ છે જામ-ભવિયાં..... ॥૪॥
વરણ શ્યામ આંબિલ અડદનું, રાખો કરી શુભ ધ્યાન,
દર્શન જ્ઞાન ચારિત્ર તપ, એ ઉજ્જ્વળ તમામ-ભવિયાં.... ॥૫॥
ચાર આંબિલ ઓળીના કીજે, હૈડે રાખી હામ,
નવ આંબિલની ઓળી કીજે, આસો ચૈત્ર આમ-ભવિયાં.... ॥૬॥
નવ ઓળી એકાશી આંબિલ, સાડા ચાર વરસ તામ,
ત્રીહું કાળે જીનેશ્વર પૂજા, ગીત વાજીંત્ર તમામ-ભવિયાં..... ॥૭॥
પડિક્કમણાં દોય વિધિશું કીજે, ગુણણું દોય હજાર માન,
દેવવંદન કાઉસ્સગ પ્રદક્ષિણા, સ્વસ્તિક પદ પ્રમાણ-ભવિયાં.... ॥૮॥
શ્રીપાળ રાજાનો રાસ સુણીને, સુપાત્રે ખરચો દામ,
રોગ, શોગ, દુઃખ દોહગ નાવે, પામે ઋદ્ધિ તમામ-ભવિયાં.... ॥૯॥
એકધાનધી ઓળી કરીને, વ્યાખ્યાન સુણો એક કાન,
મન વચ કાય શુદ્ધ કરીને, સિદ્ધચક્રનું ધરો ધ્યાન-ભવિયાં.... ॥૧૦॥
વિમળેશ્વર ચક્રેશ્વરી દેવી, તપસીની પૂરે હામ,
તપથી કંચનનો ભાસ્કર પ્રગટે, મળે મોક્ષનું ધામ-ભવિયાં... ॥૧૧॥

(૯૪)

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓળી,
ઓળી કરતાં આપદ, જાયે, ઋદ્ધિ, સિદ્ધિ, લહીએ બહુલી-અવસર... ॥૧॥
આસોને ચૈત્રે આદરશું, સાતમથી સંભાળી રે,
આળસ મેલી આંબિલ કરશે, તસ ઘર નિત્ય દિવાળી-અવસર... ॥૨॥
પૂનમને દિન પૂરી થાતે, પ્રેમશું પખાલી રે,
સિદ્ધચક્રને શુદ્ધ આરાધી, જાપ 'જ'પે જપમાલી-અવસર... ॥૩॥
દેહરે જઈને દેવ જુહારો, આદિશ્વર અરિહંત રે,
ચોવીસે આદિને પૂજો, ભાવશું ભગવંત-અવસર.... ॥૪॥
બે ટંક પડિક્કમણું કરો, દેવવંદન ત્રળ રે,

શ્રી શ્રીપાળ તણી પરે સમજી, ચિત્તમાં રાખો ચાલ-અવસર.... ॥૫॥
સમક્તિ પામી અંતરજામી, આરાધો એકાંત રે,
સ્યાદ્વાદ પંથે સંચરતા, આવે ભવનો અંત-અવસર... ॥૬॥
સત્તર ચોરાણું સુદી ચૈત્રી, બારસે બનાવી રે,
સિદ્ધચક્ર ગાતા સુખ સંપત્તિ, ચાલીને ઘેર આવી-અવસર.... ॥૭॥
ઉદયરત્ન વાચક એમ જંપે, જે નરનારી ચાલે રે,
ભવની ભાવઠ તે ભાંગીને, મુક્તિપુરીમાં મ્હાલે રે-અવસર.... ॥૮॥

(૯૫)

તુમે પૂજો ભવિ મન રંગે, ભલા તુમે પૂજો ભવિ મન રંગે,
ભવ ભયંહી મિટાના, શ્રી અર્હન સ્વામી મેરા, ક્ષણ નહિ ભૂલાના રે.... ॥૧॥
ભવ ત્રીજે તપ વરકે, સેવે નિદાના રે,
જીનનામ શુભ કરમ બાંધી, હવે ત્રિભુવન રાના-શ્રી અર્હમ..... ॥૨॥
જિનકે કલ્યાણક દિવસે, નરકે સુહાના રે,
ઉદ્યોત હવે ત્રિભુવનમેં, અતિશય ગુણગાના-શ્રી અર્હમ.... ॥૩॥
પ્રભુ તીન જ્ઞાન લઈ ઉપને, જગમેં સુભાના રે,
લહી દીક્ષા ભવિજન તારે, હુવે કેવલજ્ઞાના-શ્રી અર્હમ... ॥૪॥
મહાગોપ સાર્થ નિર્યામક, વલી મહામાહન,
એ ઉપમા જીનકો છાજે, તે ત્રિભુવન ભાના-શ્રી અર્હમ.... ॥૫॥
પ્રાતિહારજ અડજસ શોભે, ગુણ પાંત્રીશ વાના,
પ્રભુ ચૌત્રીશ અતિશય ધારી, મહાનંદ ભરાના-શ્રી અર્હમ... ॥૬॥
ભવિ અરિહંત પદકો પૂજે, નિજરુપ સમાના રે,
જિન આતમ ધ્યાન ધ્યાવે, તદરુપ મિલાના-શ્રી અર્હમ... ॥૮॥

(૯૬)

નિત્ય નિત્ય સિદ્ધ ભજો ભવિ ભવિ, રુપાતીત જે સહજ સ્વભાવે,
નિત્ય નિત્ય સિદ્ધ ભજો ભવિ ભાવે
જ્ઞાનને દર્શન દોય વિલાસી, સાકાર ઉપયોગે શિવ જાવે-નિત્ય.... ॥૧॥
કર્મ વિયોગી અયોગી કેરે, ચરમ સમયે સિધાવે.... નિત્ય
નિશ્ચય નયવાદી એમ બોલે, વ્યવહારે સમયાંતર લાવે-નિત્ય.... ॥૨॥
અગુરુલઘુ અવગાહના રુપે, એક અવગાહ અનંત વસાવે, નિત્ય

ફરસિત દેશ પ્રદેશ અસંખ્યા, સુંદર જ્યોતસે જ્યોતિ મિલાવે-નિત્ય... ॥૩॥
આધિ વ્યાધિ વિઘટવા ભવ કે, ગર્ભાવાસ તણાં દુઃખ નાવે, - નિત્ય
એક પ્રદેશમાં સુખ અનંતુ, તે પણ લોકાકાશે ન માવે-નિત્ય... ॥૪॥
પરમાત્મ રમણીનો ભોગી, યોગીશ્વર પણ જેહને ધ્યાવે-નિત્ય
ફળપૂજાથી એ ફળ પાવે, શ્રી શુભવીર વચન રસ નાવે-નિત્ય.... ॥૫॥

(૯૭) રાગ : સિદ્ધની શોભા રે શી કહું....

સિદ્ધ જગત શીરે, શોભતા, રમતા આતમરામ,
લક્ષ્મી લીલા લહેરમાં, સુખીયા છે શીવ ઠામ-સિદ્ધ.... ॥૧॥
મહાનંદ અમૃત ગૃહ નમો, સિદ્ધ કૈવલ્ય નામ
અપુનર્ભવ બાહ્ય પદ વલી, અક્ષય સુખ શીવરામ.... સિદ્ધ.. ॥૨॥
સંક્ષેપે નિઃશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાણ,
નિવૃત્તિ અપવર્ગતા, મોક્ષ મુક્તિ નિર્વાણ... સિદ્ધ... ॥૩॥
અચલ મહોદય પદ લહ્યુ, જોતા જગતનાં ઠાઠ,
નિજ નિજ રુપે રે જુજુઆ, વીત્યા કર્મ તે આઠ-- સિદ્ધ.... ॥૪॥
અગુરુલઘુ અવગાહના, નામે વિકસે વદન
શ્રી શુભવીરને વંદતા, રહીએ સુખમાં મગન..... સિદ્ધ... ॥૫॥

(૯૮) રાગ : પરદેશી બાલમા બાદલ આયા

પરમેષ્ઠી ખ્યાલમાં દીલડા લાએ,
આઉસકે બીન કછુ ન ભાએ, દીલડાં લાએ-પરમેષ્ઠી.... ॥૧॥
ભક્તિસે કટ જાએ આલમ ખુવારીયાં, હો ખુવારીયાં,
જાવો મિલાવો તુમ્હે જિનકી દુવાઈઆં, હો દુવાઈઆં
દિન રાત મન વિચારે નાથ, હાઁ દિલડાં લાએ-- પરમેષ્ઠી... ॥૨॥
દિલડાં ભર આયેગેં ઓ મોરે જીવા કોલના, જીયા કોલના,
ભૂલ મત આરોસે કભી મીઠે બોલ બોલના, બોલ બોલના,
રહ રહકે પરમેષ્ઠી ધ્યાયે, દીલડા લાયે.... પરમેષ્ઠી.... ॥૩॥
આત્મ કમલમેં લબ્ધિ વિખ્યાત હૈં, વિખ્યાત હૈં,
જીનજીસે મિલ મિલ ધ્યાન પૂરી બાત હૈ, પૂરી બાત હૈ,
જીનમેં દીજીએ મીલ મીલાએ, દીલડાં લાએ-પરમેષ્ઠી.... ॥૪॥

(૯૯) રાગ : રુમઝુમ બરસે બાદરવા

નવપદ દીલસે આદર હાં, વસજા મુક્તિમેં તું વસજા,
ભલા ઘર આજા, આજા, ભલા ઘર આજા,
સ્હેજે સ્હેજે નાજુક શિવ શિવ આ ગયે આ ગયે,
ધ્યાને ધ્યાને ઈનકે કર્મ ગમા દીયે, ગમા દીયે,
અરિહંતજી કે ગીતે રે, મંગલ હાં, મંગલ હાં,
વો મોરે રાજા તાજા હો મોરે રાજા, ભલા ઘર આ જા... નવપદ.. ॥૧॥
પ્રભુ મિલનકે બીન, એ મનડાં રોતે હૈ રોતે હૈં,
સિદ્ધ પ્રભુજી આવો દીલમેં, જોતે હૈં, જોતે હૈં,
આચારજ દિલમેં આવો રે, વાચક પદ પ્રીતિ મોરી,
સુખ દિખલાજી આ જા, સુખ દિખલા જા... નવપદ.. ॥૨॥
હાં કરું ધ્યાનોકી, રમઝટ હો ગઈ રો ગઈ,
ગુરુ કે અસરવસર નયનમેં, હો ગઈ ો ગઈ,
ગુરુકે અસરવસર નયનમેં, છટ ગયે છટ ગયે,
જ્ઞાન ધ્યાન તપકા પ્યાસા, જીવન મોરા,
લબ્ધિ કે દિલમેં આ જા, લબ્ધિ કે દિલમેં આ જા..... નવપદ... ॥૩॥

(૧૦૦) રાગ : તુમ્હીને મુજકો પ્રેમ શીખાયા

સિદ્ધચક્ર મુજ દિલમેં ભાયા, કલ્પતરુ સુખકર સોહાયા,
નવપદ શાખા જિસકી સવાયા, સુર નરવર કિન્નર ગુણ ગાયા,
તુમ્હી જગ વિખ્યાત તારક, તુમહી જગ વિખ્યાત-સિદ્ધચક્ર.... ॥૧॥
બારહ અંગમેં તુમરી છાયા, માયા નસાયા શિવ વસાયા,
તેરો હી ધ્યાન પ્રધાન નવપદ, તેરા હી ધ્યાન પ્રધાન-સિદ્ધચક્ર..... ॥૨॥
સાર સાર સબ તત્ત્વ મીલાયા શ્રી સિદ્ધચક્ર કે સ્થાન કરાયા,
અવ્વલ હૈ જગસાર નવપદ, અવ્વલ હૈ જગસાર-સિદ્ધચક્ર..... ॥૩॥
અરિહંત સિદ્ધ આચારજ સોહે, વાચક મુનિપદ મનકો મોહે,
દર્શન જ્ઞાન નિધાન નવપદ, દર્શન જ્ઞાન નિધાન-સિદ્ધચક્ર.... ॥૪॥
આતમ મનમેં કમલ બનાકર, નવ પાંખડીએ નવપદ ધ્યાકર
તપ ચરણ અવદાત જગમેં, તપ ચરણ અવદાત-સિદ્ધચક્ર.... ॥૫॥
આત્મ કમલમેં તત્ત્વ વસાના, લબ્ધિ મિલાના ગુણકો ખીલાના,
જપી સોડહં પદ જાપ ભવિયાં, જપી સોડહં પદ જાપ-સિદ્ધચક્ર.... ॥૬॥

(૧૦૧) રાગ : ઘના શ્રી

સિદ્ધચક્ર છે આધાર જગતમાં સિદ્ધચક્ર છે આધાર,
અરિહંત સિદ્ધ આચાર્ય વાચક, મુનિપદ દર્શન સાર-જગતમાં.... ॥૧॥
જ્ઞાન ચારિત્ર તપ સુખદાયક, લાયક સેવાકાર-જગતમાં.... ॥૨॥
આરાધક આરાધ્ય એકતા, કરી આદિ પદ ધાર-જગતમાં.... ॥૩॥
શ્રી શ્રીપાલ પરે કરી સેવા, મુક્તિ મેવા લ્યો સ્વીકાર-જગતમાં... ॥૪॥
રોગ શોક દુઃખ દોહગ નાશે, કાટને કર્મ કુઠાર-જગતમાં.... ॥૫॥
દેવ, ગુરુ વળી ધર્મ તત્ત્વ છે, સિદ્ધચક્ર મોઝાર-જગતમાં.... ॥૬॥
ત્રણ સાધક ચોથું સાધ્ય છે, સાધ્ય સાધક પ્રકાર-જગતમાં... ॥૭॥
ત્રણ નવકાર રહે જસ ઉદરે, તસ ગુણનો નહીં પાર-જગતમાં... ॥૮॥
જ્ઞાન પાંચ જ્યાં વસે નિરંતર, તે મુજ હૃદયનો હાર-જગતમાં.... ॥૯॥
આત્મકમલ વિકસીત કરનારો, સર્વ લબ્ધિ દાતાર-જગતમાં.... ॥૧૦॥

(૧૦૨)

સિદ્ધચક્ર ગુણ ગેહોભવિયાં રે ગેહોરે ગેહોરે ગેહો ધર્મ દેહો
આત્મ સુખ ખેતી કારક
એ ઉપકારક મેહો રે, મેહો રે, મેહો ધર્મ દેહો-સિદ્ધચક્ર..... ॥૧॥
સર્વ તત્ત્વકા સાર હૈ ઉસમેં,
દેવ, ગુરુ ધર્મ એહો રે, એહો ગુણ ગેહો-સિદ્ધચક્ર.... ॥૨॥
ઈસકે સેવનસે કોઢી શ્રીપાલકા,
કંચનમય ભયા દેહો રે, દેહો રે, દેહો ધર્મ હો-સિદ્ધચક્ર.... ॥૩॥
આતમ હિતકર નવપદ જગમેં,
ગુણ અનંત ઘર લેહો રે, લેહો રે, લેહો ગુણ ગેહો-સિદ્ધચક્ર.... ॥૪॥
હુએ અનંત હોંગે અનંતે,
સિદ્ધવર ધર સિદ્ધ નેહો રે, નેહો રે, નેહો ગુણ ગેહો-સિદ્ધચક્ર.... ॥૫॥
આત્મકમલમેં નવપદ ધ્યાને,
લબ્ધિસૂરિ કર્મ છેહો રે, છેહો રે, છેહો, ગુણ ગેહો-સિદ્ધચક્ર.. ॥૬॥

(૧૦૩) રાગ : માલકોશ

કરો શુદ્ધ સોડહં, શુદ્ધ સોડહં, શુદ્ધ સોડહં જાપ રે,
અભેદ ભાવે આતમા, પરમાતમ રુપ પ્રકાશ રે-ટેક
શુદ્ધ કેવલજ્ઞાન, આતમ પરમ દર્શન માન રે,

સૌખ્ય અવ્યાબાધ નિશદિન, ચરણ ક્ષાયિક જાણ રે... ॥૧॥
સ્થિતિ અક્ષય શુદ્ધ આતમ, અનામિપણું ધાર રે,
અગુરુલઘુ ગુણ શુદ્ધ આતમ, પૂર્ણ તીર્થ વિચાર રે-૨
આઠ ગુણ સમુહ જંગમ, શુદ્ધ આતમ રુપ રે,
કર્મે બાંધ્યા ગુણ આઠે, એ વિભાવ વિરુપ રે-૩
જે વિભાવે કરે રમણતા, તે સંસારી કામ રે,
દૂર કરે પરભાવને તે, શુદ્ધ આતમરામ રે-૪
શ્રી ચારિત્રને જ્ઞાન શુદ્ધિ, અન્ય શુદ્ધિ છેક રે,
એ આઠે શુદ્ધ થાતા, જીવ સિદ્ધ છે એક રે-૫

(૧૦૪) રાગ : નમો રે નમો શ્રી શેત્રુંજય ગિરિવર

સકલ સુરાસુર વંધ નમીજે, શ્રી સિદ્ધચક્ર પ્રધાન રે,
ઈહભવ પરભવ શિવસુખ કારણ, વારણ કર્મ વિતાન રે-સ....
પ્રથમ પદે અરિહંત નમીજે, ચાર અતિશયવંત રે,
પ્રાતિહારજ આઠની શોભા, બાર ગુણે ભગવંત રે-સ.....
આઠ કરમનાં નાશે જિનવર, આઠ ગુણ પ્રગટાય રે,
એહવા સિદ્ધ પ્રભુને નમતાં, દુરિત સકલ દૂર જાય રે-સ...
આચારજ પ્રણમો પદ ત્રીજે, ગુણ છત્રીસ સોહાય રે,
પાઠક પદ ચોથુ નિત પ્રણમુ, ગુણ પચવીશ કહાય રે-સ....
સત્તાવીશ ગુણે કરી સાધુ, દુષ્ટ કરમ ભવ જીપે રે,
ચાર સદ્દહણા આદે સડસઠ, ભેદે દરિસણ દીપે રે-સ...
સાતમે નાણ નમો ભવિ ભાવે, ભક્તિ કરી શુભ મન રે,
પાંચ કહ્યા મૂલ ભેદ જ ચારુ, ઉત્તર એકાવન રે-સ....
સંયમ સત્તર પ્રકારે આરાધો, નવમે પદ તપ સાર રે,
તે તપ બાર ભેદે વખાણ્યો, અવિચલ પદ દાતાર રે-સ....
એ નવપદમાં આતમા રે, નિજ આતમમાં એહ રે,
મયણાને શ્રીપાળે આરાધ્યો, નવમે ભવે શિવ ગેહરે-સ...
પાંચ ગુણીમાં ગુણ રહ્યા રે, ગુણી સેવે ગુણ હોય રે,
ધ્યેયને ધ્યાતા ધ્યાનથી જાણો, ભેદ રહ્યો નવિ કોઈ રે-સ....
ઈમ નવપદ જે ધ્યાવે પ્રાણી, તે શુભવિજય વરંત રે,
વીર કહે સુણ શ્રેણીક તે નર સિદ્ધિવધૂ વરકંત રે-સ....

(૧૦૫)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજી,
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે,
ભવિજન ભજીએજી.....
અવર અનાદિની ચાલ, નિત નિત તજીએજી-૧
દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઇંદાજી
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિનચંદા-ભવિ-૨
અજ અવિનાશી અકલ અજરામર, કેવલ દંસણ નાણીજી,
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી-ભાવિ-૩
વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર-રાજ યોગ પીઠ જી,
સુમેરુ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈટ્ઠ-ભવિ-૪
અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂલ ચારજી,
દશ પયન્ના એમ પણયાલીસ, પાઠક તેહનાં ધાર-ભવિ-૫
વેદ ત્રણને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી,
ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય-ભવિ-૬
ઉપશમ ક્ષયઉપશમને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી,
શ્રદ્ધા પરિણતી આતમ કેરી, નમીયે વારંવાર-ભવિ-૭
અઠ્ઠાવીસ ચૌદ ષટ્ દુગ એક, મત્યાદિકનાં જાણજી,,
એમ એકાવન ભેદે, સાતમે પદ વખાણ ભવિ-૮
નિવૃતિને પ્રવૃતિ ભેદે, ચારિત્ર છે, વ્યવહારેજી
નિજગુણ સ્થિરતા ચરણ તે પ્રણમો, નિશ્ચય શુદ્ધ પ્રકાર-ભવિ-૯
બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી,
તે તપ નમીયે ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ-ભવિ-૧૦
એ નવપદમાં પણ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી,
દેવગુરુને ધર્મ તે એહમાં, દો તીન ચાર પ્રકાર-ભવિ-૧૧
મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી,
સહાયપણું ધરતાં સાધુજી, પ્રણમો એહી જ હેતે-ભવિ-૧૨
વિમલેશ્વર સાન્નિધ્ય કરે તેહની ઉત્તમ જે એ આરાધેજી,
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી, નિજ આતમ હિત સાધે-ભવિ-૧૩

(૧૦૬)

ઓ ભવિ પ્રાંણી રે ! સેવો સિદ્ધચક્ર ધ્યાન સમો નહીં મેવો,
જે સિદ્ધચક્ર આરાધે, તેહની કીર્તિ જગમાં વાધે.. ઓ ભવિ-૧
પહેલે પદે રે અરિહંત, બીજે સુદ્ધ બુદ્ધ ધ્યાન મહંત,
ત્રીજે પદે રે સૂરીશ્વર ચોથે ઉવજ્ઝાયને પાંચમે મુનીશ્વર.. ઓ ભવિ-૨
છઠે દરિશન કીજે, સાતમે જ્ઞાનથી શિવસુખ લીજે,
આઠમે ચારિત્ર પાળો, નવમે તપથી મુક્તિ જાવો... ઓ ભવિ-૩
ઓળી આંબિલની કીજે, નવકારવાળી વીસ ગણીજે,
ત્રણે ટંકના રે દેવવંદન, પડિલેહણા પડિક્કમણાં.... ઓ ભવિ-૪
ગુરુ મુખે ક્રિયા રે કીજે, દેવગુરુ ભક્તિ ચિત્તમાં ધરીજે,
એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવજો જગદીશ.... ઓ ભવિ-૫

(૧૦૭) રાગ : શીખ સાસુજી દે છે રે વહુજી રહો ઠંગે....

સિદ્ધચક્રને ભજીયે રે, કે ભવિયણ ભાવ ધરી,
મદ માનને તજીયે રે, કે હું મતા દૂર કરી-ટેક
પહેલે પદ રાજે રે, કે અરિહંત શ્વેત તનુ,
બીજે પદ છાજે રે, કે સિદ્ધ પ્રગટ ભણું.....૧
ત્રીજે પદ પીળા રે, કે આચારજ કહીએ,
ચોથે પદ પાઠક રે, કે નીલવરણ સોહે..... ૨
પાંચમે પદ સાધુ રે, કે તપ સંયમ શૂરા,
શ્યામવરણ સોહે રે, કે તપ સંયમ પૂરા.....૩
દરિસણ નાણ ચારિત્ર રે, કે તપ સંયમ શુદ્ધ ખરા,
આણો ભાવ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો... ૪
સિદ્ધચક્રે ધ્યાન રે, કે સંકટ ભવ ન આવે,
કહે ગૌતમ વાણી રે, કે અમૃતપદ પાવે.....૫

(૧૦૮) રાગ : નિંદરડી વેરણ હુઈ રહી

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, જેમ પામો હો ભવિ કોડિ કલ્યાણ કે,
શ્રી શ્રીપાલ તણી પરે, સુખ પામો હો લહો નિર્મલ નાણ કે-શ્રી સિદ્ધ-૧
નવપદ ધ્યાને ધરો સદા, ચોખે ચિત્તે હો આણી બહુ ભાવ કે,
વિધિ આરાધન સાચવો, જિમ જગમાં હોય જસનો જમાવ કે-શ્રી સિદ્ધ-૨

કેસર ચંદન કુસુમ શ્યું, પૂજીજે હો ઉખેવી ધૂપ કે,
કુંદરુ અગરને અરગજા, તપ દીનતાં હો કીજે ઘૃત દિપ કે-શ્રી સિદ્ધ-૩
આસો ચૈત્ર શુક્લ પક્ષે, નવ દિવસે હો તપ કીજે એહ કે,
સહજ સોભાગી સુસંપદા, સોવન સમ હો ઝલકે તસ દેહ કે-શ્રી સિદ્ધ-૪
જાવજ્જીવ શકતે કરો, જેમ પામો હો નિત નવલો ભોગ કે,
ચાર વરસ સાઢા તથા જીનશાસન હો એ મોટો યોગ કે-શ્રી સિદ્ધ-૫
વિમલદેવ સાન્નિધ્ય કરે, ચક્રેસરી હો હોય તાસ સહાય કે,
શ્રી જિન શાસન સોહિયે, એહ કરતાં હો અવિચલ સુખ થાય કે-શ્રી સિદ્ધ-૬
મંત્ર તંત્ર મણિ ઔષધિ, વશ કરવા હો શિવરમણી કાજ કે,
ત્રિભુવન તિલક સમોવડી, હોઈ, તે ન રહો નય કવિ રાજ કે-શ્રી સિદ્ધ-૭

(૧૦૯)

શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી,
અવિચલ સ્થાનક મેં સુણ્યો, કૃપા કરી મોય બતાય હો પ્રભુજી,
શિવપુર નગર સોહામણો
છૂટ્યા સંસારના દુઃખ થકી, રહેવાનું કીહાં ઠામ હો પ્રભુજી-શિ-૨
વીર કહે ઉર્ધ્વલોકમાં, સિદ્ધસીલા તણો ઠામ હો ગૌતમ
સ્વર્ગપુરીની ઉપરે, તેહનાં બારે નામ હો શિ-૩
લાખ પીસ્તાલીશ યોજના, લાંબી પહોળી જાણુ હો
આઠ યોજન જાડી વચ્ચે છેડે, માળ પાંખ જેવું જાણ હો-શિ-૪
ઉજ્જવલ હાર મોતી તણો, ગો દુગ્ધ શંખ પ્રમાણ
તે થકી ઉજળી અતિઘણી, ઉલટ છત્ર સંઠાણ હો ગૌતમ-શિ-૫
અર્જુન સુવર્ણ સમ દિપતી, ગઠારી મઠારી જાણ હો ગૌતમ-
સ્ફટીક રત્ન મણિ નિર્મળી, સુંવાળી અત્યંત વખાણ હો ગૌતમ-શિ-૬
સિદ્ધશીલા ઓળંગી ગયા, અદ્ધર રહ્યા સિદ્ધરાજ હો ગૌતમ
અલોક શું જઈ અડચા, સાર્યા આતમ કાજ હો કૌતમ - શિ - ૭
જન્મ નહીં મરણ નહી, નહીં જરા નહીં રોગ હો ગૌતમ
વૈરી નહીં મિત્ર નહીં, નહીં સંયોગ વિયોગ હો ગૌતમ - શિ - ૮
ભૂખ નહીં તૃષા નહીં, નહીં હરખ નહીં શોક હો ગૌતમ
કર્મ નહીં કાયા નહીં, નહીં વિષયા રસનો જોગ હો ગૌતમ - શિ - ૯
શબ્દ રુપ રસ ગંધ નહીં, નહીં ફરસ નહીં વેદ હો ગૌતમ

બોલે નહીં ચાલે નહીં, મૌનપણું નહીં ખેદ હો ગૌતમ - શિ - ૧૦
ગામ નગર એકો નહીં, નહી વસ્તી ઉચ્ચ્ડ હો ગૌતમ .
કાળ-તીહાં વરતે નહીં, નહીં રાત-દિવસ તિથી વાર હો ગૌતમ - શિ -૧૧
રાજા નહીં પ્રજા નહીં, નહીં ઠાકુર નહીં દાસ હો ગૌતમ -
મુક્તિમાં ગુરુ ચેલો નહીં, નહીં લઘુ નહીં વડાઈ વાસ હો ગૌતમ - શિ - ૧૨
અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરુપી જ્યોતિ પ્રકાશ હો ગૌતમ
સહુ કોઈને સુખ સારીખા, સઘળાને અવિચલ રાજ હો ગૌતમ-શિ-૧૩
અનંતા સિધ્ધ મુક્તે ગયા, વળી અનંતા જાય હો ગૌતમ
અવર જગ્યા રુંધે નહીં, જ્યોતિમાં જ્યોતિ સમાય હો ગૌતમ - શિ - ૧૪
કેવલજ્ઞાન સહિત છે, કેવલ દર્શન ખાણ હો ગૌતમ
ક્ષાયિક સમકિત દીપતા, કદી નહીં હોવે ઉદાસ હો ગૌતમ-શિ. ૧૫
સિદ્ધ સ્વરુપ જે ઓળખે, આણી મન વૈરાગ્ય હો ગૌતમ
શિવરમણી વેગે વરે, નય કહે સુખ અથાગ હો ગૌતમ-શિ-૧૬

(૧૧૦) રાગ : તમે પીતાંબર પહેર્યાજી, મુખ મરકલડે...

શ્રી સિદ્ધચક્રને વંદોજી મનોહર મનગમતા, જે અવિચલ સુખનો કંદો મનોહર મનગમતા
માસ આસોએ મધુર સોહવેજી મનો, ભવિ આદરો તમે ભલે ભાવેજી-મનો...૧
નવ આંબિલ તપ કીજે જી મનો, તો અવિચલ સુખડાં લીજેજી-મનો.
સુદી સાતમથી તમે માંડીજી મનો, ઘરનાં આરંભ સવિ છાંડીજી-મનો...૨
પહેલે પદ અરિહંત સેવાજી મનો, આપે મુકિતનાં મેવાજી-મનો.
બીજે પદ સિદ્ધ સોહાવેજી મનો, મન શુદ્ધે પૂજો ભલે ભાવેજી-મનો.... ૩
આચાર્ય ત્રીજે પદ નમોજી, મનો, તમે કોધ કષાયને દમોજી-મનો.
ઉવજ્ઝાય તે ચોથે વંદોજી, મનો, સાધુ પાંચમે દેખી આણંદોજી-મનો.... ૪
છઠે દરિસણ જાણોજી, મનો શ્રી જ્ઞાનને સાતમે વખાણોજી-મનો
ચારિત્રપદ આઠમે સોહેજી, મનો વળી નવમે તપ મન મોહેજી-મનો....૫
રસ ત્યાગે આંબિલ કીજેજી, મનો, તો મુક્તિ તણાં ફળ લીજેજી, મનો
સંવત્સર યુગ ષટ્માસોજી, મનો, તપ કીજે મનને ઉલ્લાસોજી-મનો.....૬
એ તો મયણાંને શ્રીપાળજી, મનો, તપ કીધું થઈ ઉજમાળજી, મનો
તેનો કોઢ શરીરનો ટાળ્યો, મનો, જગમાં જસવાદ પ્રગટાયોજી-મનો-૭
પંચમકાળે તુમે જાણોજી મનો, પ્રગટ પરચો પરમાણોજી, મનો
એનું ગણણું બે હજારજી મનો, તમે ધારો હૃદય મોઝારજી-મનો....૮

નરનારી એ પદ ધ્યાવેજી મનો, તે તો સઘળી સંપદ પાવેજી, મનો
મુનિરત્ન સુંદર સુરસાયજી મનો, સેવક મોહન ગુણગાયજી - મનો.....૯

(૧૧૧) રાગ : જગજીવન જગવાલ હો

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, શિવસુખ ફલ સહકાર લાલ રે....
જ્ઞાનાદિક ત્રણ રત્નનું, તેજ ચઢાવણહાર લાલ રે-શ્રી સિદ્ધ-
ગૌતમે પૂછતાં કહ્યો, વીર જિણંદ વિચાર લાલ રે,
નવપદ મંત્ર આરાધતાં, ફળ લહે ભવિક અપાર લાલ રે-શ્રી સિદ્ધ-
ધર્મરથના ચાર ચક્ર છે, ઉપશમને વિવેક લાલ રે,
સંવર ત્રીજું જાણીએ, ચોથું સિદ્ધચક્ર છે લાલ રે-શ્રી સિદ્ધ-
ચક્રી ચક્ર રયણ બલે, સાધે સયલ છ ખંડ લાલ રે,
તેમ સિદ્ધચક્ર પ્રભાવથી, તેજ પ્રતાપ અખંડ લાલ રે-શ્રી સિદ્ધ-
મયણાને શ્રીપાલજી, જપતાં બહુ ફળ લીધ લાલ રે,
ગુણ જસવંત જિનેન્દ્રનો, જ્ઞાન વિનોદ પ્રસિદ્ધ લાલ રે-શ્રી સિદ્ધ-

(૧૧૨) રાગ : નવપદ ધ્યાન સદા જયકારી

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ દેખો ગુણ રુપ ઉદારી - નવપદ -૧
દર્શન જ્ઞાન ચારિત્ર હે ઉત્તમ, તપ દોય ભેદે હૃદય વિચારી-નવપદ-૨
મંત્ર જડી ઓર તંત્ર ઘણેરાં, ઉન સબકું હમ દૂર વિસારી-નવપદ-૩
બહોત જીવ ભવજલસે તારે, ગુણ ગાવત હે બહુ નરનારી-નવપદ-૪
શ્રી જિનભક્ત મોહન મુનિ વંદન, દિન દિન ચઢતે હર્ષ અપારી-નવપદ-૫

(૧૧૩)

નવપદ ધરજો ધ્યાન, તુમે! નવપદ ધરજો ધ્યાન
એ નવપદનું ધ્યાન કરંતા, પામે જીવ વિશ્રામ - ભવિ - ૧
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણખાણ-ભવિ-૨
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન - ભવિ -૩
એ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચરનું માન - ભવિ - ૪
પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર - ભવિ - ૫
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ - ભવિ - ૬
બાર આઠ છત્રીસ પચવીશનો, સત્તાવીશ સડસઠ સાર - ભવિ - ૭
એકાવન સીત્તેર પચાસનો, કાઉસ્સગ કરો સાવધાન-ભવિ-૮

એક એક પદનું ગણણું, ગણીએ દોય હજાર - ભવિ - ૯
એણીવિધ જે એ તપ આરાધે, તે પામે ભવપાર - ભવિ - ૧૦
કરજોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણમણી માળ - ભવિ - ૧૧
તાસ શિષ્ય મુનિ પ્રેમ કહે છે, જન્મ મરણ દુઃખ વાર - ભવિ - ૧૨

(૧૧૪)

વીર જિણંદની વાણી, ચિત્ત ધરજો અમીઅ સમાણી
હો ભવિયાં - નવપદ નિત્ય નિત્ય સેવો....
અરિહંત પદ સુખકારી, બીજે સિદ્ધ નમો હિતકારી - હો- ભવિયાઁ -૧
આચારજ સુવિચારી, ઉવજ્ઝાય તે શ્રુત ઉપકારી હો ભવિયાં-૨
સત્તાવીશ ગુણધારી, એસે સાધુ નમો બ્રહ્મચારી હો ભવિયાં-૩
દંસણ નાણ નમીજે, વળી ચારિત્ર મહાતપ લીજે હો ભવિયાં-૪
કર્મ ગહન તપ કાપે, એ તો મનવાંછિત સુખ આપે હો ભવિયાં-૫
સમર્યા સંકટ ભાંજે, જસ દિન દિન મંગલ છાજે હો ભવિયાં-૬
નવપદ જે નર ધ્યાવે, તે તો સુરનર શિવસુખ પાવે હો ભવિયાં-૭
ભક્તિ વિલાસે જે ગાવે, તે તો સુરનર શિવસુખ પામે હો ભવિયાં-૮

(૧૧૫) રાગ : પ્રભાતી

નવપદ ધ્યાન ધરો રે ભવિકા નવપદ ધ્યાન ધરો -
મન વચ કાયા કર એકાંતે, વિકથા દૂર હશે રે..... ભવિંકા-૧
મંત્ર જડીઓ તંત્ર ઘણેરાં, ઈન સબકું વીસરો રે..... ભવિકા-૨
અરિહંતાદિક નવપદ જપને, પુણ્ય ભંડાર ભરો રે ..... ભવિકા-૩
અડસિદ્ધ નવવિધ મંગલમાળા, સંપત્તિ સહજવરો રે.... ભવિકા-૪
લાલચંદ યાકી બલિહારી, શિવતરુ બીજ ખરો રે.... ભવિકા-૫

(૧૧૬)

સકલ કુશલ કમલાનું મંદિર, સુંદર મહિમા રે જાસ,
નવપદમાં નવનિધિના દાતા, સિદ્ધ અનેકમાં વાસ રે,
ભવિકા ! સિદ્ધચક્ર સુખકારી, તુમે આરાધો નરનારી રે-ભવિકા !.....૧
પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટીક રત્ન સમવાન,
પદ્મ એક મણિની પરે રાતા, બીજે સિદ્ધ ધ્યાન રે-ભવિકા.....૨
ત્રીજે આચારજ અનુસરીએ, કંચન કાંતી અનોપ,
પદ ચોથે ઉવજ્ઝાયને પ્રણમો, ઈન્દ્ર નીલ સરુપ - ભવિકા....૩

સર્વ સાધુ પદ પાંચમે પ્રણમો, શ્યામવરણ સુખકાર,
છઠે દરિસણ જ્ઞાન સાતમે, આઠમે ચારિત્ર સાર રે-ભવિકા....૪
તપનું આરાધન પદ નવમે, ચારએ ઉજ્જ્વલ વરણાં,
ઈહ લોગો તમે એહિ જ મંગળ કરવા એહનું શરણ રે-ભવિકા....૫
આસો ચૈત્રી અઠ્ઠાઈમાંહી, નવ આંબિલ નવ ઓળી,
સિદ્ધચક્રજીની પૂજા કરતાં, દુઃખ સવિ નાંખો ઢોળી -ભવિકા-૬
સિદ્ધચક્રની પૂજાથી સઘળી, સંપદા નિજઘર આવે,
દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગા, તે પણ દૂરે જાવે રે-ભવિકા-૭
પૃથ્વી નિરુપમ નગરી ઉજ્જેણી, દોય પુત્રી તસ સારી,
સુરસુંદરી મિથ્યાત્વને પેખી, મયણાં જિનમત ધારી રે-ભવિકા....૮
સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય,
મયણા કહે કોગટકુ સુણત, સુખ દુઃખ કર્મ પસાય રે-ભવિકા...૯
તવ વચન નૃપ કોપ્યો એહ, આવ્યો ઉંબર ઈણ સમે,
સાતસેં કોઢીનો તે અધિપતી, તેણે માંગી કન્યા રે-ભવિકા-૧૦
નૃપ કહે મયણાં તુમ કર્મે, આણ્યો એ વર રસાળ,
તવ મયણા મન ધીરજ ધરીને, કંઠે ઠવે વરમાળ રે-ભવિકા-૧૧
શુભ વેળા પરણી દોય પહોંચ્યા, શ્રી જિનવર પ્રાસાદ,
ઋષભદેવ પૂજી ગુરુ પાસે, આવ્યા ઘરી ઉલ્લાસ રે-ભવિકા-૧૨

(૧૧૭)

જગતમેં નવપદ જયકારી, પૂજતા રોગ ટળે ભારે,
પ્રથમ તીર્થપતિ રાજે, દોષ અષ્ટાદશકુ ત્યાગે,
આઠ પ્રાતિહારજ છાજે, જગત પ્રભુ ગુણ બાર સાજે,
અષ્ટ કરમદલ જીનકે, સકલ સિદ્ધ થાયા,
સિદ્ધ અનંત ભજે બીજેપદ, એક સમે શિવ જાયે,
પ્રગટ ભયો નિજસ્વરુપ ભારી-જગતમેં-૧

સૂરિ પદ ગૌતમ કેશી, ઉપમા ચંદ સૂરજ જેસી,
ઉગારીયો રાજા પરદેશી, એક ભવનાં હે શિવલેસી,
ચોથે પદ પાઠક નમું, શુદ્ધ ધારી ઉવજ્ઝાય,
સવ્વે સાહૂ પંચમપદ માંહે, ધન ધન્નો મુનિરાય,
વખાણ્યો વીર પ્રભુ ભારી-જગતમેં-૨

દ્રવ્યષટ્કી શ્રદ્ધા આવે, સમ સંવેગાદિક પાવે,
વિનાએ જ્ઞાન નહિ ક્રિયા, જૈન દર્શનસે સબ તરીયા,
જ્ઞાન પદાર્થ સાતમેં, પદસે આતમરામ
રમતારામ અધ્યાતમમાંહે, નિજપદ સાધે કામ,
દેખતા વસ્તુ જગત સારી, જગતમેં-૩
જોગીકા મહિમા બહુ જાણી, ચક્રધર છોડી સબ રોણી,
યતિ દસ ધર્મ કરી સોહે મુનિ, શ્રાવક સબ મન મોહે,
કર્મ નિકાચીત કાપવા, તપ કઠોર કર દાર,
નવમું પદ જો ધરે ક્ષમાશું, કર્મ મૂળ કટ જાય,
ભજો નવપદ જય સુખકારી-જગતમેં-૪
શ્રી સિદ્ધચક્ર ભજો ભાઈ, આચામ્લ તપ નવથી થાઈ,
પાપ ત્રિહું જોગ પરિહરજો, ભાવ શ્રીપાલ પરે કરજો,
સંવત ઓગણીસ સતરા સોમે, જે પોષિ શ્રી પાસ,
ચઈતર ધવલ પૂનમને દિવસે, સફલ કરી મુજ આશ,
બાલ કહે નવપદ છબી પ્યારી-જગતમેં-૫

(૧૧૮)

સેવોજી તુમે નવપદ જગ હિતકારી સબ આલ જંજાલ નિવારી
દેવગુરુને ધર્મતત્વ કે ઈનમેં સવિસુખકારી
દેવ તત્ત્વ અરિહંત સિદ્ધ હૈ પરમાનંદપદ - સેવોજી તુમે (૧)
આચારજ પાઠકને સાધુ ગુરુ તત્વે મઝીરી-સેવોજી (૨)
રાજા શ્રીપાલ રાણી મયણા દોય, કર્મ કલંક નિવારી
વિધિયોગે આરાધન કરકે, હુવે ઈન પદ અધિકારી-સેવોજી (૩)
ઈનકા કથન શ્રીપાળ ચરિત્રે બોહોત ક્રિયા હે ભારી
ઉસ વિધસે આરાધન કરશે સો લહસે ભવપારી-સેવોજી (૪)
સર્વ મંગળમેં પ્રથમ યહીં હૈ સિદ્ધચક્ર જયકારી,
અહર્નિશ ઈનમેં રમણ કરે સો, શિવલક્ષ્મિ વરે નારી-સેવોજી (૫)

(૧૧૯) રાગ : જીવન ઘન થીર નહીં રહેનાર રે

સુરતરુ કહેના રે, નવપદજી કો સુરતરુ કહેના રે,
અર્હનપદ કે મૂલ જીસકા, દઢ તર લખેલા
સાખા સિદ્ધ આચારજ વાચક, સાધુ ગુણ સંચેલા-નવપદ (૧)

બોધિ જ્ઞાન ચરણ તપ સુંદર, ચાર પ્રશાખા જામે
સ્વર અક્ષર લબ્ધિપદ આદિ, દલ ભર શોભે તામે-નવપદ (૨)
વરઋદ્ધિ કી છાયા જિસકી, ગુચ્છા ગુણગણ તાસ,
પુણ્યાનુબંધીપુણ્ય હે લહે, સદ્ ફળ જાસ-નવપદ (૩)
ગ્રહ દિકપાલ ચક્રેસરી દેવી, વિમલેશાદિક દેવો
ફૂલ પ્રકર એ સુંદર યામેં, મહિમા દેખો કેવો-નવપદ (૪)
ગંધ નિકર સૌભાગ્ય પ્રિયતા, ઈત્યાદિક ગુણવાલો,
કલ્પતરુ એ વાંછિત પૂરે, સિદ્ધચક્ર ભવિ ભાલો-નવપદ-(૫)
જૈનાગમનંદન વન માંહિ, એસાસુરતરુ દેખા
હંસ હમારા યહ પદ પાવે, તો નવિ હવે લેખા-નવપદ-(૬)

(૧૨૦) શ્રી તપ પદ સ્તવન

(રાગ : તપસ્યા કરતા કરતા હો કે ડંકા જોર બજાયા હો)

તપ તમે કરજો ભવિજન હો, પ્રભુ શ્રી વીર બતાયા હો,
કર્મ નિકાચિત જે ક્ષય કરતું, એ તપ ગુણ હે ઉદાર;
તે તપ કરી નિજ આતમ તારો, કર્મ અરિ વિદાર. ૧
આદિ પ્રભુ તપ વરસનું કીધું, વીરે સાડા બાર,
એ તપ કરતાં આનંદ હોવે, હરે ગતિ દુઃખ ચાર.... ૨
કેવલજ્ઞાન થયા પછી પ્રભુજી, કરે ન કોઈ કાલ;
તે પણ મુક્તિ જવાના પહેલા, કરતા તપ વિશાલ. ૩
તપ ખપ કરજો, ખટપટ હરજો, લટપટ નહિ લગાર;
ઈમ કરતાં તમે કેવલ પામી, થશો ભવ થકી પાર..... ૪
આત્મકમલ મંદિર બનાકર, પધરાવો તપ દેવ;
લબ્ધિસૂરિ ગુણ ગાવે અહર્નિશ, કરવા શાસન સેવ.... ૫

(૧૨૧) શ્રી સિદ્ધ પદનું સ્તવન

(રાગ : ઓધવજી સદેશી કીહજો મારા શ્યામને)

સિદ્ધવિભુ શિવપદના વાસી સાંભળો,
દીન અનાથ ગરીબ સેવક અરદાસ જો;
ગુણ અનંતનો સિદ્ધ ! ખજાનો તાહરે,
છે દુર્ગુણનો મારે અનંતો વાસ જો, સિદ્ધવિભુ... ૧
દૂર કરી તે દુર્ગુણ, સુગુણની વાસના,

કરીને સરખો નિહાળો નિજ દાસ જો;
ભવ ભટકતાં ભવિને તારા ગુણ ગ્રહી,
અનુમોદના પ્રગટે હૃદયે તાસ જો. સિદ્ધવિભુ..... ૨
તેથી તે પણ તુજ સરીખા પાછળ બને,
એ ઉપકાર છે મોટો તારો ખાસ જો;
અભયદેવસૂરિ પંચમ અંગે ઈમ ભણે,
તેથી સેવા કરું છું હું ધરી આસ જો, સિદ્ધવિભુ.... ૩
સામો કિનારો તારો સિદ્ધ ! મુજને ગમે,
જ્યાં આગળ પ્રભુ નથી સુખનો પાર જો;
આ કિનારે દુઃખ અનંત રહ્યા,
હૃદયે એહ છે મારે દાહ અપાર જો, સિદ્ધવિભુ... ૪
તુજ અવલંબી સમતા સાયર છોળથી,
દાહ બુઝાવી કરશું લીલા લ્હેર જો;
આત્મ કમલમાં લબ્ધિ અનંતી પામીને,
તુજ પસાયે આવીશું શિવપુર શહેર જો, સિદ્ધવિભુ..... ૫

(૧૨૨) શ્રી અરિહંત પદનું સ્તવન
(રાગ : જગજીવન જગ વાલ હો)

અરિહા પૂજો પ્રેમશું, સેવે ચોસઠ ઈન્દ્ર લાલ રે;
સેવંતા સુખ ઉપજે, વશ કરી ચિત્ત કરીન્દ્ર લાલ રે. અરિહા૦ ૧
કર્મરિપુદલ વારવા, અરિહન્ત એક આધાર લાલ રે;
ભવસાગર પ્રભુ નાવ છે, ભવિજન તારણહાર લાલ રે, અરિહા૦ ૨
મોહ-તિમિર દલ ચૂરવા, કરે કેવલ પ્રકાશ લાલ રે,
પાંત્રીશ વાણી ગુણે ભર્યા, કરતા આત્મવિકાસ લાલ રે, અરિહા૦ ૩
અગ્રપદે પરમેષ્ઠીમાં, હરે સકલ સંતાપ લાલ રે;
મુજ મનમાં અતિ ભાવના, કરતા કરમનો કાપ લાલ રે. અરિહા૦ ૪
આત્મકમલ સ્થિર વાસથી, રહેજો જિનજી હજુર લાલ રે;
લબ્ધિસૂરિ ગુણ ગણ ભરી, કરજો ઘાતિ દૂર લાલરે, અરિહા૦ ૫

સજઝાય વિભાગ

(૧) અરિહંત પદની સજઝાય

વારી જઉં શ્રી અરિહંતની, જેહનાં ગુણ છે બાર મોહન,
પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય છે ચાર મોહન - વારી - ૧
વૃક્ષ અશોક સુર કુસુમની, વૃષ્ટિ દિવ્યધ્વનિ વાણ મોહન,
ચામર સિંહાસન દુંદુંભિ, ભામંડલ છત્ર વખાણ મોહન વારી - ૨
પૂજાતિશય છે ભલો, ત્રિભુવન જનને માન્ય મોહન,
વચનાતિશય યોજન માને, સમજે ભવિ સામાન્ય મોહન -વારી - ૩
જ્ઞાનાતિશયે અનુત્તર સુરતણા, સંશય છેદનહાર મોહન,
લોકાલોક પ્રકાશતા કેવલજ્ઞાન ભંડાર મોહન-વારી-૪
રાગાદિક અંતરરિપુ, તેહના કીધા અંત મોહન,
જ્યાં વિચરે જગદીશ્વરુ, ત્યાં સાત ઈતિ સમંત મોહન-વારી.....૫
એહ અપાયાપગમનો, અતિશય અતિ સદ્‌ભૂત મોહન,
અહર્નિશ સેવા સારતા, કોડી ગમે પૂરુહૂત મોહન-વારી....૬
મારગ શ્રી અરિહંતનો, આદરીયે ધરી નેહ મોહન,
ચાર નિક્ષેપે વંદિયે, જ્ઞાનવિમલ ગુણગેહ મોહન-વારી-૭

(૨) સિદ્ધ પદની સજઝાય

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહના ગુણ છે આઠ રે હું વારી લાલ,
શુકલધ્યાન અનલે કરી રે લાલ, બાળ્યા કર્મ કુઠાર રે હું વારી લાલ.....૧
જ્ઞાનાવરણ ક્ષયથી લહયો રે લાલ, કેવલજ્ઞાન અનંત રે હું વારી લાલ,
દર્શનાવરણ ક્ષયથી લહયો રે લાલ, કેવલદર્શન કંત રે હું વારી લાલ.....૨
અક્ષય અનંત સુખ સહજથી રે લાલ, વેદનીય કર્મનો નાશ રે હું વારી લાલ,
મોહનીય ક્ષયે નિર્મલું રે લાલ, ક્ષાયિક સમકિત વાસ રે હું વારી લાલ, ... ૩
અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યો રે લાલ, આયુષ્ય કર્મ અભાવ રે હું વારી લાલ,
નામકર્મ ક્ષય નિપન્યો રે લાલ, રુપાદિક ગત ભાવ રે હું વારી લાલ....૪
અગુરુલઘુ ગુણ ઉપન્યો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવ રે હું વારી લાલ,
ગોત્ર કર્મનાં નાશથી રે લાલ, નિજ પર્યાય સભાવ રે હું વારી લાલ.....૫
અનંતવીર્ય આતમતણું રે લાલ, પ્રગટયો અંતરાય નાશ રે હું વારી લાલ,
આઠ કર્મનો ક્ષય થયે રે લાલ, અનંત અક્ષયગુણ વાસ રે હું વારી લાલ....૬

ભેદ પન્નર ઉપચારથી રે લાલ, અનંત પરંપર ભેટ રે હું વારી લાલ,
નિશ્ચયથી વીતરાગના રે લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ રે હું વારી લાલ.....૭
જ્ઞાન-વિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે હું વારી લાલ,
તેહનાં ધ્યાન થકી હુવે રે લાલ, સુખીયા સઘળા લોક રે હું વારી લાલ.....૮

(૩) આચાર્ય પદની સજઝાય

આચારી આચાર્યનોજી, ત્રીજે પદે ધરો ધ્યાન,
શુભ ઉપદેશ પ્રરુપતાજી, કહ્યા અરિહંત સમાન
સૂરીશ્વર નમતા શિવસુખ થાય, ભવભવનાં પાતિક જાય-સૂરીશ્વર - ૧
પંચાચાર પલાવતાંજી, આપણ પે પાલંત,
છત્રીસ છત્રીસી ગુણેજી, અલંકૃત તનુ વિલસંત-સૂરીશ્વર-૨
દર્શન જ્ઞાન ચારિત્રનાંજી, એકેક આઠ આચાર,
બાર તપ આચારનાંજી, ઈમ છત્રીસ ઉદાર-સૂરીશ્વર-૩
પડિરુપાદિક ચઉદ અછેજી, વળી દશવિધ યતિધર્મ,
બાર ભાવના ભાવતાંજી, એ છત્રીસ મર્મ-સૂરીશ્વર-૪
પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધ બ્રહ્મ,
પંચ મહાવ્રત પોષતાજી, પંચાચાર સમર્થ-સૂરીશ્વર-૫
સમિતિ ગુપ્તિ શુદ્ધિ ધારેજી, ટાળે ચાર કષાય,
એ છત્રીસે આદરેજી, ધન્ય ધન્ય તેહની માય-સૂરીશ્વર-૬
અપ્રમત્તે અર્થ ભાખતાજી, ત્રણ સંપદ જે આઠ,
છત્રીસ ચઉ વિનયાદિકેજી, ઈમ છત્રીસ પાઠ-સૂરીશ્વર-૭
ગણધર ઉપમા દીજીયેજી, યુગપ્રધાન કહાય,
ભાવચારિત્રી તેહવાજી, તિહાં જિનમાર્ગ કરાય-સૂરીશ્વર-૮
જ્ઞાનવિમલ ગુણ ગાવતાંજી, ગાજે શાસનમાંહે,
તે વાંદી નિર્મલ કરોજી, બોધિબીજ ઉચ્છાહ-સૂરીશ્વર-૯

(૪) ઉપાધ્યાય પદની સજઝાય

ચોથે પદ ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધ્યાન ધરો રે,
યુવરાજ સમ તે કહ્યા રે, પદ સૂરિને સમાન રે..... ૧
જે સૂરિ સમાન વ્યાખ્યાન કરે, પણ ન ધરે આભિમાન રે,
વળી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિ જીવને સાવધાન રે.... ૨

અંગ અગ્યાર ચૌદ પૂર્વજે, વળી ભણે ભણાવે જેહ રે,
ગુણ પચવીશ અલંકર્યા, દ્રષ્ટિવાદે અર્થનાં ગેહ રે.... ૩
બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતાં ધર્મધ્યાન રે,
કરે ગચ્છ નિશ્ચિંત પ્રવર્તક, દીયે સ્થવીરને બહુમાન રે....૪
અથવા અંગ અગ્યાર જે વળી, તેહના બાર ઉપાંગ રે,
ચરણ-કરણની સિત્તરી, જે ધારે આપણે સંગ રે..... ૫
વળી ધારે આપણે અંગે, પંચાંગી જાતે શુદ્ધ વાણ રે,
નય ગમભંગ પ્રમાણ વિચારને, દાખતા જિન આણ રે..... ૬
સંઘ સકલ હિતકારીઆ, રત્નાધિક મુનિ હિતકાર રે,
પણ વ્યવહાર પ્રરુપતા કહે દશ સમાચારી આચાર રે... ૭
ઈન્દ્રિય પંચથી વિષય વિકારને, વારતા ગુણગેહ રે,
શ્રી જિનશાસન ધર્મધૂરા, નિરવહતા શુચિ દેહ રે..... ૮
પચવીશ પચવીશા ગુણ તણી, જે ભાખી પ્રવચન-માંહે,
મુક્તાફળ શુક્તિ પરે દીપે, જસ અંગ ઉચ્છાંહે રે.....૯
જસ દીપે અતિ ઉચ્છાહે, અધિક ગુણે જીવથી એકતાન રે,
એહવા વાચકનું ઉપમા ન કહું, તેહથી શુભ ધ્યાન રે..... ૧૦

(૫) મુનિ પદની સજ્ઝાય

નિર્ગ્રંથ મુનિવર તેહને જાણીયે, ગ્રંથી કાપે દુભેદેજી,
ધનધાન્યાદિક નવવિધ વસ્તુને, દ્રવ્ય ગ્રંથીમાં ઉચ્છેદેજી-નિર્ગ્રંથ.....૧
હાસ્યાદિક ષટ્ ત્રિવિધ વેદને, ચાર કષાયને ટાળેજી,
મળ મિથ્યાતનો કચરો કાઢીને, ગ્રંથી ભાવની ગાળેજી-નિર્ગ્રંથ.....૨
દ્રવ્ય ગ્રંથી તે બાહ્યને જાણીયે, જેહ કહી નવ ભેદે જી,
ભાવ તે અંતરગ્રંથી પિછાણીયે, તેહ ચતુર્દશ ભેદે જી-નિર્ગ્રંથ.....૩
દ્રવ્યને ભાવની ગ્રંથી કાપીને, નિર્ગ્રંથ નામ ધરાવે જી,
ગુણસ્થાનક છે દસમું તેહનું દેવ અનુત્તર થાવે જી-નિર્ગ્રંથ ૪
નિર્ગ્રંથ પ્રકરણ પંચવિધ ભાખ્યું, ભગવતી સૂત્ર મોઝારો જી,
બકુશ કુશીલને ત્રીજો પુલાક છે, નિર્ગ્રંથ સ્નાતક ધારો જી-નિર્ગ્રંથ.....૫
ભેદ પ્રથમ તે બકુશનો જાણીયે, કષાય કુશીલ દોય ભેદે જી,
ત્રીજો ભેદ પુલાક વખાણીયે, નિર્ગ્રંથ ગ્રંથિ ઉચ્છેદે જી-નિર્ગ્રંથ....૬
પંચમ ભેદ સ્નાતક ભાખ્યો, મેલ કરમનો પ્રક્ષાળે જી,

ઉદય કરીને કેવળજ્ઞાનનો, શિવસુંદરીને નિહાળે જી-નિર્ગ્રંથ....૭
નિર્ગ્રંથ સ્થાનક ભવમાં જીવને, ચાર વખત મળી આવે જી,
સ્નાતક સ્થાનક એક જ વારમાં, શિવપુરમાં લઈ જાવે જી-નિર્ગ્રંથ....૮
સ્થાન અસંખ્ય છે સંજમ ત્રણનાં, નિર્ગ્રંથનાં સ્થાન દોય જી,
સ્નાતકનું એક અંતિમ સ્થાન, ઉત્તરોત્તર શુદ્ધ હોય જી-નિર્ગ્રંથ...૯
નિત્ય નમસ્કાર નિર્ગ્રંથ નામને, હોજ્યો વાર હજારો જી,
નિર્મળ નીતિનો ઉદય કરાવતા, પામે ભવજલ પારોજી-નિર્ગ્રંથ -૧૦

(૬) તપની સજ્ઝાય

કીધાં કર્મ નિકંદવા રે, લેવા મુક્તિનુ દાન,
હત્યા પાતક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન, ભવિકજન તપ કરજો મન શુદ્ધ....૧
ઉત્તમ તપના યોગથી રે, સેવે સુરનર પાય,
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનોવાંછિત ફળ થાય-ભવિકજન..... ૨
તીર્થંકર પદ પામીએ રે, નાસે સઘળાં રોગ,
રુપ લીલા સુખ સાહેબી રે, લહીએ તપ સંયોગ-ભવિકજન.....૩
તે શું છે સંસારમાં રે, તપથી જે નવિ હોય,
જે જે મનમાં કામીએ રે, સકલ ફલે સવિ તેહ-ભવિકજન.....૪
અષ્ટકર્મનાં ઓઘને રે, તપ ટાળે તત્કાળ,
અવસર લહીને તેહનો રે, ખપ કરજો ઉજમાળ-ભવિકજન.....૫
બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપનાં બાર પ્રકાર,
હોજો તેહની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર-ભવિકજન.....૬
ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર,
સ્વર્ગ હવે ઘર આંગણે રે, દુર્ગતિ જાવે દૂર-ભવિકજન-૭

(૭)

જગતમેં સદા સુખી મુનિરાજ, પરવિભાગ પરિણતકે ત્યાગી
જાગે આત્મ સમાજ, નિજગુણ અનુભવકે ઉપયોગી જોગી ધ્યાન જહાજ જગતમેં...૧
હિંસા મોસ અદત્ત નિવારી, નહીં મૈથુનકો પાસ,
દ્રવ્યભાવ પરિગ્રહ ત્યાગી, લીને તત્ત્વ વિલાસ.... જગતમેં.....૨
નિર્ભય નિર્મલ ચિત્ત નિરાકુલ, વિલગે ધ્યાન અભ્યાસ,
દેહાદિક મમતા સવિ વારી, વિચરે ધ્યાન અભ્યાસ.... ૩
ગ્રહે આહાર વૃત્તિ પાત્રાદિક સંયમ સાધન કાજ,
દેવચંદ્ર આણાનુ જાઈ, નિજ સંપત્તિ મહારાજ... જગતમેં.....૪

(૮) સમકિતની સજ્ઝાય

સમકિત નવી લહ્યો રે, એ તો રુલ્યો ચતુર્ગતિમાંહે,
ત્રસ સ્થાવરકી કરુણા કીની, જીવ ન એક વિરાધ્યો,
તીનકાલ સામાયિક કરતા, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો.... સમકિત.....૧
જૂઠ બોલવા કો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી,
વ્યવહારાદિક મહા-નિપુણભયો, પણ અંતરદષ્ટિ ન જાગી.... સમ...૨
ઉર્ધ્વબાહુ કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધૂમ ઘટકે,
જટાજૂટ શિર મૂંડે જૂઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે..... સમ...૩
નિજ પરનારી ત્યાગ જ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો
સ્વર્ગાદિક યાજ્ઞફલ પામી, નિજકારજ નવિ સિધ્યો..... સમ...૪
બાહ્યક્રિયા તપત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો,
દેવચંદ્ર કહ્યા વિધ તો હમ, બહુત વાર કર લીનો... સમ....૫

(૯) રાગ : આવો આવો હે વીર સ્વામિ

સુણો સુણો હે ભવિજન પ્યારા, દેશના દે ગણધાર,
દેશના દે ગણધાર સ્વામી, દેશના દે ગણધાર-સુણો-
પામી પુણ્યે નરભવ આદિ, ધર્મ સામગ્રી શ્રીકાર,
કરીએ પંચવિધ પ્રમાદ છંડી, ધર્મ એક હિતકાર-સુણો.....૧
દાન શીયલ તપ ભાવના ભાવો, ધર્મપ્રકાર છે ચાર,
ભાવવિના દાનાદિક ધર્મો, શિવગતિ નહિ દેનાર-સુણો...૨
ભાવ નિર્મલતા કરવા માટે, નવપદ ધ્યાન ઉદાર,
દેવગુરુને ધર્મ છે એહમાં, દો તીન ચાર પ્રકાર-સુણો-૩
અરિહંત સિદ્ધ સૂરી પાઠક સાધુ, દર્શન જ્ઞાન સુખકાર,
સંયમને તપ ભાવે જપતાં, જાય સઘળા વિકાર-સુણો.....૪
અંતે નવપદનું ધ્યાન ધરીને, મયણા ને શ્રીપાળ,
રોગ શોક દુઃખ દૂર કરીને, નવમા સ્વર્ગ મોઝાર-સુણો....૫
નવમા ભવમાં કર્મ ચૂરીને, વરશે એ શિવનાર,
એમ આરાધન જે કરે પ્રાણી, સફલો તસ અવતાર-સુણો..... ૬
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, જગમાં છે એ સાર,
એ નવપદ આરાધન વિના, જીવન છે બેકાર-સુણો.....૭

(૧૦) રાગ : પ્યારા જિણાંદા

આતમરામી જગ વિશ્રામી, ગાવે ગૌતમ ગણધાર, નવપદ મહિમા ઘણો... ૧
અરિહંત સિદ્ધ સૂરિ વાયક સાધુ, દર્શન જ્ઞાન સુખકાર નવપદ મહિમા ઘણો....૨
ચારિત્ર તપ એ નવપદ આરાધતા, શિવપુર ગયાં નરનાર નવપદ મહિમા ઘણો.... ૩
તત્ત્વજ્ઞાતા શ્રી મયણાસુંદરી, સુદઢ સમકિત ધાર નવપદ મહિમા ઘણો.....૪
કર્મયોગે પતિ કોઢિયો પામી, ખેદ ધરે ના લગાર નવપદ મહિમા ઘણો...૫
વિધિપૂર્વક નવપદ આરાધતા, રોગ ગયો તત્કાળ નવપદ મહિમા ઘણો....૬
રાજઋદ્ધિ રમણી સુખ પામી, સ્વર્ગે ગયાં શ્રીપાળ નવપદ મહિમા ઘણો... ૭
નવમા ભવે એ શિવસુખ પામશે, આદિ અનંત અવધાર નવપદ મહિમા ઘણો...૮
એમ જાણી ગુણીજન આરાધો, કરવા સફલ અવતાર નવપદ મહિમા ઘણો...૯
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ વિણ નહિં ઉદ્ધાર નવપદ મહિમા ઘણો.... ૧૦

(૧૧) રાગ : આવો આવો હે વીર સ્વામિ

સુણો સુણો હે ભવિજન પ્યારા, ધર્મ કર્મની વાત,
ઉજ્જૈની વાસી શ્રી મયણા, પ્રજાપાળ જસ તાત
બેની એ છે સુરસુંદરીની, રુપસુંદરી તસ માત-સુણો-૧
કર્મયોગે પતિ કોઢિયો વરીએ, મારી મોહ નૃપ લાત,
નિરોગી થયા એ નવપદ નવણે, શ્રીપાલ સહ જમાત-સુણો.....૨
કર્મ નચાવી સુરસુંદરીને, હલકી પાડી તસ જાત,
કર્મ કુહાડો લઈ નૃપ આવીયો, શ્રીપાલ ઉતારે સુજાત-સુણો..... ૩
સુરસુંદરી કહે જૈન ધર્મ કયાં, કયાં શિવધર્મ મિથ્યાત,
કલ્પતરુ સમ મયણાંને ફલ્યોએ, મુજ વિષતરુ કુજાત-સુણો....૪
સુરસુંદરી શિવદાતા સ્વીકારે, જૈન ધર્મ વિખ્યાત,
તત્ત્વજ્ઞાતા કહે મયણાસુંદરી, જૈન ધર્મ પ્રખ્યાત-સુણો....૫
વિધિ પૂર્વક નવપદ ધ્યાવે, ભાવે દિનને રાત,
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, તેને નહિ ઉત્પાત-સુણો....૭

(૧૨)

આનંદકારી મંગલકારી, શ્રી સિદ્ધચક્ર સુખકાર, નવપદ ભાવે ભજો-
અરિહંત સિદ્ધ સૂરિ પાઠક સાધુ, દર્શન જ્ઞાન શિવકાર... નવપદ ભજો
ચારિત્ર તપએ નવપદ ધ્યાને, થયા સિદ્ધ અપરંપાર.... નવપદ ભજો
તન ધન વલ્લભ સુંદર પામે, પુત્ર રતન શ્રીકાર... નવપદ ભજો

ભૂત આદિના દોષ સવિ દૂર જાવે, નાવે રોગ શોક લગાર.... નવપદ ભજો
વિધવાપણુંને વંધ્યાપણું નાવે, જાવે વ્યાધિ વિકાર... નવપદ ભજો
એ નવપદનો મહિમા મોટો છે, સ્વર્ગ અપવર્ગ દાતાર... નવપદ ભજો
આસો ચૈત્રની ઓળીમાં કરીએ, આંબિલ એકાશી નિરધાર... નવપદ ભજો
પ્રતિલેખન પ્રતિક્રમણ દો ટંકના, દેવવંદન ત્રિકાળ.... નવપદ ભજો
ચૈત્યવંદન નવ કાઉસ્સગ કરીએ, જાપ જપીએ બે હજાર... નવપદ ભજો
ખમાસમણને સાથિયા પ્રદક્ષિણા, નિત પૂજા અષ્ટ વિચાર... નવપદ ભજો
ગુરુવંદન પચ્ચકખાણ જ્ઞાનપૂજા, પારણે સત્તર પ્રકાર.... નવપદ ભજો
એ તપ પૂરો થાયે સાડાચાર વર્ષે, ઉજમણું શક્તિ અનુસાર... નવપદ ભજો
એમ જાણીને સિદ્ધચક્ર આરાધે, ધન ધન તસ અવતાર.... નવપદ ભજો
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, એ નવપદ જગ સાર.... નવપદ ભજો

(૧૩) રાગ : છે કોણ જગ વહાલું તારુ

નવપદ ગાન ગાનારી, શ્રી મયણા સુંદરી, નવપદ ગાન ગાનારી,
નિર્મળ સમકિત ધારી, શ્રી મયણાસુંદરી, નવપદ ગાન ગાનારી....
જીવાજીવાદિ તત્ત્વોની જ્ઞાતા, કર્મ મર્મની જાણનારી - શ્રી મયણા.....૧
વીતરાગ દેવને ત્યાગી ગુરુની, આણા શિરે ધરનારી-શ્રી મયણા...૨
પ્રજાપાલનાં મિથ્યા વચનનો, આદર નહિ કરનારી - શ્રી મયણા...૩
જિનવચનમાં આદર કરીને, રોગી પતિ વરનારી - શ્રી મયણા....૪
ઉજ્જ્વલ શીયલ ધારણ કરીને, જિનવર પૂજનકારી-શ્રી મયણા....૫
મુનિચંદ્રગુરુ વાણી સુણીને, સિદ્ધચક્ર સેવાકારી - શ્રી મયણા....૬
અરિહંત આદિ નવપદ પ્રભાવે, શ્રીપાલ રોગ દૂરકારી - શ્રી મયણા....૭
રાજઋદ્ધિ સુખ ખૂબ ભોગવીને, જાએ તે સ્વર્ગ મોઝારી - શ્રી મયણા...૮
શ્રી મયણાને શ્રીપાલ આદિ, વરશે સુંદર શિવનારી - શ્રી મયણા...૯
સંસારની ખટપટ છોડીને, નવપદ ધ્યાવો સુખકારી - શ્રી મયણા...૧૦
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, નવપદ નિધાનકારી - શ્રી મયણા....૧૧
વિમળેશ્વરને દેવી ચક્રેશ્વરી, આરાધક કામિતકારી-શ્રી મયણા.....૧૨

(૧૪) શ્રીકાંત શ્રીમતિની સજઝાય
રાગ : ત્રણ લિંગ સમકિત તણાં રે

હિરણ્યપુર નામે નગરમાં રે, રાય નામે શ્રીકાંત,
શ્રીમતિ નામે રાણી તેહને રે, શુદ્ધ સમકિતવંત રે,

પ્રાણી ! આરાધો સિદ્ધચક્ર, જેમ લહીએ સુખ અનંત રે પ્રાણી ! આરાધો-૧
રાજા મિથ્યામતિ અતિ ઘણો રે, સુણે ન રાણીની વાત,
આખેટક વ્યસની ઘણો રે, કરે હિંસા તે કુજાત રે-પ્રાણી ૨
એકદિન મૃગયા એ જાતા રે, સાતસે ઉલ્લંઠ સાથ,
કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહ્યા રે, મુનિ દેખે નરનાથ રે-પ્રાણી-૩
હાંસીથી શ્રીકાંત રાજા કહે રે, કુષ્ટ રોગે પીડ્યો એહ,
ઉલ્લંઠ સાતસો એહ સુણી રે, પીડે મુનિવર દેહ રે-પ્રાણી-૪
તાડના કરે મુનિને ઘણી રે, જેમ જેમ ઉલ્લંઠ લોક,
તેમ તેમ રાજા રાજી હુવે રે, બાંધે છે પાપનાં થોક રે-પ્રાણી-૫
એક દિન મૃગયાએ એકલો રે, ગયો રાજા ધરી પ્યાર,
મૃગ ન આવ્યો હાથમાં રે, ભૂલ્યો મારગ તેણી વાર રે-પ્રાણી....૬
નહીં નજીક તે આવતા રે, દેખે મુનિવર એક,
કાને ઝાલીને પાણીમાં બોળતો રે, પીડે પ્રકાર અનેક રે-પ્રાણી....૭
એક દિન ઝરુખે બેસીને રે, નગર નિહાળે રાય,
ભિક્ષાર્થે ભમતાં મુનિને રે, દેખીને દિલ દુભાય રે-પ્રાણી.....૮
સેવકને કહે સાધુને રે, કાઢી નગરની બહાર,
રાય હુકમ સુણી કરી રે, થયા સેવકો તૈયાર રે - પ્રાણી.....૯
વાત જાણી એહ રાણીએ રે, નૃપને ઓલંભો દીધ,
મુનિ તેડી ઘર આણ્યા રે, વિનય બહુલો કીધ રે-પ્રાણી....૧૦
ખમાવી બેઉ જણ ભાવથી રે, પાપ નિવારણ કાજ,
માર્ગ પૂછે મુનિરાજ રે, ભવજલધિમાંહે જહાજ રે-પ્રાણી....૧૧
નવપદ આરાધન કરો રે, મુનિવર ભાખે એમ,
પાપ સકલ દૂરે ટળે રે, લહીએ વાંછિત ક્ષેમ રે-પ્રાણી....૧૨
રાજારાણી બેઉ તપ તપી રે, થયા મયણાને શ્રીપાળ,
પૂર્વકૃત કર્મયોગથી રે, આપદ સંપત આપ રે-પ્રાણી....૧૩
નવપદ મહિમા અતિ ઘણો રે, કહેતા નાવે પાર,
ગુરુ કર્પૂરસૂરિ અમૃત કહે રે, ભાવે સેવો નરને નાર રે-પ્રાણી..૧૪
પાર્શ્વપ્રભુજીને વીરજી રે, શિવસુખને આપનાર,
સુમતિપ્રભુ સાચા દેવ છે રે, વેરાવળે મનોહાર રે-પ્રાણી-૧૫

(૧૫) રાગ : આવો આવો હે વીર સ્વામિ

સુણો સુણો હે ભવિજન પ્યારા, સિદ્ધચક્ર મહિમા અપાર,
મહાવીર સ્વામિની આજ્ઞા લઈને, ગુરુ ગૌતમ ગણધાર
રાજગૃહી નગરી હિત કાજે, આવે સહુ પરિવાર-સુણો.....૧
શ્રી શ્રેણીકરાય આદિ આગે, દે ઉપદેશ મનોહાર,
માનવભવમાં પ્રમાદ તજીને, ધર્મ કરો નરનાર-સુણો.....૨
દાન શિયલ તપ ભાવના ભાવો, ધર્મનાં ચાર પ્રકાર,
ભાવ વિના દાનાદિક ધર્મો, મુક્તિ નહીં દેનાર-સુણો....૩
વિશુદ્ધ ભાવ પ્રગટ કરવાને, નવપદ ધ્યાન શ્રીકાર,
અરિહંત સિદ્ધ સૂરિ પાઠક સાધુ, દર્શન જ્ઞાન અવધાર-સુણો.....૪
ચારિત્ર તંપ એ સિદ્ધચક્ર યંત્ર, શાંત દાંત આરાધનાર,
વિધિશું આરાધન કરતાં એ, દુઃખ દોહગ ટાળનાર-સુણો ૫
વિધિપૂર્વક આરાધન કરતાં, શ્રી મયણા શ્રીપાળ,
સુરનરવરનાં સુખ ભોગવીને, વરશે શિવ વરમાળ-સુણો.....૬
ગુરુ કર્પૂર-સૂરિ અમૃત ભાખે, જગમાંહે નવપદ સાર,
મન-વચ-કાયે આરાધન કરીને, સફલ કરો અવતાર-સુણો.....૭

(૧૬) રાગ : મારે સાસરીયે જઈને

હાં રે બેની કર્મનાં ખેલો જો જો એટલડો (૨) સુણો હમારો સંદેશડો....
હાં રે શ્રીકાંત રાજા છે શિકારી, હાં રે તસ સમકિતી શ્રીમતિ નારી,
હાં રે તાસ સન્મતિ છે દેનારી, એટલડો (૨) સુણો...૧
હાં રે જાય શિકારે સાતસેં સહ રાજા, હાં રે કહે કોઢિયો શ્રી મુનિને ઝાઝા,
હાં રે બેઉ ખુશી થાયે મહારાજા, એટલડો (૨) - સુણો.....૨
હાં રે ફરી મુનિને નદીમાંહે પાડે, ચંડાળ કહીને મુનિને કાઢે,
હાં રે શ્રીમતિ વારે તે દહાડે-એટલડો (૨).....૪
હાં રે શ્રી શ્રીકાંત શ્રીપાળ થાવે, શ્રી શ્રીમતિ મયણા આવે,
હાં રે સખીઓ લઘુ રાણીપદ પાવે - એટલડો... (૨).....૫
હાં રે થાએ કોઢિઆ વંઠો શ્રીપાળો, હાં રે કલંક આપે ચાંડાળો,
હાં રે ધવલ નાખે સમુદ્રમાં કાળો - એટલડો (૨).....૬
હાં રે નવપદથી શ્રીપાલરાય રાણો, હાં રે કોઢિયા સાતસેં રાણા જાણો,
હાં રે શ્રીપાલ થાશે શિવરાણો - એટલડો (૨)....૭

હાં રે ગુરુ કર્પૂરસૂરિ અમૃત એમ ભાખે, હાં રે તજી વિરાધના આરાધના ચાખે,
હાં રે તેના કર્મનો ભૂક્કો કરી નાંખે - એટલજી (૨).....૮

(૧૭) રાગ : સાંભળજો તુમે અદભૂત વાતો.....

માલવદેશ ઉજ્જૈણી નગરી, શ્રી પ્રજાપાલ ભૂપાલ રે,
સૌભાગ્યસુંદરીને રુપસુંદરી, પટરાણી બે અસરાલ રે.... માલવ....
સુરસુંદરી મયણાસુંદરી સુતા, શિવ જૈન ધર્મ ધરનારી રે,
સુરસુંદરી સુંદર વર પામી, અભિમાનમાં મરનારી રે.... માલવ....
મયણાસુંદરી કર્મ સંયોગે, કોઢિયો વર નરનારી રે,
ગુરુયોગે નવપદ આરાધી, રુપાળો વર કરનારી રે... માલવ....
કર્મયોગ સુરસુંદરી બાળા, બબ્બર કુલમાં વેચાણી રે,
શ્રીપાલ આગે એ નૃત્ય કરનારી, હવે થઈ તે ખૂબ શાણી રે... માલવ....
માતાપિતાદિ આગે તેહ બોલે, છોડી મિથ્યા અભિમાની રે,
મયણાને ધર્મ સુરતરુ ફલ્યો, મારો વિષતરુ માનો રે..... માલવ....
શૈવ ધર્મ છોડી જૈન ધર્મ પામે, સુરસુંદરી સુખકારી,
મયણાને શ્રીપાલ નવપદનું, ધ્યાન ધરો મંગલકારી રે.... માલવ....
સુર નરવરનાં સુખ ભોગવીને, વરશે શિવ પટરાણી રે,
ગુરુ કર્પૂરસૂરિ અમૃત ભાખે, ગુરુ ગૌતમની એ વાણી રે.... માલવ....

(૧૮) મુનિપદની સજઝાય

રાગ : ધન્યા શ્રી-મગધદેશ રાજગૃહી નગરી

તે મુનિને કરું વંદન ભાવે, જે ષટ્કાય વ્રત રાખે રે,
ઈન્દ્રિય પણ દમે વિષય ઘૃણાથી, વાણી શાંત સુધારસ ચાખે રે- તે મુનિ...૧
લોભ તણાં નિગ્રહ કરતાં, વળી પડિલેહણાદિક ક્રિયા રે,
નિરાશંસ યતનાઅએ બહુપદી, વળી કરણ શુદ્ધિ ગુણાદરિયારે - તે મુનિ...૨
અહનિશ સંજમ યોગશું યુક્તા, દુર્ધર પરિષહ સહતા રે,
મન-વચ-કાય કુશળતા જોગે, વરતાવે ગુણ અનુસરતા રે-તે મુનિ....૩
છડે નિજ તનુ ધરમને કામે, ઉપસર્ગાદિક આવે રે,
સત્તાવીશ ગુણે કરી સોહે, સૂત્રાચારને ભાવે રે-તે મુનિ....૪
જ્ઞાન-દર્શન-ચારિત્ર તણાં જે, ત્રિકરણ જોગ આચાર રે,
અંગે ધરે નિઃસ્પૃહતા શુદ્ધિ, એ સત્તાવીશ ગુણ સાર રે-તે મુનિ....૫
અરિહંત ભક્તિ સદા ઉપદીશે, વાચક સૂરિનાં સહાઈ રે,

મુનિ વિણ સર્વે ક્રિયા નવિ સૂઝે, તીર્થ સકલ સુખદાઈ રે-તે મુનિ....૬
પદ પાંચમ ઈણીપરે ધ્યાવો, પંચમીગતિને સાધો રે,
સુખી કરજો શાસનનાયક, જ્ઞાનવિમલ ગુણ વાધો રે-તે મુનિ....૭

(૧૯) રાગ : સ્નેહી સંત એ ગિરિ સેવો

સમતા સુખનો જે ભોગી, અષ્ટાંગ ધરણ જે જોગી,
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી,
ભવિજન એહવા મુનિ વંદો, એથી ટલે દુઃખ દંદો,
જે સમકિત સુરતરુ કંદો. ભવિ.. ૧
જ્ઞાનામૃત જે રસ ચાખે, જિન આણા હિયડે રાખે,
સાવદ્ય વચન નવિ ભાખે, ભાખ્યુ જિનજીનું ભાખે... ભવિ... ૨
આહાર લીયે નિર્દોષ, ન ધરે મન રાગ ને રોષ,
ન કરે વલી ઈન્દ્રિય પોષ, ન ચિકિત્સે ન જુએ જોષ.. ભવિ... ૩
બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જિનમત રાગી,
જસ શિવરમણી રઢ લાગી, વિનયી ગુણવંત વૈરાગી.... ભવિ.. ૪
મદ આઠ તણા મન ગાળે, એક ઠામે રહે વરસાવે,
પંચાચાર તે શુદ્ધા પાળે, વલી જિનશાસન અજુઆળે... ભવિ.. ૫
પંચાશ્રવ પાપ નિરોધે, જ્ઞાન-દર્શન-ચારિત્ર શોધે,
નવિ રાચે તે કોપી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે.. ભવિ... ૬
ભિક્ષા લે ભ્રમર પરે ભમતા, મનમાં ન ધરે કોઈ મમતા,
રાગ-દ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાન ઓગાનમાં રમતા.... ભવિ.. ૭
સુધા પંચે વ્રત વહેતા, ઉપશમ ધરી પરિષહ સહતા,
વલી મોહ ગહનવન દહતા, વિચરે ગુરુ આણાએ રહેતા... ભવિ.... ૮
જે જ્ઞાન-ક્રિયા ગુણ પાત્ર, અણ દીધું ન લે તૃણ માત્ર,
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીરથ જાત્ર.. ભવિ... ૯
દયા પાલે વીશવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિશ,
જગજંતુ તણા જે ઈશ, જસ ઈન્દ્ર નમાવે શિષ... ભવિ.. ૧૦
ક્રોધ-લોભાભિમાન ને માયા, તજીયા જેણે ચાર કષાયા,
બુધ ખીમાવિજય ગુરુરાયા, શિષ્ય જિનવિજય ગુણગાયા.... ભવિ... ૧૧

(૨૦)

ગોયમ નાણી હો કે, કહે સુણો પ્રાણી મારા લાલ,
જિનવર વાણી હો કે, હિયડે આણી મારા લાલ,
આસો માસે હો કે, ગુરુની પાસે મારા લાલ,
નવપદ ધ્યાનસે હો કે, અંગ ઉલ્લાસે મારા લાલ.....૧
આંબિલ કીજે હો કે, જિન પૂજીજે મારા લાલ,
જાપ જપીજે હો કે, દેવ વાંદીજે મારા લાલ,
ભાવના ભાવો હો કે, સિદ્ધચક્ર ધ્યાવો મારા લાલ,
જિનગુણ ગાવો હો કે, શિવસુખ પાવો મારા લાલ.....૨
શ્રી શ્રીપાલે હો કે, મયણાં બાળાએ મારા લાલ,
ધ્યાન રસાલે હો કે, રોગ જ ટાળે મારા લાલ,
સિદ્ધચક્ર ધ્યાવો હો કે, રોગ ગમાયો મારા લાલ,
મંત્ર આરાધ્યો હો કે, નવપદ પાયો મારા લાલ.....૩
ભામિની ભોળે હો કે, પહેરી પટોળી મારા લાલ,
સહિયર ટોળી હો કે, કુંકુમ ઘોળી મારા લાલ,
થાળ કચોળી હો કે, જિન ઘર ખોલી મારા લાલ,
પૂજી પ્રણમી હો કે, કીજે ઓળી મારા લાલ....૪
ચૈત્રે આસો હો કે, મનને ઉલ્લાસે મારા લાલ,
નવપદ ધ્યાસે હો કે, પંડિતરાય મારા લાલ,
ઉત્તમ સાગર હોકે પંડિત રાય માઠાલાલ,
સેવક કાંતિ હો કે, બહુ સુખ પાયા મારા લાલ....૫

(૨૧)

સેવો રે ભવિ નવકાર, જપે શ્રી ગૌતમ ગણધાર,
ભવિ સાંભળો હાં રે સંપદ થાય ભ.હાં રે સંકટ જાય... ભ....
આસોને ચૈત્રે હરખ અપાર, ગણણું કીજે તેર હજાર... ભ.. ૧
ચાર વર્ષને વળી ષટ્ માસ, ધ્યાન ધરો ભવિ ધરી વિશ્વાસ.. ભ...
ધ્યાયો રે મયણા સુંદરી શ્રીપાળ, તેહનો રોગ ગયો તત્કાળ.. ભ...૨
અષ્ટકમલ દલ પૂજા રસાળ, કરી ન્હવણ છાંટ્યુ તત્કાળ... ભ..
સાતસો મહીપતે તેહને રે ધ્યાન, દેહડી પામ્યા કંચનવાન.. ભ.... ૩
મહિમા કહેતાં નાવેપાર, સમરો તિણે કારણ નવકાર.. ભ....
ઈહભવ પરભવ દીએ સુખવાસ, પામે લચ્છી લીલ વિલાસ... ભ....૪

જાણી પ્રાણી લાભ અનંત, સેવો સુખદાયક એ મંત્ર... ભ...
ઉત્તમસાગર પંડિત શિષ્ય, સેવે કાંતિસાગર નિશદીશ.. ભ.. ૫

(૨૨)

શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદીયે, ગુણવંતા ગણધાર સુજ્ઞાની,
દેશના સરસ સુધારસ વરસતા, જેમ પુષ્કર જલધાર સુજ્ઞાની-શ્રી મુનિ-૧
અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર સુજ્ઞાની
શ્રી શ્રીપાલ ભણી જાપ આપીયો, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર સુજ્ઞાની-શ્રી મુનિ-૨
આંબિલ તપ વિધિ શીખી આરાધ્યો પડિક્કમણા દોય વાર સુજ્ઞાની
અરિહંતાદિક પદ એક એકનું, ગણણું દોય હજાર સુજ્ઞાની-શ્રી મુનિ.....૩
પડિલેહણ દોય ટંકની આદરે, જિનપૂજા ત્રણ કાળ સુજ્ઞાની
બ્રહ્મચારી વળી ભોંય સંથારે, વચન ન આળપંપાળ સુજ્ઞાની-શ્રી મુનિ-૪
મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈતર માસ સુજ્ઞાની
સુદી સાતમથી નવદિન કીજીએ, પૂનમે ઓચ્છવ ખાસ સુજ્ઞાની-શ્રી મુનિ...૫
એમ નવ ઓળી એકાશી આંબિલે, પૂરી પૂરણ હર્ષ સુજ્ઞાની
ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડાચાર રે વર્ષ સુજ્ઞાની-શ્રી મુનિ.....૬
એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીર્તિ રે થાય સુજ્ઞાની
રોગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂરે પલાય સુજ્ઞાની-શ્રી મુનિ.....૭
સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ સુજ્ઞાની
મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહિમા જાસ પ્રચંડ સુજ્ઞાની-શ્રી મુનિ...૮
ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ સુજ્ઞાની
મન અભિલાષા પૂરે સવિ તેહના, જે કરે નવપદ સેવ સુજ્ઞાની-શ્રી મુનિ...૯
શ્રીપાલે તેણી પરે આરાધ્યો, દૂર ગયો તસ રોગ સુજ્ઞાની
રાજઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતો, મન વાંછિત લહ્યો ભોગ સુજ્ઞાની-શ્રી મુનિ..૧૦
અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય સુજ્ઞાની
એણીપરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જસ વાદ ગવાય, સુજ્ઞાની-શ્રી મુનિ-૧૧
સંસારિક સુખ વિલસી અનુક્રમે, કરીએ કર્મનો અંત સુજ્ઞાની
ઘાતિ અઘાતિ ક્ષય કરી, ભોગવે, શાશ્વત સુખ અનંત સુજ્ઞાની-શ્રી મુનિ-૧૨
એમ ઉત્તમ ગુરુ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ સુજ્ઞાની
પદ્મવિજય કહે એ સુરતરુ સમો, આપે સુખ સદૈવ સુજ્ઞાની-શ્રી મુનિ....૧૩

(૨૩) રાગ : આ છે લાલ

નવપદ મહિમા સાર, સાંભળજો નરનાર,
આ છે લાલ, હેત ધરી આરાધીએ જી,
તો પામો ભવપાર, પુત્ર કલત્ર પરિવાર,
આ છે લાલ, નવપદ મંત્ર આરાધીએ જી-૧
આસો માસ સુવિચાર, નવ આંબિલ નિરધાર,
આ છે લાલ, વિધિશું જિનવર પૂજીએ જી,
અરિહંત પદ સાર, ગણણું તેર હજાર,
આ છે લાલ, નવપદનું એમ કીજીએ જી-૨
મયણા સુંદરી શ્રીપાળ, આરાધ્યો તત્કાળ,
આ છે લાલ, ફળદાયક તેહને થયો જી,
કંચનવરણી કાય, દેહડી તેહની થાય,
આ છે લાલ, શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી-૩
સાંભળો સહુ નરનાર, આરાધ્યો નવકાર,
આ છે લાલ, હેત ધરી હૈડે ઘણું જી,
ચૈત્ર માસે વળી એહ, નવપદ શું ધરો નેહ,
આ છે લાલ, પૂજે દે શિવસુખ ઘણું જી-૪
ઈણી પરે ગૌતમ સ્વામિ, નવ નિધિ જેહ ને નામ,
આ છે લાલ, નવપદ મહિમા વખાણ્યો જી,
ઉત્તમસાગર શિષ્ય, પ્રણમે તે નિશદિશ,
આ છે લાલ, નવપદ મહિમા જાણીએ જી-૫

(૨૪)

સમરી શ્રુતદેવી શારદા, સરસ વચન વર આપે તદા,
આંબિલ તપનો મહિમા ઘણો, ભવિજન ભાવ થકી તે સુણો-૧
વિગઈ સકલનો જ્યાં પરિહાર, અશનમાં પણ ભેદ વિચાર,
વિદલ સર્વ તિલ તૂવર વિના, અળસી કોદ્રવ કાંગની મન-૨
ખડધાન પુંહક દૂકટ ફળ, સર્વ વર્જીજે આંબિલને પર્વ,
ઓસામણ સૂંઠ મરીય ને સૂઆ, મેથી સંચલ રામઠ કહ્યા,
અજમાદિક ભેળા રંધાય, તો આંબિલમાં લેવા થાય....૪
જીરુ ભળે તેજેવડી કહી, તે સૂઝે પણ જીરુ નહિ,
ગોમૂત્ર વિના અકે અણાહાર, તે સવિ લેવાનો વ્યવહાર....૫

સાત જાતિ તે તંદુલ તણી, તે સુઝતી આંબિલ ભણી,
સેકેલ ધાન અપકવી દાળ, માંડા ખાખર લેવા ટાળ....૬
હલદ્ર લવિંગ પીંપર પીંપળી, હરડે સૈંધવ વેસણ વળી,
ખાદિમ સ્વાદિમ જે કહેવાય, તે આંબિલમાં નવિ લેવાય....૭
ઉત્કૃષ્ટે વિધે ઉષ્ણ જળ નીર, જધન્ય વિધે કાંજીનું નીર,
ઈમ નિર્દૂષણ આંબિલ કરે, મુખ ધોવણ દાતણ નવિ કરે.....૮
જે નિર્દૂષણ લીયે આહાર, ઓદનની તેહને વ્યવહાર,
આટો લિંગટ પાણી વતુ, તે પણ આંબિલમાં સૂઝતું.....૯
અશઠ ગીતાર્થ અણમચ્છરી, જે જે વિધ બોલે તે ખરી,
લાભાલાભ વિચારે જેહ, વિધિ ગીતાર્થ કહયે તેહ-૧૦
આંબિલ તપ ઉત્કૃષ્ટો કહ્યો, વિઘ્ન વિદારણ કારણ લહયો,
વાચક કીર્તિ વિજય સુપસાય, ભાખે વિનયવિજય ઉવજઝાય.....૧૧

(૨૫)

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે,
મયણાસુંદરી સતી ગાઈશું, આણી હિયડે ભાવો રે....૧
નવપદ મહિમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસો રે,
મયણાસુંદરી શ્રીપાળને, ફળિયો ધર્મ ઉદારો રે.... નવપદ-૨
માલવદેશમાંહિ વળી, ઉજ્જૈની નયરી જાણો રે,
રાજ્ય કરે તીંહા રાજીઓ, પુહવીપાળ નરીંદો રે.... નવપદ-૩
રાયતણી મન મોહની, ઘરણી અનોપમ દોય રે,
તાસ કુખે સુતા અવતરી, સુરસુંદરી મયણા જોડ રે.... નવપદ-૪
સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાત રે,
મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લ્યો સુવિચાર રે.... નવપદ-૫
રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠ્યો તુમ જેહો રે,
વંછિત વર માંગ્યો તદા, પરણાવી શુભ કામો રે... નવપદ-૬
સુરસુંદરી વર માંગ્યો, આપ્યો અનુપમ જેહો રે,
મયણાસુંદરી વયણા કહે, કર્મ કરે તે હોય રે.... નવપદ-૭
કર્મે તુમારાં આવિયો, વર વરો બેટા જેહો રે,
તાત આદેશે કર ગ્રહયો, વર્યો કુષ્ઠી તેહો રે.... નવપદ-૮
આંબિલનો તપ આદરી, કોઢ અઢાર નીકાલો રે,
સદ્‌ગુરુ આજ્ઞા શિર ધરી, હુઓ રાય શ્રીપાલો રે.... નવપદ-૯

તપ પ્રસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહુંતો રે,
ઉપસર્ગ સવિ દૂરે ટળ્યાં, પામ્યો સુખ અનંતા રે..... નવપદ - ૧૦
નવ રાણી પામ્યા ભલી, રાજ્ય પામ્યો મનરંગો રે,
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સૂરીંદો રે
તાસ શિષ્ય વિમલ એમ વિનવે, સતીય નામે આનંદો રે.... નવપદ-૧૧

(૨૬) મુનિ પદની સજઝાય

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર સંયમ ભેદ પાળે જી,
વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મચર્ય, વાડ ભલી અજવાળો જી.....૧
જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જેહ નિદાન જી,
કોધાદિક ચારનો નિગ્રહ, એ ચરણસિત્તરી માન જી..... ૨
ચઉવિધ પિંડ વસતિ પાત્ર, નિર્દૂષણ એ લેવે જી,
સમિતિ પાંચ વળી પડિમા બાર, ભાવના બાર સેવે જી.....૩
પચવીશ પડિલેહણ પંચ ઈન્દ્રિયો, વિષય વિકારથી વારે જી,
ત્રણ ગુમિને ચાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારે જી,
કરણસિત્તરી એહવી સેવે, ગુણ અનેક વળી વાધે જી,
સંયમી સાધુ તેહને કહીએ, બીજા સવિ નામ ધરાવે જી..... ૫
એ ગુણ વિણ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને તોલે જી,
તે ષટ્કાય અસંયમી જાણો, ધર્મદાસ ગણી બોલે જી...૬
જ્ઞાનવિમલ ગુરુ આણા ધરીને, સંયમ શુદ્ધ આરાધો જી,
જેમ અનુપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધે જી..... ૭

(૨૭)

શ્રી મુનિરાજને વંદના નિત કરીએ, હાં રે નિત કરીએ રે નિત કરીએ
હાં રે તપસી મુનિવર અનુસરીએ, હાં રે જેનો ધન્ય અવતાર-શ્રી મુનિ-૧
નિંદક પૂજક ઉપરે સમભાવે, હાં રે પૂજક પર રાગ ન આવે,
હાં રે નિંદક પર દ્વેષ ન આવે, હાં રે તેહથી વીતરાગ-શ્રી મુનિ-૨
તીન ચોકડી ટાળીને વ્રત ધરીયાં, હાં રે જાણું સંયમ રસનાં દરિયા,
હાં રે અજવાળ્યો છે આપણા પરીયા, હાં રે ધન્ય ધન્ય ઋષિરાજ-શ્રી મુનિ-૩
સંજમધર ઋષિરાજજી મહાભાગી, હાં રે જેની સંયમે શુભમતિ જાગી,
હાં રે થયા કંચન કામિનિ ત્યાગી, હાં રે કરવા ભવ તાગ-શ્રી મુનિ... ૪
ચરણકરણની સિત્તરી દોય પાળે, હાં રે વળી જિનશાસન અજુવાળે,

હાં રે મુનિ દોષ બેતાંલીશ ટાળે, હાં રે લેતાં શુદ્ધ આહાર-શ્રી મુનિ...૫
ચિત્ર સંભૂત્તિને વળી હરિકેશી, હાં રે અનાથીમુનિ શુભ લેશી,
હાં રે ગૌતમ ગણધર વળી કેશી, હાં રે બેઉનાં અણગાર-શ્રી મુનિ-૬
દશ ચકી પ્રત્યેકબુદ્ધને જગજાણે, હાં રે નમિ-રાજને ઇંદ્ર વખાણે,
હાં રે ઉત્તરાધ્યયને તે વખાણે, હાં રે શ્રી દશાર્ણભદ્ર-શ્રી મુનિ-૭
શતવીસ કોટિ ઝાઝેરાં અઢિદ્વીપે, હાં રે તપ સંયમ ગુણથી દીપે,
હારે ચાર સોલ પચ્ચીસને દીપે, હાં રે કીજે ગુણગ્રામ-શ્રી મુનિ-૮
દીપવિજય કવિરાજનાં ગુણ ગાવુ, હાં રે ગુણ ગાઈને ભાવના ભાવુ,
હાં રે ગાતાં પરમ મહોદય પાઉ, હાં રે માનવ ભવ સાર-શ્રી મુનિ-૯

(૨૮) રાગ : ભમર ગીતાની

ગુરુ નમતા ગુણ ઉપજે, બોલે આગમ વાણ,
શ્રી શ્રીપાલને મયણાસુદરી, સદહે ગુણ ખાણ,
શ્રી મુનિચંદ્ર મુનીશ્વરા, બોલે અવસર જાણ... શ્રી-૧
આંબિલનો તપ વર્ણવ્યો, નવપદ નવ રે નિધાન,
કષ્ટ ટળે આશા ફળે, વાધે વસુધા વાન... શ્રી મુનિચંદ્ર-૨
રોગ જાવે રોગી તણા, જાવે શોક સંતાપ,
બહુલા વૃંદ ભેળા મળે, પુન્ય વધે ઘટે પાપ..... શ્રી મુનિચંદ્ર-૩
ઉજ્જ્વલ આસો સાતમ, તપ માડે તનુ હેત,
પુ:ણવિધ પૂનમ લગે, કામિનિ કંત સમેત.... શ્રી મુનિચંદ્ર-૪
ચૈત્ર સુદ માહે તીમ, નવ આંબિલ નીરમાય,
ઈમ એકાશી આંબિલે, એ તપ પૂરો થાય.... શ્રી મુનિચંદ્ર-૫
રાજ નિષ્કંટક પાળતા, નવ શત વરસ વિલીન,
દેશવિરતિ પણુ આદરી, દીપાવ્યો જગ જૈન... શ્રી મુનિચંદ્ર-૬
ગજરથ વરસ તેન બહુઆ, નવલખ તેજી-તો ખાર,
નવકોડી હયદલ ભલું, નવનંદન વન નાટક..... શ્રી મુનિચંદ્ર-૭
તપ જપ ઉદ્યાપન થકી, લીધો નવમો સગ્ગ,
સુરનરનાં સુખ ભોગવી, નવમે ભવ અપવગ્ગ..... શ્રી મુનિચંદ્ર-૮
હંસવિજય કવિરાયના, જીમ જલ ઉપર નાવ,
આપ તરે પર તારવે, મોહન સુહ સ્વભાવ.... શ્રી મુનિચંદ્ર-૯

(૨૯)

શ્રી દેવ વિજયજી રચિત પંચ પરમેષ્ઠિ સજ્ઝાય

(વીર માતા પ્રીતિ કારણીક એ દેશી)

ચિત્ત ધરી ભગવતી ભારતી, જિનગુરુપય પણમેવી
પંચમ પરમેષ્ઠિમંત્રનું, ધરુ ધ્યાન નિત્ય મેવિ પંચપદ વર્ણના સાંભળો-(૧)
બાર અરિહંતના ગુણભલા, સિદ્ધના આઠ ગુણ ધ્યાય
ગુણી છત્રીસ આચાર્યના, પણવીસ ઉવજ્ઝાય-પંચપદ- (૨)
સાતનઈ વીસગુણ સાધુના, સર્વ મળી એકસો આઠ,
સૂત્ર સિદ્ધાંત માંહિ કહ્યા, જોઉં ઠાણાંગનો પાઠ-પંચપદ- (૩)
સિદ્ધ અરિહંતના ગુણ ઘણા, કહુ કેટલા એક,
ઈશ્વરનાગેન્દ્ર સુર નર મિલિ, લાખ રસના હુઈ છેક-પંચપદ- (૪)
શ્રી વિજય દેવગુરુપાટવી, શ્રી વિજયસિંહ ગુરુસયરે,
તેહનો સીસ નવકારના, દેવવિજયગુણ ગાય-પંચપદ-(૫)

અરિહંત પદની ઢાળ

(રાગ : પુખ્ખલવઈ વિજયજયો રે)

પ્રથમ ભણુ અરિહંતનાજી, સુંદર ગુણ એ બાર,
અતિશય ચાર સોહામણાજી, અષ્ટ મહાપ્રતિહાર-
ભવિકજન ! જપીઈ જિનનું રે નામ, રાગ દ્વેષ જેણે હણ્યાજી,
સીઝેઈ સઘલાકામ, ભવિકજન જપિઈજિનનું રે નામ (૧)
સાતે ઈતિ ઉપશમઈજી, ગાઉ સયપંચ મઝાર,
નાણ વચન પૂજા તણાજી, અતિશય અભિનવ ચ્ચાર-ભવિક (૨)
શોકરહિત તરુવરભલોજી, ફલદલ ફૂલરસાલ
ફૂલપગર ઢીંચણ સમાજી, સમવસરણ સુવિશાલ-ભવિક (૩)
મધુરરાગ મનમોહતોજી, દિવ્ય ધ્વનિ ભવિ વૃંદ
સિંહાસન આસન ઠવ્યાજી, ચામર ઢાલઈ ઈંદ્ર-ભવિકજન (૪)
છત્રત્રય શિરે સોહતુંજી, ગયણે દુંદુભિ નાદ,
ભામંડલ તેજઈ કરીજી, માંડઈ સવિસ્યુ વાદ-ભવિકજન (૫)
શ્રીવિજય દેવ પટોધરુજી, શ્રી વિજયસિંહસૂરીંદ,
અરિહંતના ગુણએ કહ્યાજી, દેવ વિજય આણંદ-ભવિકજન (૬)

સિદ્ધ પદની ઢાળ

(રાગ : અબલાની દેશી)

અષ્ટકરમચૂરણ કરી રે લાલ, આઠ ગુણે પરસિદ્ધ - મેરે પ્યારે રે
ખ્યાઈક સમકિતના ધણી રે લાલ, વંદુ એહવા સિદ્ધ, મેરે પ્યારે રે
અષ્ટકરમ ચૂરણ કરી રે - મેરો પ્યારો રે (૧)
અનંતનાણદંસણધરા રે લાલ, ચોથુ વીરજ અનંત - મેરે પ્યારે રે
અગુરુલઘુ સૂષિમ કહ્યા રે લાલ, અવ્યાબાધવહંત મેરે-મેરે પ્યારો રે (૨)
જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજઈ ભાગ-મેરે પ્યારો રે
સિદ્ધશિલાથી જો જોજને રે, અવગાહન વીતરાગ-મેરે પ્યારો રે (૩)
સાદિ અનંત જિહાં ઘણા રે, સમયઈ સમયઈ જાય-મેરે પ્યારો રે
મંદિરમાંહિ દીપાલિકા રે, સઘલી જ્યોતિ સમાય-મેરે પ્યારો રે (૪)
માનવભવથી પામિઈ રે લાલ, સિદ્ધ તણા સુખસંગ-મેરે પ્યારો રે
એ અધિકાર સહુ કહ્યો રે લાલ, જોઉ જોઉ ભગવતિઅંગ-મેરે પ્યારો રે (૫)
શ્રી વિજય દેવસૂરીસરુ રે લાલ, શ્રી વિજય સિંહસૂરીશ-મેરે પ્યારો રે
સિદ્ધતાના ગુણ બોલતા રે લાલ, દેવદિઈ આશિષ-મેરે પ્યારો રે (૬)

આચાર્ય પદની ઢાળ

(રાગ : રસીયાની દેશી)

હવે આચારિજના ગુણ સાંભળો, જેહથી પામો રે નાણ - સોભાગી
દરસણવરણ લહો વલી જેહથી, જગમાં જુગહુપ્રધાન - વૈરાગી
સેવો એહવો સૂરિ સદા.... (૧)
સેવો એહવો સૂરિસદા, જોજ્યો સિદ્ધાંત સાખ્ય - સોભાગી
તિર્થંકર વિણ તિર્થંકર સમો, ગુરુ ગુણ થાપના ભાષ્ય સૌભાગી - સેવો... (૨)
પંચ ઈંદ્રિય સંવરણ કરુંઈ ભલુ, નવવિધ પાલઈ રે બંભ -
ચાર કષાયતણો જે જય કરઈ, જિણશાસણનો રે થંભ - - સેવો... (૩)
પંચ મહાવ્રત, પંચવિધાચાર પંચસમિતિ ધરઈ ધીર -
ત્રિણ ગુપતિ પાલઈ તે, તે વીરનો પટ્ટધરવીર - -- સેવો.... (૪)
એ છત્રીસ ગુણે કરી શોભતો, તેહનઈ નામું રે શીસ -
શ્રી વિજયસિંહસૂરીસર એહવા, તેહનો બોલઈ સીસ - ..... સેવો .. (૫)

ઉપાધ્યાય પદની ઢાળ

શ્રી ઉવજ્ઝાય તણા ગુણ કરિઈ, સમરંતા શિવપદ સુખ કહીઈ
તેહની ગરુ આણા સિરવહિઈ, રાતિ દિવસ તેહના ગુણ ગ્રહિઈ- (૧)
જે ગુરુ અગ્યાર અંગનામ જાણ, બાર ઉપાંગ કરઈ જે વખાણ
તેહના અર્થભણઈ ને ભણાવઈ, શિષ્યાદિક ને વલી સમઝાવઈ - (૨)
ગચ્છતણા જે મેઢી ભૂત, પંચ મહાવ્રત ભારઈજુત્ત
ગીત્તારથ ગુણ સંજમરત, પરિગ્રહ પંચ પ્રમાદઈ મુક્ત - (૩)
રયણાયરનું જેહનઈ માન, જુઆલઈ દંસણ વરનાણ
ધર્મશુકલનુ ધ્યાઈ ધ્યાન, સંકલ સાધુમાં લહુઈ બહુમાન - (૪)
મુનિવરગુણ ઉપરિ પણ વીસ, ટાલી જેણઈ માયા રીસ
ભાવઈ પ્રણમુ વીસ બાવીસ, તેહગુરુ પૂરઈ સંઘ જગીસ - (૫)
શ્રી વિજય દેવસૂરીસર બાજઈ, પાટઈ શ્રી વિજયસિંહ વિરાજઈ
તેહ તણુ બાલક ઈમ બોલઈ, મુનિવરના ગુણ ન તોલઈ - (૬)

સાધુપદની ઢાળ
(રાગ : ભારુ આડીની દેશી)

મુનિસમરી હો ગણધરનું ધ્યાનકિં, ગૌત્તમસામી ધુરી ધરી
હવે બોલીશ હો ગુણ સાધુના સારકિં, જિમ પામું સંયમ સિરિ (૧)
એહવાનું જિનવરહો પ્રણમું બહુ ભાવિ કિં., સંયમ કમલા જે વર્યા
ભવદરિયાહો તરિયા તે સાધુ કિં, પૂરવમુનિ જિમ સાંભર્યો (૨)
વ્રત પાંચઈ હો પાલઈ મન શુદ્ધિ કિં, નિશિભોજન ન કદા કરઈ
છકાયની રક્ષા કરઈ કિં, પંચેંદ્રિ વશિકરઈ (૩)
બાહ્ય પરિગ્રહ હો ઢાલઈ અંતરંગ કિં ખિમાખણ હાથઈ ધરઈ
ભાવશુદ્ધિ હો પડિલેહણ સાર કિં, કરણ વિસોહી આહરઈ (૪)
સંયમના હો ગુણ વિવિધ પ્રકાર કિં, મનવચન કાયા શોધતો
શિતાદિક કોસઈ પરિગ્રહ ઝેહ કિં, ઈર્યાસમિતિ સોધતો (૫)
મરણાંતિક હી ઉપસર્ગ સહંતિ કિં, ગયાસુકુમાલી જિમ સિધ્ધા
અવંતિહી સુકુમાલ મેઅઝ્ઝકિં, શાસણનાયક નિરવહ્યા (૬)
જે પાલઈ હો ગુણ સત્તાવીશ કિં, શુદ્ધાચારણ મુનિવરુ
ગોચરીંઈ કહો ખપે શુદ્ધ ધરંત કિ, જીવસકલ નઈ હિતકરુ - (૭)
સૂરીસ હો શ્રી વિજય દેવ સૂરિ કિંતવગચ્છ અંબર દિનકરુ

તસપાટિહો વિજય મુણિંદકિં, સોહમ જંબુગણધરુ - (૮)
પામી પુણ્યઈ હો એ ગુરુના સેવા કિં, દેવ વિજય સેવક ભણઈ
તે પામઈ હો જયલીલ વિલાસકિં, મુનિવરના ગુણ જે થુણઈ
એહવા મુનિવર હો પ્રણમું બહુભાવકિં, સંયમકમલા જેવર્યા - (૯)

ઉપા.- માનવિજયજી રચિત નમુક્કાર સજ્ઝાય

પ્રણમુ શ્રી ગૌતમ ગણધાર, કહુ નવકાર તણો સુવિચાર
જસ સમરણઈ લહીઈ ભવપાર, પંચપરમેષ્ઠી સદા જયકાર - (૧)
ધ્યાતા ધ્યેય ધ્યાન વ્યવહારી, પરમારથી એકજ નિરધારી
ધ્યાતા સાતા સમકિત વંત, અરિહંતાદિક ધ્યેય મહંત - (૨)
મન વચકાય તણી એકતા, શુદ્ધ ધ્યાન હુઈ એંતાવતા
આધિવ્યાધિ ઉપદ્રવ સવિ ટલઈ, એહથી મનવાંછિત સુખમ લઈ - (૩)
ધ્યાતાધ્યેય રુપ જબ હોય, નિશ્ચયસુખ તવ પાવઈ સોય
ધ્યેય રુપે વિશેષઈ સુણો, ઈકસો આઠ ગુણઈ જુત ગુણો - (૪)
તિહાં પ્રથમ અરિહંત ગુણ બાર, તરુ અશોક યોજન વિસ્તાર
સુરકૃત પુષ્પવૃષ્ટિ ધ્વનિ દિવ્ય, ચામર સિંહાસન અતિભવ્ય
ભામંડલ દેવ દુંદુભિ નાઈ, છત્રત્રયી દીઠઈ આહલાદ (૬)
અષ્ટ મહાપ્રતિહાર્ય એહ સૂત્ર ઉવાઈ ઉવાંગઇ રેહ
મૂલાતિશય ઉદારા ચ્યાર, જ્ઞાન વચન પૂજાનો સાર
તૂરિય અપાયાપગમ હુનામ, અરિહંતગુણ બારસ અભિરામ - (૭)
કેવલનાણ કેવલદર્શનં, અવ્યાબાધ સમકિતભાષણં
અખ્ખયથિતિ અરુપી પણું, અગુરુ લહુ વિરય અતિઘણું - (૮)
સવિ કર્મખ્ખયથી અડગુણા, સિદ્ધતણા ધ્યાવો ભવિયણા
આચારયનઈનામો સીસ, જેહમાં ગુણ હોય છત્રીસ (૯)

(રાગ : અવસર આજ હેરે એ દેશી)

ભવિયણ ભાવીઈ રે, શ્રી નમુક્કારનો અરથ
એહ વિણ સવિ હુઈ વ્યર્થ, એ આતમ અંતરગરથ - ભવિ. ...૧૦
છત્રીસગુણ સંજુત્ત આચારય, સેવ્યો હુઈ હિતકારી રે
કર્ણ, ચખ્ખુ, નાસા, જીહ, ફરસા, પંચિદ્રિય વશકારી - ભવિ ૧૧
વસ્તિકથા, શય્યા ઈંદ્રિય, રસ કુડુંતર પુવ્વકિડા રે
સરસ આહાર વિભૂષા, નવબંભગુત્તિ અપીડયા - ભવિ ૧૨

ચારઅધિક કષાય રહિત જે, ગિરુઆ પંચમહાવ્રતધારી રે
નાણ દંસણ ચારિતર તપ, તિમ વીરયાચારઈ સમિત્તો રે
પંચમ પારિઠાવણ સમિતો, મન વચ કાયંઈ ગુપતો - ભવિ ૧૪
ઉપાધ્યાય ધ્યાઓ પદ ચોથઈ, ગુણ પણવીસઈ અહીના રે
અંગ ઉપાંગ આરાધક ધારક, ચરણ કમલ સિત્તરીના - ભવિ. ૧૫
અહવા અંગ એકાદશ પૂરવ, ચઉદશના ભણનારા રે
એહ ગુણાંઈ જે જુત જે ઉવજઝાયા, તે ભગવઈ તરણારા - ભવિ.... ૧૬
આચારંગ સુયગડાંગ, ઠાણાંગ, સમવાય ભગવઈ અંગ રે
જ્ઞાતાધર્મકથાંગ ઉપાસગદશા અંતગડંગ - ભવિ. ૧૭
અણુત્તરોવવાઈદશા અંગ, પ્રશ્નવ્યાકરણ વિપાક રે
એહ ઉપાંગ બારસ ઉવવાઈ, રાયપસેણી સાકં - ભવિ. ... ૧૮
જીવાભિગમ પન્નવણા નામઈ, જંબુદ્ધિપપન્નત્તિરે
ચંદ્ર સૂરપન્નતિ કપ્પિયા, કપ્પવડંસિયા તત્તી રે - ભવિ ૧૯
પુપ્પિયા પુપ્ફ ચૂલિયા વિષ્ણુ દશા નામ એ બાર રે
ચરણ સિત્તરી ગુણ ચઉવીસમઈ પંચમહાવ્રત ધાર કે - ભવિ ...૨૦
ખંતિ મદવ અજ્જવ મુત્તિ, તપ સંયમ સત્યનામા રે -
શૌચ અકિંચન બંભ દશવિધ, યતિ ધરમ અભિરામ - ભવિ ૨૧
પંચાઆશ્રવ વિરમણ પંચેદ્રિય, નિગ્રહ જીતઈ કષાયા રે
દંડત્રયવિરમણ એ સત્તર, ભેદ સંયમ મનિ ભાયા - ભવિ. ૨૨
આચારય ઉવજ્ઝાય થિવિરતહ, તવસી ગ્લાન નવસીસોરે
સાધર્મિક કુલ ગણ સંઘ દસનુ વૈયાવચ્ચ જગીશો રે - ભવિ ૨૩
બંભગુમિનવ નાણાદિતિગ, અણસણ ઉણોદરિયા રે
વિત્તિ સંખેવ રસચ્ચાઓ, કાયાકલેશ સંલિનતા બહિયા - ભવિ ... ૨૪
પાયચ્છિત વિનય વૈયાવચ્ચ, સજ્ઝાય ઝાણ ઉસ્સગ્ગો રે
અભ્યંતર તપ બે મિલિબારસ, ક્રોધાદિકથી અલગ્ગો રે - ભવિ ૨૫
ગુણ પણવીસમો કરણસિત્તરી પિંડ વિશુદ્ધિચારરે
વસ્ત્રપાત્ર આહારવસ્તીની, તહ પદ સમિઈ ઉધર - ભવિ. ... ૨૬
ભાવના અનિત્ય અશરણ, ભવ ઈકતા, અન્ય અશુચિતા સોધિ રે
આસ્ત્રવ સંવર નિર્જરાનવમી, લોકસહાવહ બોધિ રે - ભવિ ૨૭
દુરલભ ધરમ સાધક એ બારે, અહ ભિખ્ખુ પડિમા બાર રે
એકાદિક સત્તા માસિકી સત્તમી, તિગતિગ રાત્રિ કી સાર - ભવિ ૨૯

દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ભેદ ઈતિ, કરણસિત્તરીભાસી રે
પંચમપદિસવિ સાધુ નઈ ધ્યાઓ, ગુણ સગવીસ ઉપાસી - ભવિ ૩૦

રાગ : પુખ્ખલવઈ વિજયે જ્યારે

રાત્રી ભોજન વિરમણ જુત પણ વ્રત, ધારક છક્કાય રક્ષક
પંચેન્દ્રિય લોભ નિગ્રહ ખંતી, ભાવ વિશુદ્ધિ પડિલેહક
ભવિજન ધ્યાવો, પંચપરમેષ્ઠિ, જિમ લહો મનની ઈષ્ટિ રે - ભવિ. ૩૧
સંયમ યોગંઈ જુગતા ગિરુઆ, અકુશલ યોગ નિરોધઈ
શિતાદિક પીડા સહઈ ઉવસગ્ગ, સહતા જગ પ્રતિબોધઈ રે - ભવિ ૩૨
એ અઠ્ઠોત્તર સોગુણધારી, કીજઈ કમલ બંધ જાપ
કે કરભવ અહવ જપમાલી, તજી નખ અગ્રનો વ્યાપાર રે - ભવિ ૩૩
મેરુઉલ્લંઘન પણ વિનાજપ, અંગુઠઈ મુખ્ય કહીઈ
ભાષ્ય ઉપાંશુ માનસથી કમી, અણુમધ્યમોત્તમ ફલ લહીઈ રે - ભવિ ૩૪
નમુકારઈ દેહવાચના લબ્ધિ, ત્રણ્યેનયોતિંગ હેત
દો રિજુ સૂત્ર શબ્દ નય તીને, એક લબ્ધિક હેત રે - ભવિ ૩૫
સો ચઉવિહનામાદિક ભેદઈ, નામ થાપના પ્રસિદ્ધ
વિણુ ઉવઓગઈ અહવા નિહનવ, પમુહનો દ્રવ્યથી સિદ્ધ રે ભવિ... ૩૭
દ્રવ્ય ભાવનું જે સંકોચન, નમસ્કાર પદ વાચ્ય
પાલક અનુત્તર સુર સંબાદિક, સ્વામિ તુ રિય અવાચ્ય રે ભવિ. ..... (૩૮)
અરિહંતાદિક ગુણસ્યુ નિજમન, સુદ્ધપણઈ જે મેલો
તેહીજ ભાવકરણ મુખ્યતાઈ, દ્રવ્યકરણ પણિભેલો ભવિ. .... (૩૯)
ઈમ ઈક અખ્ખર જાપ ઈ નાશઈ, સમ સાયરનું પાપ
પંચાશનું પદ તહ પણસયનું પૂરણ કીધઈ જાપરે - ભવિ. ..... (૪૦)
છમ્માસી વરસી તપ કીધઈ, જેતી નિર્જરા હોય
તેતીઅનાનુપૂર્વી ગણતા અબ્ભિંતર તપ સોય રે-ભવિ. ..... (૪૧)
પણ અધિકારી અરિહંતાદિક, ચાર ચરણ ચૂલિકાના
આવશ્યક નિર્યુક્તિ ભાખ્યા, નહિં બુધ જનનઈ છાના - ભવિ..... (૪૨)
નવપદ સંપદ આઠેપાઠે, અડસટ્ઠી અખ્ખરમાન,
ઈકસટ્ઠીલહુઆ શબ્દક ગુરુઆ, ધ્યાઈ ઈમ મુનિમાન રે - ભવિ. ૪૩

(રાગ : ધન્યાશ્રી – શાંતિજિન ભામણડે જાઉં)

જોષટ દ્વારઈ પરુપણાકી જઈ, તો હોય મતિ સુદ્ધ રે
નમસ્કાર કુણ કેહનો, કેણઈ કરી, કિહાં કિહાં લગીંક તિવિધરા ભવિ. ૪૪
નમુક્કાર નય સંયુત્ત ધારો, સકલ અશુદ્ધતા વારો રે
જડતા અનુભવને અનુભાવઈ, સુદ્ધ સ્વરુપમહારો રે - આંચલી નમુ .. (૪૫)
જીવનમસ્કાર ગ્યાનની લબ્ધિ, સંજૂત અહવા જોગ રે
આદિમ નયયઉ સંમતિમાનો, નમુક્કાર ભવિ લોગ રે - નમુ (૪૬)
તત પરિણામઈ પરિણત જીવો, શબ્દાદિક નય લેખઈ રે
નોખંધ નો ભૂત ગ્રામાભિધ, સો સવિ નય સવિશેષઈ રે-નમુ (૪૭)
નૈગમવ્યવહારી ઈમ બોલઈ, પૂજ્યતણો નમુક્કારે રે
જીવ અજીવ એકત્વ બહુત્વઈ, અડભંગી અવતાર રે- નમુ. (૪૮)
સત્તામાત્રનો સંગ્રહવાદિ, નહીંકો સંગ વિસેસાર્થ રે
જ્ઞાનશબ્દ કિરિયા વત કેરો, તુરિયા વદઈ નહીં સેસાઈ રે - નમુ (૪૯)
ઉપયોગીનો શબ્દાદિમતિ, નમસ્કાર ઇતિ સયણા રે
સંગ્રહનય વિણુપૂરવ પ્રનિપન્ન, બહુપ્રતિપતિ ભયણા રે - નમુ (૫૦)
મતિશ્રુતનાણાવરી દંસણ, મોહનઈ ખ્યાયોપસમઈ રે
નમસ્કાર લહુઈ જીવ તિવરાઈ, નપડઈ મિથ્યાભરમઈ રે - નમુ (૫૧)
નમોકાર અડભંગી આધરઈ, કહુ નૈગમ વ્યવહારરે
સંગ્રહ સત્તા માત્ર આધારઈ, અથ ઋજુસૂત્ર વિચાર રે - નમુ (૫૨)
નહીં અન્યગુણ અન્ય આધારઈ, ઈતિ તતકર ત્રિક આધારઈ રે
શબ્દાક્રિયા તમને પણિ વંછઈ, ઈતિ દેહ ઈ પાણિધાર રે નમુ (૪૩)
શબ્દાદિક મતિ તસ કરતાનો, જે ઉપયોગી જીવ રે
તસ આધારઈ પણિકાયાઈ, ન કહઈ સહમ અતિવરે - નમુ (૫૪)
ઉપયોગથી થિતિ અંતરમુહુરત, લઘુગુરુ એકઈ જીવ ઈ રે
લબ્ધિ લધુ અંતર્મુહુર્ત અધિકા, છાસઠી અયર સહીવઈ રે - નમુ (૫૫)
નાનાજીવઈ ઉપયોગંઈ તિમ, લબ્ધિ સર્વદા વેદ રે
અરિહંતાદિક પણ અધિકારી, સંલંઘઈ પણ ભેદ રે - નમુ (૫૬)
જે નમુક્કારનયા નવિ જાણઈ લોકપ્રવાહઈ ચાલઈરિ
ક્ષાયક ગુરુપરતંત્ર નહીં જે, સો મિથ્યાત વિચાલઈ રે નમુ (૫૭)
અંતરદ્રષ્ટિ, વિલોકીલોકા, અભ્યાસો નવકારરે
શાંતિવિજયબુધ વિનયી બોલઈ, માન વિજય સુખકાર રે - નમુ (૫૮)

નવકાર મંત્રની રાજઝાય

શ્રી નવકાર જપો મનરંગે, શ્રી જિનશાસન સાર રે;

સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જયકાર રે.... શ્રી ૧
પહેલે પદ ત્રિભુવન જન પૂજિત, પ્રણમું શ્રી અરિહંત રે;
અષ્ટકર્મ વરજિત બીજેપદ, ધ્યાવો સિદ્ધ અનંત રે... શ્રી ... ૨
આચારજ ત્રીજે પદ સમરું, ગુણ છત્રીસ નિધાન રે;
ચોથે પદ ઉવજ્ઝાય જપીયે, સૂત્ર સિદ્ધાંત સુજાણ રે... શ્રી ... ૩
સર્વ સાધુ પંચમપદ પ્રણમું, પંચ મહાવ્રત ધાર રે,
નવપદ અષ્ટ ઈહાં છે સંપદા, અડસઠ વરણ સંભાર રે.... શ્રી ૪
સાત અક્ષર છે ગુરુ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર રે;
સાત સાગરનાં પાતક વર્ણે, પદ પંચાશ વિચાર રે.... શ્રી ૫
સંપૂરણ પણસય સાગરનાં, જપે પાતક દૂર રે;
ઈહભવ સર્વકુશલ મનવાંછિત, પરભવ સુખ ભરપૂર રે... શ્રી ... ૬
યોગી સોવનપુરિસો કીધો, શિવકુમાર ઈણે ધ્યાન રે;
સર્પ મિટી તિહાં ફૂલમાળા, શ્રીમતીને પરધાન રે... શ્રી .. ૭
જક્ષ ઉપદ્રવ કરતો વર્યો, પરચો એ પરસિદ્ધ રે;
ચોર ચંડપિંગલને હુંડક, પામે સુરતણી ઋદ્ધ રે..... શ્રી ૮
એ પંચ પરમેષ્ઠિ છે જગ ઉત્તમ, ચૌદ પૂરવનો સાર રે,
ગુણ બોલે શ્રી પદ્મરાજ ગણી, મહિમા જાસ અપાર રે.... શ્રી ૯

સ્તુતિ વિભાગ

શ્રી નવપદજીની સ્તુતિઓ

(૧)

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણે ભરીયાજી
ભવિક જીવના ભાવ ધરીએ, રાજગ્રહી સમોસરીયાજી
શ્રેણીક રાજા વંદન આવ્યા, ગૌતમ નયણે નીહાળ્યાજી
ત્રણ પ્રદક્ષિણા દેઈ કરીને, અભિગમ પાંચે પાળ્યા જી.... ॥૧॥

સજલ જલદ જિણી પરે ગાજે, ગોયમ મેહને સાદે જી.
દસ દષ્ટાંતે લહી માનવ ભવ, કાં હારો પરમાદે જી.
નવપદ ધ્યાન ધરીને હીયડે, શ્રી સિદ્ધચક્ર આરાધોજી.

પહેલે અરિહંત સિદ્ધ ગણો બીજે, આચારજ ગુણવંદોજી.... ॥૨॥
ઉપાધ્યાય ચોથે વંદો પાંચમે, સાધુ દેખી દુઃખ છંડોજી
છઠે દંસણ નાણ ગણો સાતમે, આઠમે ચારિત્ર મતિ નંદોજી.
નવમે તપ કરણી આરાધો, સુણો શ્રેણીક અમ વયણા જી.
રોગ ગયો ને રાજઋદ્ધિ પામી, શ્રી શ્રીપાલ ને મયણા જી.... ॥૩॥
આસો ને ચૈતરે નવ આંબિલ, નવ ઓળી ઈમ કીજે જી.
ગૌતમ કહે ઉજમણું શ્રેણીક, દાન સુપાત્રે દીજેજી.
નરનારી એક ચિત્તે આરાધે, વિમલેસર દુઃખ ચૂરેજી.
રતનવિબુધ શિષ્ય રંગવિજયની, નિત નિત આશાપૂરેજી.... ॥૪॥

(૨) રાગ : વીર જિનેસર અતિ અલવેસર...

સિદ્ધચક્ર વર પૂજા કીજે, ત્રણ કાળ મન રંગ જી,
ઓળી નવ ઓળી એકેકે, આંબિલ નવ નવ ચંગજી,
શ્રી શ્રીપાળ પરે ભવ તરીયે, ધરી ધર્મ સુરંગજી,
આંબિલ કરી જિહવા રસ જીતો, કરો કરમનો ભંગજી..... ॥૧॥
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણવંતજી,
દર્શન નાણ ચરણ તવ એ, નવપદ આરાધો સંતજી,
પદ એકની વીસે જપમાળા, ઉઁ હીં પદ સંજુત્તજી,
મન વચ કાય એકાગ્ર કરીને, ચિત્ત ધરો નવપદ મંત્તજી..... ॥૨॥
દ્વાદશાંગીના ભાષક એહમાં, સાધ્ય સિદ્ધપણે જાણોજી,
સૂત્ર તણા કરતા ગણધર મૂળ, આચારજ મન આણો જી,
સૂત્ર તણા પાઠક ચોથે પદે, પાઠક સાધુ ગુણખાણી જી,
ચઉપદમાં કહ્યો ધર્મ તે એહમાં, આરાધો સુપ્રમાણીજી..... ॥૩॥
નવગ્રહને ચક્રેશ્વરી માતા, તીમ વલી દશ દિગપાલજી,
વિમલેસર સુર પમુહા દેવા, સિદ્ધચક્ર રખવાલજી,
શ્રી ગુરુ ઉત્તમ વિજય સોભાગી, પંડિત સુગુણ વિશાલજી,
પદ્મવિજય કહે સવિસુર મુજને, કરજો મંગલ માલાજી..... ॥૪॥

(૩) રાગ : વીર જિનેસર અતિ અલવેસર....

શ્રી સિદ્ધચક્ર જિનેસર સુંદર, સુરતરુ સમજસ મહિમાજી,
તસુ છાયાઈ જે નર રસીયા, વસીયા તે સમકિત ગરિમાજી,

ભવ અનાદિનો સહજ સંબંધી, કરમ ધરમ વિભમીયાજી,
શુભ કુસુમ ફૂલ સુર શિવપદથી, અંતર અરિ ઉપશમીયાજી..... ॥૧॥
પહેલે અરિહંત બીજે સિદ્ધપદ, ત્રીજે સૂરિપદ ગુણીયેજી,
પાઠકપદ ચોથે મુનિ પંચમ, છઠે દંસણ સુણીયેજી,
સાતમે નાણસ્સ આઠમે ચારિત્ર, તપપદ નવમે સોહિયેજી,
અતિતાદિ અરિહા ઈમ નવપદ, કહેતા જન મન મોહિયેજી.... ॥૨॥
શ્રી જિન આગમ સૂત્રથી વિચ્યે, ગોયમ ગણના સ્વામિજી,
તે ગણધર શ્રેણીક નૃપ આગે, મહિમા કહે હિતકામીજી,
શ્રી શ્રીપાલ નરપતિ સતી મયણા, વયણે ગુણણ કહાયાજી,
સિદ્ધચક્ર આરાધન કરતાં, સવિ દુઃખ દુર પલાયાજી.... ॥૩॥
રવિપ્રભા નિજ કાન્તે જીતી, શ્રી વિમલેસર દેવા જી,
વિઘન નિવારણ, વાંછિત પૂરણ, સુરમણિ સમજળ હેવાજી,
આતમ પ્રભુતા ઉલ્લસે અનંતી, જે તુમ ધ્યાવે ભાવે જી,
સૌભાગ્ય લક્ષ્મિ સૂરિ સુખ અનુભવ, લહે સિદ્ધચક પ્રભાવેજી.... ॥૪॥

(૪)

સકલ મંગલને શિવસુખકારી, સિદ્ધચક હિતધારીજી,
મોટો મહિમા મહિયલ માંહિ, વીર વદે સુવિચારીજી,
મગધ દેશ રાજગૃહી નગરી, કહે ગૌતમ ગણધારીજી,
શ્રી શ્રીપાળ નરીંદ મયણા પતિ, લહ્યો સુખ જયકારીજી.... ॥૧॥
પહેલે પદ અરિહંત જ જપીએ, બીજે સિદ્ધ ઉદારાજી,
ત્રીજે નમો આચારજ ધ્યાવો, ઉવજ્ઝાય ભેદ વિચારાજી,
પાંચમે સર્વ સાધુની સેવા, છઠે દંસણ સારાજી,
નાણ ચરણ તપપદ નવ ગણતા, શાશ્વત સુખ અપારાજી.... ॥૨॥

ત્રિકાલે પૂજા દેવવંદન, પડિક્કમણા દોય કીજેજી,
આસો ચૈત્રે આંબિલ વિધિશું, શ્રીપાલ ચરિત્ર સુણીયેજી
પંચ પ્રકાર વસ્ત્રાદિક ધ્યાને, સિદ્ધચક્ર પ્રકર્ષ ધરીયેજી
ઉજમણુ અતિ ઓચ્છવ કરતા, પુન્ય ભંડાર ભરીજેજી.... ॥૩॥
સિદ્ધપદ સોવન રુપાદિક, દ્રવ્ય ભલે ભરાવોજી,
પંચ પરમેષ્ઠિ પ્રતિષ્ઠા કરાવી, શ્રી જિનપૂજા રચાવોજી,
સાન્નિધ્યકારી શાસનદેવી, સિદ્ધપુર સંઘ સવાયાજી,

પંડિત દેવવિજય ગુરુ સેવક, કપૂરવિજય સુખદાયાજી... ॥૪॥

(૫)

શાસન નાયક શિવસુખ દાયક, અતિશયવંત ઉદારજી,
વીરજિન ભાખે પર્ષદા સાખે, પૂછે શ્રી ગણધારજી
નવદિન તપ વિધિ શિવસંપદ, નિધિ સિદ્ધચક્ર ગુણમાલજી,
આરાધે તપ સુખ વાધે, સાધે સુખ શ્રીકારજી..... ॥૧॥

સુરગિરિ શૃંગે ઉલટ અંગે, રંગે રે જિનલાલજી,
ઈન્દ્રે નવરાવ્યા ભાવના ભાવ્યા, આણી ભાવ રસાલજી,
તે જિન ધ્યાવો ભાવે ગાવો, પૂજો તેહ ત્રિકાલજી,
ઈમ આરાધો શિવસુખ સાધો, સિદ્ધચક્ર ગુણમાલજી.... ॥૨॥

આસો ચૈત્રે પવિત્રે, નવદિન એ તપ ભણીએજી,
પડિક્કમણું દેવવંદન કરીને, ભાવે ગણણુ ગણીએજી,
સાધુ સામી પુન્યે પામી, તાસ તણા ગુણ માનીએજી,
ઈત્યાદિક વિધિ જિહાં છે સિદ્ધાન્તે, સૂત્ર સિદ્ધાંત સુણીએજી... ॥૩॥

રુપે સોહે ત્રિભુવન મોહે, ભૂષણ ભૂષિત સારજી,
શાસનદેવી સુરનર સેવી, સોહે અતિ મનોહારજી,
સિદ્ધચક્ર આરાધક ભવીને, હોઈ સાન્નિધ્યકારીજી,
પંડિત જ્ઞાનવિજય ગુરુ સેવક, નયવિજય જયકારીજી.... ॥૪॥

(૬)

ભાવ ભક્તિશુ ભવિજન પૂજે, સંપત્તિ સુખદાતારજી,
સવિ સુખદાયક વંછિત પૂરણ, સુરતરુ સમ અવતારજી,
દાલિદ્ર દુઃખદોહગ ભવનાસઈ, પાતિક પંક પણાસઈજી,
સિદ્ધચક્ર આરાધો અહનિશિ, જિમ હોય લીલ વિલાસજી.... ॥૧॥

ચોવીસે જિનવર શિવપુહતા, સિદ્ધ થયા સુકુમાલજી,
કંચનવાની રજત સમ કોઈ, કેઈક વાની પ્રવાલજી,
નીલકમલ દલ સરીખા નિરખો, અંજન વાની વિશાલજી,
પંચવરણ જિનવરે તે વંદો, જિમ હોય મંગલમાલજી.... ॥૨॥

અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુતણો સમુદાયજી,
દંસણ નાણ ચરણ તપ નવપદ, ગણતા સવિ સુખ થાયજી,

સિદ્ધચક્ર તપ મહિમા દાખ્યો, આગમમાંહે જિનરાયજી,
આરાધઈ ભવિજન જે ભાવઈ, તે અજરામર થાઈજી... ॥૩॥
જિનશાસન સાન્નિધ્યકર સુરવર, ગોમુખ પ્રમુખ ઉદારાજી,
ચક્રેસરી પઉમાવઈ પમુહા, દેવી જય જયકારજી,
સંકટ ચૂરઈ વંછિત પૂરઈ, જિમ પુષ્કલ જલધારાજી,
સિદ્ધચક્ર સુણતા નિતુ હોવઈ, નય સમકિત સુખકારજી.... ॥૪॥

(૭)

નવપદ ધ્યાન ધરો ભવિ પ્રાણી, સિધ્ધચક્ર ગુણખાણીજી,
અષ્ટ કમલદલ હૃદય ધરીને, ધ્યાવો એકચિત પ્રાણીજી,
તન મન વચન કરી અતિનિર્મલ, ભાવ સહિત જે વંદે જી.
નિત પ્રતિ મંગલ માળા પાવો, જિનવર નમત આણંદે જી.... ॥૧॥
પુરવ દિશિ શ્રી સિધ્ધ ઠવીજે, દક્ષિણ સૂરિ મહંતજી,
પશ્ચિમ દિસે શ્રી પાઠક નમીઈ, ઉત્તર મુનિવર જાણોજી,
અગ્નિ ખૂણે વળી સમ્યગ દર્શન, નૈઋતિ નાણ વખાણોજી,
વાયવ્ય ખૂણે ચારિત્ર પદ વળી, તપ પદ ઈશાન જાણોજી.... ॥૨॥
સમવસરણ વીચે શ્રી તીર્થંકર, બારહ પરષદા આગેજી,
૨ૂર્ય મઈ વાણી પરકાશે, ગણધર હૃદયે જાગેજી,
સૂત્ર રચે આગમ પિસ્તાલીસ, જિહાં નવપદ અધિકારજી,
જે ભવિ એકચિત્તે આરાધે, પામે તે ભવપારજી.... ॥૩॥
શાસન નાયક દેવી ચક્રેસરી, વિઘન નિવારક ધ્યાવોજી,
શ્રી વિમલેસર દેવ આરાધો, મનવાંછિત ફલપાવોજી,
શ્રી તપગચ્છ વિજય જિનેન્દ્ર સૂરિ પ્રતપે દિનદિન જેહજી,
તાસ તણે સાન્નિધ્યથી પભણે, ભૂપવિજય ગુણગેહજી... ॥૪॥

(૮)

દેવમણિ સમ શ્રી સિદ્ધચક્ર, અવિચલ પદ દાતારજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, સાધુ મહા હિકારીજી,
જ્ઞાન દર્શન ચારિત્ર તપ વંદો, શાસય સુખ વરકંદોજી,
નવપદાલંકૃત શ્રી સિદ્ધચક્ર, યંત્ર પૂજી ચિરનંદોજી.... ॥૧॥

આસો સુદ સાતમથી નવ દિન, નવપદ પૂજા કીજેજી,
મૃગમદ કેસર ચંદન ઘોલી, માંહિ બરાસ ભેલીજેજી,
તીરથ ગંધોદકે નમણ કરીને, ધૂપ દીપ પ્રગટીજેજી,
અરિહંતાદિક જે નવપદનું, અનુક્રમે ધ્યાન ધરીજેજી... ॥૨॥
શ્રી સિદ્ધચક્ર મહિમાથી, હોવે શરીર નિરોગીજી,
નવનિધિ ઋદ્ધિ સદા ઘર પ્રગટે, પામે વાંછિત ભોગજી,
માલવપતિ તનુજા મયણાને, કોઢી મળ્યો ભરતારજી,
અવિહડ આંબિલ તપ આરાધી, પામી સુખ જયકારજી.... ॥૩॥
અસુરપતિ ગોમુખ તસ ધરણી, તેજે ઝાકઝમાલજી,
સમકિતધારી નામ ચક્કેસરી, શાસનની રખવાલજી,
શ્રી સિદ્ધચક્રની સેવા સારે, અહર્નિશ કરે પ્રતિપાલજી,
કૃષ્ણ વિજય જિનવરને ધ્યાને, દીપ સુજસ વિશાલજી.... ॥૪॥

(૯)

સિદ્ધચક્ર સાહિબ સેવીયે, મન ધરી અતિ ઉચ્છરંગ,
કેસર ભરી કચોલકી, પૂજી જિનવર અંગ,
વરકુશલ માલા કંઠ કવી, ભાવિ ભવિજન લોક,
નરીંદ શ્રી શ્રીપાલની પેરે, લઈ તે પૂર્ણ ભોગ... ॥૧॥
પ્રથમપદ અરિહંતનુ, સિદ્ધનુ બીજું ધ્યાન,
આચારજ ઉવજ્ઝાય ચોથે, સકલ સાહુ પ્રમાણ
દંસણ નાણ ચારિત્ર તપ એ, નવેપદની ખાણ
જિનરાજ સકલ ત્રિકાલ વિધિશું, પૂજીએ સુખઠાણ... ॥૨॥
આસો ચૈત્રી માસ ઉજ્જ્વળ, પળ ભલો મલધાર,
આંબિલ નવ દિન નવ ઓળી, કરીએ પાપ નિવાર
તેર સહસ ગણણું એ નવપદ, ગણો ગુણની ખાણ
સિદ્ધાન્ત સાખે તપ કરતાં, પામીયે બહુમાન.... ॥૩॥
રુમઝુમ રુમઝુમ કરતી ગજગતિ, ચાલ ચમકતી ચાલતી,
કેસરીસંકૃત ચક્કેસરી માંહે, વિઘન કોડી નિવારતી,
રોગ શોગ દુઃખ જાવે, ધ્યાન સિદ્ધચક્રના ધરે,
દેવકુશલ પંડિત ચરણે રણે, સેવે વિદ્યાકુશલ ક્ષમા વરે.... ॥૪॥

(૧૦)

શ્રી સિદ્ધચક્ર આરાધો ભાવે, હરખ સહિત ભવિ પ્રાણીજી,
આરજ ક્ષેત્ર નરભવ સામગ્રી, એ તો દુર્લભ જાણીજી,
શાસન નાયક વીર જિનેસર, શ્રેણીક આગળ ભાખે જી,
શ્રી શ્રીપાળ નરેસરની પરે, શિવસુખ ફલ તે ચાખે જી..... ॥૧॥

અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સર્વ ગુણવંતાજી,
દરસન નાણ થારિત્ર પાળો, તપ તપો પુણ્યવંતાજી,
એ નવપદ જપો વળી પૂજો, સિદ્ધચક્ર શુભભાવેજી,
સયલ જિનેસર ધ્યાન ધરંતા, આતમ લીલા પાવેજી..... ॥૨॥

આસો સુદી સાતમથી ઓળી, આંબિલ નવ સુખદાયજી,
પડિક્કમણ પડિલેહણ બે વળી, દેવવંદન ત્રણ કાલજી,
ત્રણ ટંક પૂજા યતનાઈ, ભૂમિ સંથારો ભાઈજી,
ધર્મધ્યાન મનમાંહિ રાખો, જિનવાણી હિતદાઈજી.... ॥૩॥

માતંગ યક્ષ સિદ્ધાઈ સુરી, જિનશાસન હિતકારીજી,
વિમલેસર નાકિ અધિષ્ઠાયક, શાંતિ કરે નિરધારજી,
લોકપાલ નવગ્રહ સુરાદિક, વિઘન હરે ચકચૂરજી,
ઋદ્ધિ કીર્તિ અમૃતપદ દાયક, શિવસુખ દે ભરપૂરજી.... ॥૪॥

(૧૧)

માસો ચૈત્રી આંબિલ ઓળી, નવ નવ નિરાધારજી,
પડિક્કમણા પડિલેહણ બે ટંક, ત્રિકાળ પૂજા સારજી,
દેરાસર દહેરા નવ જુહારો, દેવવંદન ત્રણ વારજી,
ત્રિકરણ શુદ્ધ તે ગણણું ગણીજે, તેર તથા દોય હજારજી... ॥૧॥

પ્રાસાદ પ્રતિમા પ્રતિષ્ઠા પૂજા, ઋષભાદિકની કીજેજી,
સંઘ તિલકને સાહમીવચ્છલ, દાન સુપાત્રે દીજેજી,
જ્ઞાનોપકરણ પોથી પ્રભાવના, રાત્રી જગા નવ નવ કીજેજી,
વિત્ત અનુમાને ઉજમણું કીજે, માનવભવ ફળ લીજેજી.... ॥૨॥

શ્રી ગૌતમ કહે નિસુણો શ્રેણીક, સકલ આગમ અનુસારજી,
અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુ સદા સુખકારજી,
દરસણ નાણ ચારિત્ર તપનો, મહિમા આગમ અપારજી,
આરાધન શ્રીપાળની પેરે, જિમ પામો ભવપારજી..... ॥૩॥

શ્રી સિદ્ધચક્રની સેવા કરતા, સાન્નિધ્ય કરે સંભારીજી,
શ્રી વિમલેસર સમકિતધારી, જિન શાસનની હિતકારીજી,
રોગશોક દુઃખ દોહગ ચૂરે, પૂરે સંપદા સારીજી,
શ્રી રુપવિજય મણિ માણેક, સંઘને નિત નિત જયકારીજી.... ॥૪॥

(૧૨)

શ્રી જિનશાસન ભવિક વિમાસન, કુમતિ કુશાસન વારેજી,
જે શુભ ભાવે ભવિયણ ધ્યાવે, નાવે કષ્ટ કેઈ વારેજી,
રાજગૃહી ગુરુ ગૌતમ આવ્યા, વીર તણે આદેશેજી,
શ્રેણીક આગળ નવપદ મહિમા, શ્રી મુખે ઉપદેશેજી.... ॥૧॥

શ્રી અરિહા પદ મધ્યે ઠવીયે, પૂરવદિશિ સિદ્ધ જાણોજી,
આચારજ ઉવજ્ઝાય મુનીસર, અનુક્રમ એહ વખાણોજી,
વિદિશે દરસણ નાણ ચરણ તપ, અષ્ટકમલ દલ યંત્રોજી
ૐ. હ્રીં બીજાકાર ધૂરી ગણીએ, ગુરુગમથી એ મંત્રોજી.... ॥૨॥

આસો ચૈત્રની સુદી સાતમથી, નવદિન આંબિલ કીજેજી,
આઠ થુઈ કહી દેવ વાંદીને, દેવ ત્રિકાલ પૂજીજેજી,
ઈક ઈક પદની નવકારવાળી, વીસ ગુણો શુભભાવોજી
આવશ્યક દુઈ ટંક કરીને, શ્રી સિદ્ધચક્ર ગુણગાવોજી.... ॥૩॥

નવદિન જિનવર ચૈત્ય પ્રવાડી, વાંધા જેમ શ્રીપાળોજી,
સાડીચારે વરસે ઓળી, નવ કરી તપ ઉજવાળેજી
મુનિ ભીમરાજ ચક્કેસરી દેવી, વિમલેસર સુખકારોજી,
શ્રી સંઘ સહ દિન દિન દીપે, પામીજે ભવવારોજી.... ॥૪॥

(૧૩)

શ્રી સિદ્ધચક્ર તણો વર મહિમા, શાસન માંહિ દીપેજી
જેહને ધ્યાને દુર્મતિ દોહગ સઘળા જીપે જી
વંછિત પૂરણ સુરતરુ સરીખો, નીરખો એક નિધાન જી
પાવન પુન્ય કહ્યુ એ પરગટ, નવપદ કેરુ ધ્યાનજી.... ॥૧॥

ઉજ્જ્વલ અરિહંત ધ્યાવો રાતા, સિદ્ધ તણો સમુદાયજી
કંચન કાંતિ આચારિજ પણમો, તિમ નીલા ઉવજ્ઝાયજી
કાલા મુનિવર નાણાદિક પદ, રત્નકાંતિ સમવાયજી
સિદ્ધચક્ર એ સકલ મળીને, જિનશાસન કહેવાયજી.... ॥૨॥

આગમ માંહી એહનો મહિમા, મોટો શ્રી જિનવર ભાખે જી,
ગણધર નરવર આગળ હિતધરી, નિસુણી ચિત્તમાં રાખેજી
જે નર એહનું ધ્યાને જ માની, તે જાણો સમકિત પાખેજી
એહ અનોપમ સરસ સુધારસ, ધન તે જે નર ચાખે જી.... ॥૩॥

વિમળદેવ જસ સાન્નિધ્યકારી, ચક્રેસરી જયકારીજી
તિમ દિશિ પાલક ગ્રહ સવિ, વિજયાદિક સુરવરની નારી જી
સિદ્ધચક્ર તપ કરતા ભવિને, વિઘન ઉપદ્રવ વારીજી
ધીરવિમલ કવિ શીષ કહઈ, જય શ્રી સંઘ હિતકારીજી.... ॥૪॥

(૧૪)

શ્રી સિદ્ધચક્ર આરાધો પ્રાણી, આણી આણંદ પૂરજી
વંછિતપૂરણ સુરતરુ સરીખો, વિઘન કરે સવિ દૂરજી
આસો માસ ચૈત્રી દિન નવ નવ, ઓળી આંબિલ કીજેજી
મયણા સુંદરી શ્રીપાલ તણાં પરે, સુરનર સુખશિવ લીજેજી... ॥૧॥

ઋષભાદિક જિન ચૈત્ય જુહારો, પૂજા વિવિધ પ્રકારજી
ઉભયટંક આવશ્યક પડિલેહણ, દેવ વંદો ત્રણવારજી
નિત્ય નિત્ય પદ એકેકુ ગણીઈ, નવકારવાળી વીસજી
ઈણપરે નવપદ ધ્યાન ધરંતા, લહયીયે સયલ જગીશજી.... ॥૨॥

અરિહંત સિદ્ધ આચારજ વાચક, સાધુ સદા ગુણવંતાજી
દંસણ નાણ ચરણ તપ જપતાં, પ્રગટે ગુણ અનંતાજી
એ નવપદ મહિમા જેવંતો, વીર જિનેસર ભાખેજી
ધ્યાતા ધ્યેય પદવી નઈ પામે, અક્ષય લીલા ચાખેજી... ॥૩॥

સિદ્ધચક્રનો સેવક કરઈ, શ્રી વિમલેસર યક્ષજી
રોગ શોગ દુઃખ દોહગ પીડા, શાંતિ કરે પ્રત્યક્ષજી
ભવિયણ પ્રાણી જે ગુણ ખાણી, તે નવપદ આરાધીજી
રત્નવિજય કહઈ ઉત્તમ પદવી, ભોગવી સુખિયા થાઈજી..... ॥૪॥

(૧૫) રાગ : શત્રુંજટા મંડન ઋષભ જીણંદ ધ્યાલ

મંત્રાધિપ મહિમા, નવપદ પરમ પવિત્ર,
સવિ દુરિત પણાસે, પરિધલ લચ્છી વિચિત્ર

ઈહભવ પરભવનો, એ ભવિ સાધન સાધો,
વૃદ્ધિ વિબુધ વદનથી, સિદ્ધચક્ર આરાધો.. ॥૧॥
પંચઐરવત પંચે, ભરહ પંચ વિદેહ,
જે સમકિત દિટ્ઠિ તે પદ સેવે એહ
તિમ અતીત અનાગત, વર્તમાન ચોવીશ,
એ ચૌદ પૂરવનો, સાર, શાસન સુજગીશ..... ॥૨॥
ચૈત્રીને આસો નવ નવ આંબિલ કીજે,
વિધિમંત્ર આરાધન, નવ ઓળી ગણી લીજે,
શ્રીપાલ તણી પરે, તેહ વરે શિવરાણી,
સિદ્ધારથ નંદન, મુખની એહવી વાણી... ॥૩॥
નવપદ અધિષ્ઠાતા, શ્રી વિમલેસર યક્ષ,
જિનશાસન સાનિધિકરણ, પુનિત પ્રત્યક્ષ
સિદ્ધચક્ર તણો તપ, પરમ તરુ ફલ ચાખે,
કવિ રુપ વિબુધનો, મોહન વિજય ઈમ ભાખે... ॥૪॥

(૧૬)

સમરુ સુખદાયક, મન શુદ્ધ વીર જિણંદ,
જિણે નવપદ મહિમા, ભાખી જ્ઞાની દિણંદ
આસો ચૈત્ર ઉજ્જ્વલ, સાતમથી નવ દિન,
નવ આંબિલ કરીએ, મન ધરી અધિક જગીશ... ॥૧॥
અરિહંત વલી સિદ્ધ, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ તીમ વલી, નાણ ચરણ તવ થાય
પ્રતિપદનો ગુણણો, ગુણીયે દોય હજાર,
સહુ જિનની પૂજા, કીજે અષ્ટ પ્રકાર.... ॥૨॥
બાર અડ છત્રીસ, પણવીશ સગવીશ સાર,
સડસઠ ઈક્કાવન, સત્તરી પચાસ પ્રકાર
ઈમ સંખ્યા કાઉસ્સગ્ગ, પ્રદક્ષિણા પરિણામ,
આગમ ભાષિત વિધિ, ઈમ કીજે અભિરામ ॥૩॥
ચક્કેસરી દેવી, વિમલેસર યક્ષ,
શ્રીપાલતણી પરી, પામે વાંછિત સુખ ખાણી
ઈણવિધ આરાધો, સિદ્ધચક્ર ભવિપ્રાણી,
જિમ હર્ષ વધે નિત, શ્રી જિનચંદ્રની વાણી... ॥૪॥

(૧૭)

શ્રી વીર જિનેસર, અલવેસર અરિહંત,
તપ સિદ્ધચક્ર કેરો, ભાખે શ્રી ભગવંત
આસોને ચૈત્રે, નવ નવ દિન વિકસંત,
એકયાશી આંબિલ, તેહનો કીજે તંત.... ॥૧॥

પહેલે પદ અરિહંત, બીજે સિદ્ધ ભગવંત,
ત્રીજે આચારજ ચોથે ઉવજ્ઝાય મહંત
પાંચમે સર્વ સાધુ, છઠે દરિસણ નાણ,
સાતમે ચારિત્ર તપ, આઠમે નવમે જાણ... ॥૨॥

શ્રી જિનવર ભાખે, સિદ્ધચક્ર ગુણમાલ,
નિત્ય જિનવર કેરી, પૂજા કરો ત્રિણ કાલ
ઉજમણું કીજે, ભાવે થઈ ઉજમાલ,
તે શિવસુખ પામે, જિમ મયણાને શ્રીપાલ.... ॥૩॥

શ્રી સિદ્ધચક્ર કેરો, શ્રી વિમલેસર દેવ,
જેહ તપ કરશે, તેની કરશે સેવ
પંડિત વર સુંદર, કીર્તિ વિજય બુધરાય,
તસ સેવક ભાવે, જિન વિજય ગુણગાય.... ॥૪॥

(૧૮)

શ્રી સિદ્ધચક્ર જિનેસર સુંદર, સુરતરુ સમંજસ મહિમાજી
તસુ છાયાઈ જે નર રસીયા, તે વસીયા સમકિત ગરિમાજી
ભવ અનાદિનો સહજ સંબંધી, કરમ ધરમ વિભમીયાજી
શુભ કુસુમફળ સુર શિવપદની, અંતર અરિ ઉપશમીયાજી..... ॥૧॥

પહેલે અરિહંત બીજે સિદ્ધપદ, ત્રીજે સૂરિપદ ગુણીયેજી
પાઠક પદ ચોથે મુનિ પંચમ, છઠે દંસણ સુણીયેજી
સાતમે નાણસ્સ આઠમે ચારિત્ર, તપપદ નવમે સોહિયેજી
અતિતાદિ અરિહા ઈમ નવપદ, કહેતા જન મન મોહિયેજી... ॥૨॥

શ્રી જિન આગમ સૂત્રથી વિચ્ચે, ગોયમ ગણમાં સ્વામીજી
તે ગણધર નૃપ આગે મહિમા, કહે હિતકામીજી
શ્રી શ્રીપાલ નરપતિ સતિ મયણા, વયણે ગુણણ કહાયાજી
સિદ્ધચક્ર આરાધન કરતાં, સવિ દુઃખ દૂર પલાયજી.... ॥૩॥

રવિપ્રભા નિજ કાન્તિ જીની, શ્રી વિમલેસર દેવાજી
વિઘ્ન નિવારણ વાંછિત પૂરણ, સુરમણિ સમ જલ હેવાજી
આતમ પ્રભુતા ઉલ્લસે અનંતી, જે તુમ ધ્યાવે ભાવેજી
સૌભાગ્ય લક્ષ્મિસૂરી સુખ અનુભવ, લહે સિદ્ધચક્ર પ્રભાવેજી..... ॥૪॥

(૧૯) રાગ : પુંડરીક મંડન પાય પ્રણમીજે.....

યથાખ્યાત ચારિત્ર વરીને, કર્મકંદ નિકંદીજી
કેવલજ્ઞાન વરદર્શન પામી, બન્યા પરમાનંદાજી
એક સિદ્ધ ત્યાં સિદ્ધ અનંતા, વસતા ચિદાનંદજી
એહવા સિદ્ધને નિત્ય નિત્ય વંદો, આગમ વશેજી.... ॥૧॥

ચોવીશ જિનવર ગુણ ગણ ગાતાં, રાતા હૈયા છાજેજી
ચોવીશ જિનને ભજતા નિશદિન, સિંહ પરે જીવ ગાજેજી
બલિહારી એ નરભવ કેરી, જે વસ્તુ જિનરાજેજી
પાપ સકલ નિવારી ચેતન, મંડ્યા આતમ કાજેજી... ॥૨॥

સમ નય વળી સ્યાદવાદથી, પણયાલીશ છે ભરીયાજી
આગમ સુંદર વીતરાગના, દયા લહેરનાં દરિયાજી
જીવે અનાદિ કર્મ કલંકો, મેલ ચીકણા હરીયાજી
ભવ્ય જીવ નિજ ભાવ વધારી, તે આગમ અનસરીયાજી... ॥૩॥

દેવી જિનશાસનને સેવી, હર્ષ હદયમાં ધરતીજી
જિનશાસન ઉપાસકના તે, વિઘ્ન સયલ પરિહરતીજી
નાચ. કરે પ્રભુ આગળ નિશદીન, ફેર ફેર ફૂંદડી કરતીજી
સિદ્ધપદનાં ભક્તિ ભાવે, શાસન લબ્ધિ ભરતીજી... ॥૪॥

(૨૦)

શુદ્ધાનંદ નિજ વંદીએ, પરમદેવ પવિત્તતો
મોક્ષકારણ એહ છે એ, ઉપાદાન રુડી રીતતો
નિમિત્તકારણ દેવગુરુ કહ્યાએ, જિન વચને દ્રઢ ચિત્તનો
શક્તિ ભાવ પ્રણમી કરીએ, વ્યક્ત સ્નાતક સિદ્ધતો... ॥૧॥

વસ્તુ સ્વભાવ સિદ્ધ સાધનાએ, રમણ થિર ગુણ પર્યાયતો
નિર્વિકલ્પ રસ પીજીયેએ, જ્ઞાન અભેદતા પાયતો
ભાવ સંવર શુદ્ધ નિર્જરાએ, કર્મ અનંત ક્ષય થાયતો
નિર્મળ નિરંજન બુધ થઈએ, સર્વ સંત સિદ્ધરાયતો..... ॥૨॥

કેવલનાણ દર્શ લહીએ, ધર્મ ધન દાતારતો
હિત ઉપદેશ ભવિજીવને એ, કરતા વારંવારતો
બોધિબીજ વિરતિ ગ્રહે એ, નરનારીના વૃંદતો
ગણધર સૂત્ર દ્વાદશ રચે એ, જ્ઞાન ભાણ પવિત્રતો... ॥૩॥
સર્વ દેવનો દેવ છે એ, નિજાતમ શુદ્ધ સિદ્ધ તો
સૂત્ર ગ્રન્થની શાખથી એ, ગુરુ વચને પ્રતિતતો
જ્ઞાન શીતળ જુવે તેહને એ, અગમ અનોપમ રુપતો
સેવે પૂજે સમકિતીએ, દેવ દેવાંગના ભૂપતો... ॥૪॥

(૨૧)

સિદ્ધ બુદ્ધને વાંદુ, નિજ સ્વરુપ નિહાળી,
ઉપયોગે ભાવું, બોધિબીજ તિંહા ભાળી
શુદ્ધ શ્રદ્ધા સાચી, ચિદ્‌ઘન ભોગ સંજોગ,
ઉપાધિ હણતા, પરમાતમ નિરોગ.... ॥૧॥
રોગ શોક દુઃખ કાપે, મહામોહ મઙ્ક ભાગે,
જ્ઞાન સુભટ બળીયો, ધ્યાન તિંહા જાગે
કર્મ કાષ્ઠને બાળે, તિંહા શીતલતા વાધે,
પરમાનંદ ભોગી, સર્વ સિદ્ધતા સાદે... ॥૨॥
અરુપી અવિનાશી અવ્યાબાધ અનંત,
નિર્મળ નિરંજન, અખંડિત મહંત
અચલ અનુપમ, નિરાકાર શિવસંત,
ઈત્યાદિ અનંત, અનુભવ જ્ઞાન લહંત... ॥૩॥
યોગ રોધ અયોગી, શૈલેશીકરણ અકંપ,
આયુ અંતે છેહકે, દેવ દેવીના સંપ
ઓચ્છવને કારણં, નિર્વાણ મંગલ ગાવે,
જ્ઞાન શીતલ હર્ષે, જ્યોતમાં જ્યોત સમાવે ॥૪॥

(૨૨) રાગ : આદિ જિનવર રાયા....

ભવિજન સુખદાયા, મોહ માયા હરાયા,
કનકવરણ કાયા, ત્યાગ હીની છે માયા
મુનિવર ઈશ કહાયા, નિત્ય વંદુ હું પાયા,
જિનગુણ સુહાયા, મુનિ ગણમાં સવાયા... ॥૧॥

ચોવીશ જિનકેરા, પાય નમીયે સવેરા,
કરે ગુણ ગણ ડેરા, પાપ હરતા જે ઘેરા
છત્રીસ ગુણ મેરા, ચૂરતા ભવ ફેરા,
ગુણ ગણ જસ અનેરા, આપતા મુક્તિ શેરા. ॥૨॥
આગમ ગુણ દરિયા, છત્રીસ છત્રીસી ભરીયા,
ચરણ કરણ વરીયા, મોહમાયાથી સરીયા
ભવ જલધિ તરીયા, કર્મથી નૈવ ફરીયા,
કુમત મતિ હરીયા, ભવ્ય જીવો ઉદ્ધરીયા.... ॥૩॥
વિમલેસર દેવા, તાસ કરતાં નિત સેવા,
ગુણ ગણ ભરેલા, ભવ્ય વિઘ્નો હરેવા
ચક્રેસરી માતા, આપતી સર્વ સાતા,
સૂરિ લબ્ધિ, સેવા શિવપુર જાતયા.. ॥૪॥

(૨૩) રાગ : જિન શાસન વંછિત, પૂરણ દેવ રસાલ....

ભવ ચક્ર વિહંડણ, સિદ્ધચક્ર સુખકાર,
જો સેવા ધારે, ભવજલ કેરો પાર
દુઃખ દોહગ વારે, ટાળે તસ ગતિ ચાર,
શિવ સંપદ આપે, સવિ ગુણનો આધાર.. ॥૧॥

અરિહંત સિદ્ધ સૂરિ, પાઠક મુનિવર ધાર,
દર્શન સુખદાથી, જ્ઞાન ચરણ તપ સાર
એ નવપદ ધ્યાને, કોટિ ભવ દુઃખ વાર,
અધ્યાતમ ભરીએ, નિજ આતમ ભંડાર. ॥૨॥

આસોથી પ્રારંભ, કરવા શાસ્ત્રની આણ,
એકાશી આંબિલ, શુભ જીવનની લાણ
ચઉ વર્ષ છ મહિના, જેહનું કામ પ્રમાણ,
પડિક્કમણા આદિ, કરો વિધિ સુખઠાણ.... ॥૩॥

ચક્રેસરી દેવી, વિમલેસર સુખકાર
શાસન સેવામાં દત્ત ચિત્ત નિરધાર
ભવ વિઘ્ન નિવારે, કરતાં શાસન સાર,
સિદ્ધચક્રના સેવક, લબ્ધિ જાસ ઉદાર.. ॥૪॥

(૨૪)

વીર જિનેશ્વર ભવન દિનેશ્વર, જગદીશ્વર જયકારીજી
શ્રેણીક નરપતિ આગે જંપે, સિદ્ધચક્ર તપભારીજી
સમકિત દ્રષ્ટી ત્રિકરણ શુદ્ધે, જે ભવિયણ આરાધેજી
શ્રી શ્રીપાલ નરિંદ પરે તસ, મંગળ કમલા વાધેજી... ॥૧॥

અરિહંત વચ્ચે સિદ્ધ સૂરિ પાઠક, સાહુ ચિંહુ દિશિ સોહેજી
દંસણ નાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મનમોહેજી
આઠ પાંખડી હૃદયાંબુજ રોપી, લોપી રાગને રીસજી
ૐ હ્રીં પદ એક એકની ગણીએ, નવકારવાળી વીસજી.... ॥૨॥

આસો ચૈત્ર શુદી સાતમથી, માંડી શુભ મંડાણજી
નવનિધિ દાયક નવ નવ આંબિલ, એમ એકાશી પ્રમાણજી
દેવવંદન, પડિક્કમણું પૂજા, સ્નાત્ર મહોત્સવ ચંગજી
એહ વિધિ સઘળો જ્યાં ઉપદેશ્યો, પ્રણમું અંગ ઉપાંગજી.... ॥૩॥

તપ પૂરે ઉજમણું કીજે, બીજે નરભવ લાહોજી
જિનગૃહ પડિમા સ્વામિ વત્સલ, સાધુ ભક્તિ ઉત્સાહોજી
વિમલેશ્વર ચક્રેસરી દેવી, સાન્નિધ્યકારી રાજેજી જી
શ્રી ગુરુ ક્ષમાવિજય સુપસાયે, મુનિ જીન મહિમા છાજે જી.... ॥૪॥

(૨૫)

જીનશાસન વંછિત, પૂરણ દેવ રસાળ
ભાવે ભવિ ભણીયે, સિદ્ધચક્ર ગુણમાળ
તિહું કાળે એહની, પૂજા કરે ઉજમાળ
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાળ... ॥૧॥

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય
એ નવપદ સમુદિત્ત, સિદ્ધચક્ર સુખદાય
એ ધ્યાને ભવિના, ભવ કોટિ દુઃખ જાય... ॥૨॥

આસો ચૈતરમાં, સુદી સાતમથી સાર
પૂનમ લગી કીજે, નવ આંબિલ નિરધાર
દોય સહસ ગણેવું, પદ સમ સાડાચાર
એકાશી આંબિલ, તપ આગમ અનુસાર... ॥૩॥

શ્રી સિદ્ધચક્ર સેવક, શ્રી વિમલેસર દેવ,
શ્રીપાળ તણી પરે, સુખ પૂરે સ્વયમેવ
દુઃખ દોહગ નાવે, જેહ કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરુનો, રામ કહે નિત્યમેવ. ॥૪॥

(૨૬)

પ્રહ ઉઠી વંદુ, સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાળ,
તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ. ॥૧॥
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કોઢી મળીયો કંત
ગુરુ વયણે તેણે, આરાધ્યુ તપ એહ,
સુખ સંપદ વરીયા, તરીયા ભવજલ તેહ... ॥૨॥
આંબિલને ઉપવાસ, છઠ વળી અક્રમ,
દશ અઠ્ઠાઈ પંદર, માસ છ માસ વિશેષ
ઈત્યાદિક તપ બહુ, સહુમાંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર... ॥૩॥
તસ સાન્નિધ્ય કરશે, શ્રી વિમલેસર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચૂરે થઈ પ્રત્યક્ષ
પુંડરિક ગણધાર, કનકવિજય બુધ શિષ્ય,
બુધ દર્શન વિજય કહે, પહોંચે સકલ જગીશ..

(૨૭)

વીર જીનેશ્વર, અતિ અલવેસર, ગૌતમ ગુણનાં દરિયાજી
એક દિન આણા વીરની લઈને, રાજગ્રહી સંચરીયાજી
શ્રેણીક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિપ્રાણીજી..... ॥૧॥
માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજઝાયા, સાધુ દેખી ગુણવાધોજી
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરી જે જી
ધુર આસોથી કરવા આયંબીલ, સુખ સંપદા પામીજેજી.... ॥૨॥

શ્રેણીકરાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કોણે કીધોજી
નવ આયંબીલ તપ વિધિશું કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી
મધુરી ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણીક રાય વયણાજી
રોગ ગયોને સંપદા પામ્યા, શ્રી શ્રીપાલને મયણાજી.... ॥૩॥

રુમઝુમ કરતી પાયેને-ઉર, દીસે દેવી રુપાલીજી
નામ ચક્રેસરીને સિદ્ધાઈ, આદિવીર રખવાલીજી
વિઘ્નકોડ હરે સૌ સંઘના, જે સેવે એના પાયજી
ભાણવિજય કવિ સેવક નય કહે, સાન્નિધ્ય કરજો માયજી... ॥૪॥

(૨૮)

ત્રિગડે બેઠા ત્રિભુવન નાયક, વીર વદે એમ વાણીજી
શ્રી શ્રીપાલ તણી પરે સેવો, સિદ્ધચક્ર ગુણખાણીજી
અરિહંત આદિ સિદ્ધ આચારજ, ઉવજ્ઝાય ઉલટ આણીજી
સાહુ દંસણ નાણ ચારિત્ર તપ, ઈતિ નવપદ જાણીજેજી.... ॥૧॥

આસો ચૈતર સુદિ સાતમથી, નવ આંબિલ પચખીજેજી
પડેક્કમણ દોય ત્રિકાળ પૂજા, દેવવંદન ત્રણ કીજેજી
પદ એકેક પ્રતિદિન મન શુદ્ધે, તેર હજાર ગુણીજેજી
ચોવીશ જિનની સેવા કરીને, નરભવ લાહો લીજેજી... ॥૨॥

નવદિનની નવ ઓળી કરતાં, આયંબિલ એક્યાસી થાયજી
સાડાચાર વરસે ઉજમણું કીજે, સેવીને સવી સુખદાઈજી
શ્રી સિદ્ધચક્રનાં ન્હવણ જળથી, કુષ્ઠ અઢાર પલાયજી
સકલ શાસ્ત્ર શિર મુગુટ નગીનો, આગમ સુણો ચિત્તલાયજી.... ॥૩॥

માતંગ યક્ષ પ્રભુ પદ સેવે, ઉલટ આણી અંગજી
સિદ્ધચક્રની ઓળી કરતાં, વિઘન હરે મન રંગજી
હંસવિજય ગુરુ પંડિત પુંગવ, ચરણ સરોરુહં ભૃંગજી
ધીરવિજય બુધ મંગલ માળ, સુખ સંપદ લહે ચંગજી.... ॥૪॥

(૨૯)

જ્ઞાત્વા પ્રશ્નં તદર્થં ગણધર મનસં પ્રાગ્વદેદ્વીરદેવઃ
અર્હત્સિદ્ધાર્ય સાધુ પ્રભૃતિ નવપદાન્ સિદ્ધચક્રસ્વરુપાન્
યે ભવ્યાઃ શ્રિત્યધિષ્ણં પ્રતિદિનમધિકં સંજપન્તે સ્વભક્ત્યા
તે સ્યુઃ શ્રીપાલ વચ્ચક્ષિતિવર પતયઃ સિદ્ધચક્ર પ્રસાદાત્... ॥૧॥

દુસ્તીર્ણ નિસ્તરિતું ભવ જલનિધિકં પાણિયુગ્મે ગૃહીત્વા
યાનેકાન્ કોટિકુંભાન્ કનકમણિમયાન્ ષષ્ઠિ લક્ષાભિયુક્તા
ગંગાસિન્ધુહ્રદાનાં જલનિધિતટતસ્તીર્થ તોયેન ભૃત્વા
તત્સર્વાધીશ્વરાણાં સુરપતિ-નિકરા જન્મકૃત્યં પ્રચક્રુઃ... ॥૨॥
કુર્યુ ર્દેવાસ્ત્રિવપ્રં રજત મણિમયં, સ્વર્ણકાન્ત્યાભિરામે
સ્થિત્વા સ્થાને સુવાકયં, જિનવરપતયઃ પ્રાવદન્તિ યા નિત્યમ
તાં વાચાંકર્ણ કુપૈઃ, સુનિપુણ મતયઃ શ્રદ્ધયા યે પિબન્તિ
તે ભવ્યાઃ શૈવમાર્ગાગમવિધિ કુશલા મોક્ષમાશુ પ્રયાન્તિ... ॥૩॥
દેવી ચક્રેશ્વરી સ્ત્રગ દધતિ ચ હ્રદયે પત્તને દેવકાખ્યે
કામે મોહાભિકીર્ણે વિમલપદયુજૈઃ સિદ્ધચક્રસ્ય બીજે
શ્રીમદ હર્ષાદિ યુક્તૈર્વિજયપ્રભવરૈર્વર્યરુપૈર્મુનીન્દ્રૈઃ
સ્તુત્યા નિત્યં સુલક્ષ્મી વિજયપદધૃતૈઃ પ્રેમપૂર્ણૈઃ પ્રસન્ના.... ॥૪॥

(૩૦)

જં ભત્તિજુત્તા જિણસિદ્ધસૂરિ, ઉવજ્ઝાય સાહૂણ કમે નમંતિ
સુદંસણન્નાણ તવોચરિત્તં, પુચ્અંતુ પાવેહ સુહં અણંતં..... ॥૧॥
નામાઈ ભેએણ જિણિંદ ચંદા, નિચ્ચં નયા જેસિં સુરિદવિંદા
તે સિદ્ધચક્કસ્સ તવે રયાણં, કુણંતુ ભવ્વાણ પસત્થનાણં... ॥૨॥
જો અત્થઓ વીર જિણેણ પુવ્વિં, પચ્છા ગણિ દેહિ સુભાસિઓસ
એઅસ્સ આરાહણ તપ્પરાણં, સો આગમો સિદ્ધિ સુહં કુણેઉ.. ॥૩॥
સવ્વત્થ સવ્વે વિમલપ્પહાઈ, દેવા તહા સાસણ દેવયાઓ
જે સિદ્ધચક્કંમિ સયા વિભત્તા, પૂરિંતુ ભવ્વાણ મણોરહં તે... ॥૪॥

(૩૧)

શ્રી આદિશ્વર જિનવર વંદિએ, ભવ સંચિત પાપ નિકંદીએ
દુઃખ દોહગ દૂર વિહંડીએ, એહ પૂજ્ય નિત્ય આણંદીએ.... ॥૧॥
અડદલ કમલતે શ્રી જિન થાપીએ, ચઉ દિશિ સિદ્ધાદિ સ્થાપીએ,
ગણી ગણણું દુરિત કાપીએ, આતમને ઈમ સુખ આપીએ.... ॥૨॥
સિદ્ધ સદા આરાધીએ, જેહથી શાશ્વંત સુખ સાધીએ
જિનવયણ થકી ગુણ લાધીએ, નિજસહસ ઋદ્ધિએ... ॥૩॥
સિદ્ધચક્ર તણી જે ધારિકા, ચક્રેશ્વરી સુખકારિકા
નેમવિજય રખાલીકા, સહિ સેવે મંગલ માલિકા... ॥૪॥

(૩૨) રાગ : મનોહર મૂર્તિ મહાવીર તણી

ભવિ સિદ્ધચક્ર પૂજા કરો, નવ આંબિલ ઓળી આદરો;
વિધિશું વ્રત ચોથું ચિત્ત ધરો, જિનપૂજા ત્રણ ટંક અનુસરો... ॥૧॥
જિન સિદ્ધસૂરિ પાઠક ભલા, મુનિ દર્શન નાણ ચરણ કલા;
તપ એ નવપદ અતિ ગુણ નીલા, આરાધક પુરુષની જય બલા... ॥૨॥
ગૌતમ શ્રેણીક નૃપને કહે, આરાધે નવપદ તેહ લહે
શિવમારગ નવિ તે દુઃખ સહે, આગમમાંહિ પ્રભુ ઈમ કહે... ॥૩॥
શ્રીપાલ તણા જિમ દુઃખ હરે, વિમલેશ્વર સુર સાન્નિધ્ય કરે;
ગુરુ ઉત્તમવિજય જે અનુસરે, કહે પદ્મવિજય સુખ તે વરે.... ॥૪॥

(૩૩)

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, તુમે નવિ કરો અંગ ઉપાધિએ;
તવ કર્મ નવાં નવિ બાંધીએ, અનુક્રમે ઈમ શિવસુખ સાધીએ.... ॥૧॥
મારગ દેશક અવિનાશી વલી, અનુયોગ કથક પાઠક મલી
શિવસાધક દર્શન નાણ કલી, વ્રત તપ નવ સાધો મનરુલી.... ॥૨॥
વિધિશું આરાધન કીજીએ, ઉજમણામાં હરખીજીએ;
ઈમ આગમમાંહી વંદીજીએ, ઈમ શિવસુખ ભવિકા લીજીએ.... ॥૩॥
સિદ્ધચક્ર તણી સેવા કરતો, ઉત્તમ ગુરુનાં પદકજ નમતો;
તીમ પદ્મવિજયના દુઃખ હરતો, વિમળેશ્વર નીત ચિત્ત ધરતો.... ॥૪॥

(૩૪)

સિદ્ધચક્ર વર પૂજા કીજે, અહનિશિ તેહનું ધ્યાન ધરીજે,
ધ્યાન સાર સહુ ક્રિયામાંહી, તીણે આરાધો ભવિ ઉચ્છાંહિ... ॥૧॥
અરિહંત સિદ્ધ સૂરિ પ્રણમીએ, પાઠક મુનિ દર્શન પદ નમીએ,
જ્ઞાન ચારિત્ર કરો તપ ભવિયાં, જિમ લહો શાશ્વત સુખ ગહગહિયાં.... ॥૨॥
આરાધી પામ્યા ભવપાર, મયણાને શ્રીપાલ ઉદાર,
સુણીયે તાસ ચરિત્ર રસાલ, જિમ લહો સુખ મંગલમાલ.... ॥૩॥
વિમલેસર સુર સાનિધ્યકારી, મનવાંછિત પૂરે નિરધારી,
પદ્મવિજય કહે તપ શ્રીકાર, કરતાં લહીએ જયજયકાર.... ॥૪॥

(૩૫) રાગ : મનોહર મૂર્તિ મહાવીર તણી

અરિહંત સિદ્ધ જપીઈ આયરિય, ઉવજ્ઝાય સાહુ ઉત્તમ ચરિય
દંસણહ નાણ સુચરણ ત્રાઈ, સિરિ સિદ્ધચક્ક એ નવપયાઈ... ॥૧॥
ત્રિહુ ચઉવીશી બ્હુત્તરી જિનેશ, શાસય જિન ચારઈ હરઈ કિલેશ:
જયવંતા વીસ વીહરમાન, સિદ્ધચક્ક તિહાં કરઉ કલ્યાણ.... ॥૨॥
દશમુ પૂરવ વિજ્જાય પરવાય, તિહાં બોલઉ તણઉ ઉપાય,
તે સહિતુ અવર જે સિદ્ધન્ત, તે ધ્યાયં હૈડિઈ જિનમંત.... ॥૩॥
ચક્કેસરી દેવી વિમલદેવ સિરિ રિસહ જિનેસર કરયઈ સેવ:
ભણી નન્નસૂરિ સિરિ સિરિપાલ, જિમ સિદ્ધચક્ક તીંહાં કરઈ ખેમ..... ॥૪॥

(૩૬) રાગ : રઘુપતિ રાઘવ રાજા રામ

આસો ચઈતર થકી ઓળી કરો, સુદ સાતમથી હઈડે ધરો;
સિદ્ધચક્કની પૂજા કરો, ભવસાયર લીલાએ તરો... ॥૧॥
સિદ્ધચક્કજીનો તપ છે સાર, અનંત ચોવિશી એ નિરધાર
નવપદ ધ્યાન ધરો નરનાર, જેમ પામો સુખ સંપત્તિ સાર... ॥૨॥
શ્રીપાળ કુમારજીનો ટાળ્યો રોગ, નમણ થકી પામ્યા સંજોગ;
એ તપનો છે મહિમા ઘણો, પૂજે વંદો ભવિજન ભણો.... ॥૩॥
શ્રી વિમલેસર જેનો જક્ષ, પ્રત્યેક પ્રણમે તે પ્રત્યક્ષ,
આપો અવિચલ હેજે દાન, દેવી ચક્કેસરી જય જયકાર... ॥૪॥

(૩૭) રાગ : રઘુપતિ રાઘવ રાજા રામ

શ્રી સિદ્ધચક્કનો તપ છે સાર, અનંત ચોવિશી એ નિરધાર
એ તપનો તો મહિમા ઘણો, પૂજો ને વંદો ભવિયણ જનો.... ॥૧॥
આસો ચૈત્રની ઓળી કરો, સુદી સાતમથી હિયડે ધરો
નવપદની તો પૂજા કરો, જિમ ભવસાયર લીલાએ તરો.... ॥૨॥
શ્રીપાળ કુંવરનાં ટાળ્યા રોગ, પામી નમણ તણો સંયોગ
શ્રી સિદ્ધચક્કનો મહિમા ઘણો, પૂજોને વંદો ભવિયણ જનો.... ॥૩॥
શ્રી વિમલેસર મોટો યક્ષ, પ્રગટ પ્રમાણે તે પ્રત્યક્ષ
આપે તે અવિચલ ઋદ્ધિ અપાર, દેવી ચક્કેસરી જય જયકાર... ॥૪॥

(૩૮)

સિદ્ધચક્ર સદા આરાહિઈ, જિમ સુખ સઘલા અવગાહિઈ,
મોટો મહિમા છે જેહનો, ભવભવ હું છું એહનો... ॥૧॥
ત્રિહું કાળે જેહ છે જિનવરા, નિખેવે ચારે સુખકરા
સિદ્ધચક્ર સદા અરિહંતનો, જે શરણ અછે જગજંતુનો... ॥૨॥
સ્યાદવાદ સદા સોહામણો, નવપદ મહિમા છે અતિઘણો,
તેહ ભાવે ભક્તિ કરી સુણો, એક ચિત્તે નવપદને ગણો... ॥૩॥
વિમલ જક્ષ સુર સાનિધિ કરે, ચક્રેસરી સવિ સંકટ હરે,
શિવસુંદરીને સહેજે વરે, જ્ઞાનવિમલ મહોદય વિસ્તરે... ॥૪॥

(૩૯) રાગ : શંખેશ્વર પાસજી પૂજીએ

અરિહંત નમો ગુણ સાયરું, જિન મોહ તિમિર દિવાયરુ:
અહર્નિશ તસ સેવા આદરું, જિમ જલ્દી ભવસાયર તરું..... ॥૧॥
ચોવીશે જિનવર ધ્યાઈએ, તો પરમાનંદ ઝટ પાઈએ;
મનવાંછિત સુખ લેવા સહી, જિન ધ્યાન કદી છોડો નહિ... ॥૨॥
કર્મોનો કંદ નિવારવા, જિમ આગમ હૃદયે ધારવા,
શિક્ષણ વીર વાણી તણું, સુખ મેળવવા શિવપુર તણું.... ॥૩॥
ભીડભંજન શાસન દેવ ખરાં, નિત્ય સેવે ભાવે જિનવરા,
કહે લબ્ધિ વિઘ્ન સવિ વારજો, શાસન પરિતાપ નિવારજો.... ॥૪॥

(૪૦)

વિરાગ અરિહંત પુજીએ, વરનાણ દર્શન લીજીએ;
સબ કર્મકલંક પરિહરીએ, અકલંક સિદ્ધ વધુ વરીએ....
શ્રુતજ્ઞાની અનુભવી આત્મા, નિજપર ભિન્ન મહાત્મા;
ક્ષપકશ્રેણી આરોહતા, સવિ જિન થયા સિદ્ધાત્મા.... ॥૨॥
ષટદ્રવ્ય વસ્તુને ઓળખી, ગુણ પર્યાયે લક્ષણ લખી,
પર પાંચ અજીવ અકારણી, આત્મજ્ઞાની ધર્મ ધારણી.... ॥૩॥
હે દેવ ! પરમાતમ કીજીએ, શિવ સુરનર ઇંદ્ર મન રીઝીએ,
તિહાં જ્ઞાન શીતલ જસ લીજીએ, પરમાનંદ મય રસ પીજીએ.... ॥૪॥

(41) अनुष्टुप

अराइव विराजन्ते, नवयत्र पदान्यलम् ।
कर्म वैरिभिदेचक्रं, सिद्धचक्रं नमाम्यहम् ॥1॥

सिद्धचक्र समाराध्य, प्राप्ता में पदमव्ययम् ।
अदभूतां पदवीं प्राप्य ते जिनाः सन्तु वः श्रिये ॥2॥
माहात्म्य सिद्धचक्रस्य, पवित्रं यत्र वर्णितम् ।
चिरं नन्दतु मेदिन्या-मागमः सः सुस्वागमः ॥3॥
श्रीमद् सिध्धचक्र मन्त्राऽधिष्ठाता सुरपुंगवः ।
शान्तिं करोतु तुष्टिं च सिद्धचक्रैक चैतसाम् ॥4॥

(42) आर्या गीती

जिणसिद्धसूरिउवज्झाय साहू सम्मत्तनाणचरणतवं ।
ईय नवपएहं सिद्धं, नमामि सिरिसिद्धचक्कमहं ॥1॥
जे सिद्धचक्कामाराहिऊण, संपन्नकेवलालोआ ।
संपत्ता परमपयं, तित्थचरा ते सुहं दिंतु ॥2॥
आरुग्गतुट्ठिदिहाऊ अत्तहेउस्स सिद्धचक्कस्स ।
महिमाजहिं वन्निज्जइ पणमह तं वीर सिद्धंत ॥3॥
सिरि सिद्धचक्कमाराहगाण, भविआण भत्तिजुत्ताणं ।
सम्मदिट्ठि देवा सव्वेवि कुणंतु कल्लाणं ॥4॥

(४३)

सिद्धचक्र यंत्रेश्वर सारो, मंत्र शिरोमणी जगदाधारो, प्रत्यक्षचमत्कारो
अनुपमा એ अतिशयवंतो, गुण समुद्रने कोण लहे, त्रिभुवन महिमा वंतो
मननी आधि तननी व्याधि, दूर करे भवनी उपाधि, पामे वांछित साधी
शांत दशाने એકાग्र चित्ते, सकल कार्य करे शुभ रीते, पापी कर्मने જીते ॥१॥

देवतत्त्वमां गुण प्रसिद्धा, अरिहंत प्रभुमां बार विशुद्धा, सिद्ध मांहे अड लीधां ।
गुरु तत्वमां सूरि गुण छत्तिस, पाठके कह्यां गुण पचवीश, मुनि मांहे सत्तावीश
धर्मतत्वमां दर्शन वखाणुं, गुण तेना सडसठ जाणुं, એકावन ज्ञानना मानुं
चारित्रना गुण सित्तेर सोहे, तपना वणी पचास भन मोंहे, कर्म सकलते कोहे.. ॥२॥

श्री जैन धर्मनुं शासन सार, मुनिचंद्रसूरि श्रुतोदधिपार, त्रिभुवन जन हितकार
चौद पूरवमां नवपद धार, श्रीपाल मयणा माटे उद्धार, आराधक जयकार

આસો ચૈત્ર સુદી સાતમથી, પૂનમ લગે આંબિલ તપથી, રહો શુદ્ધ જાપના જપથી
સ્નાત્ર પૂજાને અષ્ટ પ્રકારી, દિન દિન ભાવના ચઢતે અપારી, જસ મહિમા અપરંપારી. ॥૩॥

પ્રતિક્રમણ કરીશું શુદ્ધ ભાવે, દોય ટંક પડિલેહણ થાવે, ત્રિકાળ દેવ વંદાવે
ગુણ પ્રમાણે ખમાસમણા દેવો, સ્વસ્તિક ફલ નૈવેદ્યા ને ઢોવો, નિત નિત પ્રભુ મુખ જોવો
એકેક પદની વીસ જપમાળા, ગુરુગમ વિધિને વિશાલા, પર્વોમાં શાશ્વત વ્હાલા,
શ્રી વિમલેશ્વર સાન્નિધ્યકારી, ચક્રેસરી મા વિઘ્ન વિદારી, આતમ શક્તિ જયકારી.. ॥૪॥

(૪૪)

પહેલે પદ જપીએ અરિહંત, બીજે સિદ્ધ જપો જયવંત, ત્રીજે આચારજ સંત,
ચોથે નમો ઉવજ્ઝાય તંત, નમો લોએ સવ્વ સાહુ મહંત, પંચમે પદ વિલસંત
દંસણ છઠે જપો મતિવંત, સાતમે પદ નમો નાણ અનંત, આઠમે ચારિત્ર કંત
નમો તવસ્સ નવમે સોહંત, શ્રી સિદ્ધચક્રનું ધ્યાન ધરંત, પાતિક્નો હોઈ અંત... ॥૧॥

કેસર ચંદન સાથે ઘસીજે, કપૂર કસ્તૂરી માંહિ ભેલીજે, ઘન ઘનસાર ઠવીજે,
ગંગોદક શું નવણ કરીજે, શ્રી સિદ્ધચક્રની પૂજા કરીજે, સુરભી કુસુમ ચરચીજે,
કુંદરુ અગરનો ધૂપ દહીજે, કામધેનુ ઘૃત દીપ ભરીજે, નિર્મળ ભાવ વસીજે,
અનુપમ નવપદ ધ્યાન ધરીજે, રોગાદિક દુઃખ દૂર હરીજે, મુગતિ વધુ પરણીજે.. ॥૨॥

આસોને વળી ચૈત્ર રસાળ, ઉજ્જ્વલ પક્ષે ઓળી સુવિશાળ, નવ આંબિલ ચોસાળ,
રોગ શોગનો એ તપ કાળ, સાડા ચાર વરસ તસ ચાલ, વળી જીવે તિહાં ભાલ,
જે સેવે ભવિ થઈ ઉજમાળ, તે લહે ભોગ સદા અસરાલ, જેમ મયણા શ્રીપાલ
છંડી અળગો આળપંપાળ, નિત નિત આરાધો ત્રણ કાળ, શ્રી સિદ્ધચક ગુણમાલ ॥૩॥

ગજગામિણી ચંપકદલ કાય, ચાલે પગ નેઉર ઠમકાય, હિયડે હાર સુહાય
કુંકુમ ચંદન તિલક રચાય, પહેરી પીત પટોલી બનાય, લીલાઈ લલકાય
બાલી ભોલી ચક્કેસરી માય, જે નર સેવે સિદ્ધચક્ર રાય, ધો તેહને સુખ સોહાય,
શ્રી વિજયપ્રભસૂરિ તપગચ્છ રાય, પ્રેમવિજય ગુરુ સેવા પાય, કાંતિવિજય ગુણ ગાય.. ॥૪॥

(૪૫)

શ્રી સિદ્ધચક્ર સેવો ભવિ લોકા, ધન કણ કંચન કેરા યોગા, મનવાંછિત લહો ભોગા
દુષ્ટ કુષ્ટ જાવે સવિ રોગા, જાવે સઘલા મનથી રોગા, સીઝે સયલ સંયોગા
રાય રાણા માને દરબાર, ધન ધન સયલ જપે સંસાર, સોહે બહુ પરિવાર
નવપદ મહિમા મોટો કહીએ, એહને ધ્યાને અહોનિશ રહીએ, શિવસુખ સંપત્તિ સહીએ. ॥૧॥

મધ્યદલે જિનવર ચોવીશ, હુઆ અને હોશે જગદીશ, વાણી ગુણ પૈંતીશ,
અતિશય સોહે જસ ચોત્રીશ, માયા માન નહીં સરીશ, સોહે સબલ જગીશ
કંચનવાને સોળ બિરાજે, દોય રાતા દોય ધવલા છાજે, શ્યામલા દોય વિરાજે
દોય નીલા ઈમ સવિ જિનરાજ, ધવલે ધ્યાને ધ્યાવો આજ, શ્રી સિદ્ધચક્ર સુખકારજ ॥૨॥

દોષ અઢાર રહિત ભગવંત, આઠે ભેદે સિદ્ધ મહંત, આચારજ ગુણવંત
પચવીશ ગુણે ઉવજ્ઝાય, સત્તાવીશ ગુણે મુનિરાય, સમકિત ભેદ કહાય
નાણ ચરણ તપ ભેદે ધ્યાવો, આસો ચૈત્રી શું મન લાવો, નવદિન પાવન ધ્યાવો
આગમ ભાષિત જિન વાણી, સુણી આરાધો સિદ્ધચક્ર પ્રાણી, એહ સાચી ગુણખાણી.. ॥૩॥

શ્રી સિદ્ધચક્રની જે રખવાલી, ચક્રેસરી દેવી રતનાલી, પગે નેઉર વાચાલી,
કટિમેખલ ઝલકે કટિદેશી, મનમંથર ચાલે શુભ વેશી, સોહે નાભિ નિવેશી,
ઉદર હૃદયકર કરજ વિરાજે, મુખથી ચંદો ગયણે લાજે, સઘલી શોભા છાજે
શ્રી વિજયપ્રભ સૂરીશ સહાઈ, કુશળ સાગર વાચક સુખદાઈ, ઉત્તમ શિષ્ય સવાઈ... ॥૪॥

(૪૬)

અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય, મુનિવર સમકિત નાણ સુહાય, ચારિત્ર તપ સુખદાય
ગૌતમ કહે સુણો શ્રેણીકરાય, શ્રી શ્રીપાળ ત્રિદશ પદ પાય, નવમે ભવે શિવ જાય
એ નવપદ મહિમા જિન ગાય, ભવિયણ ભાવ ઘણો મન લાય, આદરે કર્મ ખપાય
આસો સુદી સાતમથી કરાય, તેમ ચૈતર સુદી માંહી કહાય, ઓલી નવ નિરમાય.. ॥૧॥

બાર લોગરસ અરિહંત લહીજે, આઠ પન્નર એકત્રીસ વહીજે, લોગસ્સ સિદ્ધ કહીજે
સૂરિપદે છત્રીસ કહીજે, પાઠક પચવીશ ભણીજે, મુનિ સત્તાવીશ લીજે,
દર્શનપદે સડસઠ્ઠી ધરીજે, નાણ એકાવન પંચ વરીજે, આરાધી શિવ સીઝે,
સત્તરને સીત્તેર દીજે, ચારિત્ર પદે મન ઉજ્જ્વળ કીજે, નિર્મળ ભાવ વહીજે... ॥૨॥

બાર તથા પચાસ ધરંત, તપ પદ ધ્યાન ધરો ઉલ્લસંત, સિદ્ધચક્ર જયવંત,
દેવવંદન ત્રણ ટંક કરંત, પડિલેહણ પ્રતિક્રમણ કહંત, ભૂમિ શયન સુખસંત
તન મન વચન એકાગ્ર કરંત, નવ વાડે બ્રહ્મચર્ય ધરંત, ગુરુ વિનાયાદિ લહંત
જીવદયા સહ ઉરઠવંત, આનંદ મંગલ જય વરતંતા, ઈમ કહે ભગવંત .. ॥૩॥

ઈમ ગુરુ વિધિશું ઓળી કીજે, ગુરુ મુખ આંબિલ વ્રત ઉચ્ચરીજે, દાન સુપાત્રે દીજે,
સાડા ચાર સંવત્સર કીજે, ઉજમણું નિજ શક્તે કીજે, તો તસ ફલસુખ લીજે,
ખુશાલ સુંદર વાણી, વદીજે, કુડ કુવચનને ત્યાગ કરીજે, અક્ષય સુખ વરીજે
શ્રી વિમલેસર યક્ષ કહીજે, દેવી ચક્રેસરી વિઘન હરીજે, શ્રી સંઘને સુખ દીજે.. ॥૪॥

(૪૭)

શ્રી અરિહંત જિનેશ્વર રાય, પાદ પ્રણમે સુરવર નરરાય, પૂજે પાપ પલાય
ચંપકકેતકી પાટલ જાઈ, સેવંતી માલતી સુહાઈ, પરિમલ પુહવી નમાઈ,
ચારુ શ્રાવક પૂજે ફૂલે, વળી વિશેષે ગ્રહી બહુ મૂલે, ઈંહાં જીવન ભૂલે
કરણી સાધુ ભલી પરે જાણે, વઈર સામિ ગુરુ ઈણિ પરે આણે, વળી વિશેષે વખાણે..॥૧॥

આંબા રાયણ રસ ખજૂરા, સદા સીતાફળ ને બીજોરા, રુડા ફલ જંબીરા,
ખડબૂંજા કોલાં વડેરાં, જાંબૂ નીંબૂ સરસ ભલેરા, અતિ મોટા નાલેરા
નારંગી નવરંગા કેળા, પાકા દાડિમ કીજે ભેલા, ઢોલો મેલી સજોલા
વળી ઢોવો ખુરસાણી સેવ, મુજ મન માંગી એહી જ ટેવ, વંદુ અરિહંત દેવ... ॥૨॥

નિમજાં ને સાકરની જોડ, પીસ્તા દ્રાક્ષ બદામ અખરોડ, ખાતા પૂગે કોડ
અતિ ઉજળા સરસ ગુંદવડા, હિયડા સાંભળ્યા વરસોડા, ખારેકને શીંગોડા ।
ઘણી સુખડી ઈણીપરે આવે, બુંદગીરી સેલડી સુહાવે, ચારોલી પણ ભાવે ।
ગુલને ગુંદ ભલી ગુલધાણી, સવિ હુંતિ મીઠી જિનવાણી, સુણો ભવિક મન આણી... ॥૩॥

ખાજા લાડુ મરકી માંડી, ભલી જલેબી તિસકુ છાંડી, ઘેબરશું રઢ માંડી
ખીર ખાંડા માંડાની ભાત, ઘણીઅ છે પકવાન્નની જાત, ઉપર દીધી પાત,
સુરહિ ધીને ઉનાં ધાન, કુણ કરે કંસાર સમાન, ઉપર ફોફલ પાન
ઘણા સાલણા ભલી સજાઈ, હરખી પીરસી અપની માઈ, જો ત્રૂઠે અંબાઈ... ॥૪॥

(48)

भत्तिजुत्ताण सत्ताण मणकामणा-पूरणे कप्पतरु कामधेणूवमं ।
दुक्खदोहग्गदारिद्दनिन्नासयं, सिद्धचक्कं सया संथुणे सासयं ॥1॥
तिजग जण संथुअ पायपंकेरुहं, हेमरुप्पं जणा सोगनीलप्पहं ।
सिद्धचक्कं थुणंताण कयनिव्वुइं सव्व तित्थंकरा दितु नाणुन्नई ॥2॥
जत्थ जिणसिद्ध तह सूरि वायगजइ, दंसणं नाणचरणं तव नवपइ ।
सिद्धचक्कस्स वण्णिजए तं सया, नमह सिरिवीर सिद्धंत माणंदिआ ॥3॥
जक्खिणी जक्ख गह वीर दिसिपालया, जय विजय जंभिणी पमुह ।
दिंतु रुद्दाण खुद्दाण निन्नासंग, सिद्धचक्कं महंताण कल्लाणर्ग ॥4॥

(૪૯) સગ્ઘરા છંદ

अर्हम् मूलं प्रकाण्डोऽतनु निकऽधरः सूरिराजश्च शाखा
गुल्मः सद्वाचकेशो दलतति परिधिः साधवो मंजरीचित

પુષ્પો યો દર્શનં ચાડભિમત પરિમલશ્ચારુ ચારિત્ર રુપઃ
શસ્તં સસ્યં તપશ્ચાડમરતરુરિવ વઃ સિદ્ધચક્રં પુનાતુ.... ॥૧॥

આમાઃસિદ્ધા મુનિન્દ્રાઃ પ્રવર મુનિવરાઃ વાચકાઃ સાધવશ્ચ
શ્વેતા રકતાશ્ચપીતા બુધ સમ હરિતાઃ કજ્જલાભા જિનેશ
ચંચત્પુષ્પાગ્રપત્રચ્છવિ કનકરજઃ પર્ણ રોલમ્બમાનાઃ
ગીર્વાણા ગાઈવેષ્ટં સકલમતિમત્તા પાવનં સંદિશન્તુ... ॥૨॥

સા વાણી ગ્રહનેત્રાબ્ધિધન પરિમિતાઃ કર્મ નિર્મૂલ કાના
માચાર્યાણાં રસત્રિર્નવ નવ મુનયોઃ વાચકાનાં મુનીનામ
વિંશત્યા સમ યુક્તા મુનિકૃતિ સહિતા નેત્ર સંખ્યા ચતુર્ણાં
ષષ્ઠેરાબ્ધિ સ્વશા ક્તિર્ગગનરારામિતાઃ સદ્‌ગુણૌઘા જયન્તિ... ॥૩॥

દેવેન્દ્રા અષ્ટવર્ગા ગ્રહગણસહિતા ગોમુખાયાઃ પરેડપિ
ચક્રેશ્વર્યાદિ દેવ્યોડપિ ચ કુશલકરાઃ સિદ્ધચક્રસ્ય ભક્તાઃ
શ્રી શ્રીપાલાદિકાનામિવ સુષમભૃતાં પ્રાણીનાં ભક્તિ ભાજાં
શંસ્વર્વૃક્ષં દિશન્તુ પ્રશમ સુખફલં, મુક્તિ સૌભાગ્ય બીજમ.. ॥૪॥

(૫૦)

વિપુલ કુશલ માલા, કેલિ ગેહં વિશાલા,
સમવિભવ નિધાનં, શુદ્ધ મંત્ર પ્રધાનમ
સુર નરપતિ સેવ્યં, દિવ્ય માહાત્મ્યભવ્યં,
નિહત દુરિત ચક્રં, સંસ્તુવે, સિદ્ધચક્રમ. ॥૧॥

દમિત કરણવાહં, ભાવતો યઃ કૃતોડહં
કૃતિનિકૃતિ વિનાશં, પૂરિતાંગિ વ્રજશમ
નિમિત જિનસમાજં, સિદ્ધચક્રાદિબીજં
ભજતિ સ ગુણ રાજિઃ સોનિશં સૌખ્યરાજિં... ॥૨॥

વિવિધ સુકૃત શાખા, ભંગપત્રૌઘસાલિ,
નયકુસુમમનોજ્ઞ પ્રૌઢઃ સંતફલાઢ્યઃ
હરતુ વિનુવતાં શ્રી, સિદ્ધચક્ર જનાનાં
તરુરિવ ભવતાપાનાગમઃ શ્રી જિનાનાં.. ॥૩॥

જિનપતિ પદસેવા, સાવધાના ધુનાનાં,
દુરિત રિપુ કદમ્બં, કાન્ત કાન્તિં દધાનામ
દદતુ તપસિ પુંસાં, સિદ્ધચક્રસ્ય નવ્યં,
પ્રમદમિહ રતાનાં, રોહિણી મુખ્ય દેવ્યઃ .... ॥૪॥

(૫૧)

અંગ દેશ ચંપાપુરી વાસી, મયણાને શ્રીપાલ સુખાસી, સમકિત શું મનવાસી,
આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આશી, ભાવ ધરી વિશ્વાસી
ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી, થયો સ્વર્ગમાં વાસી,
આસો ચૈત્ર પૂરણ માસી, પ્રેમે પૂજો ભક્તિ વિકાસી, આદિ પુરુષ અવિનાશી.. ॥૧॥

કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમ કચોળી, શુદ્ધ જલે અંઘોલી
નવ અંબિલની કીજે ઓળી, આસો સુદ સાતમથી ખોલી, પૂજે શ્રી જીનની ટોળી
ચઉગતિમાંહી આપદા ચોલી, દુર્ગતિનાં દુઃખ દૂરે ઢોળી, કર્મ નિકાચીત રોળી,
કર્મ કષાય તણા મદ રોળી, જેમ શિવરમણી ભ્રમર ભોળી, પામ્યા સુખની ઓળી.. ॥૨॥

આસો સુદ સાતમ સુવિચારી, ચૈત્રી પણ ચિત્ત શું નિરધારી, નવ આંબિલની સારી
ઓળી કીજે આળસ વાળી, પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધચક્ર પૂજો સુખકારી,
શ્રી જિનભાષિત પર ઉપકારી, નવ દિન જાપ જપે નરનારી, જેમ લહીએ મોક્ષની બારી
નવપદ મહિમા અતિ મનોહારી, જિનાગમ ભાખે ચમત્કારી, જાઉં તેહની બલિહારી.. ॥૩॥

શ્યામ ભ્રમર સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાલી, જાણે રાજ મરાલી
ઝળહળ ચક્રં ધરે રુપાળી, શ્રી જીનશાસનની રખવાલી, ચક્રેસરી મેં ભાળી
જે આ ઓળી કીજે ઉજમાળી, તેનાં વિઘ્ન હરે સૌ બાળી, સેવક જન સંભાળી
ઉદયરત્ન કહે આસન વાળી, જે જીન નામ જપે જપ માળી તે ઘર નિત્ય દિવાળી. ॥૪॥

(૫૨)

અરિહંત નમો વળી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો
દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો.. ॥૧॥
અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે,
પડિક્કમણા દેવવંદન વિધિસું, આંબિલ તપા ગણણુ ગણો વિધિશું.. ॥૨॥
છરી પાળી જે તપ કરશે, શ્રીપાલ તણી પરે ભવ તરશે,
સિદ્ધચક્રને કુણ આવે તોલે, એહવા જીન આગમ ગુણ બોલે... ॥૩॥
સાડા ચાર વરસે એ તપ પુરો, એ કર્મ વિદારણ તપ શૂરો,
સિદ્ધચક્રને મનમંદિર થાપો, નય વિમલેસર વર આપો... ॥૪॥

ચાર વબત બોલવાની સ્તુતિ

સિદ્ધચક્ર નમી પૂજી થુણીએ, અરિહંતાદિક નવપદ ગણીએ,
શ્રીપાલ ચરિત્ર સદા સુણીએ, વિમલેસર વીર વિઘન હણીએ ॥૧॥
સિદ્ધચક્ર આરાધો સાધો વાંછિત કાજ, અરિહંતાદિક પદ સેવ્યાથી શિવરાજ
ઈમ આગમમાંહિ સિદ્ધયંત્ર શિરતાજ, વિમલેસર પૂરો પદ્મ વાંછિત તુમે આજ ॥૨॥
વીર પ્રભુએ આંબિલ તપને, ભાખ્યુ ભવિ હિતકારીજી
અર્હન સિદ્ધને સૂરિ વાચક, મુનિ સેવા સુખકારીજી
દર્શન જ્ઞાન અને ચારિત્ર, તપ સેવો શ્રુતધારીજી
શાસન દેવો સહાય કરે સહુ, દ્રવ્ય ભાવ સુખકારીજી ॥૩॥
એકાદશ જશ અતિશય પ્રગટે, કર્મ કલંક ઉચ્છેદેજી
તીમ ઓગણીશ કરે શુભ અતિશય, સુર સમુદાય અખેદેજી
જન્માતિશય ચઉ સંયુત્તએ, અતિશય ચોત્રીસ ભેદે જી
તેહશું જેહ બિરાજે જિનવર, પ્રણમું તેહ ઉમેદેજી ॥૪॥
સિદ્ધચક્રને સેવો મન વચ કાય પવિત્ત,
અરિહંતાદિક પદ સેવો એકણ ચિત્ત
જિનવાણી સુણીને ખરચો બહુલુ વિત્ત,
વિમલેસર પૂરો મનવાંછિત તુમે નિત્ય ॥૬॥
સહુમંત્ર શિરોમણી, નિત્ય જપીએ નવકાર,
કર્મ અનંતા ટાળે, ભાવ ઉલ્લાસ શ્રીકાર,
યંત્ર શ્રી સિધ્ધચક્રનું, કરો આરાધન શુદ્ધ
વિધિથી નવનિંધિ થાવે, મંગલ લીલ સુબુદ્ધ ॥૭॥
સિદ્ધચક્ર આરાધી, કીજે આંબિલ એકાશી
અરિહંતાદિક જપમાળા, વીસ ગણો તે ખાસી,
ભૂઈ સંથારો, ઈમ જિન વાણી પ્રકાશી,
કવિ પદ્મવિજયના, વાંછિત પૂરે સોહમ વાસી ॥૯॥
સિદ્ધચક્ર આરાધો, નિત આતમ નવ દેહરા જુહારો
અરિહંતાદિકમાં, નિજ આતમ અવતારો
ઈમ આગમમાંહી, જિનવાણી અવધારો
કવિ પદ્મવિજય કહે, વિમલેસર સુખકારો ॥૧૦॥

(૫૩)

શ્રી વીરો રાજગૃહે કિલ સમવસૃતો ધર્મ વાર્તાભિધીતા
તં નન્તું શ્રેણીકરાજ સપરિકર ઈતસ્તેન તસ્યાગ્ર ઉકતમ
મહાત્મ્યં સિદ્ધચક્રં ત્રિભુવન વિતતં ધ્વસ્ત સંસાર કૃચ્છ્રં
શ્રીપાલ પ્રબંધ પ્રભવત ભવિકા : સેવિતું તન્નિશમ્ય.... ॥૧॥

અર્હત રુપં વિચાલેડનુપમ ગુણમયં, સિધ્ધ ગચ્છાધિ નાથો,
પાધ્યાયાડપસ્તય બિમ્બે હૃદય સલિલ જે, પંડિતૈર્ન્યસ્તનીયમ
સમ્યક્ત્વ જ્ઞાન વાચં યમ ચરણ તપો દિક્ષુ પશ્ચાદિ દિક્ષુ
ઉઁ હીં ભાજેડક્ષમાલા ગણયત સુધિયો વિંશતિ તન્નદાનામ.... ॥૨॥
આચામ્લાનાં વિધેયં દિત્ત દુરિત તપો દગ્ધ સંસાર મૂલ
માશ્વિને માસી ચૈત્ર પ્રતિ દિવસૌ સાદરં જૈન સારઃ
શ્રોતવ્યશ્ચાગમાબ્ધિઃ સ્વહિત મુનિમુખ્યાત સિદ્ધચદિ શિ
સ્તત્ર પ્રોક્ત ક્રિયાયા ભવચયનિચિત્તં ધ્વંસયેત સા ચ કર્મ.... ॥૩॥

સંપૂર્ણેડસ્મિન્ન વિધ્ને તપસિ ભવભિદા ચંદ્રહસોપમાને
દીર્ઘ સુધ્યાપનં યે વિદ્ધતિ મુદિતાઃ સિધ્ધચક્રાર્ચિનોહિ
હંસારુઢાવિછિતે વિમલ સુરપતિ વ્યાપ્તકીર્તિશ્ચતેષાં
દેવી ચક્રેશ્વરી ગુરુ મુદયં, સાધુ લક્ષ્મીપ્સુકાનામ ॥૪॥

(૫૪)

સકલ ધર્મનું કેન્દ્ર એ કહીએ, શ્રી સિદ્ધચક્ર ગુણ મન વહીએ, તપનાં કષ્ટને સહીએ
નિજાનંદ સ્વરુપ મન ધરીએ, નાભિથી એક નાળ અનુસરીએ, કમળ હૃદયે ધરીએ
પાંખડીએ પંચ પરમેષ્ઠી સ્મરીએ, એકાકાર થઈ ધ્યાન જો ધરીએ, નાસિકાએ દ્રષ્ટિ ધરીએ,
સ્વરુપ ધ્યાતા ગુણગણ ભરીએ, આસો ચૈત્રની ઓળી કરીએ, મુક્તિ રમણી વરીએ.... ॥૧॥

પહેલે પદે અરિહંત વખાણું, ઉત્કૃષ્ટા એકસો સીત્તેર જાણું, જધન્યથી વીસ પ્રમાણું ।
તે મધ્યે નામ શાશ્વતા જાણું, ઋષભ ચંદ્રાનન મનમાં આણું, માનુ આ ઉત્તમ ટાણું
વારિષેણને શ્રી વર્ધમાન, ચારે નામ દેવલોકે જાણ, પડિમા પ્રભુ બહુમાન,
જિનપડિમા જિનસારિખી માન, તે વિણ નહી કહીએ કલ્યાણ, અરિહંત આણા પ્રમાણ॥૨॥

સિદ્ધ આચારજને ઉવજઝાય, મહામુનિ સેવો નિર્મળ કાય, દર્શન જ્ઞાન સુહાય
ચારિત્ર તપથી શુદ્ધ થવાય, એ નવપદમાં સર્વ સમાય, વિધિથી નવનિધિ થાય,
જિનવાણી તે અમીય સમાણી, ગુણમણિ ખાણી ભાવે તાણી, કલિયુગે કલ્પ સમાણી
સેવે બહુ સુરનર વૈમાની, જ્ઞાન કવચ શ્રી મુનિ પરિધાની, આરાધો ભવિ પ્રાણી.. ॥૩॥

શ્રીપાળરાયની ગઈ સહુ વ્યાધિ, મયણા જશ વ્યાપ્યો એ આરાધિ, જીવન સુખને સાધી,
પૂર્ણ શ્રધ્ધાએ પૂર્ણ પ્રતાપી, પૂરે મનોરથ શક્તિ આપી, ચક્રેશ્વરી દેવી અમાપી,
ધર્મ વૈભવથી બનો ધનવાન, અપૂર્વ ઉલ્લાસે કરો કર્મની હાણ, આરાધો બની એકતાન
ગુણ બગીયો પ્રફૂલ્લ બનાવો, શાસને જયજયકાર જગાવો, જિનેન્દ્ર વિજય વરે લ્હાવો.. ॥૪॥

ઉપાદ્યાય પદ

(૫૫) રાગ : શાંતિ સુહંકર સાહિબો....

વાચક પદ પ્રણમું સદા, જેહ કર્મ નિવારે
સારે આતમ ભાવના, શુભ કાજ સુધારે
વીર પ્રભુના શાસને, વાચક ગુણ ધારે
મન વચ કાયે હું સ્તવું, સંસારથી તારે... ॥૧॥

પરમારથને પેખતા, જાણી આગમ વાણી
ધર્મ ધરી હરે કર્મને, વાચક ગુણ ખાણી
ચઉવીશ જિનના જે થયા, તે સર્વને વંદો
વાચક પદ વંદી ભવિ, નીચ કર્મ નિકંદો... ॥૨॥

આગમ ગુણ અરવિંદમાં, ભૃંગ સમ જે રાજે
જિનશાસનમાં મહાલતા, હાથી સમ ગાજે
ધર્મ ભાવના જોરથી, ઉજાડે વાડી
કારમી ભવ ભયથી ભરી, કરી દૂર તે ઝાડી.... ॥૩॥

વિમળેશ્વર ચક્રેશ્વરી, જસ સેવાકારી
શાસન વિઘ્ન હરે સદા, ગુણ ગણનાકારી
સિદ્ધચક અરવિંદમાં, કરે ભ્રમર વિહારી
લબ્ધિ સૂરીનાં સદ્ધ્યાનથી હોય મુક્તિ ઘારી.... ॥૪॥

દર્શનપદ (૫૬)

રાગ : પાર્શ્વ જિણંદા, વામાનંદા.....

સમકિત સારુ ગુણમાં પ્યારું, આપે મુક્તિ વેલડી
ક્ષાયિક સમકિત શિર સરદાર, રસ મીઠો શેલડી
નાયુ બદ્ધા ભાવે પામે, મુક્તિ એક ભવ વિષે,
આયુ બદ્ધે ત્રીજે ચોથે, મુક્ત વીર જિન દિશે... ॥૧॥

ચોવીસ જિનનું ધ્યાન ધરીને, સ્વ શ્રદ્ધા નિર્મળ કરો,
નિર્મળ સમકિત ગુણને પામી, બીજા ભંડારો ભરો,
રત્નત્રયીને ઓળખી આતમ, ગુણ ભંડારો ભરો
નિંદ્ય કર્મો દૂર નિવારી, ઘાતી કર્મને હરો... ॥૨॥
આગમજ્ઞાને નિત્ય રમીજે, ભમીજે ભવમાં નહીં
ભવ દુઃખડાં ખૂબ વમીજે, સમીજે કર્મો સહી
આતમ નિર્મલ નિત્ય કરીજે, ધરીજે ગુણ ગ્રહી
પીસ્તાલીશ સુ પ્રણમીજે, દીજે નિજ કર્મો દહી... ॥૩॥
વિમલેસર ચક્રેસરી દેવી, હેવી જિનશાસને
વિઘ્ને નાશો નિત્ય કરેવી, આપે સુખરાસને
હૃદય કમલે દર્શન જાસ, વસી રહ્યું ખાસ છે
આતમ લબ્ધિ ગુણ ગણ કેરો, જેમાં નિત્ય વાસ છે... ॥૪॥

જ્ઞાનપદ (૫૭) રાગ : શત્રુંજટા મંડન ઋષભ જીણંદ ધ્યાલ....

આતમ ગુણ મંડન, દુઃખ વિહંડન નાણ, મોહ હરવા કાજે, જિન ભાનુ દિલ આણ
ગુણ સંપત્તિ વાધે, લાધે શિવપુર ઠાણ, સવિ દુઃખ નિવારે, ટાળે ભવ દુઃખ ખાણ.. ૧
ચોવીસે જિનનાં, નાણી નમુ ધરી નેહ, ગુણ સંપત્તિકારક, ગુણ ગણનાં જે ગેહ,
મેહ અમીરસ કેરાં, પાવન જેના દેહ, વિદેહ બનીને, પામ્યા મુક્તિ તેહ.... ૨
આગમ ગુણ દરિયા, ભરીયા સ્યણથી જેહ, લહેરો જસ સુંદર, જાણો નય મય એહ
ગમ ભરેહ વર ગંભીર, જસ તોડે ભવનો નેહ, નિત્ય બનવા વિદેહી જગમાં એહની રેહ..૩
શાસન સુખદાતા, દેવી સુણો અરદાસ, અમ વિઘ્ન નિવારો, કરતાં ધર્મ વિલાસ
વિકસીત ચિત્ત ચાહુ, ચાહુ લબ્ધિ પ્રકાશ, એ મેળવતા મુજ, હોંશે શિવની આશ...૪

ચારિત્ર પદ

(૫૮) રાગ : સુમતિ સુમતિ દાયી

ભવિ જન ગુણ ગાવો, તેથી સંજમ પાવો
સમય ન મલે આવો, ચિત્ત ચારિત્ર ધ્યાવો
કર્મ થકી મુકાવો, ધારી મુક્તિનો દાવો,
કરે મુક્તિ વધાવો, ભાવના ચિત્ત લાવો.... ॥૧॥
સવિ જિનવર સેવો, પામવા મુક્તિ મેવો
ચરણ દુઃખ હરેવો, ધાર જે નિત્ય મેવો,

હરે જાવ તણો ખેવો, એમ દેવાધિદેવો,
કહે ગુણ ભરેવો, ઋષિ ઢંઢણ જેવો.... ॥૨॥
ગુણ ગણ ભવિ ધારી, દુઃખડા ઘો નિવારી
આગમ મન ધારી, જન્મ માનવ સુધારી
કુમતિ કઠીન ટારી, થાઓ મુક્તિ વિહારી,
મળે મુક્તિ નારી, શોક સંતાપ વારી... ॥૩॥
ચરણ ગુણ પ્રધાનો, શાસ્ત્રમાં બહુ વિધાનો
કહે સમકિત દાનો, મોહ ના ચિત્ત આણો
શાસન સુરિ માનો, ટાળો વિઘ્ન વિધાનો
સૂરિ લબ્ધિ મહાનો, સંજમે ગુણ ખાણો... ॥૪॥

તપપદ (પદ) રાગ : જય જય ભવિ હિતકર

કર કર ભવિ હિતકર, તપ મહાનંદ કાર,
દુઃખ દલદર ટાળે, ખાળે પાપ વિચાર
દુર્ગતિ દુઃખ વારે, મારે કર્મ વિકાર
સુખ સંપત્તિ આપે, જિન આણા સુખકાર.... ॥૧॥
ચઉવીશ જિન વંદો, ભવ દુઃખ ટાલણહાર
તપ તપ્યા ભાવે, વારી વિષય વિકાર
સુખ સંપત્તિ ધારી, વરવા શિવ વરનારી
એ કરણી સારી, હું જાંઉં બલિહારી... ॥૨॥
આગમ રત્નાકર, દીપે તાસ તરંગ
નયભંગ સ્વરુપી, કરવા કર્મ શું જંગ
એ રંગ અપૂરવ, તંગ જીવન હરનાર
જીવ નિર્મળકારી, નમું થવા ભવપાર.... ॥૩॥
ચક્રેસરી કેસરી, દેવી જિનપદ સેવી
તમ વિધન હરેવી, ભવિજન સહાય કરેવી
સંપદ સુખસારે, જે સેવા જિનધારે
સૂરિ લબ્ધિ જાવે, ભવ જલથી કિનારે... ॥૪॥

(૬૦)

ભાવોલ્લાસે કરીએ, ભવિ નવપદના જાપથી શુદ્ધી એવી
આસોને ચૈત્ર માસે, સુવિધિ મન ધરી શુકલની સપ્તમીથી

ધ્યાવે જે પૂર્ણિમાનાં નવદિવસ સુધી રોગને તે હટાવે
જાશે આરાધી મોક્ષે, પવિસહ મયણા સિદ્ધચક્ર પ્રભાવે.... ॥૧॥
પૂજે અર્હન્ત સિદ્ધ, સ્વકર કજ વડે, શીર્ષને પાય નામી,
વંદે આચાર્યને જે, પ્રખર કરમના, તાપને દે સમાવી
સર્વોપાધ્યાય સાથે, મુનિ દરિસણને, જ્ઞાન ચારિત્ર વંદો
ઉંચે સ્થાને જવાને, તપા શું મન ધારી, પૂર્વનાં પાપ ખંડો.. ॥૨॥
પૂજે જે સિદ્ધચક્ર, પ્રશમરસ તણો, ભાવ હૈયે વહાવી
સાથે સાંજે સવારે, પડિક્કમણ કરી, દોષને દે હટાવી
એકાશી આંબિલોને, વિધિ સહ કરતા, શીલને શુદ્ધ પાળો
તેઓ મોક્ષ વસે છે, ભવ જલધિ તરી, શાસ્ત્ર છે એમ બોલે.. ॥૩॥
આ સાડાચાર વર્ષે વિષહર તપ તે થાય સંપૂર્ણ માણી,
આરાધો ભવ્ય નિશ્ચે, ત્રણ જગતમાંહી કોન છે ચિત્ત આણી,
દેવી ચક્રેશ્વરી રે, દુઃખ દુરિત હરે, ટાળવી સર્વ ખામી,
સેવો હંમેશ કલ્પદ્રુમ સમ સમજી સિદ્ધચક્ર પ્રતાપી.... ॥૪॥

(૬૧) રાગ : શત્રુંજય મંડન

જિન શાસનમાંહી, સિદ્ધચક્ર છે સાર
ભવિ જનને એ છે હૈયા કેરો હાર
તન મન અને ધનથી સેવા કરો સુખકાર
શ્રીપાલ અને મયણા, પામ્યા સુખ અપાર.... ॥૧॥
અરિહંત સિદ્ધ વંદો, આચારજ મનોહર
વાચક મુનિદર્શન, જ્ઞાન ચરણ ભંડાર
તપ બહુ વિધ તપજો, આતમને હિતકાર
જે ભવિજન કરશે, તે તરસે સંસાર.... ॥૨॥
આસો મહિનામાં શરુ કરો દિલદાર
બીજો નહીં જગમાં, એની હોડ કરનાર
રોગ, શોક નહીં આવે, એ નિશ્ચય દિલધાર
ગુરુ ગૌતમ ભાખે, એ છે તારણહાર.... ॥૩॥
એતે નવપદ કેરું, ધ્યાન ધરો નરનાર
નહિ મળશે આવો, અવસર વારંવાર
વિમળેશ્વર ચક્રેશ્વરી વિઘ્ન કોડ હરનાર
લબ્ધિ મુજ આપી, કરો જયંત ભવપાર.. ॥૪॥

(૬૨)

અરિહંત પદ વંદો, સિદ્ધ વંદો સૂરિરાજ
ગુણ છત્રીસે ભરીયા, પ્રણમો વર ઉવજ્ઝાય,
ભવસાગર તારક , લળી લાગું મુનિપાય,
લીજે પાંચનું શરણું, ઘર ઘર મંગળ થાય.... ॥૧॥
સમકિત જિન દર્શન, હોજો શુદ્ધ મનમાંય
પ્રભુ જ્ઞાન પ્રતાપે, જીવન વિરતિ પાય,
વર ચારિત્ર પામી, વંદો સર્વ જિન પાય,
વળી તપ પદ સેવો, કર્મ મળ સવિ જાય... ॥૨॥
એ નવપદ માંહે, પૂર્વોનો સાર સમાય,
સિદ્ધચક્રને જપીએ, યંત્ર અતિ સુખદાય,
દેવ, ગુરુ, ધર્મનો, ત્રિવેણી સંગમ થાય,
જિન વાણી પ્રણમો, કેવળ મુક્તિ નિપાય... ॥૩॥
સિદ્ધચક્રનો સેવક, ગુણ વિમળેશ્વર ગાય,
વળી દેવી ચક્રેશ્વરી, કરે ભકતને સહાય
જે સમકિતી સુરવરો, શાસનને હિતદાય,
ભક્તિ આકર્ષણ યોગે, લબ્ધિ જિતેન્દ્ર ગવાય.... ॥૪॥

(૬૩) નવ પદની એક એક સ્તુતી

અરિહંત ÷ પુષ્પ પ્રદીપાક્ષ ધૂપપૂગીફલૈ, જિનેન્દ્ર પ્રતિમાં પ્રપૂજ્ય ।
યે શ્રી પરમેષ્ઠી મંત્રં, જપન્તિ તે તીર્થકૃતો ભવન્તિ ॥
સિદ્ધ÷યદ દીર્ઘકાલ સુનિકાચિત બંધન બદ્ધ, મષ્ટાત્મકં વિષમાચારમભેધકર્મ ।
નશ્યં નિહત્ય પરમંપદમાપસ્તે, સિદ્ધા દિશન્તુ મહતીમિહકાર્યસિદ્ધિં ॥
આચાર્ય÷સૂરિ સદાચાર વિચાર સારા, નાવારયન્તઃ સ્વપરાન યથેષ્ટઃ ।
ઉગ્રોપસર્ગૌક નિવારણાર્થ, મભ્યર્થયામ્યગતગન્ધ ધૂપૈઃ ॥
ઉપાધ્યાય÷પાષાણ તુલ્યોડપિ નર યદીય-પ્રસાદલેશાદ્મભતે તે સપર્યામ ।
જગત હિતઃ પાઠક સંચયઃ સઃ કલ્યાણ માલાં વિતનોતુ સંઘે ।

સાધુ÷શ્રી તીર્થકૃત્પદ વિધાય તપસ્વી વર્ગ, વાત્સલ્ય પુણ્યપદવીમધિગમ્ય સમ્યક્ ।
શ્રી વીરભદ્ર મુનીવદ્ વિધિના વિધેયં, સ્થાન હિ સમમિદં શિવસૌખ્યહેતુઃ ॥
દર્શન÷સકલ મંગલ કેલિ નિકેતનં, કુમતધ્વાંત વિઘાતન ભાસ્કરમ ।
શુચિતરં નિજબોધિ સમુદ્દભવં, ભવ વિઘાતન કૃતે યજ દર્શનમ ॥

જ્ઞાન÷વિદન્તિ ખલુ કૃત્યમકૃત્યજાતં, ચારિત્ર; નિર્મલં ચ સમાચરન્તિ ।
જ્ઞાનાચ્ચભવ્ય ભાવિનઃ શિવમાપ્નુવન્તિ, જ્ઞાનં નિદાન મખિલોત્તમ શમં લક્ષ્મ્યા ॥
ચારિત્ર÷કઠિનકર્મ ઘનાઘન ભેદકં, સમદમાદિ ગુણાવલિ મંડનમ ।
જિનગુણાધિપ સાધુ સુસેવિતં, ચરણ પંચ વિધં યજામ્યહં
તપ÷ઈતિ ચતુમાર્હતભક્તિતઃ પદમનન્ત સુખોદય દાયકમ ।
કનકકેતુ નરેન્દ્ર ઈવાનિશં, સૃજતિ યઃ સ ભવેત ત્રિજગપતિઃ ॥

(૬૪) શ્રી સાધુપદ સ્તુતિ
(રાગ : રાજુલ વર નારી)

મુનિ નમુ ગુણકારી, શોક સંતાપ વારી,
વહે ગુણ બ્રહ્મચારી, પાપ પંકો નિવારી;
નવ કલ્પ વિહારી, સાધના આત્મકારી,
જિન જપી સુખકારી, ભવ્ય જીવો ઉગારી ॥૧॥

સવિ જિનવર વદે, ન પડે કર્મ ફંદે
ભવિ કમલ કંદે ચિત્ત જેના સુનંદે
હરતા કરમ ખંધે, સેવીયે મુનિ ચંદે,
ન કરે કર્મ ગંદે, ભાવ રાખે અમંદે ॥૨॥

ગુણી મુનિ ગુણ ગાઈ, ભવ્ય કર્મો ખપાઈ,
સુઆગમ ચિત્ત ધ્યાઈ, રિદ્ધિ પામો સવાઈ;
ટળે ભવની તવાઈ, ભાવના ચિત્ત લાઈ,
શિવગતિ જીવ જાઈ, શાશ્વતુ રુપ થાઈ. ॥૩॥

શાસનવર દેવી, નિત્ય ભક્તિ ભરેવી,
ભવિ વિઘન હરેવી, સાર રક્ષા કરેવી;
જિનચરણ સેવી, મુક્તિ મહેલે ઠરેવી,
લબ્ધિ ગુણ વરેવી, નિજ કર્મ ઉખેવી ॥૪॥

(૬૫) શ્રી સિદ્ધપદની સ્તુતિ
(રાગ : પુંડરીક ગણધર પાય પ્રણમી જે)

યથાખ્યાત ચારિત્ર વરીને, કર્મકંદ, નિકંદીજી,
કેવલજ્ઞાન વર દર્શન પામી, બન્યા પરમાનંદીજી;
એક સિદ્ધ ત્યાં સિદ્ધ અનંતા, વસતા ચિદાનંદીજી,
એહવા સિદ્ધને નિત્ય નિત્ય વંદો, થઈને આગમ છંદીજી ॥૧॥

ચોવીશ જિનવર ગુણ ગણ ગાતાં, રાતાં હૈયાં છાજેજી,
ચોવીશ જિનને ભજતાં નિશદિન, સિંહ પરે જીવ ગાજેજી;
બલિહારી એ નરભવ કેરી, જે વસતું જિનરાજેજી,
પાપ સકલ નિવારી ચેતન, મંડયા આતમ કાજેજી. ॥૨॥
સમ નય વળી સ્યાદ્‌વાદથી, પણચાલીસ છે ભરીયાજી,
આગમ સુંદર વીતરાગનાં, દયા લ્હેરના દરિયાજી;
જીવે અનાદિ કર્મ કલંકો, મેલ ચીકણા હરીયાજી,
ભવ્યજીવ નિજ ભાવ વધારી, તે આગમ અનુસરીયાજી. ॥૩॥
દેવી જિનશાસનને સેવી, હર્ષ હૃદયમાં ધરતીજી,
જિનશાસન ઉપાસકનાં તે, વિઘ્ન સયલ પરિહરતીજી;
નાચ કરે, પ્રભુ આગલ નિશદિન, ફેર ફુદરડી ફરતીજી,
સિદ્ધપદના ભક્તિભાવે, શાસન લબ્ધિ ભરતીજી. ॥૪॥

(૬૬) શ્રી અરિહંતપદની સ્તુતિ
(રાગ : શંખેશ્વર પાસજી પુજીએ)

અરિહંત નમો ગુણસાયરુ, જિનમોહ તિમિર દિવયરુ;
અહનિશ તસ સેવા સાદરુ, જિમ જલ્દી ભવસાયર તરુ. ॥૧॥
ચોવીશે જિનવર ધ્યાઈએ, તો પરમાનંદ ઝટ પાઈએ;
મનવાંછિત સુખ સેવા સહી, જિન ધ્યાન કદી છોડો નહિ.॥૨॥
કર્મોનો કંદ નિવારવા, જિન આગમ હૃદયે ધારવા;
શિક્ષણ લ્યો વીરવાણી તણું, સુખ મેળવવા શિવપુરતણું. ॥૩॥
ભીડભંજન શાસન દેવ ખરા; નિત્ય સેવે ભાવે જિનવરા;
કહે લબ્ધિ વિઘ્ન સવિ વારજો, શાસન પરિતાપ નિવારજો.॥૪॥

(૬૭) શ્રી આચારજ પદ સ્તુતિ
(રાગ : આદિ જિનવર રાય જાસ સોવન્ન કાયા)

ભવિજન સુખદાયા, મોહમાયા હરાયા,
કનક વરણ કાયા, ત્યાગ દીની છે માયા;
મુનિસરીશ કહાયા, નિત્ય વંદુ હું પાયા,
જિનગુણ સુહાયા, મુનિગણમાં સવાયા ॥૧॥
ચોવીશ જિન કેરા, નિત્ય નમીયે સવેરા,

કરે ગુણ ગણ ઢેરા, પાપ હરતા જે ઘેરા;
છત્રીસ ગુણ મેરા, ચૂરતા ભવ કેરા,
ગુણગણ જસ અનેરા, આપતા મુક્તિ શહેરા । ॥૨॥
આગમ ગુણ દરીયા, છત્રીસ છત્રીસી ભરીયા,
ચરણ કરણ વરીયા, મોહ માયાથી સરીયા;
ભવજલધિ તરીયા, કર્મથી નૈવ ડરીયા
કુમત મતિ હરીયા, ભવ્ય જીવો ઉદ્ધરીયા. ॥૩॥
વિમલેશ્વર દેવા, તાસ કરતી નિરંતર સેવા
ગુણ ગણ ભરેવા, ભવ્ય વિઘ્નો હરેવા,
ચક્રેશ્વરી માતા, આપતી સર્વ સાતા,
સૂરિ લબ્ધિ ખ્યાતા, સેવી શિવપુર જાતા ॥૪॥

(૬૮) સિદ્ધચક સ્તુતિ

શ્રી જીનશાસનનાયક જિનવરશ્રી મહાવીર
ભાખે શુભ વાણી કઠીન કર્મ જંજીર
નવપદ તપ મહિમા સિદ્ધચક્ર અધિકાર
આરાધો સાધો જિમ પામો ભવપાર ॥૧॥
જિનઅંગ વિરાજે અતિશય શુભ ચોત્રીશ
જિનવાણી કેરા, ગુણ પ્રગટયા પાંત્રીશ
એહવા જિન સેવો દુષણરહિત અઢાર
સિદ્ધચક્ર સેવીજે આણી ભાવ ઉદાર ॥૨॥
અંગ પવિત્ર થઈ મહિને આસો ચૈત્ર
દેવવંદન કરીઈ પડિક્કમણા સોઈ પવિત્ર
ગણણુ વલી ગણીઈ આણી નિજ મન કામ
ઈમ વિધિસુ ભાવે સુણો સૂત્ર અભિરામ ॥૩॥
ગયગમણી રમણી પહેરી સાલ શણગાર
સિદ્ધાયિકા દેવી જિનશાસન હિતકાર
સિદ્ધચક્રનો સેવક સાન્નિધ્ય કરજો એહ
કવિરતનવિજય કહે લીજે ભવનો છેહ ॥૪॥

(૬૯)

શ્રી વીર જિનેસર અલવેસર અરિહંત
તપ સિદ્ધચક્ર કેરો ભાખે શ્રી ભગવંત
આસોને ચૈત્રે નવ નવ દિન વિકસંત
એકયાસી આંબિલ તેહનો કીજે તંત ॥૧॥
પહેલે પદ અરિહંત બીજે સિદ્ધ ભગવંત
ત્રીજે આચારજ ચોથે ઉવજ્ઝાય મહંત
પંચમે સર્વ સાધુ છઠ્ઠે દંસણ નાણ
સાતમે ચારિત્ર આઠમે, તપ પદ નવમે જાણ ॥૨॥
શ્રી જિનવર ભાખે સિદ્ધચક્ર ગુણમાલ
નિત જિનવર કેરી પૂજા કરો તિનકાલ
ઉજમણું કીજે ભાવે થઈ ઉજમાલ
તે શિવસુખ પામે જિમ મયણા શ્રીપાલ ॥૩॥
શ્રી સિદ્ધચક્ર કેરો શ્રી વિમલેસર દેવ
જે એ તપ કરશે તેહની કરશે સેવ
પંડિતવર સુંદર શ્રીકીર્તિવિજય બુધરાય
તસ સેવક ભાખે જિનવિજય ગુણ ગાય ॥૪॥

(૭૦)

શ્રી ઋષહેસર પ્રણમું પાય, ત્રિદશપતિમલ્યા ચાર નિકાય, વિદ્યાધર નરરાય
વિબુધા સહુ ત્રિહુંહા ત્રિગડુ રચાય પૂરવ દિશે પ્રભુ પધરાય, આસોપાલવ લહેરાય
પરષદા મલી તિહાં અનુકમે બાર, જોજનવાણી જિન કહેવાય, ભવિજન પાપ પલાય
દાન શિયલ તપ ભાવ સુહાય, શ્રી સિદ્ધચક્રનો મહિમા કહાય, નવપદ ધ્યાન ધરાય

ચોવીસે જિનવર ધ્યાન ધરીજે, ભરત ઐરાવત વિદેહ નમીજે, પંદર ક્ષેત્રના જિન વંદીજે
અતિત અનાગત વર્તમાન નમીજે, પ્રભુ દેખીને ચિત્ત રંજીજે, પાતક દૂર કરીજે
સ્વર્ગ મૃત્યુ પાતાલ થુણીજે, શાશ્વત અશાશ્વતાબિંબ પૂજીજે, જે દીઠે ગતિ છેદીજે
અષ્ટકમલ મધ્ય જિન થાપીજે, સિદ્ધચક્રનો નમણ ઘલીજે ઈમ શુકલ ધ્યાન ધરીજે ॥૨॥

ભાખે અર્થ વિવિધ પ્રકાર, સૂત્રમાંહે મંત્ર નવકાર, પહેલે અરિહંત શ્રીકાર
બીજે સિદ્ધ આચરિયસુ વિચાર, ચોથે ઉવજ્ઝાય મનોહાર પાંચમે સાધુ આચાર
છઠે દંસણ હૃદય મોઝાર, સાતમે નાણનો અધિકાર ચારિત્ર જપો જયકાર
નવમે તપગણો નિરધાર, આસો ચૈત્રી તવ આંબિલસાર ગણણુ દોય હજાર ॥૩॥

ગયો રોગ શ્રીપાલ શરીરં, લલના ત્રણ દશ તેહ વરીરં, મયણા મુખ્ય વજ્જરં ।
ચકેસરી સંઘનેહ ગહિરં વિમલેસરનામે વડધીરં, પરાક્રમે બાવન પીરં ।
સિદ્ધચક્ર સેવો મેલી કુટીલં, તર જાએ ભવ જલ નિધિ તીરં આમી સરવર સુખીરં ।
બુધ ઉત્તમ સાગર ગુણ ગંભિરં, સહ વિધાય સાહુસં ધીરં, કહે ચતુર સાગર સૌખ્ય શરીરં ॥૪

(૭૧)

અરિહંતસિદ્ધ સૂરિઉવજ્ઝાયા, સાધુ સકલવંદું સુખદાયા, દંસણ નાણ સુહાયા
ચારિત્ર તપએ નવપદ ભણો, પ્રેમધરીને ચિત્તમાં આણો, પામી નરભવ ટાણો
મનતનવચન ધરી એકધ્યાન, આરાધો ભવિગુણની ખાણ, તૂટે કર્મનિદાન
મંત્ર નહીં કોઈ એહ સમાન, ધ્યાતા લહીએ નિર્મલ ભાન પામે શિવપુર થાન ॥

ઋષભઅજિતસંભવ અભિનંદન સુમતિ પદ્મસુપાસજિણંદ, ચંદ્રપ્રભ સુખકંદ
સુવિધિ નાથ જિન શિતલ સ્વામી, શ્રી શ્રેયાંસ પ્રભુ અંતરજામી, વાસુપૂજ્ય ગુણધામી
વિમલ અનંત ધર્મ સુખદાયા, શાંતિકુંથુઅરમલ્લિ સુહાયા, મુનિસુવ્રત નમું પાયા
નમિનેમિપાર્શ્વ જિણંદા, વીરને પ્રણમે સુરનર ઈંદા, ધ્યાતા હોય સુખકંદા ॥૨॥

સમવસરણ બેઠા જિનભાણ, વાણીપ્રકાશે સુગુણ નિધાન, સુણજો થઈ સાવધાન
અંગ અગ્યારને બાર ઉપાંગ, દશ પયન્નાસુણો મનરંગ, છ છેદઅતિહી અભંગ
મૂલસૂત્ર જિન ચાર પ્રકાશ્યા નંદી અનુયોગ મહાગુણદાખ્યા, એપીસ્તાલીશ ભાખ્યા ।
જિનવાણી જે શ્રવણે ધારે, કર્મરિપુ દૂર નિવારે, આત્મગુણ અજવાળે ॥૩॥

વિમલેશ્વર ચકેશ્વરી દેવી, શાસન સાર કરે નિતમેવી, સિધ્ધચકધ્યાન ધરેવી,
જે પ્રાણી સિદ્ધચક્રને સેવે, મનવાંછિત ફલ તેહને દેવે, અનુપમ સુખતે લેવે ।
તપગચ્છમાંહે સુરતરુસરખો, શ્રીહીરવિજયમુનિશ્વર નિરખો, વંદી તેહને હરખો ।
તસ પદપંક મધુકર જે હું, સિદ્ધચકધ્યાન ધરો નિત તેહ, અંબાલાલ અતિ નેહ ॥૪॥

(72)

અરિહાણંસિધ્ધાણં, આયરિય ઉવજ્ઝાય સાહુનાણાનં
દંસણ ચરિત્ત તવાણં નમોત્થુ મે સિધ્ધચક્કાણં ॥1॥

રિસહ જિણવધ્ધમાણય ચંદાણણ વારિસેણ જામિહિં
સગ્ગે તિરિઅ પાયાલે સાસયદેવે તહા વંદે ॥2॥

એગારસ અંગગયં પુવ્વગયં તહ ઉવંગસુઅનાણં
મઇ સુઅ મણોહિ કેવલં નાણં પણમામિ ભત્તીએ ॥3॥

सुरजोइवणभवण जिणाण भत्ताय जक्रिवणि
उउचाराहण संघे हरंतु दुरिआइं सव्वाई ॥4॥

(७३)

अर्हदादीनिशुद्धानि, पदानिनवसंख्यया,
समृध्धि वृद्धिं यच्छन्तु, सिद्धचक्रतपोजुषाम ॥१॥

भूतभाविभवत्सार्वा, सत्केवलोज्ज्वलाः
सिद्धचक्र तपोनिष्ठान्नयन्तुन्नतिमंगिनः ॥२॥

ध्वादशांगमयं सम्यक श्रुतज्ञानंनयाकुलम,
ज्ञानश्रद्धास्तनोतुवे, सिद्धचक्रोद्यतान्नरान् ॥३॥

દ્રહ હુએ પૂર્ણજો વિમલનીરે, તો રહે મચ્છ તિહાં સુખ શરીરે
એમ આચાર્ય ગુણ માંહિ સાધ, ભાવઆચાર અંગિ અગાધ ॥૭૯॥

આણા કુણની રે પાલીયે, વિણ આચારય એક
કારણિ ત્રિકપણિ જિહા હુએ, તિહાં આચારય એક
શ્રુતપડિવત્તીમાં પણિ, આચારય સમરત્થ
જિનપણિ આચારય, હુએ, તવ દાખે શ્રુત-અત્થ ॥૮૦॥

સૂરિ ગણધર ગણી, ગચ્છધારી, સુગુરુ, ગણિપિટક ઉદ્યોતકારી,
અત્થધર, સત્થધર, સદનુયોગી, શુદ્ધ અનુયોગ કર, જ્ઞાનભોગી ॥૮૧॥

અનૂચાન, પ્રવચનધર, આણા ઇસર દેવ,
ભટ્ટારક, ભગવાન, મહામુનિ, મુનિકૃતસેવ,
ગચ્છભારધર, સદગુરુ, ગુરુગણ યુકત, અધીશ,
ગુણી, વિદ્યાધર, શ્રુતધર, શુભ આશ્રય જગીશ ॥૮૨॥

નામ ઇત્યાદિ જસ દિવ્ય છાજે, દેશના હેત ધન ગુહિર ગાજે
જેહથી પામીએ અચલધામ, તેહ આચાર્યને કરુ પ્રણામ ॥૮૩॥

આચારય નમુક્કારે, વાસિત જેહનું ચિત્ત
ધન્ય તેહ કૃતપુણ્ય તેહ, જીવિત તાસ પવિત
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિ વાસ
ભવક્ષય કરતા રે સમરતાં, લહિએ સુકૃત ઉલ્લાસ ॥૮૪॥

આચાર્ય પદવર્ણન સમાપ્ત

પદ ચઉત્થે તે ઉવજ્ઝાય નમીએ, પૂર્વ સંચિત સકલ પાપ ગમીએ
જેહ આચાર્ય પદ યોગ્ય ધીર, સુગુરુ ગુણ, ગાજતા અતિ ગંભીર ॥૮૫॥

અંગ અગ્યાર ઉદાર, અરથ શુચિ ગંગ-તરંગ
વાર્તિક વૃતિ અધ્યયન અધ્યાપનાબારઉપાંગ
ગુણપચવીસ અલંકૃત, સુકૃત પરમ રમણીક
શ્રી ઉવજ્ઝાય નમીજે, સૂત્ર ભણાવે ઠીક ॥૮૬॥

સૂત્ર ભણીએ સખર જેહ પાસે, ઉપાધ્યાય જે અર્થ ભાખે
તેહ આચાર્ય એ ભેદ લહીએ, દોઈમાં અધિક અંતર ન કહીએ ॥૮૭॥

સંગ્રહ કરત ઉપગ્રહ, નિજ વિષયે શિવ જાય
ભવ ત્રીજે ઉત્કર્ષથી, આચારય ઉવજ્ઝાય,
એક વચન ઇહાં ભાખ્યો, ભગવઇવૃત્તિ લેઇ
એકજ ધર્મી નિશ્ચય, વ્યવહારે દોઈ ભેઇ ॥૮૮॥

સૂરિ ઉવજ્ઝાય મુનિ ભાવિ અપ્પા ગુણ થકી ભિન્ન નહીં જે મહપ્પા
નિશ્ચયે ઈમવદે સિદ્ધસેન, થાપના તેહ વ્યવહાર દેન ॥૮૯॥

વૃત્ત સુત્ત ઉવઓગે, કરણ નઇ અત્થિંસદ્
જ્ઝાયતિ ઝાણે પૂરે, આતમનાણની હદ
પણિનિરુત્તિં ઉવજ્ઝાય, પ્રાકૃત વાણિ પ્રસિદ્ધ
આવશ્યક નિર્યુકતે, ભાખ્યો, અર્થ સમૃદ્ધ ॥૯૦॥

ભાવ અધ્યયન અજ્ઝયણ એણે, ભાવ ઉવજ્ઝાય તિમ તત્વ વયણેં
જેમ શ્રુત કેવલી સયલનાણેં, વ્યવહતે નિશ્ચયેં અપ્પઝાણેં ॥૯૧॥

સંપૂરણશ્રુત જાણે, શ્રુત કેવળી વ્યવહાર
ગુણ દ્વારા એ આતમ-દ્રવ્યનો જ્ઞાન પ્રકાર
શ્રુતથી આતમા જાણે, કેવલ નિશ્ચયસાર
શ્રુત કેવલી પરકાશે, તિહાં નહીં ભેહ વયાર (વિચાર) ॥૯૨॥

જોડીએ જબહી તે તે ઉપાધે, તબહી ચિન્માત્ર કેવલ સમાધેં
તેહ ઉવજ્ઝાયપદને વિચારે, તેહ ઇક દીપ છે, જગમઝારે ॥૯૩॥

ઉપાધ્યાય, વરવાચક, પાઠક, સાધક સિદ્ધ
કરગ, ઝરગ, અધ્યાપક, કૃતકર્મા શ્રુતવૃદ્ધ
શિક્ષક, દીક્ષક, સ્થવિર, ચિરંતન રત્ન વિશાલ
મોહજ્યા પારિચ્છક જિત પરિશ્રમ વૃત્તમાલ ॥૯૪॥

સામ્યધારી, વિદિતપદ વિભાગ, કુતિયાવણ, વિગત દ્વેષરાગ
અપ્રમાદી, સદા નિર્વિષાદિ, અદ્ધયાનંદ આતમ પ્રવાદી ॥૯૫॥

નામ અનેક વિવેક, વિશારદ પારદ પુણ્ય
પરમેશ્વર આજ્ઞાયુત ગુણ સુવિશુદ્ધ અગણ્ય
નમીએ શાસન-ભાસન પતિત પાવન ઉવજ્ઝાય
નામ જપતા જેહનું, નવનિધિમંગલ થાય ॥૯૬॥

નિત્ય ઉવજ્ઝાયનું ધ્યાન ધરતાં, પામીએ સુખ નિજચિત ગમતા
હૃદય દુર્ધ્યાન વ્યંતર ન બાધ, કોઇ વિરુઓ ન વયરી વિરાધે ॥૯૭॥

નમસ્કાર ઉવજ્ઝાયને, વાસિત જેહનું ચિત્ત
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત
આર્તધ્યાન તસુ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિ વાસ
ભવક્ષય કરતા સમરતા, લહીએ સુકૃત ઉલ્લાસ ॥૯૮॥

ઉપાધ્યાય પદવર્ણન સમાપ્ત

શિવપદાલંબ સમરત્થ બાહુ, જેહ છે લોકમાં સવ્વ સાહૂ
પ્રેમથી તેહનું શરણ કીજે, ભેદન વિચિત્ર રીતે ગણીજે ॥૯૯॥

કર્મભૂમિ પન્નરવર, ભરતૈરવત વિદેહ
ક્ષેત્રમાં પંકજે નેત્ર જે, સાધુ અમાય નિરેહ
એક પૂજે સવિ પૂજીઆ, નિંદિઆ નિંદે એક
સમ ગુણઠાણા રે નાણી, એ પદ સર્વ વિવેક ॥૧૦૦॥

લોકસન્ના વમી ધર્મ ધારે, મુનિ અલૌકિક સદા દશ પ્રકારે
લાભ અણલાભ માનાપમાન, લેખવે લોષ્ટુ કાંચન સમાન ॥૧૦૧॥

ખંતિ અજ્જવ મદવ, મુત્તીપણ તસ મર્મ
તે ઉવયાર વયાર વિવાગ, વચન વલિ ધર્મ
લૌકિક ત્રિણ્ય લોકોત્તર, બે છઇ તે તસ હોઇ
છટ્ઠુ ગુણઠાણુ ભવઅટવી લંઘન જોઇં ॥૧૦૨॥

તપ નિયાણે રહિત તસ અખેદ, શુદ્ધ સંયમ ધરે સત્તર ભેદ
પંચ આશ્રવ કરણ ચઉ કષાય, દંડ ત્રિક વર્જને શિવ ઉપાય ॥૧૦૩॥

ગુરુ સૂત્રાનુજ્ઞાએ, હિતમિત્ત ભાષણ સત્ય
પાયચ્છિત જલે, મલગાલન શૌચવિચિત્ત

પંખી ઉપમાએ, ધર્મોપકરણ જેહ ધરંત
તેહ અકિંચન ભાવ છે, તેણિં મુનિરાય મહંત ॥૧૦૪॥

બંભમણ વિત્તિતણુ, ફરિસરુવ, સદમણ ત્યજ ઉપવિયાર કૂવ
બંભમણ વિત્તિ બંભે જે ભાખી, તે ક્ષયોપશમ ગતિ સૂત્ર દાખી ॥૧૦૫॥

બ્રહ્મચારીએ બ્રહ્મ કહ્યો સઘળો આચાર
તિહાં મનવૃત્તિ પ્રતિક્ષા, ક્ષય ઉપશમ વિસ્તાર
તે વિણ બંભ અણુત્તર, સુરને નવિ હુએ તંત
મન વિરોધ પણ શુદ્ધ તે, બંભ કહે ભગવંત ॥૧૦૬॥

એમ દશ ધર્મ પાળે વિચિત્ર, મૂલ ઉત્તર ગુણે મુનિ પવિત્ર
ભ્રમર પરિ ગોચરી કરીય ભુંજે, શુદ્ધ સજ્ઝાય અહનિશિ પ્રયુંજે ॥૧૦૭॥

કલેશનાશિની દેશના, દેત ગણેન પ્રયાસ
અસંદીન જિમદ્વીપ તથા ભવિજન આશ્વાસ
તરણ તારણ કરુણાપર, જંગમ તીરથ સાર
ધન ધન સાધુ સુહંકર, ગુણ મહિમા ભંડાર ॥૧૦૮॥

સમઅનાબાધ સુખના ગવેષી, ધર્મમાં થિર હૃદય હિત ઉલ્લેખી
એહવા મુનિનું ઉપમાન નાહિ, દૈત્ય નરસુરસહિત લોકમાંહિ ॥૧૦૯॥

ષટ વ્રત કાય છરક્ષક નિગ્રહે ઈંદ્રિય લોભ
ખંતિભાવ વિસોહી પહિલેહણ થિર શોભ
અશુભ રોધ યોગકરણ, તપશુદ્ધિ જગીશ
શિતાદિક મરણાંતિક, સહે ગુણ સત્તાવીશ ॥૧૧૦॥

મુનિ, મહાનંદ, અર્થી, સંન્યાસી, ભિક્ષુ, નિર્ગ્રન્થ, આતમ ઉપાસી
મુક્ત, માહણ, મહાત્મા, મહેશી, દાન્ત, અવધૂત નિતિ શુદ્ધ લેશી ॥૧૧૧॥

શાન્ત, વહક, વર અશરણ-શરણ, મહાવ્રત ધાર
પાખંડી, અર્થખંડી, દંડવિરત, અણગાર
લૂહ, અભવ, તીરાર્થી, પૂર્ણ, મોહદય, કામ
અબુદ્ધ જાગરિકા, જાગર, શુદ્ધ, અધ્યાતમ ધામ ॥૧૧૨॥

જેષ્ઠ સુત જિન તણો, ઉધ્વરેતા, ઉન્મનીભાવ, ભાવક, પ્રચેતા
અનુભવી, તારક, જ્ઞાનવંત, જ્ઞાનયોગી, મહાશય, ભદંત ॥૧૧૩॥

તત્ત્વજ્ઞાની, વાચંયમ, ગુર્મેદ્રિય, મનગુપ્ત,
મોહજયી ઋષિ, શિક્ષિત, દીક્ષિતકામ, અલુપ્ત,

ગોમા, ગોપતિ, ગોપ, અગોપ્ય, અકિંચન, ધીર
સર્વસહ, સમતામય, નિઃપ્રતિકર્મ, શરીર ॥૧૧૪॥

શ્રમણ, કૃતિ દ્રવ્ય, પંડિત પુરોગ, અગર, અવિષાનનુષ્ઠાનરોગ,
અમૃત, તદ્ધેતુ, કિરિયા વિલાસી, વચનધર્મ ક્ષમા શુભ અભ્યાસી ॥૧૧૫॥

શુક્લ શુક્લ અભિજાત્ય, અનુત્તર ઉત્તર શર્મ
મગ્ન, અતંત્ર, અતંદ્રિય, મુદ્રિત, કરણ, ઊંઅકર્મ
દીર્ણ માત સંતીર્ણ, સમાન તે સંખ્યપ્રધાન
પ્રતિ સંખ્યાન વિચક્ષણ, પ્રત્યાખ્યાન વિધાન ॥૧૧૬॥

નામ ઇત્યાદિ મહિમા સમુદ્ર, સાધુ અકલંકની છે અમુદ્ર
સર્વલોકો જિકે બ્રહ્મચારી, તેહને પ્રણમીએ ગુણ સંભારી ॥૧૧૭॥

નમસ્કાર અણગારને, વાસિત જેહનું ચિત્ત
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિવાસ
ભવક્ષય કરતાં રે સમરતાં, લહીએ સુકૃત અભ્યાસ ॥૧૧૮॥

પંચનવકારએ સુપ્રકાશ, એહથી હોવ સવિ પાપનાશ
સકલમંગલતણુ એહમૂલ, સુજસ વિદ્યા વિવેકાનુકૂલ ॥૧૧૯॥

સાધુ પદવર્ણન સમાપ્ત

શ્રી નવકાર સમો જગિ મંત્ર ન યંત્ર અન્ય
વિદ્યા નવિ ઔષધ નવિ, એહ જપે તે ધન્ય
કષ્ટ ટળ્યા બહુ એહને, જાપે તુરત કિદ્ધ
એહના બીજની વિદ્યા, નમિવિનમિને સિદ્ધ ॥૧૨૦॥

સિદ્ધ ધર્માસ્તિકાયાદિ, દ્રવ્ય, તિમજ નવકાર એ ભણે ભવ્ય
સર્વશ્રુતમાં વડો એ પ્રમાણ્યો, મહાનિશિથે ભલિ પરિ વખાણ્યો ॥૧૨૧॥

ગિરિમાંહિ જિમ સુરગિરિ, તરુમાંહિ જેમ સુરશાલ
સાર સુગન્ધમાં ચંદન, નંદન વનમાં વિસાલ
મૃગમાં મૃગપતિ ખગપતિ, ખગમાં તારામાં ચંદ્ર
ગંગ નદીમાં અનંગ, સરુપમાં દેવમાં ઇંદ્ર ॥૧૨૨॥

જિમ સ્વયંભૂરમણ ઉદધિમાંહિ, શ્રીરમણ સકલ સુભટમાંહિ
જિમ અધિક નાગમાંહિ નાગરાજ, શબ્દમાં જલદ ગંભીર ગાજ ॥૧૨૩॥

રસમાંહિ જેમ ઇક્ષુરસ, ફૂલમાં જિમ અરવિંદ
ઔષધમાંહિ સુધા, વસુધા ધવમાં રઘુનંદ
સત્યાદિમાં યુધિષ્ઠિર, ધીરમાં ધ્રુવ અવિકંપ
મંગલમાંહિ જિન ધર્મ, પરિચ્છદ સુખમાં સંપ ॥૧૨૪॥

ધર્મમાંહિ દયા ધર્મ મોટો, બ્રહ્મ વ્રતમાંહિ વજ્રર કછોટો
દાનમાંહિ અભયદાન રુડું, તપમાંહિજે કહેવું નકુડુ ॥૧૨૫॥

રતન માંહિ સારો હીરો, નીરોગી નરમાંહિ
શીતલ માંહિ ઉસીરો, ધીરો વ્રતધર માંહિ
તિમ સવિ મંત્રમા સારો, ભાખ્યો શ્રી નવકાર
કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર ॥૧૨૬॥

તજે એ સાર નવકારમંત્ર, જે અવરમંત્ર સેવે સ્વતંત્ર
કર્મ પ્રતિકૂલ બહુલ સેવે, સુરતરુ ત્યાજી આપ ટેવે ॥૧૨૭॥

એહને બીજે રે વાસિત હો યે ઉપાસિત મંત
બીજો પણિ ફલદાયક, નાયક છે એ તંત
અમૃત ઉદધિ કુસારા, સારા હરત વિકારા
વિષના તે ગુણ અમૃતનો, પવનનો નહિ રે લગાર ॥૧૨૮॥

જેહ નિર્બીજ તે મંત્ર જૂઠા, ફલે નહીં સાહમા હુઈ અપુઠા
જેહ મહામંત્ર નવકાર સાધે, તેહ દોય લોક અલવે આરાધે ॥૧૨૯॥

રતનતણી જિમપેટી, ભાર અલ્પ બહુમૂલ
ચૌદ પૂરવનું સાર છે, મંત્ર એ તેહને તુલ્ય
સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ
મહાસુઅખંધ તે જાણો, ચૂલાસહિત સુજાણ ॥૧૩૦॥

પંચ પરમેષ્ટિ ગુણગણ પ્રતિતા, જિન ચિદાનંદ મોજે ઉદીતા
શ્રી યશોવિજય વાચક પ્રણીતા, તેહએ સાર પરમેષ્ઠિ ગીતા ॥૧૩૧॥

નવપદના ખમાસમણા

અરિહંત ભગવંત÷પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન ।
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જિન ભાણ ॥

સિદ્ધ ભગવંત÷ગુણ નિર્મળ થયા, સહજ સ્વરુપ ઉજાસ ।
અષ્ટકર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ॥

આચાર્ય ભગવંત÷છત્રીસ-છત્રીસી ગુણે કરી, યુગપ્રધાન મુણીંદ ।
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ ।

ઉપાધ્યાય ભગવંત÷બોધ સૂક્ષ્મવિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત ।
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ॥

સાધુ ભગવંત÷સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતાં સંગ ।
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ ॥

દર્શન પદ÷લોકાલોકનાં ભાવ જે, કેવલી ભાષિત જેહ ।
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ ॥

જ્ઞાન પદ÷અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ ।
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ॥

ચારિત્ર પદ÷રત્નત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સહી ।
ભાવરત્નનું નિધાન છે, જય જય સંજમ જીવ ॥

તપપદ÷કર્મ ખપાવે ચીંકણા, ભાવ મંગલ તપ જાણ ।
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ ॥

નવપદની માંડલા સન્મુખ બોલવાની સ્તુતિ

અરિહંત પદ÷સકલ દ્રવ્ય પર્યાય પ્રરુપક, લોકાલોક સરુપો જી,
કેવલજ્ઞાનકી જ્યોતિ પ્રકાશક, અનંત ગુણે કરી પૂરો જી,
ત્રીજે ભવ થાનક આરાધી, ગોત્ર તીર્થંકર નૂરો જી,
બાર ગુણાકર એહવા અરિહંત, આરાધો ગુણ ભૂરો જી..... ॥૧॥

સિદ્ધપદ÷અષ્ટ કરમકું ધમન કરીને, ગમન કીયો શિવવાસી જી,
અવ્યાબાધ સાદિ અનાદિ, ચિદાનંદ ચિદ્રાશિ જી,

પરમાતમ પદ પૂરણ વિલાસી, સઘ ઘન દાઘ વિનાશી જી,
અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવલજ્ઞાની ભાષી જી.... ॥૨॥

આચાર્ય પદ÷પંચાચારકું પાલે અજવાળે, દોષ રહિત ગુણધારીજી,
ગુણ છત્તીસ આગમધારી, દ્વાદશ અંગ વિચારીજી,
પ્રબલ સબલ ઘનમોહ હરણકું, અનિલ સમો ગુણવાણીજી,
ક્ષમા સહિત જે સંયમ પાળે, આચારજ ગુણ ધ્યાની જી... ॥૩॥

ઉપાધ્યાય પદ÷અંગ ઇગ્યારે ચૌદે પૂરવ, ગુણ પચવીશના ધારી જી,
સૂત્ર અરથધર પાઠક કહીએ, જોગ સમાધિ વિચારી જી,
તપ ગુણ શૂરા આગમ પૂરા, નય નિક્ષેપે તારીજી,
મુનિ ગુણધારી, બુધ વિસ્તારી, પાઠક પૂજે અવિકારીજી.... ॥૪॥

સાધુપદ÷સમિતિ ગુપ્તિકર સંજમ પાલે, દોષ બયાલીશ ટાલેજી,
ષટ્કાય ગોકુલ રખવાલે, નવવિધ બ્રહ્મવ્રત પાળેજી,
પંચ મહાવ્રત સુધા પાલે, ધર્મ શુક્લ અજવાલે જી,
ક્ષપકશ્રેણી કરી કર્મ ખપાવે, શમ પદ ગુણ ઉપજાવે જી.... ॥૫॥

દર્શન પદ÷જિણ પન્નત તત્ત સુધા શ્રદ્ધે, સમકિત ગુણ ઉજવાલેજી,
ભેદ છેદ કરી આતમ નિરખી, પશુ ટાલી સુર પાવે જી,
પ્રત્યાખ્યાને સમતુલ ભાખ્યો, ગણધર અરિહંત સૂરાજી,
એ દરશન પદ નિત નિત વંદો, ભવ સાગરકો તીરાજી.... ॥૬॥

જ્ઞાન પદ÷મતિ શ્રુત ઇન્દ્રિય જનિત કહીએ, લહીએ ગુણ ગંભીરોજી,
આતમધારી ગણધર વિચારી, દ્વાદશ અંગ વિસ્તરોજી,
અવધિ મનઃ પર્યવ કેવલ વલી, પ્રત્યક્ષ રુપ અવધારોજી,
એ પંચજ્ઞાનકું વંદો પૂજે, ભવિજનને સુખકારોજી... ॥૭॥

ચારિત્ર પદ÷કર્મ અપચય દૂર ખપાવે, આતમ ધ્યાન લગાવેજી,
બાર ભાવના સુધી ભાવે, સાગર પાર ઉતારેજી,
ષટ્ખંડ રાજકું દૂર તજીને, ચઢી સંજમ ધારેજી,
એહવો ચારિત્રપદ નિત વંદો, આતમગુણ હિતકારેજી.... ॥૮॥

તપ પદ÷ઇચ્છારોધન તપ તે ભાખ્યો, આગમ તેહનો સાખીજી,
દ્રવ્યભાવસે દ્વાદશ દાખી, જોગ સમાધિ રાખીજી,

ચેતન નિજગુણ પરિણતિ, પેખી, તેહી જ તપગુણ દાખીજી,
લબ્ધિ સકલનો કારણ દેખી, ઇશ્વર સે મુખ ભાખીજી..... ॥૯॥

સિદ્ધચકનાં ગુણોનાં શ્લોકો

અર્હદ્ ગુણો – ૧૨

અશોકાખ્યાં વૃક્ષં, સુર વિરચિતં પુષ્પ નિકરં,
ધ્વનિં દિવ્યં શ્રવ્યં, રુચિર ચમરાવાસનવરમ્
વપુર્ભાસં ભારં, મધુર રવં દુન્દુભિમથ
પ્રભોઃ પ્રેક્ષ્યચ્છત્ર, ત્રયમધિમનઃ કસ્ય ન મુદઃ... ॥૧॥

અપાયાપગમો જ્ઞાનં, પૂજા વચનમેવય,
શ્રીમત્તીર્થકૃતાં નિત્યં, સર્વેભ્યોપ્યતિશેરતે... ॥૨॥

સિદ્ધ ગુણો – ૮

અનન્તં કેવલજ્ઞાનં, જ્ઞાનાવરણ સંક્ષયાત
અનન્તં દર્શનં ચાપિ, દર્શનાવરણ ક્ષયાત્... ॥૧॥

ક્ષાયિકે શુદ્ધ સમ્યકત્વ, ચારિત્રે મોહ નિગ્રહાત્
અનન્તે સુખ વીર્યે ચ, વેદ્ય વિઘ્ન ક્ષયાત્ કમાત્... ॥૨॥

આયુષઃ ક્ષીણભાવત્વાત્, સિદ્ધાનામક્ષયાસ્થિતિઃ
નામ ગોત્ર ક્ષયા દેવામૂર્તાનન્તાવગાહના.... ॥૩॥

આચાર્ય ગુણો – ૩૬

પ્રતિરુપાદ્યાશ્ચતુર્દશ ક્ષાન્ત્યાદિર્દશવિધઃ શ્રમણધર્મઃ
દ્વાદશ ભાવના ઇતિ સૂરિ ગુણા ભવન્તિ ષટ્ત્રિંશત્.... ॥૧।

ઉપાધ્યાય ગુણો – ૨૫

અંગાન્યેકાદશાઃ વૈ પૂર્વાણિ ચતુર્દશાર્પિયોદિતે
અધ્યાપયતિ પરેભ્યઃ પંચવિંશતિ ગુણ ઉપાધ્યાય... ॥૨॥

સાધુ ગુણો – ૨૭

વ્રતષટકં કાયરક્ષાઃ પંચેન્દ્રિય લોભનિગ્રહઃ ક્ષાન્તિઃ
ભાવવિશુદ્ધિઃ પ્રતિલેખનાદિકરણે વિશુદ્ધિશ્ચ.... ॥૧॥

સંયમયોગો સુયોગોકુશલ મનોવચઃકાય સંરોધાઃ
શીતાદ્યાધિવિષહનં મરણાદ્યુપસર્ગ સહનં ચ.... ॥૨॥

સમ વિંશતિ સુગુણૈરન્યૈશ્ચયો વિભૂષિતઃ સાધુઃ
જિનશાસન પ્રવેશે દ્વાર સમો રમ્યગુણ નિવહઃ... ॥૩॥

સમ્યગદર્શન ભેદાઃ – ૬૭

શ્રદ્ધા[૪] લિંગ[૩] વિનયાઃ[૧૦] શુદ્ધિ[૩] દોંષાઃ[૫] પ્રભાવના[૮] ભણિતાઃ
ભૂષણ[૫] લક્ષણ[૫] યતના[૬] આકારા[૬] ભાવના[૬] ધ્યેયાઃ... ॥૧॥
સ્થાનાન્યેતે[૬] ભેદૈરલંકૃતં દર્શનમિતિ વિશુદ્ધમ્
જ્ઞાનક્રિયયો મૂલં શિવસાધન માત્મસૌખ્યમિદમ્ ॥૨॥

જ્ઞાન ભેદાઃ – ૫૧

અષ્ટાવિંશતિભેદાઠ્યા મતિઃ પૂર્વમિતં શ્રુતમ્
ષોઢાચાપ્યવધિ દ્વૈધા મનઃપર્યવમીરિતમ્.... ॥૧॥

એકં કેવલમાખ્યાત મેક પંચાશદિત્યમી
જ્ઞાનભેદા જિનૈરુકતા ભવ્યાંભોજ વિકાસકાઃ.... ॥૨॥

ચારિત્ર ભેદાઃ–૭૦

[૫]વ્રત [૧૦]ધર્મ [૧૭]સંયમાસ્ત્રિદહ [૧૦]વૈયાવૃત્યાનિ [૯]ગુપ્તયો નવ વૈ
[૩]જ્ઞાનાદિ ત્રિકમિહ [૧૨]તપઃ કોધાદિ [૪]નિરોધનં ચ ચારિત્રમ્.... ॥૧॥

તપો ભેદાઃ – ૫૦

દ્વિવિધં સ્યાદનશન મૌનોદર્યં તથા દ્વિધા,
ચતુર્ધા વૃત્તિ સંક્ષેપઃ રસત્યાગસ્તથૈક્ધા.... ॥૧॥

એકધા કાયકલેશઃ સંલીનત્વં તથા દ્વિધા
એવં બાહ્યતપોભેદાઃ દ્વાદશ શ્રી જિનોદિતાઃ.... ॥૨॥

દશધા પ્રાયશ્ચિતં સ્યાત્ સમ વિનયસ્તથા
વૈયાવૃત્યં દશવિધં સ્વાધ્યાયઃ પંચધામતઃ.... ॥૩॥

ચતુર્વિધં તથા ધ્યાનમુત્સર્ગો દ્વિવિધસ્તથા
અષ્ટાત્રિંશદિમે ભેદાસ્તપસોઽભ્યન્તર સ્યૈવ.... ॥૪॥

પંચાશત્સંખ્યયા ધ્યેયાઃ નિર્જરાર્થિ મનીષિભિઃ
અન્યથાપ્યથવા ભેદાઃ પદાનાં પરિકીર્તિતાઃ.... ॥૫॥

નવપદજીની આરતી

(૧)

જય જય જગ જન વંછિતપૂરણ, સુરતરુ અભિરામી (૨)
આતમરુપ વિમલકર તારક, અનુભવ પરિણામી... જય... ॥૧॥
જય જય જગ સારા, ભવિજન આધાર (૨)
આરતી પાર ઉતારા, સિદ્ધચક્ર સુખકારા... જય... ॥૨॥
જગનાયક જગગુરુ જિણચંદા, ભજ શ્રી ભગવંતા (૨)
આતમરામ રમા સુખ ભોગી, સિદ્ધ ભગવંતા... જય... ॥૩॥
પંચાચાર દીપે આચારજ, યુગવર ગુણધારી (૨)
ધારક વાચક સૂત્ર-અર્થના, પાઠક ભવતારી... જય... ॥૪॥
શમ દમ રુપ સકલ ગુણધારક, મહોટા મુનિરાય (૨)
દરિસણ નાણ સદા જયકારક, સંજમ તપ ભાય... જય... ॥૫॥
નવપદ સાર પરમગુરુ ભાખે, સિદ્ધચક્ર સુખકારી (૨)
ઇહભવ પરભવ ઋદ્ધિ સિદ્ધિદાયક, ભવસાયર વારી... જય... ॥૬॥
કરજોડી સેવક જસ ગાવે, મનવાંછિત પાવે (૨)
શ્રી જિનચંદ ચરણ પરિપૂજક, શિવ કમલા પાવે... જય... ॥૭॥

(૨)

સિદ્ધચક્ર પદ સેવતા એ, સહજાનંદ સ્વરુપ,
અમૃતમય કલ્યાણ નિધિ, પ્રગટે ચૈતન્ય ભૂપ
ભવિજન મંગલ આરતિ કરીએ, જનમ જનમકી આરતિ હરીએ.... ॥૧॥
આરતી પ્રથમ જિનેશ્વરકી, દારુણ વિઘ્ન નિવારણીકી,
દુજેપદ શ્રી સિદ્ધ મુણીંદા, આરતી કરત મીટત ભવ ફંદા..... ॥૨॥
ત્રીજે પદ શ્રી સૂરિ મહંતા, મારગ શુદ્ધ પ્રકાશ કરંતા,
ચોથે પદ પાઠક ગુણવંતા, આરતી કરત હરત ભવચિંતા..... ॥૩॥
પાંચમી આરતી સાધુ કેરી, કુગતિ નિવારણ શુભગતિ સેરી,
શિવ સુખકારણ શ્રી જિનવાણી, છઠ્ઠી આરતી તાસ વખાણી... ॥૪॥
સાતમી આરતી આનંદકારી, સમકિત વ્રત ગ્રહ પ્રતિમાધારી,
યહ વિધિ મંગલ આરતિ ગાવે, શુદ્ધ ક્ષમા કલ્યાણ તે પાવે.... ॥૫॥

(૩)

શ્રી નવપદ પ્રાણી નિત્ય ધ્યાવો, પંચમ ગતિ સાસય સુખ પાવો... શ્રી....
ધુરથી અરિહંત પદ ધ્યાઈજે, સ્થિરતાએ શ્રી સિદ્ધ થુણીજે.... શ્રી....
આચારજ ત્રીજે આરાધો, શુદ્ધ મને નિજ કારણ સાધો.... શ્રી....
ઉપાધ્યાય પંચમ અણગારા, પ્રણમંતા પામે ભવપારા... શ્રી....
દંસણ નાણ ચરણ ભલા દીપે, તપ તપતા કર્મ અરિને જીપે.... શ્રી....
એ નવપદ પ્રાણી નિત્ય થુણંતા, ગિરુઆ નરભવ સકલ ગણંતા... શ્રી....
શ્રી સિદ્ધચક્રની કીજે સેવા, મનવાંછિત લીયે નિત્ય મેવા.... શ્રી....
અજર અમર સુખદાયક સાચો, રુડા મનથી નિત્ય નિત્ય રાચો.... શ્રી....

(૪)

જય જય આરતિ નવપદ તેરી, આશ ફળી સબ આજ હમેરી..... જય....
પહેલે પદ અરિહંતને ધ્યાવો, જનમ પાપ ગમાવો..... જય....
બીજે સિદ્ધ બુધ ધ્યાન લગાવો, સુર નરનારી મિલી ગુણ ગાવે.... જય....
ત્રીજે સૂરિ શાસન શોભાવે, ચોથે પાઠક પાઠ ભણાવે.... જય....
ધર્મ સેવનમેં સાધુ શૂરા, દર્શન જ્ઞાન સંયમ તપ પૂરા.... જય...
સકલ દેવ-ગુરુ-ધર્મને સેવો, ચઉગતિ ચૂરણ અનુપમ મેવો.... જય...
નવપદ ધ્યાન ધરો ભવિ ભાવે, ઋદ્ધિ સિદ્ધિ સબ રંગભર આવે.... જય...
ઉજ્જૈન નગરે શ્રી શ્રીપાળે, સેવ્યા સહ મયણા ત્રિકાળે.... જય...
જય જય મંગલ, જય જય બોલે, નવપદ ચંદ્ર પ્રસાદ અમોલે... જય...

(૫)

ૐ ૐ ૐકારા નમીએ (૨) ૐકાર સ્વરુપ મે રમીએ (૨)
તો ભવના દુઃખ ગમીએ, જય પરમેષ્ઠી
પહેલી આરતી અરિહંતજી કી કરીએ, ભગવંતજી કી કરીએ,
દ્વાદશ ગુણ ચિત્ત ધરીએ (૨) તો અરિહંત પદ વરીએ... જય પરમે... ॥૨॥
દૂસરી આરતી સિદ્ધજી કી કીજે, સિદ્ધજી કી કીજે,
અષ્ટગુણ સમરીજે (૨) તો અષ્ટ કર્મ છીજે... જય પરમે.. ॥૩॥
તીસરી આરતી આચારજ જાણો, આચારજ જાણો,
ગુણ છત્તીસ પહાણો (૨) શિરવહુ તસ આણો.... જય પરમે... ॥૪॥
ચોથી આરતી ઉપાધ્યાય ધ્યાવો (૨) ઉપાધ્યાય ધ્યાવો
ગુણ પચવીશ કો ગાવો (૨) પ્રણમુ તસ પાવો.... જય પરમે... ॥૫॥

પાંચમી આરતી સકલ સાધુ કેરી, સકલ સાધુ કેરી
મીટાવે ભવ ફેરી (૨) તે સેવા કરું તેરી... જય પરમે... ॥૬॥
એ પાંચ પદો કી આરતી (૨) જે કોઇ ગાસી, જે કોઇ ગાસી
સમકીત રત્ન અભ્યાસી સો શિવ પદ વાસી શુદ્ધ ગતિ મેં જાસી.. જય પરમે. ॥૭॥

ગહુંલી

(૧) મીઠી મધુરી વાત

(રાગ : આવો આવો દેવ મારાં...)

મીઠી મધુરી વાત, સુણવા આવો સૌ સંઘાતે,
સુણવા શ્રીપાલ મયણા વાત.... ॥૧॥
ગૌતમ સ્વામી દેશના આપે, સાંભળે શ્રેણીક રાય,
નિર્મળ ભાવે નવપદ સેવો, જેથી પાપ પલાય... સુણવા... ॥૨॥
પ્રજાપાલ રાજાની બેટી, શીખે પાઠક પાસ,
મયણાને સુરસુંદરી બેઉ, નિત્ય કરે અભ્યાસ.... સુણવા... ॥૩॥
એકદિન સમસ્યા પૂછી પુત્રીને, જાણી ચતુર સુજાણ,
રાજા કહે છે જે માંગે તે, આપુ વાંછિત દાન.... સુણવા.... ॥૪॥
અભિમાને કહે છે રાજા, હું સુખ દુઃખ દેનાર
સુરસુંદરી કહે સાચું પિતા, તુમ વિણ કોણ આધાર.... સુણવા.... ॥૫॥
મયણા મુખ દેખીને પૂછે, ગમે ન તુજને કેમ,
મયણા કહે સુખ દુઃખ પામીજે, કર્મ કર્યા હોય તેમ.... સુણવા.... ॥૬॥
રોષ કરી નૃપ ગયો રયવાડી, કોઢી મળ્યા તેણી વાર,
વાત સુણી તેહની કહે રાજા, આવજો સભા મોઝાર.... સુણવા.... ॥૭॥
હું મુજ પુત્રી આપીશ તુજને, શંકા ન કરશો લગાર,
એમ કહી આવ્યો રાજસભામાં, કહે પુત્રીને તે વાર... સુણવા..... ॥૮॥
હે પુત્રી તું વર કોઢીને, કર્મો આણ્યો તુજ નાથ,
મયણાં મનમાં દુઃખ ન આણે, ઝાલે ઉંબર હાથ... સુણવા..... ॥૯॥
ઉંબર રાણો કહે મુજ સંગથી, વિણસશે તુજ કાય,
હજી વિમાસી વર કર બીજો, મયણાથી ન ખમાય.. સુણવા... ॥૧૦॥
હેમલત્તા શ્રી સિદ્ધચક્રનાં ગાવે છે ગુણગાન
સાંભળજો સહુ ચિત્ત દઇને, ધરજો નવપદ ધ્યાન.... સુણવા.... ॥૧૧॥

(૨) પ્રાણનાથ ચાલો

(રાગ : વ્રત સાતમે વિરતિ આદરું.....)

પ્રાણનાથ ચાલો જીવનમંદિરે રે લોલ, જીન દર્શને પાપ પલાય જો,
પ્રિયા સાથે રાણો ગયો મંદિરે રે લોલ, કર્યા દર્શનને આનંદ થાય જો....
પુણ્ય પ્રગટયાને દુઃખ દૂરે ટળ્યા રે લોલ... ॥૧॥

પ્રભુ પૂજા કરી શુભ ભાવથી રે લોલ, ત્યાં થયો ત્યારે ચમત્કાર જો,
ઉપાશ્રયે આવી ગુરુ વાંદિયા રે લોલ, સુણી વાણી ગુરુની મનોહાર
જો-પુણ્ય.... ॥૨॥

મુનિ પૂછે છે આજ કેમ એકલી રે લોલ, બીજો નરરત્ન કોણ સાથ જો,
ત્યારે મયણા કહે નિજ વાતડી રે લોલ, આ છે કર્મે દીધો મુજનાથ
જો-પુણ્ય.... ॥૩॥

મને દુઃખ નથી કોઇ વાતનું રે લોલ, ધર્મ નિંદાનું દુઃખ મને થાય જો,
તુમ શ્રાવકનો રોગ મટાડવાં રે લોલ, આપો યંત્ર મંત્ર કે ઉપાય
જો-પુણ્ય.... ॥૪॥

મુનિ યંત્ર આપી લાભ જાણીને રે લોલ, બેઉએ કર્યો તેનો સ્વીકાર જો,
આસો સુદી સાતમથી આદરે રે લોલ, નવ આંબિલ દુઃખ હરનાર
જો-પુણ્ય.... ॥૫॥

નવપદ આરાધી ભાવથી રે લોલ, રોગ રહિત થયો શ્રીપાલ જો,
હેમલત્તાશ્રી નવપદને નમે રે લોલ, જેથી ભાંગે સર્વ જંજાળ
જો-પુણ્ય.... ॥૬॥

(૩) એક દિન

(રાગ : મીઠા લાગ્યા છે મને....)

એક દિન શ્રીપાલ રમવા ચાલ્યો, વાટે સુણી એક વાત રે.... સાંભળ જો વાત એ મીઠડી....
અજ્ઞાન બાળા માતાને પૂછતી, જાયે કોણ ઇન્દ્ર કે ચંદ્ર રે.... સાંભળ જો.... ॥૧॥
જનની કહે પુત્રીને આ છે રાજજમાઇ સુણી થયુ કુંવરને દુઃખ રે....સાંભળ જો... ॥૨॥
આવી કહે માતને આશિષ આપો મને, મારે જવું પરદેશ રે.... સાંભળ જો... ॥૩॥
મયણા કહે નાથને આવીશ સંઘાતે, તુમ વિયોગ ન ખમાય રે... સાંભળ જો.... ॥૪॥
પ્રિયાને શીખ દઇ માત આશિષ લઇ, ચાલ્યો શુકન જોઇ પંથ રે.....સાંભળ જો... ॥૫॥
નિર્ભય થઇને સિંહ પરે ચાલતો, નવા નવા જોતો કૌતુક રે... સાંભળ જો.... ॥૬॥

વિદ્યાધર અને ધાતુવાદનું, કાર્ય કરી દીધું સિદ્ધ રે..... સાંભળ જો... ॥૭॥
વિદ્યાને સુવર્ણ આગ્રહથી લઈને, અનુક્રમે આવ્યો ભરુચ રે.... સાંભળ જો... ॥૮॥
હેમલત્તાશ્રી કહે મીઠી એ વાતડી, સાંભળ જો એક મિત્ત રે.... સાંભળ જો... ॥૯॥

(૪) લાખ લાખ વાર

(રાગ : લાખ લાખ દિવડાની આરતી...)

લાખ લાખ વાર કરું નવપદને વંદના,
વંદનાથી પાપ પલાય.... જો જો સૌ પુણ્ય પ્રભાવને....
પુત્રી મહાકાલની પરણ્યો શ્રીપાલ જો
ઠામ ઠામ પામે ઋદ્ધિ રસાલ જો, જાયે જલવાટે કુમાર.... જો... ॥૧॥
રતનદ્વીપ બંદરે ઉતર્યો શ્રીપાલ જો
જીનદાસ આવી કહે વાત રસાલ જો... જિન મંદિરની તે વાર.. જો...॥૨॥
કનકકેતુ રાજાની મંજુષા બાળ જો,
રચી આંગી ત્યાં આવે ભૂપાલ જો.... જોઈ આંગી પ્રભુની મનોહાર.. જો..॥૩॥
ચિંતા થઈ કન્યા વરની પ્રભુ પાસ જો,
બંધ થયાં દ્વાર રાજા કરે ઉપવાસ જો... પ્રભુ વિરહનું દુઃખ અપાર.. જો..॥૪॥
દિવ્યવાણી ત્યાં થઈ તેણીવાર જો,
જેનાથી ખુલશે મંદિર દ્વાર જો..... તે થાશે કન્યા ભરથાર... જો..॥૫॥
દર્શન કરવાને ચાલો મુજ સાથ જો,
શ્રીપાલ જાયે જ્યાં આદિનાથ જો, દૃષ્ટિ પડતાંને ખૂલી ગયાં દ્વાર... જો..॥૬॥
મદન મંજૂષા પરણાવે રાય જો,
હેમ નવપદનાં નિત્ય ગુણ ગાય જો, છે નવપદ તારણહાર... જો..॥૭॥

(૫) નવપદ ધ્યાને

(રાગ : વ્રત સાતમે વિરતી આદરુ....)

શેઠ રમણી ઋદ્ધિનાં લોભથી રે લોલ, નાંખ્યો સાગરમાં શ્રીપાલ જો,
મચ્છ પીઠે બેઠો તે પુણ્યથી રે લોલ, ઉતર્યો કોંકણ કાઠે રસાલ જો....
નવપદ ધ્યાને સુખીયા થયો રે લોલ.... આંકણી..... ॥૧॥
રાજપુરુષો તેને તેડી ગયાં રે લોલ, થાણાપુરે ગયો શ્રીપાલ જો,
રાજ જોષી વચને નિજ દિકરી રે લોલ, પરણાવે તેને તત્કાલ
જો.... નવપદ.... ॥૨॥

સ્થગીધર થઈ સુખે રહે રે લોલ, જ્યાં ત્યાં પામે માન જો,
હવે વહાણમાં જે થઈ વાતડી રે લોલ, તે સાંભળજો દઈ ધ્યાન
જો.... નવપદ... ॥૩॥

શેઠ હૈયે હરખે મુખથી રડે રે લોલ, સુણી સુંદરીને થયો સંતાપ જો,
થઈ બેભાન સખીઓ સાર કરે રે લોલ, ચેતન વળ્યુંને કરે વિલાપ
જો.... નવપદ.... ॥૪॥

હે નાથ ! અમને મૂકી કયાં ગયાં રે લોલ, કોણ થાશે અમારો આધાર જો,
ત્યારે શેઠ આવી કહે તેહને રે લોલ, નાથ થઈને લઈશ સંભાળ
જો.... નવપદ.... ॥૫॥

ઇંગીત વચને તેનું મન જાણીયું રે લોલ, કર્યો બેઉએ નિશ્ચય મનમાંય જો,
પડી સાગરમાં શિયળ રાખીએ રે લોલ, નથી બીજો કોઈ ઉપાય
જો..... નવપદ... ॥૬॥

શિયળ પ્રભાવથી દેવો આવીયાં રે લોલ, આપ્યાં કુંવરનાં સમાચાર જો,
દેવે શિક્ષા આપી ત્યાં રે લોલ, હેમ નમે નવપદ મનોહાર
જો..... નવપદ.... ॥૭॥

(૬) શ્રીપાલ સુખ લહે

(રાગ : રાખનાં રમકડાં...)

શ્રીપાલ સુખ લહે પુણ્યથી, દેખી ધવલ પીડાય રે,
કુબુદ્ધિ આપી તે ડૂંબને, રાજદ્વારે જઈ ગાય રે.... શ્રીપાલ..... ॥૧॥
રાજા કહે માંગો તે આપું, ડૂંબ માંગે છે સન્માન રે,
શ્રીપાલ હાથે તેહને, દેવરાવે છે પાન રે.... શ્રીપાલ..... ॥૨॥
કુંવરને દેખી ભેટી પડયા, રાજાને શંકા થાય રે,
વંશ મારો વટલાવીયો, આ તો ડૂંબ દેખાય રે.... શ્રીપાલ.... ॥૩॥
રોષ કરી તેને મારવા, નરપતિ તૈયાર થાય રે,
પુત્રી આવી કહે તાતને, આચારે કુળ પરખાય રે.... શ્રીપાલ.... ॥૪॥
રાજા પૂછે જમાઈને, કહો તુમ કુળ વંશ નામ રે,
કુંવર કહે ત્યારે તેહને, નવિ કહું નિજ નામ રે... શ્રીપાલ.... ॥૫॥
યુદ્ધ કરી કુળ ઓળખો, નહિ તો આવ્યા જે વહાણ રે,.
પ્રિયા છે તેહમાં માહરી, તેહને પૂછીને જાણ રે.... શ્રીપાલ... ॥૬॥

નૃપ તેડાવી તેહને પૂછે, તે કહી સઘળી વાત રે,
ભાણેજ છે એમ જાણીને, હરખ્યો સાતે ધાત રે..... શ્રીપાલ.... ॥૭॥

ડૂંબને શેઠ સાથે મારવા, નરપતિ આપે આદેશ રે,
કુંવર તેહને છોડાવીને, રાખે પ્રીત વિશેષ રે... શ્રીપાલ.... ॥૮॥

નવપદ ધ્યાને સુખ લહે, જ્યાં જાય ત્યાં શ્રીપાલ રે,
હેમલત્તાશ્રી સિદ્ધચક્રનાં, ગાવે ગુણ રસાલ રે.... શ્રીપાલ.... ॥૯॥

(૭) એક દિન રચવાડી

(રાગ : પાવા તે ગઢથી ઉતર્યા રે....)

એક દિન કુંવર રચવાડી ગયો રે કુંવર સોભાગી,
મલ્યો સાર્થવાહ તે વાર રે કુંવર વડભાગી.... ॥૧॥

પૂછતાં જાણી વાતડી રે કુંવર સોભાગી,
ગુણસુંદરી મનોહાર રે કુંવર વડભાગી.... ॥૨॥

ત્યાંથી આવ્યો નિજ મહેલમાં રે કુંવર સોભાગી
ધ્યાવે સિદ્ધચક્ર મનોહાર રે કુંવર વડભાગી.... ॥૩॥

દિવ્ય હારનાં પ્રભાવથી રે કુંવર સોભાગી
ગયો કુંડલપુર શ્રીપાલ રે કુંવર વડભાગી.... ॥૪॥

વીણા વાદે જીતી કુંવરી રે કુંવર સોભાગી
વરે વામન તત્કાલ રે કુંવર વડભાગી.... ॥૫॥

રાય પરણાવી નિજ બેટડી રે કુંવર સૌભાગી,
ત્યાંથી જાયે કંચનપુર ગામ રે કુંવર વડભાગી..... ॥૬॥

પરણ્યો તિલક સુંદરી રે કુંવર સૌભાગી
પછી ગયો દલપતન ઠામ રે કુંવર વડભાગી.... ॥૭॥

પરણ્યો સમસ્યા પૂરીને રે કુંવર સોભાગી
શૃંગાર સુંદરી સખી સાચ રે કુંવર વડભાગી.... ॥૮॥

રાધાવેધે જયસુંદરી રે કુંવર સોભાગી, તેડનો પણ તે થયો નાથ
તેહનો પણ તે થયો નાથ રે કુંવર વડભાગી.... ॥૯॥

થાણાપુરે તે આવીયો રે કુંવર સોભાગી,
વસુપાલ રાજા આપે રાજ રે કુંવર વડભાગી.... ॥૧૦॥

હેમ નમે સિદ્ધચક્રને રે કુંવર સોભાગી
સર્વમંત્રમાં તે શિરતાજ રે કુંવર વડભાગી... ॥૧૧॥

(૮) શ્રીપાલ માતને નમવા

(રાગ : દેખ તેરે સંસાર કી....)

શ્રીપાલ માતાને નમવા જાયે, મળવા મયણા નાર, પગ પગ પામે છે સત્કાર
સૈન્ય સંઘાતે રસ્તે જાતાં, આવ્યો નગર સોપાર, પગ પગ પામે છે સત્કાર.. ॥૧॥

મહસેન સુતા આઠમી નાર, પરણ્યો તેને વિષ ઉતારી,
આવ્યો ઉજ્જેણી તે મનોહારી, ત્યાં થઈ શત્રુની શંકા ભારી,
હાર પ્રભાવે રાત્રે જાયે, માતા પાસે કુમાર.... પગ પગ.... ॥૨॥

માતા ચરણે શિષ ઝુકાવે, નમતી પ્રિયાને પ્રેમે બોલાવે,
જનની પ્રિયા સાથે લેઈ આવે, જ્યાં તંબૂ ત્યાં હાર પ્રભાવે,
દેખે માતા આ સર્વે છે, નવપદનો ઉપકાર.... પગ પગ... ॥૩॥

સસરાને સદેશ કહાવે, કઠીયારા વેશે તેડાવે,
મંત્રી વચને તે પણ આવે, સત્કાર કરી શ્રીપાલ બોલાવે,
મયણા કહે પિતાજી દેખો, કર્મે દીધો ભરથાર.... પગ પગ.... ॥૪॥

સર્વ સ્નેહી મળી આનંદ પાવે, નાટક કરવાને ફરમાવે,
મુખ્ય નટી નવિ ઉભી થાયે, મહાકષ્ટે તેહને સમજાવે,
મૂકી નિસાસ કહે નિજની કથની, કર્મ તણી તે વાર... પગ પગ..... ॥૫॥

ક્યાં માલવ, ક્યાં શંખપુર, ક્યાં વેચાણી બબ્બર કુળમાં,
નાટક કરતી આવી ઉજ્જેણીમાં, એમ કહેતાં વહે અશ્રુ નયનમાં
પુત્રી જાણી પ્રજાપાલને, થાયે દુઃખ અપાર.... પગ પગ.... ॥૬॥

પિતા પૂછે તું કેમ વેચાણી, સુરસુંદરી કહે ત્યાં નિજ કહાણી,
મયણા સુખી થઈ સત્ય પિછાણી, હું દુઃખી થઈ મિથ્યા માની,
સર્વ સ્નેહી તે વાત સુણીને, ચમક્યા ચિત્ત મોઝાર.... પગ પગ ..... ॥૭॥

મતિસાગર મંત્રી ત્યાં આવે, શ્રી શ્રીપાલને શિષ નમાવે,
સાતસેં ઉંબર પણ ત્યાં આવે, સર્વને તે ત્યાં પ્રેમે બોલાવે,
હેમલત્તાશ્રી કહે મન ભાવે, ધ્યાવો નવપદ સાર,
પગ પગ પામે છે સત્કાર.... ॥૮॥

(૯)

(રાગ : રાખનાં રમકડાં...)

શ્રીપાલને મતિસાગર કહે છે, કહે છે તમને બેસાડયાં રે,
રાજપાટે અભિષેક કરીને, ત્યારે અજીતે ઉઠાડયાં રે... શ્રીપાલ.... ॥૧॥

તે તુજ શત્રુ રાજ કરે છે, હજી તે ગર્વિત થઈને
શક્તિ બતાવી રાજ લ્યો પાછું, તેહની સાથે લડીને રે.... શ્રીપાલ.... ॥૨॥
શ્રીપાલ કહે છે યુદ્ધ ન કરશું, પ્રેમથી જો તે જીતાશે,
ચતુર્મુખ દૂતને શીખ દઈને, મુક્યો અજીતની પાસે રે... શ્રીપાલ.... ॥૩॥
દૂત જઈ રાજાને કહે છે, મુક્યો શ્રીપાલને ભણવા,
ભણી ગણીને તે તુજ પાસે, આવે છે રાજ કરવા રે... શ્રીપાલ..... ॥૪॥
રાજ રાજેશ્વર સૌ કોઈ આવ્યાં, તમે કેમ નાવ્યા નમવા,
અજીત કહે છે હું પણ આવીશ, નમવા નહિ યુદ્ધ કરવા રે....શ્રીપાલ.... ॥૫॥
દૂત આવી કહે વચન અજીતનાં, સુણી શ્રીપાલ તે કડવા,
સૈન્ય સજ્જ કરીને તે આવે, રણભૂમિ પર લડવા રે.. શ્રીપાલ.... ॥૬॥
જીત થઈ શ્રીપાલની ત્યારે, અજીત મનમાં વિચારે,
કોઈ ન કરે તે પાપ કર્યુ મેં, શરણ થશે કોણ મારે રે.... શ્રીપાલ.... ॥૭॥
વૈરાગ્ય રંગે ચારિત્ર લીધું, શ્રીપાલ નમે મન ભાવે,
અજીતસેન મુનિનાં ગુણ ગાવે, હેમ નવપદ મન ધ્યાવે રે....
શ્રી પાલને મતિસાગર કહે છે... ॥૮॥

(૧૦)

(રાગ : અબ તેરે સિવા કૌન મેરા)

શુદ્ધ ચારિત્ર પાળે જીવોને તારે, વિચરંતા અજીતસેન મુનિ ચંપા પધારે,
ગુરુ આવ્યા જાણી શ્રીપાલ આનંદ પાવે, જઈ માતા પ્રિયા સાથે કરે વંદના ભાવે,
સુણી દેશના પૂછે નિજ કર્મ તે વારે... વિચરંતા.... ॥૧॥
થયો રોગ બાલપણે કયા કર્મથી મને,પડ્યો જલમાં ચડ્યું કલંક કેમ ડૂંબનું મને,
વળી રાજઋદ્ધિ પામ્યો હું કેમ અત્યારે.... વિચરંતા.... ॥૨॥
મુનિ કહે છે સુણજો કથા પૂર્વભવની, શ્રીકાંત ભવે હિંસા કરી બહુ જીવની,
શ્રીમતિ પ્રિયા હિંસાથી નિત્ય નિવારે... વિચરંતા... ॥૩॥
શ્રીકાંત ભવે સાધુને ખૂબ સતાવ્યા, બોલાવી રાણી વયણે મુનિવરને ખમાવ્યા
સિદ્ધચક્રનો મહિમા મુનિ કહે છે તે વારે.... વિચરંતા... ॥૪॥
તેં ગામ ભાંગ્યુ મારું શ્રીકાંત ભવમાં, તેથી રાજ લીધું તારું મેં બાલપણમાં,
બાંધેલ કર્મો ઉદયમાં આવ્યા અત્યારે... વિચરંતા.... ॥૫॥
સુખી થયો શ્રીકાંત ભવે ધર્મ કરીને, નવપદનાં ગુણ ગાવે હેમ હર્ષ ધરીને,
સિદ્ધચકની સાચી સેવા કર્મ વિદારે.... વિચરંતા.... ॥૬॥

(૧૧) શ્રીપાલ રાજાનો રસ

એક હતો રાજા, એને સૈનિક ઝાઝાં,
ભમભમ ભમભમ ભમભમ એને મહેલે વાગે વાજાં,
બબ્બે રે કુંવરી એને બબ્બે રે કુંવરી,
ચટક મટક ચાલે ને લટક મટક મહાલે
ચાકડીયું ચાકડીયું ચાકડીયું ચું ચું....
સુરબાળા મોટીને મયણાસુંદરી નાની,
લાડકોડમાં ઉછરતી બેઊ જાણે તોફાની
ખાતીતી નિત્ય ખાજાં.... એહ....
નાની રે નાની રે નાની રે નાર...
માને ના કોઈનું જરી યે લગાર,
છોડી રે મોટી હાડકાની ખોટી....
રાજાજી કરતાં એને બહુ વહાલ,
રાણીજી કરતાં એને બહુ વહાલ,
મારી દિકરી મારી દિકરી... એક હતો રાજા....

સાખી

વીત્યું બાળપણ રમતાં રમતાં, વીતી સોળ વસંત,
સર્વે કળામાં થઈ પારંગત, હૈયે નિત્ય હસંત...
આવી વસંત, આવી વસંત, આવી વસંત, આવી વસંત,
મયનીયિ ની ની સાં સાં રે ની સાં.. ગ... ગ.. મ... રે... સા.. ની... સા..
રે સા... ની... ય... આવી વસંત.. આવી વસંત....
ફૂલ યૌવન નીરખ્યું રુપ રંગે, વેલ તરુવર ઝૂલે ઉમંગે,
ચૌ દીશે મહેંકી મસ્ત સુગંધ.... આવી વસંત..
એક દિવસની વાત છે ભાઈ, એક દિવસની વાત,
નિજ પુત્રીઓ કેરુ કરવા, પારખું મન વિચાર્યું,
રાજ સભામાં પ્રશ્નો પૂછવા, એને આજ નિરધાર્યું,
... એક દિવસની વાત છે..

સાખી

ચતુર કલા ચોસઠ જાણી બેનડી બેઉએ,
પ્રશ્નો કેરાં ઉત્તર દેજો પૂછુ છું ઉમંગે.....
કયું લક્ષણ છે જીવતર કેરું, કોણ કામની નારી,
ક્યું ફૂલ, ફૂલમાંહી ઉત્તમ, પરણી શું કરે કુમારી.....
ચારે ચીજનો ઉત્તર આપો એક વચનમાં વિચારી
બોલો બોલો મીઠડી મારી.... (૨)
બોલો રે બોલો....
સુરબાળા કહે ઉત્તર આપું, સુણો પિતાજી પ્યારાં,
સાસ રે જાય એ એક વચનમાં, ઉત્તર એનાં ન્યારાં...
મયણાને મહીપતિએ પૂછ્યું...શું પૂછ્યું ?
અર્થ કહો અમ એક શબ્દ સહસ્ત્ર સઘળાં,
ભણ્યાનો વાધ્યો હૃદય વિવેક...

(રાગ : ભૈરવી)

પહેલો અક્ષર કાઢી નાંખતાં, જગ જીવાડણ હાર,
વચલો અક્ષર કાઢી નાંખતાં, જગ સંહારણ હાર,
આખરી શબ્દ કાઢી નાંખતાં, જગને લાગે મીઠું,
કહે દિકરી મારી સમજી, વિચારીને ક્યાંથ દીઠું...
જળ વિના દુનિયા તરફડતી, કાળ થકી એ મરતી,
કાજ ન કરનારાંને દુનિયા ક્કદી નથી સંઘરતી
નારી કેરા નયણ કમલની, એની શોભા વધતી
નારી... (૨) જવાબ કાજળ

સાખી

સુણી ઉત્તર નિજ સુતાનો, રાજ્વી મન હરખાયો,
માગ માગ તે આપું કહીને, કર પોતાનો લંબાવ્યો..
કરું રાયને રંક પલકમાં, રંકને રાય બનાવું,
હું ધારું તે થાય પલકમાં, કહેતો નવિ સૃષ્ટિ સર્જનવું.... ॥૧॥
સાચું સાચું તાતજી કહીને સુરબાણા બોલે,
એક મહિપતી બીજો મેહુલો, બે જ જગત જીવાડે.....

પણ મયણા ના બોલે ચાલે, ઉભી હસતી હસતી
સૌએ વિસ્મય પામ્યા, મયણા કેમ ન વેણ ઉચ્ચરતી.... ॥૨॥
તવ મયણા બોલી પિતાજી, મત કરો બહુ ગુમાન,
હું કરું હું કરું કહે સકલજન કરનારો તો કોઈ... (૨)
આદર્યા (૨) સહુ રહે અધૂરાં કર્મ કરે સૌ હોય....
ધૂંવાપૂંવા, ધૂંવાપૂંવા, રાજાજીને ગુસ્સો ચઢીયો...

મારું થઇ સંતાન કરે શું, આજ મુજ અપમાન
ભરી સભામાં સૌની વચ્ચે, લીધી મારી સાન
હજુ સમય છે સમજી જા ને, ઓ મૂરખ નાદાન
જીંદગીભર પસ્તાવું પડસે, કામ ન લાગશે જ્ઞાન.. ધૂંવાપૂંવા... ॥૪॥

ભજન

કરો લાખ ભલે ચતુરાઇ, કર્મમાં થવાનું હોય તે થાય.... (૨)
હોય ભલે રાજા કે ભિખારી, હોય સાધુ કે સાંઇ,
એને મનતો સર્વે સરખાં, ચાલે ન કોઈનું કાંઈ,
પડે ખોદે તે ખુદ ખાઈ, કર્મમાં થવાનું હોય તે થાય.. (૨)
મયણા એના પિતાને કહે છે, આપ કર્મી છું હું બાળ,
શાને મારા વિદ્યાગુરુ પર, આપ થાઓ વિકરાળ
કર્મ પ્રભાવે આ નગરીના, આપ થયા છો રાજા
પ્રારબ્ધને મમ સોંપી દોને, જુઓ કર્મનું રાજ.... મયણા...
એક લાવો કોઢિયોને બીજો લાવો રાજા,
બેઉ કન્યાને પરણાવીને, વગડાવી દો વાજાં....
આપકર્મીને કોઢિઓ ને બાપકર્મીને રાજા
એકને કાઢો ખાલી હાથેને, બીજાને હો રત્ન ઝાઝાં... (૨)
લગ્ન થયું રે ભાઈ લગ્ન થયું, પરણી ગયાં રે ભાઈ પરણી ગયાં...
પરણીને પસ્તાય કોઢિયો.... મયણાને સમજાવે,
મુજને છોડી દો સુંદરી, શીદ મુજને શરમાવો,
લગ્ન થયું રે ભાઈ લગ્ન થયું.....
ભવિષ્યનાં મહારાજા શ્રીપાળને, સોંપ્યો મયણા હાથ
ભાવી કર્મને સોંપી દઈને, મયણા...

(૧૨)

(રાગ : દરબારી ગીત)

મયણા રે મયણા રે છોડી દો ને સાથ, તારો નાથ છે સાવ અનાથ.... મયણાં....
રાજવી કેરી રાણી બેટી, ફૂલમાં અનોખી થઈ છે મોટી
શીદને ભોગવી રહી મુજ સંગે, દુઃખો કોટી કોટી.... મયણાં....
સ્વામી રે સ્વામી રે વીસરી જાઓ એ વાત
આ ભવ છૂટે નહી સંગાથ, જીવશું મરશું સાથો સાથ, મયણાં....
રાજવી કેરી છું બેટી, ફૂલમાં આળોટી થઈ હું મોટી,
તો યે મારા રંક નાથની, ઘરની જલતી જ્યોતિ.... મયણાં....
કાયા તુમ કંચન કરવાને, ઉપાય લાવીશ હું ગોતી,
કૃપા હશે જો અરિહંત પ્રભુની, પાર કરીશ કસોટી.... મયણાં....

(૧૩)

(રાગ : કાઠિયાવાડી)

ધર્મલાભનો ધ્વનિ ત્યાં તો, મયણાને કાને પડયો,
મુનિશ્રી કેરા પગમાં પડતાં, ઉપાય એને જડીયો..
સિદ્ધચક્રનાં પૂજનની, સઘળી કીધી તૈયારી,
નવપદજીનું પૂજન કરીને, પ્રસાદી પ્રભુની લીધી... મયણા... ॥૧॥
નવપદની આરાધનાયે થયાં, શ્રીપાલ મહારાજા
પટરાણી શ્રીમતિ દેવી મયણા, બતાવે કર્મ સામ્રાજ્ય... મયણા... ॥૨॥
જૈન શાસનની જ્યોતિ ઝળકાવી, આપ્યું સમકિત સાર,
નવપદજીની વીણા વગાડી, વર્તાવ્યો જય જયકાર... મયણા... ॥૩॥
અનુપમ નવપદનાં પ્રતાપે, સંપત્તિ ઘર ઘર થાય,
એક ધ્યાને જે સેવે ભાવિકો, ભવભવનાં દુઃખ જાય... મયણા... ॥૪॥
સકલ સુખનું સાધન નવપદ ધ્યાન જો,
ધરો હૃદયમાં રાખી ને બહુમાન જો,
વિવેક વેગે તે સુખ ને અનુભવ જો....

(રાગ : શ્રી સ્થૂલભદ્ર મુનિગણમાં શિરદાર મેં...)

શ્રી નવપદનો મહિમા સહુ શિરદાર જો,
વર્ણન જેનું આગમ માંહી અપાર જો,

જ્ઞાનિઓએ દર્શાવ્યું વિસ્તારથી જો ॥૧॥
ધરીયે તેહનું ધ્યાન વિધિ અનુસારે જો
નિશ્ચયથી ભવસિન્ધુના કિનારે જો
પહોંચાડે નિર્વિઘ્ને ક્ષેમ કુશળ થકી જો ॥૨॥
વિપદા નાસે સંપદ આવે ઘેર જો
જેહના ધ્યાને પામે લીલા લહેર જો
પૂર્વે જ્યું શ્રીપાલને મયણા પામ્યા જો ॥૩॥
શ્રી મુનિચંદ્ર શ્રોતાને ઉપદેસે જો
યથા વિધિ આરાધે તે સુખ લેશે જો
વિણ શંકાએ રાખી આદર ભાવને જો ॥૪॥
કાસ શ્વાસ કોઢાદિ રોગો નાસે જો
સિદ્ધચક્રનું સ્મરણ કરે ઉલ્લાસે જો
જાતરુપ સમ કાયા થાયે નિર્મલી જો ॥૫॥
કોધાદિક સહુ આરંભનો કરી ત્યાગ જો
શ્રીપાલ ચરિત્ર સુણીયે ધરી નિત રાગ જો
મન વચ કાયા સંવર માંહે રાખીને જો ॥૬॥
ધ્યાન ધરી નવપદનું ઉત્તમ તરીયા જો
વર્તમાનમાં પણ સિવ લક્ષ્મી વરીયા જો
આગે પણ કોઈ જીવો મહોદય પામશે જો ॥૭॥
વંધ્યા પુત્રવતી નિર્ધન ધનવંત જો
આરાધન પ્રભાવે ભુવિ યશવાન જો
સ્વર્ગાદિકના સુખો પામે ખચિતથી જો ॥૮॥
સકલ સુખનું સાધન નવપદ ધ્યાન જો,
ધરો હૃદયમાં રાખીને બહુમાન જો
વિવેક વેગે તે સુખને અનુભવે જો ॥૯॥

પંચ પરમેષ્ઠી છંદ, ત્રિભંગી છંદ

પ્રણમુ સરસતિ, હોય વરમતિ, ચિત્ત ઉલ્લસે ગુણ થુણવા
શુભભાવે ધ્યાવે, સુખ પાવે, એક ચિત્ત થાવે, યશ સુણવા
જય જય પરમેષ્ઠી, જગમે શ્રેષ્ઠી, દે પદ જેષ્ઠી જગધારં,
ત્રિજગ મઝારં, નામ ઉદારં, જય સુખકારં, નવકારં.. ॥૧॥

બારે ગુણવંતા, શ્રી અરિહંતા, લોક મહંતા, ગુણ ગહેરા,
ઘનઘાતિ કર્મ, મિથ્યા ભર્મ, ત્યાગ અધર્મ, વિષ લહેરા,
શુકલમન ધ્યાયા, કેવલ પાયા, ઇંદર આયા તિણવારં... ત્રિજગ. ॥૨॥

વર પર્ષદા બારે, હર્ષ અપારે, સુણી અવધારે, જિનવાણી,
અમૃત શું પ્યારી, જગ હિતકારી, સુર નરનારી પહેચાણી
કેઈ સંયમ ધારે, કેઈ વ્રત બારે, કર્મ વિદારે, શિવ પ્યારી.. ત્રિજગ. ॥૩॥

દ્વિતીય પદ ધ્યાવો, સિધ્ધા ગુણ ગાવો, ફીર નહીં આવે જિહાં જાઈ
જે અલખ નિરંજન, ભવિ મનરંજન, કર્મકે અંજન, શિવ સાંઈ
પુદગલકા ફંદા, દૂર નિકંદા, પરમાનંદા, અવિકારં.. ત્રિજગ.. ॥૪॥

અષ્ટગુણકે ધારે, જગત નિહારે, કાળ ન મારે, ઉન્નતાઈ
તિહાં સુખ અનંતા, કેવલવંતા, ગુણ ઉચ્ચરતા છે નાઈ
નિજવાસ બતાઇ, ધો મુજ તાઇ, તુમસા નાઇ, દાતારં.ત્રિજગ॥૫॥

ગણિવર પદ ત્રીજે, નિત્ય નમીજે, સેવા કીજે હર્ષ ધરી,
પંચ મહાવ્રત પાળે, દૂષણ ટાળે, ગજ જિમ મહાલે, શૂરહરી
પાંચેવશ કરત, પંચ ઉતરતે, પાંચુઇ હરતે, દુઃખકારં.. ત્રિજગ.॥૬॥

શીતળ જિમ ચંદા, અચળ ગિરીંદા, ગણપતિ ઇંદા, શિરદારં
સાગર જિમ ગહેરા, જ્ઞાન લહેરા, મિથ્યા અંધેરા, પરિહારં
સંપદ વસુપાવે, ન્યાય બઢાવે, પાળે પળાવે, આચારં... ત્રિજગ ॥૭॥

ગુરુ સેવા સાધી, વિનય આરાધિ, ચિત્ત સમાધિ, જ્ઞાન ભણે
બારે અંગ વાણી, પેટી સમાણી, પૂરવ નાણી, સંશય હણે
નિરવદ્ય સત્ય ભાખે, શાસ્ત્ર સાખે, ગુણ અભિલાખે, નિજસારં.. ત્રિજગ ॥૮॥

ઉવજ્ઝાય સ્વામિ, અંતરજામી, શિવગતિ ગામી, હિતકારી,

जैनरत्न व्याख्यानवाचस्पति जैनाचार्य
श्रीमद् विजयलब्धिसूरीश्वरजी कृत

श्री पंच परमेष्ठी पूजा

॥दोहा॥

शामक काम कषायना, दामक इंद्रिय मूल ॥
गामक शिवसुख सद्मना, वामक भवभ्रम शूल ॥१॥
सिद्धार्थ नृपकुल तिलक, वर्द्धमान भगवान ॥
तस पदपंकज धूर नमी, भारती नमुं भूरिमान ॥२॥
मुनि शिरशेखर सूरिवरा, विजयकमल गुणखाण ॥
प्रशम सुधारसैकनिधि नमुं, संप्रति शासनभाण ॥३॥
परमेष्ठि-स्तुतिशाण पर, घर्षित आतमरुप
परमेष्ठि-पदवो वरे, अनुपम एज स्वरुप ॥४॥
प्रथम पदे अरिहंत जी, करे करमनी हाण ॥
बीजा पदमां सिद्ध वर, ज्ञान चतुष्टय खाण ॥५॥
शासन दिनकर सूरिवरा, सकल सृष्टि श्रृङ्गार ॥
गुणखाणी त्रीजे पदे, ज्ञान तणा भंडार ॥६॥
वाचकवर चोथे पदे, ज्ञान सुधा वर दान ॥
आपे स्वपर शिष्यने, करे उपकार अमान ॥७॥
मुनिजन मानो पांचमे, सारे आतम काज ॥
पार करे भवि वर्गने, भव-जलधिमां जहाज ॥८॥
ए पंचपद परमेष्ठिनो, महिमा महीतल मांय ॥
तीर्थंकर गणधर कहे, नहीं तस पार पमाय ॥९॥
तस गुण गावा बाल हुं, धरुं हृदयमां आश ।
ते मुज धाष्टर्य उवेखीने, न करशो कोई हास ॥१०॥
यतो गेय जन कही गया, उद्यम शक्त्यनुसार ॥
गुण गावा परमेष्टिना, थाजो सर्व तैयार ॥११॥

अथ प्रथम अरिहंत पद परमेष्ठि पूजा

॥ दोहा ॥

रोग रहित निर्मल तनु, पद्म सुगंधित श्वास ।
आहार निहार न देखता, चर्म चक्षु पति खास ॥१॥
मांस रुधिर गोदुग्ध सम, मूल अतिशय चार ॥
नीचे के भवि जाणीये, कर्म क्षये अगिआर ॥२॥
कोटाकोटी सूर नर, आदि सर्व समाय ॥
जिनकी जोजन भूमिमें, वाणी सार्थ समजाय ॥३॥
भामंडल मस्तक पीछे, शोभे तेज प्रधान ॥
प्रभुमुख दर्शन कारणे, करे देव निर्माण ॥४॥
दुकाल भीति ईति रोग, मारी वैर महान ॥
अति वृष्टि अवृष्टि न, सवासो जोजन मान ॥५॥

(कानूडा तारी कामण करनारी व्रजमां वांसलडी वागी-ए चाल)

अर्हन प्रभु अद्‌भुत आनंद करनारा, छोड नहीं देव दूजा धारा ॥
निरागी जग में देव तुमे प्यारा, छोड नहीं देव दूजा धारा ॥ अंचली ॥
अष्टादश दूषण दुःखदायी, प्रथम तुमे जारा ॥
मैं चाहुं, मैं चाहुं अहोनिश दर्श प्रभु थारा ॥
छोड नहीं सरागी को धारा ॥अर्हन् ॥१॥

बारा गुणसे शोभित जगमें, महिमा तुज भारा ॥
गुण गाया, गुण गाया, उसका सार्थक जन्मारा ॥
छोड नहीं सरागी को धारा ॥अर्हन॥२॥

जन्म समय श्री जिनके होवे, त्रिलोक उजारा ॥
सुर रचते, सुर रचते, भावे समोसरण सारा ॥
छोड नहीं सरागी को धारा ॥अर्हन॥३॥

चार मुख से देते देशना, भविजन गुणकारा ॥
प्रभु सेवे, प्रभु सेवे हटे तस दुर्गति का द्वारा ॥
छोड नहीं सरागीको धारा ॥अर्हन ॥४॥

आतम आनंदको लेवा, प्रभु चरण कमल प्यारा ॥
जो पावे, जो पावे, होय सो लब्धि-हृदय हारा ॥
छोड नहीं सरागी को धारा ॥ अर्हन ॥५॥

।। दोहा ।।

महागोप जीवरक्षणे, सार्थवाह भवराण ।।
निर्यामक भव सागरे, माहण मत हणवाण ।।१।।
ए उपमा जस छाजती, चैत्य वृक्ष रहे लार ।।
सिंहासन अंतरीक्षमां, रत्नादि गढ सार ।।२।।
धर्म चक्र ध्वज शोभते, वायु वाय सुखदाय ।।
छत्र त्रण जिन ऊपरे चामर दोय ढलाय ।।३।।
वागे गगनमां दुंदुभि, नमे भूप वर पाय
विरोधी पण चरणमां, आवी शिर झुकाय ।।४।।
अपाय अपगमसे प्रभु, दे ईत्यादि भगाय ।।
ज्ञानसे संशय हरे, जाणे वस्तु पर्याय ।।५।।
पूजासे सुरवर करे, सेवा होडा होड ।।
वचन से सुर नर तिरि, समझे भाषा फोड ।।६।।

।। ढाल-बीजी ।।

(जो दिन जो प्रभु के ध्यान में-ए चाल)
सेवो री सेवो प्रभु पदपद्म को, अति दुर्लभ जानी ।
सार में सार यही संसार में, आधार में, उद्धार में
भवि साधन मानी ।।सेवो।। अंचली ।।

स्वर्ण कमल पद ठावे, कांटा उंधा होई जावे ।।
सुगंध जल फूल वरसावे, सेवा एक है अवलंबन,
संसारमें, आधारमें, उद्धारमें ।।भवि।। सेवो ।।१।।

पक्षी प्रदक्षिणा करते, केश नख नहीं तस वधते ।।
ऋतु अनुकूल अनुसरते, शब्द रुप रस गंधादि
प्राकारमें, आधारमें, उद्धारमें ।।भवि।। सेवो ।।२।।

नम्र तरुवर सवि होते, चउमुख वचन उचरते ।।
कोटि सुर नित्य अनुसरते, ओगणीश ए मानो ।।
देव प्राकारमें, आधारमें, उद्धारमें ।।भवि।। सेवो ।।३।।

अशोक सुर सुम वृष्टि, ध्वनि दिव्य चामर सृष्टि ।।
आपे नाद दुंदुभि हृष्टि, छत्र भामंडल सिंहासन ।।

प्रतिहारमें, आधारमें, उद्धारमें ॥भवि॥ सेवो ॥४॥
त्रीजे भव वर तप करियो, प्रभु ए पुण्य अनुसरियो ॥
जगत दुःखदल दूर करियो, बदलो नहीं तसउपकारी ॥
उपकारमें, आधारमें, उद्धारमें ॥भवि॥ सेवो ॥५॥
कर्म अरि क्षय करियो, महापद अरिहंत धरियो ॥
धन्य धन्य ए गुण दरियो, आतम लब्धि अमृत तस
गुण सारमें, आधारमें उद्धारमें ॥भवि॥ सेवो ॥६॥

काव्यम्÷परमेष्ठिनमानमतां सुखदं, शिवसद्मगतं गमिनं च मुदा ॥
भ्रमहारक मत्र महागुणदं, परितो यजते खलु भक्तजनः ॥१॥ ॥ तोटक वृत्तम् ॥

॥ मंत्रः ॥

मंत्रः ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरा मृत्यु-
निवारणाय श्रीमते अर्हत्परमेष्ठिने जलादिकं यजामहे स्वाहा

द्वितीय-सिद्धपद परमेष्टि पूजा

॥दोहा॥

वर्ण पंच संस्थान पंच, आठ स्पर्श दोय गंध ॥
वेद त्रण वली पांच रस, अडवीस टल्या प्रबंध ॥१॥
एम अठ्ठा वीश गुण थया, काया संग विहीन ॥
जन्म विहीन वखाणिये, ऊपर ए गुण तीन ॥२॥
एकत्रीश उपचार थई, वास्तविक अनंत ॥
जन्म नथी मरणो नथी, आदित्रिक कर्यो अंत ॥३॥

॥ढाल-पहेली॥

(राग-माढ-मिट गई रे अनादि पीर चिदानंद जागो. ए चाल.)
अनंत आनंद दायक, सिद्धपद सेवो तो सही ॥सेवो तो ॥ अंचली ॥
अव्याबाध लोकोत्तर सुख ते, लेवो तो सही ॥
काल अनंते प्राप्त समय भवि, खोवो तो नहीं ॥अनंत॥१॥
सिद्धपद सेवा विण सिद्धपद नहीं, ठानो तो सही ॥
जन्म मरण ते विण नहीं टलशे, मानो तो सही ॥अनंत ॥२॥

अरिहंत पण ए पद पूजे, जाणो तो सही ॥
पद महत्वनुं कारण ए दिल, आणो तो सही ॥ अनंत ॥३॥

वाणी अगोचर सिद्धपद सुखडां, माणो तो सही
निरंतर सिद्धपदनी भक्ति, दीलडामां वही ॥अनंत ॥४॥

आत्म कमलमां लब्धि विकसित, थाए तो सही ॥
लो आनंद अनुभव रस प्यारो, शिवपुर मां रही ॥ अनंत ॥५॥

दोहा÷ सर्व जगतना सुखनो, करीये वर्ग अनंत ॥
तो पण सिद्धसुख तुलना, नहीं ते वर्ग कलंत ॥१॥
मेळववा ते सुखने, करो भक्ति धरी खंत
जन्ममरण दूरे करी, आणो भवनो अंत ॥२॥

॥ ढाल-बीजी ॥

(राग-भैरव-हो न दिलाराम तो क्या दिल को आराम-ए चाल.)

सिद्धपद सार, प्यारे दिलसे लो धार ॥
दिल से लो धार, करे भव से ए पार ॥
सिद्धपद सार, प्यारे दिलसे लो धार ॥
ध्यावो जो ध्यान धरी दुःखडां निवारे ॥
दुःख आवे न क्यारे, लगार ॥सिद्धपद॥ ॥अंचली॥

॥ साखी ॥

सिद्धनाथ पद समरतां, टले कोटि भव पाप ॥
भाव भेद प्रकाशीने, लहे सिद्धपद आप ॥
सुख पावे ओ प्यारो, अपारे अपार ॥सिद्धपद ॥१॥

॥ साखी ॥

सिद्ध सम नहीं जगतमां, सिद्ध खरो आधार ॥
सिद्धपद सेवन थकी, तरशो तुम निरधार ॥
टली जशे बधाए आकार विकार ॥सिद्धपद ॥२॥
आत्मकमलसिद्ध सूर्यथी, जो भवि विकसित थाय ॥
मीचायुं नवि मीचशे, रवि गुण लब्धि सुहाय ॥
थशे सर्व गुणोनो आधारे आधार ॥सिद्धपद ॥३॥

।।काव्यम्।।

।।तोटक वृत्तम्।।

परमेष्टिनमानमतां सुखदं, शिवसद्मगतं गमिनं च मुदा ॥
भ्रमहारकमत्रं महागुणदं, परितो यजते खलु भक्तजनः ॥१॥

।।मंत्र।।

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय
श्रीमते सिद्धपरमेष्ठिने जलादिकं यजामहे स्वाहा
तृतीय आचार्य परमेष्ठि पूजा

।।दोहा।।

पांच इंद्रियो वश करे, नव ब्रह्म गुप्ति धार ॥
चार कषाय निवारता, पाले पांच आचार ॥१॥
पांच महाव्रत पालता, पांच समिति धार ॥
त्रण गुप्ति ए शोभता, आचारज सुखकार ॥२॥

।।ढाळ-पहेली।।

(सार आ संसारमां न जोयो, में बहु रीते तपासतां-ए चाल)
आचार्यपद हितकारी, रे भवि जाणो जगतमां ॥आचार्यपद॥ अंचली॥
जिन केवली सूर चंद्र अभावे, ए छे दीपक जगभारी ।रे भवि॥
चउदसो बावन सर्वे जिणंदना, नमो गणधर सुखकारी ।रे भवि ॥२॥
बारसो छन्नुं गुणथी विभूषित, छत्तीस छत्तीसी अनुसारी ।रे भवि ॥३॥
दोय सहस चउ वीरशासनमां, युगप्रधान मनोहारी ।रे भवि ॥४॥
आत्मकमल निर्लेप करीने, वरशे शिव लब्धि अति प्यारी ।रे भवि ॥५॥

।। दोहा ।।

शमी दमी प्रवचन धरा, आचारज सुखकार ॥
नमो ए आनंदकंद ने, शासन ना शृंगार ॥१॥
स्वपर मतने जाणता, स्थापे शासन सार ॥
सम भावे संयम धरे ममता नहीं लगार ॥२॥
(रंक परे दया लावो रे, दयालु देवा-ए चाल)
आचारज पद ध्यावो रे, भावि भव्यो! आचारज पद ध्यावो ॥ ए अंचली॥
शासनना स्थंभ धोरी, काया कंचन सम गोरी ॥

जाति कुल उच्च गुणे दावो रे ॥ भावि भव्यो ॥१॥
सायर गंभीर एवो, नहीं आचारज जेवो ॥
परवादी इमे सिंह भावो रे ॥ भावि भव्यो ॥२॥
श्री महावीरथी प्यारो, शासनना छे आधारो ॥
दुप्पसह सुधी सुप्रभावो रे ॥ भावि भव्यो ॥३॥
सारण वारण करते, चोयण पडीचोयण धरते ॥
धरे योग क्षेम स्वभावो रे ॥भावि भव्यो ॥४॥
आचारज पद ए तीजे, गुणगान नित नित कीजे ॥
समय न मलशे फेर आवो रे ॥ भावि भव्यो ॥५॥
आतम निर्मलकारी, सेवो संतापवारी ॥
लब्धि निजकमल परे विकसावो रे ॥भावि भव्यो ॥६॥

तोटक वृत्तम् : परमेष्ठिनमानमतां सुखदं, शिवसद्मगतं गमिनं च मुदा ॥
भ्रमहारक मत्र महागुणदं, परितो यजते खलु भक्तजनः ॥१॥

मंत्र : ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरा मृत्यु-
निवारणाय श्रीमते आचार्यपरमेष्ठिने जलादिकं यजामहे स्वाहा ॥

चतुर्थ-उपाध्याय परमेष्ठि पूजा

॥दोहा॥

ज्ञान क्रिया तपमां रमी, करता आतम ध्यान ॥
सूत्र अर्थ प्रकाशता, नहीं कोई वाते अजाण ॥१॥
करे करणी निज पद समी, तीजे भव शिव थाय ॥
जन्म जरा निवारी ने, अखंड आनंद पाय ॥२॥

॥ढाळ-पहेली॥

(जिनवरजी रे अर्ज करुं ते स्वीकारो-ए चाल)
वाचक पद रे, पूजो सुखकर भाई ॥ जेथी जन्म जरा मिट जाई ॥ अंचली ॥
युवराज सूरिपद केरा रे, हरता भवो भवना फेरा रे ॥
पणवीश रे भावना दिलमां धारे, आतम गुणमां दिल ठारे ॥वाचक ॥१॥
गुरु अंग उपांगना जाण रे, चरणे करणे दत्त ध्यानरे ॥

पणवीश रे ए गुण वाचक धारे, रहे नित्य रत पर उपकारे ॥वाचक॥२॥
ए मूर्खने पंडित करता रे, मोह तिमिर, दिनमणि हरता रे ॥
आपे वांचणी रे निज पर शिष्यने प्यारी, जे इह परभव उपकारी ॥ वाचक ॥३॥
जे वाचकपद चित्त ध्यावे रे, ते आत्मकमल विकसावे रे॥
होय लब्धि रे अडवीस अति सुखकारी, पछी जीव वरे शिवनारी ॥वाचक॥४॥

दोहा : वाचक पाचक कर्मना, राचक निज गुण रंग ।
याचक पद वैराग्य ना, राजक गुणथी अभंग ॥१॥
कर्म तिमिरहर सूर्य ए, वाचक गुणी परधान ॥
पद चोथुं ए सेवतां, मलशे शिव वरदान ॥२॥

॥ ढाल-बीजी॥

(म्हेमान थया तमे मारा, स्वीकरशो म्हेमानी-ए चाल)
भवि वाचकपद गुणखाणी, तमे सेवजो हित जाणी ॥अंचली॥
जे धर्मध्यान नित्य धरते, अन्य जन उपदेश विचरते ॥
जाणे दुनियाने फानी, एक वरवा शिव पटराणी ॥भवि ॥१॥
आवश्यक पच्चीस धरते, पच्चीस किरिया परिहरते ॥
मीठी अमृत जेवी वाणी, वरवा एक शिवपटराणी ॥भवि ॥२॥
मोह-भुजंग झेर उतारे, शिष्य गारुडी जिम सुखकारे ॥
धरे सर्व उपर महेरबानी, वरवा एक शिवपटराणी ॥भवि ॥३॥
रहे आत्मदशा जस जागी, जाणो जगमां वड भागी ॥
करे स्वपर कर्मनी हानि, वरवा एक शिवपटराणी ॥ भवि ॥४॥
शिष्य आत्मकमल विकसावे, लब्धि लक्ष्मी निवसावे ।
जेणे लीधां लीधां शास्त्र बहु छाणी, वरवा एक शिवपटराणी ॥भवि ॥५॥

काव्यम् : परमेष्ठिनमानमतां सुखदं, शिवसद्मगतं गमिनं च मुदा ॥
भ्रमहारक मत्र महागुणदं, परितो यजते खलु भक्तजनः ॥१॥ तोटक वृत्तम्

॥ मंत्रः ॥

मंत्रः - ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरा मृत्युनिवारणाय
श्रीमते उपाध्याय परमेष्ठिने जलादिकं यजामहे स्वाहा
पंचम श्री मुनिपद-परमेष्ठि पूजा

।। दोहा ।।

पाले महाव्रत प्रीतथी, रात्रि भक्तनो त्याग ।।
षट् काया रक्षण करे, लोभ-निग्रहे राग ।।१।।
क्षमा करे, निर्मल धरे, चित्त सहित उपयोग ।।
उपकरण प्रतिलेखना, करता संयम योग ।।२।।
निज त्रिकरणने रोकता, माठा कामथी जेह ।।
बावीस परिसहने सहे, न तजे टेक पडे देह ।।३।।
पांच इंद्रियो वश करे, पाले शुद्ध आचार ।।
मुनिपद सार संसारनो, त्यागामृत सुखकार ।।४।।

।।ढाळ-पहेली ।।

(राग-भीमपलाश नी कव्वाली)
(जमना तणा किनारे गोपाल गो चरावे-ए चाल)
संसारना किनारे, इच्छो तमे जो जावा ।।अंचली।।
महाव्रत शुद्ध पाले, आनंद सरमां म्हाले ।।
संसारथी विराम्या, सेवो मुनि छे नावा ।।संसारना ।।१।।
दशविध धर्म पाली, बेतालीस सदोष टाली ।।
आहार शुद्ध करता, सेवो मुनिछे नावा ।।संसारना ।।२।।
बावीस परिसह धारी, लोचादि कष्टकारी ।।
निज आत्मरुपे रमता, सेवो मुनिछे नावा ।।संसारना ।।३।।
आधि उपाधि व्याधि, करे दूर व्रत साधी ।।
ब्रह्मचर्य शुद्ध धरता, सेवो मुनिछे नावा ।। संसारना ।।४।।
मुनिपद आत्मरामी, शिवसद्म विसरामि।।
निज सर्व लब्धि धरता, सेवो मुनिछे नावा ।। संसारना ।।५।।

।। दोहा ।।

मुनिपदवी पाम्या विना, नथी शांतिनुं स्थान ।।
तेजकिरण स्पर्श्या विना, नहीं तिमिरनी हाण ।।१।।
छोडी प्राज्य साम्राज्यने, मुनिपद ले जगदेव
जाणी पदनी अगत्यता, सेवो भवि नित्यमेव ।।२।।

।।ढाळ-बीजी।।

(कानुडो न जाणे मारी पीड-ए चाल.)

साधुपद सेवी सुखकार, शिवपुर सररे ।। साधुपद सेवी सुखकार ।।१।।
कारज पोतानुं परनुं, साधे ते साधु रे ।।
महाव्रत पाले रुडां पांच, पाले वररररे ।।साधुपद ।।२।।
जन्ममरणो नी होळी, बळती शमाववा रे ।।
शमी थया ए हितकार, गुणगण भररे ।। ।।साधुपद।। ३।।
राजा महाराजा चरणे, शिर जस झुकावता रे ।।
त्यागनो गुण ए अपार, नहीं जस परं रे ।। साधुपद ।।४।।
आतम-गुणना रामी, मनथी निष्कामी रे ।।
हार्यो जेनाथी मोहमल्ल, नहीं जस डरर रे ।।साधुपद ।।५।।
सूरि वाचक रत्न, केरी ए खाण छे रे ।।
खरे ए मांथी रत्नो सार, खरतां खरर रे ।। साधुपद ।।६।।
वाणीअमृत पाई, मरण मिटावता रे ।।
कर्मो कापे कठीण गांठ, कापे कररर रे ।।साधुपद ।।७।।
आत्मकमल अति, निर्मल कारी रे ।।
सेवा लब्धि मां धरी प्यार, दिल दुःख हरर रे ।। साधुपद ।।८।।

काव्यम् : परमेष्ठिनमानमतां सुखदं, शिवसद्मगतं गमिनं च मुदा ।।
भ्रमहारक मत्र महागुणदं, परितो यजते खलु भक्तजनः ।।१।। तोटक वृत्तम्
मंत्रः - ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-
निवारणाय श्रीमते मुनिपदपरमेष्ठिने जलादिकं यजामहे स्वाहा ।।

कलश

(केसरिया थासुं, प्रीत करी रे साचा भावसुं-ए चाल)

परमेष्ठि पदनुं, ध्यान जगत सुखकारी छे ।।अंचली।।
चोरी वेश्या व्यसनी वक्र, आचरणा करनारा ।।
परमेष्ठि पद ध्यान धरंता, पहोंच्या स्वर्ग दुवारा रे ।।परमेष्ठि पदनुं ।।१।।
भूत पिशाचादि क्षुद्रोना, उपद्रव सवि जाय ।।
महामंत्र परमेष्ठि प्रभावे, दुःख दोहग दूर थाय रे ।।परमेष्टि पदनुं ।।२।।
वधती ध्यानधाराथी प्यारा, करो मंत्रनो पाठ ।।
व्रत तप जप सवि सफलो एथी, नाशे कर्म तस आठ रे ।। परमेष्टि पदनुं।।३।।

काल अनंतो भूल्या रुल्या, गति निगोद मोजारी ॥
श्वासमांहि भव सत्तर कीधा, दीठी न सुखनी वारी रे ॥परमेष्ठि पदनुं॥४॥
पुण्य अनंते नरभव लाव्यो, साधो आतम काज ॥
हरदम घटमां सिमरण राखो, महामंत्र अधिराज रे ॥ परमेष्ठि पदनुं ॥५॥
धन्य जन्म हुं मारो मानुं, परमेष्ठि मुज मलियो ॥
आज कल्पतरु आंगणे फलियो, तास गुण संकलियो रे ॥ परमेष्ठि पदनुं ॥६॥
तपगच्छ सिंह सूरीश्वर केरा, सत्यविजय पंन्यास ॥
क्रियोद्धार करी कर्यो जगतमां, त्याग धरम विकासरे ॥ परमेष्टि पदनुं॥७॥
तास शिष्य कर्पूर क्षमा तस, जिन उत्तम विजयान्त ॥
पद्मरुप कीर्ति कस्तुर मणि, बुद्धि विजय गुरु सन्त रे ॥ परमेष्ठि पदनुं ॥८॥
विजयानंदसूरिनो जगमां, विजय वावटो फरक्यो ॥
जस यश हिंदुस्तान ओलंधी, चिकागो तक सरक्यो रे ॥ परमेष्ठि पदनुं ॥९॥
तास पट्टधर विजयकमलवर, सूरि ख्यात जग बंका ।
मिथ्या मोडी कामने तोडी, खूब बजाया डंका रे ॥ परमेष्ठि पदनुं ॥१०॥
तास पट्टधर दानसूरिवर, लब्धिसूरि दो थाय ॥
सुरत शहेरमां रही चोमासा, लब्धिसूरि गुण गाय रे ॥ परमेष्ठि पदनुं ॥११॥
गोडीपार्श्व जिनेश्वर केरा, सुंदर चैत्य कहावे ॥
वडे चौटे विजयानंदसूरि, मूर्ति ज्यां सोहावे रे ॥ परमेष्ठि पदनुं ॥१२॥
विजयकमलसूरीश्वर आया, तेथी महोच्छव ठाया ॥
पूजा प्रथम भणावी भावे, आ अति आनंद पाया रे ॥ परमेष्ठि पदनुं ॥१३॥
संवत भूवसु निधि भू वर्षे, (१९८१) प्रीते रचना कीधी ॥
भाद्र बहुल पष्ठी भोमवारे, संघ हाथमां दीधी रे ॥ परमेष्ठि पदनुं ॥१४॥

इति श्री जैनरत्नव्याख्यानवाचस्पति जैनाचार्य
श्रीमद् विजयलब्धिसूरीश्वरजी कृत

जैन रत्न व्याख्यान वाचस्पति प.पू. आ.दे.
श्री विजयलब्धिसूरीश्वरजी कृत नवपद पूजा

आदि अनंत जिनवरनमी नमो भारती जगमाय
विजयनन्दसूरि तथा विजयकमलसूरी राय ॥१॥
निजसमीहित साधवा करवापर उपकार
सिध्धचक्र स्तवनाकरुं होवा भवजलपार ॥२॥
प्रथम पदे अरिहंत जी, बीजे सिद्ध भगवान
आचारज त्रीजे पदे, चोथे वाचक मान ॥३॥
पांचमे पदे मुनिवर गुणी, छट्ठे दर्शन जाण
सातमे नाण पिछाणीए, मोहतिमिरहर भाण ॥४॥
आठमे चारित्र पद भलुं, चरण करण गुणधाम
तप पद् नव में सुरतरु, लब्धि सिद्धि वर ठाम ॥५॥
ए नवपद सम जगतमां, कोई नहीं आधार
भविक कर्मतरु कापवा, ए जग जबर कुठार ॥६॥
त्रण तत्त्व छे जगतमां, देव गुर ने धर्म
सिद्धचक्रमां ते त्रणे, रही आपे शिव शर्म ॥७॥
प्रथम बे देव तत्त्वमां, त्रण तत्त्व गुरु जाण
चार तत्त्वमां धर्म छे, आराधो सुख खाण ॥८॥
ए नवपद आराधतां, थया श्रीपाल निरोग
एम भवि जे सेवशे, तस घर मंगल योग ॥९॥

प्रथम अरिहंत पद पूजा

॥दोहा॥

श्री अरिहंत पद् सुखकरु, समेर दुःख जाय ॥
प्रगटे निर्मल भावना, ध्याय ध्याय मन ! ध्याय ॥१॥

॥ ढाळ पहेली ॥

(नाय कैसे गज को बंध छुडायो-ए देशी)

प्रथम श्री अरिहंत पद् चित्त ध्यावो ॥ एथी जन्मो जनम सुख पावो ॥ ए आंकणी
चार अतिशय मूलथी जाणो, ओगणीस देव प्रमाणो ॥

कर्म खप्याथी अग्यार अतिशय, प्रगटयो महिमा भावो प्रथमा ॥ प्रथम ॥१॥
अरिहंत अरुहंत अर्हन एवां, नाम अनेक चित्त ठावो ॥
चार निक्षेपे मोह निकंदे, अति प्रकटित प्रभावो ॥ प्रथम ॥२॥
इलिका भ्रमरी ध्यान घरंती, भजती भ्रमरी भावो ॥
जिनपद ध्यातां राखे जीव पण, जिन थवानो दावो ॥ प्रथम ॥ ३॥
श्री श्रेणिके श्री वीर सेव्या तेथी, लेशे वीर स्वभावो ॥
पद्मनाभ भवमां भवि प्राणी, ते जिन लब्धि सुहावो ॥ प्रथम ॥४॥

॥ दोहा ॥

शासन नायक जगघणी, वीतराग जिनराज ॥
सेवो सुरतरु कामकुंभ, चिंतामणि सुखकाज ॥१॥
जन्म समये अरिहंतना, त्रण लोक उद्योत ॥
नारक पण क्षण सुखिया, तस पुर अन्य खद्योत ॥२॥

॥ ढाल बीजी ॥

(राग बढंस-कोयल टहुक रही मधुवन में-ए देशी)
मान आनंद अर्हन पूजनमां, अष्टद्रव्यशुं भक्ति करी रे ॥ए आंकणी॥
दान लाभ भोग उपभोग वीर्य, लहे अनंत पण दोष हरी रे ॥
हास्य अरति रति भीति जुगुप्सा, शोक हरी स्थिति उच्च धरी रे ॥मान॥
काम अज्ञान मिथ्यात्त्व मिटाई, निद्रा अविरति दूर करी रे ॥
राग द्वेष महादोष भयंकर, टाली निजानंद शुद्ध वरी रे ॥ मान ॥२॥
बार गुणे अरिहंत बिराजे, चार अतिशय शुद्ध सही रे ॥
अपाय अपगम ज्ञानातिशय, पूजा वचनातिशये ठरी रे ॥ मान॥३॥
वृक्ष अशोक सुर कृत सुम वृष्टि, जय जय घोषे दिव्य ध्वनी रे ॥
शचीगण हर्ष चामर वींझे, सिंहासन नित्य सार्थचरी रे ॥ मान ॥४॥
भामंडल जिन भानु सोहे दुंदुभि गगन नाद भरीरे
त्रण छत्र प्रभु शिर पर छाजे एगुण लीला अरिहा शरीरे ॥ मान ॥५॥
अरिहा ध्याने आत्म कमल मां, अखूट लक्ष्मी भंडार भरी रे
लब्धि-सूरि जिनपद झट पामी लहे आनंद शिवसद्म ठरी रे ॥मान॥६॥
काव्यम् : सर्वोत्तम ध्येयपद्प्रधानं, सुरासुरेन्द्रैः परिपूजितं यत् ॥
सेवस्व तदध्यानवतां हि गोचरं, गुण स्वरुपं शुभ सिद्धचक्रम् ॥१॥ उपजाति वृत्तम् ॥

मंत्रः ॐ ह्रीं श्रीं परमेश्वराय जन्मजरा मृत्युनिवारणाय
श्रीमते जिनेन्द्राय जलादिकं यजामहे स्वाहा

द्वितीय सिद्धपद पूजा

।।दुहा।।

अलख अगोचर अज विभु, महानंद निरवाण ।।
सिद्ध अर्थ पद्वी धरा, सिद्ध नमो गुणखाण ।।१।।
सहजानंदमां लीन रहे, वहे चतुष्टय चार ।।
लोकालोक विलोकते, नहीं तस सुखका पार ।।२।।
केवली केवल ज्ञान से, सिद्ध सुख लिये जान ।।
वो भी निज मुख से कभी, करी शके नहीं व्याना ।।३।।
इस सुख को लेने लिये, सेवो सिद्ध भगवान ।।
हीन अधिक गुण सेवतां, होय अधिक गुणवान ।।४।।

।। ढाळ पेहली ।।

(चाल-पनिहारी की)

आठ करम को क्षय करी, मारा वाला जी ।। हुवा भवोदधि पार, वाला जी ।।
जन्म जरा मरणादिको, मारा वाला जी ।। भय सघरे दिये टार, वाला जी ।।१।।
समय प्रदेश अस्पर्शीने, मारा वालाजी, चरम तिभाग विश्लेप, वालाजी ।।
अवगाहन शिवसद्म में मारा वालाजी, नमो ए सिद्ध अशेष, वालाजी ।।२।।
ज्ञानावरणीय क्षय थकी, मारा वालाजी, लिया ज्ञान अनंत, वालाजी ।।
दर्शनावरणीय दूर करी मारा वालाजी, केवल दर्शन लहंत, वालाजी ।।३।।
वेदनीय कर्म विनाशसे, मारा वालाजी ।। सुख अव्याबाद वालाजी के मारा
मोह कर्म मिटाय के वालाजी, क्षायिक समकित साध, वालाजी ।।४।।
आयुष्य कर्म अलगा करी, मारा बालाजी, हुए अक्षय स्थिति धार, वालाजी ।।
लोकांते सुख भोगवे मारा वालाजी, सादि पण नहीं पार, वालाजी ।।५।।
नाम कर्म नाशी गये, मारा वालाजी, हुये अरुप गुण धाम, वालाजी ।।
गोत्र कर्मको भेद के, मारा वालाजी, अगुरुलघु गुण ठाम, वालाजी ।।६।।
वीर्य कर्म विडारी ने, मारा वालाजी, वीर्य अनंत गुण ठाण, वालाजी ।।
समय एक उर्ध्व गति मारा वालाजी, करे सिद्ध प्रयाण, वालाजी ।।७।।
आत्मकमल निर्मल हुऐ मारा वालाजी, भजो सिध्ध भगवान वालाजी,
निजगुण लब्धि विकाशिका मारा वालाजी, पदवी सिद्ध महान वालाजी ।।८।।

।।दुहा।।

सकल सिद्धपुर वासीने, नमो एह जगदीश ।।
सिद्ध नमे सिद्धि मले, वाणी विश्वावीश ।।१।।

।। ढाळ बीजी ।।

(ओधवजी संदेशो कहेजी मारा श्यामने-ए चाल)

सिद्ध विभु सिद्धिपदना धारी सांभलो,
सेवकनां सरे काज वडे तुज साज जो ।।
थाकी गयो हुं भटकी भव वन वासमां,
बहार काढो सिरताज गरीब निवाज जो ।। सिद्ध ।।१।।
आ अपार संसार समुद्रे डूवतो,
तारक, दीधो केम मने वीसार जो ।।
तारक विरुद नाथ तमारुं प्रसिद्ध छे,
विलंव न करतां निज बिरुद संभार जो ।।सिद्ध।। २।।
शरणागत हीन उपर करुणा सागरे,
करवी घटे नहीं उपेक्षा कोई काल जो ।।
भव अटवीमां भटकुं मृगवालक समो,
एकाकी हुं नाथ! जरा ते निहाल जो ।।सिद्ध ।।३।।
आम तैम हुं चक्षु नांखी विलोकतो,
अतिभय थी मुझ कांपी रही छे काय जो !
निरालंबी छुं तुम विण प्रभु इम जाणीने,
भवाटवी थी पार करो सुखदायजो ।। सिद्ध ।।४।।
सूर्य विना कहो कोण कमल ने प्रबोधतुं ?
तेम तुम थी अन्यन मुक्ति दातार जो ।।
दोष केम आ मानुं मारा कर्मनो,
अथवा मानुं काल महा हतकार जो ।। सिद्ध ।।५।।
भव्यता नहीं अथवा तुम भक्ति नहीं,
भुवन भूषण ! ते हेतु समजाय जो ।।
कर्मवीर कृपालु मुक्ति आप जो,
बीजुं तुम विण शरण नहीं जगमांय जो ।। सिद्ध ।।६।।
मात तात मुज बंधु स्वामि तुं गुरु,

तुज अवधीरित निर्जल मत्स्य समान जो ॥
मरी रहो जेम जगती तलमां तडफडुं,
भक्ति निश्चल तुजमां मुज भगवान जो ॥ सिद्ध ॥७॥
अनादिना अभ्यासथी विषय विकारमां,
मारुं रखडे मन ते प्रभु निवार जो ॥
आत्मकमलमां स्थिरता गुण रत्नत्रयी,
करी लब्धिने भवसायर करो पार जो ॥ सिद्ध ॥८॥

काव्यम् : सर्वोत्तम ध्येय पदप्रधानं, सुरासुरेन्द्रैः परिपूजितं यत् ॥
सेवस्व तद्ध्यानवतां हि गोचरं, गुणस्वरुपं शुभ-सिद्धचक्रम् ॥१॥ उपजाति वृत्तम् ॥

॥ मंत्र ॥

मंत्र : ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्मजरा मृत्यु
निवारणाय श्रीमते जिनेन्द्राय जलादिकं यजामहे स्वाहा

तृतीय आचार्यपद् पूजा

॥ दोहा ॥

आचार्य प्रवचनधरा, शासनना आधार ॥
सेवो शिवसुख कारणे, हरवा भवदुःख भार ॥

॥ ढाळ पहेली ॥

(मजा देते हैं क्या ार, तेरे बाल घुंघरबाले-यह चाल)
सेवो सूरीश्वर सिरताज, सचा धरम बतानेवाले ॥ अंचली ॥
બ્રાહ્મી લક્ષ્મી ધૃતિ પાસમાં, જસ વાચક આધાર લાલરે,
તે કિમ જેય કુતીર્થિએ, સ્યાદ્વાદમત સુવિચાર લાલરે.... ધન્ય...॥૪॥
દીપકમાર્ગ પ્રકાશને, અંગ અખ્ખર પણિહાણ લાલરે,
શ્રી ગુરુનેમીશ પદ્મ ને, દાયગ નાણ નિહાણ લાલરે... ધન્ય... ॥૫॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણ જાણવા

શ્રી સાધુપદ પૂજા

દુહો

આગમ તિમ નોઆગમે, અનિલય પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહ પર જાણ ॥૧॥
નામાદિક ચઉહા ક્રમે, નામ મૂર્તિપદ યોગ્ય;
તણુ ઉવચાર નિબંધણે, અનુપમ ચરિત તે ધન્ય ॥૨॥
મૂલોતર ગુણનન્દને રમતા સમતાવાસ
સચ્ચ સાહુ શિવસાહગા વન્દ્દો ભાવવિકાસ ।

ઢાલ–૧લી

(રમતી–ગમતી હમુને સાહેલી... એ રાગ)

ભાવચરણ નવ કલ્પવિહારી, નિઃસંગ વિમલાશય ધારીરે,
નમુ એ મુનિ મુજ નિત હિતકારી ॥ટેક॥
માર્દવ આર્જવ શુચિ શ્રુતધારી, શમ પરિણતીધર સુખકારીરે.. નમુ... ॥૧॥
દર્શન, જ્ઞાન, ચરણ ત્રિકયોગે, સાધક આર્ત્તયુગલ વારી રે.. નમુ
ગ્રહણ આસેવન દુવિહા શિક્ષા, ધારક આર્ત્તયુગલ વારી રે.. નમુ.
શાંતિનિલય, શલ્યત્રિક અલગા, જિનઆણાહર મય ટાલીરે નમુ
ગારવ નહિ વિકથા અકષાયી, ઈન્દ્રિય હય દમ અનુસારી રે... નમુ.. ॥૩॥
વ્રત લઘુ પણ પદધારક ધોરી, પંચ પદસ્થ પૂજનકારી રે.. નમુ
વાંચન પૃચ્છન ગણન વિચારી, ધર્મકથા ભવ નિસ્તારી રે. નમુ.॥૪।
ચઉવિહ ધમ્મ સયા ઉવએસે, પંચપ્રમાદ સુપરિહારીરિ.. નમું
ત્રણ વેદ હાસ્યાદિક ષટ્ ટાલે, ભાલે ન મિથ્યામતી નારીરે... નમુ.. ॥૫॥
બ્રાહય અભ્યન્તર ગ્રંથિ નિવાર, સમ જમ નિર્ધન સધિકા
પ્રાણશુ પ્યારા જીવનિકાયા, લેખત નવવિહ શીલધારી રે નમુ... ॥૬॥
ગુરુવ્રત વ્રત સાતમ સમ પાલે, દ્વાદશ પ્રતિમાધર મ્હાલીરે
શ્રી ગુરુનેમીશ પદ્મ ભણેએ, સેવન ઉચિતા જયકારી રે નમુ... ॥૭॥

દુહો

મુક્તિ અકિંચન સંચમી, સત્ય પ્રીય વદનાર;
પવયણ જણણી સેવગા, મુનિતા એમ વિચાર ॥૧॥

ઢાલ–૨જી

(સિધ્ધારથનારે નન્દન વિનવું.... એ રાગ)

ભજ ભજ ભાવેરે શ્રમણ સુહંકરા, નિજરતિ પીયૂષપાન;
દ્વાદશભેદેરે તપ તપતા ભલા, ભદ્રંકર ભગવાન, ચેતન તજીએરે મમતા જાલને..॥૧।
જે હરિ ચકીરે નવિ પામે કદા, લહે સુખને સાધુરાજ;
તદભવ ભદ્રીરે તેવા સંપજે, તીર્થંકર શિરતાજ,..... ચેતન.... ॥૨॥
પરિષહ ભાવેરે સુરગિરિ નિશ્ચલા, આગમ યોગી અદીનઃ
ઉપશમભાવીરે સગવીસ ગુણધરા, મધુકર સમ વૃતિલીન..... ચેતન... ॥૩॥

અતિપરિણામી, અપરિણામીનહિ, નિર્મોહી તોષવાસ;
ભાવ ધ્યામ્બોધિ સત્વ ગુણાલયી, ગુરુકુલવાસ પ્રવાસ..... ચેતન.... ॥૪॥
પ્રવચનરંગીરે ચરણે નિર્ભયા, હોવે પ્રતિપતિ ભાગ;
ધન્ય ધન્ય રસિયારે ગુરુકુલ વાસના, સફલો તસ ભાવત્યાગ... ચેતન... ॥૫॥
એકાકીનેરે તસ્કર ભાષીઓ, વંચક સમ યુગ્મસંગ;
ત્રણ વિશ્વાસીરે બહુ નૃપ જેહવા, વિણય પમુહ જત્થ ચંગ, ચેતન... ॥૬॥
કલિકાલેરે દુર્લભ તેહવા, ગુરુવ્રત સાધે અખંડ;
સાધુ જઘન્યેરે તસુ પય સેવીએ, ભવનીરદ્દિ તે તરંગ, ... ચેતન... ॥૭॥
જેહ ગિયથ્થારે આશ્રિત તેહના, આરાહગ જે અનન્ય;
તરતા પોતે રે તારે અન્યને, પવયણનુ એ રહસ્ય, ચેતન....॥૮॥
સુમતિ લહંતારે શમિપય સેવકા, દુલ્લહો મુનિનો મિલાપ
'શ્રી ગુરુનેમીશ પદ્મ" મુદા ભણે, કરે અફલા મોહમાપ, ચેતન... ॥૯॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણ જાણવા

શ્રી દર્શનપદ પૂજા

દૂહો

જિનભાષિત નવિ અન્યથા, તેજ સત્ય નિઃશંક;
શિવદાયક દર્શન નમો, ભલે ભૂપ વા રંક..... ॥૧॥
નામાદિક ચઉહા ક્રમે, દ્રવ્યે દર્શન તેહ;
સમ્મોહ ઉદયે જિહાં, ભાવે રુચિ ગુણગેહ..... ॥૨॥
સાધન સામગ્રી બલે, દર્શન મોહ કષાય;
લહત યદા ક્ષયઆદિને, તે ક્ષણ દર્શન આય ..... ॥૩॥

ઢાલ–૧લી

(રાગ : પ્રભાતિયાની - માત પૃથ્વીસુત પ્રાત ઉઠી નમોઃ)

રમણ કર, રમણ કર, શુધ્ધ રુચિભાવમાં, જેહથી નામ ચારિત્ર
ચરણ હીના લહે મુક્તિપદ નવિ તહા, વિશદ રુચિ ધર્મથી-સારા
જેહન્યારા..... રમણ-૧

નિત્ય ભમતાં ભવે ગિરિ ઉપલ ન્યાયથી, આયુ વિણ સાતની અભાવે
અન્તઃ કોડાકોડી અયર સ્થિતિ હોય ત્યાં, નિબિડ રાગાદિ મય ભાવે
ગ્રંન્થિ પાવે..... ૨મણ-૨

ભવ્યજન ભેદતા પરકરણ યોગથી, સન્નિ પણઇંદિ પજ્જત પાણ
ભાગયુણ સ્થિતિતણા ભાવ અભિવૃધ્ધિથી, કરત અનિવૃષ્ટિ
કરણા વસાની..... ૨મણ-૩

મધ્ય જે અંશ અંતઃકરણ તેહના, આધે શણ પ્રથમ સ્થિતિ ઉડાવી
લહત દર્શન મુદાશ્રય તદા સંપજે, સુભટ અરિજ્ઞાત
ઉપશાન્તિ પાવી.... ૨મણ-૪

અર્ધપુદ્‌ગલ પરાવર્ત ભવ જીવને, દેવગુરુ ધર્મ શ્રધ્ધાન પ્રકટે
ભેદ સડસઠ સુણો તાસ નિશ્ચલ વસી, નેમીસૂરીશ પદ
પદ્મ નિકટે.... ૨મણ-૫

દુહો

વિતથ દષ્ટિ શરુઆતમાં, લહે ઉપશમ સમકીત;
તેજ વિધાયક પુંજનો, કર્મ શાસ્ત્રની રીત ॥૧॥

ઉપશમી જીવ ન તે કરે, અપૂર્વ કરણી કલ્પ;
ક્ષય ઉપશમ રુચિ ધુર તિણે, સમય વિચક્ષણ જલ્પ ॥૨॥

આગમ તિમ નોઆગમે, દરિસણ પય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, અનાભોગ પર જાણ ॥૩॥

ઢાલ-૨ જી

(સેવો ભવિયા વિમલ જિનેસર.... એ રાગ)

દર્શન ભાવ નિહાલો ચેતન, અપુનર્બધક ભાવેજી;
ઇગ દુતિ ચઉ પણવિહ સિદ્ધાન્તે, રુચિ ગુણએક સ્વભાવેજી... દર્શન.. ॥૧॥

દ્વિવિધ નિસર્ગ તથા ઉપદેશે, ક્ષય શમ યુગ ત્રણ ભેદેજી;
ચઉવિહ સાસાયણ પખ્ખેવે, વેયગ સહ પણ ભેદેજી.... દર્શન.. ॥૨॥

વરસુર જીવિત રુચિવર બાંધે, અન્ય ન હેતું અભાવેજી;
લક્ષણ શમ સંવેગ પ્રમુખ જે, વિકસે તસ અનુભાવેજી.... દર્શન.. ॥૩॥

પંચવાર ઉવસમિય લહીજે, ક્ષાયિક રુચિ ઇગ વારાજી;
ક્ષયોપશમ સંખ્યાતીત વારા, વારો પણ અતિચારાજી.... દર્શન.... ॥૪॥

ક્ષયોપશમ વેદક ચઉઠાણા, સાસાયણ ઇગઠાણેજી;
અડ ઉવસમ ઇગદસ ક્ષાયિકમાં રુચી ગુણ ઠાણ વખાણેજી..... દર્શન... ॥૫॥
સહસ પુહુત આકર્ષે ત્રણના, કિરિયામૂલ નમીજેજી;
શ્રી ગુરુનેમીશ પદ્મ સદાયે, દર્શન રંગે રીઝેજી..... દર્શન.... ॥૬॥

કાવ્ય તથા મંત્ર પહલી પૂજા પ્રમાણે

૭ શ્રી જ્ઞાનપદ પૂજા

દુહો

કર આગમ નોઆગમે, જ્ઞાનપદ પ્રણિધાન;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહપર જાણ ॥૧॥
નામાદિક નિક્ષેપથી, ચઉહા નાણ વિમાસ;
દ્રવ્ય નાણ સમયાદિ જે, ભાવનાણ પણ ભાસ ॥૨॥
આદ્યકર્મ ક્ષય ઉપશમે, આવિર્ભાવે જેહ;
ઉભય પ્રકાશક સંપજે, નાણ દીવ નમ તેહ ॥૩॥

ઢાલ–૧લી

(રાગ : ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલૂણા..... એ રાગ)
જય જય જ્ઞાન સદા તુહિ જગમાં, અક્ષય સોહત ત્રણ પદમાં... જય
જાણત જાસ બલે દ્રવ્યભાવા, તે જ્ઞાન અન્વય અર્થ સમયમાં... જય... ॥૧॥
વિણયમૂલો જિનધર્મ કહાવે, તે વિણ જ્ઞાન કહો કિમ પાવે... જય
જે જીવ આદિક તત્વ પિછાણે, તે કરુણા નિત પાળે પળાવે... જય.॥૨॥
સંયમ સાધન જ્ઞાન સહાયે, દશવૈકાલિક સૂત્ર જણાવે... જય
કરત કિયા જેહ ઉજ્જવલનાણી, તસ આરાધન ફલ સમ નાવે... જય... ॥૩॥
સાકાર ઉપયોગ નિશ્ચલ ભાવી, લબ્ધિ નિકેતન હોત સુરંગે.. જય
ગુણગણ ભૂરુહ મૂલ નિભાવી, આદર ભક્તિ અવિતથ ઉમંગે..જય.. ॥૪॥
ઇષ્ટ અનિષ્ટ વિવેચનવંતા, અજ્ઞાણ તિમિર દિણેશ લહંતા.. જય
નેમીસૂરીશ્વર પદ્મ ભણંતા, જ્ઞાનબલે હોય પૂજ્ય મહંતા.... જય.... ॥૫॥

દુહો

જ્ઞાન રજ્જુ મન થિર કરે, કિયા મૂલ શ્રદ્ધાન;
જ્ઞાન મૂલ તસ આદરો, અભિનવ ભાનું સમાન ॥

ઢાલ–રજી

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો.. એ રાગ)

સમમ જ્ઞાનપદ પૂજે, જ્ઞાનરસિયા સમમ જ્ઞાનપદ પૂજે ॥ટેક॥
સર્વજ્ઞ ભાષિત આગમ દાખ્યા, જીવાઇય નવતત્તા;
તસ બોધ સત્ય તે જ્ઞાન સ્મરીજે, પણભાવે નિજસત્તા.... જ્ઞાન.... ॥૧॥

મઇ સુય ઓહિ મણપજ્જવ અંતે, કેવલ ઇમ મૂલભેદે;
અડવીસ ચઉદસ, છ દુ ઇગ તેના, ભેદ ઉત્તમ બુધ વેદે... ॥૨॥

દ્વિવિધ પ્રત્યક્ષ પરોક્ષ સ્વભાવે, પ્રત્યક્ષ સ્વાધીન જાણે;
અક્ષ નિમિત્ત પરોક્ષ કહાવે, તિગ દુગ ક્રમિક વખાણે.... જ્ઞાન.. ॥૩॥

ચઉ ઉપકારી નહીં જગમાંહી, શ્રુત નિજ પરઉપકારી;
પ્રત્યક્ષ જ્ઞાની વચન શ્રુતરુપે, બોધક તસુ બલિહારી... જ્ઞાન.. ॥૪॥

કૃત્યાકૃત્ય સમયગત ભાવા, નયનિક્ષેપ વિભાગે;
વિધિ પ્રતિષેધ તદા જન જાણે, જબ જ્ઞાનદીપ દિલજાગે... જ્ઞાન.. ॥૫॥

મિથ્યાજ્ઞાન અહિતકર જાણી, જિનશ્રુત જ્ઞાનધરી;
આર્યરક્ષિત આગમધર હોવે, તો નિજ જનની રીજે.... જ્ઞાન.. ॥૬॥

આચાર પાલન આત્મ ઉદેશી, બોધ અધ્યાતમ સાચો;
ઉદ્યત યોગી જનો જેહ સાધે, ક્ષણ ક્ષણ એહિજ યાચો.... જ્ઞાન... ॥૭॥

ઇણ ભવિયા પઢતા નિસુણંતા, મયગમ અંકુશ માની
નેમિસૂરીશ્વર પદ્મ ભણંતા, જે વિરતા તે જ્ઞાની... જ્ઞાન.... ॥૮॥

કાવ્ય તથા મંત્ર પહલી પૂજા પ્રમાણે

૮ શ્રી ચારિત્રપદ પૂજા

દુહો

કર આગમ નોઆગમે, ચરણપદ પ્રણિધાન;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહપર જાણ ॥૧॥

નામાદિક ચઉહા ક્રમે, કિરિયા વિણું ઉપયોગ;
દ્રવ્ય ચરણ કારણ મુણો, ભાવે સહ ઉપયોગ ॥૨॥

આચ્છાદિત નિજ શક્તિને, દેખે જાસ પ્રતાપ;
વંદો નિત તે ચરણને, રિકત કરે ચિતપાપ ॥૩॥

ઢાલ–૧ લી

(સોના રુપાકે સોગઠે સૈયાં ખેલત બાજી... એ રાગ)

ચરણ નમો પદ આઠમે, જ્ઞાન સાધ્ય વિમાસી;
ભાવ કુસુમ ઉદ્યાનમાં, રમો વિરતિ વિલાસી.... ચરણ નમો... ॥૧॥
નિરુપાધિક આનંદને, લહે વિરતિ પ્રતાપે;
ચક્રી નરેન્દ્ર વિચારતા, મોહ બંધન કાપે.... ચરણ નમો... ॥૨॥
લક્ષ્મી મમત્વ કુટુંબને, તજી શ્રમણ હુવંતા;
સસ્યા નંદિત તે સમે, સ્થિર ઉપયોગવંતા..... ચરણ નમો... ॥૩॥
શારદ જલધર આયુને, દ્રવ્ય ચંચલ જાણી;
સ્વપ્ન સમા વિષયો સદા, વહે રતિ કયું અનાણી... ચરણ નમો.. ॥૪॥
મૂહુર્ત પર્યાય આરાધકા, વૈમાનિક દેવા;
મુક્ત અને શુભભાવશું, જેમ શ્રી મરુદેવા....ચરણ નમો.... ॥૫॥
અનન્તર કારણ મોક્ષનું, સંયમ શ્રુત ભાષે;
નેમિસૂરીશ્વર પદ્મને, નવ્ય સુરતરુ ભાસે... ચરણ નમો... ॥૬॥

દુહો

જે સ્થિતિ દર્શન કાલમાં, પલ્ય પુહુત્ત વિહીત;
દેશવિરતિ તબ સંપજે, સંખ્યેય વાર્ધિ વિહીન ॥૧॥
તે ક્ષણ સર્વવિરતિ લહે, શમ ક્ષય તતિક્રમ તેહ;
વાર અસંખ વ્રત દેશસુ, અડભવ ગુરુવ્રત એહ ॥૨॥

ઢાલ–૨જી

(ગિરિવર દરિસણ વિરલા પાવે... એ રાગ)

અબ મેરો ચેતન સંયમ લીનો, ચાહે ન અન્ય પીયૂષરસ પીનો....
દુર્લભ અમર પુરંદર ભાવે, અવસર ભૂલત મૂઢ વિભાવે..... અબ... ॥૧॥
અલગ કષાય તથા નોકષાયે, ઉજ્જવલ લેશ્યા સ્વભાવ ઠરાયે...
ચારિત્ર તેહજ આત્મ પિછાણો, સંયમઠાણ અસંખ્ય પ્રમાણો... અબ.. ॥૨॥

બે ભેદ દેશ સમસ્ત પ્રકારે, શ્રી જિન આગમવન્ત વિચારે...
દેશવિરતિ પંચમ ગુણ ઠાણે પ્રમત્ત ગુણસ્થાન ચરણ વખાણે... અબ... ॥૩॥
ક્ષય ઉપશમ યુગ અષ્ટકષાયે દેશ વિરતિ પરિણામ નિપાય..
બાર કષાય સહિત યુગ ભાવે સર્વ વિરતિ ગુણઠાણ સુહાવે..અબ.. ॥૪॥
સામાઈય પમુહા પણ ભેદે, અધિકાધિક ફલ મુનિજન વેદે....
જિનવર લઇ આરાધે પ્રરુપે, પરજનને કરુણાએ સમર્પે... અબ.... ॥૫॥
સામાઇઅ છેય પમાઇઅ ચઉગે તિમ પરિહાર પ્રમતાદિક દુગમેં....
તુર્ય ચરણ દસમે ગુણઠાણે, ચઉસેસ ઠાણ અહખ્ખાય મણે.. અબ.. ॥૬॥
પૂજનિક વૈનયિક હોત ભુવનમેં તે સંયમ વસિયો મેરા મન મેં..
નિત્ય નમત દેવ દાનવ ઇંદા, જસ આરાધન લીન મુણિંદો... અબ.. ॥૭॥
પ્રથમપણે શ્રુત આદિ લહી જે પ્રામ અમાપ આકર્ષ કહી જે....
સહસ સયગ પુહુતા દેસ સયલે ઇગ ભવ આગરિસા વ્રત યુગલે.. અબ..
સગ દસ દસ ભેય, સિદ્ધ સમયમેં અનંતગુણી સરણા ભવરનમે...
પવયણ માય ક્ષમાદિક સેવા, મૈત્રી પ્રમુખ અવિકલ શિવમેવા. અબ.... ॥૯॥
પ્રવૃતિ નિવૃતિ ચરણ સહચારી, દરિશણ નાણ લહત ફલ ભારી...
નેમીસૂરીશ્વર પદ્મ ત્રિકાલે, સહજાનંદ વિરતિ મન મ્હાલે... અબ.. ॥૧૦॥

કાવ્ય તથા મંત્ર પહલી પૂજા પ્રમાણે

૯ શ્રી તપપદ પૂજા

દુહો

કર આગમ નોઅગમે, સિરિ તવપય પણિહાણ;
જ્ઞાતા ઉપયોગી ધુરે, કિરિયા સહપર જાણ ॥૧॥
નામાઇય ચઉહા ક્રમે, દ્રવ્યસુ જેહ સકામ;
ફલ અભિલાષ વિણા તવો, ભાવપક્ષ અભિરામ ॥૨॥
કર્મકષ્ટ સંભારને, તપને તપોનિધિ સાર;
તે તપ નમન વમે, વહે રસ મૂર્ચ્છા અપસાર ॥૩॥

ઢાલ–૧ લી

(રાગ : ધન્ય તે મુનિવરારે, જે ચાલે સમભાવે)

તપ પદ સાધના રે, શીલ તરુ મેઘ સમાના,
મદન વદન છાદન સુવિધાના, સ્વર્ગ માર્ગઇ ગયાના..... તપ પદ.... ॥૧॥

કુશલ કમલ દિનકર કરમાના, પર અપવર્ગ નિદાના,
વિઘ્ન બતાવે વૈશ્વાનર સ્થાના, ઝટ આદર અનિદાના... તપ પદ.. ॥૨॥
વિણ પાવક રસપાક નિપાવે, વિણ મૃદ ઘટ ઉપજાવે,
વસન ભાવ કિમ તંતુ અભાવે, તપવિણ અઘ વિણસાવે... તપ પદ.. ॥૩॥
કરણ તુરંગમ વિષય વિલાસી, વસ સાધન દઢદોરી,
વાર્ધિ નહી વિનયાંચિત વિદ્યા, લબ્ધિ લહે તપ ધોરી... તપ પદ... ॥૪॥
વસન ક્ષાર જલ અંગ માર્જના, ભૂ કનકાચલ ભાવા;
નેત્રાંજન તિમ આત્મ તપસ્યા, કારણ કક્ષ સહાવા.... તપ પદ... ॥૫॥
તુષ્ટિ મૂલ ખંધ સુય દમશાખા, શીલભાવ પરવાલા;
અભય પર્ણ સુમ સ્વર્ગ આય તે, શિવફલ તપતરુ વ્હાલા.. તપ પદ.. ॥૬॥
તે ભવ મુક્તિ ગમન અનુરાગી, તીર્થંકર તપ તપીયા;
નેમિસૂરીશ્વર પદ્મ ભણેએ, છન્નાદિક ભવ તરિયા.... તપ પદ..... ॥૭॥

દુહો

નિષ્કામી સંવર પદી, સમતા શમ પરિણામઃ
આતમ સાધક નિર્જરા, તપો તેજ ગુણધામ ॥

ઢાલ–૨જી

કુમતિ એમસકલદૂરેકરીરે - એરાગ

તપ અનાહાર પદ વાનકી, દ્વિવિધ કરુપા કરણ સાર રે;
અવધ આચરણથી જેહના, પૂર્ણ વૈરાગ્ય વિસ્તાર રે, તપ તપે તેહને વંદના..॥૫॥
ઇન્દ્ર સુર ચકી પદવી લહે, ઋદ્ધિ અડશક્તિ અનિવાર્ય રે
લબ્ધિ અડવીશ તે જાણીએ, શિવપદ કલ્પતરુ કાર્ય રે... તપ.. ॥૨॥
આંગળી કનક જેવી કરે, લાળથી સનતકુમાર રે;
લબ્ધિ તે ભાવ તપ સાધતા, જ્ઞાનપૂર્વક ક્ષમા સાર રે.... તપ.. ॥૩॥
મંત્રતંત્રાદિ અતિદાનથી, દુલ્લહા લહત તે સિદ્ધિ રે;
બાહુબલિ પરે તપ આદરો, વહત કયું વિકૃતિરસ ગુદ્ધિ રે.. તપ.. ॥૪॥
વાસ જલ શુદ્ધ મલયુત બને, તપ બલે તે મન શરીર રે;
સર્ષપાક્ષત દુર્વા દધિ, આદ્ય મંગલ મુણો ધીર રે... તપ... ॥૫॥
નિયુર્કિત વચન આવશ્યકે, તપ નિકાચિત હરે કર્મ રે;
નેમિસૂરિ પદ્મ ઇમ ભાષતા, સિદ્ધચકેશનો મર્મ રે.... તપ..... ॥૬॥

કલશ

(રાગ : ધનાશ્રી–ઘરજો વિનતિ ધ્યાન જિનપતિ ઘરજો વિનતિ ધ્યાન)

સિદ્ધચક્રાવલિ વંદો હો ગુણીજન સિદ્ધચક્રાવલિ વંદો;
નવપદ સદગુણ પ્રેમશું ગાયા, ચઉવિહ સંઘ આણંદો.. હો ગુણીજન.. ॥૧॥
નિર્ભય સાધત સાધ્ય નિકરને, ધ્યાન આલંબનકારી; હો ગુણી
વિણ આલંબન જે બક ધ્યાની, હોલિકા શિશુ અનુસારી.. હો ગુણીજન.. ॥૨॥
પૂજત જિનગુરુ ધર્મ ઉમંગે, નવપદ અર્ચનકારી; હો ગુણી
વિણ આશંસન સાધનકારી, અક્ષયપદ પદધારી... હો ગુણીજન.. ॥૩॥
ઇણવિધ ભાવ હૃદય સ્થિરકારી, શ્રી પાલ-મયણા રાણી; હો ગુણી
અદભૂત ઉન્નતિ મંગલમાલા, વરત યશોધન ખાણી.. હો ગુણીજન.. ॥૪॥
દુગદસ અડ છત્રીસ પણવીસા, સગવીસ સડસઠ ભારી; હો ગુણી
એકાવન સિત્તેર પચાસે, સવિ ત્રણસો છેંતાલી... હો ગુણીજન... ॥૫॥
તિમ ભવિકા દઢરંગશું પૂજે, અવિતથ ઉદય વિચારી; હો ગુણી
અશ્વિન ચૈતર માસ વિશેષે, નવદિન આદરકારી.. હો ગુણીજન.. ॥૬॥
ૐ હ્રીં આદિમ ઇગ ઈગ દિનમાં, ઇગ ઈગ પદ મનધારી; હો ગુણી
ભૂષિત સીલે વર્ણ વિમાસી, ઈગ અન્ન અંબિલકારી.... હો ગુણીજન... ॥૭॥
સદ્ધ ચઉ વરિસે તવ ઇગ એંસી, નવ ઓલી નિરધારી; હો ગુણી
ધર્મ સુરંગી અચલ વિરાગી, યાવજ્જીવન અનુસારી.... હો ગુણીજન.. ॥૮॥
ભાવ પ્રતિષ્ઠાકલ્પ ભણેએ, નવપદ મહિમા અપારી; હો ગુણી
સરળ સહાવે સાધન ફલશે, તિમ હિત જિત અધિકારી... હો ગુણીજન.. ॥૯॥
કલિકાલે પણ અમ સમ પ્રાણી, હીન ચારિત્ર પ્રમાદી; હો ગુણી
જસ પ્રવહણ સમ પ્રવચન રંગી, સાધત ઇષ્ટ આલ્હાદી.. હો ગુણીજન.. ॥૧૦॥
ઉજ્જ્વલ સંયમ શોભિત પ્રશમે, કરુણાકર હિતકારી; હો ગુણી
વંદુ સદા શ્રીવીર જિણંદા, આસન્ન પરમોપકારી.... હો ગુણીજન... ॥૧૧॥
તે પ્રભુ પટ્ટ વિદિત વિજ્યાદિ, શ્રી હીરસેનસૂરિ ભારી; હો ગુણી
શ્રી દેવસિંહ સૂરિક્રમ પટ્ટો, ધર્મ મહોદયકારી... હો ગુણીજન.... ॥૧૨॥
સત્ય કર્પૂર ક્ષમાદિક વંશે, બુદ્ધિ વિજય ગુરુભારી; હો ગુણી
મુનિ તતિ ક્ષોણિ તલે જસ આજે, અપ્રતિબદ્ધ વિહારી.. હો ગુણીજન.. ॥૧૩॥
સુરતરુ દર્શન પિયૂષપાણિ, સંવેગજીવનશાલી; હો ગુણી
તસ પદ કજ અલિ વૃદ્ધિવિજયજી, ગુરુ ગુરુ ભવ્ય નિસ્તારી.. હો ગુણીજન.. ॥૧૪॥

શ્રીમત તપોગચ્છાંબર ભાનુ, શાસન રક્ષક ભારી; હો ગુણી
પ્રૌઢ પ્રતાપી, તીર્થ પ્રભાવી, ભવિજન ઉન્નતિ-કારી... હો ગુણીજન.. ॥૧૫॥
ઈગ સમયે ગુરુ ગૌતમ જેવા, બ્રહ્મમહાવ્રત ધારી; હો ગુણી
શ્રી ગુરુ નેમિસૂરીશ્વર રાયા, કારક ઉદ્ધતિ મારી... હો ગુણીજન... ॥૧૬॥
નિજ પટ્ટ સ્થાપિત સૂરિયૂગ સાથે, સંપ્રતિતે સુવિહારી; હો ગુણી
પ્રથમ વિજયદર્શનસૂરિ સોહે, અનુપમ તર્ક વિચારી... હો ગુણીજન... ॥૧૭॥
મુજ શ્રુતપાઠક પૂજ્ય આભારી, સત્કૃતિ સાનિધ્યકારી; હો ગુણી
શ્રી વિજ્યોદય સૂરિ શ્રુતધારી, પૂજાદિ નિર્મલકારી... હો ગુણીજન... ॥૧૮॥
પ્રથમ વિનેયાશ્રી ગુરુકેરા, લઘુગુરુ દીક્ષાદાતારી; હો ગુણી
વાચક સુમતિવિજય ગણિરાયા, મમ પૂજનિક ઉપકારી... હો ગુણીજન.. ॥૧૯॥
બહુગુણ નવપદ વર્ણનકારી, બુદ્ધિ ન પૂરી મારી; હો ગુણી
શ્રી ગુરુભક્તિ અનુગ્રહપામી, આકૃતિ પૂર્તિ નિહાલી.. હો ગુણીજન.. ॥૨૦॥
નિધિ હયનન્દ શશિ, પ્રમિત વર્ષે સ્તંભન પાર્શ્વજુહારી; હો ગુણી
અક્ષયત્રીજે માધવમાસે, પદ્મપૂજા રચે મ્હાલી... હો ગુણીજન.. ॥૨૧॥
વિરચન લબ્ધકુશલ અનુભાવે, પામીચરણ મનોહારી; હો ગુણી
પરપદવાસી બને ભવ્યજીવો, આત્મસમૃદ્ધિતિશાલી... હો ગુણીજન.. ॥૨૨॥
વિશદકરે કોવિદ ગુણરાગી, મુજપર કરુણાધારી; હો ગુણી
કહ્યું અનુચિત જે સાવૃતિભાવે, યાચુ ક્ષમા હિતકારી... હો ગુણીજન... ॥૨૩॥
સિદ્ધચક્ર પૂજા જે ભવિભણશે, અત્યન્ત ચિત્તમાં મ્હાલી, હો ગુણી
કલ્યાણકેલિ તસ ઘર વિલસે, પામે ઉન્નતિ રઢિયાલી... હો ગુણીજન... ॥૨૪॥

કાવ્ય તથા મંત્ર પહલી પૂજા પ્રમાણે

પં. શ્રી નિત્યાનંદ વિજયજી ગણિકૃત

શ્રી નવપદપૂજા

સ્નાત્રીયાએં થાળીમાં અક્ષત કેશરની વાટકી,
પંચામૃતનો કળશ અને ફૂલ લઇને ઊભા રહેવું

પ્રથમ અરિહંતપદ પૂજા

દુહો

શ્રી શંખેશ્વરપાર્શ્વજી, ત્રેવીશમા જિનરાય
ચરણકમળ નમુ ભાવથી, કરજોડી મહારાય ॥૧॥

વિજયપ્રેમ જંબુસૂરિ, ગુરુવર મહિમાવંત
અહર્નિશ કરુ વંદના, શિષ્ય વત્સલ ગુણવંત ॥૨॥
ભગવતી સરસ્વતી શારદા, સાનિધ્ય કરજો સાર,
પૂજા રચુ ઉલ્લાસથી, શ્રી નવપદ સુખકાર ॥૩॥
અરિહંત સિદ્ધ સૂરિવરા, ઉપાધ્યાય ભગવંત
મુનિવર દર્શન જ્ઞાનને, ચારિત્ર તપ શોભંત ॥૪॥
શ્રી સિદ્ધચક્રની પૂજના, આપે સુખ અપાર;
સાંભળે ભણે જે ભાવેથી, તે પામે ભવપાર ॥૫॥
નવનવ વસ્તુ મેળવી નૈવેદ્ય ફલાદિ સાર;
માંડલું રચો નવપદતણું, શોભા કરી મનોહારં ॥૬॥
ક્ષીરનીર અભિષેકથી, બરાસ વિલેપન અંગ
કેશરચંદન ભાવશું, પૂજા કરો જિન અંગ ॥૭॥
સુંદર પુષ્પ સોહામણા, સુગંધે મહેકાય,
રચો આંગી જિનરાજની, શોભા અદભૂત થાય ॥૮॥
ધૂપદીપ ઉવેખીને, અક્ષત સ્વસ્તિક સાર;
નૈવેદ્ય ફલ મૂકી કરો, પૂજા અષ્ટપ્રકાર ॥૯॥

ઢાળ–૧

(રાગ : પ્રથમ એક પિઠીકા ઝગમગેદિપીકા)

પ્રથમ અરિહંતની સેવા કરે સુરવરા, ભક્તિભાવે સદા વંદતાએ
સર્વ કલ્યાણકર ભવિક ઉદ્ધારકર, પાપના પુંજ સવિ હરતાએ.... ॥૧॥
ત્રીજેભવ જિનતણું નામ નિકાચતા, દેવસુખ ભોગવી ત્યાંથી ચવિયાએ
ત્રણ જ્ઞાને ભર્યા, માત કુક્ષી ઠર્યા, સુપન દશચાર નિશિ દેખ્યાએ.. ॥૨॥
શ્રી જિનજન્મ્યા સુરપતિ આવ્યા, મેરુગિરિ જન્મઉત્સવ કીયાએ
ત્રણ ભુવન ઉજાળ્યા, સુખક્ષણે પ્રગટ્યા, જીવન દુઃખ દૂર થયાએ... ॥૩॥
અતિશય ગુણભર્યાં, જન્મથી ચાર વર્યા, ઇગુણવીસ સુરવર કરેએ
કર્મઘાતિ ગયે પ્રગટ અગિયાર થયે, ચોત્રીસ અતિશય ઇમવરેએ... ॥૪॥
રજત સુવર્ણ તણા રત્ન સોહામણા, સમોવસરણ શોભા ઘણીએ,
સિંહાસને રાજતા, પ્રાતિહાર્ય શોભતા, પર્ષદા બાર સોહામણીએ... ॥૫॥
દેશના દે સદા, સુણે પર્ષદા તદા, ચૌમુખ ધર્મ સુણાવતાએ,
કેઇ સંયમ ગ્રહે, કેઇ શ્રાવક ભયે, કેઇ સમકિત તિહાં પામતાએ.. ॥૬॥

ભવોદધિ ડૂબતા, વ્યસન મુખે પડ્યા, ભવ્યજીવોને પ્રભુ તારતાએ
લક્ષણ અંગે વર્યા, એક સહસ આઠવર, સુર અસુર નર સેવનએ.... ॥૭॥
ચ્યવન જન્મ પછી દીક્ષા જ્ઞાનજ થતા, અંત્ય નિર્વાણ કલ્યાણકએ
અરિહંત જે થતા થયા વળી થાવશે, સવિતણા પાંચ કલ્યાણકએ... ॥૮॥
દ્રવ્યભાવે કરી પૂજા નિર્મલકરી, સ્વર્ગ અપવર્ગ તે પામતાએ,
અરિહંત ધ્યાવતા, નિત્યાનંદ પામતા, પ્રેમજંબુ જિનસેવતાએ.... ॥૯॥

કાવ્ય : દેવાદિવૃન્દૈઃ પરિસેવિતા યે, ગણીન્દ્ર ચક્રૈઃ પરિશોભિતાશ્ચ ।
સંસ્થાપ્ય તીર્થં શિવસદ્મ લબ્ધા, સ્તીર્થંકરાસ્તે વરદા ભવન્તુ ॥
(ૐ હ્રીં નમો અરિહંતાણં કહી અક્ષતની થાળી પાટ ઉપર મૂકવી પછી મંત્ર બોલવો)

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમેશ્વરાય, પરમપુરુષાય, પરમેષ્ઠીને
પરમાત્મને, સકલદોષરહિતાય, અનંતગુણધારિણે
ત્રૈલોક્યમહિતાય, દેવાધિદેવાય શ્રીમદ જિનેન્દ્રાય
જન્મજરામૃત્યુ ભવભયાદિનિવારણાર્થં..... જલં, ચંદનં
પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેદ્યં, ફલં યજામહે સ્વાહા
(પછી અષ્ટપ્રકારી પૂજા કરવી)

બીજી સિદ્ધપદ પૂજા

(સ્નાત્રીયાએ થાળીમાં ઘઉં કેસરની વાટકી, કળશ અને ફૂલ લેવા)

દુહો

સિદ્ધ થયા બીજે પદે, એકતીસ ગુણે ગુણવંત
નિરુપાધિક સુખભોગવે, સિદ્ધ ભજો ભગવંત ॥

ઢાળ–૧

(રાગઃ વીર જિણંદ જગત ઉપકારી)

શ્રી સિદ્ધપદને સેવીયેરે, સેવતાં શિવસુખ થાયરે;
પૂર્ણાનંદ સુખ ભોગવેરે, જ્યોતિસું જ્યોત મીલાયરે... શ્રી સિદ્ધ.. ॥૧॥
જ્ઞાનાવરણીય કર્મક્ષયથી, કેવલજ્ઞાન સુખદાયરે;
તિમ દર્શનાવરણીય ક્ષયથી, દર્શન અનંતુ થાય રે... શ્રી સિદ્ધ.. ॥૨॥
ત્રીજું વેદનીય ગયે થકે રે, અનુપમ સુખ અપારરે
મોહનીય નાશ થયે લહેરે, અનંત ચારિત્ર સાર રે... શ્રી સિદ્ધ.. ॥૩॥
આયુષ્ય કર્મ વિલયે થયે, અક્ષય સ્થિતિ લહંતરે;
ષટ્કર્મના વિલયે લહે, અરુપીભાવ ભજંતરે... શ્રી સિદ્ધ.. ॥૪॥

ગોત્રકર્મ વિયોગથીરે, અગુરુ લઘુ હોવંતરે;
અષ્ટ કર્મના નાશથીરે, અનંતવીર્ય ભગવંતરે.... શ્રી સિદ્ધ.. ॥૫॥
બંધ ઉદય ઉદિરણારે, સત્તાકર્મો નીલામી રે;
એક સમયે લોકાંતે જાવે, ચાર દૃષ્ટાંત વિરામીરે.... શ્રી સિદ્ધ.. ॥૬॥
શિવ અચલ અરજ, અવિનાશી, અક્ષયાનંત સ્થિતિવંત રે,
બાધારહિત અપુનરાવૃત્તિ, સિદ્ધિ ગતિએ શોભંતરે... શ્રી સિદ્ધ.. ॥૭॥
સુરનર સુખ જે ત્રણકાળના, અનંતગુણાએ કીધરે,
અનંતવર્ગે વર્ગીત કરે તોયે, શિવસુખ તોલે ન કીધરે... શ્રી સિદ્ધ.. ॥૮॥
સાદિ અનંત સુખ તે લીના, નાણીયે નવિ કહેવાયરે,
પ્રેમજંબૂ શ્રી સિદ્ધપદ વંદત, નિત્યાનંદ સુખ થાયરે... શ્રી સિદ્ધ.. ॥૯॥

કાવ્ય : લોકાગ્ર સંસ્થા નિજભાવ મગ્નાઃ પ્રામ સુસિદ્ધિ નિરુપાધ્ધિંકાશ્ચ
દોષૈર્વિહીના ગુણસર્વ યુક્તા, રસમગ્ન સિદ્ધા વરદા ભવંતું
મંત્ર : ૐ હ્રીં નમો સિદ્ધાણં કહી ઘઉંની થાળી પાટ પર મૂકવી)
કાવ્ય તથા મંત્ર પહલી પૂજા પ્રમાણે

૩જી આચાર્ય પૂજા

(સ્નાત્રીયાએ થાળીમાં ચણાની દાલ, કેશર કૂલ અને કળશ લેવો)

દુહો

ત્રીજે પદ સૂરિવર કહ્યા, છત્રીસ ગુણે સોહંત,
ગચ્છ ધૂરા જે સાચવે, નમો નમો મહિમાવંત ॥

ઢાળ ૧લી

(રાગ : ગિરિવર દર્શન વિરલા પાવે....)

આચારજ વંદે શુભભાવે, વંદન કરતાં પાવન પાવે;
છત્રીસ પ્રકાર છત્રીસી જાણો, બારસો છત્રુ ગુણો સોહાવે.. આચારજ.. ॥૧॥
ઇંન્દ્રિય પાંચના વિકાર ટાળે, નવવિધ બ્રહ્મચર્યને પાળે;
કોધ, લોભ, મદ માયાને હણતા, મહાવ્રત લીના આચારને પાળે.. આચારજ. ॥૨॥
પંચસમિતિ, ત્રણગુપ્તિ એ ગુમા, ઇમ છત્રીશગુણે ગુણવંતા;
પંચાચારજ્ઞાતા, સર્વજીવત્રાતા, જિનશાસને દિનકર શોભંતા.. આચારજ.. ॥૩॥

સરસ્વતી ત્રિભુવન સ્વામિનીબીજી, ત્રીજી પીઠિ ગણિપીટક સોહે
ચોથી પાઠે શ્રી દેવી દીપે, પાંચમે ઇન્દ્રાદિક સોહે.. આચારજ... ॥૪॥
પ્રસ્થાનને વિધિથી આરાધી, પાંચ પીઠોનું ધ્યાન ધરંતા;
પાંચ પ્રમાદને વિકથા ચાર, સર્વન સૂરિવર દૂર કરંતા.. આચારજ.. ॥૫॥
સારણા, વારણા, ચોયણા ત્રીજી, પડિચોયણા એ ચાર પ્રકારે,
ગચ્છ સંભાળે જન પ્રતિબોધે, ચઉઅનુયોગના અર્થપ્રચારે.. આચારજ.. ॥૬॥
અસ્તથયે સૂર્ય સમ અરિહંત, શશી સમ કેવલજ્ઞાની વિરહે
દીપકસમ શ્રી સૂરિવર સોહે, ત્રણ ભુવનની તમ દૂર લહે.. આચારજ.. ॥૭॥
ચૌદ અભ્યંતર ગ્રંથીને ટાળે, બાવીશ પરિષહને પણ જીતે;
તપ સંયમે અઠ્ઠાવીશ લબ્ધિ, પ્રભાવક જાણો આઠજ રીતે.. આચારજ... ॥૮॥
જિનશાસનના, યુગપ્રધાન, તૃતીયપદે શ્રી સૂરિવર ધ્યાવો,
પ્રેમજંબુસૂરિ ગુણધારી, નિત્યાનંદ પદ સહુ પાવો.. આચારજ... ॥૯॥

કાવ્ય : જિનોકતમાર્ગે કુશલ યતીન્દ્રાઃ કષાય મુક્તા, નવબ્રહ્મગુપ્તા
મહાવ્રતાનાં પરિપાલકાશ્ચ, સૂરીશ્વરાસ્તે વરદા ભવન્તુ
મંત્ર : ૐ હ્રીં નમો આયરિયાણં કહી થાળી પાટપર મૂકવી મંત્ર આગળ પ્રમાણે બોલવો)

૪થી ઉપાધ્યાય પદ પૂજા
(સ્નાત્રીયાએ થાળીમાં મગ કળશ કેશર, ફૂલ વગેરે લેવું)

દુહો

ચોથું પદ છે નિર્મલું, ઉપાધ્યાય ભગવંત ।
ભણે ભણાવે શિષ્યને, પ્રણમો ગુણ મણિકંત ॥

ઢાળ–૧

(રાગ : જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા)

ચોથેં પદ પાઠકવર સોહે, પાઠકવર સોહે
નીલવરણ વિખ્યાતરે, પાઠકવર સોહે
અંગ અનંગ સૂત્રોના ધોરી (સૂ), કાલિક ઉત્કાલિક ઉદારરે પાઠકવર....
અંગ અગ્યાર ઉપાંગતે બાર (ઉ), દશ પયન્નાસારરે, પાઠકવર.. ચોથે.. ॥૧॥
છ છેદને ચાર મૂલને જાણે (ચા) નંદી અનુયોગ પ્રધાનરે પાઠકવર...
સ્વાધ્યાય શાસ્ત્ર સકલનો કરતા (સ), સૂત્ર અર્થના જાણ પાઠકવર.. ચોથે.. ॥૨॥

ગ્રહણ આસેવન, શિક્ષા આપે (શિ), શિષ્યો ગીતાર્થ કરાયરે પાઠકવર..
હયગજ વૃષભ, સિંહ સમાન, ઇન્દ્ર ચકી મહાશયરે, પાઠકવર.. ચોથે.. ॥૩॥
વાસુદેવ રવિશશી સમદીપે (શ), કુબેર સમુદ્ર ઉદારરે પાઠકવર..
જંબુસિતાનદી મેરુરત્ન(મે), ઉપમા સોળ ધરનારરે, પાઠકવર.. ચોથે... ॥૪॥
મોહાદિ વિષ મૂર્ચ્છિત જીવને (મૂ), ચેતનાવંત કરનારરે પાઠકવર...
અજ્ઞાન વ્યાધિએ પીડિત (પી) જીવને, શ્રુત ઔષધ દેનારરે પાઠકવર.. ચોથે. ॥૫॥
જાત્યાદિ મદ ગયવર આઠ (ગ), જ્ઞાન અંકુસે દમનાર પાઠકવર...
દિનમાસ જીવિત શેષદાન (જી) મુક્તિ લગે દેનાર રે, પાઠકવર.... ॥૬॥
અજ્ઞાને અંધ થયેલા લોચન (થ) શાસ્ત્ર અંજને ઉઘાડેરે પાઠકવર..
લોકના પાપરુપી સંતાપ (રુ) ચંદન બાવને મીટાડે રે, પાઠકવર.. ચોથે.. ॥૭॥
શાસનના યુવરાજ વખાણો (યુ) શિષ્યાદિક ભણાવેરે, પાઠકવર...
ભાવ ઉપાધ્યાય ત્રીજે ભવ સિદ્ધિ (ત્રી) મોક્ષગતિને પાવે રે પાઠકવર.. ચોથે ॥૮॥
અદભૂત પચ્ચીશ ગુણો ધારે (ગુ), ગણવત્સલ ભવભીતરે પાઠકવર..
પ્રેમજંબુસૂરિ નિત્ય ઉપાસે (નિ) નિત્યાનંદહી લહીત રે પાઠકવર... ચોથે.. ॥૯॥

કાવ્ય : એકાંદશાંગા પરિભાવિતા યે, નંદા સુશિષ્યાન્પ્રતિબોધકાશ્ચ
સિદ્ધાંતશીલા ગણચિંતકાસ્તે, પાઠ પ્રદાસ્તે વરદાભવંતુ

મંત્ર : ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં કહી થાળી મૂકવી મંત્ર આગળ પ્રમાણે

પમી સાધુ પૂજા

(સ્નાત્રીયાએ થાળીમાં અડદ કળશ કેશર ફૂલ લેવા)

દુહો

પંચમ પદે શ્રી મુનિવરા, નહિ રાગ ને રીસ ।
મોક્ષમાર્ગને સાધતા, વંદો વીસવાવીશ ॥

ઢાળ–૧

(રાગ : મુનિવર પરમ દયાલ, ભવિયા)

મુનિપદ ભજો સુખકાર ભવિયા (૨)
એતો ઉતારે ભવપાર, ભવિયા... મુનિપદ ભજો સુખકાર.... ॥ટેક॥
પંચમપદેશ્રી મુનિવર સોહે, શ્યામવરણ ઉદાર ભવિયા
સત્તાવીશ ગુણે દીપતારે, ધરતા સંયમભાર, ભવિયા... મુનિપદ.. ॥૧॥

દર્શન, જ્ઞાનને ચારિત્ર રત્ને, મુક્તિ મારગ સાધંત ભવિયા
આર્તરૌદ્રને દૂર નિવારે, ધર્મ શુક્લ ધ્યાવંત, ભવિયા.. મુનિપદ.. ॥૨॥
શિક્ષા દ્વિવિધ ગ્રહણ કરંતા, ગુપ્તિ વડે એ ગુપ્ત ભવિયા,
શલ્યત્રણને નિવારતારે, ત્રણ ગારવથી મુક્ત ભવિયા.... મુનિપદ... ॥૩॥
સિત્તરી ધ્વયનું પાલન કરતા, વિકથા ચારથી દૂર ભવિયા,
કષાય ચારને પરિહરતા, ધર્મ ઉપદેશે શૂર ભવિયા... મુનિપદ... ॥૪॥
પ્રમાદ પંચને દૂર નિવારે, રોકે પંચિન્દ્રિય વિકાર, ભવિયા
પંચસમિતિને સુધી પાલે, છકાય રક્ષણહાર ભવિયા.. મુનિપદ.. ॥૫॥
હાસ્યાદિ દોષ ષટ્કને ટાળે, પાલે છ વ્રતસાર, ભવિયા
સાત ભય મદ આઠ નિવારે, નવબ્રહ્મ ગુપ્તિસાર ભવિયા.. મુનિપદ.. ॥૬॥
દશવિધ ધર્મ સુધો પાળે, ભાવના પચ્ચીસ ભાવંત, ભવિયા
સત્તરપ્રકારે સંયમ આરાધે, નિત્ય કરુણા વંત, ભવિયા... મુનિપદ.. ॥૭॥
મધુકરની જેમ ભિક્ષા લેતા, દોષ સવિ દૂર કરંત, ભવિયા
બાવીસ પરિષહ જીતતારે, ગામ નગર વિચરંત ભવિયા.. મુનિપદ.. ॥૮॥
સિદ્ધ થયા થતા થાશે રે, મુનિવિના નહીં કેઇ ભવિયા,
પ્રેમજંબુસૂરિચરણ પસાદે નિત્યાનંદ સુખહોયભવિયા મુનિપદ.... ॥૯॥

કાવ્યઃ ક્ષમાદિસદ્ભાવ ગુણાદિયુકતાઃ સદાપ્રસન્ના નિજભાવમગ્નાઃ ।
સામાયિકસ્થાઃ શુચિગુણ યુકતાઃ વ્રતીશ્વરાસ્તે વરદા ભવન્તુ ॥

મંત્ર : ઉઁ હીઁ નમો લોએ સવ્વસાહૂણં કહી થાળી મૂકવી મંત્ર આગળ પ્રમાણે

૬ઠ્ઠી દર્શનપદ પૂજા

(સ્નાત્રીયાએ પૂજામાં ચોખા, કેશર, કલશ ફૂલ લેવા)

દુહો

દર્શનપદ દીપક સમુ, દર્શન શ્રદ્ધાવંત ।
દર્શન વિન પામે નહિ, સંસાર કેરો અંત ॥

ઢાલ

(તુજ શાસન-રસ અમૃત મીઠું... રાગ)

પ્રભુ તુજ શાસન અમૃતમીઠું, કોઇ ભવમાં નવિ દીઠુ રે, દર્શન પદ વંદો
જિનશાસનમાં એહછે મુખ્ય, તે વિન મુક્તિ નવિ થાયરે, દર્શનપદવંદો
પ્રભુ તુજ શાસન..... ॥૧॥

અનંતાનુબંધી ચાર કષાય, સમકિત મિશ્ર મિથ્યાત્વરે, દર્શનપદ વંદો
મોહનીયકર્મની એ સાત પ્રકૃતિ, બંધાદિકથી પ્રલાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન.... ॥૨॥
ક્ષાયોપશમ ઉપશમ ક્ષયભાવે, જીવોને સમકિત થાયરે દર્શન પદ વંદો
શેષ અર્ધ પુદ્ગલપરાવર્તે, સમ્યગ દર્શન પમાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન.... ॥૩॥
ક્ષયોપશમતો અસંખ્યવાર, પાંચવાર ઉપશમ થાયરે, દર્શન પદ વંદો
ક્ષાયિકભાવનું એકજ વાર, ભવ ભમતા પમાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન.... ॥૪॥
અંતર્મુહુર્ત દર્શન ફરસે, તો પણ મુક્તિજવાયરે, દર્શન પદ વંદો
બે ત્રણ પાંચ અનેક ભેદે, સડસઠ ભેદે કહાય રે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન... ॥૫॥
અબદ્ધાયુને ક્ષાયિક દર્શને, તે ભવ મુક્તિ જવાય રે, દર્શન પદ વંદો
બદ્ધાયુ પણ ત્રણ પાંચ ભવમાં, સકલ કર્મ ખપાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન... ॥૬॥
દર્શન વિણ ક્રિયા નવિ લેખે, દર્શને મોક્ષ સધાયરે, દર્શન પદ વંદો
દર્શન વિણ જીવ ચારે ગતિમાં, ભવો ભવ ભટકાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન..... ॥૭॥
દર્શન વિણ જ્ઞાન અ જ્ઞાન, નવપૂર્વી પણ હોયરે, દર્શન પદ વંદો
દર્શનાચારે ચારિત્ર પ્રમાણ, મુક્તિ રમણી વરાયરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન..... ॥૮॥
સંસારના સુખ અસાર જાણો, સંસાર કારાવાસરે, દર્શન પદ વંદો
પ્રેમજંબુસૂરિ દર્શન ઝંખે, નિત્યાનંદ વળી ખાસરે, દર્શન પદ વંદો
પ્રભુ તુજ શાસન..... ॥૯॥

કાવ્ય : આધારભૂતં જિનશાસનસ્ય, પવિત્રપીઠં શિવમંદિરસ્ય ।
ધ્વયાદિ ભેદૈઃ પરિકીર્તિતં ચ, પ્રણૌમિ સમ્યકત્વ પદં સુભક્ત્યા ॥
મંત્ર : ૐ હ્રીં શ્રી નમો દંસણસ્સ કહી થાળી મૂકવી મંત્ર આગળ પ્રમાણે બોલવો

૭મી જ્ઞાનપદ પૂજા

દુહો

સમમ પદ છે જ્ઞાનનું, જ્ઞાને પદાર્થ જણાય ।
જ્ઞાને દર્શન નિર્મલુ, વંદો જ્ઞાન સદાય તા ॥

ઢાળ–૧

(રાગ : જેમ જેમ એ ગિરિભેટિયે રે....)

જ્ઞાન વડુ સંસારમારે, ભેદે પાંચ સુહાય સલુણા
ઉત્તરભેદે ગણતાં થકા રે, એકાવન તે થાય સલુણા
જિમ જિમ જ્ઞાનપદ સેવિયે રે, તિમતિમ અજ્ઞાન હટાય સલુણા.. જ્ઞાન વડુ..॥૧॥
જ્ઞાનતણો મહિમા ઘણોરે, ભાખ્યો શ્રી ભગવંત સલુણા
મતિ શ્રુત, અવધિ વળીરે, મનઃપર્યવ કેવલ શોભંત સલુણા.. જિમ જિમ.. ॥૨॥
અઠ્ઠાવીશ ભેદ મતિતણારે, શ્રુતના ચૌદ કહાય સલુણા
ષટ ભેદ અવધિજ્ઞાનના રે, મનઃ પર્યવ દો ગણાય સલુણા.. જિમ જિમ.. ॥૩॥
એક પ્રકાર કેવલજ્ઞાનનો રે, જ્ઞાને સિદ્ધિ થાય, સલુણા
દ્રવ્યગુણ પર્યાય તણારે, સ્વપર ભાવ કલાય સલુણા.. જિમ જિમ... ॥૪॥
જ્ઞાનવિના ક્રિયાતણુરે, ક્રિયા રહિત જે જ્ઞાન, સલુણા
અંતર રવિ ખજૂઆ પરેરે, ઇમ ભાખે ભગવાન, સલુણા.. જિમ જિમ.. ॥૫॥
ભક્ષ્ય, અભક્ષ્ય, ગમ્યા અગમ્ય, કૃત્ય અકૃત્ય જે હોય સલુણા
હેય, જ્ઞેય ઉપાદેયપણું રે, જ્ઞાન બોધ સવિ સવિ જોય સલુણા.. જિમ જિમ.. ॥૬॥
અંક વિનાના મીંડાં જિસીરે, ક્રિયા અજ્ઞાની જાણ સલુણા
કિંમત અંકાયે જ્ઞાનથી રે, જ્ઞાને સવિ પ્રમાણ સલુણા... જિમ જિમ.. ॥૭॥
જ્ઞાન પ્રથમ દયા પછી રે, જ્ઞાન વિન ઘોર અંધાર સલુણા
જ્ઞાન વિના કિમ પામશો રે, મુકિત પુરીના દુવાર સલુણા.. જિમ જિમ.. ॥૮॥
તજી આશાતના જ્ઞાનનીરે, પામો ભવજલપાર સલુણા
પ્રેમજંબુસૂરિ પામશે રે, નિત્યાનંદ પદ સાર સલુણા... જિમ જિમ.. ॥૯॥

કાવ્ય : સુધાસમાનં, વિષદોષ હર્તું, કલ્યાણ કક્ષં પરિતાપ હર્તું ।
સત્સાધુવૃન્દૈઃ પરિભાવિતંચ, પ્રણૌમિ સદ્જ્ઞાનપદં સુભક્ત્યા ॥

મંત્ર : ૐ હ્રીં નમો નાણસ્સ કહી થાળી મૂકવી મંત્ર (આગળ પ્રમાણે બોલવો)

૮મી ચારિત્ર પૂજા

દુહો

આઠમે ચારિત્રપદ નમો, ધન ધન ચારિત્રવંત ।
ચઢતા સંયમ શ્રેણીએ, કરતા ભવનો અંત ॥

ઢાળ–૧

(રાગ : સંયમ રંગ લાગ્યો)

ચારિત્રપદ છે નિર્મલું રે, જેહથી શિવસુખ થાય, સંયમ દિલ વસ્યું
દિલ વસ્યુ, મારે મન વસ્યુ રે, મન વસ્યું જિનરાય, સંયમ દિલ વસ્યું
ભાવસ્યણ નિધાન છે રે, કર્મ મલ દૂર પલાય, સંયમ દિલ વસ્યું... ચારિત્ર.. ॥૧॥
સામાયિકને ઉપસ્થાપનારે, પરિહાર ત્રીજું વિશુદ્ધ, સંયમદિલ,
ચતુર્થ સૂક્ષ્મસંપરાય છે રે, પંચમ યથાખ્યાત શુદ્ધ, સંયમદિલ.. ચારિત્ર.. ॥૨॥
છઠ્ઠે સાતમે ગુણઠાણેરે, પહેલુ બીજુ ચારિત્ર, સંયમ દિલવસ્યું
તિહાં કોઇ મુનિવર સેવતાં રે, પરિહાર ત્રીજુ ચારિત્ર, સંયમ.... ચારિત્ર.. ॥૩॥
દશમ ગુણઠાણે આવતા રે, હોય સૂક્ષમસંપરાયરે, સંયમ દિલ
મોહનીય ક્ષય ઉપશમ રે, યથાખ્યાત સોહાય, સંયમ દિલ... ચારિત્ર.. ॥૪॥
સંયમગુણ ફરસે થકે રે, સ્વરુપ રમણતા સોહાય, સંયમ દિલ
સંયમ વર્ષ પર્યાય થકે, અનુત્તર સુખ કલાય રે... ચારિત્ર.... ॥૫॥
મુક્તિ તે ભવ જાણતારે, તીર્થંકર ભગવાન, સંયમદિલ
તો પણ તે ચારિત્ર ગ્રહે રે, ચઢતે શુભ શૂકલધ્યાન, સંયમદિલ.. ચારિત્ર.. ॥૬॥
સત્તરભેદ સંયમનારે, સીતેર ભેદ પણ હોય, સંયમદિલ
શુદ્ધ વિશુદ્ધ પરિણામથીરે, ક્ષણમાં કેવલ જોય, સંયમદિલ.. ચારિત્ર.. ॥૭॥
રાય કે રંક સંયમ લીયે રે, સુરનરપણ પૂજંત, સંયમદિલ
ચારિત્રવિણ મુક્તિ નહીરે, મુક્તિના સુખ અનંત, સંયમદિલ... ચારિત્ર.. ॥૮॥
કર્મ સંચય રિકત કરે રે, તેણે ચારિત્રનામ, સંયમદિલ
પ્રેમજંબુસૂરિ આરાધતા રે, નિત્યાનંદ વિસરામ, સંયમદિલ.. ચારિત્ર... ॥૯॥

કાવ્ય : કર્માષ્ટદાહાઽઽશમને સુનીરં, રાગાદિદોષાઽઽહરણે સમીરં ।
સમતિભેદં જિનસેવિતં ચ, પ્રણૌમિ ચારિત્રપદં સુભક્ત્યા ॥

મંત્ર : ૐ હ્રીં નમો ચારિત્તસ્સ કહી થાળી મુકવી મંત્ર (આગળ પ્રમાણે બોલવો)

૯ તપપદ પૂજા

દુહો

મહાપાપી પણ તપથકી, પામ્યા ભવનો પાર ।
બાહ્ય અભ્યંતર ભેદથી, તપના બાર પ્રકાર ॥

ઢાળ–૧

(રાગ : સિદ્ધાચલ શિખરે દીવો રે)

નવમુ પદ છે સુખકારી રે, તપપદ વંદો શુભભાવે
ભવ્ય જીવોને હિતકારી રે, તપપદ વંદો શુભભાવે
બાર ભેદ તેહના જાણો રે, તપપદ વંદો શુભભાવે
બાહ્ય અભ્યંતર પ્રમાણો રે, તપપદ વંદો શુભભાવે
નવમુંપદ છે સુખકારી રે.... ॥૧॥
અનશન તપ પહેલો ભેદ રે, તપ ઉણોદરીમાં ન કરી ખેદ રે, તપ..
વૃત્તિસંક્ષેપ રસત્યાગ રે, તપ કાયકલેશ સંલીનતા રાગ રે, તપ... નવમું.. ॥૨॥
પ્રાયશ્ચિત વિનય વિચારો રે તપ વૈયાવચ્ચ સ્વાધ્યાય સારો રે, તપ...
ધ્યાન કાઉસગ્ગ અંતિમ જાણો રે તપ, ઉત્તરોતર ઊંચા પ્રમાણો રે, તપ.. નવમું ॥૩॥
તે ભવમાં સિદ્ધિ જાણે રે, તપ દીક્ષા જ્ઞાનને નિર્વાણ રે, તપ..
તો પણ જિનવરે તપ કીધો રે, તપ તપથકી વાંછિત સિદ્ધો રે, તપ.. નવમું ॥૪॥
સ્પૃષ્ટ બદ્ધ નિદ્ધત નિકાચિત રે, તપ કર્મબંધનની એ ચાર રીતિ રે, તપ....
તપથી નિકાચિત જાવે રે, તપ, વળી લદ્ધિ વિશેષે પાવે રે, તપ.. નવમું.. ॥૫॥
જિમ અગ્નિ મલને બાળે રે, તપ તિમ તપ પણ કર્મને મલે રે, તપ...
તપ કલ્પતરુ સમજુક્તિ રે, તપ નરસુર ઋદ્ધિફલ મુક્તિ રે, તપ.. નવમું.. ॥૬॥
સંસારમાં જે છે અસાધ્ય રે, તપ તપથી હોય સવિ સાધ્ય રે, તપ...
દધિ દુર્વાદિતો દ્રવ્યમંગલ રે, તપ પણ તપ છે ભાવમંગલ રે તપ.. નવમું.. ॥૭॥
સર્વ મંગલમાં તપ છે ધુરે રે, તપ એતો સર્વ વાંછિતને પૂરે રે, તપ....
દઢ પ્રહારી જેવા હત્યારા રે, તપ તપથી પામ્યા ભવપારારે, તપ.. નવમું.. ॥૮॥
બાર ભેદે તપને કરતા રે, તપ એતો ગુણશ્રેણીએ ચડતા રે, તપ....
પ્રેમજંબુસૂરિ તપ તપતા રે, તપ નિત્યાનંદને મંગલ કરતા રે, તપ... નવમું.. ॥૯॥

ગીત

(રાગ : ઔચ્છવ રંગ વધામણા)

આનંદ રસ છલકાવ્યો, સિદ્ધચક્રજી થુણતાં
પહેલું વલય નવપદતણું, અષ્ટવર્ગને સુણતાં..... આનંદ.... ॥૧॥
ત્રીજા લબ્ધિ વલય જાણવું, પ્રણવ અનાહતયુકત,
ચોથું અષ્ટ ગુરુપાદનું, દેવી જયાદિ જુક્ત.... આનંદ..... ॥૨॥
ષોડશ વિદ્યા દેવીઓ, યક્ષ ચોવીશ રાજે
ચોવીસ યક્ષીણી, નવગ્રહો, વીર માણિભદ્ર છાજે.... આનંદ... ॥૩॥
દશદિશિપાલ નવનિધિઓ, દ્વારપાલ ચાર,
વિમલેસર ચક્રેસરી, સેવા નિત્ય કરનાર..... આનંદ.... ॥૪॥

કાવ્ય : યૈ ર્ભૂત ભાવિ વિચરત્ જિનેન્દ્રૈ:, તપસ્સુ તમં વ્રત બોધકાલે ।
નિર્વાણકાલે ચ તથૈવ દષ્ટં, પ્રણૌમિ ભક્ત્યા તપસઃ પદંહિ ॥

મંત્ર : ૐ હ્રીં નમો તવસ્સ કહી થાળી મૂકવી મંત્ર (આગળ પ્રમાણે બોલવો)

કશળ

ગાયા ગાયારે, શ્રી નવપદજી ગુણગાયા
એ સમ નહીં કો મંત્ર યંત્ર, જગમાં સૌથી સવાયા,
દેવ ગુરુ ધર્મ ત્રય તત્વ, સિદ્ધચક્રે સમાયારે શ્રી નવપદજી ગુણગાયા... ॥૧॥
શ્રી વીર જિનની પાટ પરંપરે, ચુમ્માલીસમીએ સુહાયા,
તપગચ્છ જગતચંદ્રસૂરિજી, સિંહસૂરિ એકસઠ ઠાયારે શ્રી નવપદજી ગુણગાયા.. ॥૨॥
સત્ય કર્પુર ક્ષમા જિન ઉત્તમ, પદ્મ રુપ, કીર્તિ ગવાયા
કસ્તુરમણિ વિજયજી ઇકોતેરમી, તસપાટે બુટેરાયારે શ્રી નવપદજી ગુણગાયા...॥૩॥
તસ આત્મ કમલ દાનસૂરિજી, વિજય પ્રેમસૂરિ દિપાયા,
ગચ્છે સૂરિવર છવ્વીસ સોહે, ચઉ શતાદિક શિષ્ય પાયારે શ્રી નવપદજી ગુણગાય.....॥૪॥
સીતોત્તેરમી પાટે જં બુસૂરિજી, તસ ચઉ સૂરિરાયા,
વર્ધમાન ચિંદાનંદસૂરિજી જયંત શેખર સૂરિરાય શ્રી નવપદજી ગુણગાયા.....॥૫॥
જ્યોતિર્વિદ રૈવતસૂરિશ્વરજી ચોથા ગણિ નિત્યાનંદ સુહાયા,
સંવત બે હજાર એકત્રીશ વરસે, ઉપધાન પ્રસંગે આયારે શ્રી નવપદજી ગુણગાયા..॥૬॥
મહારાષ્ટ્રદેશે માલેગાંવમાં, મહાસુદ પંચમી પાયા,
શ્રી આદિજિનશીતલ છાયામાં, નવપદ પૂજા બનાયા રે શ્રી નવપદજી ગુણગાયા..॥૭॥

શેઠ ભુરમલજી અચલચંદે, ઉપધાન સુંદર કરાયા,
માલારોપણ મહોત્સવ પ્રસંગે, પ્રથમ પૂજા ભણાયા રે શ્રી નવપદજી ગુણગાયા ॥૮॥
ગુરુવરશ્રી વિજય જંબુસૂરિએ, પૂજા ક્ષતિ સુધરાયા,
શિષ્ય ગણિવર નિત્યાનંદે, ઘર ઘર હર્ષ વધાયા રે શ્રી નવપદજી ગુણગાયા..॥૯॥

શ્રી નવપદ પૂજા સંપૂર્ણ

જ્ઞાનવિમલસૂરિજી કૃત લઘુ નવપદ પૂજા

ઉત્પન્ન સન્નાણ મહોમયાણં સપ્પાડિહેરાસણ સંઠિઆણં
સદ્દેસણાણં દિયસદ્ધણાણં નમો નમો હોઉ સયા જિણાણં ॥૧॥

નમોઽનંત સંત પ્રમોદ પ્રધાનં, પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય
થયા જેહના ધ્યાનથી સૌખ્ય ભાજા, સદા સિદ્ધચકાય શ્રીપાલ રાજા ॥૨॥
કર્યા કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે
કરી પૂજતા ભવ્ય ભાવે ત્રિકાળે, સદા વાસ્યો આત્મા તેણે કાલે ॥૩॥

જે તીર્થંકર કર્મ ઉદયે કરીને, દીયે દેશના ભવ્યને હિત ધરીને
સદા આઠ મહાપાડિહેરે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપુતા ॥૪॥
કર્યા ઘાતિયા કર્મ ચારે અલગા, ભવોપગ્રાહી ચાર છે જે વિલગ્ગા
જગત પાંચ કલ્યાણકે સુખ પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે ॥૫॥

અરિહંત પદ પૂજા

દુહો

પરમ મંત્ર પ્રણમી કરી, તાસ ધરી ઉર ધ્યાન ।
અરિહંત પદ પૂજા કરો, નિજ નિજ શક્તિ પ્રમાણ ॥

ઢાલ

ત્રીજે ભવ વિધિસેં કરી, વીસ સ્થાનક તપ કરીને રે
ગોત્ર તીર્થંકર બાંધ્યું, સમકિત શુદ્ધ મન ધરીને રે
અરિહંત પદ નીત વંદિયે, કરમ કઠિન જિમ છંડીએ... આંકણી.. ॥૧॥

જન્મકલ્યાણકને દિને, નારકી સુખીયા થાવે રે
મતિ શ્રુત અવધિ વિરાજતા, જસુ ઉપમા કોઇ નાવે રે.. અરિહંત.. ॥૨॥
દીક્ષા લીધી શુભ મને, મનઃપર્યવ આદરીયું રે,
તપ કરી કર્મ ખપાઇને, તતખિણ કેવલ વરીયું રે.. અરિહંત.. ॥૩॥

ચઉતીસ અતિશય શોભતાં, વાણી ગુણ પેંતીસો રે,
અટ્ઠાદસ દોષ રહિત થઇ, પૂરે સંઘ જગીસો રે.... અરિહંત... ॥૪॥
તન મન વયણ લગાઇને, અરિહંત પદ આરાધે રે
તે નર નિશ્ચયથી સહી, અરિહંત પદવી સાધે રે.. અરિહંત.... ॥૫॥

શ્લોક

અથાષ્ટદલ મધ્યાબ્જ, કર્ણિકાયામ જિનેશ્વરાન્
આવિર્ભૂત સદબોધનાવૃતઃ સ્થાપયામ્યહમ
નિઃશેષ દોષેંધન ધૂમકેતુ ન પાર સંસાર સમુદ્ર સેતુન
યજે સમસ્તાતિશયૈકહેતુન શ્રીમદ્જિનાનંબુજ કર્ણિકાયામ
મંત્ર : ૐ હ્રીં અર્હદ્ભ્યો નમઃ

સિદ્ધપદ પૂજા

દુહો

દુજી પૂજા સિદ્ધની, કીજે દીલ ખુશિયાલ ।
અશુભ કર્મ દૂરે ટળે, ફલે મનોરથ માળ ॥

છંદ

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોડણંત ચઉક્કયાણં
કરી આઠ કર્મક્ષયે પાર પામ્યા, જરાજન્મ મરણાદિ ભય જેણે વામ્યા,
નિરાવરણ જે આત્મરુપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા
ત્રિભાગોનદેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશા,
સદાનંતિ સૌખ્યાશ્રિતા જ્યોતિરુપા, અનાબાધા અપુર્નભવાદિ સ્વરુપા ॥

ઢાળ

સકલ કર્મનો ક્ષય કરી, સિદ્ધ અવસ્થા પાઇ રે,
ગુણ ઇગતીસ વિરાજતા, ઉપમા જસ નહીં કાંઇ રે, મન શુદ્ધ સિદ્ધપદ વંદીયે.... ॥૧॥
જન્મ મરણ દુઃખ નિર્ગમ્યા, શુદ્ધાતમ ચિદ્રુપી રે,
અનંત ચતુષ્ટય ધારતા, અવ્યાબાધ અરુપી રે... મન... ॥૨॥
જાસ ધ્યાન જોગીસરુ, કરે અજપા જાપે રે,
ભવ ભવ સંચ્યા જીવડે, કઠિન કરમ તે કાપે રે... મન... ॥૩॥
ધ્યાન ધરંતા સિદ્ધનું, પૂજંતા મન રાગે રે,
અવિચલ પદવી પાઇએ, કહ્યું જિનવર વડભાગે રે... મન... ॥૪॥

શ્લોક

તસ્ય પૂર્વદલે સિદ્ધાન્, સમ્યકત્વાદિ ગુણાત્મકાન્
નિઃશ્રેયસ પદં પ્રામાન્, નિદધે, ભક્તિ નિર્ભરઃ
તત્પૂર્વ પત્રે પરિતઃ પ્રણષ્ટ, દુષ્ટાષ્ટ કર્માનધિગમ્ય શુદ્ધિમ
પ્રામાત્રરાન્ સિદ્ધિમનંતબોધાન્, સિદ્ધાન્ શાંતિકરાન્ નરાણામ્...
મંત્ર : ૐ હ્રીં સિદ્ધેભ્યો નમઃ

આચાર્ય પદ પૂજા

દુહો

હવે આચારજ પદ તણી, પૂજા કરો વિશેષ ।
મોહ તિમિર દૂરે હરે, સુઝે ભાવ અશેષ ॥

છંદ

સૂરીણ દૂરિક્ય કુગ્ગહાણં, નમો નમો સૂરિ સમપ્પહાણં
નમો સૂરિરાજા સદા તત્ત્વ તાજા, જિનેંદ્રાગમે પ્રૌઢ સામ્રાજય ભાજા
ષટ્ વર્ગ વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના ।
ભવિ પ્રાણિને દેશના દેશ કાળે, સદા અપ્રમત્તા યથા સૂત્ર આલે,
જિકે શાસનાધાર દિગદંતિ કલ્યા, જગેં તે ચિરંજીવ જો શુદ્ધ જલ્પા ॥

ઢાળ

ગુણ છત્રીસેં દીપતા, પાળે પંચ આચારો રે,
જિન મારગ સાચો કહે, યુગપ્રધાન જયકારો રે, આચાર્ય પદ વંદીએ.. ॥૧॥
સારણ વારણ ચોયણા, પડિચોયણા ચઉ શિક્ષા રે,
ભવ્યજીવ સમજાવવા, દેવાને તે દક્ષા રે.... આચાર્ય... ॥૨॥
જિનવર સૂરજ આથમ્યા, પ્રત્યક્ષ દિપક જેહા રે,
સકલ ભાવ પરગટ કરે, જ્ઞાનમયી જસુ દેહા રે.... આચાર્ય... ॥૩॥
વિધિશું પૂજા સાચવે, ધ્યાવે નિજ હિત જાણી રે,
પાવે લઘુત્તર કાલમાં, આચારજ પદ પ્રાણી રે... આચાર્ય.... ॥૪॥

શ્લોક

સ્થાપયામિ તતઃ સૂરીન્, દંક્ષિણેણડસ્મિન દલેડમલે
ચરતઃ પંચધાચારં, ષટત્રિંશદ્ સત્‌ગુણૈર્યુતાન્ ॥૧॥

સૂરીન્ સદાચારારતાંશ્ચ સારાનાચારયંતઃ સ્વપરાન્યથેષ્ટમ્
ઉગ્રોપસર્ગૈક નિવારણાર્થ, મભ્યર્ચયામ્યક્ષત ગંધ ધૂપૈઃ ॥૨॥
મંત્ર : ઉઁ હ્રીં સૂરિભ્યો નમઃ

ઉપાધ્યાય પદની પૂજા

દુહો

ગુણ અનેક જગે જેહનાં, સુંદર શોભિત ગાત્ર ।
ઉવજ્ઝાય પદ અરચીયેં, અનુભવ રસનું પાત્ર ॥

છંદ

સુત્તત્થ વિત્થારણ તપ્પરાણં, નમો નમો વાયગ કુંજરાણં,
નહિ સૂરિ પણ સૂરિગણને સહાયા, નમુ વાચક ત્યક્ત મદમોહ માયા
વળી દ્વાદશાંગાદિ સૂત્રાર્થ દાને, જિકે સાવધાના નિરુદ્ધાભિમાને ।
ધરે પંચને વર્ગ વર્ગિત ગુણોધાઃ પ્રવાદિ ધ્વિપોચ્છેદને તુલ્ય સિંધાઃ
ગુણી ગચ્છ સંધારણે સ્તંભ ભૂતા, ઉપાધ્યાય તે વંદિયે ચિત્ત પ્રભૂતા ॥૧॥

ઢાળ

દ્વાદશાંગી વાણી વદે, સૂત્ર અર્થ વિસ્તારે રે,
પંચવર્ગ ગુણ જેહનાં, સમિતિ ગુમિ નિત્ય ધારે રે, શ્રી ઉવજ્ઝાય વંદિએ.. ॥૧॥
દાયક આગમ ભાવના, ભેદભાવ યુત્ત સારી રે,
મૂરખ કુ પંડિત કરે, જગત જંતુ હિતકારી રે.... શ્રી.... ॥૨॥
શીતલ ચંદ કિરણ સમી, વાણી જેહની કહિએ રે,
તે ઉવજ્ઝાય પૂજતાં, અવિચલ સુખડાં લહીએ રે....શ્રી.... ॥૩॥

શ્લોક

દ્વાદશાંગ શ્રુતાધારાન્ શાસ્ત્રાધ્યયન તત્પરાન્
નિવેશયામ્યુપાધ્યાયાન્, પવિત્રે પશ્ચિમે દલે ॥૧॥
શ્રી ધર્મશાસ્ત્રાણ્યનિશં પ્રશાંત્યૈ, પઠયત્યન્યાનપિ પાઠયંતિ
અધ્યાપકાંસ્તાનપરાજ્જ પત્રે, સ્થિતાન્પવિત્રાન્પરિ-પૂજયામિ ॥૨॥
મંત્ર - ઉઁ હ્રીં ઉપાધ્યાયેભ્યો નમઃ ।

સાધુ પદ પૂજા

દુહો

મોક્ષ મારગ સાધન ભણી, સાવધાન થયા જેહ ।
તે મુનિવર પદ વંદતા, નિર્મળ થાયે દેહ ॥

છંદ

સાહૂણ સંસાહિય સંજમાણં, નમો નમો શુદ્ધ દયાદમાણં
કરે સેવના સૂરિ વાયગ ગણિની, કરુ વર્ણના શી તેહ મુનિની
સમેતા સદા પંચ સમિતિ ત્રિગુમા, ત્રિગુમે હિ કામભોગેષુ લિમા
વળી બાહ્ય અભ્યંતરે ગ્રંથી ટાળી, હુયે મુક્તિને યોગ્ય ચારિત્ર પાળી,
શુભાષ્ટાંગ યોગે રમે ચિત્તવાળી, નમું સાધુને તેહ નિજ પાપ ટાળી

ઢાળ

સકલ વિષય વિષ વારીને, આતમ ધ્યાને રાતી રે,
ઉપશમ રસમાં ઝીલતાં, નિજ ગુણ જ્ઞાને માતી રે, હિત ધરી મુનિ પદ વંદીએ... ॥૧॥
રત્નત્રયી આરાધતાં, ષટ્કાયા પ્રતિપાલે રે
પંચેંદ્રિય જીપે સદા, જીનમારગ અજવાલે રે... હિતધરી.. ॥૨॥
ગુણ સત્તાવીશ અલંકર્યા રે, પંચ મહાવ્રત ધારી રે,
દ્વાદશ વિધિ તપ આદરે, ચિદાનંદ સુખકારી રે... હિતધરી.. ॥૩॥
નવવિધ બ્રહ્મચારિજ ધરે, કર્મ મહાભય જીત્યા રે
એહવા મુનિ ધ્યાવે સદા, તે નર જગત વિદીતા રે... હિતધરી.. ॥૪॥

શ્લોક

વ્યાખ્યાદિ કર્મ કુર્વાણાન્, શુભ ધ્યાનૈક માનસાન્
ઉદકાત્ર ગતાન્નિત્યં, સાધૂન્ વંદામિ સુવ્રતાન્ ॥૧॥
વૈરાગ્યમંત ધારયતિ પ્રસિદ્ધં, સત્યં તપો દ્વાદશધા શરીરે
યેષા મુદક પત્ર ગતાન્ પવિત્રાન્ સાધૂન્ સદા તાન્ પરિપૂજ્યામિ ॥૨॥
મંત્ર - ઉઁ હ્રીં સર્વસાધુભ્યો નમઃ ।

દર્શન પદ પૂજા

દુહો

જિનવર શુદ્ધ નય તત્ત્વતણી પરતીત ।
તે સમ્યગ દર્શન સદા, આદરિએ શુભ રીત ॥

છંદ

જિણુત તત્તે રુઇ લક્ખણસ્સ, નમો નમો નિમ્મલ દંસણસ્સ....
વિપરીયા સહઠ વાસના રુપ મિથ્યા, ટળે જે અનાદિ અ છે જેમ પથ્યા
જિનોક્તે હુવે સહજથી સદ્ધ્યાનં, કહીએ દર્શનં તેહ પરમં નિધાનં,
વિના જેહથી જ્ઞાનમજ્ઞાન રુપં, ચરિત્રં વિચિત્રં ભવારણ્ય કૂપં
પ્રકૃતિ સાત ઉપશમ ક્ષયે તેહ હોવે, તિહાં આપ રુપે સદા આપ જોવે

ઢાળ

સુગુરુ સુદેવ સુધર્મની, સદહણા ચિત્ત ધરીએ રે,
સાત પ્રકૃત્તિનો ક્ષય કરી, ક્ષાયિક સમકિત વરીએ રે, દરિસણ પદ નિત્ય વંદિએ.. ॥૧॥
ઇણ વિણ જ્ઞાન નિષ્ફળ કહ્યું, ચારિત્ર નિષ્ફલ જાયે રે,
શિવસુખ એ વિણ ના મીલે, બહુ સંસારી થાએ રે... દરિસણ.. ॥૨॥
સડસઠ ભેદે શોભતું, અજરામર ફળ દાતા રે
જે નર પૂજે ભાવશું, તે પામે સુખશાતા રે.... દરિસણ.. ॥૩॥

શ્લોક

જિનેન્દ્રોકતં મતં શ્રદ્ધા, લક્ષણં દર્શનં યજે ।
મિથ્યાત્વમથનં શુદ્ધં, ન્યસ્તમીશાન સદલે ॥
મંત્ર : ઉઁ હીઁ સમ્યગ્ દર્શનાય નમઃ ।

જ્ઞાનપદ પૂજા

દુહો

સમમ પદ શ્રી જ્ઞાનનું, સિદ્ધચક તપમાંહિ ।
આરાધી જે શુભ મને, દિન દિન અધિક ઉચ્છાંહિ ॥

છંદ

અન્નાણ સંમોહ તમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ
હુવે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધે, યથાવરણ નાસે વિચિત્રાવબોધં,
તિણે જાણીએ વસ્તુ ષડ્ દ્રવ્ય ભાવા, ન હોવે વિતથ્ય નિજેચ્છા સ્વભાવા-
હોવે પંચ મત્યાદિ સુજ્ઞાન ભેદે, ગુરુપાસ્તિથી યોગ્યતા તેહ વેદે,
વળી જ્ઞેય હેય ઉપાદેય રુપે, લહે ચિત્તમાં જેમ ધ્વાંત પ્રદિપે ॥

ઢાળ

ભક્ષ અભક્ષ વિચારણા, પેયાપેય નિર્ધારો રે,
કૃત્ય અકૃત્યને જાણીએ, જ્ઞાન મહા જયકારો રે જ્ઞાન નિરંતર વંદિએ... ॥૧॥
જ્ઞાન વિના જયણા નહિ, જયણા વિણ નહિ ધર્મો રે,
ધર્મ વિના શિવસુખ નહિ, તે વિણ ન મીટે ભમો રે.. જ્ઞાન... ॥૨॥
પાંચ પ્રકાર છે જેહનાં, ભેદ એકાવન તીસો રે,
જાણીને પૂજે સદા, તે લહે કેવલ ખાસો રે.... જ્ઞાન.. ॥૩॥

શ્લોક

અશેષ દ્રવ્ય પર્યાય, રુપમેવાવભાસકમ ।
જ્ઞાનમાગ્નેય પત્રસ્થં, પૂજયામિ હિતવહમ ॥
મંત્રઃ ઉઁ હ્રીં જ્ઞાનેભ્યો નમઃ ।

ચારિત્ર પદ પૂજા

દુહો

અષ્ટમ પદ ચારિત્રનું, પૂજો ધરી ઉમેદ ।
પૂજત અનુભવ રસ મીલે, પાતક હોય ઉચ્છેદ ॥

છંદ

આરાહિરાખંડિયસક્કિયસ્સ, નમો નમો સંયમ વીરિયસ્સ
વળી જ્ઞાનફળ ચરણ ધરીયે સુરંગે, નિરાસંસત દ્વાર રોધે પ્રસંગે
ભવાંભોધિ સંતારણે યાન તુલ્યં, ધરું તેહ ચારિત્ર અપ્રાપ્ત મૂલ્યં ॥૧॥
હુવે જસ મહિમા થકી રંક રાજા, વળી દ્વાદશાંગી ભણી હોય તાજા,
વળી પાપરુપોપિ નિઃપાપ થાયે, થઇ સિદ્ધ તે કર્મનો પાર જાયે ॥૨॥

ઢાળ

સર્વવિરતિ, દેશવિરતિથી અણગાર સાગારી રે,
જયવંતો થાવો સદા, તે ચારિત્ર ગુણધારી રે.. ચારિત્રપદ નિત વંદિએ.. ॥૧॥
ષટખંડ સુખ તજી આદરે, સંયમ શિવસુખ દાયી રે,
પ્રવર ભેદ જિન કહ્યો, તે આદરિયે ભાઇ રે.... ચારિત્ર... ॥૨॥
તત્ત્વરમણ તસ મૂલ છે, સકલ આશ્રવનો ત્યાગી રે,
વિધિ સેંતી પૂજન કરે, ભાવ ધરી વડભાગી રે... ચારિત્ર... ॥૩॥

શ્લોક

સામાયિકાદિભિ ભેદશ્ચારિત્ર ચારુ પંચધા ।
સંસ્થાપયામિ પૂજાર્થં પત્રે હિ નૈઋતે કમાત ॥
મંત્ર : ઉઁ હ્રીં સમ્યગ્ ચારિત્રાય નમઃ ।

તપ પદ પૂજા

દુહો

કર્મકાષ્ઠ પ્રતિ બાળવા, પ્રત્યક્ષ અગ્નિ સમાન ।
તે તપપદ પૂજે સદા, નિર્મલ ધરીએ ધ્યાનઃ ॥

છંદ

કમ્મદુમોન્મૂલણ કુંજસ્સ, નમો નમો તિવ્વ તવોભરસ્સ
ત્રિકાલીકપણે કર્મ કષાય ટાળે, નિકાચિત પણે બાંધ્યા તેહ બાળે,
કહ્યું તેહ તપ બાહ્ય આંતર દુ ભેદે, ક્ષમા યુકત નિર્હેતુ ધ્યાન છેદે
હવે જાસ મહિમા થકી લબ્ધિ સિદ્ધિ, અવાંછકપણે કર્મ આવરણ શુદ્ધિ
તપો તેહ તપ જે મહાનંદ હેતે, હવે સિદ્ધિ સિમંત્તિની નિજ સકેતે

ઢાળ

નિજ ઇચ્છા અવરોધીએ, તેહિ જ તપ જિન ભાખ્યું રે,
બાહ્ય અભ્યંતર ભેદથી, દ્વાદશ ભેદે દાખ્યું રે... અનુપમ તપપદ વંદીએ ॥૧॥
તદભવ મોક્ષગામીપણું, જાણે પણ જિનરાયા રે,
તપ કીધા અતિ આકરાં, કુત્સિત કર્મ ખપાયા રે.. અનુપમ... ॥૨॥
કર્મ નિકાચીત ક્ષય હવે, તે તપને પરભાવે રે,
લબ્ધિ અટ્ઠાવીસ ઉપજે, અષ્ટ મહાસિદ્ધિ પાવે રે.... અનુપમ.. ।૩॥
એહવું તપ પદ ધ્યાવતા, પૂજતાં ચિત્ત ચાહે રે,
અક્ષય ગતિ નિર્મળ લહે, સહુ યોગિંદસ રાહે રે.... અનુપમ.. ।૪॥

શ્લોક

દ્વિધા દ્વાદશધા ભિન્નં, પૂતે પત્રે તપશ્ચયં ।
સંસ્થાપયામિ ભક્તપાત્ર, વાયવ્યાં દિશિ શર્મદમ ॥
મંત્ર : ઉઁ હ્રીં સમ્યગ્ તપસે નમઃ ।

કળશ

ઇમ નવપદ ધ્યાવે, પરમાનંદ પાવે,
નવમે ભવ શિવજાવે, દેવ નરભવ પાવે,
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક પ્રભાવે,
સર્વ દુરિત શમાવે, વિશ્વ જયકાર પાવે....
અરિહંત સિદ્ધ આચાર્ય ઉવજ્ઝાય સાધુ દંસણ નાણ એ,
ચારિત્ર તપ નવપદ થકી, ઇહાં સિદ્ધચક પ્રમાણ એ
શ્રીપાલ રાજા સુખ તાજા, લહ્યા સિદ્ધચક ધ્યાન સે
ભવિજન ભજો નિજ લાભ જાણી, હિયે આણી ભાવ સે
ઇય નવપય સિધ્ધિં, લદ્ધિ વિજજા સમિદ્ધં,
પયડિય સરવગ્ગં, તિરેહા સ મગ્ગં,
દિસિવઇ સુર સારં, ખોણિ પીઢાવયારં
તિજય વિજયચક્કં, સિદ્ધચક્કં નમામિ
નિઃસ્વેદત્વાદિ દિવ્યાતિશયમાયતનાન્ શ્રી જિનેંદ્રાન્સુસિદ્ધાન્
સમ્યકત્વાદિ પ્રકૃષ્ટાષ્ટ ગુણગણભૃદાચાર સારાંશ્ચ સૂરીન્
શાસ્ત્રાણિ પ્રાણિ રક્ષા પ્રવચન રચના સુંદરાણ્યાદર્શિંત
સ્તત્સિદ્ધ્યૈ પાઠકાનાં યતિપતિ સહિતાનર્ચયામ્યર્ઘ્ય દાનૈઃ
ઇત્થમષ્ટ દલં પદ્મં પૂરયેદર્હદાદિભિઃ
સ્વાહાંતૈઃ, પ્રણવાદ્યૈશ્ચ, પદૈર્વિઘ્ન નિવૃત્તયે
ૐ હ્રીં પંચ પરમેષ્ઠિને સમ્યગ જ્ઞાનાદિ ચતુરન્વિતેભ્યો નમઃ ।
ઇતિ લઘુ નવપદ પૂજા સમાપ્ત-૧

બુદ્ધિસાગરસૂરિજી કૃત લઘુ નવપદ પૂજા

અરિહંત પદ પૂજા

દુહો

પરમ પ્રભુ પરમાતમા, પરબ્રહ્મ મહાવીર,
શાસનપતિ અરિહંત જિન, સર્વધીર, મહાધીર ॥૧॥
વંદી, પૂજી, ધ્યાઇને, નવપદ પૂજા સાર,
રચું સ્વપર હિતકારણે, આત્મશુદ્ધિ કરનાર ॥૨॥
તીર્થંકર સર્વે પ્રભુ, અર્હતપદમાં સમાય
ચાર નિક્ષેપ જાણતાં, પૂજે શિવસુખ થાય ॥૩॥

ઢાળ (રાગ : સોરઠ...)

અરિહંત દ્રવ્યભાવ સુખકારી, સાચી લાગી અરિહંત યારી,
શુદ્ધાતમ ઉપકારી, અરિહંત યારી...
ચોત્રીશ અતિશય ધારી જિનેશ્વર, બાર ગુણે જયકારી,
પાંત્રીશ વાણી ગુણનાં ધારક, તીર્થંકર હિતકારી... અરિહંત.... ॥૧॥
સંઘ ચતુર્વિધ તીરથ સ્થાપક, કેવલ જ્ઞાની વિહારી,
વિશ્વોદ્ધારક કર્મ સંહારક, શુદ્ધાનંદના ધારી.... અરિહંત.. ॥૨॥
તુજ પર પૂરણ પ્રીતિ પ્રગટી, કો થી ન ઉતરે ઉતારી,
નિશ્ચયથી અરિહંત નિજાતમ, જાણ્યું ઉપયોગે ધારી..... અરિહંત.. ॥૩॥
સત્તાવ્યક્તિ ભાવે અરિહંત, નિશ્ચય નય વ્યવહારી,
બુદ્ધિસાગર અરિહંત આતમ, શુદ્ધ બુદ્ધ અવિકારી... અરિહંત.... ।૪॥
મંત્ર : ઉઁ હીઁ પરમ અર્હત પદ પૂજાર્થ જલં યજામહે સ્વાહા

સિદ્ધપદ પૂજા

દુહો

પૂજું પ્રભુ ભાવથી, સિદ્ધ સદા જયકાર
અષ્ટગુણી પરમાતમા, એકત્રીંશ ગુણ આધાર ॥૧॥
અનંત જ્યોત ઝળહળે, અનંત આનંદ ધામ,
નિરાકાર પરબ્રહ્મને, હો ઉપયોગે પ્રણામ ॥૨॥

ઢાળ (રાગ : આશાવરી...)

નિરંજન સિદ્ધપ્રભુ સુખકારી, કર્મરહિત જયકારી.... નિરંજન..
ક્ષાયિક નવ લબ્ધિ ગુણધારી, નિરાકાર નિર્ધારી,
અનંત જ્યોતે ઝળહળતા વિભુ, પૂર્ણાનંદી અપારી... નિરંજન.. ॥૧॥
અલખ અરુપી જન્મ મરણ નહીં, ગુણ પર્યાયા ધારી,
શુદ્ધાતમ પરબ્રહ્મ અખંડિત, અવિનાશી અવિકારી.... નિરંજન.. ॥૨॥
સકલ સિધ્ધને વંદુ પૂજું, શુદ્ધોપયોગ સમારી,
સત્તાએ નિજ આતમ સિદ્ધ છે, સમરતાં સુખ ભારી... નિરંજન... ॥૩॥
સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્રનાં, શુદ્ધોપયોગે વિહારી,
બુદ્ધિસાગર સિદ્ધં સ્વયં થૈ, પામે શિવ નરનારી.... નિરંજન... ॥૪॥
મંત્ર : ઉઁ હીઁ સિદ્ધપદ પૂજાર્થં જલં, યજામહે સ્વાહા

આચાર્ય પદ પૂજા

દુહો

દ્રવ્ય ભાવ વ્યવહારથી, નિશ્ચયથી સૂરિરાજ ।
વંદતાં પૂજતાં ધ્યાવતાં, પ્રગટે શિવ સામ્રાજ્ય ॥

ઢાળ (રાગઃ બિરુઓ અથવા પીલુ..)

વંદુ પૂજુ સૂરિવર રાગે, જ્ઞાનાદિક ગુણ અંતર જાગે,
છત્રીશ છત્રીશી ગુણગણ મંડિત, સમભાવે વર્તે વૈરાગ્યે.... વંદુ.. ॥૧॥
ધર્મનાં રક્ષક ધર્મ પ્રવર્તક, જેહથી મોહની દૂરે ભાગે,
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને જાણે, વિષયોમાં નહિ વર્તે રાગે... વંદુ.. ॥૨॥
જિનવાણીનો અર્થ જણાવે, દ્રવ્યને ભાવથી વર્તે ત્યાગે,
જ્ઞાની ધ્યાની યોગી સનૂરા મ્હાલે આતમગુણનાં બાગે.. વંદુ.... ॥૩॥
નિશ્ચયથી સૂરિવર નિજ આતમ શુદ્ધ પરિણતિ ભાવમાં લાગે,
બુદ્ધિસાગર બ્રહ્મસૂરિ ઘટ પ્રગટતા જયડંકો વાગે.... વંદુ... ॥૪॥
મંત્ર : ઉઁ હ્રીં આચાર્યપદ પૂજાર્થં જલં યજામહે સ્વાહા

ઉપાધ્યાય પદ પૂજા

દુહો

દ્રવ્ય ભાવ વાચક નમું, પૂજુ જગ હિતકાર ।
જ્ઞાની પંચ મહાવ્રતી સેવંતાં સુખકાર ॥

ઢાળ

(રાગ : આજ સખી મુજ વ્હાલમાં, મનમંદિર આયે...)

વાચકપદને વંદીએ, પૂજીએ જયકારી,
વાચક સેવાભક્તિથી, નિજશુદ્ધિ થનારી.... વાચક... ॥૧॥
દ્રવ્યક્ષેત્રકાલભાવથી વર્તે જયકારી,
નિશ્ચય દૃષ્ટિ દિલ ધરી, વર્તે વ્યવહારી.... વાચક.. ॥૨॥
ધર્મશાસ્ત્ર પાઠક પ્રભુ, વિશ્વજીવોપકારી...
આતમ ઉપયોગે રહે, બ્રહ્મ વાચકધારી.... વાચક... ॥૩॥
નિશ્ચય વાચક આતમા, પચ્ચીશ ગુણધારી,
બુદ્ધિસાગર ધર્મનાં-વાહક હિતકારી.... વાચક.. ॥૪॥
મંત્ર : ઉઁ હ્રીં પરમ વાચકપદ પૂજાર્થં જલં યજામહે સ્વાહા.

સાધુપદ પૂજા

ચઉનિક્ષેપે સાધુપદ, ક્ષેત્રકાલ અનુસાર ।
વંદતાં સેવતાં પૂજતાં, ધ્યાતાં શર્મ અપાર ॥

ઢાળ (રાગ : મેરુશિખર ન્હવરાવે હો સુરપતિ....)

સાધુ સદા ઉપકારી હો જગમાં સાધુ સદા ઉપકારી
વ્યવહારથી જે પંચાચારી, પંચ મહાવ્રતધારી
સાધુ સંગતની બલિહારી, તેથી તરે નરનારી.... હો જગમાં.. ॥૧॥
દ્રવ્યાદિક પ્રતિબંધ નિવારી, રાગને રોષ સંહારી,
વ્યવહારથી વ્યવહારે વર્તે, નિશ્ચય ઉપયોગધારી... હો જગમાં.. ॥૨॥
સાધુસંતની સેવા કરીએ, દોષની દૃષ્ટિ નિવારી,
વેષાચારથી અનંત ઉત્તમ, ગુણ લેજો નરનારી... હો જગમાં.... ॥૩॥
આતમ તે સાધુ પરમાતમ, ઉપયોગે લ્યો ધારી,
બુદ્ધિસાગર સાધુ સેવા, અનંતગુણી ગુણકારી.... હો જગમાં.. ॥૪॥
મંત્ર : ઉઁ હ્રીં પરમ સાધુપદ પૂજનર્થ જલં યજામહે સ્વાહા

દર્શન પદ પૂજા

દુહો

સમ્યગ દર્શન પદ નમું, પૂજુ ધ્યાવું સત્ય ।
સમ્યગ દર્શન પામતાં, સફલાં ધર્મનાં કૃત્ય ॥

ઢાળ (રાગ : નિશાની કહા બતાવું રે–એ લય...)

અનુભવ દર્શન પામો રે, ગુરુગમથી નરનાર.... અનુભવ...
દેવગુરુને ધર્મની રે, શ્રદ્ધા પ્રીતિ થાય
સડસઠ બોલે અલંકર્યું રે, પ્રગટે દિલમાં જણાય.... અનુભવ... ॥૧॥
દ્રવ્ય ભાવ વ્યવહારથી રે, નિશ્ચય સમકિત જાણ,
સાત નયોથી જાણતાં રે, રહે નહિં અજ્ઞાન.... અનુભવ... ॥૨॥
દર્શનજ્ઞાન ચારિત્રની રે, એક પરિણતિ થાય,
નિશ્ચયદર્શન આતમા રે, શુદ્ધોપયોગે સુહાય.... અનુભવ... ॥૩॥
સમ્યગદર્શન પામતાં રે, નિશ્ચય મુક્તિ થાય,
બુદ્ધિસાગર આતમા રે, પરમાતમ પદ પાય.... અનુભવ... ॥૪॥
મંત્ર - ઉઁ હ્રીં પરમ દર્શનાર્થં જલં યજામહે સ્વાહા

જ્ઞાનપદ પૂજા

દુહો

દ્રવ્યભાવથી જ્ઞાનને, વંદુ પૂજું વેશ ।
સમ્યગજ્ઞાનને પામતાં, નાસે સઘળાં કલેશ ॥

ઢાલ (રાગ : માલવી ગોડી...)

સમ્યગજ્ઞાન લહો નર નારી, નહિ કોઇ જ્ઞાન સમાન રે,
જ્ઞાની શ્વાસોચ્છવાસમાં કર્મને, ટાળી લહે નિર્વાણ રે.... સમ્યગ.... ॥૧॥

મતિ શ્રુત અવધિને મનઃપર્યવ, કેવલ પાંચમું જ્ઞાન રે
દર્શન પામે મતિ શ્રુત ભાવથી, સમ્યગજ્ઞાન પ્રમાણ રે.... સમ્યગ.... ॥૨॥

આતમ અનુભવ જ્ઞાનોપયોગે, ક્ષણમાં મુક્તિ સોહાય રે,
જ્ઞાન વિના કોઇ ધ્યાન ન પાવે, જ્ઞાન આનંદ થાય રે... સમ્યગ.... ॥૩॥

સ્વપર પ્રકાશક જ્ઞાન તે આતમ, ગુણ ગુણીરુપ પ્રમાણ રે,
બુદ્ધિસાગર આતમ જ્ઞાને, પ્રગટે કેવલજ્ઞાન રે..... સમ્યગ..... ॥૪॥

મંત્ર : ૐ હ્રીં પરમ જ્ઞાનાર્થ જલં યજામહે સ્વાહા

ચારિત્ર પદ પૂજા

દુહો

દ્રવ્યભાવથી ચારિત્રથી, આતમશુદ્ધિ થાય ।
પ્રગટે પરમાનન્દતા, આતમ સિદ્ધિ સુહાય ॥

ઢાળ (રાગ : કીજીએ કીજીએ કીજીએ પ્રભુ નિર્મલ દર્શન કીજીએ...)

પામીએ પામીએ પામીએ, શુદ્ધ ચારિત્રપદને પામીએ,
વામીએ વામીએ વામીએ, મોહભાવને દૂરે વામીએ.... પામીએ.... ॥૧॥

વ્રત વેષ તપ જપ ત્યાગાચારથી, દ્રવ્યચારિત્રમાં જામીએ,
સમપરિણામે આત્મોપયોગે, ભાવચરણ વિશ્રામીએ... પામીએ.. ॥૨॥

દ્રવ્ય તે ભાવનું કારણ જાણો, ભાખ્યું મહાવીર સ્વામીએ,
જડવિષયોમાં રાગને દ્વેષી, પરિણતિ થકી વિરામીએ..... શુદ્ધ.... ॥૩॥

આત્મસ્વભાવે રમવું ચરણ છે, ચારિત્રીને શિર નામીએ,
ચારિત્રમાં અપાઇ જાતાં, પૂર્ણાનન્દે આરામીએ.... શુદ્ધ..... ॥૪॥

વ્યવહાર નિશ્ચય ચારિત્ર વરવા, ગુરુ ગમ જ્ઞાનને પામીએ,

બુદ્ધિસાગર આતમ આનંદ, પ્રગટ ચારિત્ર પ્રણામીએ..... શુદ્ધ.... ॥૫॥
મંત્ર : ૐ હ્રીં પરમ ચારિત્રપદ પૂજાર્થં જલં યજામહે સ્વાહા

તપપદ પૂજા

દુહો : દ્રવ્યભાવથી તપ તપે, આઠે કર્મ વિનાશ ।
જ્ઞાન અને નિષ્કામથી, થાવે શિવપુર વાસ ॥

ઢાળ (રાગ : ધ્રુવપદ કાફી....)

મહાવીર ! તપગુણની બલિહારી, તપગુણની બલિહારી... મહાવીર....
તપથી લબ્ધિઓ પ્રગટે ભારી, મનડું બને અવિકારી,
સુખદુઃખમાં સમભાવતાં ધારી, અહંપણું ન લગારી... મહાવીર... ॥૧॥
બાહ્ય અભ્યંતર તપ જયકારી, પુદગલની નહિ યારી,
રાગ-દ્વેષની વૃત્તિ સંહારી, પર પરિણતિ પરિહારી... મહાવીર.. ॥૨॥
ધન્ય ધન્ય વીર જગજયકારી, સહ્યા પરિષહ ભારી,
પ્રગટાવ્યું ઘટમાંહી કેવલ, વંદુ વાર હજારી...મહાવીર... ॥૩॥
તપ તે આતમ નિશ્ચય ધારી, તપસો નરને નારી
બુદ્ધિસાગર શુદ્ધાતમ રસ-સ્વાદ લહો તપધારી.... મહાવીર... ॥૪॥

કળશ

ગાઇ ગાઇરે નવપદની પૂજા ગાઇ,
વીરપ્રભુની પટ્ટ પરંપરા, શ્વેતામ્બર સુખદાયી
તપગચ્છ હિરવિજય સૂરી, જયગુરુ પટ્ટપરંપરા આઇ રે.... નવ... ॥૨॥
નેમિસાગર રવિસાગર ગુરુ, સુખ સાગર ગુરુ ધ્યાયી
નવપદ પૂજા રચતા ઋદ્ધિ, વૃદ્ધિ કીર્તિ સુહાઇ રે... નવ... ॥૩॥
ઘટ ઘટ નવપદ ઋદ્ધિ સિદ્ધિ, સત્તાએ રહી છે સુહાઇ,
બુદ્ધિસાગર પૂર્ણાનન્દની, પ્રગટી ઘટમાં વધાઇ રે... નવ... ॥૪॥
મંત્ર : ૐ હ્રીં પરમ તપ પદ પૂજાર્થ જલં યજામહે સ્વાહા

બુદ્ધિસાગરસૂરિજી કૃત નવપદ પૂજા

અરિહંત પદ પૂજા

દુહો

નમું સ્તવું અરિહંતને, ગેય, ધ્યેય અરિહંત
પ્રાપ્ય પ્રભુપદ એહ છે, જેનાં રાગી સંત ॥૧॥

વિશસ્થાનકમાં કોઇ પણ, એકારાધન યોગ
તીર્થંકર પદ સંપજે, અનંત પુણ્યનો ભોગ ॥૨॥
ત્રીજે ભવ આરાધના, અરિહંત આદિ થાય,
શુભ ઉંચા પરિણામથી, અર્હત પદ બંધાય ॥૩॥
સર્વ જીવો ઉદ્ધારવા, ધર્મી કરવા કાજ
ઉત્કૃષ્ટા પરિણામથી, બાંધે પદ જિનરાજ ॥૪॥
તીર્થંકર પદ પરમાત્મા, ત્રણકાલનાં જેહ
અરિહંત તે સર્વ છે, ઘાતી હણ્યાથી એહ ॥૫॥

ઢાળ

શ્રી અરિહંત પદ ગાઇએ, ધ્યાઇજે સુખકાર રે,
અરિહંત જેવા થાઇએ, દોષ રહે ન લગાર રે, શ્રી અરિહંત પદ ગાઇએ.. ॥૧॥
નામ ઠવણ દ્રવ્ય ભાવથી, અરિહંત ગાતાં ધ્યાતાં રે,
આતમ અરિહંતપદ વરે, કર્મ સકલ દૂર જાતાં રે.... શ્રી... ॥૨॥
વીશસ્થાનકને સેવતાં, દ્રવ્યભાવથી ભાવે રે,
તીર્થંકર કર્મબંધ એ, પૂર્વ ત્રીજે ભવ થાવે રે... શ્રી... ॥૩॥
વીશસ્થાનક મય આતમા, ભાવથી હર્ષોલ્લાસે રે,
ઉજ્જ્વલ શુભ પરિણામથી, અર્હત પદવી પ્રકાશે રે... શ્રી.... ॥૪॥
અરિહંત નામનાં જાપથી, સ્થાપનામાં પ્રભુ ધ્યાવે રે,
દ્રવ્ય-ભાવ બેભેદથી, આતમ જિનવર થાવે રે... શ્રી... ॥૫॥
તીર્થંકર નામકર્મને,, આતમ જ્યારથી બાંધે રે,
દ્રવ્યતીર્થંકર ત્યારથી, ક્ષીણમોહી ગુણ સાધે રે... શ્રી.. ॥૬॥
જન્મ થકી ત્રણ જ્ઞાન છે, મતિ શ્રુત અવધિ પ્રમાણો રે,
ચોથું દીક્ષા ગ્રહે થકે, મનઃપર્યવ દિલ જાણો રે... શ્રી... ॥૭॥
ગુણસ્થાનક ચોથા થકી, બારમા પર્યંત જાણો રે,
દ્રવ્યથી તીર્થંકરપણું, આલંબન શુભ આણો રે.... શ્રી.... ॥૮॥
ઉપશમ ક્ષયોપશમ અને, ક્ષાયિક સમકિત ભાવે રે,
ચરણમાં ક્ષયોપશમ પણું, દ્રવ્ય તીર્થંકર દાવે રે.... શ્રી... ॥૯॥
ભાવથી તીર્થંકર પ્રભુ, સમવસરણમાં સોહે રે,
ક્ષાયિક નવલબ્ધિ ઘણી, ભવ્યોનાં મન મોહે રે...શ્રી... ॥૧૦॥
અંતર ક્ષાયિક ભાવ છે, ઔદદિક કર્મો પ્રવર્તે રે,
આત્મપણું પરિણામથી, આરાધીએ શુભ રીતે રે... શ્રી.... ॥૧૧॥

પ્રારબ્ધ કર્મ અઘાતિયાં તીર્થંકર ભોગવતાં રે,
જીવનમુક્ત જિનેશ્વરા, ધ્યાતાં કર્મો ટળતાં રે... શ્રી... ॥૧૨॥
બાર ગુણે પ્રભુ શોભતાં, વિશ્વોદ્ધારક દેવા રે,
અસંખ્ય દેવોને દેવીઓ, કરતી પ્રભુની સેવા રે... શ્રી .... ॥૧૩॥
નિશ્ચય અરિહંત આતમા, રાગદ્વેષને હણતાં રે,
ક્ષયોપશમ ઉપશમ ક્ષયે, શુદ્ધાતમ પદ વરતાં રે... શ્રી ... ॥૧૪॥
વીર જિનેશ્વર ઉપદિશે, આતમ અરિહંત દેવા રે,
બાહિરમાં મુંઝો નહિ, નિજ નિજની દિલસેવા રે.. શ્રી..... ॥૧૫॥
નિશ્ચય સમકિત ચરણથી, આપોઆપ પ્રકાશે રે,
અસંખ્ય યોગનો જે પતિ, આતમજ્યોતિ વિલાસે રે... શ્રી.... ॥૧૬॥
શુદ્ધ બ્રહ્મ નિજાતમા, અસંખ્ય પ્રદેશી પોતે રે,
સેવા ભક્તિ જ્ઞાનથી, પ્રગટે અનંતી જ્યોતે રે... શ્રી... ॥૧૭॥
આતમ તે અરિહંત છે, પ્રેમ ગાવો ધ્યાવો રે,
બુદ્ધિસાગર આતમા, અનંત આતમ પાવો રે.... શ્રી.... ॥૧૮॥

કાવ્ય

અર્હત્પદં નૌમિ ગુણૈર્યુતં ચ, સ્વાભાવિકં શુદ્ધ મનન્તરુપમ
પૂજ્યં પરબ્રહ્મ જિનેશ્વરં ચ, દ્રવ્યેણ ભાવેણ ચ પૂજ્યામિ ।
મંત્ર : ઉઁ હ્રીં અર્હં પરમેશ્વરાય સર્વ દેવાધિદેવ પૂજિતાય ચ શ્રીમતે જિનેન્દ્રાય, જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, તણ્ડુલં, નૈવેદ્યં, ફલં, યજામહે સ્વાહા ॥

સિદ્ધ પદ પૂજા

દુહો

અરિહંત ઉપદેશથી જેહ જાણ્યા, નમું સિદ્ધ તે શુદ્ધ રુપે પ્રમાણ્યા,
અતઃ આદિમાં પૂજ્ય અરિહંત દેવા, પછીથી કરું સિદ્ધની શુદ્ધસેવા ॥૧॥
અનંતા થયાં સિદ્ધ થાશે અનંતા, પરબ્રહ્મ જ્યોતિ સ્વરુપી ભદંતા,
પરિપૂર્ણ જ્ઞાને થયાં જેહ સિદ્ધા, અયોગી, અભોગી, અવેદી, પ્રબુદ્ધા ॥૨॥

ઢાળ (રાગ : ત્રીજે ભવ વીસસ્થાનક તપ કરી....)

કર્માતીત નિરંજન નિર્મલ, નિઃસંગી નિષ્કામી,
સાપેક્ષાએ રુપી અરુપી, વર્તે આતમરામી રે...
ભવિકા સિદ્ધ પ્રભુ આરાધો, આતમશુદ્ધિ સાધો રે...ભવિકા.... ॥૧॥
એક સમયમાં સર્વ દ્રવ્યનાં, ગુણ પર્યાયને જાણે,
દેખે આનંદ ભોગે વર્તે, વર્તે આત્મિક પ્રાણે રે.... ભવિકા... ॥૨॥

દ્રવ્યથી સિદ્ધો શોભે અનંતા, સિદ્ધક્ષેત્રે પ્રસિદ્ધા,
એક સિદ્ધને આશ્રયી આદિ, અનંતગુણ સમૃદ્ધા રે.... ભવિકા... ॥૩॥

અંતર રહિતને અજર જે, નહીં મન વાણી કાયા,
સંસારી જીવોનાં જેઓ, અનંતભાગે સુહાયા રે... ભવિકા... ॥૪॥

ક્ષાયિક ભાવે સિદ્ધ થયાં જે, પુદ્‌ગલ સંગથી ન્યારા,
પરિણામિક ભાવે જીવનતા, જેહને નહિ આકારા રે... ભવિકા.. ॥૫॥

વર્ણ ગંધ રસ સ્પર્શ રહિત જે, આપ સ્વરુપ રુપી,
પુદ્‌ગલ રુપે જેહ અરુપી, વર્તે રુપારુપી રે..... ભવિકા... ॥૬॥

આઠ કર્મનો નાશ કરીને, આઠ ગુણે જે શોભે,
વ્યતિરેકી એકત્રીશ ગુણી જે, ભવિજનનાં મન શોભે રે... ભવિકા.. ॥૭॥

અનંતગુણ પર્યાયે જેઓ, આર્વિભાવે સોહાવે,
પ્રણમું ગાવું ધ્યાવું સિદ્ધો, મોહ ટળે સુખ થાવે રે.. ભવિકા.. ॥૮॥

અનંત સિદ્ધની જ્યોતિમાંહિ, અનંતસિદ્ધો જ્યોતે,
ત્રણ કાલમાં નિત્ય છે જેઓ, જીવે ભાવોદ્યોતે રે... ભવિકા... ॥૯॥

સિદ્ધસ્વરુપી આતમ ભાવી, સિદ્ધાનંદને પામે,
એક સમયમાં ઉર્દ્ધ ગતિથી સિદ્ધ સ્થાનમાં જામે રે.... ભવિકા.. ॥૧૦॥

આત્મિક શુદ્ધ સમાધિ પ્રકટે, મુક્તિનું સુખ પ્રગટે,
નિર્વિકલ્પ સમાધિ જ્ઞાને, સર્વાવરણો વિઘટે રે.... ભવિકા..॥૧૧॥

નામ સ્થાપના દ્રવ્યને ભાવથી, સિદ્ધો વંદો ધ્યાવો,
આપો આપ સ્વરુપ સિદ્ધો, પરમાનંદને પાવો રે... ભવિકા.. ॥૧૨॥

પ્રભુ મહાવીર ઉપદિશે, ત્રણ ભુવનનો રાણો રે,
અનંતગુણ પર્યાયી છે, આતમા પ્રભુ ઘટ માનો રે... ભવિકા... ॥૧૩॥

નિજ આતમ તે સિદ્ધ છે, જીવ છે તે શિવ જાણો રે,
શુદ્ધોપયોગે આતમા, પરબ્રહ્મ પ્રમાણો રે... ભવિકા.... ॥૧૪॥

આરોપિતા પુદ્‌ગલ દશા, તેથી આતમ ન્યારો રે,
શુદ્ધાતમ ઉપયોગથી, સિદ્ધ સ્વયં આધારો રે.... ભવિકા... ॥૧૫॥

અનંત જ્ઞાનાનન્દનો, આવિર્ભાવ સ્વભાવ રે
બુદ્ધિસાગર આતમા, પરમેશ્વર નિજભાવે રે.... ભવિકા... ॥૧૬॥

કાવ્ય

વિરહિતાનપિ કર્મભિરષ્ટભિઃ સહજસિદ્ધ ગુણાષ્ટકધારિણઃ ।
સમયદેશપદાન્તરમસ્પૃશઃ, સકલસિદ્ધિગતાન્પરિપૂજયે ॥

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય, શ્રીમતે સિદ્ધાય જલાદિકં યજામહે સ્વાહા ।

આચાર્ય પદ પૂજા

દુહો

છત્રીસ છત્રીસી ગુણ વડે, સૂરિપદ સુખકાર,
ગાતાં પૂજતાં ધ્યાવતાં, સૂરિપણું નિર્ધાર ॥૧॥
દ્રવ્ય ક્ષેત્રને કાલથી, ભાવથી સૂરિ મહંત,
તીર્થેશ્વર પાછળ પ્રભુ, રાજા શોભે સંત ॥૨॥
જિનશાસન સામ્રાજ્યમાં, સંઘ ચતુર્વિધ ભૂપ,
વર્તમાનમાં સંઘના, પ્રભુ જે ધર્મસ્વરુપ ॥૩॥

ઢાળ (રાગ : ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા.....)

પ્રેમે પ્રણમુ શ્રી સૂરીશ્વેર, જૈન ધર્મનાં ધોરી રે,
ચાર પ્રકારે સંઘોન્નતિની જેનાં હાથમાં દોરી રે..... પ્રેમે.. ॥૧॥
સૂરીમંત્રનો જાપ કરે ને, ધર્માચાર પ્રચારે રે,
પંચાચારને પાળે પળાવે, સંઘનું શ્રેય વિચારે રે... પ્રેમે... ॥૨॥
દ્રવ્યાદિક અનુસારે વર્તે, સંઘને જે વર્તાવે રે,
બત્રીશ ઉપમા જેને છાજે, ધર્મને રક્ષે ભાવે રે... પ્રેમે... ॥૩॥
ગૌણને મુખ્યપણે સહુ આશયે, સર્વ ધર્મ સમજાવે રે,
સર્વ નયોની સાપેક્ષાએ, સ્વાધિકાર જણાવે રે.. પ્રેમે... ॥૪॥
દ્રવ્યભાવથી સર્વ સંઘની, પ્રગતિને ઉપદેશે રે,
કાર્યો કરતાં નિર્લેપી થઇ, રહે ન મનમાં કલેશે રે.... પ્રેમે... ॥૫॥
ત્યાગી ગૃહસ્થી બન્ને સંઘને, ઉત્સર્ગને અપવાદે રે,
ધર્માચાર વિચાર જણાવે, આત્મિક સુખ આસ્વાદે રે.. પ્રેમે.. ॥૬॥
તીર્થપતિ સમ સંપ્રતિકાલે, ધર્મ કરાવે બોધે રે,
તીર્થંકર સમ આજ્ઞાકારક, સંઘને રહે અકોધે રે.. પ્રેમે.. ॥૭॥
દ્રવ્યને ભાવથી સંઘજીવનને, શાસન ઉન્નતિ કાજે રે,
જે કાલે જે ક્ષેત્ર કરવું, આજ્ઞા કરી જગ ગાજે રે.. પ્રેમે.. ॥૮॥

પ્રતિરુપાદિક ચૌદ ગુણોનાં, ધારક યોગી જ્ઞાની રે,
ક્ષમાપ્રમુખ દશધર્મનાં ધારક, સમભાવીને ધ્યાની રે.. પ્રેમે... ॥૯॥
બાર ભાવના ચાર ભાવના, ભાવે વિકથા વારી રે,
ચાર અનુયોગને વર્તાવે, સર્વ પ્રમાદને વારી રે....પ્રેમે... ॥૧૦॥
કરવું કરાવવું ને અનુમોદવું, જે જે યોગ્ય તે કરતાં રે,
ગાડરિયા પ્રવાહે ન ચાલે, સ્વતંત્રતા દિલ ધારે રે... પ્રેમે.. ॥૧૧॥
સૂત્રો શાસ્ત્રો ગ્રંથો આદિ, પરંપરા સહુ જાણે રે,
અનુભવથી એક નિશ્ચયધારી, સંઘનું ઐકય જે માને રે.. પ્રેમે.. ॥૧૨॥
નિશ્ચયને વ્યવહારે વર્તે, સંઘના ઐકયને સાંધે રે,
એવા આચારોને વિચારો, બોધિ ગુણોથી વાધે રે..... ॥૧૩॥
સારણ વારણ ચોયણને જે, પડિચોયણ ગુણધારી રે,
જે શ્રુતકેવલિ સ્વપર સમયના, જ્ઞાતા ગુણગણ ધારી રે... પ્રેમે.. ॥૧૪॥
તીર્થંકર સમ સૂરિ કરે તે, ક્ષેત્રને કલ્પાનુસારે રે,
ધર્માચારમાં જેહ સુધારો, કરતાં સ્વાધિકારો રે.... પ્રેમે... ॥૧૫॥
પડયા પડંતા ક્ષુદ્ર પ્રભેદો, ટાળે ઉદાર વિચારે રે,
બાહ્ય રાજ્ય સમ ધર્મ રાજ્યનાં, ઉન્નતિ હેતુ ધારે રે... પ્રેમે.. ॥૧૬॥
ચારનિક્ષેપે સૂરિવર પૂજો, વંદો ગાવો ધ્યાવો રે,
બુદ્ધિસાગર પરમ પ્રભુતા, પરમાનંદને પાવો રે... પ્રેમે... ॥૧૭॥
આતમ તે આચાર્ય છે, ઉપાદાન સ્વભાવે રે,
ક્ષયોપશમને ઉપશમે, ક્ષાયિક ગુણગણ દાવે રે.. આતમ... ॥૧૮॥
પૂજો વંદો ભાવથી, ગાવોને મન ધ્યાવો રે
આત્મ સ્વભાવે સહજથી શુદ્ધોપયોગે સહાવે રે.... આતમ.. ॥૧૯॥
આતમનાં એકતાનથી, સર્વ શક્તિઓ ઉલ્લસે રે,
બુદ્ધિસાગર આતમા, સૂરિપદ ગુણથી વિકસે રે... આતમ.. ॥૨૦॥

કાવ્ય

સ્વપરશાસ્ત્રરહસ્યનિવેદિનઃ ચરિતપંચવિધાચરણાનપિ,
જિનસુધર્મધુરીણતયા સ્થિતાન, સકલ સૂરિવરાન પરિપૂજ્યે ॥
મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય, શ્રીમતે સૂરિવરાય જલાદિકં યજામહે સ્વાહા ॥

ઉપાધ્યાય પદ પૂજા

દુહો

પંચવિંશતિ સદ્‌ગુણો, ઉપાધ્યાય ભગવંત,
ભણે ભણાવે શાસ્ત્રને, પૂજે વંદો સંત ॥૧॥
ગુણો અને આચારથી, આત્મશુદ્ધિ કરનાર
ઉપાધ્યાય જગમાં થયો, યુવરાજા જયકાર ॥૨॥
ઉપાધ્યાયની ભક્તિથી, પ્રગટે દર્શન જ્ઞાન
વાચંયમ પાઠક નમો, પૂજે ધરી એકતાન ॥૩॥

ઢાળ (રાગ : સિદ્ધચક્રની સેવા કીજે....)

ઉપાધ્યાયની સેવા કીજે, વિદ્યમાન સુખકારીજી,
વિદ્યમાન પાઠકની ભક્તિ, કરતાં તરે નરનારી,
ભવિજન સેવોજી, ત્યાગી સર્વ પ્રમાદ, લ્હાવો લેવો જી... ભવિ... ॥૧॥
અંગ ઉપાંગનાં પાઠક જ્ઞાની, ભણે ભણાવે ભાવે જી,
જૈન ધર્મ ફેલાવે જગમાં, પુણ્યે દર્શન થાયે.... ભવિ.. ॥૨॥
જ્ઞાનાવરણી આદિ કર્મો, અનંત ક્ષય ઝટ થાતાં જી,
પાઠક પ્રભુનાં વૈયાવચ્યથી, આત્મ સ્વભાવે સુહાતાં... ભવિ.. ॥૩॥
વર્તમાનમાં તરતમ યોગે, વર્તે પાઠક દેવા જી,
ગુણની દૃષ્ટિ ધારી ઘટમાં, કરીએ ભાવે સેવા..... ભવિ.. ॥૪॥
વિનયને બહુમાનથી સેવા, ચાર નિક્ષેપે કરીએ જી
જીવંતા વાચંયમ સેવો, સમકિત ચારિત્ર વરીએ.... ભવિ... ॥૫॥
નિશ્ચયથી નિશ્ચયમાં વર્તે, વ્યવહારે વ્યવહરતાંજી,
ઉત્સર્ગને અપવાદ વિચારી, ક્ષેત્રકાલ અનુસરતાં... ભવિ... ॥૬॥
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધારે, જૈન ધર્મ વિસ્તારે જી,
નિજ નિજ અધિકારે સહુ વર્ણને, રાખે સ્થિર આચરે... ભવિ.. ॥૭॥
સર્વ સંઘની દ્રવ્યભાવથી, ચઢતી હેતુ પ્રરુપે જી,
કર્મ કરે સહુ અક્રિય થઇને, નિષ્કામી નિજરુપે.... ભવિ.. ॥૮॥
શાસન સેવા સંઘની સેવા, કરતાં અપાઇ જાતાં જી,
વેષક્રિયા ક્ષુલ્લક મતેભેદે, સંઘભેદે ન રહેતા...ભવિ... ॥૯॥
ભવ્યજીવોની દ્રવ્યભાવથી, આતમશુદ્ધિ કરતાં જી,
જ્ઞાનક્રિયા ભક્તિને સમાધિ, અનેક યોગને ધરતાં.. ભવિ... ॥૧૦॥

સૂરિજી રાજાને મંત્રી, પાઠક સંઘના હેતે જી,
પૂજી, વંદી, સ્તવીને, ધ્યાઇ, રહીએ શિવ સંકેતે.. ભવિ.. ॥૧૧॥
તરતમ યોગે દ્રવ્યભાવ યુત, ઉપાધ્યાયને ભજીએ જી,
પંચમકાલને ક્ષેત્રાનુસારે, વર્તતાને યજીએ... ભવિ... ॥૧૨॥
નિજ આતમ નિશ્ચય પ્રભુ, પાઠક જાણી ધ્યાવો રે
ઉપાધ્યાય તે આતમા, અંતરમાં લય લાવો રે... નિજ.. ॥૧૩॥
અનંતગુણી આતમ પ્રભુ, અનંત પર્યવી પોતે રે,
ધારણા ધ્યાન સમાધિથી, વર્તે આનંદ જ્યોતે રે.. નિજ... ॥૧૪॥
શુદ્ધાતમ ઉપયોગથી, સહજે આતમ સ્વભાવે રે,
સર્વ કરે નિર્બંધ જે, મોહની વૃત્તિ હઠાવે રે... નિજ.. ॥૧૫॥
અશકય કાંઇ ન આત્મને, અનંત શક્તિ સ્ફુરાવો રે,
બુદ્ધિસાગર આતમા, શ્રદ્ધા ભક્તિથી ભાવો રે.... નિજ... ॥૧૬॥

કાવ્ય

જડીમધૌર્ય વિનેયણેષુ યે, પ્રથિતબુદ્ધિબલાશ્ચ ગતસ્મયાઃ ।
શ્રુતસુપાઠસુધારસવાહિનઃ, પ્રતિદિનં પ્રણમામિ સુપાઠકાન્ ॥
મંત્ર : ઉઁ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, શ્રીમતે વાચકાય જલાદિકં યજામહે સ્વાહા

સાધુ પદ પૂજા

દુહો

અપ્રતિબદ્ધ જે વિશ્વમાં, કર્મયોગી નિષ્કામ,
સાધે આતમ સાધના, રમતાં આતમરામ ॥૧॥
મુનિ તપસી અણગારી જે, સાધુ સંયત નામ
યતિ ઋષિ ત્યાગી શ્રમણ, આર્ય ભિક્ષુક ગુણધામ ॥૨॥
આશ્રમત્યાગી મહંત જે, અનેક જેનાં નામ,
વંદો પૂજો પ્રેમથી, સંત પ્રભુ વિશ્રામ ॥૩॥

ઢાળ (રાગ : ઓધવજી સંદેશો કહેજો શ્યામને....)

પ્રીતલડીને સાધો સાધુ સાથમાં,
સાધુ સંગતે પ્રભુનાં દર્શન થાય જો,
પંચમે આરે દુર્લભ સાધુ સંગતિ મુનિ
ભજંતા જન્મ જરા દુઃખ જાય જો... પ્રીતલડી... ॥૧॥

સાધુ સંગતથી સમકિત પ્રગટે ખરું,
જ્ઞાન અને ચારિત્ર ભલું પ્રગટાય જો,
સંતની સંગે રહીએ શ્રદ્ધા પ્રેમથી,
એક પલકમાં ધાર્યું નિશ્ચય થાય જો.... પ્રીતલડી.... ॥૨॥
પંચમ આરે મુનિની શ્રદ્ધા પ્રીતડી,
કરતા આતમ પરમાતમ ઝટ થાય જો,
સંસ્કારી ભવ્યોને ભક્તિ સાંપડે,
ગુણ-રાગે સવળી બુદ્ધિ પ્રગટાય જો.... પ્રીતલડી... ॥૩॥
યમ નિયમને આસન પ્રાણાયામથી
પ્રત્યાહારને ધારણા ધ્યાનથી જેહ જો,
આત્મસમાધિ યોગે ઘટમાં વર્તતા,
નિષ્કામીને સમ છે વનને ગેહ જો.... પ્રીતલડી.... ॥૪॥
ધીરે ધીરે મનને સાધે સાધુજી,
સાદેગુણને સાધેકરતા દુર્ગુણત્યાગજો થે,
આસકિત વિણ આચારોમાં વર્તતા,
મુનિપદ ધારો સ્વાર્પણ કરીને રાગ જો.... પ્રીતલડી... ॥૫॥
આત્મશુદ્ધિ હેતે સાપેક્ષે સાધના,
ગૌણને મુખ્યપણે જાણે જે યોગ જો
ઉત્સર્ગેને જે અપાવાદે વર્તતા,
નિર્લેપી થઇ ભોગવે સુખ દુઃખ ભોગ જો... પ્રીતલડી.. ॥૬॥
આપત્કાલે આપદધર્મે વર્તતા,
બાસંગમાં જે દિલમાં નિઃસંગ જો,
ધ્યેયપણે નિજદિલમાં પ્રભુ પ્રગટાવતાં,
પ્રગટે મુનિના સંગે આતમરંગ જો.... પ્રીતલડી... ॥૭॥
અંતર-બાહ્યની ગ્રંથિમાં મમતા નહીં,
ગુરુ આજ્ઞાએ સર્વે કર્તા કર્મ જો,
નિર્ભય ખેદરહિત અધ્વેષી સાધુજી
સમતાભાવે અનુભવે શિવશર્મ જો - પ્રીતલડી..... ॥૮॥
સમભાવે મુક્તિ છે. સહુદર્શન વિષે
ક્રિયાપંથ મત બાહ્ય થકી પણહોયજો

તોપણ મુનિભાવે નિશ્ચય સમકિતવડે
સમભાવિ નડે ન બાહયનું કોય જો - પ્રીતલડી..... ॥૯॥
ગચ્છની નિશ્રાએ સ્થવિરો વર્તે સદા,
ગચ્છોમાં સમભાવે મુક્તિ હોય જો
સાપેક્ષાએ હઠ કદાગ્રહ ત્યાગીને
મુખ્યપણે આતમ ઉપયોગી જોય જો.... પ્રીતલડી... ॥૧૦॥
જે કાલે જે ક્ષેત્રે જે કરવું ઘટે,
સ્વપર જીવોનાં ધર્મ હિતાર્થે જેહ જો,
તેહ કરાવે કરે અને અનુમોદતાં
અલ્પદોષને ધર્મ ઘણો કરે તેહ જો... પ્રીતલડી... ॥૧૧॥
સૂરિ ગુરુની આજ્ઞાએ વર્તે મુનિ
થતાં કષાયો રોધે સાધે ધર્મ જો,
આત્મરાજ્યની સ્વતંત્રતા જે સાધતા
કરે કર્મ પણ ઉપયોગે જે અકર્મજો.... પ્રીતલડી... ॥૧૨॥
પૂર્ણાનંદી આતમજ્ઞાને અનુભવે
સાધક બાધક કૃત્યાકૃત્ય વિવેક જો
જૈનધર્મ ઉપદેશે ભકતોને ભલો,
રહે સમાધિ એવી ધારે ટેક જો.... પ્રીતલડી... ॥૧૩॥
પૂજો વંદો ગાવો મુનિપદને ભલું,
નિશ્ચયદષ્ટિને ધારી વ્યવહાર જો,
બુદ્ધિસાગર મુનિ સેવા ભક્તિ બલે,
ક્ષણમાં પ્રભુપદ પામે નરને નાર જો.... પ્રીતલડી... ॥૧૪॥
સાધુ તે નિજ આતમા, સુદ્ધાતમ ઉપયોગે રે,
શું મુડે શું લોચથી, ત્યાગે શું બાહ્યભોગે રે.... સાધુ... ॥૧૪॥
શુદ્ધાતમ રમણી મુનિ, મોહની વૃત્તિ રોકે રે,
હર્ષે નહિ જે બાહ્યમાં, રહે ન બાહ્યમાં શોકે રે... સાધુ .... ॥૧૫॥
સમભાવી ભવ મુક્તિમાં, સહજાનંદનાં ભોગી રે,
રાગને ત્યાગથી ભિન્ન જે, આતમ દેખે યોગી રે....
નિઃસંગી નિષ્કામી જે, ઘટમાં સિદ્ધિ પ્રકાશે રે,
આનંદથી ઉભરાઇને, પ્રસન્નતાએ વિકાસે રે... સાધુ.... ॥૧૬॥

આશા તૃષ્ણા કામના, તેથી ગણે નિજ ન્યારો રે,
બુદ્ધિસાગર આતમા, સિદ્ધ બુદ્ધ નિર્ધારો રે.... સાધુ.... ॥૧૮॥

કાવ્ય

સ્વપર કાર્ય સુસાધન તત્પરાન્ શિવભવસ્થિતિ સામ્ય સમન્વિતાન્
વિદિત પંચ મહાવ્રત ધારિણઃ પ્રણિદધે પ્રતિ સાધુમતલ્લિકાન્
મંત્ર : ઉઁ હીઁ શ્રીઁ પરમપુરુષાય પરમેશ્વરાય સાધવે જલાદિકં યજામહે સ્વાહા

દર્શન પદ પૂજા

દુહો

શુદ્ધાતમ દર્શન થવું, નિશ્ચય દર્શન તેહ,
દેવ-ગુરુને ધર્મની, શ્રદ્ધા દર્શન એહ ॥૧॥
દર્શન છે વ્યવહારથી, નિશ્ચયથી સુખકાર,
સડસઠ બોલે અલંકર્યું, ધારો નરને નાર
દર્શન પામ્યો આતમા, નિશ્ચય મુક્તિ જાય,
જડચેતન સમ્યકપણે, જાણી નહિ મુંઝાય ॥૩॥

ઢાળ (રાગ : એ ગુણ વીરતણો ન વિસારું....)

સમ્યગ દર્શન જ્ય જયકારી, સર્વ જીવ હિતકારી રે,
પ્રભુ શ્રી મહાવીર જિન ઉપદેશે, પામો નરને નારી રે... સમ્યગ.. ॥૧॥
દ્રવ્યભાવ બે ભેદે દર્શન, નિશ્ચયને વ્યવહારો રે,
દેવ-ગુરુને ધર્મની શ્રદ્ધા, ભેદે ત્રણ પ્રકારો રે... સમ્યગ.. ॥૨॥
આતમ તે નિશ્ચયથી દેવ જ, આતમ તે ગુરુ જાણો રે,
આતમમાંહી સત્ય ધર્મ છે, નિશ્ચય દર્શન માનો રે... સમ્યગ... ॥૩॥
મુનિભાવે છે નિશ્ચય સમકિત, રત્નત્રયી અભેદે રે,
સાપેક્ષાએ જાણી પામો, રહો ન આતમ ખેદે રે... સમ્યગ.. ॥૪॥
મુનિભાવે સમકિતપણું છે, આચારાંગે ભાખ્યુ રે,
ઉત્કૃષ્ટે ક્ષણમાં છે મુક્તિ, એવું પ્રભુએ દાખ્યુ રે... સમ્યગ.. ॥૫॥
દર્શનથી જ્ઞાન ચારિત્ર પ્રગટે, તેથી મુક્તિ નક્કી રે,
માટે દર્શન પામે ભવ્યો, રાખો શ્રદ્ધા પકડી રે... સમ્યગ... ॥૬॥
ગુરુને સેવા દર્શન પ્રગટે, જિનવાણી સાંભળતાં રે,
સાધુ સંત ગુરુ સેવા કરતાં, દર્શન કારણ ફળતાં રે...સમ્યગ.. ॥૭॥

શ્રદ્ધા પ્રીતિથી ગુરુ સેવે, જિન પ્રતિમા અવલંબે રે
સમકિત દર્શન પામે ભક્તો, પડે ન મિથ્યા અચભે રે.. સમ્યગ.. ॥૮॥
આતમથી મિથ્યાત્વ ટળે તેમ, શ્રદ્ધા સાચી પ્રગટે રે
આત્માનુભવ થાતાં પૂર્વે, મિથ્યામોહની વિઘટે રે..... સમ્યગ... ॥૯॥
સર્વ સંઘની સેવા ભક્તિ, કરતાં હર્ષોલ્લાસે રે,
આતમ સમકિત પામે નિશ્ચય, આવિર્ભાવે વિકાસે રે.. સમ્યગ.. ॥૧૦॥
સમ્યગ દર્શનીનો સંગ કરશો, સમકિતીની કરો ભક્તિ રે,
બુદ્ધિસાગર આતમ સમ્યગ-દર્શન પ્રગટે શક્તિ રે.. સમ્યગ.. ॥૧૧॥

રાગ : સાંભળજો મુનિ સંયમ રાગે...

નિશ્ચયથી દર્શન તે આતમ, ઉપશમને ક્ષયોપશમે રે,
ક્ષાયિક દર્શનરુપી આતમ, પડો ન મિથ્યા ભર્મે રે.... નિ.. ॥૧૨॥
આત્મપ્રતીતિ અનુભવ આવે, જલપંકજવત ન્યાયો રે,
નિર્લેપી આતમગુણ ખેલે આનંદ અપરંપારો રે... નિ... ॥૧૩॥
નિકાચીત જે કર્મનાં ભોગો, ત્યાં નહિ શોકને પ્રીતિ રે,
નિર્જરતો કર્મોને ભોગવે, આતમસુખ પ્રતીતિ રે... નિ... ॥૧૪॥
પંચવાર ઉપશમ ઘટ પ્રગટે, ક્ષાયોપશમી અસંખ્ય રે,
એકવાર ક્ષાયિક સમકિતની, પ્રાપ્તિ થતાં નિઃશંક રે... નિ.. ॥૧૫॥
ચાર નિક્ષેપે સાત નયોથી, સમ્યગ દર્શન સમજો રે,
બુદ્ધિસાગર આત્મ સ્વભાવે, શ્રદ્ધા પ્રેમે રમજો રે... નિ.... ॥૧૬॥

કાવ્ય

સકૃદપિ પ્રતિપત્તિરહો નૃણાં ભવતિ યસ્ય ભવસ્થિતિમાપિકા,
શિવસુખં પ્રતિકન્દલતાં દધત્ નમત્ તદ્‌ગુરુ દર્શનમાદરાત્
મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય
શ્રીમતે જિનેન્દ્રાય સમ્યગ દર્શન પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા

જ્ઞાન પદ પૂજા

દુહો

જ્ઞાન તે આત્મસ્વરુપ છે, ચેતન છે ગુણ જ્ઞાન,
જ્ઞાન વિના નહીં મુક્તિ છે, વીર કહે ભગવાન ॥૧॥

જ્ઞાનથી આનંદ ઉપજે, જ્ઞાનથી વિશ્વ પ્રકાશ
જ્ઞાન વિના જગ જીવકા, પગ પગ દુઃખી દાસ ॥૨॥
જ્ઞાનીને પૂજો ભવિ, સેવો નરને નાર,
જ્ઞાનાવરણનાં નાશથી, વ્યક્ત જ્ઞાન સુખકાર ॥૩॥

ઢાળ (રાગ : ધ્યાનક્રિયા મનમાં આણીજે....)

જ્ઞાનને સેવો, જ્ઞાનીને સેવો, જ્ઞાન ભણોને ભણાવો રે,
જ્ઞાનાભ્યાસીને સહાય કરો ભવી, શાસ્ત્રો લખાવો છપાવો રે... જ્ઞાન... ॥૧॥
જૈન ધર્મ જગમાં ફેલાવો, જ્ઞાનીઓ પ્રગટાવી રે,
જ્ઞાન વિના નહિ શાસન ચાલે, જ્ઞાન છે મુક્તિની ચાવી રે.. જ્ઞાન... ॥૨॥
શ્રુત કેવલી કેવલી સમ જાણો, જ્ઞાનથી ધર્મ પ્રચારો રે,
જીવતા તીર્થો જ્ઞાનીઓ, જૈન ધર્મ આધારો રે... જ્ઞાન... ॥૩॥
જ્ઞાન વિનાનું જીવન જડ છે, આત્મજીવન છે જ્ઞાને રે,
જ્ઞાની ધ્યાન સમાધિ પામે, વર્તે શુદ્ધાતમ તાને રે.. જ્ઞાન... ॥૪॥
જ્ઞાનીનો જે વિનય ન સેવે, તેને છે અતિચાર રે,
જ્ઞાનીની આશાતના ટાળો, સફળ કરો અવતારો રે... જ્ઞાન.. ॥૫॥
ભાનુ આગળ તમ નહી રહેતું, જ્ઞાની આગળ અજ્ઞાન રે,
જ્ઞાનીઘટમાં દોષ રહે નહિં, જ્ઞાન સ્વતંત્ર પ્રમાણ રે.. જ્ઞાન.. ॥૬॥
જ્ઞાનથી ચારિત્ર પ્રગટે સાચું, જ્ઞાન છે શ્રેષ્ઠ પવિત્ર રે,
સ્વપર પ્રકાશક જ્ઞાન છે સુંદર, તેથી વશમાં છે ચિત્ત રે... જ્ઞાન.. ॥૭॥
જ્ઞાનીની આજ્ઞાએ હલાહલ, પીતાં મુક્તિ થાતી રે,
અજ્ઞાની વચને અમૃતને, પીતાં ન શાંતિ સુહાતી રે.. જ્ઞાન.. ॥૮॥
પિંડસ્થાદિક ધ્યાનને ધ્યાવે, ધર્મ શુકલ બે ધ્યાવે રે,
જ્ઞાન ધ્યાનની સૂક્ષ્મ ક્રિયાથી, ક્ષણમાં મુક્તિ પાવે રે... જ્ઞાન.. ॥૯॥
જ્ઞાનની દાસી સર્વક્રિયા છે, જ્ઞાની પાસે કિરિયા રે,
જ્ઞાન જગમાં અનંત ભવ્યો, ભવસાગરને તરીયાં રે.... જ્ઞાન.. ॥૧૦॥
અસંખ્ય યોગ છે મુક્તિનાં હેતુ, જ્ઞાનયોગ સહુ મોટો રે,
જ્ઞાનીની સેવા ભક્તિથી, રહે ન કોઇ છોટો રે... જ્ઞાન.. ॥૧૧॥
જ્ઞાનીને પૂજો જ્ઞાનીને વંદો, જ્ઞાની છે અપ્રમાદી રે,
શુષ્કજ્ઞાની એકાંતવાદી, ક્રિયાજડી ઉન્માદી રે... જ્ઞાન.. ॥૧૨॥

પરોક્ષ પ્રત્યક્ષ જ્ઞાન બે ભેદે, શ્રુત સ્વ-પર ઉપકારી રે,
બુદ્ધિસાગર સદગુરુ સંગે, રહેશો નરને નારી રે... જ્ઞાન.. ॥૧૩॥
વીર જિનેશ્વર ઉપદિશે, જ્ઞાન સકલ ઉપકારી રે,
ચાર નિક્ષેપ જ્ઞાનને, સમજો નર અને નારી રે... વીર.. ॥૧૪॥
મતિ અઠ્ઠાવીસ ભેદે છે, શ્રુત છે ચઉદશ ભેદે રે,
અવધિ અસંખ્ય પ્રકાર છે, રુપી વસ્તુ વેદે રે... વીર.. ॥૧૫॥
મનઃપર્યવ બે ભેદે છે, મનનાં પુદગલ જાણે રે,
કેવલ રુપારુપીનાં, સહુ પર્યાય પિછાને રે... વીર.. ॥૧૬॥
અધ્યાતમ જ્ઞાને ભવી, કેવલજ્ઞાન પામો રે,
બુદ્ધિસાગર આતમા, પરમપ્રભુ થઇ જામો રે... વીર.. ॥૧૭॥

કાવ્ય

સકલવસ્તુ સમૂહ વિભાસનં પ્રચિત કર્મ વિનાશન કર્મઠમ્,
યુગલ ભાવગતં મતિમુખ્યકં વિરતિંદ રતિદં પ્રણિદધ્મહે
મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય,
જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય, જ્ઞાનપૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા

ચારિત્ર પદ પૂજા

દુહો

સદાચાર સદગુણમયી, ચારિત્ર છે સુખકાર
ગાવો ધ્યાવો આચરો, ભાવે નરને નાર ॥૧॥
દ્રવ્ય ભાવ ચારિત્ર છે, નિશ્ચયને વ્યવહાર
સ્વર્ગને મુક્તિફલ મળે, તજો દુર્ગુણ આચાર ॥૨॥

ઢાળ

(રાગ : સિદ્ધિએ નમો સિદ્ધ અનંતા...)

ચારિત્ર એવું મળો સુખકારી, જાઉં ચારિત્રની બલિહારી રે,
સમભાવે જગ સઘણું લાગે, રાગ-દ્વેષ ન મનમાં જાગે રે... ચારિત્ર.. ॥૧॥
પરભાવે રસ રીઝ ન આવે, રીઝ લાગે આત્મસ્વભાવે રે,
કોધનાં ઉપર કોધ જાગે જ્ઞાને, મન રહેતું નહિ અભિમાને રે... ચારિત્ર.. ॥૨॥

નિર્દંભને નિર્લોભ ભાવે રહેવું, સુખદુઃખ સમભાવે સહેવું રે,
દેશવિરતિ સર્વવિરતિ ભેદે, આઠ બાર કષાય ન વેદે રે... ચારિત્ર.. ॥૩॥
રાંક જીવો પણ ચારિત્રને પાળી, પામ્યા મુક્તિવધૂ લટકાળી રે,
શુકલ શુકલ પરિણામ વધંતા, એ તો અનુભવે જ્ઞાની સંતા રે... ચારિત્ર.. ॥૪॥
મૈત્રી પ્રમોદને માધ્યસ્થ ભાવે, કરુણાએ હૃદય શુદ્ધ થાવે રે,
નિર્મમ નિરહંકારે પ્રણામે, સત્ય અપ્રતિબદ્ધતા જામે રે... ચારિત્ર.. ॥૫॥
અસ્તેય બ્રહ્મચર્ય સંતોષે, તજી વ્યસનને સદગુણ પોષે રે,
મિત્ર શત્રુપર રાગ ન રોષ, નહિં નિન્દક દૃષ્ટિનો દોષ રે.. ચારિત્ર.. ॥૬॥
તૃણમણિ પર સમભાવની વૃત્તિ, રહે મનમાં ન વિષયાસક્તિ રે,
આવે અનુભવ સુખની ઘટમાં ખુમારી, થાય કર્મો સકલ ઉપકારી રે... ચારિત્ર
થાય પરમાર્થપદની યોગ પ્રવૃત્તિ, દોષ અલ્પને બહુ ધર્મનીતિ રે,
બાહ્યકર્મ કરે પણ મોહ ન એહમાં, ફલ આશા રહે નહિં તેમાં રે.. ચારિત્ર. ॥૮॥
અતિચાર દોષ સહુ પ્રગટયા વારે, મળ્યો માનવભવ નહીં હારે રે,
શુદ્ધ ઉપયોગથી નિજ આત્મ પ્રકાશે, શુભ અશુભ ન મનમાં ભાસે રે.ચારિત્ર॥૯॥
પૂજે ગાવોને એહ મનમાં ધ્યાવો, લેવો ચારિત્ર સત્ય લહાવો રે
સંયમી મુનિનાં દર્શન દુઃખહારી, સેવો ચારિત્રીને નરનારી રે.. ચારિત્ર.. ॥૧૦॥
સમકિતવંતાને ચારિત્રની ઇચ્છા, કરી પુરુષાર્થ ગ્રહે દીક્ષા રે,
ધર્મ શુકલધ્યાને આતમ ઋદ્ધિ, બુદ્ધિસાગર મંગલસિદ્ધિ રે.. ચારિત્ર.. ॥૧૧॥

(રાગ : માયા કારમી રે માયા ન કરો ચતુર સુજાણ...)

આતમગુણો વિના રે, હોળી રાજા સરખો વેષ,
ભવોભવ જીવડાં રે, પામ્યા આધિ વ્યાધિ કલેશ,
ગુણવિણ આડંભર શા ખપનો, બાહ્યક્રિયા વ્યવહારે,
વેષ ક્રિયા છે ગુણને માટે, જાણે તે નિજ તારે... આતમ... ॥૧૨॥
મોહ વને નહિ મનડું ભમતું, ધ્યાન સમાધિ યોગે રે,
જડમાં સુખની રહે ઇચ્છા, આતમ સુખના ભોગે... આતમ.. ॥૧૩॥
દુર્ગુણ દોષે ટાળી સઘળાં, આત્મગુણો પ્રગટાવો રે,
ચિદાનંદ ઉપયોગ રમણતા, ચારિત્ર જ તે લ્હાવો.... આતમ.. ॥૧૪॥
મોહનો ઉપશમ ક્ષયોપશમને, ક્ષાયિકભાવ જે કરવો રે,
નિર્વિકલ્પ સમાધિયોગે, પરમાનંદને વરવો.. આતમ.. ॥૧૫॥
આત્મોપયોગે આત્મરમણતા, નિશ્ચયથી ચારિત્ર રે,
બુદ્ધિસાગર પૂર્ણાનંદી, આતમ પૂર્ણ પવિત્ર..... આતમ... ॥૧૬॥

કાવ્ય

રમણાત્મગુણેષુ હિ યત્ર વૈ, વિગતનૂતન કર્મપથં ચ યતઃ
જગતિ જીવસમૂહ સુવલ્લભં, સુલલિતં ચરણં હૃદિ ધારયે
મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય જન્મજરામૃત્યુનિવારણાય,
શ્રીમતે જિનેન્દ્રાય, ચારિત્રપદલાભાર્થં પૂજાર્થં ચ જલાદિકં યજામહે સ્વાહા

તપ પદ પૂજા

દુહો

દ્રવ્યભાવથી તપ તપે, સકલવિઘ્ન દૂર જાય
પચ્ચાશ લબ્ધિ ઉપજે, જય જય તપ મહિમાય ॥૧॥
તપ તપતાં કષ્ટો ટળે, દુઃખો દૂરે જાય
સર્વકર્મ દૂરે ટળે, પગ પગ મંગલ થાય ॥૨॥
તપનાં ભેદ અનેક છે, તપનાં બાર પ્રકાર,
પૂજે વંદો તપસ્વીને, તપ તપશો નરનાર ॥૩॥

ઢાળ (રાગ : નમો રે નમો શ્રી શત્રુંજય ગિરીવર....)

પૂજો વંદો તપ ગુણ ધારી, તપ તપશો જયકાર રે,
તપ તપતાં અઠ્ઠાવીશ, પચ્ચાશ-લબ્ધિ પ્રગટે સાર રે... પૂ... ॥૧॥
સર્વ શુભાશુભ ઇચ્છારોધક, તપથી શક્તિ પ્રકાશે રે,
નિષ્કામી થઇ કાર્યો કરતાં, તપ છે જાણો પાસે રે.. પૂ... ॥૨॥
દેવ-ગુરુને સંઘની સેવા, ભક્તિ તપ છે વેશ રે,
ધાર્મિક કર્મ કરતા સંકટ-સહવાં દુઃખો કલેશ રે.. પૂ.... ॥૩॥
આત્માર્થે પરમાર્થે પ્રવૃત્તિ, કરતાં ભય નહિ ખેદ રે,
દ્વેષ ન પ્રગટે તપ એ તપતાં, નાસે મોહનાં ભેદ રે... પૂ... ॥૪॥
મન વાણી કાયાની શુદ્ધિ, ધરવી તપ જયકાર રે,
સર્વ શુભાશુભ ફલની ઇચ્છા, ત્યાગથી તપ છે ઉદારે રે.. પૂ. ॥૫॥
તીર્થંકર ત્રિજ્ઞાની પણ જે, તે ભવ મુક્તિ જાણ રે,
તપ તપતાં જાણીને ભવ્યો, તપ તપશો ગુણખાણં રે.. પૂ... ॥૬॥
મરણ જીવનપર નહિં આસક્તિ, સર્વ સમર્પણ થાય રે,
પરમાર્થે જીવનની કરણી, શુદ્ધોપયોગે સુહાય રે.... પૂ.. ॥૭॥

સર્વ જીવોનાં હિતને માટે, કાયા મનની પ્રવૃત્તિ રે,
જૈન ધર્મની સેવા ભક્તિ, કરવાની છે રીતિ રે...પૂ... ॥૮॥
સર્વ લોકનાં દુઃખો હણવા, સહેજે સમર્પાય જાય રે-પૂ
સુખ દુઃખ આવે હર્ષે ન શોચે, સાક્ષી ભાવ સુહાય રે... પૂ... ॥૯॥
નામને રુપમાં મોહ રહે નહિ, કર્તવ્યો જ કરાય રે,
જ્ઞાનગ્નિમાં મોહકાષ્ઠને હોમી, મુક્તિ ક્ષણમાં પાય રે..... પૂ... ॥૧૦॥
માનપૂજાની હોય ન વૃત્તિ, ધાર્મિક હોય પ્રવૃત્તિ રે,
બાહ્યાભ્યંતર તપને તપતાં, પ્રગટે અનંતી શક્તિ રે... પૂ.. ॥૧૧॥
આતમને પરમાતમ કરવાં, તપ છે સાધન સત્ય રે,
બુદ્ધિસાગર મંગલ પામો, તપથી કરી શુભકૃત્ય રે..... પૂ.... ॥૧૨॥
(રાગ : વીરકુમરની વાતડી કોને કરીએ...)
વાસનારોધક તપ તપો નરનારી, મનથી ઇચ્છાઓ નિવારી
કરો આત્મશુદ્ધિ જયકારી, શુભાશુભ પરિણતિ વારી રહો આતમ મગન્ન.... વાસના.. ॥૧૩॥
નિશ્ચયતપ ક્ષણ માત્રમાં શિવ આપે, શુદ્ધ કેવલ જ્ઞાને છાપે,
પૂર્ણ આનંદ ઘટમાં વ્યાપે, રહો તપથી પ્રસન્ન... વાસના... ॥૧૪॥
કામાદિક મોહવૃત્તિયો સહુ ટાળો, શુદ્ધ આત્મસ્વરુપ નિહાળો,
ભેદભાવની વૃત્તિ બાળો, રાખો નિર્મળ મન... વાસના... ॥૧૫॥
આત્મજ્ઞાનને ધ્યાનથી છે સમાધિ, ટળે આધિ વ્યાધિ ઉપાધિ,
લહો મુક્તિ તપ આરાધી, બનો જીવન્મુક્ત... વાસના... ॥૧૬॥
નિશ્ચયતપ પુરુષાર્થથી ભવિ પામે, બની નિર્વિષયી મુક્તિ પામે,
પરબ્રહ્મ બની કરો કામે, બુદ્ધિસાગર વેશ.... વાસના.... ॥૧૭॥

કળશ

(રાગ : ધન્યા શ્રી...)

ગાયાં ગાયાં રે એમ ભાવથી ગાયાં,
પ્રભુ મહાવીર દેવે પ્રકાશ્યાં, તે મેં ભાવથી ધ્યાયા રે, એમ... ॥૧॥
ચારનિક્ષેપે સાત નયે જે, નવપદનું કરે જ્ઞાન,
સિદ્ધચક્ર આરાધી ધ્યાઇ, પોતે બને ભગવાન રે.... એમ.... ॥૨॥
આંબિલ ઓળી આદિ તપથી, નવપદને આરાધે,
પદ પદ મંગલ ઋદ્ધિસિદ્ધિ, મુક્તિને તે સાધે રે.... એમ... ॥૩॥

ગુરુગમ યંત્રને મંત્ર ગ્રહીને, જપ જપતાં એકતાને,
જે જે ભાવે આરાધે તે તે, ભાવે ફળે છે જ્ઞાન રે.... એમ... ॥૪॥
સંવત ઓગણીશ સત્તોતરની સાલે આશ્વિન માસે,
વિજયા દશમી ચઢતા પહોરે, પૂજા રચી ઉલ્લાસ રે.... એમ.... ॥૫॥
સાનંદ શહેરે આનંદ લ્હેરે, ચોમાસું કર્યું ભાવે,
સંઘની સેવા ભક્તિ સારી, નવપદ પૂજા ભણાવે રે.. એમ... ॥૬॥
તપગચ્છ હીરવિજય સૂરિ પાટે, સહજ સાગર ઉવજઝાય,
પટ્ટપરંપરા યોગી મહાસિદ્ધ, નેમિસાગર ગુરુરાય રે... એમ... ॥૭॥
સાગર શાખામાં રવિ સરખાં, રવિસાગર ગુરુરાજ,
ગુર્જર દેશી સંઘ સુધાર્યો, જેનાં ઉત્તમ કાજ રે.... એમ.... ॥૮॥
તેમની પાટે વૈયાવચ્ચી, ધર્મક્રિયામાં ધોરી
શ્રી સુખસાગરજી ગુરુ વંદુ, જ્ઞાનની હાથમાં દોરી રે... એમ... ॥૯॥
ગુરુ સુખસાગર પૂર્ણ કૃપાથી, નવપદ મહિમા ગાયો,
બુદ્ધિસાગર સૂરિએ ભાવે, સિદ્ધચક્ર વધાયો રે.... એમ... ॥૧૦॥

કાવ્ય

દહતિ યત્કિલ કર્મ નિકાચીતં, વિવિધ સિદ્ધિ વિધાયકમપ્યહો
જિનવરૈરપિ સેવિતમાદરાત હૃદિ વહામિ તપો બહુભેદકમ
મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરા મૃત્યુ
નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય, તપ પૂજાર્થં જલાદિકં યજામહે સ્વાહા

પ. પૂ. શ્રી આત્મારામજી મ. કૃત નવપદ પૂજા

શ્રી અરિહંત પદ પૂજા

દુહો

શ્રી શંખેશ્વર પાસજી, પૂરો વાંછિત આશ,
સિદ્ધચક પૂજા સ્યું, જિમ તૂટે ભવ પાસ ॥૧॥
ઉપકારી જિનરાજકી, પૂજા પ્રથમ વિધાન
જો ભવિ સાધે રંગશું, અજર અમરકી ખાન ॥૨॥
ઉત્પન્ન જ્ઞાન સત રુપ હૈ, પ્રતિહારજ શોભંત,
સિંહાસન બેઠે વિભુ, દે ઉપદેસ મહંત ॥૩॥

ઢાળ (રાગ : ખમાચ.....)

જિન પૂજન આનંદ ખાની.... ટેક
સંત અનંત પ્રમોદ અનંગ, સતચિત આનંદ દાની..... જિન... ॥૧॥
તીર્થંકર શુભ નામ કર્મકે, ઉદય કહે જિન વાણી.... જિન... ॥૨॥
ઘાતી કર્મકા નાશ કરીને, અષ્ટાદશ મલ હાનિ.... જિન... ॥૩॥
કરે અઘાતી જીર્ણ વસનસેં, તીર્થેશ્વર પદ છાની... જિન.... ॥૪॥
ઐસે અર્હન દેવ સુહંકર, ભય ભંજન નિર્વાણી... જિન... ॥૫॥
આત્મ આનંદ પૂરણ સ્વામી, નમો દેવ મન માની... જિન... ॥૬॥

દુહો

શાસનપતિ અરિહા નમો, ધર્મ ધુરંધર વીર,
દેશના અમૃત વર્ષિણી, નિજ વીરજ વડવીર ॥૧॥
નિર્મળ જ્ઞાન અક્ષયનિધિ, શુદ્ધ રમણ નિજ રુપ,
થિરતા ચરણ સુહંકરુ, પૂજો અર્હન ભૂપ ॥૨॥

ઢાળ રાગ : મહેબૂબ જાની મેરા...

શ્રી અર્હન સ્વામી મેરા, છિન નાહી ભૂલાના રે,
તુમ પૂજો ભવિ મન રંગે, ભવભવ હિ મિટાના.... શ્રી.... ॥૧॥
ભવ ત્રીજે વર તપ કરકે, સેવી નિદાના રે,
જિન-નામકર્મ શુભ બાંધી, હુએ ત્રિભુવન રાના...શ્રી.... ॥૨॥

જિનકે કલ્યાણક દિવસે, નરકે સુહાના રે,
ઉદ્યોત હુએ ત્રિભુવનમેં, અતિશય ગુણ ગાના... શ્રી.... ॥૩॥
પ્રભુ તીન જ્ઞાન લઇ ઉપને, જગમેં સુભાના રે,
લઇ દીક્ષા ભવિ-જન તારે, હુએ કેવલજ્ઞાન... શ્રી... ॥૪॥
મહાગોપ સત્ય નિર્યામક, વલી મહામહાના રે,
યહ ઉપમા જિનકો છાજે, તે ત્રિભુવન ભાના.... શ્રી.... ॥૫॥
પ્રતિહારજ અડ જસ શોભે, ગુણ પૈંતીસ વાના રે,
પ્રભુ ચૌતીસ અતિશય ધારી, મહાનંદ ભરાના.... શ્રી..... ॥૬॥
ભવિ અર્હન પદ કો પૂજે, નિજરુપ સમાના રે,
જિન આતમ ધ્યાને ધ્યાવે, તદ્રુપ મિલાના... શ્રી.... ॥૭॥

કાવ્ય

અખિલ વસ્તુ વિકાસન ભાસ્કરં, મદન મોહ તમસ્સુ વિનાશકમ
નવપદાવલિનામ સુભક્તિતઃ, શુચિમનઃ પ્રયજામિ વિશુદ્ધયે
મંત્ર : ઉઁ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય
શ્રીમતેઽર્હતે જલાદિકં યજામહે સ્વાહા

શ્રી સિદ્ધ પદ પૂજા

દુહો

અલખ નિરંજન અચર વિભુ, અક્ષય અમર અમાર
મહાનંદ પદવી વરી, અવ્યય અજર ઉદાર ॥૧॥
અનંત ચતુષ્ટય રુપ લે, ધારી અચલ અનંગ
ચિદાનંદ ઇશ્વર પ્રભુ, અટલ મહોદય ચંગ ॥૨॥
અષ્ટ કર્મકો ક્ષય કરી, ફીર નહિ જગ અવતાર
સિદ્ધ બુદ્ધ સત રુપ હી, શિવ રમણી ભરતાર ॥૩॥

ઢાળ

(રાગ : નિજ સ્વરુપ જાને વિનુ ચેતન....)

સિદ્ધ સ્વરુપ જાને વિનુ ચેતન, મિટે નહીં જગકા ફેરા,
સહુ કુમત વિહંડી છાંડ દે, મમતા રંડીકા ડેરા... સિદ્ધ... ॥૧॥
ત્રિભાગોન હિં ચરણ દેહસે, જ્ઞાનમય આત્મ કેરા,
નિરાવરણ હી જ્યોતિ નિરબાધ અવગાહન વિભુ તેરા.... સિદ્ધ.... ॥૨॥

સકલ કર્મમલ દૂર કરીને, પૂરણ અડગુણ લે સંગી,
નિજગુણ પર્યાયે બોલતે, જિનમતમેં હી સતભંગી.... સિદ્ધ.... ॥૩॥
સ્વ દ્રવ્ય હી ક્ષેત્ર કાળ, સ્વભાવે સ્વપર સત્તાગિન જ્ઞાની,
નિજગુણ હી અનંતે શક્તિ, વ્યક્તિ કર મન માની... સિદ્ધ.... ॥૪॥
એક અનેક આદિ અનાદિ, અંતરહિત જિનવર વાણી,
નિજ આતમ રુપે અજ અમલ, અખંડિત સુખ ખાની... સિદ્ધ.... ॥૫॥

દુહો

પ્રદેશાંતર ફરસે નહિ, એક સમય ગતિ જાસ ।
સદાનંદમય આત્મા, પાવે શિવપુર વાસ ॥

ઢાળ (રાગ : ભૈરવી તથા કાફી-યા ગજલ-મુખ બોલ જરા...)

તું ખોજ જરા મન લાય ખરા, સિદ્ધ ઓર નહિ, તું ઓર નહિ-ટેક
અતિ પૂજ ખરા સિદ્ધચક્ર ધરા, નિજ કારણ માન અભંગ ધરા,
જલ પૂજા કરે, સબ પાપ ઝરે... સિદ્ધ.... ॥૧॥
ઉપાદાન તુહી સિદ્ધરુપ વહી હૈ, નિમિત્ત ખરો સિદ્ધચક્ર મુહી,
જબ ધ્યાતા ધ્યેય અરુ ધ્યાન મિલે.... સિદ્ધ.... ॥૨॥
બંધન છેદ અસંગ લહી, ગતિ કારણ પૂર્વ પ્રયોગ કહી,
જબ ગતિ પરિણામકા રાગ હૈ.... સિદ્ધ.... ॥૩॥
એક સમય ગતિ ઉર્ધ્વ કરી, થિર રુપ ભયે સબ વિઘ્ન જરી,
જબ જ્યોતિસે જ્યોતિ મિલે સુધીરો.... સિદ્ધ.... ॥૪॥
નિર્મળ સિદ્ધશીલાથી સહી, એક જોયણ લોકનો અંત કહી
જબ સાદિ અનંત સ્વરુપ ગહી... સિદ્ધ.... ॥૫॥
સુખકી ઉપમા જગમેં નહિ, તિણ કેવલ જ્ઞાની શકે ન કહી
જબ સહજ સમાધિકે રંગ લગે.... સિદ્ધ.... ॥૬॥
રુપાતીત સ્વભાવ ધરે, શુદ્ધ કેવલજ્ઞાન હી દર્શ વરે,
જબ આત્મારામ આનંદ ભરે..... સિદ્ધ.... ॥૭॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવાં

આચાર્ય પદ પૂજા

દુહો

ત્રીજે પદ સૂરિ નમો, રવિ જેમ તેજ પ્રકાશ ।
કલહ કદાગ્રહ છોડીને, કરી કુમતિકા નાશ ॥

ઢાળ

રાગ : જિનવર વચનં શ્રુતિ અમતં...

સૂરિજન અર્ચન સુરતરુ કંદ, સૂરિજન... ટેક
તત્ત્વબોધ જિન આગમ ધારી, સદા નિવારી ભવ ભય ફંદ
ષટ્વર્ગે વર્ગિત ગુણ શોભે, પંચાચાર ધરે નિશ્છંદ.... સૂરિ... ॥૧॥
સૂત્રાનુસારી દીએ દેશના, ભવિ ચકોર શશિ કરતા આનંદ
ચિદાનંદ રસ સ્વાદ મગનતા, પરભાવે ન ખમે મુનિચંદ... સૂરિ... ॥૨॥
નિષ્કામી નિર્મલ શુદ્ધ ચિદ્ઘન, દર્શન જ્ઞાન ચરણ શિવકંદ
સાધે સાધ્ય ભવિકજન બોહે, ગુણ સંપત્ત નિર્મળ જિમચંદ.... સૂરિ... ॥૩॥
સહજ સમાધિ સંવર ધારી, ગત ઉપાધિ શક્તિ અમંદ
બાહ્ય-અભ્યંતર તપ ગુણ ભારી, મારી મોહ કર્મ કંદ.... સૂરિ... ॥૪॥
ષટ્ પંચાશત સંપત સોહે, ખોહે નહિ સુર રમણી વૃંદ,
જિનશાસન આધાર સુહંકર, આત્મ નિર્મળ સદાહી આનંદ... સૂરિ... ॥૫॥

દુહો

મહામંત્રકે ધ્યાનસેં, આચાર્ય પદ લીન ।
પંચ પ્રસ્થાને આતમા, અદ્ભૂત નિજ ગુણ પીન ॥

ઢાળ

રાગ : કોયલ ટહુકી રહી મધુવનમેં...

સૂરિપદ પૂજન કરો મન તન સેં, પાપ કલંક નાસે એક છીનમેં
પાંચ આચાર જે શુદ્ધા પાળે, ભીંજ ગએ સંજમ એક રંગમેં,
સત્યોપદેશ કરે ભવિજનકે, આચારજ માને મોરે મનમેં.... સૂ... ॥૧॥
વર છત્રીસ ગુણે કરી શોભે, યુગપ્રધાન શોભે મુનિ જનમેં,
જગ બોહે ન રહે ખિણ કોહે, કર્મ અરિકો હણે ઇક રગમેં.... સૂ... ॥૨॥
સદા અપ્રમત્ત ધર્મ ઉપદેશે, વિકથા કષાય નહિ નિજ મનમેં,
અમલ, અકલુષ, અમાય, અદ્વેષી, રાગ રહિત જિમ વર્ષત ઘનમેં..સૂ... ॥૩॥

સારણ વારણ નોદન કરતાં, પ્રતિનોદન દેતાં મુનિજનમેં....
પટધારી ગચ્છ થંભ આચારજ, જે માન્યા સત ભવિજન મનમેં... સૂ.. ॥૪॥
અત્થમિએ જિન સૂરજ કેવલ, ચંદ ગએ દીપક સમ તમમેં ॥
ભુવન પદારથ પ્રકટન પટુ જે, આત્મારામ આનંદ ભવનમેં.... સૂ.. ॥૫॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવાં
ઉપાધ્યાય પદ પૂજા

દુહો

સૂત્ર અર્થ વિસ્તારણે, તત્પર શ્રી ઉવજ્ઝાય ।
નહિ સૂરિ પણ સૂરિ સમ, ગણકો અતિહિ સહાય ॥

ઢાળ (રાગ : ખમાય....)

પાઠક પદ જિન વૈન દેનં મન સમરસ ભીનો રે-ટેક
મોહ મમતા માયા સબ ભંગ, સૂત્ર અર્થ દીએ દ્વાદશ અંગ
મદન વિહંડન ધર્મ રંગ, મદ સબ તજ દીનો રે.... પાઠક.. ॥૧॥
પંચ વર્ગ વર્ગિત ગુણ ચંગ, વાદીદ્વિપ છેદન વલી સિંઘ,
ગણિ ગચ્છ ધારણ થંભ સંગ, સુર અસુર પૂજીનો રે... પાઠક... ॥૨॥
દશવિધ જતિધર્મ ધરી અંગ, ચરણ કરણ ઉપદેશક રંગ,
ધાર બ્રહ્મ નવગુપ્તિ સંગ, જિન વચ રસ પીનો રે... પાઠક... ॥૩॥
સ્યાદ્વાદસેં તત્ત્વ વિચારી, નિજ ગુણ તે પર ગુણ સબ છારી,
કરે જિણંદ શાસન ઉત્તંગ, નરભવ ફળ લીનો રે.... પાઠક... ॥૪॥
વાચન દાન કરણ અતિ સૂર, ષોડશ ઉપમા યોગ્ય સુનૂર,
દૂર કરે સબ કર્મ ચૂર, આતમપદ લીનો રે.... પાઠક... ॥૫॥

દુહો

નિકટ હોય પઢિયે સદા, જિનવર વચન અભંગ ।
સદાનંદ પાઠક પદે, લાગ્યો અવિહડ રંગ ॥

ઢાળ (રાગ : બિહાગ....)

જિણંદ મત પાઠક પૂજ સુજ્ઞાની.... ટેક
દ્વાદશ અંગ સિઝાય કરે જે, પારગ ધારક ધામી,

સૂત્ર અર્થ વિસ્તાર રસિક તે, પાઠક નમું સિરનામી... જિણંદ... ॥૧॥
અર્થ સૂત્રકે દાન વિભાગે, આચાર્ય ઉવજ્ઝાય,
ભવ ત્રીજે લહે શિવપદ સંપત્ત, નમિયે તે હર્ષાય... જિણંદ.. ॥૨॥
મૂર્ખ શિષ્ય કરે શુદ્ધ જ્ઞાની, ધ્યાની ચિદ્‌ઘન સંગી,
ઉપલકો પલ્લવ સદ્‌ગુણી કરતાં, મોહ મિથ્યાત્વ વિરંગી... જિણંદ... ॥૩॥
રાજકુમર સરિસા ગણ ચિંતક, આચારજ પદ જોગી,
ભાવના ચંદન સમરસ વચને, નિજ આતમ સુખ ભોગી... જિણંદ... ॥૪॥
જિનશાસનકો પ્રકટ કરે જગ, સ્વાધ્યાય તપ પરવીના,
આત્મારામ આનંદ કે ધ્યાતા, દેઇ નહિ મન દીના.... જિણંદ.... ॥૫॥
કાવ્ય તથા મંત્ર પ્રથમ પૂજા પ્રમાણે જાણવાં,

સાધુ પદ પૂજા

દુહો

સાધુ સંજમ ધારતા, દયા તણા ભંડાર ।
ઇન્દ્રિય દમ યુત સંજમી, નમો નમો હિતકાર ॥

ઢાળ (રાગ : મિંદ કારી...)

મુનિજન અર્ચન શુદ્ધ મન કર રે, કર રે, કર રે, કર રે....
સૂરિજન વાચકની નિત્ય સેવા, સમિતિ ગુપ્તિ શુદ્ધ ધર રે,
કામભોગ જળ દૂર તજીને, ઉર્ધ્વ કમળ જિમ તર રે, તર રે, તર રે ॥૧॥
બાહ્ય અભ્યંતર ગ્રંથિ નિવારી, મુક્તિ પંથ પગ ધર રે,
અંગ અષ્ટ ચિત્ત જોગ સમાધિ, પાપ પંક સબ ઝર રે (૪).. મુ.. ॥૨॥
સકલ વિષય વિષ દૂર નિવારી, ભવ દવ તાપ સુ હર રે,
શુદ્ધ સ્વરુપ રમણતા રંગી, નિર્મમ નિર્મદ વર રે (૪).... મુ... ॥૩॥
કાઉસ્સગ મુદ્રા ધીર ધ્યાનમેં, આસન સહજ સુથીર રે,
તપ તેજે દીપે દયા દરિયો, ત્રિભુવન બંધુ સુગીર રે (૪).. મુ.. ॥૪॥
ઐસો મુનિપદ પૂજ સુહંકર, આત્મ આનંદ ભર રે
શત્રુ મિત્ર સમ જન્મ મરણકો, જગત મોક્ષ ઇક કર રે (૪)... મુ.. ॥૫॥

દુહો

ક્ષમા મુક્તિ ઋજુ નમ્રતા, સત્ય અકિંચન શર્મ ।
તપ સંજમ લઘુ રાગણતા, બ્રહ્મચર્ય મુનિ ધર્મ ॥

ઢાળ (રાગ : આઇ ઇંદ્ર નાર કર કર શૃંગાર....)

ચિદઘન આનંદ મુનિરાજ, વંદ સબ કટકંદ ભવિ પૂજ રંગ
મનમેં ઉમંગ સમતા રસ ભીના... ચિદ્.... ॥ટેક॥

જિન તરુફૂલે ચૈત ભૃંગ, આત્મ સંતોષ અધિક રંગ,
વિન પીડિ લે મકરંદ ચંગ, હો કે આનંદ ગોચર ઠર લીના.... ચિદ.... ॥૧॥
કષાય ટાળ પણ ઇન્દ્રિય રોધ, ષટ કાય પાર મુનિ શુદ્ધ બોધ,
સંજમ સત્તર મન શુદ્ધ, ભયે રણમેં જોધ, મનમેં નહિ દીના.. ચિદ.. ॥૨॥
અઢાર સહસ શિલાંગ ધાર, જયણા યુત અચલ આચાર પાર
નવવિધ ગુપ્તિસે બ્રહ્મકાર, આતમ ઉજાર ભવ વન દવ દીના... ચિદ.. ॥૩॥
જે દ્વાદશ વિધ તપ કરત ચંગ, દિન દિન શુદ્ધ સંયમ ચડિત રંગ,
સોનાની પેરે ધરે પરિખ ચંગ, ચિત્તમેં અભંગ સંજમ રસ લીના.. ચિદ.. ॥૪॥
દેશકાળ અનુમાન નંદ, સંયમ પાલે મુનિરાજ ચંદ,
મિટે હર્ષ શોક પ્રમાદ ધંધ, આત્મ આનંદ અનુભવ રસ પીના.... ચિદ.. ॥૫॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવાં

સમ્યગ દર્શન પદ પૂજા

દુહો

જિનવર ભાષિત તત્ત્વમેં, રુચિ લક્ષણ ચિત્તધાર ।
સમ્યગ દર્શન પ્રણમિએ, ભવદુઃખ ભંજનહાર ॥

ઢાળ (રાગ : થારી ગઇ રે અનાદિ નિંદ-માઢ...)

મિટ ગઇ રે અનાદિ પીર, ચિદાનંદ જાગો તો સહી.... ટેક
વિપરીત કદાગ્રહ મિથ્યા રુપ જે, ત્યાગો તો સહી....મિટ... ॥૧॥
દર્શન વિના જ્ઞાન નહિ ભવિને, માનો તો સહી,
વિના જ્ઞાનકે ચરણ ન હોવે, જાનો તો સહી... મિટ.... ॥૨॥
નિશ્ચય કરણ રુપ જસ નિર્મલ, શક્તિ તો સહી
અનુભવ કરત રુપ સબ છંડી, વ્યક્તિ તો સહી.... મિટ... ॥૩॥
સત્તા શુદ્ધ નિજ ધર્મ પ્રગટ કર, છાનો તો સહી,
કરણ રુચિ ઉછલે બહુમાને, છાનો તો સહી... મિટ... ॥૪॥
સાધ્ય દૃષ્ટ સર્વ કરણી કારણ, ધારો તો સહી
તત્ત્વજ્ઞાન નિજ સંપત્ત માની, ઠારો તો સહી.... મિટ... ॥૫॥

આત્મારામ આનંદ રસ લીનો, પ્યારો તો સહી,
જિનવર ભાષિત સત્ય માનકર, સારો તો સહી... મિટ... ॥૬॥

દુહો

દેવ ધર્મ તત્ત્વકી, સદ્‌હણા પરિણામ ।
સાતો મિલકે બન ગએ, સમ્યગ દર્શન નામ ॥

ઢાળ

(રાગ : ખરજ, નિશદિન જોઉં વાટડી...)

સમ્યગ દર્શન પૂજલે, જિમ મિટે મન ઝોલા... ॥ટેક॥
મલ ઉપશમ ખય ઉપશમેં, ખયસે દગ ખોલા,
ત્રિવિધ ભંગ સમ દર્શને, જિનવર ઇમ બોલા.... સમ્યગ.. ॥૧॥
જિન ધર્મો દઢ સંગસે, અનુભવ રસ ધોલા,
નિજ પરસત્તા જ્ઞાનસે, જિમ કૃમિ રંગ ચોલા.... સમ્યગ.... ॥૨॥
પાંચ વાર ઉપશમ લહે, ક્ષય ઉપશમ ઝોલા
સંખ્યાતીત સોજાણીએ, ક્ષય ઇન્દ્ર અમોલા...સમ્યગ.... ॥૩॥
જસ વિન જ્ઞાન અજ્ઞાન હૈ, વૃત્તિ તરુ નવિ મૌલા
સુખ નિર્વાણ ન ભવિ લહે, સમકિત વિન ભોલા... સમ્યગ.. ॥૪॥
સડસઠ બોલે અલંકર્યો, જ્ઞાન ચરણ અંદોલા
ભવ વન મિથ્યા દહનકો, દાવાનલ તોલા..... સમ્યગ... ॥૫॥
સબ કરણીકા મૂલ હૈ, શિવપંથ અમોલા
દર્શન તેહીજ આતમા, આતમ રંગ રોલા.... સમ્યગ... ॥૬॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવાં

જ્ઞાન પદ પૂજા

દુહો

મિથ્યા મોહ કુપંથ હિ, અજ્ઞ તિમિર કરે દૂર ।
નિજ પરસત્તા સહુ લહે, જ્ઞાન હી નિર્મલ સૂર ॥

ઢાળ (રાગ : ભૈરવી, લાગી લગન કહો...)

જ્ઞાન સુહંકર ચિદ્‌ઘન સંગી, સમભંગી મત સાર રે,
શુદ્ધ જ્ઞાનસે મિટે, જ્ઞાનાવરણ વિકારે રે,
ષટ્‌દ્રવ્ય નાના બોધ સ્વરુપે, નિજ ઇચ્છા સબ વારે રે.... જ્ઞાન... ॥૧॥

ગુરુ સેવાસે યોગ્યતા પ્રગટે, હેય ઉપાદેય કારે રે,
જ્ઞેય અનંત સ્વરુપે ભાસે, દિપ તિમિર જિમ ટારે રે... જ્ઞાન.. ॥૨॥
નિત્યાનિત્ય નાશ અવિનાશી, ભેદા ભેદ અભં રે
એક અનેક હી રુપ અરુપી, સ્યાદ્વાદ નયસંગી રે..... જ્ઞાન.. ॥૩॥
અર્પિતાનર્પિત મુખ્ય ગૌણતા, સાધન સિદ્ધ વિરંગી રે
વાચ્યાવાચ્ય સઅંશ નિરંશી, આનંદઘન દુઃખ રંગી રે... જ્ઞાન.. ॥૪॥
વિભાવ સ્વભાવી શુદ્ધ સ્વભાવી, વીતરાગ જડ સંગી રે
સંશય સર્વ હી નિવારે, આત્મ સમરસ ચંગી રે... જ્ઞાન... ॥૫॥

દુહો

સૂત્ર સંયુત્ત સુચીવત, કચવર પિંડ મઝાર ।
વિનસે નહિ તિમ શ્રુત યુત, પામે ભવનો પાર ॥

ઢાળ (રાગ : કંકણ ખોલ દેઉ મહારાજ....)

સબમેં જ્ઞાનવંત વડવીર, કાટે સકલ કર્મ જંજીર - ॥ટેક॥
ભક્ષા ભક્ષ ન જે વિણ જાને, ગમ્યા ગમ્ય નહિ પિછાને
કાર્યાકાર્ય ન જાને કીર.... સબમેં.... ॥૧॥
પ્રથમે જ્ઞાન હી દયા પિછાને, અજ્ઞાની નર સો નહીં જાને,
ઐસે કહે સિદ્ધાંતે વીર.... સબમેં... ॥૨॥
શ્રદ્ધા સકલ કિયાકા મૂલ, તિસકા મૂલ હી જ્ઞાન અમૂલ
સચ્ચા જ્ઞાન ધરો મન ધીર... સબમેં.... ॥૩॥
પાંચો જ્ઞાનમેં શ્રુત પ્રધાન, સ્વપર પ્રકાશે તિમિર મિટા ન
જગમેં અતિ ઉપગારી હીર... સબમેં... ॥૪॥
લોકાલોક પ્રકાશન હારા, ત્રિભુવન સિદ્ધિ રાજ સુખ ભારા,
સતચિદ આત્મારામ ગંભીર.... સબમેં.... ॥૫॥

કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવાં

ચારિત્ર પદ પૂજા

દુહો

સકલ જન્મ પૂરણ કરે, નહીં વિરાધે લેશ ।
આરાધક ચારિત્રકો, એ જિનવર ઉપદેશ ॥

ઢાળ (રાગ : વસંત....)

બદે કછુ કરલે કમાઇ રે, જાતે નરભવ સકલ ઠરાઇ, બદે કછુ કર લે કમાઇ...॥
જ્ઞાન તણાં ફલ ચરણ સુરંગા, નિરાશંસતા થાઇ
આશ્રવ રોધે ભવાંબુધિ તરીએ, યાન પાત્ર સુખદાઇ.... બદે... ॥૧॥
ધારો ચરણ નહિ મીલે મોલે, રંક રાજ્ય પદ દાઇ,
બારહ અંગ પઠે જસ મહિમા, ક્યોં કર વરની જાઇ.... બદે.... ॥૨॥
તત્ત્વરમણ જસ મૂલ સુહંકર, પર રમણા મિટ જાઇ
સકલ સિદ્ધિ અનુકૂલ હુએ જબ, સમ દમ સંયમ પાઇ.... બદે.... ॥૩॥
સામાયિક આદિ પંચ ભેદ હૈ, દશવિધ ધર્મ સુહાઇ,
સંવર સમિતિ ગુમિ આદિ લે, એ જસ નામ પરજાઇ... બદે.... ॥૪॥
અકષાય અતિ ઉજ્જ્વલ નિર્મળ, મદન કદન ચિત્તલાઇ,
આત્મારામ આનંદકે દાતા, ચારિત્ર પદ મન ભાઇ.....બદે... ॥૫॥

દુહો

દેશ સર્વવિરતિ ભલી, ગૃહી યતિ અભિરામ ।
તે ચારિત્ર સદા જપો, કીજે તાસ પ્રણામ ॥

ઢાળ (રાગ : ડુમરી-બ્રહ્મ જ્ઞાન નવિ જાના રે....)

ચારિત્ર મુજ માના રે ભવિકા ચારિત્ર મુજ માના... ॥ટેક॥
તૃણ પરે જે સબ સુખ છંડી, ષટ્‌ખંડ કેરા રાના રે,
ચક્રવતી સંયમ સિરી વરીયા, ચારિત્ર અત્રે સુખ દાના રે... ચારિત્ર.. ॥૧॥
રંક હુઆ ચારિત્ર આદરે, ઇંદ નરિંદ પૂજાના રે
અશરણ શરણ ચારિત્ર હી વંદુ, સત ચિદ આનંદ ભરાના રે..ચારિત્ર.. ॥૨॥
બારહ માસ સંયમ પર્યાયે, અનુત્તર સુખ હી કમાના રે,
શુકલ શુકલ અભિજાત્ય તે ઉપર, સો ચારિત્ર મહાના રે.... ચારિત્ર.. ॥૩॥
ચય તે અષ્ટ કર્મકા સંચય, રિકત કરે સબ થાના રે,
ચારિત્ર નામ નિરુક્તિએ ભાખ્યો, તે વંદુ ગુણ છાના રે.. ચારિત્ર... ॥૪॥
ચારિત્ર સોઇ આત્મા માનો, નિજ સ્વભાવ રમાના રે,
મોહ વને નહિ ભ્રમણ કરત હૈ, તબ તું આત્મારાના રે... ચારિત્ર... ॥૫॥

સમ્યકત્વ તપ પદ પૂજા

દુહો

કર્મદ્રુમ ઉન્મુલને, વર કુંજર અતિરંગ ।
તપ સમૂહ જયવંત હી, નમો નમો મન ચંગ ॥

ઢાળ (રાગ : રામકલી-તેરો દરસ ભલે પાયો...)

શ્રી તપ મુજ મન ભાયો, આનંદકર.. ટેક
ઇચ્છા રહિત કષાય નિવારી, દુર્ધ્યાન સબ હી મિટાયો
બાહ્ય અભ્યંતર ભેદ સુહંકરુ, નિર્હેતુક ચિત્ત છાયો... આનંદકર... ॥૧॥
સર્વ કર્મકા મૂલ ઉખારી, શિવરમણી ચિત્ત લાયો,
અનાદિ સંતતિ કર્મ ઉચ્છેદી, મહાનંદ પદ પાયો.... આનંદકર.. ॥૨॥
યોગ સંયોગ આહાર નિવારી, અક્રિયતા પદ આયો
અંતર મુહૂરત સર્વ સંવરી, નિજ સત્તા પ્રકટાયો... આનંદકર.. ॥૩॥
કર્મ નિકાચીત છિનકમેં જા રે, ક્ષમા સહિત સુખદાયો
તિસભવ મુક્તિ જાને જિણંદજી, આદર્યો તપ નિરમાયો... આનંદકર.. ॥૪॥
આમોસહિ આદિ સબ લબ્ધિ, હોવે જાસ પસાયો
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ પ્રગટે, સો તપ જિનમત ગાયો... આનંદકર.. ॥૫॥
શિવસુખ ફલ નરવર સંપદ, પુષ્પ સમાન સુભાયો
સો તપ સુરતરુ સમ નિત્ય વંદુ, મનવાંછિત ફલ દાયો.. આનંદકર.. ॥૬॥
સર્વ મંગલમેં પહિલો મંગલ, જિનવર તંત્ર સુગાયો
સો તપપદ ત્રિંહુકાલમેં નમીએં, આતમરામ સહાયો... આનંદકર... ॥૭॥

દુહો

ઇચ્છારોધન સંવરી, પરિણતિ સમતા જોગ ।
તપ હૈ સો હીજ આતમા, વરતે નિજ ગુણ ભોગ ॥

ઢાળ (રાગ : સોરઠ....)

જિનજીને દીની માને એક જરી, એક ભુજંગ પંચ વિષ નાગણ
સૂંઘત તુરત મરી.... જિનજીને... ॥ટેક॥
સમતા સંવર પર ગુણ છારી, સમરસ રંગ ભરી
અચલ સમાધિ તપ પદ રમતા, મમતા મૂરજરી... જિનજીને... ॥૧॥

યોગ અસંખ્ય હી જિનવર ભાષિત, નવપદ મુખ્ય કરી
કર અવલંબન ભવિ મન શુદ્ધે, કર્મ જંજીર જરી.. જિનજીને.. ॥૨॥
આગમ નોઆગમ કરી ભેદે, આતમ રમણ કરી
સમનય સપ્તભંગી અનઘ વર ઘટમેં હી રિદ્ધિ ધરી... જિનજીને.. ॥૩॥
એ નવપદ શુદ્ધ અર્ચનકરકે નિજ ઘટમાંહે ધરી
ચિદાનંદઘન સહજ વિલાસી ભવવન દાહકરી... જિનજીને ॥૪॥
સિરિપાલ સિધ્ધચક્ર આરાધી મન તન રોગ હરી
નવભવાંતર શિવકમલા લે આત્માનંદ ભરી...જિનજીને ॥૫॥

કળશ

(રાગ : ભવિ વંદો જિણંદ જસ વરણીને)

ભવિ વંદો જિણંદ મત કરણીને - ટેક
ઇમ મંડલ નવપદ ગુણવરણી, ચાર ન્યાસ દુઃખ હરણીને - ભવિ... ૧
સમ્યક સાત નયે સબ જાણી, આદરી કુમતિ વિહરણીને - ભવિ... ૨
શ્રી તપોગચ્છ નભોમણિ વર મુનિપતિ, વિજયસિંહ સૂરિ ચરણીને - ભવિ...૩
સત્ય કપૂર ક્ષમા જિન ઉત્તમ, પદ્મ રુપ અઘ ટરણીને - ભવિ... ૪
કીર્તિ કસ્તુર સુગંધી, મણિ તિમિર જગ હરણીને - ભવિ... ૫
શ્રી ગુરુ બુધ્ધિ વિજય મહારાજા વિજયાનંદ જિનસરણીને - ભવિ... ૬
જીરા ગામ તિહાં સંઘ જયંકર, સુખસંપત ઉદય કરણીને - ભવિ... ૭
તિનકે કથનસે રચનાકીની, સુગમ રીત અઘ હરણીને - ભવિ... ૮
વસુ યુગઅંક ઇંદુ શુભવર્ષે, પટ્ટી નગર સુખ ધરણીને - ભવિ.... ૯
રહી ચૌમાસા યહ ગુણ ગાયા, આતમ શિવવધૂ વરણીને - ભવિ... ૧૦
કાવ્ય તથા મંત્ર પહેલી પૂજા પ્રમાણે જાણવા

પંડિત માણેક વિજયજી કૃત નવપદપૂજા

અરિહંત પદ પૂજા

દુહો

પ્રણમીવિશ્વંભરવિભુ શ્રી ચિંતામણિ પાસ
સિધ્ધચક્ર ગુણ ગાઇશુ ધરી માનસ ઉલ્લાસ..... ૧
અરિહા સિધ્ધ સૂરીશ્વરુ વાચક ગુણગણધામ
વાચંયમ પ્રણમુ સદા તિમ દર્શન અભિરામ.....૨
જ્ઞાન ચરણ તપ સુખકરુ એ નવપદ જગસાર

ભાવધરી આરાધતા પામીજે ભવપાર.... ૩
જેહથી સાધ્વસ ઉપશમે દુષ્કૃત દુઃખ પલાય
તે નવપદ નમી એ ભવિ થિર કરી મન વચ કાય...૪
તરવા ભવ પયોનિધિ વરવા મંગલમાલ
પૂજા નવપદની રચુ ધરતો ભાવ વિશાલ....૫
વીતરાગ ત્રિભુવનધણી, પરમેષ્ઠીમાં મુખ્ય
તેણે પ્રથમ જિન પૂજીએ, જિમ લહીએ શિવસૌખ્ય....૬

ઢાળ (રાગ : સંભવ જિન અવધારીએ....)

ભવિયણ અરિહા વંદીએ, કરુણાકર ભગવંત... સલુણે
પારંગત પરમાતમા, બોધ અનંત ભદંત સલુણે... ભવિ... ॥૧॥
જેહનાં કલ્યાણક દિને, નરકે પણ ઉદ્યોત સલુણે... ભવિ... ॥૨॥
તરણ શરણ ભવિ જીવને, તારણ જે ભવપોત સલુણે.. ભવિ.. ॥૩॥
અમૃતરસ સમ દેશના, જે દિયે જગ ઉપગાર સલુણે... ભવિ.. ॥૪॥
પ્રાતિહારજ અડ શોભતા, વર્જીત દોષ અઢાર સલુણે... ભવિ... ॥૫॥
ચાર અતિશય સહજના, નિર્જર કૃત ઓગણીશ સલુણે.. ભવિ... ॥૬॥
અગિઆર કર્મ ખપ્યા થકી, અતિશય સહજ ચોત્રીસ સલુણે.. ભવિ... ॥૭॥
ચિત્ર શિખંડી જ સારીખા, જીહ સહસવલી થાય સલુણે... ભવિ... ॥૮॥
તો પણ ગુણ જિનવરતણા, કીણહિ યે ન ગણાય સલુણે... ભવિ... ॥૯॥
જિન માણેક પરમેશને, પૂજે જે ત્રણ કાળ.... ભવિ... ॥૧૦॥
તે જિન કર્મ હણી વરે, શિવરમણી વરમાળ... ભવિ... ॥૧૧॥

કાવ્ય કલ્યાણમાલા કમલાવદાન્યં, નરેંદ્ર નાગેંદ્ર સુરેંદ્ર માન્યં
સંસાર દાવાનલ નીર ચક્રં, નમામિ નિત્યં વર સિદ્ધચક્રં
મંત્ર – ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં, ચંદનં, પુષ્પં, ધૂપં, દીપં, અક્ષતં, નૈવેધં, ફલં, યજામહે સ્વાહા

સિદ્ધ પદ પૂજા

દુહા

સકલ કર્મ મલ ધોઈને, પામ્યા શુદ્ધ સ્વભાવ
નિત્ય નમો તે સિદ્ધને, ભવિજન ધરી બહુભાવ ॥૧॥
લોકશિખર ફરસી રહ્યા, મુક્તિ મહેલાકંત, અનંત સુખને અનુભવે, નમો સિદ્ધ ભગવંત (૨)

ઢાળ

(રાગ : અલૈયા બિલાવર, મૈં કિનો સહી...)

પરમાનંદ પરમપદ ભોકતા, દર્શન જ્ઞાન અનંત,
જિનવરને પણ માન્યપણે જે, જ્યોતિ સ્વરુપ ભદંત
મેં કિનો સહી સિદ્ધ શરણ ગુણવંત ॥૧॥
અલખ અગોચર અચલ અકામી, અવિકારી ભગવંત
અવિનાશી અકલંક અમોહિ, આતમરામી સંત... મેં કીનો.... ॥૨॥
અજર અમર વચનાતીત હુવા, ગતનિદ્રા ભય રોગ
અકોહિ, અમાનિ, અમાયિ, અલોભી, અમલ અનાશી અભોગ... મેં કીનો.. ॥૩॥
બંધ ઉદય ઉદીરણ સત્તા, કરમ ભરમ કરી અંત,
એક સમયમાં સિદ્ધિ વર્યા જે, ભાંગે સાદિ અનંત અભોગ.. મેં કીનો... ॥૪॥
પન્નર ભેદે વિચારી વદે, સિદ્ધને જે નરનાર,
માણેકવિજય કહે તે પામે, ભીમ ભવોદધિ પાર અભોગ.. મેં કીનો... ॥૫॥
મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

આચાર્ય પદ પૂજા

દુહો

દ્વાદશ અંગ ઉપાંગ, સૂત્ર અર્થનાં જાણ
દશ રુચી શિક્ષા દુગ લહે, આચારજ ગુણખાણ ॥૧॥
બાર ભાવનાં ભાવતા, પડિમા વહતા બાર
બારે તપ તપતા સૂરિ, વંદુ વારંવાર ॥૨॥

ઢાળ

(રાગ : એ ઉંચોને અભબૈલો રૈ, કામણગારો કાનુડો...)

તુમે આચારજ પદ વંદો રે, હો મનમાન્યા મોહનીયા
જિમ પાપ કલાપ નિકંદો રે, હો મનમાન્યા મોહનીયા
જે પંચ મહાવ્રત પાલે રે, હો મનમાન્યા મોહનીયા
સમિતિ પાંચે સંભાલે રે, હો મનમાન્યા મોહનીયા.... તુમે... ॥૧॥
ત્રણ ગુપ્તિને આદરવા રે હો મન, વળી પંચાચારને ધરતાં રે હો મન,
પણ ઇન્દ્રિય તુરંગમ દમતાં રે હો મન, નવ બ્રહ્મગુપ્તિ શું રમતાં રે હો મન... ॥

કોધાદિક ચઉથી ન્યારાં રે હો મન, એ છત્રીસ ગુણ ભંડારા રે હો મન,
સહે બાવીસ પરિષહ ભારી રે હો મન, અંતરગ્રંથી પરિહારી રે હો મન... ॥૩॥
સત્તાવીશ મુનિ ગણધારી રે હો મન, નવકોટી શુદ્ધાહારી રે હો મન,
બારસેં છન્નુ ગુણ ભરીયાં રે હો મન, મદ મોહ રહિત ગણધરીયાં રે હો મન.. ॥૪॥
સાયર પેઠે ગંભીરા રે હો મન, મેરુ મહીધર સમ ધીરા રે હો મન,
વરજ્ઞાન સમાધિ ઉદારારે હો મન, સૂરિ જિનશાસન શણગારા રે હો મન.. ॥૫॥
ભવ ત્રીજે ભવજલ પારા રે હો મન, લહે ભાવાયારજ સારાં રે હો મન,
તસ પદ નમી ભાવ અમંદે રે હો મન, મુનિ માણેક નિત આનંદે રે હો મન... ।૬॥
મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

ઉપાધ્યાય પદ પૂજા

દુહો

ચાર કષાયને પરિહરે, પાલે મહાવ્રત પંચ
દશવિધ ધર્મ ધરે સદા, નહી જસ મોહ પ્રપંચ ॥૧॥
અંગોપાંગ ભણાવતા, શિષ્ય વર્ગને જેહ
તે પાઠકને વંદતા, થાય કલેષનો છેહ ॥૨॥

ઢાળ

(રાગ : નિશદિન જોઉં વાટડી...)

પાઠક પદ પ્રણમો તુમે, ભવિયાં ઘન ભાવે,
જેહ સૂરીશ્વર આગળે, યુવરાજ કહાવે... પાઠક... ॥૧॥
મદ આઠે દૂરે તજે, ખિણ કોહ ન લાવે,
છાંડે પ્રમાદને ભાવના, ભલી પણવીસ ભાવે.... પાઠક... ॥૨॥
સમય ઉચિત મુનિ વૃંદને, સિદ્ધાંત ભણાવે,
પાષાણ સમ જડ શિષ્યને, કૃતિ રત્ન બનાવે... પાઠક.... ॥૩॥
બાર ભેદે તપ જે કરી, નિજ કર્મ ખપાવે,
વિહાર નવ કલ્પી કરે, દ્વાદશાંગને ધ્યાવે.... પાઠક.... ॥૪॥
પરવાદી કરી કેસરી, જિન ધર્મ દીપાવે,
વયણ સુધારસે લોકનાં, સંતાપ શમાવે.... પાઠક... ॥૫॥
ઉપમા સોલે સોહતા, બહુશ્રુત ગુણ ધાવે
તે વાચક પદ વંદતા, ભવ ભવ દુઃખ જાવે.... પાઠક... ॥૫॥

ગુણ પચવીશે જે ભર્યાં, સમતા રસ નહાવે
ભાવ વાચક ત્રીજે ભવે, અવિચલ પદ પાવે.... પાઠક... ॥૬॥
માનવ દાનવ દેવતા, જેહના ગુણ ગાવે,
માણેક હરખે તેહને, નિત નિત શીર્ષ નમાવે... પાઠક.... ॥૭॥

મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

મુનિ પદ પૂજા

દુહો

કર્મશત્રુ હણવા ભણી, પહેર્યો મુનિવર વેશ
ભવ્ય જીવ પ્રતિબોધતાં, વિચરે દેશ વિદેશ ॥૧॥
આણા શ્રી અરિહંતની, શિર પર વહતા જેહ
તેહ શ્રમણને સેવતાં, લહીએ શાશ્વત ગેહ ॥૨॥

ઢાળ

(રાગ : ગોડી–તોરણ આઇ કયું ચલે રે....)

ધન ધન મુનિરાજને રે, સાધે જે શિવપંથ સલુણા
બહિરંતર ગ્રંથી તજીરે, જેહ થયા નિર્ગ્રંથ સલુણા ॥૧॥
જિન જિમ મુનીવર વંદીએ રે, તેમ તેમ નાસે પાપ સલુણા
પરિષહ ઉપસર્ગ સહે રે, સોહં પદ કરે જાપ સલુણા ॥૨॥
પાપ નિયાણાથી દૂરે રે, પરિહરે આઠ પ્રમાદ સલુણા
સંવરમાં વર્તે સદા રે, નહિ જસ હર્ષ વિષાદ સલુણા ॥૩॥
પંચ સમિતિ સમિત્તા રહે, પાલે પંચાચાર સલુણા
ટાલી દોષ બાયાલને રે, શુદ્ધ લહે આહાર સલુણા ॥૪॥
ઘોર અભિગ્રહને ધરે રે, વારે અતિક્રમ ચાર સલુણા
વ્રત દૂષણ નવિ આચરે રે, તે મુનિ તારણહાર સલુણા ॥૫॥
સમતા સંગ શું જે રમે રે, દમતા ઇંન્દ્રિય ગ્રામ સલુણા
સ્યાદ્વાદ મત જાણતાં રે, સત્તાવીશ ગુણધામ સલુણા ॥૬॥
ખંત્તિ મુત્તિ બ્રહ્મ શૌચતા રે, અક્કવ મદવ સત્ય સલુણા
અકિંચન તપ સંયમી રે, ધર્મ ધરે દશ નિત્ય સલુણા ॥૭॥
આગમને અભ્યાસતા રે, ષટકાયનાં પ્રતિપાલ સલુણા
યોગવહન ક્રિયા વદે રે, છંડી સવિ જંજાલ સલુણા ॥૮॥

એવાં વ્રતી અણગારને રે, જે પ્રણમે ધરી નેહ સલુણા
કેવલ માણેક તે લહે રે, આણી કર્મનો છેહ સલુણા ॥૯॥

મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

દર્શન પદ પૂજા

દુહો

જેમ ગિરિમાં સુરગિરિ વડો, જ્ઞાનમાં કેવલજ્ઞાન
તરુગણમાં સુરતરુ વડો, દાનમાં અભય પ્રધાન ॥૧॥
વિમલાચલ સર્વતીર્થમાં, તીર્થપ દેવ મઝાર
સઘલા ગુણમાંહે વડો, તીમ સમકિત ગુણસાર ॥૨॥

ઢાળ

(રાગ : ત્રીજે ભવ વર થાનક તપ કરી...)
જેહથી મોહની દૂરે નાસે, ભવ ગણતીએ ગણાય,
તે સમ્યગ દર્શન પદ નમતાં, જન્મ મરણ દુઃખ જાય
ભવિકા ! નિર્મલ દર્શન કીજે, જિમ અક્ષય સુખ લીજે રે.. ભવિકા... ॥૧॥
ચરણ રહિત સિદ્ધિ પદ પામે, સમકિત રહિત ન કોય,
નાણ નહી સમકિત વિણ લેખે, કિરિયા પણ નવિ હોય રે... ભવિકા.. ॥૨॥
અંતર્મુર્હૂત પણ જે પ્રાણી, ફરસે દર્શન સોય,
અડધા પુદગલ પરિયટ્ટમાં તે, નિશ્ચિત રે ભવ તોય રે... ભવિકા.. ॥૩॥
સડસઠ ભેદે અલંકર્યો જે, ગુણ અનંતની ખાણ
દુવિધ ધર્મનું મૂલ વલી તે, સમકિત દર્શન જાણ રે... ભવિકા... ॥૪॥
અરિહંત ભક્તિ સુગુરુની સેવા, સંઘ સયલ બહુમાન,
તે સવિ સમકિત નિર્મલકારક, અવિચલ પદવી નિદાન રે... ભવિકા... ॥૫॥
કેવલી ભાષિત વયણની શ્રદ્ધા, કરીએ મન વચ કાય
અવિરત જિન માણેકપદ પૂજી, હરીએ સર્વ સમુદાય રે.. ભવિકા.. ॥૬॥

જ્ઞાન પદ પૂજા

દુહો

જ્ઞાન જગતમાં દિવડો, ભાસન સવિ અવદાત,
જ્ઞાન થકી સવિ જાણીએ, સ્વર્ગ નરકની વાત ॥૧॥
પહેલું જ્ઞાન પછી દયા, દશવૈકાલિક વાણ,
જ્ઞાન વિના ક્રિયા કરે, તે નવિ હોય પ્રમાણ ॥૨॥

ઢાળ (રાગ : નમો રે નમો શ્રી શત્રુંજય ગિરીવર....)

જ્ઞાનથી આતમ નિર્મળ હોવે, જ્ઞાન પરમ આધાર રે,
જ્ઞાને હેય ઉપાદેય લહીયે, તીમ નિશ્ચય વ્યવહાર રે,
નમો રે નમો સુખકર નાણપદને ॥૧॥
તત્ત્વા તત્ત્વને જ્ઞાનથી લહિયે, ભક્ષાભક્ષ વિચાર રે,
પ્રગટપણે જ્ઞાને સવિ ગ્રહિયે, જ્ઞાન થકી ભવપાર રે.... નમો... ॥૨॥
અજ્ઞાણ ઘોર તમો ભર ટાલણ, નાણ અભિનવ ભાણ રે,
જ્ઞાન તણી પરિણતી થકી જ્ઞાની, પદ પામે નિર્વાણ રે... નમો... ॥૩॥
બહુ ક્રોડ વરસે અજ્ઞાની, કર્મ ખપાવે જેહ રે,
જ્ઞાની એક જ સાસો સાસે, કર્મ કરે ક્ષય તેહ રે... નમો... ॥૪॥
મતિ શ્રુત અવધિ મનઃપર્યવ, પંચમ કેવલ નાણ રે
ભેદ એકાવન તેહ તણા તુમે, સમજો ચતુર સુજાણ રે.... નમો... ॥૫॥
જ્ઞાનતણી આશાતના વરજી, કરીએ ભક્તિ ઉદાર રે
ગુણ માણેક મંદિર પ્રભુજી, નિસ્તરીએ સંસાર રે... નમો... ॥૬॥
મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

ચારિત્ર પદ પૂજા

દુહો

હવે નમો પદ આઠમે, સુખદાયક ચારિત્ર ।
ચારિત્ર પદ જસ મન વસ્યું, તસ નર જન્મ પવિત્ર ॥૧॥
સાર્વભૌમ પણ તૃણ પરે, છંડી મુખ ષટ્ ખંડ ।
ચરણ ધર્મને આદરે, હણવા કર્મ પ્રચંડ ॥૨॥

ઢાળ

(રાગ : શ્રી સીમંધર સાહિબ આગે....)

ચારિત્ર પદને વંદન કીજે, મેલી સકળ પ્રમાદ,
રંકને રાય કરે જે તેમ વળી, દુર્ગતિનો અવસાદ રે
ભવિયાં ! સંજમ શું ચિત્ત લાવો, જિમ પરમાનંદ પાવો રે... ભ.. ॥૧॥

દેશ સર્વ ભેદ જિન ભાખે, ચારિત્ર દુગ નિર્માય,
દેશ ચરણ વ્રત બાર ગ્રહીને, પણ મહાવ્રત મુનિરાય રે... ભ.. ॥૨॥

દેશવિરતિ વૈમાનિક થાવે, ઇતર લહે શિવરાજ,
અશરણ શરણ ચરણ અઘહારી, ભવસાયરમાં જહાજ રે.... ભ.... ॥૩॥

રંક તણે ભવ સંપ્રતિ રાજે, ભાવ વિના વ્રત લીધ,
તો પણ અંત સમાધિ મરણથી, રાજ સુખામૃત પીધ રે.. ભ... ॥૪॥

અષ્ટકર્મ ચય રિક્ત કરે જે, નિરુત્તે ચારિત્ર નામ
તે ચારિત્રને હું નિત્ય વંદું, મંગલા કમલા ધામ રે... ભ.... ॥૫॥

સત્તરભેદ છે સંજમ કેરા, સિત્તેર ભેદ પણ હોય,
જિન માણેક ભગવંતે ભાખ્યા, શ્રી સિદ્ધાંતે જોય રે.... ભ.... ॥૬॥

મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

તપ પદ પૂજા

દુહો

જિમ પાવક સંજોગથી, હાયેક નિર્મલ થાય ।
તિમ વર તપ તપવા થકી, કિલષ્ટ કર્મ મલ જાય ॥૧॥

તપથી આમય ઉપશમે, તપથી ટળે પ્રત્યૂહ
તપથી લબ્ધિ ઉપજે, તપથી મળે સુખ વ્યૂહ ॥૨॥

ઢાળ

(રાગ : વસંત, ધુમાર-વીર કુંવરની વાટડી કોને કહીએ....)

ઘટમાં સમતા રાખીને તપ કરીએ, તપ કરીએ રે તપ કરીએ,
માયા દૂરે પરિહરિએ, તરીએ ભવ પાથ... ઘટમાં.... ॥૧॥

તપ ગુણથી દુઃખાવલી દૂર જાવે, સુરપતિ નરપતિ વશ થાવે,
ધન રિદ્ધિ સિદ્ધિ ઘર આવે, નિત મંગલ માળ.... ઘટમાં.. ॥૨॥

સર્વમંગલમાં પહેલું મંગલ જાણો, ઇમ બોલે ત્રિભુવન રાણો
તપ ગુણને રોજ વખાણો, ત્રણ જોગ સંભાર... ઘટમાં.... ॥૩॥

તે ભવમાંહી જ્ઞાનથી અરિહંતા, મહોદય પદવી જાણંતા
તોયે તપ ઘોર તપંતા, તપ મહિમા અનંત.... ઘટમાં... ॥૪॥
વર્ધમાન તપ પૂરવ ભવે કીધો, શ્રી ચંદ્રે બહુ સુખ લીધો,
નિજ સઘળો મનોરથ સિદ્ધો, પામ્યો જયજયકાર.... ઘટમાં... ॥૫॥
સાઠ સહસ સમ આંબિલ તપ કરીઓ, સુંદરીએ શિવ સુખ વર્યો,
કેઇ કોટિ તરીયાતીવ દરિયો, તપથી હણી કર્મ... ઘટમાં... ॥૬॥
ખંધક સમતા સેવધિ મુનિ મોટો, જાણી સંસારને ખોટો,
વળી જીવિત જલ પરપોટો, તપ્યો તપ ઘોર.... ઘટમાં.... ॥૭॥
ચૌદ સહસ નિર્ગ્રંથ સાર સમાજે, શ્રી જ્ઞાત નંદન જિનરાજે,
તપ ગુણથી પ્રશંસ્યો છાજે, ધન્નો અણગાર... ઘટમાં... ॥૮॥
દુવિહા તપ સમતા ધરીજે કરશે, ભવ વારિધિ તે તરશે
જિન માણેક પ્રભુ પદ વરશે, તોડી કર્મનાં પાસ..... ઘટમાં... ॥૯॥
મંત્ર અને કાવ્ય પહેલી પૂજા પ્રમાણે

કળશ

(રાગ : ધન્યાશ્રી...)

સેવો સેવો રે ભવિ નિત નિત નવપદ સેવો,
નિરુપમ નવપદ સેવન આપે, અપુનર્ભવ સુખ મેવો
ભવિ નિત નિત નવપદ સેવો.... ॥૧॥
નવપદ સ્મરણ કરતાં નાસે, રોગ શોગ ભય પીડા
અવિરત મંગલ માલા વરીએ, ઝટ લહીએ ભવ તીરા રે... ભવિ... ॥૨॥
તપ ગણ નાયક ધીર શિરોમણી, વિજયસિંહ સૂરિ રાય,
તાસ શિષ્યશ્રી સત્ય વિજયવર, સંવેગ મારગ ધ્યાયા... ભવિ... ॥૩॥
કપૂરવિજય તસ ખીમાવિજય તસ, મેઘિર જિન મુનિરાયા,
ગુરુ ઉત્તમ ગુણ સદ્મ પદ્મ તસ, રુપ કિર્તિ સોહાયા રે.... ભવિ.... ॥૪॥
પંડિતા શ્રી ઉદ્યોત વિજય તસ, અમર વિજય તસ સૌભાગી,
પરમ ગુમાન વિજય વાયંયમ, જસ જિનમત મતિ જાગી રે... ભવિ... ॥૫॥
સુગુરુ પ્રતાપવિજય સુપ્રતાપે, શ્રુત ચિંતામણી પાયા,
જિન શાસન ચંદન રસ યોગે, મિથ્યાત તાપ મિટાયા રે... ભવિ.. ॥૬॥
મુનિયુગ નંદ નિશાકર હાયન, ઉર્જ વાસ સિત્તપક્ષો
એકાદશી વાસર શનિવારે, ફળ્યો ઉદ્યમ દક્ષો રે... ભવિ.. ॥૭॥

રહી ચોમાસું કપડવણજમાં, નવપદ ગુણ ગણ ગાયા,
જિન માણિક્ય વિજય પ્રભુધ્યાને, આનંદ રંગ ઉપાયા રે... ભવિ.. ॥૮॥
પંડિત માણેક વિજયજી કૃત નવપદ પૂજા સંપૂર્ણ

નવપદની પૂજાનાં ગાયનો

અરિહંત પદ

(રાગ : પદ્મપ્રભ પ્રાણ સે પ્યારાં...)

મારા સમ સાંભળો સ્વામી, અવધારો વિનતી મારી
મુકી ગયાં ભરતનાં વનમાં, ઉદાસી થઇ રહ્યા દિલમાં.... મારાં.... ॥૧॥
ગુનો શો કીધો મેં આજે, નથી બોલતાં મુજ સાથે,
દયા મુજ કીજીએ ભારી, સેવક જાણી તારીએ સ્વામિ.... મારાં.... ॥૨॥
જાણું પ્રભુ તુમ નિરાગી, હું તો પ્રભુ તુમસે રાગી
મળ્યા મને દુઃષમ કાળે, નહીં છોડું હું આવારે-સ્વામિ.... મારાં... ॥૩॥
ભાળી મેં નેહ નજર તારી, ઉગારોને આ ભવવારિ,
રાખું નહિં હું હવે ખામી, ભવોભવ સેવના તારી-સ્વામિ..... મારાં... ॥૪॥

સિદ્ધપદ

પ્રભુ તારો મુલક મારે જોવો છે, મને એકવાર મુક્તિ દેખાડ
વાલા, તારો મુલક મારે જોવો છે.... ॥૧॥
મને ભવજલ પાર ઉત્તાર, વાલા, તારો મુલક મારે જોવો છે
કેવો છે વાલા તારો મુલક તે કેવો છે, એ તે જોવો છે.... વાલા... ॥૨॥
લાખ પિસ્તાલીશ જોજન લાંબી, સિદ્ધશીલા જ્યાં શોભે છે,
વાલા ચોવીસમા અંશે, સિદ્ધને દેખી મન મોહે છે.... વાલા.... ॥૩॥
જ્યોતિ સ્વરુપી પરમાનંદી, નિરંજન નિરાકારી છે,
વાલા અકોહી, અમાની, અમાયી, નિરાગી, નિદ્વેષી છે..... વાલા.... ॥૪॥
રાતે વર્ણ સિદ્ધ કહ્યા છે, અનંત ચતુષ્ટય ધાર રે,
વાલા, હસ્તિપાલ પરે ભવિ સેવો, જેમ પામો શિવનાર રે.... વાલા... ॥૫॥

આચાર્ય પદ

તારો તારો સૂરિજી તારો તારો સૂરિજી મોહે તારો રે,
હું તો આવ્યો ગુરુજી તુમ પાસે રે, તારો તારો સૂરિજી

ગુરુ છત્રીસ છત્રીસ એ સોહતા, સૂરિ યુગ પ્રધાન પદ ધરતા,
સૂરિ ભવ્ય કમળ પડિબોહતા રે.... તારો તારો.... ॥૧॥
સૂરિ પંચ પ્રસ્થાને દીપતાં, પડિરુવાદિ ચઉ ગુણ ધરતા,
બાર પણવીશ ભાવના ભાવતા રે.... તારો તારો.... ॥૨॥
મન તુરંગ વશ કરી રાખ્યું, શ્રુતજ્ઞાન દોરીથી બાંધ્યુ રે,
પુરુષોત્તમે એ પદ સાધ્યુ રે.... તારો તારો... ॥૩॥

ઉપાધ્યાય પદ

જા જા રે દૂરે દુર્મતિ, મને મળ્યા મહોપાધ્યાય પતિ,
જા જા રે દૂરે દુર્મતિ, અબ જાગી છે મુજ શુભ મતિ... જા જા રે... ॥૧॥
દ્વાદશ અંગ સજ્ઝાય કરે, સૂત્રાર્થનું દીએ દાન રે.... જા જા રે... ॥૩॥
મૂર્ખ શિષ્યને નિપુણ કરે, જિનશાસન અજવાળે રે... જા જા રે... ॥૪॥
સારણાદિક ગચ્છમાંહે કરતાં, પણ રમતાં નિજ ઘરમાં રે... જા જા રે.. ॥૫॥
જે પરવાદિ મત રાજ કેરો, ભય ધરતાં નહિ મનમાં રે.... જા જા રે... ॥૫॥
પંચમકાળે પાઠક પદને, સેવો તુમે ચિત્ત દઇને રે.... જા જા રે.. ॥૬॥
મહેન્દ્રપાળ જેમ શિવવધુ વરીયો, તેમ ભવિ શિવસુખ લહીએ રે.. જા જા રે.. ॥૭॥

સાધુ પદ

(રાગ : આનંદ કંદ પૂજતા જિણંદ ચંદકુ...)

મુણિંદ ચંદ ઇશ મોહે, તાર તાર તાર
જ્ઞાનકે તરંગ ભંગ સાત જાણકાર... મુણીંદ....
સંત કે મહંત મુનિવ્રત પંચધાર, યતિ વ્રતિ સંયમી જગત કો... ॥૧॥
સમ ચાલીસ દોષ ટાળી લેન કે આહાર,
સાત વીશ ગુણધાર આત્મા ઉજાર.... મુણીંદ.... ॥૨॥
ઐસા ગુરુ દેખતે હર્ષ હોય અપાર,
સંસાર પારાવારથી ઉતારવાને નાવ... મુણીંદ ..... ॥૩॥
સોહે શ્યામ રુપસે નિર્મલ હોય વાન,
કૃપાસિંધુ તુહી ગુણકો નિધાન.... મુણીંદ.... ॥૪॥
વીરભદ્ર સાધુસેં જિનપદ સાર
લઇ મુક્તિ ભવપાર કુગુરુ સંગ છાર.... મુણીંદ... ॥૫॥

દર્શન પદ

(રાગ : ઓચ્છવ રંગ વધામણા.....)

દર્શનપદ છઠ્ઠે નમું, તુમે સાભળો ભવિયણ, હાં હાં રે તુમે સાંભળો ભવિયણ
તત્ત્વ પદાર્થ નવ કહે શ્રી મહાવીર જીનવર... હાં હાં રે શ્રી...
દેવ-ગુરુને-દર્મની જે શ્રદ્ધા કરશે... હાં હાં રે જે શ્રદ્ધા...
સમ્યગ દષ્ટિ જીવને અર્ધ પુદગલ ફરશે... હાં હાં રે અર્ધ...
શ્રદ્ધા વિના નહિ જ્ઞાન છે, જ્ઞાન વિના નહિ ચરણ... હાં હાં રે જ્ઞાન...
ચરણ વિણ નહિ મુક્તિ રે એમ ઉત્તર જયણા... હાં હાં રે એમ...
સડસઠ ભેદ છે એહનાં, જે શિવસુખ જોડે... હાં હાં રે જે....
લક્ષણ પંચ છે એહનાં, તે નિશ્ચય નય બોલે... હાં હાં રે તે....
શમ સંવેગ નિર્વેદના આસ્તિકય કરુણા... હાં હાં રે આસ્તિકય...
શિવફળ કેરા વૃક્ષનાં, એ બીજ ભલેરાં.... હાં હાં રે એ...
હરિ વિક્રમ નૃપે સેવ્યા, અનુભવ્ય રંગ થોલા.... હાં હાં રે અનુભવ...
એક મુહૂર્ત સમ શ્રેણીએ, લહો હર્ષ કલ્લોલા... હાં હાં રે લહો...

જ્ઞાન પદ

(રાગ : મને સંસાર શેરી વિસરી રે લોલ...)

મને જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ, જેથી જાય અજ્ઞાનની ભીતી જો...
હાં રે ભેદ પાંચ એકાવન જ્ઞાનના રે લોલ, જાણો જ્ઞાની ગુરુની પાસ જો...
હાં રે મને જ્ઞાની...
પહેલું જ્ઞાનને પછે દયા કહે રે લોલ, એમ સૂત્ર સિદ્ધાંતથી ધારજો-મને...
હાં રે જેથી ભક્ષાભક્ષને જાણીએ રે લોલ, થાય પેયાપેય વિચારજો-મને...
તેહ જ્ઞાનને નિત્ય નિત્ય વંદિએ રે લોલ, જેહ સ્વપર પ્રકાશક ભાણજો... મને..
હાં રે રવિજ્ઞાન ઉદયનાં તેજથી લોલ, કેવળજ્ઞાન સદા જયકારજો.... મને..
મેરુ શશિ રવિને ઇંદ્રની રે લોલ, ઉપમા તે જ્ઞાનીને ધાર જો... મને....
આત્મા રુપ જાણ્યા વિના રે લોલ, ફરે જેમ જંગલનું રોઝ જો.... મને..
ભવ અટવી રુલે અજ્ઞાનથી રે લોલ, પાર પામે થાય જ્ઞાન ઉદ્યોત જો... મને..
જયંત નરેશ્વર પામ્યો રે લોલ, અતિ અદભૂત જીનપદ સાર જો.. મને...
જ્ઞાન જ્ઞાનની તણાં બહુમાનથી રે લોલ, લહયું શાશ્વત પદ મનોહાર જો... મને..

ચારિત્ર પદ

ચારિત્ર પદ નમો આઠમે રે લોલ, જે કરે કર્મ નિરોધ
સંયમ રંગ લાગ્યો, રંગ લાગ્યો રે ઓત્તમજી ! સંયમ રંગ લાગ્યો
બાર કષાય ક્ષય ઉપશમે રે, સર્વ વિરતિ ગુણઠાણ રંગ લાગ્યો
સમિતિ ગુપ્તિ મહાવ્રત ધરા રે, દશ ખંત્યાદિ જાણ રંગ લાગ્યો
ચારિત્ર મોહનો ક્ષય કરી રે, લહયું સપ્તમગુણ ઠાણ રંગ લાગ્યો
અનુત્તર સુર સુખથી વધે રે, વર્ષ સંયમ ગુણધાર રંગ લાગ્યો
ઇન્દ્રાદિક પણ સહુ નમે રે, સંયમ પદ અભિરામ રંગ લાગ્યો
ચારિત્ર પદને સાધતો રે, વરુણ પામ્યો ભવપાર રંગ લાગ્યો
હું પણ સંયમ સાધતા રે, પામું પદ મનોહાર રંગ લાગ્યો

તપ પદ

તપ કરીએ સમતા રાખી ઘટમાં, રાખી ઘટમાં વાલા રાખી ઘટમાં,
તપ કરીએ સમતા રાખી ઘટમાં...
કરમાં તપ તલવાર ગ્રહીને, લડીએ કર્મ કઠિન જટમાં.... તપ...
કર્મરુખ ભંજન ગજવર જાણો, તીવ્ર નમો તપ એમ ઘટમાં... તપ...
બાહ્ય અભ્યંતર ભેદ નિહાળો, તપ ઇચ્છા રોધ કરી મનમાં...તપ...
પર પરિણતિનો ત્યાગ કરીને, આતમ સત્તા ધરી ચિત્તમાં... તપ...
કનક કેતુ તપ પદ સેવીને, તીર્થંકર પદને વરિયા... તપ...

પૂજામાં બોલવા યોગ્ય સિદ્ધચકનાં ગીત

(૧)

દેરાસર વાગે છે વાંસળી રે, ઉપાશ્રય પડ્યા નિશાન હો લાલ
ઘરમાં ઘડીએ નધી ગોઠતું રે, ધરીએ સિદ્ધચક્રનું ધ્યાન હો લાલ... ઘરમાં.. ॥૧॥
કાઠીયા તેર આડા પડે રે, રાગ દ્વેષ પાસ હો લાલ
ચાર કષાય ચોર મોટકાં રે, લૂટે ધર્મનાં સ્થાન હો લાલ... ઘરમાં.. ॥૨॥
મોહ માયા મત્સરે કરી રે, ભરીઓ આ અસાર હો લાલ
લઘુકર્મી જીવ હોશે રે, થાશે શિવસુંદરી ભરથાર હો લાલ... ઘરમાં... ॥૩॥
ન સુજે કામને કાજ હો લાલ, ચારિત્ર લેવાને મન ઘણું એ,
ન છૂટે મોહ જંજાળ... ઘરમાં... ॥૪॥
જેમ શ્રીપાલ મયણા સુંદરી રે, ધર્યું નવપદ ધ્યાન હો લાલ
નવ ભવ નરસુર સુખ લહી રે, લીધુ ત્રિભુવન રાજ હો લાલ... ઘરમાં.. ॥૫॥

(૨)

મોરી સહિયર હો, મોરી સહિયર હો, નવપદને મનમાં ધરો રે લોલ
વિધિ આરાધન સાચવો રે લોલ, શિવસુંદરી સ્હેજે વરો રે લોલ
આજનો લ્હાવો લીજીએ રે લોલ, અવસરીયુ વહી જાય... મોરી
અવસર ફરી ફરી નહિ મળે રે લોલ... મોરી સહિયર હો....

(૩)

આજ આનંદ થયો, આજ આનંદ થયો
નવપદનો તપ કીધો, દહાડો સફળ થયો
એ સમ અવસર નહીં કોઇ રે, સેવે તે સુખીયો હોય રે,
જે આરાધે સિદ્ધચક્ર રે... આજ....

(૪)

ઓળી કરવા આવોને મારી બેન રે, સાથે લાવો સલુણી સારી બેન રે
સિદ્ધચક સેવોને સાચે સ્નેહ રે, સુંદર મેળો મળ્યો છે બેની આજ રે,
મયણા સુંદરી શ્રીપાળ, સિદ્ધચક સુપસાય, આપદા દૂરે જા.. ઓળી...
એ ચિંતામણી રત્ન, એનાં કીજે રે જતન, મંત્ર નહી એહ ઉપરે રે.. ઓળી...

(૫)

કરવાના અમે કરવાના, સિદ્ધચક્રનો તપ કરવાના,
જે સિદ્ધચક્રને આરાધે છે, તેની કીર્તિ જગમાં વાધે છે,
તેના ભવોભવનાં ભય ભાંજે છે.... સિદ્ધચક્રનો....
નહિ ડરવાના, નહિ ડરવાના, કર્મ શત્રુથી નહિ ડરવાના,
લેવાના અમે લેવાના, શિવપુરનું રાજ્ય લેવાના... સિદ્ધચક્રનો...
દેવાના અમે દેવાના, કર્મને ધક્કો દેવાના,
ભળવાના અમે ભળવાના, શિવપુરમાં જઇને ભરવાના... સિદ્ધચક્રનો....

(૬)

હાં રે જીવા ચતુર સુજાણ, નવપદકે ગુણ ગાય રે
નવપદ મહિમા જગમાં મોટો, ગણધર પદ પાય રે
જો અપને આતમ સુખ ચાહે, તો એક ધ્યાન લગાય રે.. જીવા...

(૭)

મારુ મારુ તું શું કરે રે, તેમાં તારું તથી તલભાર,
ભવિ પ્રાણિયા, ભજી લે ને નવપદનાં નામને રે...

જેથી સુધરશે સંસાર... ભવિ પ્રાણિયા...
એ સિદ્ધચક્રનાં આધારથી રે, કાંઇ ભવિ ઉત્તરે ભવપાર
સમર્યા સંકટ ઉપશમે રે... ભવિ પ્રાણિયા...
લહીએ વાંછિત ભોગ રે, પામી સર્વ સંજોગ રે,
કષ્ટ નિવારે એહ રે, વળી રોગ રહિત કરે દેહ રે.. ભવિ પ્રાણિયા...

(૮)

